

# ષોડશ ગ્રંચગત ઉપદેશો
# અને
# તેમની ૨૮ વાર્તાઓ

(ભાગ - ૨)

ભૂપેન્દ્ર
ભાટિયા

# ષોડશગ્રંથગત ઉપદેશો

# અને

# તેમની ૨૮ વાર્તાઓ

(ભાગ-૨)

## ભૂપેન્દ્ર ભાટિયા

# "ષોડશગ્રંથ ગત ઉપદેશો અને તેમની ૨૮ વાર્તાઓ"- - - - ભાગ-૨

## <u>પૂરોવાક્</u>

## <u>ષોડશગ્રંથ અને વાર્તાઓ સમજવાની ભૂમિકા</u>

"ષોડશગ્રંથ ગત ઉપદેશો અને તેમની ૬૪ વાર્તાઓ" નામક ગ્રંથમાં મેં ચોરાસી બસોબાવન વૈષ્ણવોની જે વાર્તાઓને આવરી લીધી છે તેનાથી અતિરિક્ત ૨૮ વાર્તાઓને આ ગ્રંથમાં સમાવિષ્ટ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. આ ગ્રંથમાં પણ શ્રીઆચાર્યજીની ષોડશગ્રંથની વાણીને આધારરૂપ રાખી તત્ સંબંધિત વાર્તાઓના લીલોપદેશને સમજવાનો યથામતિ યત્ન છે. તદુપરાંત પ્રત્યેક વાર્તા સાથે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના સર્વોત્તમજી અને નામરત્નાખ્યના નામમાંથી, એક યા વિશેષ નામને જોડવાનો પ્રયાસ છે. પાર્લાવાળા પૂ.પા.ગો.શ્રીશ્યામમનોહરજીના, અતિ અણમોલ એવા, મહાપ્રભુજીના નામાત્મક ઉપદેશરૂપ સર્વોત્મજી પર થયેલા પ્રવચનોના હાર્દ ભાવો ય આ ગ્રંથમાં આવરી લીધા છે, જેથી મહાપ્રભુજીના સિદ્ધાંતો સમજતાં - સમજતાં આપણને એક દિવ્ય ચમત્કૃતિની અનુભૂતી થાય. ષોડશગ્રંથના સિદ્ધાંતોના ભાવાનુકૂલ કેટલાક કીર્તનોને પણ આ ગ્રંથમાં લીધાં છે. જેમાં, પૂ.પા. શ્યામુબાવા જેને આધુનિક પુષ્ટિમાર્ગના સ્થંભ કહે છે એવા મહાન ભગવદીયો; નાગરીદાસજી, દયારામભાઈ, ભાર્તેન્દુ હરિશ્ચંદ્ર અને વલ્લભદાસજી (ગ્વાલીયરવાળા)ની

પદપંક્તિઓનો પણ સમાવેશ થાય છે.

**પુષ્ટિભક્તિ અને સેવા**:- આચાર્યચરણની ષોડશગ્રંથની ઉપદેશાત્મક વાણી અને તદ્અનુસંગત લીલોપદેશરૂપ વાર્તાઓથી આપણને સુસ્પષ્ટ થશે કે શ્રીવલ્લભને અભિપ્રેત એવી પુષ્ટિભક્તિ કેવલ આત્માથી થતી નથી, પણ આપણી સત્તાની સર્વ વસ્તુ પ્રભુને અંગીકાર કરાવવાથી થાય છે; પછી ભલે ને તે આપણો દેહ હોય કે ગેહ, ધન હોય કે ઈન્દ્રિય, અહંતા હોય કે મમતા. સિદ્ધાંતમુકતાવલી ગ્રંથમાં કહેલ "**तत्सिद्धयै तनुवित्तजा**" સિદ્ધાંતનો ફાલ એટલો વિશાળ છે કે એમાં, ગદ્યમંત્રમાં ઉપદેશિત થયેલ "**देह**"થી લઈને "**वित्त**" સુધીની અખિલ range cover થઈ જાય છે. ભક્તિ કરવા માટે, આચાર્યચરણની condition માત્ર એટલી જ છે કે સમર્પિત થતી સર્વ વસ્તુ પુષ્ટિજીવની પોતાની સત્તાની હોવી જોઈએ અને તેનો અંગીકાર એણે પોતાના તન અને ધનથી કરાવવો જોઈએ. તેથી જ તો, શ્રીગુસાંઈજીના એક સેવકે માનસી સેવા કરતી વખતે, લોભના કારણે, સામગ્રીમાં વિશેષ પડી ગયેલ ખાંડને માનસીમાં બહાર કાઢી અને ઠાકુરજીએ તેમને response આપ્યો, કારણકે એ ખાંડમાં, એ વૈષ્ણવને પોતાની સત્તા મહેસૂસ થઈ, એટલે એમને લોભ થયો.

બ્રહ્મસંબંધ લેતી વખતે જીવ જયારે કહે છે કે "હે કૃષ્ણ હું તારો છું" ત્યારે પુષ્ટિજીવ, એ ઉદ્ગાર સારસ્વતકલ્પના કૃષ્ણને અનુલક્ષીને કહે છે. "તારો છું" કહેતો જીવ, પ્રભુને કેવલ પોતાના ભજનીય બનાવી શકે છે, સેવનીય નહિ. પરંતુ, પ્રભુને "તુ મારો છે" એમ કહેવાનો હક્ક પુષ્ટિજીવને ત્યારે જ ઉપલબ્ધ થાય છે, જયારે વૈષ્ણવ પોતાના ઘરમાં

ઠાકુરજીને પધરાવીને, પોતાના તન અને ધનથી સેવા કરે છે. આવા ભકતને જ પ્રભુને એમ કહેવાનો અધિકાર સંપાદન થાય છે કે; "રહિયો મેરે હી મહલ, પિય અનત ન જઈઓ." બ્રહ્મસંબંધ વખતે વાણીથી કરેલું નિવેદન, ઠાકુરજીને ઘેર પધરાવીને સેવા કરવાથી, વિનિયોગ અને સમર્પણમાં પર્યવસિત થાય છે. ત્યારે ગદ્યમંત્રનું cycle complete થાય છે. પ્રભુના સદ્ અંશમાંથી પ્રકટ થયેલ જીવનો અહંકાર, જીવની ચેતનાના માધ્યમથી behave કરે છે. તેથી અહંકારની હવા આત્માથી દેહ તરફ અંદરથી બહાર જાય છે. મહાપ્રભુજીએ જીવની અહંતા-મમતાને સમર્પણ દ્વારા પ્રભુમાં વિનિયુકત કરાવી. એની ગતિને અંદરથી બહાર લઈ લીધી. ભક્તિ, સદંશનું તિરોધાન કર્યા વિના સદ્ ચિદ્‌માં આનંદ પ્રકટ કરાવનારી છે અને ગૃહસેવા દ્વારા ઠાકુરજીને અહંતા મમતા સમર્પિત કરવાથી, પુષ્ટિભક્તની, નિર્ગુણભક્તિ જાગૃત થઈ જાય છે. જીવ પોતે ભગવદાત્મક છે એ જાણ્યાં છતાં ય જીવ ભગવત્સેવા કરે તે નિર્ગુણ ભાવ.

મહાપ્રભુજીની પુષ્ટિભક્તિનું એક વિલક્ષણ structure સમજવા જેવું છે. આપણો વ્રજનો ઠાકુર કૃષ્ણ, સારસ્વતકલ્પમાં કૃષ્ણાવતાર વેળા, નંદરાયજીના પરિવારમાં પ્રકટ થયેલ છે. તેથી જ પુષ્ટિપ્રભુને પરિવારમાં અવતરિત થવાનું, ત્યાં લાલનપાલન પામવાનું નિતાન્ત અભીષ્ટ છે. "**श्रीकृष्णहार्दवित**" શ્રીવલ્લભને કૃષ્ણની પરિવાર પસંદની સંપૂર્ણ જાણ છે, અને તેથી મહાપ્રભુજી ભક્તિવર્ધિનીમાં "**गृहेस्थित्वा स्वधर्मतः**"ની માર્મિક આજ્ઞા કરે છે કે પોતાના ઘરમાં ઠાકુરજીને પધરાવી, એમને એક family member તરીકે treat કરીને ઉછેરવા. સંપૂર્ણ ગદ્યમંત્રનો એવો જ એક લચીલો ભાવ છે કે "સહસ્ત્રપરિવત્સર"થી

તરસ લઈને ભૂતલ પર આવેલો જીવ, એ તરસની તૃપ્તિ પોતાના ઘરમાં જ ભગવત્સેવાથી જ કરી શકે છે. અહીં જ પુષ્ટિજીવની રતિ, મતિ અને કૃતિની એકવાકયતા સિદ્ધ થાય છે. એની પ્રતીતિ સિદ્ધાંતમુકતાવલી ગ્રંથના પહેલા શ્લોકમાં જ થઈ જશે અને એની અનુકૃતિ ચોરાસી બસોબાવન વૈષ્ણવની અનેક વાર્તાઓમાં જોવા મળશે. સેવા કરનાર પુષ્ટિજીવનું ઘર વૈકુંઠ બની જાય છે અને કીર્તનાદિના માધ્યમથી ભગવલ્લીલા ગાવાથી ઠાકુરજી એના પ્રતિસાદ રૂપે લીલા કરવા લાગે છે.

આપણા ઘરમાં આપણા માથે બિરાજતાં આપણા સેવ્યસ્વરૂપ, પૂર્ણપુરુષોત્તમ એક concrete હકીકત છે. એનાથી less concrete હકીકત સારસ્વતકલ્પના કૃષ્ણની છે. ઉત્તરોત્તર, એનાથી less concrete પહેલુઓ ભગવાન, પરમાત્મા અને બ્રહ્મનાં છે. પરંતુ પુષ્ટિજીવ એક વખત પોતાના ઘરમાં ઠાકુરજીને પધરાવીને સેવા કરતો થઈ જાય, તે પછી કૃષ્ણનો કોઈપણ facet પુષ્ટિજીવ માટે abstract રહેતો નથી, concrete બની જાય છે, કારણકે વૈષ્ણવ, કૃષ્ણના સર્વ પહેલુઓને પોતાના સેવ્ય સંગ જોડે છે. પછી ભલેને તે કૃષ્ણની સેવા, કથા, નામસ્મરણ કે આશ્રયાદિ હોય. પરોક્ષ કૃષ્ણને પુષ્ટિજીવ, પ્રત્યક્ષ કે અપરોક્ષરૂપે માણી શકે એના માટે તો શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી બ્રહ્મસંબંધ કરાવીને, તરત જ પોતાના સેવકના માથે ભગવત્સેવા પધરાવી દેતાં. ચોરાસી-બસોબાવન વૈષ્ણવની વાર્તાઓમાં, આને અનુલક્ષીને વણમાગ્યાં અનેક દૃષ્ટાંતો મળી જશે.

મહાપ્રભુજીએ પુષ્ટિજીવ માટે કેટલો અગાધ પ્રયાસ કર્યો છે એનો અનુભવ શ્રીહરિરાયચરણ "સર્વવાદી નિરાસકૃત"

ની ટીકામાં જે આજ્ઞા કરે છે એનાથી આપણને થશે. અપરાધ વિનાના જીવોની જ સેવા લેવી એવો ઠાકુરજીનો "વાદ" હતો, તેનું નિરાકરણ શ્રીમહાપ્રભુજી સિદ્ધાંતરહસ્યના પ્રારંભમાં જ કરે છે અને સદોષ જીવની સેવા કૃષ્ણ પાસે અંગીકાર કરાવે છે. પુષ્ટિજીવ ભગવત્સેવા કરે એવો શ્રીમહાપ્રભુજીનો અતિ દૃઢાગ્રહ હોવાથી પ્રભુ પાસે આપ સદોષ જીવની સેવા અંગીકાર કરવાનું વચન માંગે છે. આટલું કોઈ સમજશે તો શ્રીઆચાર્યજીનો સેવા માટે જે અત્યાગ્રહ છે એનું રહસ્ય એના લક્ષમાં આવી જશે અને ભગવત્સેવા કરવા એ પ્રેરીત થઈ જશે.

"યા મેં કહા ઘટેગો તેરો ।
નંદનંદન કરી ઘર કો ઠાકુર, આપ વ્હૈ રહે ચેરો ॥"

ષોડશગ્રંથો અને વાર્તાઓને એકમેક કરીને નિહાળવાથી, પુષ્ટિભક્તિનું જે લાવણ્યાત્મક સ્વરૂપ ઊભરી આવે છે તે આવું કાંઈક રહેશે. એમાં સૌથી પ્રથમ ભગવત્સેવા હશે. સેવા એટલે કર્મરુચિ દ્વારા પ્રભુમાં active involvement પ્રકટ થવું. સેવા વિના કોઈપણ પુષ્ટિજીવ પ્રભુનો સેવક બની શકતો નથી એ હાર્દ આચાર્યજી સિધ્ધાંતમુકતાવલી ગ્રંથમાં પ્રકટ કરે છે. પ્રભુ સંબંધિત સેવાની કર્મરુચિ કેવલ એક કૃતિરૂપ ન રહેતાં, શ્રદ્ધા અને ભાવના સહિત થાય, ત્યારે સેવાનું સ્વરૂપલક્ષણ નિખાર પામે છે. શ્રદ્ધા એટલે પોતાના સેવ્યસ્વરૂપમાં કૃષ્ણની સત્યતા અને પુરુષોત્તમતા સ્થાપિત કરવી. તદ્દુપરાંત વ્રજભકતોના ભાવથી ભગવત્સેવા કરવી. એ ભાવને ઉદ્દીપન કરવાનો રસ્તો છે ભગવત્કથા, કીર્તનાદિ. એમ કરવાથી કૃષ્ણ સંગ ભકિતમય વ્યવહાર શરૂ થઈ જાય છે. આવા પુષ્ટિજીવની સાધનાવસ્થાથી લઈને ફલાવસ્થાની

એકવાક્યતા, એની પ્રભુ માટેની ભક્તિ કરે છે. આવા ભકત્યાત્મક માનસિક અભિગમવાળા ભકતને, કૃષ્ણ, પ્રભુના કોઈ એક પહેલુના કારણે પ્રિય નથી લાગતો, પરંતુ ભગવાનનાં સર્વ પહેલુઓ એને પ્રિયતમ લાગે છે. કૃષ્ણનો જે પરમાત્માનો facet છે એના કારણે પુષ્ટિજીવને, ઠાકુરજી માટે રુચિ, પ્રેમ, આસકિત, વ્યસન અને સર્વાત્મભાવ સિદ્ધ થાય છે. કૃષ્ણના બ્રહ્મના પહેલુના કારણે એને માહાત્મ્યજ્ઞાન સંપાદિત થાય છે. અનંતકોટિ બ્રહ્માંડનો નાથ, એક ભગવત્સ્વરૂપે આપણા સ્વગૃહમાં પધારે, ત્યારે એમને કેવી રીતે treat કરવાં એના protocol રૂપ નવધાભકિત છે. આપણી સેવા કેવલ ક્રિયાત્મિકા ન રહે એના માટે શ્રીવલ્લભ આપણને વ્રજભકતના ભાવની ભાવના કરવા સમજાવે છે, જેથી આપણી ભક્તિ લીલાત્મક બની જાય. આપણા કુટુંબના બાલકને આપણે બોલતાં, ચાલતાં શીખવીએ છીએ ત્યારે બાલકને પણ એ પ્રમાણે શીખવાનો, બોલવાનો chance મળે છે. એવી જ રીતે આપણે આપણા ઘરના ઠાકુર જોડે વાત કરવાની છે, એને છૂવાનો છે, સારસ્વત કલ્પની કૃષ્ણકથાનાં scriptના basis પર એને લાડ લડાવવાનાં છે. આના થકી આપણું સેવ્યસ્વરૂપ આપણા પ્રતિ ધીરે ધીરે ઢળતું જશે, આપણા પરિવારના એક એક સદસ્યને identify કરતું થશે અને આપણા પરિવારમાં પ્રભુનું involvement વૃદ્ધિ પામશે તેમ તેમ આપણો ઘરનો ઠાકુર પણ આપણી પરિવારની કથામાં એક family member તરીકે ઓતપ્રોત થઈ જશે. **गृहेस्थित्वा स्वधर्मतः**નો આવો વિશાલ ફાલ જોવો હોય તો અમ્મા માની વાર્તા જોઈએ. એમના પુત્રો એમને મા કહેતાં તો ઠાકુરજી પણ એમને મા તરીકે પૂકારતા થઈ જાય છે. વ્રજભક્તોની સમકક્ષ level પર પહોંચ્યા પછી,

ઠાકુરજીએ ચોરાસી-બસોબાવન સંગ, વ્રજલીલાથી હટીને, આચાર્યજીના સેવકોના ભાવાનુકૂલ એમના ગૃહમાં સ્વતંત્ર લીલાઓ કરી છે. આને અનુલક્ષીને વલ્લભદાસજી ગાએ છે; "લીલા અબસો નવલ ભઈ" કે ગોપાલદાસજી કહે છે, "પુષ્ટિમાર્ગીય જીવ સ્વતંત્ર કેવલ ભકત ન થાય." ત્યારે તો રામદાસ સારસ્વતના ઠાકુર રામદાસનું રૂપ ધરી, બઝારમાં જઈ, રામદાસે લીધેલા ઉછીના રૂપિયા ચૂકવી આવે છે. અથવા તો સિંહનંદના ક્ષત્રાણીના ઠાકુર કમાડ વાસીને બેસી જતાં હોય છે અને શાક લઈ ક્ષત્રાણી ઘેર આવે છે ત્યારે પ્રભુ એમને પૂછે છે કે; "મા, આજે કયું શાક લાવ્યાં છો ?" આવી લીલા આપણા પરિવારનું બાળક જ કરી શકે. એક ભગવદીય, ભાવથી રૂ. ૧૦૦૦નું ખડબૂચ લાવે છે તો ઠાકુરજી, એ ખડબૂચ સાથે ખેલવા બેસી જાય છે. તેમજ, તાજબીબી સાથે પ્રભુ જે ચોપાટ ખેલે છે, તે વ્રજલીલાની કથા નથી પણ તાજબીબીના ભાવની માધુરીમાંથી આવિષ્કૃત થયેલ શતરંજની લીલા, તાજની પ્રેમ શતરંજ જાલમાં અટવાયેલા, રસિયા શ્રીજીના રસવિલાસની એક અનુપમ ગાથા છે - તાજબીબીની એ એક સ્વતંત્ર લીલા છે.

ઘરમાં ઠાકુરજીને પધરાવીને, વૈષ્ણવ, પ્રભુને એમના આત્મરામત્વમાંથી મુકત કરી, પોતાના ધર્મ, અર્થ, કામ, મોક્ષ અને ભક્તિમાં ઠાકુરજીને partner બનાવે છે, સહધર્મચારી બનાવે છે. ભગવાનને પોતાના પરિવારની પ્રણાલીથી self identify કરાવે છે. અખિલ ત્રિભુવનને સંસ્કારિત કરતાં પુષ્ટિ પુરૂષોત્તમ, ગૃહસેવાના કારણે, આમ પુષ્ટિજીવના ઘરના સંસ્કારથી સંસ્કારિત થઈ જાય છે. આવી અદ્વિતીય દેન શ્રીવલ્લભની

પુષ્ટિસૃષ્ટિ પર થઈ છે. એટલે જ તો કાનબાઈના સેવ્યસ્વરૂપ, કાનબાઈના ક્ષાત્રધર્મને અનુલક્ષિને, એક જ પાતળમાંથી આરોગતાં, ખેલવા જતાં, પુનઃ આરોગતાં. એટલે જ તો ગોવિંદસ્વામિએ શ્રીગુસાંઈજીના સ્વધર્મને લક્ષમાં લઈને, મોહનાભંગી સંગ ખેલતાં પરબ્રહ્મને, જલમાં સ્નાન કરાવ્યાં. અનાદિકાલથી બંધનરહિત રહેલા બ્રહ્મને, ગૃહસેવાના કારણે, સેવકના ઘરના બંધન લાગી જાય છે. ઘર ઘરમાં કૃષ્ણસેવા પધરાવી, શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિસૃષ્ટિ પર આવું અદ્વિતીય અદેય દાન કર્યું છે જેની મૃદુલતા અને અનિર્વચનીયતાનો આસ્વાદ તો કેવલ ભગવત્સેવા કરનાર જ માણી શકે છે. શ્રીવલ્લભના આવા અદેય દાતૃત્વથી વૈષ્ણવો બિચારા વંચિત ન રહી જાય તેના માટે આચાર્યજી "પુષ્ટિપ્રવાહમર્યાદા" ગ્રંથમાં આજ્ઞા કરે છે કે "भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत् ।"

આધિભૌતિક કુટુંબમાં વડીલો, generations સુધી પોતાનો પરિવાર સુખી રહે એવી ચાહના રાખતા હોય છે, તો અહીં તો સાક્ષાત્ પરાત્પર પરબ્રહ્મ, આપણા પરિવારમાં પધારી એમાં involve થઈ રહયાં છે. પોતાના પરિવારમાં પ્રભુનું આવી રીતે involvement થાય એનું કારણ એ છે કે બિન્દુસૃષ્ટિ અને નાદસૃષ્ટિના પરિવારના સર્વોત્તમજી કથિત "पिता" શ્રીવલ્લભ છે અને શ્રીગુસાંઈજી "पितृवंशार्दधिविधुः" છે. પ્રભુને ભૂતલ પર, પોતાના નાનકડા પરિવારના વંશજો માટે કેવી ભાવના છે એના દર્શન પણ વાર્તાસાહિત્યમાં મળે છે. જેમ કે પદ્મનાભદાસજીના પરિવાર માટે શ્રીગુસાંઈજી સ્વયં આજ્ઞા કરે છે કે, "पद्मनाभदास की संतति ऐसी ही चाहिये ।" અથવા તો કૃષ્ણભટ્ટજીના પરિવારમાં ભગવદીય પુત્રો થયાં. તેમજ રામદાસ સાંચોરાની વાર્તામાં મેં આ ગ્રંથમાં પ્રસંગ

લીધો છે કે ૫૩૦ વર્ષ પછી પણ, આજેય, અમદાવાદમાં, રામદાસજીના વંશજો, નિરતિશય લાડ લડાવીને રામદાસના ઠાકુરજીની સેવા કરે છે અને તે પણ પોતાના તન, મન અને ધનથી. આવી જ કથાનાં દર્શન આજેય પણ આપણને જગન્નાથ જોશીના વંશજોમાં ખેરાલુમાં થાય છે. આ બધું ય અનાયાસ બની જશે, જો આપણા ઘરમાં ઠાકુરને કેવલ એટલું જ મહેસુસ થઈ જશે કે "આ મારો પરિવાર છે." તનુવિત્તજા સેવા કરીને આપણી અહંતા-મમતા કૃષ્ણમાં જોડવાથી, એની ફલશ્રુતિરૂપે કૃષ્ણની અહંતા-મમતા પણ આપણા પરિવાર સંગ જોડાઈ જાય છે. પ્રભુ અને ભક્તનો પરસ્પર નિરોધ કરાવનારી, આચાર્યજીએ પુષ્ટિસૃષ્ટિને સમજાવેલી આ એક અનુપમ પ્રણાલી છે. શ્રીવલ્લભના પુષ્ટિભક્તિમાર્ગની આવી અગાધ ગરિમા છે એનાંય દર્શન આપણે આ ગ્રંથમાં કરશું.

**अव्यावृतो भजेत्कृष्णं पूजया श्रवणादिभिः** અને **व्यावृत्तोपि हरौ चित्तं श्रवणादौ यसेत्सदा**ની આજ્ઞા કરનાર શ્રીવલ્લભ, પુષ્ટિભક્તિની એક નિતાન્ત ફલકને આવરી લે છે. વાર્તાઓ જોતાં, paradoxically એની અમાપતાનું માપ જોવા મળે છે.

કોટિકંદર્પલાવણ્ય પરાત્પર પરબ્રહ્મના ચરણકમલ કેવા કોમલ છે, હસ્તકમલ કેટલા નાજુક છે, ગાલ કે ગ્રીવા કેટલા મૃદુલ છે, તેનો અનુભવ તો ઠાકુરજીના શ્રીઅંગ અંગનો સ્પર્શ કરીને સેવામાર્ગમાં જ ઉપલબ્ધ થાય છે. તેથી જ તો, ૨૫૨ વૈષ્ણવની વાર્તામાં એક ભગવદીય માજીનો હસ્ત બાલકૃષ્ણલાલજીને સ્પર્શતાં જ તે મદનમોહનજી બની જાય છે. આ દૃષ્ટિથી જોઈએ તો ગૃહમાં ઠાકુરજી બિરાજે તે અવસ્થા

વૈકુંઠથી પણ અધિક છે. વૈકુંઠમાં કેવલ સેવોપયોગી દેહ છે. પરંતુ ભૂતલ પર બિરાજતા સેવામાર્ગીય પુષ્ટિભકતો માટે શ્રીવલ્લભે અલૌકીક સામર્થ્યનું પ્રદાન કર્યું છે. તદુપરાંત વૈકુંઠમાં અન્યમનસ્ક થવાનો અવકાશ જ નથી અને એના કારણે ભગવાનમાં અનન્યતા સિદ્ધ થાય એમાં કાંઈ વિશેષતા નથી. ગૃહસેવાનું વિલક્ષણ વૈશિષ્ઠય તો એ છે કે વેપાર કરતી વખતે અથવા તો સંસારમાં અન્યમનસ્ક થવા છતાંય પ્રભુનાં અનન્ય બનીને આજે ય પુષ્ટિજીવ અદ્‌ભૂત જીવન જીવી શકે છે. એ અવસ્થામાં  આપણો ધંધો કે સંસાર, ભકિતનો એક અંગ બની જાય છે. એના કારણે તો બસોબાવન વૈષ્ણવની વાર્તામાં એક ભગવદીયે પોતાની ભૂતલ પરની ભગવત્સેવા ન છૂટે એના માટે આઠ વખત કાળને પાછો વાળ્યો. આવી રીતે શ્રીવલ્લભે પુષ્ટિસૃષ્ટિ પર નિતાંત કૃપા કરીને પુરુષોત્તમના સાક્ષાત્ સ્વરુપાનંદનો ભજનાધિકાર આપ્યો છે.

તો શ્રીમહાપ્રભુજીની પુષ્ટિભક્તિ એટલે ? રસખાનની જેમ પ્રભુને છુવું, ત્રિપુરારીદાસની માફક પ્રભુને નેત્રમાં ધરી લેવાં, પીરજાદી જેમ ઠાકુરજી સાથે નૃત્ય કરવું, બિલાડીથી ડરતાં ઠાકુરને બાથમાં લેવાં, કે ભગવત્કથા શ્રવણના આવેશમાં રોમરોમમાં છિદ્ર પડી જાય તેનું જ્ઞાન ન રહેવું. આચાર્યજીએ ષોડશગ્રંથમાં વર્ણવેલાં પુષ્ટિભક્તિના આવા અનેકવિધ સુલલિત પરોક્ષ રહસ્યો, વાર્તાઓમાં, એનાં વૃતાન્તરૂપે પ્રકટ થાય છે. એનું દર્શન કરવાનો ય આ ગ્રંથમાં અલ્પ પ્રયાસ છે.

**भक्त्याचारोपदेशार्थं नानावाक्यनिरूपकः ।** પુષ્ટિભકિત માર્ગના સુલલિત એવા એક એક સૌરભસભર સુમનને, શ્રીમહાપ્રભુજીએ, ષોડશગ્રંથમાં, એક એવી મંજુલતાથી મહેકાવ્યો છે કે, ગ્રંથનું

અનુપાન કરનાર પુષ્ટિભકતને, શ્રીઠાકુરજી, પોતાના નામ, રૂપ, ગુણ કે લીલાથી, સ્નેહ કરવા મજબૂર બનાવી દે છે. આવો ભગવદીય પણ મજબૂર બનીને પ્રભુ સાથે સ્નેહ કરવા તૈયાર થઈ જાય છે. ચોરાસી બસોબાવન વૈષ્ણવની પ્રત્યેક વાર્તામાં પુષ્ટિભકિતની આવી લાવણ્યમય માધુરીભરી મજબૂરીની દિવ્ય ઝાંખી છે; પછી ભલે ને તે વૈષ્ણવ "સૂરસાઠી" જેના માટે પ્રકટ કરી એવો એક વખતનો સંસારી વાણિયો હોય કે બાજનો શિકાર હાથમાં લઈ શરણે આવનાર કર્મથી પાપી, કોટિન મેં વિરલા પદ્મનાભદાસજી જેવાં જ્ઞાની હોય કે પરે ભૈયા જેવો ભોળો અજ્ઞાની, પુરુષોત્તમ જોશી જેવો બ્રાહ્મણ હોય કે મ્લેચ્છ કુલમાં જન્મેલ અલીખાન પઠાણ.

ભક્તિવર્ધિનીગ્રંથના પ્રારંભમાં જ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, "**यथा भक्ति प्रवृद्धास्यात्तथोपायो निरूप्यते ।**" શ્રીઆચાર્યચરણની વાણીનું અનુસરણ કરતાં કરતાં, ચોરાસી અને બસોબાવન વૈષ્ણવોએ, પ્રભુ સાથે સ્નેહ કરતી વેળા, ભકિતના કેવાં કેવાં નાજુક ઉપાયોને અનાયાસ શોધી લીધાં, એની ય ઝાંખી કરવાનો આ ગ્રંથમાં એક સહેજ ઉત્સાહ થઈ આવે છે. ભગવદીયોને જડી ગયેલો આવો પરાત્પર પરબ્રહ્મ સાથે સ્નેહ કરવાનો કોઈ ઉપાય, સંસારની દ્રષ્ટિએ કદાચ મૂર્ખતા ભરેલો પણ હોય શકે. જેમ કે ઠાકુરજી માટે એક ગુલાબના ફૂલ માટે એક લાખ રૂપિયાની ન્યોછાવરી કરી દેવી. પરંતુ સમર્પિત થયેલ આવી "મૂર્ખતા" ને, પ્રભુએ, સ્નેહનો એક અનુપમ ઈઝહાર માનીને એમાં કૃતજ્ઞતા અનુભવી છે; શ્રીજીનું શ્રીમસ્તક ઝુકી ગયું છે. પુષ્ટિભક્તિમાર્ગમાં એક નાજુક ખૂબસુરતી એવી છેકે ભગવત્સ્નેહની મજબૂરીના કારણે પુષ્ટિજીવ ભક્તિના ઉપાયો કરતો હોય છે, અથવા તો ઉપાય

કરતાં કરતાં એની ભક્તિ સ્નેહની મજબૂરીમાં પર્યવસિત થઈ જાય છે. હરિવંશ પાઠક, ઠાકુરજીના ડોલનો ઉત્સવ કરવા માટે પ્રેમના આવેશમાં એટલાં મજબૂર થઈ ગયેલાં કે એમણે હાકિમ પાસે ઘોડો માંગવાનો ઉપાય શોધી કાઢયો, જેથી તે વહેલી તકે પટના થી કાશી પહોંચી શકે. પોતાના દીકરાઓ ઠાકુરજીના ધામમાં પહોંચી ગયાં ત્યારે, "મારા પ્રભુના ખીલોના ચાલ્યાં ગયાં" એ વાતને યાદ કરી કરીને અમ્મામા ભગવત્સ્નેહની મજબૂરીથી રોય છે. રોવાનો એ ઉપાય નથી કરી રહયાં. રોવું એ એમનાં સ્નેહની મજબૂરી બની ગઈ છે. એમની આ મજબૂરીને નિહાળીને વાત્સવમાં તો અનંતકોટિ બ્રહ્માંડનો નાથ એમને આશ્વાસન આપવાનો ઉપાય કરે છે. આ પ્રસંગની વિલક્ષણતા તો એ છે કે, એ વખતે, પુષ્ટિભક્તિમાર્ગીય અલ્પબુદ્ધિના કારણે, ન તો અમ્મામાને વિચાર આવે છે કે ન એમના ઠાકુરને, કે અખંડલીલામાં તો બન્ને દીકરાઓ ખીલોનારૂપે પ્રભુ પાસે જ છે, તો અહીં ખેદ શાનો ? અમ્મામાને એમનાં નિવેદનની rangeમાં આવતા દીકરાઓનો પોતે હવે ભગવદ્‌વિનિયોગ નહીં કરાવી શકે, એનો એમને ખેદ છે. તેમજ, ત્રણ ત્રણ વખત ધરેલી સામગ્રીનો ભોગ સરાવ્યા પછી, એમને યથાસ્થિત જોઈને સિંહનંદના સમરાઈ વહુ અતિ દુ:ખથી રોવાં લાગે છે કે, "મારા પ્રભુ મારા હાથનું આરોગ્યા નહિ." એમનાં પ્રભુ, સમરાઈની સ્નેહયુકત મજબૂરી નિહાળીને સમરાઈને સમજાવવાના ઉપાયરૂપે કહે છેકે; "**तू खेद काहे कों करत है ? तू तीन बार रसोई करी, सों मैं तीनों बार आरोग्यो हूँ ।**" પ્રભુને રીઝવવા કરેલાં ઉપાયોની ટેવ નિત્ય બની જાય, તો સમય જતાં, એ ટેવ, પુષ્ટિભક્તની મજબૂરી બની જાય છે. બસોબાવન વૈષ્ણવની વાર્તામાં એક વૈષ્ણવને નિત્ય બપોરના

ચાર વાગ્યે, ઠાકુરજીના ઉત્થાપન કરાવવાની ટેવ હતી. એક દિવસ પ્રભુએ એમને ત્યાં ચાર વાગ્યે ઘણાં ઘરાકો મોકલી દીધાં. ઉત્થાપનના સમયની શુદ્ધિ થતાં એ ભગવદીય દુકાનને પડતી મુકીને પોતાના મકાન તરફ ઠાકુરજીને ઉત્થાપનમાં જગાવવા બેબાકળા બનીને દોડયાં અને એમના સેવ્યસ્વરૂપ એમની જોડે બોલવા લાગ્યાં. આમ એમની નિત્યક્રમની ટેવ સમયાંતરે પ્રીતની મજબૂરીમાં પરિણમિત થઈ. મહાપ્રભુજીના સિદ્ધાંતનું પરિપાલન કરતાં ભગવદીયોની પ્રભુ પ્રત્યેની આવી પ્રીત, કયારેક, રીતનો ઉંબરો ઉલ્લંઘીને, એ ભક્તોનાં બીજભાવને કેવી રીતે દૃઢ કરે છે, તેનું ય અવલોકન કરવાનો આ ગ્રંથમાં નમ્ર પ્રયાસ છે.

ભક્તિને પ્રવૃદ્ધ કરવાનાં ઉપાયો એને જ સુઝી શકે, જે વૈષ્ણવ, ઘરમાં ઠાકુરજીને પધરાવીને પોતે સેવા કરે છે. તેથી જ, શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે કે; "**गृहेस्थित्वा स्वधर्मतः ।**" આ આજ્ઞા ની ભીતર, શ્રીવલ્લભના અંતરમાં એક અનિર્વચનીય ઐતિહાસિક દર્દ છુપાયેલું છે. તે ન સમજાય તો શ્રીવલ્લભની પુષ્ટિસૃષ્ટિ પ્રત્યેની જે નિતાન્ત પ્રીતિ છે તેની અવહેલના થઈ જાય. કૃષ્ણાવતાર વખતે, સારસ્વતકલ્પમાં, કેટલીય વખત એવું ય બન્યું છે કે નંદભવનમાં કૃષ્ણદર્શન માટે જતી ગોપીને, કોઈક રોકતું કે ટોકતું. "અરી તુ બાર બાર ઉઝક ઉઝક આવે, જાની ભોજનકી બિરિયાં." પરીણામે વ્રજાંગનાને પ્રભુના દર્શન કયારેક ન થતાં અને થતાં તો વળી કયારેક ગુરુજનની હાજરી અને ડરના કારણે સારી રીતે ન થતાં. "નંદભવનમેં ગુરુજનકી ભીડ, કમલમુખ નીકે દેખન ન દીને." અથવા તો કેટલી આર્દ્રતાથી ગોપીઓને શ્રીયશોદાજીને વિનંતી કરવી પડતી કે; "રાનીજુ એક બચન મોહી દીજે, પઠવો સદન

હમારે સુતકો કહયો માન મેરો લીજે.” સારસ્વતકલ્પની આ ઐતિહાસિક ઘટનામાં છુપાયેલી વ્રજભકતોની આવી વેદનાને અનુલક્ષીને, શ્રીવલ્લભને, પોતાના જન માટે ઊંડો તાપ હતો કે મારા સેવકને ઠાકુરના દર્શન, સ્પર્શન, લાલન, લાડન, સમર્પણાદિમાં કોઈપણ ન રોકે કે ન ટોકે. એટલે જ તો મહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને ગૃહસેવા સોંપી સ્વતંત્ર બનાવી દીધો. મહાપ્રભુજીને સેવકથી કેવલ ભક્તિ જ નહોતી કરાવવી, પણ એ ભક્તિને સ્વતંત્ર રીતે પ્રભુ સાથે માણી શકે એવી બનાવવી હતી. **पराधीना तु मर्यादा स्वाधीना पुष्टिरुच्यते ।** આચાર્યજીના આ હાર્દરૂપ રહસ્યને, ચોરાસી બસોબાવન વૈષ્ણવો, કઈ અદાથી જીવ્યાં એનો આલ્હાદ લેવાનો ય આ ગ્રંથમાં પ્રયાસ છે. જેમકે શ્રીવલ્લભે, ત્રિપુરારીદાસ માટે, યશોદામૈયાંને એમ વિનંતી કરવાની ગુંજાઈશ જ ન રાખી કે,

“જબ કછુ નીકી સોઝ બનાવત, તબ ઘર જીય અકુલાત,
અટક રહત તુમ્હારે સુતપર ઈનબીન લીયો ન જાત.”

કઈ મસ્તીથી ત્રિપુરારીદાસ પોતાની રૂચિની સામગ્રીને પોતે જ સિદ્ધ કરીને, પોતાના સેવ્યસ્વરૂપની પણ રૂચિ આવી જ છે, એ વિશ્વાસ અને ભાવથી ધરાવે છે ?

“પાપર કોમલ હરે સંધાને, જામેં રાઈ બહોત ચઢી ।
ત્રિપુરારી ગિરિધર રૂચિ ઉપજી, પીવત મીઠી માંગ કઢી ॥”

ઠાકુરજી ઘરમાં બિરાજતાં હોય તો કઢી માંગીને આરોગે. ઠાકુરજીને પધરાવીને ગૃહસેવા કરવાવાળો વૈષ્ણવ જ આ પરમ રહસ્યને સમજી શકશે, કે જે વ્રજાધીશને, સારસ્વતકલ્પ વેળા, વ્રજની બહાર ચરણ ધરવામાં મથુરાલીલાની મર્યાદાનો

સંકોચ થતો હતો, તેથી વ્રજથી બહાર જ નહોતા પધાર્યા, તે જ વ્રજાધીશ, એ મર્યાદાને દુર્લક્ષ કરીને, આજે મહાપ્રભુજીની કાનિથી, સકલ જગતમાં, વ્રજની બહાર, ઘર ઘરમાં બિરાજે છે. "ઘર ઘર નંદનંદન ફલ ફૂલ્યો, સેવા વિધિ શીખ્યો." **श्रावणस्यामले पक्षे** વખતે ઠાકુરજીએ આચાર્યજીને કોલ આપ્યો તેની આવી અનિર્વચનીય ફલશ્રુતિ છે.

મહાપ્રભુજીએ ઉદ્‌બોધિત કરેલ પુષ્ટિભક્તિને, પ્રભુની સાથે કેવી રીતે જીવવી એનું દર્શન વાર્તાઓ કરાવે છે. ચોરાસી બસોબાવનમાંથી કોઈક વૈષ્ણવે એ ભક્તિને સદાચારથી જીવી, કોઈકે ચોર બનીને, કોઈક ભગવદીયો એ સંસારમાં રહીને ભક્તિને માણી, તો વળી કેટલાય વૈષ્ણવોએ ધર્માર્થકામમોક્ષના માધ્યમથી એનો આહ્‌લાદ અને આસ્વાદ લીધો. આચાર્યજીએ સમજાવેલ પુષ્ટિભક્તિમાં કોઈપણ વસ્તુને cancel કરવાની જરૂર ન રહી, પછી ભલેને તે રૂપા પોરિયાનો બેસૂર કંઠ હોય. વ્યસની ઠાકુરજીની રૂપા પોરિયાના ગાન માટે એક એવી ઉન્માદ દશા છે, જેમાં પ્રભુને સ્વર કે બેસૂરનો વિવેક રહેતો નથી. વાર્તાઓમાં પ્રભુના પ્રકટ સ્ત્રીભાવ (ભોગ્યભાવ) કે ભક્તોનાં પ્રકટ પુંભાવ (ભોક્તાભાવ) ના રહસ્યનાં જેટલાં દર્શન થાય છે તેવા શ્રીમદ્‌ભાગવતજીમાં પણ નથી થતાં.

છેલ્લા ૫૩૦ વર્ષથી પુષ્ટિજીવના મહદ્‌ભાગ્ય છે કે શ્રીવલ્લભાવતારની છાયામાં આપણે સર્વે વૈષ્ણવ રૂપે છીએ. ભક્તિ અને ભગવત્સેવાનું પુષ્ટિજીવને દાન કરીને પુષ્ટિસૃષ્ટિ પર આચાર્યશ્રીએ કેવી અણમોલ કૃપા કરી છે તે વલ્લભદાસજી સમજાવે છે:

એસી કાહુ યુગ ન ભઈ ।
પુષ્ટિ ભક્તિ રસરૂપ અલૌકિક કલિ જિત તિતહિ છઈ ॥
જો અલભ્ય આનંદ સાર સુચિ વેદ પુરાણ ન જાન્યો ।
જો સ્વરૂપ અર્જુન પ્રતિ દરસ્યો તાહૂતે અતિ છાન્યો ॥
ભાવાત્મક સંદોહ મૂલકૃત યુગલાત્મક વિરહાગી ।
નિત્યોત્સવ મારગ પ્રકટાયો શરણાગત બડભાગી ॥
સ્વકીય સેવ્ય કરૂણા સમુદ્ર વર વ્રજ નિવાસ સુખ દાની ।
પાહિ પાહિ વલ્લભ હિ ઉબારૌ કહિ કિંકર મૃદુબાની ॥

<u>**નિષ્કામ ભક્તિ**</u> :- આચાર્યજીએ ઉદ્‌બોધિત કરેલ પુષ્ટિભક્તિ આવી અણમોલ અને નિષ્કામ છે. તેથી જ, કૃષ્ણ સ્વરુપ, કૃષ્ણ નામનો કે અષ્ટાક્ષરમંત્રનો ઉપયોગ ચોરાસી બસોબાવન વૈષ્ણવોએ સકામ ભજન માટે કયારે પણ ન કર્યો, કારણકે, આચાર્યજીની આજ્ઞા છે કે એમ કરવાથી કૃષ્ણ, પરબ્રહ્મરૂપે ન રહેતાં, એવા જીવ માટે એક ક્ષુદ્ર દેવતા બની જાય છે અને ઉપરથી, એવું કરનારને, અન્યાશ્રયનો દોષ લાગે છે. તેવી જ રીતે ૮૪-૨૫૨ વૈષ્ણવોએ શ્રીભાગવતનો ઉપયોગ પણ સકામ હેતુ કે વ્યાવૃતિ માટે ન કર્યો, કારણકે, શ્રીગુસાંઈજીની આજ્ઞા છેકે, એમ કરવાથી, ગંગાજલનો સંડાસમાં ઉપયોગ કરવાનું પાપ લાગે એવો અપરાધ લાગી જાય છે. તદુપરાંત આ ભગવદીયોએ પુષ્ટિના કોઈપણ સ્તોત્રનો પોતાના સંસારના કાર્યો સિદ્ધ કરવા એનો ઉપયોગ ન કર્યો અને જયાં જયાં અન્યાશ્રય થયો છે ત્યાં ત્યાં દંડ આપીને પ્રભુએ આ સિદ્ધાંતને વધારે પ્રકાશિત કર્યો છે. પ્રતિકૂલ સંજોગોમાં જીવ ચિંતા કે અન્યાશ્રય ન કરે એના માટે તો શ્રીમહાપ્રભુજીએ વિવેક, ધૈર્ય અને આશ્રયના સિદ્ધાંતો બતાવ્યા છે. કૃષ્ણાશ્રય ગ્રંથને સમજાવ્યો

છે. નવરત્ન જેવા ચિંતાથી protection આપનારા ગ્રંથો પ્રકટ કર્યા છે. તેથી જ તો વિઠ્ઠલદાસે ૫૦૦ કોરડા ખાધા પણ નારાયણદાસ દીવાન પાસે પોતાનો ધર્મ પ્રકટ ન કર્યો કારણકે શ્રીગુસાંઈજીએ એમને વિવેકધૈર્યાશ્રય સિદ્ધ કરાવ્યો છે.

<u>પ્રમાણ-પ્રમેય</u>**:-** ષોડશગ્રંથ અને વાર્તાઓને એકમેક કરવાથી કયારેક પ્રમાણ પ્રમેય બની જાય છે તો વળી કયારેક પ્રમેય, પ્રમાણરૂપ. આ બન્ને વચ્ચે આવું શુદ્ધાદ્વૈત હોવા છતાંય, individually બન્નેના સ્વરૂપને સમજવું અનિવાર્ય છે. અવતાર કાલ હોય કે અનવતારકાલ, પ્રભુના પ્રમેયના વિલાસમાં કેવલ ભગવાનના સામર્થ્યનું જ પ્રતિપાદન થાય છે. પ્રમાણમાં, જીવના સામર્થ્યની કથા છે. જીવનું સામર્થ્ય કેવલ પ્રમાણ સુધી જ સીમિત હોવાથી, કોઈપણ પુષ્ટિજીવ એમ ન કહી શકે કે "પુષ્ટિમાર્ગતો પ્રમેયનો માર્ગ છે, એમાં મને પ્રમાણની શું જરૂર ?" આમ વિચારવાથી એ જીવની ગંભીર ભૂલ થઈ જશે. એનું કારણ એ છે કે પોતાના સામર્થ્યમાં જે પ્રમાણબલ પ્રભુએ આપ્યું છે, તેનો વિનિયોગ કરવા તો આવો જીવ તૈયાર થતો નથી અને પ્રમેયરૂપી પ્રભુની monopoly વાળું પ્રભુનું જે સામર્થ્ય છે, એને પોતાની ઈચ્છા પ્રમાણે ભગવાન વાપરે એવો ખોટો હકક જમાવવાની ચેષ્ટા કરે છે. પ્રમાણ અને પ્રમેયના individual function અને પરસ્પરતાને ઉદ્‌બોધિત કરતું શ્રીમહાપ્રભુજીનું નામ છે **भक्तिमार्गाब्जमार्तंड**. આ નામમાં **भक्तिमार्गाब्ज** પુષ્ટિજીવ છે અને **मार्तंड** શ્રીઆચાર્યજી છે. કમલને, જલની ઉપર આવવાનું સાધન પોતાને કરવું પડે છે, ત્યાર પછી એમાં શોભા, સુગંધ કે વિકાસ લાવવાનું કાર્ય પ્રમેયરૂપ માર્તંડ કરે છે. પુષ્ટિજીવ, દૈવીજીવ તરીકેના લક્ષણો

પ્રકટ ન કરે તો માર્તંડની પુષ્ટિરૂપી કિરણાવલીઓનો લાભ એને કયાંથી મળી શકે ? ભગવત્સેવા ન કરનાર જીવ "સેવાફલ" ગ્રંથ કથિત અલૌકિક સામર્થ્યની અપેક્ષા કેવી રીતે રાખી શકે ? પ્રમાણના મહત્ત્વનો ઉદ્‌ઘોષ કરવાં, સારસ્વત કલ્પમાં, સ્વયં શ્રીકૃષ્ણ પ્રમાણરૂપ બલદેવજીને કહે છે કે આ અખિલ વૃન્દાવન દાઉજીની પ્રશંસા કરી રહયું છે. તેથી જ તો, અહંતા મૂલક દેહાધ્યાસરૂપ ધેનુંકાસુરનો વધ પ્રમેયરૂપ પ્રભુ ન કરતાં, પ્રમાણરૂપ બલરામજીથી કરાવે છે. પુષ્ટિભક્તિ માર્ગમાં પ્રમાણ અને પ્રમેય mutually complementary છે. પ્રમાણને નિરર્થક માનનાર જીવ, બલદેવજીને કે મહાપ્રભુજી ગુસાંઈજી, વેદ, ગીતા, ભાગવતની વાણીને નિરર્થક બનાવવાનો ગંભીર અપરાધ કરે છે. સાધન છે તો ફલ છે તેમ પ્રમાણ છે તો પ્રમેય છે.

મહાપ્રભુજીની વાણી વેણુનાદાત્મક હોવાથી, આધુનિક પુષ્ટિજીવો એ વાણીના આધાર વિના રાસલીલામાં પ્રવેશ કરવાનો અધિકાર પ્રાપ્ત કરી શકતા નથી. પરમભગવદીય નંદદાસજીની વાણીથી એનું રહસ્ય સમજવા જેવું છે;

"નાદ અમૃત કો પંથ રંગીલો સક્ષમ ભારી ।
તીહી વ્રજતીય ભલે ચલી આન કોઈ નહિ અધિકારી. ॥"

ઠાકુરજીએ જયારે વેણુનાદ કર્યો ત્યારે એના કારણે, નાદનો એક સૂક્ષ્મ પથ બની ગયો અને એ પથ પર અભિસરણ કરતાં ગોપાંગનાઓ રાસમાં પ્રવિષ્ટ થઈ ગયાં. તેમજ આચાર્યજીની વાણીના પંથના પથિક બનવાથી, એ વાણી જયાંથી ઉદ્‌ભૂત થઈ એવા શ્રીવલ્લભના હૃદયકમલ સુધી

પહોંચવાનું પુષ્ટિભક્તોને મહાસૌભાગ્ય મળે છે. આવા બડભાગી જીવને એ હૃદયકમલમાં કેવી મૃદુલ લીલાઓની અનુભૂતિ થતી હશે ?”

**नमामि हृदये शेषे लीला-क्षीराब्धिशायिनम् ।**
**लक्ष्मी-सहस्त्र-लीलाभिः सेव्यमानं कलानिधिम् ।।**

આચાર્યજીની વાણીના પ્રમાણરૂપ વાકયોથી વાર્તામાં અવગત રહેલ પ્રમેયને સમજવું આવશ્યક રહેશે. વાર્તાથી મહાપ્રભુજીના સિદ્ધાંતોને સમજવાં જતાં problem આવી જશે અને કયારેક એવું કરનાર dangerously "મહા સાહસિક" બની જશે. જેમકે તાપભાવના આવેશમાં વાઘાજી રજપૂતે, જૂતા પહેરીને ઠાકુરજીને સામગ્રી ધરી, એના પરથી એવો સિદ્ધાંત કયારેય ન ઘડાય કે પ્રભુને સામગ્રી ધરતી વખતે જૂતા પહેરવાની છૂટ છે.

**ભોક્તા-ભોગ્ય**:- શ્રીમહાપ્રભુજીની દૃષ્ટિથી કામ, રતિ, ભોક્તા અને ભોગ્યનું સમ્યક્ સ્વરૂપ નહિં સમજાય ત્યાં સુધી ભગવાન અને ભક્ત વચ્ચેનું રમણ પણ નહિં સમજાય. તેમજ ષોડશગ્રંથ અંતર્ગત રહેલા આચાર્યજીના ઉપદેશો અને લીલોપદેશરૂપ વાર્તા વચ્ચે ચાલતી અખંડ રમણની રમણીય લીલા પણ સમજાશે નહિ. તો કામ, રતિ અને રમણ શું છે ? કામ કે કામનાને પુંભાવાત્મક પુરુષરૂપ માનેલી છે, કારણકે એમાં "મને કાંઈક જોઈએ છે" એવો ભોક્તાભાવ વિદ્યમાન છે. રતિ, એ કામના નથી, પણ રમણ છે. તેથી જ રતિ ભોગ્ય અને સ્ત્રીભાવાત્મક છે. આવા રમણને sexual રમણનો પર્યાયવાચક માનવાની ભૂલ ન કરવી, કારણકે "રમણ" શબ્દનો બહુ જ વિશાલ ફાલ છે. જેમકે દરેક કલાકાર કે

સંગીતકારનો, પ્રેક્ષક સમક્ષ પોતાની કલા પેશ કરતી વખતે, રતિ કે સ્ત્રી ભાવ હોય છે, પછી ભલેને તે કલાકાર પુરુષ હોય. જેમ કે, ગાયકને એવો ભાવ હોય છે કે શ્રોતા એનાં ગાયનનો આનંદ માણે. ગાયકનો આવો ભાવ, સ્ત્રીભાવ કે ભોગ્યભાવ ગણાય છે. પરંતુ સંગીતને સાંભળતાં શ્રોતાવર્ગમાં, એ વખતે કામભાવ કે પુંભાવ હોય છે. આમ પ્રત્યેક કામ, એક ભોક્તા ભાવ છે અને પ્રત્યેક રમણ એ સ્ત્રી કે ભોગ્ય ભાવ છે. અર્થાત્ એક વ્યક્તિ જે રમણ કરી રહયો છે તે ભોગ્ય છે અને એને જે enjoy કરી રહ્યો છે તે ભોક્તા છે.

ખૂબસુરતી તો એ છે કે પ્રભુનું સ્વરૂપ આમ તો નિષ્કામ છે, તો ય ભગવાનમાં અલૌકિક કામ યા કામના હોવાથી, પ્રભુ સ્વયં આદ્ય કામી છે. **स द्वितीयमैच्छतः ।** પોતાના રમણ માટે પ્રભુએ નામરૂપાત્મક જીવ અને જડ સૃષ્ટિ જગતરૂપે પ્રકટ કરી છે. આદ્ય કામી ભગવાનમાં ભોક્તૃભાવ છે અને જગતમાં ભોગ્ય ભાવ છે. અહીં સમજવા જેવી ખાસ વાત એ છે કે જગદીશ સ્વસ્વરૂપાત્મક જગત સાથે રમણ કરે છે, વિષય કે વિષયતા સાથે નહિ. **स्वात्मानं स्वयमकुरुत्** . પ્રભુ પોતે જ જગતરૂપે બન્યા છે અર્થાત્ પ્રભુનું જગતની સાથે જે રમણ છે તે આત્મરમણ છે. ત્રિભુવનમાં ભગવાન સિવાય અન્ય કોઈ દ્વૈત તત્વ ન હોવાથી, પ્રભુને જે કામના થાય છે તે કેવલ આત્મકામ જ છે, જે પોતાની આત્મક્રીડા માટે પ્રકટ થાય છે.

ભગવદ્અંશ જીવ ભગવાનની નકલ કરવા જાય છે ત્યારે ભગવદ્ ભોગ્ય જગતને, જીવ પોતાનો ભોગ્ય માની, જગતના વિષયો માટે પોતાનો કામ કે ભોક્તાભાવ પ્રકટ કરે

છે. વાસ્તવમાં તો જીવ પ્રભુનો ભોગ્ય હોવા છતાંય, જીવનું, જગત માટેનું આવું ભોક્તાપણું એને વિષય અને વિષયતામાં લઈ જાય છે, જેના કારણે એ સંસારમાં અટવાઈ જાય છે. મૂળકામ ભગવાનનો છે. જીવમાં ક્ષુદ્રકામ, સ્નેહ, રતિ, ભાવ કે ક્રિયા છે. ક્ષુદ્ર જીવ કેટલી કામના કરી શકે ? તેથી જ જીવના ભાવ અનુસાર પ્રભુ સાધારણીકરણ કરે છે. સમુદ્ર લહેર બની શકે, પણ લહેર સમુદ્ર ન બની શકે, લહેર સમુદ્રનો તાદાત્મ્ય અનુભવ કરી શકે.

શ્રીવલ્લભે, આ સર્વ સિદ્ધાંતોને લક્ષ્યમાં રાખીને, પુષ્ટિજીવને, સમર્પણના પંથે દોર્યો છે. જગતની સર્વ વસ્તુઓને પ્રભુ સાથે share કરીને માણવાનો સિદ્ધાંત પુષ્ટિજીવને સમજાવ્યો છે, જેથી સાધનાવસ્થામાં વૈષ્ણવ, ભગવાનનો ભોગ્ય બની રહે અને જગતનો ભોક્તા બનવા ન લલચાય. ષોડશગ્રંથના આવા મર્મભર્યા ઉપદેશને વાર્તાઓ સમજાવે છે.

પોતાને અભીષ્ટ કે અનિષ્ટ શું છે તે વિચારીને જગતની વસ્તુઓને ભોગવે કે ઈનકાર કરે તે પ્રવાહીસૃષ્ટિ છે. શાસ્ત્રની આજ્ઞા અનુસાર ભોગ કરે તે મર્યાદામાર્ગીયનો ધર્મ છે. પરંતુ પુષ્ટિજીવ, ભગવત્સુખ માટે જે જે કરે છે, તે નથી કર્મ, નથી ધર્મ, પણ તે ભક્તિ છે. બ્રહ્મની કામના કેવલ ભોક્તા કે ભોગ્ય બનવાની નથી પણ કોઈ form માં તે પ્રેરિતા પણ છે. પ્રેરિતા એ જ આનંદ તત્ત્વ છે.

પ્રત્યેક જીવમાં પરમાત્મા બિરાજે છે અને પરમાત્મા પારમાર્થિક સ્નેહનું સ્વરુપ છે. તેથી જ પ્રત્યેક જીવ આનંદને ખોજતો હોય છે. એ શોધ વેળા જીવ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ

અને ગંધને પોતાનાં ભોગ્ય તરીકે માણે તો તે તેની વિષયતા છે. પરંતુ ચોરાસી બસોબાવન વૈષ્ણવોને, કૃષ્ણને ખોજતાં, કૃષ્ણમાં જ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ ઉપલબ્ધ કેવી રીતે થાય છે એનાં દર્શન આ ગ્રંથમાં કરવાનો અલ્પ પ્રયાસ છે.

સારસ્વત કલ્પમાં કુમારિકા ગોપીજન, પ્રભુની ક્રિયાશકિતનું સ્વરૂપ હોવાથી સાધનાત્મિકા છે, ભોગ્ય ભાવવાળા છે અને ચીરહરણ લીલા વેળા, ઠાકુરજીએ એમનામાં પુંભાવ (ભોક્તા ભાવ) સ્થાપિત કર્યો છે. તેવી જ રીતે શ્રુતિરૂપા ગોપીજન પ્રભુની જ્ઞાનશકિત હોવાથી, પ્રમાણરૂપા છે. વેણુનાદ કરી પ્રભુએ એમના પુંભાવનું પોષણ, જ્ઞાન કે પ્રમાણથી કર્યું છે. આ સર્વનું પરમ રહસ્ય એ છે કે ભક્તિવર્ધિનીગ્રંથમાં **सेवायां वा कथायां वा** નો ઉપદેશ આપીને શ્રીવલ્લભ, પુષ્ટિજીવની ક્રિયાશકિત કે સાધનબલને અને જ્ઞાનશકિત કે પ્રમાાણબલને ભગવદ્‌વિનિયોગ કરાવવાની આજ્ઞા કરે છે, જેથી જીવનું પ્રભુ સાથે રમણ શરૂ થઈ જાય. "આપણો તો પ્રમેય માર્ગ છે, એમાં પ્રમાણ કે સાધનની શું જરૂર ?" એવું કહેનાર જીવ, પ્રભુ સાથે થનારા પોતાના રમણમાં પોતે જ પ્રતિબંધક બને છે. આ ગ્રંથમાં, ષોડશગ્રંથના પ્રમાણના દ્વારમાંથી પ્રવેશ મેળવી, ૨૮ વાર્તાઓની પ્રમેયકુંજમાં વિહરવાનો મારો વિનમ્ર પ્રયાસ છે.

આ ગ્રંથના proof reading માટે ભરૂચના પ.ભ.શ્રી વૈકુંઠભાઈ ભગતે ખૂબ જ પરિશ્રમ લીધો છે. તેમનો હું બહુ જ આભારી છું. આ ગ્રંથના type setting માટે જયેશભાઈ દલાલે લીધેલા પરિશ્રમ માટે હું એમનો પણ હાર્દિક આભાર માનું છું. મારી પત્ની હંસા, કીર્તન રસિક હોવાથી, અષ્ટછાપની

વાણીનું અને અન્ય ભગવદીયોના કીર્તનોનું તેણે અવગાહન કર્યું છે. આ કીર્તનસાહિત્યના અધ્યયન વખતે, એણે select કરેલાં કીર્તનોના collection માંથી ચુનીને મેં, અમુક પદોનો વિનિયોગ આ ગ્રંથમાં કર્યો છે. મારા પર નિતાન્ત કૃપા કરીને મને મહાપ્રભુજીનો પુષ્ટિભકિતમાર્ગ સમજાવનાર અને આ ગ્રંથ લેખનમાં મને અવિચ્છિન્ન પ્રેરણા કરનાર મારા પરમ પૂજય ગુરૂજી ગો. શ્રીદીક્ષિતજી મહારાજ અને એમના પુત્રરત્ન પૂ.પા.ગો. શ્રીશ્યામુબાવાને આ ગ્રંથ, બેહદ્ ઉલ્લાસ સહિત અને સદૈન્ય સમર્પિત કરતાં હું કૃતકૃત્યતા અનુભવું છું.


<u>રહેઠાણ</u> :-
૭૩, નેતાજી સુભાષ રોડ,
અલ-સબાહ કોર્ટ, ચોથે માળે,
મુંબઈ - ૪૦૦ ૦૨૦
email : bhupendrabhatia@hotmail.com

ભૂપેન્દ્ર ભાટિયાના
શ્રીવલ્લભકુલને દંડવત્
વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ


*********

## અનુક્રમણિકા


| અનુ નં. | ગ્રંથ | વાર્તાનું નામ | પાન નં. |
|---|---|---|---|
| ૧ | સેવાફલ | ગજજનધાવન | ૧ |
| ૨ | વિવેકધૈર્યાશ્રય | વિઠ્ઠલદાસ કાયસ્થ | ૧૫ |
| ૩ | નિરોધલક્ષણ | રામદાસ સાંચોરા | ૨૬ |
| ૪ | કૃષ્ણાશ્રય | ડોકરી-આઠ વખત કાળને પાછોવાળ્યો | ૩૯ |
| ૫ | સિદ્ધાંતમુક્તાવલી | રુક્મિણી બેટીજી | ૬૨ |
| ૬ | ભક્તિવર્ધિની | પરેભૈયા | ૭૦ |
| ૭ | નિરોધલક્ષણ | ગોરજા-સમરાઈ | ૮૨ |
| ૮ | વિવેકધૈર્યાશ્રય | સંતદાસ ચૌપડા | ૯૧ |
| ૯ | સેવાફલ | વીરબાઈ | ૯૯ |
| ૧૦ | સર્વેષોડશગ્રંથો | રામાનંદ પંડિત | ૧૦૮ |
| ૧૧ | બાલબોધ | હરિવંસ પાઠક | ૧૨૦ |
| ૧૨ | સિદ્ધાંતમુક્તાવલી | એક શેઠ-ખરબૂજાવાળો | ૧૩૨ |
| ૧૩ | પુષ્ટિપ્રવાહમર્યાદા | એક બ્રાહ્મણી ઉજજૈનની | ૧૩૯ |
| ૧૪ | અંતઃકરણપ્રબોધ | રામદાસ સારસ્વત | ૧૫૩ |
| ૧૫ | ભક્તિવર્ધિની | જગન્નાથ જોશી | ૧૬૩ |
| ૧૬ | ભક્તિવર્ધિની | તુલસાંબેટીજી | ૧૭૪ |
| ૧૭ | ચતુ:શ્લોકી | વેણીદાસ દામોદરદાસ | ૧૮૪ |
| ૧૮ | જલભેદ | આનંદદાસ વિશંભરદાસ | ૧૯૬ |
| ૧૯ | નિરોધલક્ષણ | એક શેઠ કી બેટી- બાલકૃષ્ણજીને મદનમોહનજી કર્યા | ૨૦૭ |
| ૨૦ | ષોડશગ્રંથ અને શ્રી સર્વોત્તમજી | તારાચંદભાઈ | ૨૧૮ |

| અનુ નં. | ગ્રંથ | વાર્તાનું નામ | પાન નં. |
|---|---|---|---|
| ૨૧ | સિદ્ધાંતરહસ્ય | આત્મનિવેદનવાળા વૈષ્ણવ | ૨૩૦ |
| ૨૨ | યમુનાષ્ટક | એક ક્ષત્રી આગરેકો | ૨૪૩ |
| ૨૩ | નવરત્ન | એક બ્રાહ્મણી ઉપરાવાળી | ૨૬૧ |
| ૨૪ | સંન્યાસનિર્ણય | તીનતુંબાવાલો બ્રાહ્મણ | ૨૭૧ |
| ૨૫ | પંચપદ્યાનિ | માધવભટ્ટ કાશ્મીરી | ૨૮૪ |
| ૨૬ | સિદ્ધાંતરહસ્ય | નારાયણદાસ બ્રહ્મચારી | ૨૯૭ |
| ૨૭ | સેવાફલ | સિંહનંદના ક્ષત્રાણી | ૩૧૬ |
| ૨૮ | ચતુઃશ્લોકી | એક ક્ષત્રાણી બિલાઈવાલી | ૩૩૪ |


******

## ગ્રંથ : સેવાફલ

## ૮૪ વૈષ્ણવ વાર્તા : ૧૩ - ગજજન ધાવન

**उद्वेगः प्रतिबन्धो वा भोगो वा स्यातु बाधकः ।** ગજજન ધાવનની વાર્તા સેવાફલ ગ્રંથનો લીલાત્મક ઉપદેશ આપનારી હોવાથી, આચાર્યજીને શરણે આવતાં પહેલાં જ, એમના ઉદ્વેગ, ભોગ અને પ્રતિબંધનું કેવી રીતે નિવારણ થયું તે વાર્તા સમજાવે છે; **"इतने नाव अकस्मात् फाटी, सो सगरे डूबे । एक गज्जन के हाथ नाव को टूक पर्‌यो, सो गज्जन ने पकर्‌यो, सो वह टूक बहिं के आगरे तें कोस चारि पर लग्यो । सबेरो भयो । तब गज्जन घर आये ।"** આવા મરણતુલ્ય પ્રચંડ અને અન્ય લૌકિક પ્રતિબંધોનું પ્રભુએ પહેલેથી જ નિવારણ કર્યું, જેથી ગજજન ભૂતલ પર રહી એકાંગી ભક્તિ કરી શકે. એમની "ભોગ" વૃત્તિની ય નિવૃત્તિ થઈ ગઈ છે, એ દર્શાવવા વાર્તા આગળ કહે છે; **"गज्जन अकेले रहे । व्यौपार करनो छोंडि दियो । दोई चार घरी श्रीयमुनाजी पर जाइ बैठे । पाछें अपने घर बैठे रहें । बहोत काहु सों बोलनो नाहीं ।"** ધીરે ધીરે ગજજનમાંથી "ભોગવૃત્તી" ઓસરી ગઈ, વાર્તા કહે છે; **"मन में वैराग्य आयो ।"**

ગજજન ધાવનના ઉદ્વેગ, ભોગ, પ્રતિબંધના નિવારણને, કેવલ વૈરાગ્યમૂલક જ ન રાખતાં, પ્રભુએ એમના પર જયારે કૃપા કરી, ત્યારે એમને વિચાર આવે છે કે; **"जो-पिता, भाई सब मरें, हम हू मरेंगे । कहा करें ? भगवान कृपा करें तो आछो है ।"** એમને આવી ભાવના થઈ, કારણકે ગજજનમાં સેવાફલ ગ્રંથની આ પંક્તિઓ અંગડાઈ લઈ રહી છે; **"तदीयैरपि तत् कार्यं ."** આટલી જલદી કૃપા થવાનું કારણ ? સેવાફલ ગ્રંથની

પંક્તિઓ પુનઃ કહે છે; "**पुष्टौ नैव विलम्बयेत्.**" ગજજનધાવન શુદ્ધપુષ્ટિના જીવ હોવાથી, એમના અંગીકાર માટે આચાર્યજી અને નવનીતપ્રિયાજી અતિ ઉત્સુક છે. માહાત્મ્યજ્ઞાન પછી જો સ્નેહ થાય તો એ જીવ પુષ્ટિપુષ્ટિનો અધિકારી હોય છે અને માહાત્મ્યજ્ઞાન પહેલાં પ્રભુ માટે સ્નેહ થાય તેવા જીવ, શુદ્ધપુષ્ટિના અધિકારી હોય છે. તેથી જ શ્રીવલ્લભને શરણે જતાં પહેલાં જ ગજજનને ભગવાનની ચાહના થઈ ગઈ છે. જીયદાસ સૂરી એમને કહે છે કે; "**अब कोई प्रकार भगवान की प्राप्ति होइ तो आछो ।**" ત્યારે ગજજન કહે છે; "**तब गज्जन ने कही, चाह मेरे ह्व है ।**" ભગવાનનું માહાત્મ્યજ્ઞાન જાણ્યા પહેલા એમને ભગવાનની ચાહના થઈ ગઈ છે.

અહીં સુધી લખેલ ગજજનધાવનના પ્રસંગો ગોકુલનાથજીએ મહાવનવાળા ક્ષત્રાણીની વાર્તામાં આલેખ્યા છે, પરંતુ ગજજનની વાર્તાનું beginning ગોકુલેશપ્રભુ ગજજનની ફલદશાથી કરે છે. કારણકે આ વાર્તા સેવાફલ ગ્રંથનો લીલાત્મક ભાવ પ્રકટ કરનારી છે. વાર્તા કહે છે; "**सो कछुक दिन में गज्जन सों श्रीनवनीतप्रियाजी सानुभावता जनावन लागे । गज्जन कों गाय करते, घोडा करते ।**" એક વાક્યમાં તો શ્રીગોકુલનાથજી, સેવાફલ કથિત અલૌકિક સામર્થ્યયુક્ત ભગવદીયનાં ચરિત્રનું સૂક્ષ્મરીતે વર્ણન કરી દે છે. ગજજન ને, તનુનવત્વ કે અલૌકિક સામર્થ્ય સંપાદિત છે, તેથી એમને ઠાકુરજી સંગ અંગસંગ છે. તો ય એમનામાં ગાય જેવી દીનતા અને નિઃસાધનતા છે. વાર્તા કહે છે; "**गाय करते ।**" પોષણ મળ્યા પછી ગાય જેમ વળતરમાં દૂધ આપે છે, તેમ નવનીતપ્રિયાજીએ, ગજજનનું નેત્રકટાક્ષાદિથી પોષણ કર્યા પછી, આ ભગવદીય પ્રભુને રસનું પાન કરાવે છે. **गाय करते** નું આ બીજું રહસ્ય

છે. સારસ્વતકલ્પમાં, ઠાકુરજી, જેમ, ગોચારણ લીલા વેળા, સર્વ ત્યજી, ગાયની પાછળ ભમતાં, તેમ અહીં પણ પ્રભુ, ગજજનની પછવાડે વશીભૂત થઈને ફરતા રહે છે. તદુપરાંત ઠાકુરજીને સ્વામિનીઓની નિકુંજમાં પરિભ્રમણ કરવું હોય તો એના માટે ગજજન જેવો ઝડપી ઘોડો પ્રભુને બીજે ક્યાં મળી શકે ? વાર્તા કહે છે; "**घोडा करते.**" ગજજનની પ્રભુમાં, અનન્યાસક્તિ છે, તો ઠાકુરજીની ય ગજજનમાં અનન્યાસક્તિ છે. તેથી જ, ઘોડારૂપે પણ એમને ગજજન જ જોઈએ છે. ગજજન સંગ ઠાકુરજી આમ અંગે અંગ મીલાવીને ખેલે છે. વાર્તા એનું કારણ સમજાવતાં કહે છે. "**गज्जन श्रीगुसांईजी की सखी हैं, सदा संग खेले है । सो संबंध अब फेरि खेलेंगे ।**"

સર્વાત્મભાવની અવસ્થામાં જેમ ગજજન, સર્વરીતે પ્રભુને સમર્પિત છે અને અનોસરમાં સર્વાંગ પ્રભુની અનુભૂતિ કરે છે, તેમ "આસક્તિભ્રમ ન્યાયથી" નવનીતપ્રિયાજીને પણ અનોસરમાં ય ગજજનની સર્વાનુભૂતિ છે. તેથી, ઠાકુરજીને ગાય કે ઘોડારૂપે, કોઈ અન્ય નહિ પણ ગજજન જ જોઈએ છે. **सर्वंखलुद्वंद ब्रह्म** શ્રુતિનો આ reversal process છે જ્યાં ઠાકુરજીને **सर्वंखलुद्वंद गज्जन**, એમ સર્વ સ્થળે અનુભૂતિ થાય છે. લૌકિકમાં રહીને ઠાકુરજીને વશ કરવાનું જે સામર્થ્ય ગજજનને સિદ્ધ છે, તે જ સામર્થ્ય, આચાર્યજીએ સમજાવેલ અલૌકિક સામર્થ્ય છે. પ્રભુની સેવા કરતાં, "અલૌકિક સામર્થ્ય" અનાયાસ, "સેવામાં જ" ફલરૂપે ઉપલબ્ધ થઈ જાય છે, સેવાના ફલરૂપે નહિ. ગ્રંથ કહે છે; **यादृशीं सेवना प्रोक्ता तत्सिद्धौ फलमुच्यते । अलौकिकस्य दाने हि चाद्यः सिध्येन्मनोरथः ।**

અલૌકિક સામર્થ્યની આવી સિદ્ધિ માટે, ગજજન માટે

કાલ નિયામક નથી. "**न कालोऽत्रनियामकः ।**" એનાં લીલોપદેશ રૂપે, ભાવપ્રકાશમાં હરિરાયજી સમજાવે છે; "**जो-गज्जन को ऐसो स्नेह बढ्यो, जो-सेवा की रीति भूलि गये । खेल में अनोसर आदि ।**" ગજજન માટે કાલ નિયામક હોય, તો એમની સેવાની રીત ન છૂટે. આ ભગવદીય માટે તો સેવા અને અનોસર એકમેક થઈ ગયા છે. નિત્યલીલાસ્થલીવત્ સેવ્ય અને સેવકની અખંડલીલા વચ્ચે કેવલ પ્રભુની અને ગજજનની ઈચ્છા જ નિયામક રહી છે.

ગજજનમાં સેવા અને અનોસરનો ભેદ ઓસરી જવાથી કોઈ પણ એમની આવી દશા જોઈ વિપરીત બુદ્ધિ ન કરે એના માટે શ્રીઠાકુરજી ગજજનને આજ્ઞા કરે છે કે; "**सो एक दिन गज्जन सों श्रीनवनीतप्रियाजी कहें, मोकों श्रीआचार्यजी के इहां पधराइ के तुम हू उहां रहो ।**" જે ભક્તને વ્યસન અવસ્થા સિદ્ધ થઈ ગઈ હોય, બીજભાવ દૃઢ થઈ ગયો હોય, તો પણ, શ્રીમહાપ્રભુજી આવા ભગવદીયને ગૃહત્યાગની આજ્ઞા નથી કરતાં, કેવલ છૂટ આપે છે અને તે પણ વિપ્રયોગ ફલની સિદ્ધિ માટે. પરંતુ ગજજનને પોતાના ઘરનો ત્યાગ કરીને ન તો ઠાકોરજીનો વિપ્રયોગ કરવો છે, કે ન પ્રભુનું સંન્નિધાન છોડવું છે. તો ય એમને ગૃહત્યાગની આજ્ઞા ઠાકુરજી સ્વયં કરે છે અને તે પણ આચાર્યજીના ગૃહમાં ગજજન સાથે રહેવા માટે, કારણકે મહાપ્રભુજીને નવનીતપ્રિયાજી માટે personal ચાહના છે. તેને અનુલક્ષીને પ્રભુ, ગજજનને, શ્રીવલ્લભને ત્યાં પધારવા કહે છે. તદુપરાંત ગજજનની ગાઢ પ્રીતિમાં સેવાની રીત disturb ન કરે, એના માટે, આચાર્યજી સ્વયં નવનીતપ્રિયાજીને પોતાના ગૃહમાં પધરાવવાની ગજજનને પ્રેરણા કરે છે અને

ગજજનના પક્ષની સેવાની "રીત" શ્રીવલ્લભ પોતે સાચવે છે. મહાપ્રભુજી જાણે ગજજનને કહેતાં ન હોય કે "તું તારી પ્રીત સાંચવી લે, રીતને હું સંભાળી લઈશ." સ્નેહના આવેશમાં ગજજનની રીત વગરની પ્રીત જોઈને, કોઈ અન્ય જીવને અન્યથા વિચાર ન આવે એના માટે પણ નવનીતપ્રિયાજી ગજજનને મહાપ્રભુજીને ઘેર પધરાવવાની આજ્ઞા કરે છે. આમ જોઈએ તો ગજજને વ્યસનાવસ્થા પછી ગૃહત્યાગ નથી કર્યા, પણ ગૃહનું સ્થળાંતર કર્યું છે.

સૌથી પહેલાં ગજજનને માથે પધારીને નવનીતપ્રિયાજી પોતાનો, ગજજન માટેનો પ્રેમ અભિવ્યક્ત કરે છે. ગજજનની ભગવત્સુખાર્થ સેવા અંગીકાર કરીને, પ્રભુને ગજજનમાં આસક્તિ થઈ જાય છે અને પાન લેવા જતાં ગજજનનો વિરહ સહન ન કરી શકતાં નવનીતપ્રિયાજી, ગજજનના વ્યસનમાં નિતાન્ત બેચેન બની જાય છે. જેમ ગજજનને કૃષ્ણ સિવાય કાંઈ પણ યાદ નથી, તેમ ગજજનના ભક્તોદ્ધારક ભાવાત્મક કૃષ્ણને પણ ગજજન વિના બીજું કાંઈ ચેન નથી રહયું. આ અવસ્થામાં નવનીતપ્રિયાજી, જ્ઞાન, વૈરાગ્ય અને સ્વરૂપથી ગજજનને વશ છે. અર્થાત્ પ્રભુને કેવલ પોતાના અંતરંગ ભક્ત ગજજનનું જ્ઞાન છે, તેના કારણે સર્વસ્વતંત્ર ઠાકુરજી આ ભગવદીયને વશ થઈ ગયા છે. તેમજ, એ સમયે નવનીતપ્રિયાજીને ગજજન સિવાય કોઈનામાં પણ રાગ ન હોવાથી પ્રભુ વૈરાગ્યથી પણ ગજજનને વશ છે. ભગવાનના અનેક રૂપોમાંથી નવનીતપ્રિયાજીનું સ્વરૂપ "લીલાવિશિષ્ટ" રૂપ છે તેથી ઠાકુરજી ગજજનને સ્વરૂપથી પણ વશ છે. શાસ્ત્રએ જેને "અસંગી" કહ્યા છે એવા કૃષ્ણ અહીં ગજજનના સંગની તીવ્ર ભાવના અભિવ્યક્ત કરે છે.

**स एकाकी न रमते स द्वितीयमैच्छत** શ્રુતિનો ભેદ આ વાર્તામાં સ્પષ્ટપણે સમજાય છે. ભગવાને પોતાના રમણ માટે અખિલ સૃષ્ટિને પ્રકટ કરી, તેમ આદ્યકામ પ્રભુએ, પોતાના રમણ માટે, ગજજનને ય પ્રકટ કર્યો છે. ગજજને પણ ઠાકુરજીને એવો જ અનુપમ પ્રતિસાદ આપ્યો છે. પોતાની નિષ્કામ ભક્તિ અને નિઃસીમ ભાવ દ્વારા ઠાકુરજી સાથે અલૌકિક dynamic interplay નું સાતત્ય જાળવીને ગજજન નવનીતપ્રિયાજીના રમણનો એક અનિવાર્ય counter part બની ગયા છે. ગજજન વિના, પ્રભુ, પોતાના આત્મરમણને કલ્પી પણ શકતા નથી. ભક્તિની આવી ચરમ અવસ્થા ગજજનને સિદ્ધ છે. સેવાફલ ગ્રંથનું આ અનિર્વચનીય રહસ્ય છે. ભગવત્કામ ના કારણે ગજજને, પ્રભુની સર્વ લીલાને સતત response આપ્યો છે, તો એનું પર્યવસાન થયું છે, કૃષ્ણના ભક્તકામત્વમાં. પ્રભુ અને ભક્ત વચ્ચેના રમણના process પર પ્રકાશ પાડતી ગજજન ધાવનની આવી અનુપમ વાર્તા છે. સેવાફલ ગ્રંથ કથિત રમણના process ને thrust આપવા, પુષ્ટિજીવે, પોતાની ક્રિયાશક્તિનો વિનિયોગ ભગવત્સેવામાં કરવો અનિવાર્ય છે અને જ્ઞાનશક્તિનો, ભગવત્કથામાં. આવી અવસ્થામાં તો સેવક અને સેવ્ય પરસ્પરને એક જ વાત કહે છે; "તેરા મજબૂર કર દેના મેરા મજબૂર હો જાના." શ્રીભાગવતનો આ ગૂઢાર્થ છે, જેમાં પરમાત્મા સાથે ગજજનનો અદ્વૈત હોવા છતાંય, ગજજન જેટલી ભાવનાઓ કરે છે તેટલા ભગવાનના રૂપ પ્રકટ થાય છે. શરૂઆતમાં પ્રભુના સ્નેહની મજબૂરીથી વશ થઈ ગજજન કૃષ્ણ ભક્તિ કરે છે. પછી એ જ સ્નેહ જયારે પ્રભુમાં પરાવૃત થઈને પાછો આવે છે, ત્યારે કૃષ્ણની, ગજજન માટેની ભક્તિ અને મજબૂરી સાથે લઈને આવે છે.

વાર્તા કહે છે; "**सो एक दिन पान न हते । सो श्रीअक्काजीने गज्जन सों कहें, यह पैसा ले जाव, पान ले आवो ।**_ _ _ _ **इहां श्रीआचार्यजीने श्रीनवनीतप्रियाजी कों राजभोग धरे । तब श्रीनवनीतप्रियाजी ने कही, गज्जन आवें तब मैं अरोगों ।**" પુષ્ટિના ઠાકુર શ્રીકૃષ્ણ પોતાના ભક્ત સાથે કેવો અનિર્વચનીય મૃદુલ સ્નેહ કરે છે અને પ્રભુ કેટલા લાગણીશીલ છે એનાં નાજુક પાસાંઓ આ પ્રસંગમાં પ્રકટ થાય છે. ગજજન માટેની નિતાન્ત કોમલ લાગણીના કારણે નવનીતપ્રિયાજી કહે છે કે; "**गज्जन आवें तब मैं अरोगों ।**" પ્રભુની આવી મજબૂરીના "જવાબદાર" મહદ્‌ના મહદ્ એવા શ્રીવલ્લભ સ્વયં છે. જે દિવસથી પ્રભુએ, મહાપ્રભુને કોલ આપ્યો કે "તમે જે જીવને અંગીકાર કરાવશો તેને હું છોડીશ નહિ," એ પલથી જ ઠાકુરજીમાં, આધુનિક પુષ્ટિજીવો માટે આચાર્યજીએ મજબૂરીનો બીજ ભાવ સ્થાપિત કરી દીધો છે, કૃષ્ણમાં રહેલ ગૂઢ સ્ત્રી ભાવને explore કરીને, exploit કરીને નહિ. સેવાફલ ગ્રંથ કથિત અલૌકિક સામર્થ્ય સંપાદન કરનાર મહાનુભાવીઓ પાસે ઠાકુરજીનો ગૂઢસ્ત્રીભાવ પ્રકટ થઈ જાય છે. આવા પ્રકટ ગૂઢસ્ત્રીભાવના આવેશમાં, "હે ગજજન હું તારો છું," એમ મનોમન કહીને, ગજજનને સમર્પિત થઈ ગયેલા નવનીતપ્રિયાજીના શબ્દો છે કે; "**गज्जन आवें तब मैं अरोगों ।**" પ્રભુના આ શબ્દો સાંભળીને, પોતાના અંતરમાં નિતાન્ત પ્રસન્નતા અનુભવતા શ્રીવલ્લભ, સ્વયં શ્રીમહાલક્ષ્મીજીને કહે છે કે; "**गज्जन सों श्रीनवनीतप्रियाजी हिले हैं ।**" એ વખતે નવનીતપ્રિયાજીની કેવી અવસ્થા હશે એ નાગરીદાસની કીર્તન પંક્તિથી અનુભૂત કરીએ;

"મોયે ગોપીજન નહીં બિસરત ।<br>
ઉનકી પ્રીતિ રીતી અંતરકી તનક ન મુખતે નિસરત ॥

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદમાં ગજજન, પ્રભુનો એક અંશ યા part હોવા છતાંય, નવનીતપ્રિયાજી માટે એ apart છે. ત્યારે તો ભગવાનને એવો વિપ્રયોગ થાય છે કે; "મને છોડીને તું કયાંય ન જતો ગજજન." આ પ્રસંગમાં, ઠાકુરજીના "અંશીરૂપ" અલૌકિક અહમ્‌ના સ્થાને, "અંશ" એવા ગજજનનો "અહં" આવિષ્કૃત થઈ જાય છે. જગતના સર્વઆકારમાંથી, ગજજનને, કૃષ્ણ માટે સુદૃઢ સર્વતોધિક સ્નેહ થઈ જાય છે ત્યારે, ગજજનના ભાવાત્મક પ્રભુને ય, પોતાના ભક્ત માટે, અન્ય વિસ્મારક, સુદૃઢ સર્વતોધિક સ્નેહ થઈ જાય છે. સિદ્ધાંતમુક્તાવલિ અને સેવાફલ ગ્રંથની વચ્ચે ગતિમાન થતો ભક્તિનો process આવો કાંઈક છે. શ્રીવલ્લભની એવી scheme છે કે સિદ્ધાંતમુક્તાવલિ દ્વારા, ભક્તને ભગવદ્ રતિ કરાવે અને એ scheme ની ફલશ્રુતિરૂપે, સેવાફલમાં, પ્રભુને ભક્તરતિ થાય છે. "**यादृशी सेवना प्रोक्ता तत्सिद्धौ फलमुच्यते ।**"

વાર્તા કહે છે; "**तब गज्जन पान लेन कों गये । सो बाहर निकसत ही विरह ज्वर ऐसो चढयो जो एक हाट पर परि रहे ।**" ગજજનને આવેલી મૂર્છા, રસશાસ્ત્રની દૃષ્ટિએ સમજવા જેવી છે. ગજજન પાન લેવા જાય છે ત્યારે એમને નવનીતપ્રિયાજીનો વિપ્રયોગ થાય છે. તો આવી વિપ્રયોગની દશામાં, ગજજને, અંતર્મુખ થઈને, પ્રભુની આંતરાનુભૂતિ કરીને, વિપ્રયોગનું શમન કેમ નહિ કર્યું હોય ? આ પ્રસંગમાં ગજજન ભોક્તા બની ગયા છે અને પ્રભુ ભોગ્ય. રસશાસ્ત્રનો એવો નિયમ છેકે ભોક્તાની બધીય વૃત્તિ અને પ્રવૃત્તિ કેવલ ભોગ્ય તરફ ખૂલી જાય છે, તે વખતે ભોક્તા, પોતાને ય જોવાનું ભૂલી જાય છે, તો પોતાની અંદર નવનીતપ્રિયાજી બિરાજયા છે એની સ્મૃતિ ગજજનને કયાંથી રહે ? આ પ્રસંગમાં ગજજનનો ભગવત્કામ

અને રત્યાત્મક પ્રભુ, બન્ને co-ordinate થઈ રહ્યા છે. ગજજનને મૂર્છા આવે છે અને ભોગ્ય એવા ભગવાનને એવી "અલૌકિક ભ્રમણા" થાય છે કે, ગજજન મારાથી લાંબે ચાલી ગયો છે, તો મારો "આનંદ" એ હવે કેવી રીતે લૂંટશે ? આની નિતાન્ત બેચેનીમાં નવનીતપ્રિયાજી કહે છે; **"गज्जन आवें तब मैं अरोगों ।"**

આ વાર્તામાં પ્રકટ થતું શ્રીઆચાર્યજીનું નામ છે - **"अंगीकृत्यैव गोपीशवल्लभीकृतमानवः"** મહાપ્રભુજીના **अंगीकृत्यैव गोपीश** નામમાં ગોપી શબ્દથી કુમારિકા અને શ્રુતિરુપા ગોપીજન લેવાં, જેમના "ઈશ" શ્રીનવનીતપ્રિયાજી છે. આચાર્યજીના અંગીકારના કારણે, આવા ગોપીશ, ગજજનને માથે પધારે છે ત્યારે પ્રભુ **अंगीकृत्यैव गोपीश** બને છે. જેમના માથે પ્રભુ પધાર્યા છે તે ગજજન તો શરણે આવ્યા પહેલાં કેવળ સામાન્ય "માનવ" હોય છે. એનો અંગીકાર કરીને મહાપ્રભુજીએ, ગજજનને પોતાનો શિષ્ય નથી બનાવ્યો પણ પોતાની જેમ "ગોપીશનો વલ્લભી" બનાવ્યો છે. પુષ્ટિભક્તોને **गोपीशवल्लभ** બનાવવાની આચાર્યજીની ચાહના છે એ આપના **महोदार चरित्रवान्** નામને પ્રકટ કરે છે. ભગવાનને ભક્તના વ્યસની બનાવવાનું કે સેવ્યને સેવકના ભોગ્ય બનાવવાનું અનિર્વચનીય સામર્થ્ય, ભૂમંડલાચાર્ય શ્રીવલ્લભાચાર્યચરણ સિવાય અખિલ જગતમાં કોઈનું નથી. એ જ સામર્થ્ય કેવલ પ્રભુચરણમાં પણ સ્થાપિત છે. "જબ તેં અંગીકાર કિયો હૈ મેરો, તબ તે ન અન્ય સુહાવે હો ." વાસ્તવમાં તો મહાપ્રભુજીની અંગીકૃતિની ફલાવસ્થામાં, ભક્ત કે ભગવાનને, એકબીજા સિવાય અન્ય કોઈ સુહાતુ જ નથી. શ્રીઠાકુરજીના ગૂઢસ્ત્રીભાવ અને સ્વામિનીજીના ગૂઢપૂંભાવથી ભાવિત, કેવલ ત્રિતયાત્મક શ્રીવલ્લભ જ, પોતાના

સાક્ષી સ્વરૂપના માધ્યમથી, સેવા દ્વારા, પ્રભુ અને ભક્તમાં, ભોક્તા અને ભોગ્યભાવનું cycle ચલાવે છે. તેથી જ જયારે પુષ્ટિજીવને માથે ઠાકુરજી પધારે છે ત્યારે કર્તવ્યબુદ્ધિથી સેવાનો પ્રારંભ કરનાર જીવને માથે પ્રભુ, ભોગ્યભાવથી બિરાજે છે. આ સેવા જયારે ભગવત્સુખ વિચારમાં અભિસરણ કરે છે, ત્યારે ઠાકુરજી ભોક્તા ભાવથી એનો ભોગ કરે છે. એ વખતે ભક્તને એવો ભાવ આવે છે કે; "ઠાકુરજીને મારી સેવા લેવી છે, એના જ માટે હું છું." પુષ્ટિ ભક્તનો ભોગ્યભાવ આમ બોલી રહ્યો છે.

શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે જગત માટે જેને ભોક્તાભાવ આવે છે, તે આસુરી જીવ છે, પણ ઠાકુરજી માટે ભોક્તાભાવ આવવો તે ભક્તિની પરાકાષ્ઠા છે. ગજજનધાવનની આવી વિલક્ષણ અને પરમોત્કૃષ્ટ અવસ્થા છે, જયાં ગજજનનો original ભોગ્યભાવ નવનીતપ્રિયાજીમાં transmit થઈ ગયો છે અને પ્રભુનો ભોક્તાભાવ ગજજનમાં. આવી ભક્તવશ્ય દશાને અનુલક્ષીને પ્રભુ કહે છે; "**अहं भक्त पराधीनो** ." "**अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः ।**" આ અવસ્થામાં ઠાકુરજી સ્વયં પોતાના અંતરંગને "હરિ" કહે છે. ભોગ્ય અને ભોક્તાના processમાંથી પસાર થયા પછી, ગજજનનું જયારે "વલ્લભીકરણ" થાય છે, ત્યારે ગજજન ગોપીશના વલ્લભ બને છે એ વખતે, નવનીતપ્રિયાજીમાં રહેલો બાહ્યાભ્યાંતર આનંદ, પ્રભુની ભીતર ન સમાતાં, બહાર છલકે છે. ગજજન માટે ઠાકુરજીની આ રસાવસ્થા કે પરવશતા છે. સેવાફલ ગ્રંથનું આવું અકલ્પિત રહસ્ય છે.

આ ગ્રંથમાં, સૂક્ષ્મ રીતે જે આનંદનો વિસ્તાર છે એવો

પ્રભુનો આનંદ કેવો હશે ? પ્રભુની જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ ભીતર રહેલી એક innermost reality છે તે આ આનંદ છે. ઠાકુરજીનો આવો આનંદ ભક્ત માટે આવિષ્ટ થઈને જયારે બહાર છલકે છે ત્યારે તે રસ બને છે. ગજજન માટે પ્રભુનો આનંદ રસરૂપ બની ગયો છે, અને અલૌકિક કામ કે "રમણ"ના રૂપમાં વિદ્યમાન છે. નવનીતપ્રિયાજીનો માટે આનંદ, ગજજનમાં સ્થિર થઈ જઈને ગજજનના આનંદનું પાન કરે છે. પરંતુ અતિ છલકાઈ જવાથી, પ્રભુનો આનંદ, જયારે ઘોડા કે ગાય જેવા વિષયમાં જાય છે, ત્યારે એ ઘોડા કે ગાય રૂપે પણ ઠાકુરજીને કેવલ ગજજન જ જોઈએ છે. શ્રીમહાપ્રભુજીના angle થી, શ્રીનવનીતપ્રિયાજીનો ગજજન માટેનો આ સર્વાત્મભાવ છે. સ્નેહના પ્રાચુર્યથી ગજજને નવનીતપ્રિયાજીની જે "આદતો" બગાડી છે, તેની ફલશ્રુતિરૂપે, પ્રભુનો ગજજન માટે સર્વાત્મભાવ ફલિત થાય છે. સેવાફલગ્રંથની આ આનંદ સારરૂપ સુધા છે.

ગજજન ધાવનની વાર્તા, એ કૃષ્ણ માટે ગજજનની જે એકાંગી ભક્તિ છે, એની કથા છે. નવનીતપ્રિયાજીની ભક્તિ એમણે જાહેરમાં નહિ પણ કમાડ વાસીને, એકાંતમાં કરી છે. ત્યારે તો પ્રભુ એમને ઘોડો અને ગાય બનાવીને ખેલે છે. આ પ્રસંગમાં આચાર્યજીનું "**रहःप्रियः**" નામ પ્રકટ થાય છે અને પ્રભુચરણનું "**गोपिकाविरहाविष्टः .**" આવી રહપ્રિયતામાં પ્રભુની વિરહાનુભૂતિ થાય છે. એમાંથી ભક્તિની વ્યસન અવસ્થા પનપે છે અને પ્રભુને ય એકાંતમાં પોતાનો કોઈ અનુભાવ પ્રકટ કરવો હોય તો "લજજા" આવતી નથી. એકાંતિક ભક્તિમાં, પ્રભુને પણ પોતાની ભક્ત માટેની વ્યસન દશા કોઈ અન્યની પાસે પ્રકટ તો નહિ થઈ જાયને એવી ફિકર

રહેતી નથી. હરિરાયજી આજ્ઞા કરે છે; "**इनकी वार्ता में यह सिद्धांत जताए, जो - व्यसन अवस्था सर्वोपरि है । जामें श्रीठाकुरजी बस होंई । सो कुंभनदासजी गाये हैं; "जोपै विरह परस्पर व्यापे तो कछु जीय बनि आवे" सो गज्जन की परस्पर प्रीति दिखाये ।**"

ગજજન ધાવનની વાર્તામાં આચાર્યજીના **अदेयदानदक्षश्च** નામની "બહાર" ખીલી ઉઠી છે. એ નામનો ગૂઢાર્થ પ્રકટ થઈ ગયો છે. ઠાકુરજીના અધર લોભાત્મક હોવાથી, પ્રભુ પોતે ભોગ્ય છે, એ વાત તો સારસ્વતકલ્પમાં શ્રીકૃષ્ણએ મૂર્તરુપે વ્રજભક્તો પાસે પણ પ્રકટ ન કરી. પરાત્પર પરબ્રહ્મ કૃષ્ણની આ "સર્વાભોગ્યા સુધા" છે. અર્થાત્ એ સુધા સર્વ માટે ભોગ્ય નથી. કૃષ્ણાવતાર વખતે, પ્રભુ પોતે ભોગ્ય છે એવું indication ઠાકુરજીએ કેવલ વેણુનાદ દ્વારા અમૂર્ત ધ્વની રુપે આપ્યું; વેણુ, વિદ્યારૂપા હોવાથી. પરંતુ શ્રીમહાપ્રભુજી તો એવા અદેયદાનદક્ષ છે, expert છે કે એમણે ઠાકુરજીના ભીતર રહેલ સ્ત્રી ગૂઢ ભાવાત્મક રહસ્યને, પ્રભુની ભોગ્યતાને, ભક્તવશ્યતાને, પ્રભુના લોભાત્મક અધરમાંથી જ પ્રકટ થવા ઉદ્દીપન કરી દીધાં છે અને નવનીતપ્રિયાજી પાસે confess કરાવે છે કે; "**गजजन आवें तब मैं अरोगों ।**" આવી જ કોઈ વિલક્ષણ techniqueથી પદ્મનાભદાસજીના પ્રસંગમાં પણ શ્રીઆચાર્યજીએ શ્રીઅકકાજીને સીધુ મોકલવાની પ્રેરણા કરી ત્યારે, ઉદ્દીપન થઈને, મથુરાનાથજીએ પદ્મનાભદાસ પ્રત્યે પોતાનો ભોગ્યભાવ, ભક્તવશ્યતા પ્રકટ કરી દીધી. અહીં પણ ગજજન ધાવનના પ્રસંગમાં ય શ્રીમહાપ્રભુજી શ્રીમહાલક્ષ્મીજીને જ ગજજનને પાન લેવા મોકલવાની પ્રેરણા કરે છે અને એમાં તો ઠાકુરજીના લોભાત્મક અધરો, શબ્દો બોલવાનો લોભ ત્યજીને, તુરત જ કહી દે છે કે "**गजजन आवें**

तब मैं अरोगों ." શ્રીવલ્લભપ્રભુ, પુષ્ટિજીવને ભોગ્યભાવનું દાન કરીને એને પ્રભુના આનંદનો અનુભવ કરાવે છે અને અદેયદાની થઈને, ભક્તને પ્રભુનો ભોક્તા બનાવીને, ભક્તને પરમાનંદનો અનુભવ પણ કરાવે છે. આ સંદર્ભમાં પદ્મનાભદાસજી આચાર્યજી માટે ગાયે છે; "આનંદ અદેયદાન કે દાની." ઠાકુરજીએ શરદસાપેક્ષ વેણુનાદ કર્યો છે. પરંતુ આચાર્યજી, વેણુગીતમાં રહેલ સર્વાભોગ્યા સુધાને નિત્ય પ્રકટ કરી રહ્યાં છે. એટલે જ ગવાયું;

"ભોજન કર વિશ્રામ છીનક લે નિજમંડલી બુલાઈ,
વેણુગીત પુનઃ યુગલગીત કી રસબરખા બરખાઈ."

એટલે જ તો અદેયદાનદક્ષની વ્યાખ્યા કરતાં શ્રીહરિરાયજી, શ્રીમહાપ્રભુના અદેયદાન સામર્થ્યને, પ્રભુથી વિશેષ કહે છે. આને અનુમોદન આપતું સર્વોત્તમજી અને નામરત્નાખ્યમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનું નામ છે "परः". આધુનિક કાલમાં મહાપ્રભુની વાણી જ વેણુની સુધા છે. પ.ભ.શ્રીવલ્લભદાસજી આ વાતને સમજાવતા કહે છે કે;

"તબ હી વેણુદ્વાર ગોપીન કો, સીંચત રસમય પરમાનંદ,
અબહી ઈલ્લમા કુખ પ્રકટ ભયે, દૈવીજીવ વચનામૃત આનંદ."

શ્રીઠાકુરજીની સર્વાભોગ્યા સુધાને exhaustively જાણનાર શ્રીવલ્લભને શ્રીસર્વોત્તમજી "सर्वाज्ञात" કહે છે. આનું corresponding શ્રીગુસાંઈજીનું નામ છે, "सर्वज्ञ". સર્વાભોગ્યાસુધાના ભોક્તા ગજજનનો સર્વાત્મભાવ climax ઉપર છે. આ દશામાં ઠાકુરજીનો કોઈપણ ભાવ ગજજન થી "અજ્ઞાત" નથી. તેથી જ નવનીતપ્રિયાજી ગજજનને અધીન

છે. જેને સર્વાત્મભાવની climax દશા સિદ્ધ હોય, એ ભગવદીયમાં, ચતુ:શ્લોકી કથિત ધર્મ, કામ અને મોક્ષનો સર્વાત્મભાવ સિદ્ધ હોય છે. અહીં મોક્ષના સર્વાત્મભાવમાં સંયોગ અને વિપ્રયોગનું અવિરત cycle સમજવું. આ સર્વનો સારાંશ એ છે કે પ્રભુ ભક્તના ભોગ્ય ત્યારે બને, જયારે ભક્ત, સેવા વેળા સંયોગમાં, એક પ્રભુમાં સર્વ જુએ અને વિયોગમાં પ્રભુને સર્વ જગાએ જુએ. સર્વાત્મભાવની આવી વિપ્રયોગકાલીન અને સંયોગકાલીન અવસ્થા છે. તેથી આવા ઉત્કૃષ્ટ કોટીના ભગવદીય ગજજન ધાવન માટે વાર્તાના અંતમાં શ્રીગોકુલનાથજી કહે છે, "सो तातें ईन ही वार्ता को पार नहीं, सो कहां तांई कहीये ।"

******

## ગ્રંથ : વિવેકધૈર્યાશ્રય
## ૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૬ - વિઠ્ઠલદાસ કાયસ્થ

**"तब नारायणदासने विट्ठलदास को बंदीखाने दियो । सो तीसरे दिन विट्ठलदास को नारायणदास निकारी कै एक सौ एक कोरडा मरावते । सो मार खाँत खाँत विट्ठलदास की देह सड़ि गई ।"** આવા અતિ વિપરીત સંજોગોમાં વિઠ્ઠલદાસજીના પરમ દૈદીપ્યમાન પુષ્ટિ અસ્મિતાનાં દર્શન કરાવતાં વાર્તા કહે છે; **"परि भगवद् संबंध नारायणदास कों विट्ठलदास न जनाए ।"**

આચાર્યચરણના સિદ્ધાંતોને પાળતાં, જે પુષ્ટિજીવને, ગૌરવ આવતું હોય એવા જીવના ધનભાગ્ય છે, પણ જેને ગર્વ આવતો હોય, તેવા જીવના, સર્વ "અરમાન" ઉતારી નાખનારી આ અદ્‌ભુત વાર્તા છે. વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં, શ્રીવલ્લભનો જે ઉપદેશ છે, તેને અનુસરીને, વિઠ્ઠલદાસજીની જે સ્થિતિ થઈ. એવી સ્થિતિમાં, પ્રભુને દોષ દીધા વગર, ભગવાનને પ્રાર્થના કર્યા વગર, વૈષ્ણવધર્મ પ્રકટ કર્યા વગર, **निजेच्छातः करिष्यति** ના વિવેકનું પરિપાલન કરવું, એ કેવલ કૃપા સુલભ જ છે, નહિ તો અત્યંત દુર્લભ છે. બેર બેર કોરડાં ખાઈને, અતિ પીડા કરે એવા આધિભૌતિક કષ્ટને સહીને, **त्रिदुःखसहनं धैर्यमामृतेः** માં વર્ણવેલ, ધૈર્યના સ્વરૂપલક્ષણને જીવવું. વિઠ્ઠલદાસની એવી સ્થિતિ, આપણી કલ્પનાની rangeની બહારની સિદ્ધિ છે. આવી સ્થિતિમાં ય ભગવદાશ્રયને સુદૃઢ રાખવો, એ ભલભલાના હોંશ ઉડાવી દે તેવી વિઠ્ઠલદાસની પરમ ઉપલબ્ધિ છે. વિઠ્ઠલદાસજીને આ બધું સિદ્ધ કેમ થયું, એનું રહસ્ય પ્રકટ કરતાં આચાર્યજી વિવેકધૈર્યાશ્રય ગ્રંથની

પહેલી જ પંક્તિમાં આજ્ઞા કરે છે કે; "**विवेकधैर्ये सततं रक्षणीये तथाश्रयः ।**" મહાપ્રભુજીના સિદ્ધાંત અનુસાર જીવન જીવનાર પુષ્ટિજીવ માટે, આચાર્યજી સ્વયં, વિવેક ધૈર્ય અને આશ્રયને આજ્ઞા કરે છે કે આવા જીવનું તમે સતત રક્ષણ કરજો. **विवेकधैर्ये सततं रक्षणीये**. જેને આવું રક્ષણ કરવાનું શ્રીવલ્લભ કહે છે, તે ત્રણેય, વિવેક, ધૈર્ય અને આશ્રયના લીલા સંબંધિત "મુખિયા" છે. મહાપ્રભુજી - ગુસાંઈજીની કા'ની થી, આ "મુખિયાઓએ," વિઠ્ઠલદાસના વિવેકધૈર્યાશ્રયનું આવી વિકટ પરિસ્થિતિમાં ય રક્ષણ કર્યું છે. શ્રીવિઠ્ઠલેશપ્રભુએ આવા રક્ષણની ઓથમાં વિઠ્ઠલદાસને લીધા છે. આ વાતને સમજાવતાં વાર્તા કહે છે; "**तब श्रीगुसांईजीं आप विट्ठलदास सों कहे, जो तुम तें और कछू बनेगो नाहीं, तातें विवेकधैर्याश्रय कौ नित्य पाठ करियो । ता करि भगवद्धर्म सिद्ध होइगो ।**"

વિવેક એ બુદ્ધિનો વિષય છે અને ધૈર્ય, મન અને ચિત્તનો. અવિચલિત ચિત્ત નિર્ગુણ ભાવાત્મક છે. વિઠ્ઠલદાસના ચિત્તની આવી અવસ્થા છે. ગુસાંઈજીએ વિઠ્ઠલદાસને વિવેકધૈર્યાશ્રય ગ્રંથ સમજાવ્યો ત્યારે, વિવેકના process માં, વિઠ્ઠલદાસને એવી understanding સ્થિર થઈ ગઈ છે કે હરિ સર્વ પોતાની ઈચ્છાથી કરે છે અને જે કરે છે તે એમના હિત માટે જ કરે છે. "પ્રભુ મારા હિતમાં બધું કરે છે" એ ભાવ આવી જવાથી, બધું ભગવદ્ ઈચ્છાથી થાય છે, તેને accept કરવામાં જીવને સુગમતા રહે છે. વિઠ્ઠલદાસજીની બુદ્ધિમાં આવા પ્રકારનો attitude અવિચલ બની ગયા પછી, એમની, તદ્અનુસાર, પ્રત્યેક પ્રસંગમાં reflex action develop થઈ ગઈ છે. આની ફલશ્રુતિ રૂપે, આ ભાવનો એમનામાં sentiment

પરિપાક થઈ ગયો છે અને આવી અવસ્થામાં એમને જગત માટે સાક્ષીભાવ આવી ગયો છે. **साक्षीणो भवताखिलाः.**

કોઈ પણ પુષ્ટિજીવ માટે વિવેક, ધૈર્ય કે even ભક્તિ નીભે કે ન નીભે, પણ સર્વ સ્થિતિમાં શરણાગતિ અનિવાર્ય છે. **ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः ।** વિવેક અને ધૈર્ય એ શરણાગતિની મર્યાદા છે, અને આશ્રય, એ વૈષ્ણવની અંગીકૃતિ છે. વિઠ્ઠલદાસને તો વિવેકધૈર્યાશ્રય **अंगीकृतौ समर्यादो** રૂપે સિદ્ધ છે.

મહાપ્રભુજીના સિદ્ધાંતની દૃષ્ટિએ વિઠ્ઠલદાસજીએ સિદ્ધ કરેલ ધૈર્યનો process સમજવા જેવો છે. માણસના શરીરમાં જેમ રોગ માટે એક પ્રતિકાર શક્તિ હોય છે, તેમ ચિંતા સંબંધિત પણ, મનમાં, પ્રભુએ "એક natural mechanism" આપી છે. આચાર્યજી ધૈર્ય રાખવાની એટલે આજ્ઞા કરે છે કે, ધૈર્યથી જીવ, એની અંદર રહેલ સ્થિતિસ્થાપકતારૂપ એ પ્રતિકાર શક્તિને પુનઃ વિકસિત થવા અવસર આપી શકે. We have to wait for the mind to be in normalcy. મનુષ્યને ચિંતા થાય તે સ્વાભાવિક છે, પણ ચિંતાની ચિતા સળગવા દેવાથી અંદરની સ્થિતિસ્થાપકતા ભસ્મ થઈ જાય છે. તેથી વિઠ્ઠલદાસજી આવા વિપરીત સમયને, સુરદાસજીએ કહ્યું તેમ, પોતાના કર્મના કોઈ એક ફલરૂપે માની એને સહન કરે છે.

"સબ દિન હોત ન એક સમાન ।
પ્રકટ વ્હૈ પૂર્વ કી કરની, તજ મન સોચ અજ્ઞાન ॥"

આવા વિપરીત સંજોગમાં વિઠ્ઠલદાસજી પ્રભુને દૃઢ આશ્રિત રહીને, positive mind રાખીને, માનસિક કલેશનો સમય પસાર

કરી દે છે, જેથી એમનામાં રહેલ પુષ્ટિભક્તિની ઋજુતા જરા પણ disturb થતી નથી. શ્રીવલ્લભ **चिन्ता कापि न कार्या** ની આજ્ઞા, ભક્તિની આવી ઋજુતાના સંરક્ષણ માટે કરે છે. તેથી જ ગુસાંઈજી પધાર્યા છે, એટલું સાંભળતાં જ, વિઠ્ઠલદાસનું મન, સુરક્ષિત રહેલ ઋજુતાથી, વ્યાકુલ બનીને, પ્રભુચરણને મળવા ઉત્સુક થઈ જાય છે. વાર્તા કહે છે; **"तब विट्ठलदास ने नारायनदास सों कही, जो-तुम श्रीगुसांईजी के दरसन कों जात हो । तातें तुम मोसों आज्ञा करो तो मैं हूँ तुम्हारे संग श्रीगुसांईजी के दरसन कों चलों ।"** આટલા કોરડા ખાધા છતાં ય વિઠ્ઠલદાસજી પ્રભુની કૃપાને appreciate કરે છે, એ એમની અંગીકૃતિનું વિલક્ષણ દૃષ્ટાંત છે. વિઠ્ઠલદાસજી જાણે છે કે ભગવત્કૃપાને appreciate ન કરવાથી, પ્રભુ જીવના પુરુષાર્થને appreciate નથી કરતા. તેથી જ, શરૂઆતની અવસ્થામાં, પુષ્ટિજીવ પ્રભુની કૃપાને જોવાનો, સમજવાનો, શોધી કાઢવાનો પ્રત્યેક પ્રસંગમાં sincerely અને voluntarily પ્રયાસ કરતો રહે, તો એવા પુષ્ટિજીવનું અવશ્ય ભલું થાય છે. એવા જીવનું સારું થતું હોય એવા પ્રસંગમાં, એને ભગવત્કૃપાના દર્શન થાય છે અને વિપરીત સંજોગોમાં, ભગવદ્ ઈચ્છાના. ભગવત્કૃપા અને ઈચ્છા વચ્ચે, કૃપાપાત્ર જીવ, સદા હિલોળો લેતો હોય છે. વિઠ્ઠલદાસજીએ આ process ને એટલી અદ્ભુત રીતે સિદ્ધ કરી દીધો છે કે એમના પોતાના સામર્થ્ય અંતર્ગત રહેલ જ્ઞાન, ઈચ્છા અને પુરુષાર્થને ઠેકાણે, ભગવત્કૃપાનો ફલક એમનામાં બહુ જ વિકસિત થઈ ગયો છે. ભગવત્કૃપાને appreciate કરવાથી વિઠ્ઠલદાસજીમાં દીનતા, આશ્રય, નિઃસાધનતા ફલિત થઈ ગયાં છે. આના પછી એમના માટે પ્રભુની કૃપાની અનિયતતાનું પાસું કેવલ નહિવત્ રહી ગયું છે. વિઠ્ઠલદાસની

આવી સ્થિતિને અનુલક્ષીને કોઈ વ્યક્તિને પૂર્વપક્ષ થઈ શકે છે કે વિઠ્ઠલદાસજીને કોરડા મારનાર વ્યક્તિના મનમાં રંચક પણ દયા આવી નહિ હોય ?

આચાર્યજી વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં આજ્ઞા કરે છે કે; "**कलौ भक्त्यादिमार्गा हि दुःसाध्या इति मे मतिः.**" વિઠ્ઠલદાસજી જેવી પરિસ્થિતિમાંથી પસાર થનાર ભલભલા જીવના હાંજા ગગડી જાય તો આવો જીવ બિચારો, ભક્તિ કેવી રીતે કરી શકે ? આવા સંજોગોમાં દુ:સાધ્ય ભક્તિને સુસાધ્ય કેવી રીતે બનાવવી એનો લીલોપદેશ વિઠ્ઠલદાસની વાર્તામાં છે. આવા દુ:સાધ્ય આધિભૌતિક દુ:ખને, વિઠ્ઠલદાસજીએ, આધ્યાત્મિક અને આધિદૈવિક માનસી અવસ્થામાં વિહાર કરીને કેવી રીતે સહન કર્યું એ દર્શનીય છે. વાર્તા કહે છે; "**तब श्रीगुसांईजी विट्‌ठलदास कों "विवेकधैर्याश्रय" को स्वरूप अर्थ सहित विस्तार पूर्वक समझाए । सो सब विट्‌ठलदास अपने हृदय में धारन किये । सो अहर्निस वाके भाव में छके रहते ।**" આધ્યાત્મિક દૃષ્ટિથી, વિઠ્ઠલદાસજીને, સર્વત્ર બ્રહ્મભાવ સિદ્ધ થઈ ગયો છે. તેથી એમને વિષયજન્ય દુ:ખ સ્પર્શ કરી શકતું નથી. **दुःखेसु अनुद्विग्नः मनः** એ એમની માનસિક સ્થિતિ છે. વિવેકધૈર્યાશ્રયની સિદ્ધિથી, વિઠ્ઠલદાસમાં, ભગવાનનાં ષડ ઐશ્વર્ય પ્રકટ થઈ ગયા છે. **भगवद्धर्मसामर्थ्यात् विरागो विषये स्थिरः ।**

વિઠ્ઠલદાસજીની ભગવાનમાં અતિ પ્રીતિ છે. જે ભક્તની પ્રીતિ પ્રભુમાં હોય, એવા જીવનું રક્ષણ, અનુભાવરૂપે પ્રકટ થઈને, ઠાકુરજીના ગુણો સ્વયં કરે છે. આચાર્યજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે; "**गुणास्तु अत्वनुभावरूपाः**". ભગવદ્ ધર્મો કેવલ વિઠ્ઠલદાસજીનું રક્ષણ નથી કરતાં, પણ એમનામાં એ

ગુણો સ્વયં પ્રકટ થઈ ગયા છે. એનાં દર્શન પણ કરી લઈએ. જેમ "વૈરાગ્યના" આવેશથી વિઠ્ઠલદાસને, જેલમાંથી છૂટવાની કામના નથી રહી. તેથી એ પોતાના વૈષ્ણવ ધર્મને નારાયણદાસ પાસે પ્રકટ કરતા નથી. ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છે; **"जो - वैष्णवता दिखाइ कै अपनो कारज करें तो धर्म जाँइ । तातें इन अपनी वैष्णवता न जताई ।"** કેવલ શ્રીવિઠ્ઠલેશ પધાર્યા ત્યારે, શ્રીગુસાંઈજીના દર્શનની તીવ્ર કામના હોવાના કારણે વિઠ્ઠલદાસ પોતાની વૈષ્ણવતાનું રહસ્ય નારાયણદાસ પાસે પ્રકટ કરે છે, જેલમાંથી મુક્ત થવા માટે નહિ. તેમજ ભગવદ્ "ઐશ્વર્ય" વિઠ્ઠલદાસમાં છલકાય છે એટલે, ન તો એમને કયારેય પરાધીનતાનો ભાવ છે કે ન એમને નારાયણદાસ પ્રત્યે ક્રોધ. નારાયણદાસ થકી એમની શી હાલત થઈ એની વાત પણ એ પ્રભુચરણને કહેતા નથી, કે કહેવા માટે લલચાતા ય નથી. વિઠ્ઠલદાસજીનું ધન ખલાસ થઈ જાય છે, ત્યારે નારાયણદાસ એમને જેલમાં પૂરે છે તો ય વિઠ્ઠલદાસજીમાં "શ્રી" ધર્મ વિદ્યમાન હોવાથી, એમનામાં કયારેય દરિદ્રતાનો ભાવ કે લોભ જાગૃત થતો નથી. એટલે જ તો જયારે એમની વૈષ્ણવતાનું નારાયણદાસજીને "જ્ઞાન" થાય છે, ત્યારે "શ્રી" ધર્મના આવેશમાં, પુષ્ટિની અસ્મિતાના વૈભવની ખુમારીમાં, વિઠ્ઠલદાસ, નારાયણદાસને છોડીને બીજે ઠેકાણે ચાલી જાય છે. વાર્તા કહે છે; **"पाछें नारायणदास विट्ठलदास कों बोहोत आग्रह करे । परि विट्ठलदास नारायणदास पास न रहे । जब ही श्रीगुसांईजी उहां तें विजय किये तब ही नारायणदास के देस तें विट्ठलदास हू चले ।"** શ્રીગુસાંઈજીની કૃપાથી વિઠ્ઠલદાસને પોતાના અને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન છે, તેથી એમને કયારેય મોહ

થતો નથી. વિઠ્ઠલદાસમાં વિદ્યમાન રહેલ પુષ્ટિનું ગૌરવ, એમના રોમરોમમાંથી "યશ" ને આવિષ્કૃત કરી રહ્યુ છે. એ યશને જોઈને શ્રીગુસાંઈજીને રોમાંચ થઈ જાય છે. વાર્તા કહે છે; **तब विट्ठलदास ने श्रीगुसांईजी सों बिनती करी, जो-राज ! चाकरी करी परि माला कैसें बेचि जाँइ ? यह तो देह कौ भोग है, ताकों तो भुगत्यो (ही) चाहिए । परि अपनो धर्म काहू कों क्यों जनायो जाँइ ? तब विट्ठलदास के दृढता के वचन सुनि कै श्रीगुसांईजी विट्ठलदास सों कहे, जो-विट्ठलदास ! तू धन्य, धन्य है ।**" યશધર્મના આવેશમાં વિઠ્ઠલદાસમાં મદનો સંપૂર્ણ અભાવ છે. તેથી તેમણે કોરડા સહન કર્યાં છતાંય એમનામાં પોતાની સહનશક્તિનો મદ પ્રકટ નથી થયો. ભગવદ્ "વીર્ય" ગુણ પણ આ ભગવદીયમાં સંપૂર્ણપણે ઝલકતો હોવાથી એમને નારાયણદાસ માટે જરા પણ માત્સર્ય નથી. આવા ભગવદીય અને ભગવાનમાં તારતમ્ય નથી હોતું.

કોઈપણ જીવ કેવલ બ્રહ્મના કાલ, સ્વભાવ, નિયતિ આદિના અનુભાવને મહેસૂસ કરતો હોય છે કારણકે જીવ માટે એ જ અનુભવિત છે. જગતના આ સર્વ અનુભાવોને જાણ્યા છતાં ય, વિઠ્ઠલદાસજી એ સર્વ પાછળ સંતાયેલા પરમાત્મા તત્વને માણે છે. પ્રભુ પ્રત્યેનો એમનો આવો **चातक** ભાવ, એમના વિવેકધૈર્યાશ્રયનું રક્ષણ કરવા માટેનું પ્રચંડ "**ब्रह्मास्त्र**" છે. "**ब्रह्मास्त्र चातको भाव्यो ।**" વિઠ્ઠલદાસનું લક્ષ્ય કેવલ એમના અધિષ્ઠાતા ભગવાન પર અવિચલ સ્થિર છે. આ એમની "કારણાનુભાવ" અનુભૂતિ છે. વિઠ્ઠલદાસની દૃષ્ટિ સદાય પ્રભુમાં કેન્દ્રિત હોવાથી, કોરડા ખાધા છતાં ય, આ ભગવદીય સદંતર પ્રભુના આનંદાનુભાવમાં વિભોર છે. પ્રભુના આવા અનુભાવનો અનુભવ પુષ્ટિજીવને કરાવવા તો શ્રીમહાપ્રભુજી

- શ્રીગુસાંઈજીના પ્રાકટયનું રહસ્ય છે. **तस्यैव आत्मानुभावप्रकटनहृदयस्य आज्ञया प्रादुरासीद्** (શ્રીવલ્લભાષ્ટક). વિઠ્ઠલદાસની understanding, emotions અને life style એવી છે કે, નામ રુપાત્મક સૃષ્ટિના ભેદમાં, આ ભગવદીય, અહર્નિશ સર્વમાં common એવા પરમાત્મા કે સમષ્ટિ પુરુષના ચિદંશ રૂપ નો એકત્વરૂપે અનુદર્શન અને અનુભવ કરે છે. એમના સ્વરૂપવિસ્મૃતિના તથા અન્ય અધ્યાસો નિવૃત્ત થઈ ગયા છે, તેથી જ વિઠ્ઠલદાસને કોરડા ખાવાનો ન શોક છે કે ન નારાયણદાસ પ્રતિ દ્વેષ કે મોહ છે. વિઠ્ઠલદાસને દૃઢભાવ છે કે આ આનંદરૂપ સૃષ્ટિ પ્રભુમાંથી પ્રકટ થઈ છે, એમાં સ્થિત છે અને આનંદમાં જ સૃષ્ટિ લીન થવાની છે. આનંદની એમને સતત અનુભૂતિ હોવાથી, વિઠ્ઠલદાસ, આનંદની એકતાને સદા જાણે છે અને માણે છે. **आनंदस्य हरेर्लिला** એ વિઠ્ઠલદાસની અવિચ્છિન્ન અનુભૂતિ છે.

પોતાની વૈષ્ણવતા પ્રકટ ન થઈ જાય એનો ડર, કોઈ પણ જાતની ચાહનાનો અભાવ, પ્રચંડ સહનશીલતા અને અવિચ્છિન્ન એક ભગવદ્‌રસમાં વિમગ્ન રહેવું એવું વિઠ્ઠલદાસની વાર્તાનું હાર્દ રસખાનજીની વાણીમાં દર્શનીય છે;

"ડરે સદા, ચાહે ન કછુ, સહે સબે જો હોય ।
રહે એક રસ ચાહી કે, પ્રેમ બખાનો સોય ॥"

પુષ્ટિઅસ્મિતાની કઈ ખુમારીમાં વિઠ્ઠલદાસે નારાયણદાસને કહ્યું હશે કે; "**नारायणदास हों तो तेरी चाकरी करन आयो हूँ । परि कछु तुम्हारे हाथ वैष्णवता बेचन नाहीं आयो ।**" વિઠ્ઠલદાસ કયા ભાવમાં સદા વિમગ્ન રહેતા હશે એના પર સહેજ

દૃષ્ટિ કરવાથી એમની પુષ્ટિ અસ્મિતાનું એક કારણ સમજાશે. વાર્તા કહે છે; "**तब श्रीगुसांईजी विट्ठलदास कों "विवेकधैर्याश्रय" कौ स्वरूप अर्थ सहित विस्तार पूर्वक समझाए । सो सब विट्ठलदास अपने हृदय में धारन कियो । सो अहर्निस वाके भाव में छके रहते ।**" અર્થાત્ વિઠ્ઠલદાસ અહર્નિશ આ વિવેકધૈર્યાશ્રયના લીલાત્મક ભાવમાં રમણ કરે છે. જેમ કે **निजेच्छातः करिष्यति** ના આવેશમાં એમને **निजानाम् ईच्छातः करिष्यति** રૂપ, પ્રભુ ભક્તવશ્યતારૂપ લીલાની અનુભૂતિ થતી હોય એવું અનુમાન કરવા મન સહેજ લલચાય છે. અથવા તો **स्वाम्यधीनत्व भावनात्** આ પંક્તિના અનુસંધાનમાં, વિઠ્ઠલદાસને કદાચ એવી પણ અનુભૂતિ થતી હોય કે કોઈ અંતરંગ ભક્તને ઠાકુરજી આધીન થઈ જાય છે, છતાંય એ ભગવદીયને, એવી અવસ્થામાં પણ, સૌભાગ્યમદ કે અભિમાન થતું નથી. "**अभिमानस्तु संत्याज्यः स्वाम्यधीनत्वभावनात् ।**"

આ વાર્તા પરથી એક રહસ્ય સમજાશે કે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની અવતાર દશા વેળા, પિતા-પુત્રએ કેટલાય સેવકોને પહેલા ફલનું દાન કર્યું છે અને પછી એમને સાધનાવસ્થામાંથી પસાર કરાવ્યા છે. વિવેકધૈર્યાશ્રય ગ્રંથના ભાવમાં અવિરત છક્યા રહેતા વિઠ્ઠલદાસજીની આવી અવસ્થા છે.

અહીં કદાચ કોઈ પ્રશ્ન કરે કે જેના હૃદયમાં મહાપ્રભુજી-ગુસાંઈજી બિરાજતા હોય, એવા વિઠ્ઠલદાસજીને, આટલું બધું દુઃખ કેમ સહન કરવું પડયું હશે ? વિવેકધૈર્યાશ્રય ગ્રંથનું રહસ્ય પુષ્ટિસૃષ્ટિને સમજાવવા માટે, વિઠ્ઠલદાસજીએ સ્વયં, ભૂતલ પર આવો role અંગીકાર કરવાનું બીડું ઝડપ્યું

હોય એમ હોય શકે છે. વિઠ્ઠલદાસજીના પ્રસંગથી કોઈ પણ વૈષ્ણવને વિચાર આવી જાય કે જેના સેવક આવા વિલક્ષણ છે એના સ્વામી કેટલા અદ્‌ભુત હશે ! આવી રીતે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની કીર્તિનું વર્ધન કરવા એમણે આવો કષ્ટદાયક role ભજવ્યો હશે. આ પ્રસંગમાં શ્રીઆચાર્યજીનું "**स्वकीर्तिवर्धनः**" નામનું પ્રકાશન થાય છે અને શ્રીગુસાંઈજીનું "**महापुरुष सत्ख्यातिः**". **स्वकीर्तिवर्धनः** નામનું બીજું રહસ્ય છે, સ્વજનની કીર્તિનું વર્ધન. અર્થાત્ અહીં શ્રીવિઠ્ઠલેશ પ્રભુ વિઠ્ઠલદાસજીની કીર્તિનું પ્રવર્ધન કરતાં આજ્ઞા કરે છે; "**जो - विट्ठलदास ! तू धन्य, धन्य है ।**" પહેલી વખત ધન્યતા આચાર્યજી તરફથી અને બીજી વખત પોતાના તરફથી ગુસાંઈજી નહિ કહેતા હોય ?

કયારેક કોઈક વિરલ ભગવદીઓ એ, અન્ય પુષ્ટિજીવોનાં દુ:ખ પોતાને માથે લઈને, બીજા વૈષ્ણવોને એવા દુ:ખોમાંથી મુક્ત કરાવ્યા છે. કદાચ વિઠ્ઠલદાસે પણ, ભવિષ્યની પુષ્ટિસૃષ્ટિમાં આચાર્યજીના સિદ્ધાંત પાળનાર કોઈ પુષ્ટિજીવને, કોરડા ખાવાનું દુ:ખ ન વેઠવું પડે, એટલા માટે, એમણે પોતે જ આવા ત્રાસને કદાચ સહન કરી લીધો હશે.

વિવેકધૈર્યાશ્રય ગ્રંથના ભાવમાં સદા વિલસતાં વિઠ્ઠલદાસને આચાર્યજીનું "**स्वानन्दतुन्दिलः**" અને નામરત્નાખ્યમાં અવસ્થિત શ્રીગુસાંઈજીનું "**शान्तः**" નામ સિદ્ધ છે. "**स्वानन्दतुन्दिलः**" કે "**शान्तः**" નામમાં વિહરતાં ભગવદીયો જ સુરદાસજીએ વર્ણવેલ વિલક્ષણ ભક્તલક્ષણ પ્રકટ કરી શકે છે.

"યહ સબ જાને ભક્ત કે લક્ષણ ।
કોઉ વંદો, કોઉ નિંદો કોઉ મારો મુરલૈ ભચ્છણ ॥

કોઉ કહે મુરખ અજ્ઞાની, કોઉ કહે બડો વિલક્ષણ ।
કોઉ માન દે ચંદન ડારે, કોઉ મારે પથ્થર અગછન ॥
ભલીબુરી કછુ મન મેં ન લાયે, કૃષ્ણચરણ રતિ ટરે ન એક છન ।
સુરદાસ હરિ રૂપ મગન વ્હૈ, યાતે ગિરિધર મીલે તતછન ॥"

ભગવલ્લીલાની માનસિમાં સદા રમણ કરતાં વિઠ્ઠલદાસની વાર્તા અનિર્વચનીય હોવાથી ગોકુલનાથજી કહે છે; **"सो वे विट्ठलदास श्रीगुसांईजी के ऐसें कृपापात्र भगवदीय हते । सो उनकी वार्ता कहां तांई कहिए ?"**

*********

## ગ્રંથ : નિરોધલક્ષણ

## ૮૪ વૈષ્ણવ વાર્તા ૩૩ : રામદાસ સાંચોરા

પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ એ આચાર્યચરણના "નિરોધલક્ષણ" ગ્રંથનું હાર્દ છે. નિરોધની અવધિરૂપ પદવી પ્રાપ્ત કરતાં પહેલાં, પુષ્ટિજીવને, કઈ પ્રક્રિયાથી પસાર થવું પડે છે, એની detailed analyses આ ગ્રંથના લીલાત્મક ઉપદેશરૂપ આ વાર્તામાં છે. "નિરોધલક્ષણ" ગ્રંથના અનેકવિધ ભાવ ના પહેલુઓથી રામદાસ સાંચોરાની વાર્તા દેદીપ્યમાન છે.

રામદાસની વાર્તા રાજાદવે માધોદવેની વાર્તાની corrollary છે. બન્ને વાર્તા મળીને નિરોધની અવસ્થાનો એક comprehensive package બને છે. બન્ને ભગવદીયના વરણનો પ્રારંભ કથા પક્ષથી શરુ થાય છે, અને તે પણ દ્વારકામાં. તારતમ્ય એટલું છે કે રાજાદવે અને માધોદવેને ફલનિરોધની પ્રાપ્તિ ત્વરાથી થઈ છે અને પછી એમને સાધનાવસ્થામાં શ્રીવલ્લભ અભિગમન કરાવે છે. રામદાસ સાંચોરા, સાધનનિરોધની પ્રક્રિયાથી ફલનિરોધમાં પ્રવિષ્ટ થાય છે. તેથી રામદાસની વાર્તામાં નિરોધની સાધનાવસ્થાની સ્થિતિનાં વિવિધ પહેલુઓ અને processના વિલક્ષણ દર્શન છે.

વાર્તાના પ્રારંભમાં આવે છે; "**परंतु रामदास कों वैराग्य दसा बालपने तें हती । काहू सों मोह न करे, काहू कों कह्यो न करे ।**" એમની આવી વૈરાગ્ય અવસ્થા કેવી રીતે સિદ્ધ થઈ તે નિરોધલક્ષણ ગ્રંથ સમજાવે છે. "**भगवद्धर्मसामर्थ्याद्विरागो विषये स्थिरः ।**" ભગવદ્ધર્મના સામર્થ્યથી એમનામાં વૈરાગ્યનો

આવિર્ભાવ થયો છે. પ્રભુથી વ્યુચ્ચરિત થતી વેળા રામદાસમાં પ્રભુએ જે ભક્તિ બીજ સ્થાપિત કર્યો છે, તે જ બીજભાવ, પ્રભુના ધર્મોને, પુષ્ટિરૂપે રામદાસ પર વર્ષવા આકર્ષિત કરે છે. પ્રભુની આવી કૃપાવૃષ્ટિ, રામદાસના બીજભાવને, સૌથી પહેલાં વૈરાગ્યથી અંકુરિત કરે છે. વૈરાગ્યથી અંજાયેલા રામદાસનાં નેત્રો જયારે તેલીના બેલને મૃત્યુ પામેલો જુએ છે, ત્યારે વૈરાગ્યના આવેશમાં રામદાસ દ્વારકા તરફ દોટ મૂકે છે. રામદાસની આ અવસ્થા વૈરાગ્યમૂલક ગૃહત્યાગની છે. ત્યારે મહાપ્રભુજીને એ "ચિંતા" થાય છે કે, વિરક્ત દશામાં રામદાસની અહંતા અને મમતા નિવૃત્ત થઈ જશે તો એનો ભગવદ્ અવિનિયોગ થઈ જશે. રામદાસને એમના સામર્થ્ય અને સત્તામાં પ્રભુએ જે અહંતા મમતા આપી છે તે સમર્પિત ન થવાથી, રામદાસ ભજનાનંદના આનંદથી વંચીત થઈ જશે. પરંતુ પ્રભુના સંબંધ વિના તો વૈરાગ્ય દૈવીજીવ માટે નિરર્થક હોવાથી, રામદાસના વૈરાગ્યને ભક્તિમૂલક વૈરાગ્યમાં ઢાળવા, આચાર્યચરણ એમને સૌથી પ્રથમ શ્રીમુખની કથા દ્વારકામાં સંભળાવે છે અને રામદાસને ગુણનિરોધના પથના અનુગામી બનાવે છે. "**महतां कृपया यावद्भगवान् दययिष्यति । तावदानन्दसन्दोहः कीर्त्यमानः सुखाय हि ।**" વાર્તા કહે છે; "**तब रामदास कथा सुनिके बहोत प्रसन्न भये ।**" કથા પક્ષથી શ્રીવલ્લભ રામદાસમાં આનંદનો સંચાર કરે છે, જેથી એમનામાં રહેલ વૈરાગ્યધર્મ શુષ્કતામાં પરિણમિત થાય અને રામદાસને ભગવદ્રતિનો આહ્‌લાદ પણ મળી જાય. રામદાસને, સંસારાત્મક અહંતા મમતાની વિસ્મૃતિપૂર્વક ભગવદ્ વિનિયુક્ત અહંતા મમતા સહિત ભગવદાસક્તિરૂપ નિરોધ સિદ્ધ છે, એના દર્શન આ વાર્તામાં છે.

વાર્તાની શરૂઆતમાં જ શ્રીઆચાર્યજી રામદાસ માટે વિચારે છે કે; "**जीव तो दैवी है, परन्तु अवस्था छोटी है ।_ _ _ _ तातें कछुक दिन संग राखि, याकों दृढ वैराग्य होइ तब छोडनो ।**" ભક્તિના અંગરૂપે પ્રકટ થતો વૈરાગ્ય દૃઢ વૈરાગ્ય બને છે. પોતાના પગ પર ચાલતો ન થાય ત્યાં સુધી મા પોતાના બાળકને પોતાની ગોદીમાં ઉછેરે, એ લાડની delicacy થી આચાર્યજી પોતાના સ્વકીય રામદાસની care લે છે.

નિરોધલક્ષણ ગ્રંથ આજ્ઞા કરે છે કે; "**बाधशंकापि नास्त्यत्र तदध्यासोऽपि सिध्यति ।**" સંસારના કષ્ટોનો અનુભવ કરાવ્યા વગર જ શ્રીઆચાર્યજી, સ્નેહનું દાન કરી, રામદાસના ચિત્તનો ભગવાનમાં જ અધ્યાસ સિદ્ધ કરાવે છે. સાધનનિરોધના process થી રામદાસનો અંગીકાર છે, એટલે શ્રીમહાપ્રભુજી, પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિમાં બાધક ન થાય એના માટે, રામદાસના પાંચ અધ્યાસની સર્વથી પ્રથમ નિવૃત્તિ કરે છે. એક એક વાકયથી રામદાસનો એક એક અધ્યાસ કેવી રીતે નિરસ્ત થઈ જાય છે, તેને વાર્તામાં, ગોકુલનાથજી કેવલ પાંચ વાકયોથી જ સમજાવે છે. વાર્તા કહે છે; "**श्रीआचार्यजी रामदास की परीक्षा लेन अर्थ कबहूं थोरो धरें ।**" થોડું ધરવા છતાંય રામદાસને પોતાનો દેહ કેમ ટકશે એની ચિંતા નથી કારણકે ભગવત્સ્નેહમાં એમનો દેહાધ્યાસ નિવૃત થઈ ગયો છે. આ પ્રસંગમાં એક વાત પ્રસ્ફૂટ થાય છે કે નિરોધની અવસ્થામાં રામદાસજીની એવી સ્થિતિ છે કે એમને ભગવાનના દોષ કે ગુણ પર દૃષ્ટિ ન જતાં કેવલ પ્રભુની માધુરીમાં એ એકાગ્ર છે. તેથી આચાર્યજીએ ઓછું પિરસ્યું તો ય એમને દોષ દૃષ્ટિ ન આવી. બીજા જ વાકયમાં વાર્તા કહે છે;

"**कबहुं अकेली रोटी धरें ।**" અહીં રામદાસના ઈન્દ્રિયાધ્યાસનું નિવારણ થાય છે. એમણે સ્વાદ પર વિજય મેળવ્યો છે, ત્યારે તો એકલી રોટલીથી નિર્વાહ કરી શકે છે અને તે પણ આચાર્યચરણ નિર્દિષ્ટ સેવા કરવા દેહને ટકાવવા. વાર્તા આગળ કહે છે, "**परन्तु ए भागि मांनि महाप्रसाद लेई ।**" પ્રભુ સાથે જેના એક પ્રાણ થઈ ગયા હોય, પ્રભુના અધરામૃતથી જેનો નિર્વાહ થતો હોય એવા વિરલા ભગવદીયો, મહાપ્રસાદને, અધરામૃતના સ્વાદથી, પોતાનાં મહાભાગ્ય માનીને લે છે. આ પ્રસંગથી રામદાસના પ્રાણાધ્યાસનો નિરાસ થાય છે. વાર્તા કહે છે; "**मनमें यह कबहूँ नाहीं लाये, जो - आज हमकों यह नाहीं धरें ।**" જેનું અંતઃકરણ શુદ્ધ થઈ ગયું હોય, અંતઃકરણનો અધ્યાસ વિગલિત થઈ ગયો હોય એવા ભગવદીયને આચાર્યચરણ માટે મન, બુદ્ધિ કે ચિત્તમાં અન્યથા વિચાર ન આવે. રામદાસ મહાપ્રસાદ "**निष्प्रत्यूहं महान्भोगः**" રૂપે લેતા હોવાથી એમના અંતઃકરણ સહિત એમના અખિલાંગનું અલૌકિકકરણ થઈ ગયું છે. આચાર્યજીની સેવાના આવેશમાં રામદાસને એ ય શુદ્ધિ નથી રહી કે એમને મહાપ્રસાદ ઓછો ધરવામાં આવે છે કે વિશેષ. આચાર્યચરણના સુખની ભાવનાઓના આવેશમાં રામદાસની વિલક્ષણ સ્થિતિ અવલોકનીય છે; "**और मारग में जहाँ काँटो आवतो तहाँ रामदास मारग में बेगे बेगे सँभारत जाइ ।**" રામદાસની આવી ટહેલ જોઈ શ્રીમહાપ્રભુજી એમના પર અતિ પ્રસન્ન થાય છે. રામદાસની સ્વરૂપવિસ્મૃતિના અધ્યાસનો વિધ્વંસ કરવા આચાર્યશ્રીની એક હળવી શી પ્રસન્નતા જ પર્યાપ્ત છે.

ગુણનિરોધથી પ્રારંભ થયેલ રામદાસની વાર્તા એમના

સેવા પક્ષની ચાહનાને પ્રતિપાદિત કરતાં કહે છે કે રામદાસજી, "सगरी रसोई की परचारगी करें । और टहेल छोटी मोटी सब करें ।" આવી રીતે રામદાસની સર્વેન્દ્રિયનો ભગવદ્ વિનિયોગ જોઈને નિરોધલક્ષણગ્રંથની પંકિતઓ ઉદ્ઘોષ કરે છે, "संसारावेशदुष्टानामिन्द्रियाणां हिताय वै । कृष्णस्य सर्ववस्तूनि भून्म इशस्य योजयेत् ।" એમની નિરોધદશાની ઝાંખી કરવા જેવી છે. રામદાસના નેત્રનો વિષય જયારે ભગવાન સ્વયં બને છે ત્યારે આ ભક્તના નેત્રમાં પ્રભુના આનંદમય સ્વરૂપ અને આનંદમય લીલાઓના દર્શન થાય છે. એના કારણે રામદાસને પ્રપંચવિસ્મૃતિ થઈ જાય છે અને આનંદમાં લીન થઈ "આનંદી" થઈ જાય છે. "रसं लब्ध्वा आनन्दी भवंति" એ શ્રુતિ અનુસાર, આ અવસ્થામાં રામદાસ પોતાના મૂલ એવા રસસ્વરૂપને પામીને સ્વયં આનંદરૂપ થઈ જાય છે. આમ નિરોધની ચરમ અવસ્થાવાળા રામદાસ, સેવા અને કથા એમ બન્ને પક્ષમાં રમણ કરી દેશકાલાતિત भूमा એવા ભગવાનમાં પોતાની સર્વેન્દ્રિયોને જોડે છે. પ્રભુની સ્વરૂપાનુભૂતિ અને ગુણાનુભૂતિનું cycle ચાલે ત્યારે પૂર્ણ નિરોધ સિદ્ધ થાય છે.

રામદાસની ટહેલથી અતિ પ્રસન્ન થઈ શ્રીવલ્લભ રામદાસને માંગવાનું કહે છે ત્યારે રામદાસ દીનતાથી વિનંતિ કરે છે, "तातें यह मोकों कृपा करि कें दीजिये, जो - आपको आश्रय सदा दृढ रहै, _ _ _ _ तब श्रीआचार्यजी बहुत प्रसन्न होइकै कहें, ऐसे ही होयगो । तू सगरो माँगे ।" આચાર્યચરણના દૃઢાશ્રયથી સર્વસિદ્ધિ રામદાસને કેવી રીતે થઈ તે શ્રીદ્વારકેશજી સમજાવે છે. "આશરો દૃઢ એક શ્રીવલ્લભાધીશકો" આની ફલશ્રુતિ છે, "માનસી રીત કી મુખ્ય સેવા વ્યસન." માનસી એ નિરોધની સમકક્ષ અવસ્થા છે. દૃઢાશ્રયથી પ્રભુના ધર્મો

જીવમાં આવેશિત થતાં હોવાથી, **निरोधपदवीं गतः** એવા શ્રીમહાપ્રભુજીના દૃઢઆશ્રયથી રામદાસને અનાયાસ નિરોધ સિદ્ધ થાય, તે સ્વાભાવિક જ છે. તેથી જ આચાર્યજી રામદાસને કહે છે; "**तू सगरो माँगे ।**" મહાપ્રભુજીનો દૃઢાશ્રય સિદ્ધ કરવા આપના કેવલ ચરણકમલનો આશ્રય પર્યાપ્ત નથી, વાક્‌પતિની વાણીનો દૃઢ આશ્રય પણ અનિવાર્ય છે, આને શ્રીવલ્લભ "**सगरो माँगे**" કહે છે. તેથી જ આચાર્યજી રામદાસને ઘેર પાછા જવાનું કહે છે ત્યારે એ વાણીનું પરિપાલન કરવાની ભાવનાથી રામદાસ વિચારે છે કે, "**और जामें, जो-आप कहे सो करनो, याहीं में मेरो कल्याण है ।**" મહાપ્રભુજીની આજ્ઞા અનુસાર ભગવદ્‌ભક્તિ કરવાથી, પુષ્ટિજીવ, આચાર્યજીનો ઉત્સવ કરે છે.

દૃઢાશ્રયથી સિદ્ધ થયેલ સેવા, કથા, સંયોગ, વિપ્રયોગ એમ ચારેય અવસ્થાની સિદ્ધિમાં રામદાસ મહારસનો અનુભવ કરે છે. મહારસ પૂર્વોત્તર દલાત્મક છે. રસ પ્રાચૂર્યની અવસ્થામાં વિપ્રયોગ અને કથાપક્ષની સ્થિતિને સમજાવતાં નિરોધલક્ષણગ્રંથની પંકિતઓ ગુંજન કરે છે; "**यच्च दुःखं यशोदायाः**" અને "**गुणगाने सुखाव्याप्तिर्गोविन्दस्य प्रजायते ।**" સેવા અને સંયોગસુધારસને અભિવ્યક્ત કરતી નિરોધલક્ષણની પંકિતઓ છે; "**गोकुले गोपिकानां तु सर्वेषां ब्रजवासिनाम् । यत्सुखं समभूत् तन्मै भगवान किं विधास्यति ॥**"

એક ખૂબસૂરતીની વાત એ છે કે નિરોધના અધિકારી રાજાદવે અને માધોદવેની જેમ રામદાસનો પણ અંગીકાર દ્વારકામાં થાય છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે દશમસ્કંધની સાત્ત્વિક અવસ્થાયુકત દ્વારકાલીલાના અવગાહનથી પુષ્ટિભકતને,

કૃપા થતાં, વ્યસન સિદ્ધ થાય છે. આ બન્ને વાર્તાના ભગવદીયોને વ્યસનોત્તર સમકક્ષ નિરોધ થવાનો છે, એ એમના દ્વારકામાં થયેલ અંગીકૃતીનું એક indication છે. **चतुर्भिश्च** કહીને આચાર્યચરણ દશમસ્કંધના ૯૦ અધ્યાય વિશિષ્ટ કૃષ્ણ અને કૃષ્ણલીલાને આવરી લે છે. તેથી જ નિરોધલક્ષણ ગ્રંથની ફલાવસ્થાની આ વાર્તામાં પણ આચાર્યજી, રણછોડજીની entry પુનઃ પુનઃ કરાવે છે અને રામદાસ પણ રણછોડજીની આજ્ઞાને શ્રીવલ્લભથી પ્રેરાયેલી આજ્ઞા માની એનો સ્વીકાર કરે છે.

રામદાસ અને મહાપ્રભુજીના પ્રથમ મિલાપમાં, અંતર્યામિ આચાર્યજી, નાટન કરતાં રામદાસને પૂછે છે કે; "**तु कौन है ? कहाँ तें आयो ?**" મહાપ્રભુજીના આવા નાટનને અનુલક્ષીને તો રામદાસના ઠાકુરનું નામ "નટુવા ગોપાલ" નહીં પડયું હોય ને ? રામદાસને એમના ઠાકુરજીની અનુભૂતિ **नटवर वपू** રૂપે સદા થાય છે. અર્થાત્ વિપ્રયોગમાં **नटवत्** રૂપે અને સંયોગમાં **वरवत्** રૂપે.

રામદાસને મહાપ્રભુજી પોતાની સંગ દસવર્ષ રાખે છે. "**या प्रकार बरस दस श्रीआचार्यजी के संग सेवा किये । परन्तु प्रीति सदा एक रस रही ।**" પ્રીતિની આવી અસ્ખલિતતાનાં દર્શન કરાવતી નિરોધલક્ષણગ્રંથની પંકિત કહે છે; "**ये निरुद्धास्त एवात्र मोदमायान्त्यहर्निशम् ।**" વાર્તા સાહિત્યમાં ગોકુલનાથજી આંકડાઓથી ઘણી વખત ગૂઢ સંકેત આપે છે. આ વાર્તામાં ગોકુલેશ કહે છે કે રામદાસને આચાર્યજીએ દસ વર્ષ સાથે રાખ્યાં છે એનું કારણ કદાચ એમ હોઈ શકે કે, દશવર્ષ આચાર્યજી પાસે રહી ને રામદાસને પ્રભુની દશવિધ લીલાની

અનુભૂતિ થઈ રહી છે. તેથી, ભાગવતજીના ૧૨માં સ્કંધના હાર્દરૂપ આશ્રયને રામદાસમાં સિદ્ધ કરાવ્યા પછી મહાપ્રભુજી રામદાસને એમના ઘેર મોકલે છે.

દસ વર્ષ સુધી શ્રીવલ્લભ સાથે રહીને ફલાત્મક લીલાની અનુભૂતિ કરાવ્યા પછી આચાર્યચરણ, રામદાસને સાધનની અવસ્થામાં અભિગમન કરાવે છે ત્યારે રામદાસને પણ કદાચ એમ વિચાર આવ્યો હશે કે;

"નેમ ધર્મ જપ તપ યહ સબ ફલહી બતાવે ।
યહ કહુ નાહીંન સુની જો ફલ ફીરી ધરમ શીખાવે ॥"

રામદાસને મહાપ્રભુજી, ફલમાંથી સાધનના reverse process માં લઈ જાય છે કારણકે રામદાસની સ્ત્રી દૈવી છે, એટલે એમના ઉદ્ધાર માટે મહાપ્રભુજી રામદાસને ઘેર જવાની આજ્ઞા કરે છે. નિરોધની અવસ્થામાં એના અનિવાર્ય અંગ એવા વિપ્રયોગનું પણ રામદાસને દાન કરવા આ લીલા પ્રકટ થાય છે. આચાર્યજીથી છૂટા પડતી વખતે મહાપ્રભુજી રામદાસને ખૂંટી વગરનાં પાદુકાજી પધરાવે છે, કારણકે રામદાસ હવે ઉત્તરદલનો અનુભવ કરવાના છે. શ્રીવલ્લભના વિરહમાં બેબાકળા બનેલા રામદાસ, પાદુકાજીને જયારે હૃદયસરસા ચાંપે, ત્યારે તેમને ખૂંટી વાગે નહિં એ હેતુથી આચાર્યજીએ કદાચ ખૂંટી વગરના પાદુકાજી રામદાસને પધરાવી આપ્યાં હશે ! વાર્તામાં રામદાસની વિરહાવસ્થા અવલોકનીય છે; **"सो विरह बहोत, बार बार फिरिकें दरसन करि स्वरूप हृदय में धरि चले ।"** આ પ્રસંગને પ્રતિબિંબિત કરતી નિરોધલક્ષણ ગ્રંથની પંક્તિઓ મધુર ગાન કરે છે **"हरिमूर्ति सदा ध्येया संकल्पादपि तत्र हि ।"** મહાપ્રભુજીથી વિખૂટા પડતી વખતે,

પ્રત્યક્ષ વિરહના આવેશમાં રામદાસજી અતિ દીન બની બેર-બેર શ્રીવલ્લભનાં દર્શન કરે છે અને આચાર્યજીની મૂર્તિ પોતાનાં અંતરમાં પધરાવવાનો સંકલ્પ કરે છે. રામદાસની આવી વિહ્વળ દશા નિહાળીને, મહાપ્રભુજીનું હૃદય આર્દ્ર બની જાય છે. "और श्रीआचार्यजी को हृदय भरि आयो । जो - एसे वैष्णव सों वियोग होत है ।" નિરોધમાં ભક્ત અને પ્રભુને પરસ્પર વિરહ છે.

રામદાસજી મહાપ્રભુજીના સ્વરૂપ અને યશોગાનનું સ્મરણ કરી આચાર્યજીને પોતાના અંતરમાં પધરાવે છે. સર્વોત્તમજીમાં આને પ્રસ્ફૂટ કરતું નામ છે, "स्वयशोगानसंहृष्टहृदयांभोजविष्टरः" અને શ્રીવિઠ્ઠલેશનું નામ છે, "कथनीयगुणाकरः" અથવા "भक्तिगम्य".

રામદાસજી દસ વર્ષ શ્રીવલ્લભ પાસે રહે છે, ત્યારે વિશેષત: શ્રીવલ્લભ એમની સન્મુખ "देवोद्धार प्रयत्नात्मा" ના સાધનાત્મક નામ રુપે અને "श्रीकृष्णास्य" સ્વરૂપે પેશ થાય છે. વિપ્રયોગમાં આપના "कृपानिधि" અને "स्मृतिमात्रार्तिनाशन" નામનો રામદાસ અનુભવ કરે છે. નામરત્નાખ્ય સ્તોત્રમાં "दैवोद्धारप्रयत्नात्मा" નું શ્રીગુસાંઈજીનું corresponding નામ છે "सुखोदर्ककृतिः". તેમજ "श्रीकृष्णास्य" નું શ્રીવિઠ્ઠલેશનું નામ છે "वल्लभनंदनः". સર્વોત્તમજી આચાર્યજીને "कृपानिधिः" કહે છે તો નામરત્નાખ્ય વિઠ્ઠલનાથજીને "कृपासिंधु". "स्मृतिमात्रार्तिनाशनः" નું અનુરુપ નામ છે "भक्तसंप्रार्थितकरो". "दैवोद्धार प्रयत्नात्मा" સ્વરૂપે આચાર્યજીએ રામદાસજીને, થોડો પ્રસાદ આપીને પરીક્ષા લીધી. પરંતુ "स्मृतिमात्रार्तिनाशन" સ્વરૂપને, સ્વકીયની આર્તિ નિવારણના આવેશમાં, પ્રભુને પરીક્ષા લેવાનો સમય અને સુદ્ધિ બન્ને રહેતાં નથી. આચાર્યજીના "स्मृतिमात्रार्तिनाशन"

નામને અનુલક્ષીને પરમ ભગવદીય વલ્લભદાસજી ગાય છે;
"સુમિરત માત્ર હરત હો આરતિ ।
તૃણકોં પરસત હી યોં છીન મેં આગિ પ્રબલ હૈ જારતિ ॥"

વાર્તા કહે છે ; "**श्रीआचार्यजी रामदास को बिदा किये । सो रामदासजी तीन दिन लों श्रीठाकुरजी की सेवा, श्रीपादुकाजी की सेवा करे । भोग धरे सो गाय कों लिवाय दिये । श्रीआचार्यजी के वियोग को दुःख बहोत, सो प्रसाद लियो न गयो ।**" આ ત્રણ દિવસના વિયોગમાં નિરોધલક્ષણ ગ્રંથના પહેલા અને ત્રીજા શ્લોકને અનુલક્ષિને, રામદાસને જાણે વનાન્તર, દેશાન્તર અને પલકાન્તર વિરહ સિદ્ધ ન થઈ ગયાં હોય ? "**सो चोथे दिन भोग धरि के पाछें सरावन लागे, तब श्रीआचार्यजी दरसन दैकें कहे, तू महाप्रसाद कयों नाहीं लेत ? मैं तो तेरे पास ही हों,**" પાદુકાજી રૂપે મહાપ્રભુજી પાસે હોવા છતાં રામદાસને થતો વિરહ પ્રત્યક્ષ વિરહ છે.

ગોકુલનાથજી વિલક્ષણ મસ્તીમાં વાર્તાને લડાવતાં આજ્ઞા કરે છે ; "**सो या प्रकार विरक्त दसासों कबहूँ कहूँ रहे, कबहूँ कहूँ रहे एक ठिकाने न रहे । सो पृथ्वी परिक्रमा करत करत अपने गाम में राजनगर में आइ निकसे ।**" રાજાદવે માધવદવેને આચાર્યજી આજ્ઞા કરે છે કે નિરોધ પ્રાપ્ત થનારને બહુ પર્યટન કરવું ન જોઈએ. રામદાસ અહીં exception કેમ બને છે ? ભાવપ્રકાશમાં હરિરાયજી આનો ખુલાસો કરે છે; "**श्रीआचार्यजी को संबंध विचारि रामदास सगरे देस फिरत हैं।**" જયાં જયાં મહાપ્રભુજીએ પૃથ્વી પરિક્રમા કરી, એ લીલાસ્થલની ઝાંખી પોતાના સેવ્ય સ્વરૂપને ય રામદાસે કરાવી. આચાર્યશ્રી સંગ પોતે લીધેલ આનંદને, પોતાના પ્રભુ સાથે રામદાસ share કરે છે.

બાલક પોતાની માને કોઈ ગમતી વાત વિસ્તારથી કહે, એ અંદાઝથી કદાચ રામદાસે પણ પોતાના ઠાકુરજીને આચાર્યજીની વાત કહી હશે ! "**उद्धवागमने जात उत्सवः सुमहान् यथा ।**" અર્થાત્ મથુરાગમન વેળા જેમ વ્રજની ગોપીઓ અને ઉદ્ધવે કૃષ્ણ ગુણગાનનો ઉત્સવ કર્યો તેવો ઉત્સવ તો રામદાસે, પોતાના ઠાકુરજી સંગ, આચાર્યજીના ગુણગાનનો વિરુદ્ધધર્માશ્રય રૂપે નહિં મનાવ્યો હોય ! એનું કારણ એ છે કે આવું ગુણગાન સેવક અને સેવ્ય બન્નેને અતિપ્રિય છે.

જે ઢંગથી રામદાસના પંચાધ્યાસ મહાપ્રભુજીએ નિવૃત્ત કર્યા છે, એ જ પ્રક્રિયાથી રામદાસ એમની પત્નીના કરે છે. "**रामदासने स्त्रीन को इँटन सों मारे**", તેથી પત્નીનો જન્મજન્મનો દેહાધ્યાસ ગયો. અર્થાત્ પત્નીના દેહાધ્યાસને એ ઈંટ મારીને નસાવે છે, પત્નીને નહિ. સ્ત્રીના ઈન્દ્રિયાધ્યાસને નિવૃત્ત કરતું બીજું વાકય ગોકુલનાથજી કહે છે; "**स्त्री पतिव्रता दूरि दूरि संग चलि आवे ।**" પતિવ્રતા સ્ત્રીની ઈન્દ્રિયો પોતાના પતિથી અતિરિકત કયાંય ન જાય એમ સૂચન કરી સ્ત્રીની ઈન્દ્રિયાધ્યાસની નિવૃત્તિ દર્શાવે છે. "**रामदास की पातरि में जूठन बचे सो स्त्री खाइ, _ _ _ _** " પતિવ્રતા ધર્મમાં જેને પ્રાણની પરવા નથી, એ સ્ત્રીને પ્રાણાધ્યાસ કયાંથી હોય ? તેથી જ વાર્તા આગળ કહે છે; "**न बचे तो भूखी रहि जाइ ।**" પોતાના પ્રિયતમ જેના અંતઃકરણમાં વસતા હોય તે સ્ત્રી, પ્યાસ ભૂખથી અતીત થઈ જાય છે. અંતઃકરણાધ્યાસની નિવૃત્તિનું આ લક્ષણ છે. સ્ત્રીના આ ચાર અધ્યાસ નિવૃત કરવા રામદાસજીને સમય કેટલો લાગ્યો ? કેવલ ચાર મઝલીનો. તેથી વાર્તા કહે છે; "**ऐसे करत मजलि चारि भई ।**" આચાર્યજીની ઈચ્છા સમજીને રણછોડજીની આજ્ઞાથી રામદાસ

સ્ત્રી સાથે પ્રથમ વખત બોલતાં કહે છે; "तू गांठि देखत रहि ।" પરદેશ જતાં ગાંઠમાં માણસ ધન અને માલ બાંધે છે. "હું પ્રભુનો અંશ છું અને પ્રભુ મારા સ્વામી છે" એ ભાવ પુષ્ટિમાર્ગીયનું ધન છે. આવા ભાવની ગાંઠની સંભાળ રાખવાથી, બાંધવાથી રામદાસની પત્નીને, સ્વસ્વરૂપ જ્ઞાન થાય છે અને સ્વરૂપવિસ્મૃતિનો અધ્યાસ જાય છે. જેમ ગોકુલનાથજીએ, મહાપ્રભુજી દ્વારા રામદાસના અધ્યાસની નિવૃત્તિ પાંચ વાકયમાં દર્શાવી, તેમ રામદાસે કરેલ એમની સ્ત્રીના પંચાધ્યાસની નિવૃત્તિ પાંચ વાકય દ્વારા જ બતાવી.

આમ અધ્યાસની નિવૃત્તિ કરાવી રામદાસજી પોતાની પત્નીને નિરોધલક્ષણની આ પંકિતમાં જોડવા ચાહે છે "कृष्णस्य सर्ववस्तूनि भूम्न ईशस्य योजयेत् ।" તેથી સ્ત્રીને ઠાકુરજીની પરચારગીમાં લઈ પરંપરાથી એમનું પોતાના સેવ્યસ્વરૂપમાં સમર્પણ કરાવે છે. રામદાસનો અંગીકાર આચાર્યજીએ દ્વારકામાં કર્યો, એ જ discipline જાળવીને, રામદાસ સ્ત્રીનો અંગીકાર દ્વારકા જતાં કરે છે.

સ્ત્રીને મહાપ્રભુજી પાસે કંઠી અને બ્રહ્મસંબંધની દીક્ષા અપાવ્યા પછી રામદાસ પૃથ્વી પર્યટન બંધ કરી, સ્વગૃહમાં સેવા અને કથા પક્ષને જીવી, સ્ત્રીસંગ गृहेस्थित्वा स्वधर्म નિભાવી નિરોધનો પરમાનંદ માણે છે.

રામદાસજીની વાર્તા વાંચતાં, નિરોધલક્ષણ ગ્રંથની એક વિલક્ષણ વાત જે વાર્તામાં ઉપલબ્ધ નથી થતી, તે રામદાસના વંશજમાં, એક આધુનિક હકીકત તરીકે આજે પણ દૃષ્યમાન થાય છે. રામદાસ અને એમની પત્નીનો ગૃહસંસાર "पुत्रे कृष्णप्रिये रतिः" પર જ આધારિત છે, એની પ્રતીતિ, રાજામહેતાની

પોળમાં, અમદાવાદમાં વસતાં એમના સેવામય ભગદીય પરિવારનાં દર્શન કરવાથી, આજે પણ સુસ્પષ્ટ થાય છે. નિરોધલક્ષણ ગ્રંથની પરંપરા, પાંચસો વર્ષ પછી પણ, એક અદ્યતન હકીકત બનીને વિદ્યમાન છે, એ કેવળ મહાપ્રભુજીની વાણીના પ્રચંડ પ્રતાપનું એક અદ્‌ભુત પ્રમાણ છે, વાણીનો આ લીલાત્મક ઉપદેશ છે.

*********

## ગ્રંથ : કૃષ્ણાશ્રય

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા - ૧૪૪ : એક ડોકરી જેણે આઠ વખત કાલને પાછો વાળ્યો

કૃષ્ણાશ્રય ગ્રંથના લીલોપદેશ રૂપે આ વાર્તા વિલસી રહી છે એનું સૂચન કરતાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે; **"तातें मन, बच, कर्म, करि जो-जीव श्रीमहाप्रभुजी कौ सरन दृढ गहत हैं तासों काल हु डरपत है ।"** કૃષ્ણાશ્રય ગ્રંથના પહેલા શ્લોકમાં જે કાલને ખલધર્મી કહ્યો છે એને નિરસ્ત કરવાનો ઉપાય એ જ ગ્રંથમાં કૃષ્ણના આશ્રય રૂપે જ કહ્યો છે. આ સિદ્ધાંતને વિશેષ પુષ્ટિ આપતાં ભાવપ્રકાશમાં હરિરાયચરણ પુનઃ આજ્ઞા કરે છે કે; **"यामें वह जतायो, जो - भगवदीय वैष्णव काल के आधीन नाहीं है । तातें गोपालदासजी गाए हैं - चित्रगुप्त कागद फारि डारे सरन जो जन आइया ।"** આ માજીનું લીલાનું નામ પણ "અભયપૂર્ણા" છે, તેથી કાલ પાસે પણ એ નિર્ભય છે. એનું રહસ્ય સ્પષ્ટ કરતાં માજી સ્વયં શ્રીગુસાંઈજીને વિનન્તી કરે છે. **"तब डोकरी ने कही, जो-महाराज ! मैं तो आप के बस हों, काल के बस नाहीं ।"** આ માજીને કેવલ દૃઢ ભગવદાશ્રય જ સિદ્ધ નથી પણ ઠાકુરજી અને એમની સેવામાં ય એમને નિતાન્ત પ્રીતિ છે. માજીની કાલની નિર્ભયતાનું કારણ દયારામભાઈ સમજાવે છે;

"ભય સીમા કાલ, અભય સીમા હરિ શરન હૈ,
દયારામ લાભ સીમા સેવા ગિરિધરન હૈ."

**"कृष्ण एव गतिर्मम"** માં એક ગર્ભિત ભાવ આવો છે કે પુષ્ટિ જીવ કૃષ્ણને વિનન્તી કરે છે કે આપ મારા સંબંધિત

initiative લો. એ જ ભાવને અનુલક્ષીને, ઠાકુરજીના સુખનો વિચાર કરતાં આ માજી પણ શ્રીવિઠ્ઠલેશ પ્રભુને વિનવે છે કે, **"और मेरे लालजी की सेवा कौन करेगो ?"** આ સાંભળીને, એનાથી ઉદ્દીપન થઈને initiative લેવાના આવેશમાં આવી જઈ પ્રભુચરણ માજીને સ્વયં આજ્ઞા કરે છે કે; તારા ઠાકુરજીની ચિંતા ન કર. **"हमारे घर लालजी पधाराऊ ।"**

"ષોડશગ્રંથ ગત ઉપદેશો અને તેમની ૬૪ વાર્તાઓ" નામના મારા પ્રથમના ગ્રંથમાં કૃષ્ણાશ્રય ગ્રંથનું વિવેચન કરતાં મેં લખેલ કે; "કૃષ્ણાશ્રય ગ્રંથમાં "ગતિ" શબ્દ જે શ્રીમહાપ્રભુજીએ કહ્યો છે, એને સાંભળીને, બુલાને કૃષ્ણનો આશ્રય અને કૃષ્ણમાં સમર્પણના ભાવની ગતિ એમ ઉભય સિદ્ધ થાય છે." આશ્રયાત્મિકા અને સમર્પણાત્મિકા એમ દ્વિવિધ રૂપે એમની ગતિ થાય છે, અર્થાત્ **तदीयत्व** અને **तदाश्रयत्व** એ બન્ને આ માજીને પણ સિદ્ધ છે. માજીના તદીયત્વ ભાવને પ્રકાશિત કરતાં વાર્તા કહે છે; **"सो बालपने तें सेवा करत करत वृद्ध भई । _ _ _ या वार्ता कौ अभिप्राय यह हे, जो कोऊ भगवत्सेवा भाव प्रीति संयुक्त करत हैं तिन कों काल बाधा करि सकत नाहीं । ऐसो सेवा कौ प्रभाव है ।"** કાલને માથે પગ દઈને અંતમાં આ માજી વ્યાપી વૈકુંઠમાં પ્રવેશ કરે છે એનું આ રહસ્ય છે. **कृष्ण एव गतिर्मम** ની અવધિ અવસ્થા માજીમાં અવસ્થિત છે.

આ વાર્તામાં પ્રકટ થતું સર્વોત્તમજીનું નામ છે, **"स्त्रीशूद्राद्युद्धृतिक्षमः"** અને શ્રીગુસાંઈજીનું નામ છે, **"दीनानाथैकसंश्रय"**.

ઉપર્યુક્ત ૬૪ વાર્તા વાળા મારા પ્રથમ ગ્રંથમાં કૃષ્ણાશ્રય ગ્રંથની વિસ્તારથી ટીકા લીધી હોવાથી એની અહીં હું પુનરુક્તિ

ચાહના છે, એનો હવે સહેજ ઉલ્લેખ કરું છું. ૬૪ વાર્તામાં લખ્યું તેમ કૃષ્ણાશ્રયના "પહેલાં છ શ્લોકમાં ધર્મનાં જે છ અંગોની વિફલતા આચાર્યજી બતાવે છે એ જ અંગોનું પુષ્ટિકરણ, શ્રીમહાપ્રભુજી પોતાના અન્યથા કર્તુમ્ સામર્થ્યથી બુલામિશ્રને માટે કરે છે." જેમ કૃષ્ણાશ્રયના પહેલાં શ્લોકમાં **कलौ च खलधर्मिणि** માં કલિ શબ્દ સાંભળતા જ બુલામિશ્ર પરથી કાલનો પ્રભાવ નિવૃત થઈ જાય છે, તેવી જ રીતે, આ વાર્તામાં ય આ માજીની પણ આવી જ અવસ્થા છે. આ માજી પરમ ભક્ત ભગવદીય છે. દયારામભાઈની વાણીમાં કહીએ તો આ માજીને કાલ સ્પર્શી શકતો નથી કારણકે; "ભક્ત તે ભક્તિ સ્વરૂપ છે, તેને માયા ન પીડે લેશ." કૃષ્ણાશ્રય ગ્રંથની દૃષ્ટિથી કયા પ્રકારના જીવના મસ્તક પરથી કાલનો પ્રભાવ ચાલ્યો જાય ? ૬૪ વાર્તામાં લખ્યું તેમ; "શ્રીગુસાંઈજીના એક સેવક માજીની વાર્તામાં સ્પષ્ટ આવે છે કે એમને ઠાકુરજીના મનોરથો કરવા છે એટલે કાલને આઠ વખત પાછો વાળ્યો." ઠાકુરજીના મનોરથ કરવાની જેને દૃઢ ભાવના છે એવાં માજી જેવા ભગવદીયો પાસેથી કાલ નિરાશ થઈને ચાલી જાય છે. આવા ભગવદીયના સ્પર્શનું કાલને ભાગ્ય ઉપલબ્ધ થતું નથી એટલે તે નિરાશ થઈ જાય છે. પુષ્ટિભક્તોના હૃદયમાં વૈશ્વાનર બિરાજે છે. એમના ડરના કારણે પણ કલિકાલ, ભક્તોને ફલ સિદ્ધ કરાવવા માટે પ્રસિદ્ધ બની ગયો છે. તો કેવા પુષ્ટિ ભક્તના હૃદયમાં પ્રભુ પધારે ? આચાર્યજી સુબોધિનીજીમાં સમજાવે છે કે મનથી જયારે કૃષ્ણાશ્રય સુદૃઢ થાય ત્યારે અંત:કરણમાં ઠાકુરજી પધારે છે. **"अन्ते नमनं मानसं तदर्थं मनस्याविर्भावाय वासुदेवायेति ।"**

૬૪ વાર્તામાં મેં કેવલ જે વાતનું સૂચન જ કરેલ પણ

એનો વિસ્તાર નહોતો કર્યો તે "કૃષ્ણાશ્રય ગ્રંથના પહેલા દશ શ્લોકમાં ગર્ભિત રહેલ શ્રીકૃષ્ણની દશવિધલીલા છે. જેમકે સર્ગ, વિસર્ગ, સ્થિતિ, પુષ્ટિ, ઉતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય." કૃષ્ણાશ્રય ગ્રંથનાં શ્લોકનાં અનુક્રમે, આ દશવિધલીલાનાં દર્શન આ માજીની વાર્તામાં, એ જ અનુક્રમથી, ગોકુલનાથજી અદ્‌ભુત રીતે કરાવે છે. આ દશવિધ લીલાઓનું શ્રુતિના સંદર્ભમાં ય એમનું વર્ગીકરણ કરી લઈએ. **यतोवा इमानिभूतानि जायन्ते** શ્રુતિ સર્ગ અને વિસર્ગ લીલાનું પ્રતિપાદન કરે છે. **येन जातानि जीवन्ति** એ મન્વન્તર, ઉતિ, સ્થાન, પોષણ, ઈશાનુકથા અને નિરોધનો ઉલ્લેખ કરે છે. સર્ગ અને વિસર્ગના reversal માં મુક્તિ અને આશ્રયલીલા છે.

જેમ દશવિધ લીલા કરી ભગવાન જીવમાં નિરૂદ્ધ થાય છે તેમ જીવે પણ પ્રભુમાં ભક્ત્યાત્મક નિરોધ કરવાનો છે આ પ્રસંગનો central message, માજીની વાર્તામાં લીલોપદેશરૂપે છે. એ message નો response માજીએ નવધા ભક્તિ અને દશમી પ્રેમલક્ષણા ભક્તિથી આપ્યો છે. માજીની પુષ્ટિભક્તિની method know thyself ની નથી, પણ know him within yourself ની છે.

કૃષ્ણ જ મારી ગતિ છે એવી મમતા માજીને બાલકૃષ્ણજીમાં હોવાથી એમને પ્રભુમાં તાદાત્મ્યતા છે. આ તાદાત્મ્યતાના કારણે, વાર્તાના એક એક પ્રસંગમાં માજી વિપ્રયોગનો અનુભવ કેવી રીતે કરે છે અને એના અનુક્રમે, ઠાકુરજી, કૃષ્ણાશ્રયના દસ શ્લોકમાં દશવિધ લીલા કેવી રીતે પ્રકટ કરે છે, એની ઝાંખી કરી લઈએ.

## કૃષ્ણાશ્રય શ્લોક ૧ લો - "સર્ગલીલા" :-

સર્ગ લીલારૂપ શ્રીમદ્ ભાગવતના ત્રીજા સ્કંધમાં "ઉત્પત્તિ"નું વર્ણન છે. આ વાર્તામાં, "અષ્ટપદી" માજીએ કાલને આઠ વખત પાછો વાળ્યો એ પ્રસંગની ઠાકુરજીની સહસ્ત્ર ભૂજાની ઉત્પત્તિ "અન્નકૂટ" લીલામાં થઈ છે. "સર્ગલીલા" એ કટિ પર શ્રીહસ્ત ધરેલા શ્રીગોવર્ધનનાથજીની "દક્ષિણ ભૂજા" સંબંધિત છે. તેથી એક નહિ પણ, સહસ્ત્ર ભૂજાથી ભોજન આરોગતાં પ્રભુનું વિસ્તારથી વર્ણન અન્નકૂટ લીલામાં છે. "સૂરશ્યામ જન કે સુખદાઈ, સહસ્ત્ર ભૂજા ધર ભોજન ખાઈ." અનેક ભૂજા દ્વારા અપરિમિત ઐશ્વર્યને ઉત્પન્ન (સર્ગલીલા) કરનાર ઠાકુરજીના આવા પ્રચંડ ઉત્સાહને અવલોકીને, માજીને, એ પ્રસંગમાં કાલ વિક્ષેપ કરે તે સુહાતુ નથી. વાર્તા કહે છે; **"सो एक दिना काल आयो । सो अन्नकूट पैं आयो । सो वा डोकरी को श्रीगुसांईजी की कृपा तें वह मूर्तिमान दीसे । तब काल ने कहीं जो-अब यहां तें चलो । तब वा डोकरी ने कहीं, जो-मेरे श्रीठाकुरजी के अन्नकूट को उत्सव आयो । तातें मैं नाहीं आऊँ । तब काल फिरि गयो ।"** અહીં મહાપ્રભુજીનું પ્રકટ થતું નામ છે, **"गोवर्धनस्थित्युसाहः"** અને ગુસાંઈજીનું નામ **"गोवर्धनाचलसखो"** છે. કૃષ્ણાશ્રય ગ્રંથના પહેલાં શ્લોકમાં શ્રીમહાપ્રભુજી જે કાલને ખલધર્મી કહે છે, એ જ કાલ માજીના સાનિધ્યમાં એક નિર્દોષ બાલક જેવો બની પાછો વળી જાય છે. માજીએ કેવલ એટલું જ કહ્યું કે **"अन्नकूट को उत्सव आयो ।"** એમાં તો કાલને, એ લીલા વેળા, સારસ્વતકલ્પમાં થયેલા ઈન્દ્રદમનની યાદી આવી ગઈ હોય એમ લાગે છે. કાલના ય કાલ એવા દેવદમન, મારું "કાલદમન" નહિ કરેને,

એ વિચાર માત્રથી કાલ કંપિત થઈ જાય છે. **कृष्ण एव गतिर्मम** ની આ અવાન્તર ફલશ્રુતિ છે કે માજી જેવા ભગવદીયો કાલ પર વિજય મેળવી લે છે. આ પ્રસંગના ભાવને દયારામભાઈની પદપંક્તિથી અવલોકી લઈએ;

"શરણ ગયે સર્વ ઋણ છૂટે ચિત્રગુપ્તનું લેખું ત્રુટે,
કાલ કર્મનો ભય નહિ તેને શીશ ધણી સમર્થ હરિ જેને."

કૃષ્ણાશ્રય ગ્રંથ વિપ્રયોગથી સભર હોવાથી, કાલને મૂર્તિમાન જોતાં આ માજીને પ્રચંડ વિપ્રયોગ થાય છે કે, આચાર્યજીએ જેને **खलधर्मिणि** કહ્યો છે એવો આ કાલ, મને મારા પ્રાણમય સેવ્યસ્વરૂપથી વિખૂટા પાડવા ચાહે છે અને મારા પ્રભુને અન્નકૂટ આરોગ્યા વગરના એ રાખશે. આ ડોશીને કાલથી છૂટવાના "**सर्वमार्गेषु नष्टेषु**" લાગે છે. તો આવા પાખંડ પ્રચૂર લોકમાં એમણે **कृष्ण एव गतिर्मम** ના ભાવને સુદૃઢ કર્યો. એ વખતે માજીના હૃદયમાં પ્રકટેલ વિપ્રયોગાગ્નિ શ્રીવલ્લભનું અગ્નિસ્વરૂપ હોવાથી, માજીના તેજ પ્રભાવથી ભયભીત થઈને કાલ પાછો વળી જાય છે.

<u>કૃષ્ણાશ્રય શ્લોક ૨ જો - "વિસર્ગ લીલા"</u> :-

સારસ્વત કલ્પમાં, અન્નકૂટ લીલાથી પ્રસન્ન થયેલ ગિરિરાજજી પાસે નંદ, જેમ કૃષ્ણ-બલદેવની કુશલતા ચાહે છે, તેમ, પોતાના શ્રીબાલકૃષ્ણજીની કુશલતા અને "safety" માટે માજી, બીજી વખત કાલ આવે છે ત્યારે પ્રબોધિનીના ઉત્સવમાં ઠાકુરજીનો શ્રીહસ્ત સ્વામિનીજીના શ્રીહસ્તમાં સોંપી દે છે. તે વખતે, કૃષ્ણાશ્રયગ્રંથના બીજા શ્લોકમાં અવસ્થિત એવી "વિસર્ગલીલા" માં માજી, વિમગ્ન બની જાય છે. "વિસર્ગલીલા"

પણ ઠાકુરજીની "ભુજા" સંબંધિત હોવાથી, પ્રબોધિનીમાં માજી, ઠાકુરજીનો સ્વામિનીજી સંગ હસ્તમેળાપ કરાવી રહ્યા છે. અન્નકૂટમાં ભોક્તા બનેલા ઠાકુરજી પ્રબોધિનીમાં સ્વામિનીજીના ભોગ્ય બને એ વિસર્ગ (વિશેષ) લીલા છે. વિસર્ગ લીલા વેળા, પ્રભુનો વામ બાહુ ઊંચો છે એમ કરીને આપ સર્વ ભક્તોને પ્રબોધિનીના મંગલ પ્રસંગમાં સહભાગી થવા નોતરી રહ્યા છે, ત્યારે માજી એ અવસરને છોડીને કાલ સાથે કેમ જાય ? ડોશીમા કાલને સ્પષ્ટ કહી દે છે; "**अब तो प्रबोधिनी आई तातें मैं तो नाहीं आऊँ । तब काल पाछो गयो ।**" માજીની વાણીથી મોહિત થઈને કાલ પાછો વળી જાય છે. અહીં આચાર્યજીનું "**अतिमोहनः**" અને શ્રીવિઠ્ઠલેશનું "**विस्मयास्पद विग्रहः**" નામ પ્રકટ થાય છે.

સર્ગલીલા વેળા અખિલ સૃષ્ટિને પ્રભુ ઉત્પન્ન કરે છે, જગાડે છે, પ્રબોધિનીની વિસર્ગ લીલા વેળા, ભક્ત, પ્રભુને જગાડે છે. પ્રબોધિનીના કીર્તનમાં આવે છે કે; "દેવ જગાવત યશોદા મૈયા." તેથી પ્રબોધિનીના ઉત્સવમાં પાછા આવેલ કાલને માજી જાણે કહી ન રહ્યાં હોય કે મને મારા બાલકૃષ્ણલાલને આજે સતત જગાડી રાખવાના છે, તો તુ અહીંથી લઈ જઈને મને સદા સુવડાવી દેવાનું હીન કાર્ય શા માટે કરે છે ? પ્રબોધિનીના મહોત્સવમાં જયારે બધા "લોક" (ભક્તજનો) ઉપસ્થિત છે ત્યારે હે કાલ, તુ મને લઈ જવાની ચેષ્ટા કરીને મને પીડા શા માટે આપી રહ્યો છે ? ગ્રંથ કહે છે; "**सत्पीडान्याग्रलोकेषु कृष्ण एव गतिर्मम ।**" કાલને જોઈને કૃષ્ણથી વિખૂટા પડવાનો વિચાર માત્ર જ માજીને અતિ પીડા કરનારો છે અને એમાંથી એમનો વિયોગાગ્નિ પ્રકટ છે, જે કાલને ડરાવી નસાડી દે છે.

## કૃષ્ણાશ્રય શ્લોક ૩ જો - "સ્થાનલીલા" :-

સર્ગલીલા માજીએ ગિરિરાજજીની તળેટીની ભાવનાથી કરી, તો વિસર્ગ લીલા કુંજ-નિકુંજની ભાવનામાં ઓતપ્રોત થઈને કરી, ત્યાં તો ગુસાંઈજીનો ઉત્સવ આવે છે અને એ મહોત્સવનું સ્થાન છે, જગત. જગતમાં આવેલું શ્રીવલ્લભનું ઘર. "શ્રીલક્ષ્મણ ગૃહ સદાં બધાઈ, જબતેં પ્રકટ ભયે શ્રીવિઠ્ઠલદાસ પરમનિધિ પાઈ." કૃષ્ણાશ્રય ગ્રંથના ત્રીજા શ્લોકમાં આચાર્યજી **तिरोहीताधिदैवेषु** કહે છે. અહીં તો શ્રીવિઠ્ઠલેશના પ્રાકટયથી આધિદૈવિક પરમનિધિ પ્રાદુર્ભૂત થઈ માજીને પ્રાપ્ત થાય છે. તેથી માજી જાણે કાલને કહે છે કે જે જગત માં "સ્થાન લીલા" શ્રીવિઠ્ઠલેશ સ્વયં કરી રહ્યા છે તેને છોડીને તુ મને તારી સંગ આવવા કહે છે ? વ્યાપી વૈકુંઠમાં આવી જગતની "સ્થાનલીલા" કેવી રીતે નીરખવા મળશે ? એના વિરહાગ્નિના આવેશમાં માજી કાલને કહે છે; "**तब डोकरी ने कही, जो अब तो श्रीगुसांईजी कौ उत्सव आयो, तातें मैं अबहीं नाहीं आऊ । ता पाछें काल फिरि गयो ।**"

## કૃષ્ણાશ્રય : શ્લોક ૪થો - "પુષ્ટિલીલા" :-

"**अहंकारविमूढेषु सत्सु पापानुवर्तिषु । लाभ पूजार्थयत्नेषु .**" આવા જીવ સંગ પ્રભુ વસંતપંચમીમાં ફાગ ખેલે તે કેવલ ઠાકુરજીની પુષ્ટિ લીલાનું આગમન છે.

"હરિ જુ કે આવન કી બલિહારી ।
વાસર ગતિ ઠાડી દેખત હૈ પ્રેમ મુદિત વ્રજનારી ॥"

મહાપ્રભુજીનું અહીં પ્રકટ થતું નામ છે; "**पुष्टिलीलाकर्ता** અને

શ્રીગુસાંઈજીનું "**प्रियवृन्दावनाचलः**". સમર્પણ ભાવવાળી વૃન્દાઓ માટે થતી આ પુષ્ટિલીલા છે. "**पोषणं तदनुग्रहः**," આ લીલા ભગવદનુગ્રહપ્રધાન છે. અર્થાત્ પોષણલીલામાં ઠાકુરજી લીલા કરીને પુષ્ટિજીવને ભક્તિથી પુષ્ટ કરે છે. તેથી આ લીલાના આગમનથી, માજી, પુષ્ટિદત્ત ભગવન્નામસ્મરણ, ભગવત્સ્વરૂપધ્યાન અને વસંતપંચમી સંબંધિત અર્ચનમાં એટલા પ્રેમ વિમગ્ન છે કે એ વખતે આવેલો કાલ એમને ભક્તિમાર્ગમાં અતિ વિકરાલ પદાર્થ જેવો લાગે છે. ડોશીમા તેથી કાલને કહે છે; "**जो-अब तो वसंतपंचमीं कौ उत्सव आयो । तातें हों तो नाहीं आवति हूँ । तब काल फेरि गयो ।**" એ વખતે માજીને વિપ્રયોગ એમ થાય છે કે જે પુષ્ટિલીલામાં ઠાકુરજી વસંતપંચમીમાં ભક્તિનું ઉદ્દીપન કરી રહ્યાં છે, એમાં કાલ તુ બાધક કેમ થાય છે ?

"સ્થાન લીલા અને પોષણલીલા" પ્રભુની જંઘા સંબંધિત હોવાથી, આ બન્ને લીલા વખતે કાલને હિરણ્યકશ્યપને પોતાની બે જંઘા પર લીધેલ નૃસિંહજીનું પ્રચંડરૂપ યાદ આવી ગયું હોય એમ લાગે છે. "અપનો જન પ્રહ્લાદ ઉબાર્યો પ્રકટે ખંભ ફારકે નરહરિ હિરણ્યકશિપુ લે નાખન વિદાર્યો." આ સ્વરૂપનું ચિંતન થતાં કાલ પલાયન થઈ જાય છે.

<u>કૃષ્ણાશ્રય : શ્લોક ૫ મો - ઉતિલીલા</u> :-

ભાગવતજીના સપ્તમ સ્કંધાનુસાર ઉતિલીલામાં ભગવાન પ્રહ્લાદને વાસનાનું ફલ દર્શાવે છે. અહીં માજીને પ્રભુ ડોલના મનોરથ દ્વારા "દૈવી વાસના"નું ફલ આપે છે. કીર્તન કહે છે; "મનમોહન અદ્ભુત ડોલ બની, તુમ ઝુલો હોં હરખ ઝુલાઉ વૃન્દાવન ચંદધની." ઠાકુરજીને ઝુલાવવાના આવા મહાભાગ્યના

અવસરમાં કાલનો વિક્ષેપ માજીમાં વિરહને પ્રજવલિત કરે છે, એના આવેશમા ડોશીમા કાલને કહે છે, "**जो-अब तो डोल उत्सव आयो है । तातें अब हीं तो मैं नाहीं आउं । तब काल पाछौ गयो ।**" "ઉતિલીલા" ઠાકુરજીના દક્ષિણ હસ્ત સાથે સંકળાયેલી છે. મથુરાલીલામાં શ્રીહસ્તની એક મુષ્ટિથી પ્રભુ એ ચારુણનો નાશ કર્યો તેમ "મારો તો નહિ કરે ને" એ ડરથી કાલ પાછો જાય છે. કૃષ્ણ કાલના પણ કાલ છે.

<u>કૃષ્ણાશ્રય : શ્લોક ૬ઠો - "મન્વન્તરલીલા"</u> :-

**मन्वंतराणि सद्धर्मः** ઠાકુરજીના દક્ષિણ સ્તનરૂપ શ્રીમદ્ ભાગવતના અષ્ટમ સ્કંધમાં, સત્પુરુષોને ધર્મનું જ્ઞાન કરાવવા, મન્વન્તર લીલા પ્રકટ છે. એવી જ પરિસ્થિતિનું વર્ણન અને પુષ્ટિજીવોને **सद्धर्म**નું જ્ઞાન કરાવવાની આવશ્યકતા કૃષ્ણાશ્રય ગ્રંથના છઠ્ઠા શ્લોકમાં સ્પષ્ટ દેખાય છે. "**नानावाद विनष्टेषु, सर्वकर्मव्रतादिषु । पाषण्डैकप्रयत्नेषु .**" જેમ વિવિધ મન્વન્તરમાં ભાગવતના વિવિધ ભગવદવતારની કથા છે, તેમ વાર્તામાં હવે, મહાપ્રભુજીના અવતારના મન્વન્તરની કથા આવે છે, વાર્તા કહે છે; "**पाछें काल फेरि श्रीआचार्यजी महाप्रभुजी के उत्सव पैं आयो ।**" શ્રીવલ્લભના ઉત્સવના દિનથી પ્રવર્તિત થતો પુષ્ટિ **सद्धर्म** અને મહોત્સવનો પરમાનંદ, આ કાલના કારણે ચાલ્યો ન જાય, એ વિચારથી માજીનો વિરહાનલ પ્રકટે છે. અગ્નિમાંથી તણખા ઝરે એમ ડોશીમાના શબ્દો કાલ પ્રતિ તાપક્લેશના અંગારરૂપે આવી રહ્યા છે; "**जो-अब तो श्रीआचार्यजी महाप्रभुजी के उत्सव पाछें आउंगी । तब काल फिरि गयो ।**"

"આજ જગતી પર જય જયકાર,
પ્રકટ ભયે વલ્લભ પુરુષોત્તમ, વદન અગ્નિ અવતાર."

એક તરફ અગ્નિ સ્વરૂપનો અવતાર અને બીજી તરફ માજીની અગ્નિમય વાણી. કાલ પાછો જ જાયને !

<u>કૃષ્ણાશ્રય : શ્લોક ૭મો - "ઈશાનુકથા"</u> :-

પ્રભુના વામ સ્તનરૂપ શ્રીભાગવતજીના નવમા સ્કંધમાં "ઈશાનુકથા" નો વિલાસ છે. ઈશાનુકથામાં હરિ અને હરિનું અનુસરણ કરનારા ભક્તોના ચરિત્રનું વર્ણન છે. કૃષ્ણાશ્રયગ્રંથ કહે છે; **"अजामिलादि दोषाणां नाशकोऽनुभवे स्थितः । ज्ञापिताखिलमाहात्म्यः ."** અર્થાત્ અજામિલ જેવા દુષ્ટનો, પ્રભુએ ઉદ્ધાર કર્યો, તો ઠાકુરજીની "ઈશાનુકથા"માં અવસ્થિત પુષ્ટિ જીવોનો મહાઉદ્ધાર કેટલો ભગવલ્લીલાત્મક અને વિલક્ષણ હશે, એની કલ્પના કરવી સંભવિત નથી. પુષ્ટિસૃષ્ટિને, આવી ઈશાનુકથામાં સામેલ કરવા તો આ વાર્તાના આગલા જ પ્રસંગમાં શ્રીવલ્લભાવતાર થાય છે. હવે કૃષ્ણજન્માષ્ટમીનો ઉત્સવ આવે છે. કૃષ્ણની ઈશાનુકથાનો અંગ આધુનિક પુષ્ટિજીવ બને, એ માટે તો શ્રીમહાપ્રભુજી એ ઘરઘરમાં ઠાકુરજીને પધરાવી દીધાં છે. **"जींवाः स्वभावतो दुष्टा"** હોવા છતાં ય "ઘરઘર નંદનંદન ફલ ફૂલ્યો, સેવાવિધિ શીખ્યો." તેથી જ, વાર્તામાં જન્માષ્ટમીના ઉત્સવ વખતે ભક્ત માજી અને એમના family member ભગવાનની ઈશાનુકથાનો ઉત્સવ આજે ભૂતલ પર ડોશીમાના ઘરમાં થઈ રહ્યો છે, ત્યારે કાલ, માજીને નિત્યલીલાસ્થલીમાં મોકલવા આવ્યો છે, એનો નિતાન્ત તાપ ડોશીમાને થાય છે અને એના આવેશમાં એ કાલને કહે છે; **"तब डोकरीने कहीं, जो-जन्माष्टमी कौ उत्सव करि कै आउंगी । तब काल फेरि आयो ।"** ડોશીમાના family member પરાત્પર પરબ્રહ્મ છે, એ સમજતાં કાલ પણ ડરી જાય છે.

ભાગવતમાં કૃષ્ણ જન્મની કથા નિરોધરૂપ દશમ સ્કંધમાં આવે છે અને અહીં, નવમા સ્કંધરૂપ કૃષ્ણાશ્રયના સાતમા શ્લોકમાં લીધી છે એનું કારણ એ છે કે, રાજાદવે માધવદવે જેવા અપવાદ છોડીને, ઠાકુરજીને ઘેર પધરાવ્યા પછી, એમની પ્રેમથી family member તરીકે માવજત કર્યા પછી, ભક્તને નિરોધ ધીરે ધીરે સિદ્ધ થાય છે. એટલે ઠાકુરજીનો જન્મોત્સવ વૈષ્ણવનાં સ્વગૃહમાં તો થઈ જાય છે, પણ પ્રભુ માટે ઉપલબ્ધ થયેલ નિરોધની દશા spillover થઈને કૃષ્ણાશ્રય ગ્રંથના આઠમા શ્લોકમાં પહોંચી જાય છે.

<u>કૃષ્ણાશ્રય : શ્લોક ૮મો - "નિરોધલીલા"</u> :-

ભાગવતજીના દશમ સ્કંધમાં કથિત નિરોધની અવસ્થામાં, પ્રભુની પૂર્ણાનંદાત્મક અનુભૂતિ ભક્તને થાય છે. "**प्राकृताः सफला देवा गणितानन्दकं बृहत् । पूर्णानन्दो हरिस् तस्मात् कृष्ण एव गतिर्मम ।।**" નિરોધલીલા પ્રભુનું હૃદયરૂપ છે. ઠાકુરજીના હૃદયકમલને, આનંદથી નિતાન્ત પ્રવૃદ્ધ કરનારી પુષ્ટિ સ્વામિની સ્વયં, કૃષ્ણનું હૃદય છે. આઠમી વખત કાલ માજી પાસે આવે છે ત્યારે રાધાષ્ટમીનો દિવસ છે. દિશાઓમાં વધાઈ ગુંજી રહી છે.

"મહારસ પૂરન પ્રકટયો આન,
અતિ ફૂલી ઘરઘર વ્રજનારી, શ્રીરાધાજી પ્રકટી જાન."

કૃષ્ણની હૃદયેશ્વરીના પ્રાકટ્યોત્સવ વખતે કાલને અકાલ આવતો જોઈને માજીને કાલ ચઢી આવે છે, વિરહનો જ્વર આવી જાય છે. એમની પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિમાં વિક્ષેપ થાય છે, ત્યારે ડોશીમા કાલને કહે છે; "**तब डोकरी ने कही,**

**जो - यह उत्सव राधाष्टमी कौ करि कै आउंगी । तब काल फिरि गयो ।"** નિરોધલીલા **निःसाधनफलात्मा** કૃષ્ણની અનુપમ અને બેજોડ લીલા છે. આઠ વખત સાધન કરીને આવેલો કાલ, આ લીલાની છાયમાં આવતાં, સ્વયં નિ:સાધન બની જઈને ધર્મરાજને કહે છે, **"जो - महाराज ! वा डोकरी ने तो बरस दिन में आठ फेरा करवाए । जब मैं जाउं तब कहे, जो - अब तो फलानो उत्सव है । तातें नाहीं आऊंगी । सो मैं तो कायो होंइ गयो । तब धर्मराज ने कही जो-वह तो भगवदीय हैं । तातें उन पै मेरो दंड लगे नाहीं । मेरो बल चले नाहीं । तब काल तो सुनि कै अपने ठिकाने बैठयो ।"**

હવે કાલને ય વિચાર આવે છે કે ભગવત્સેવામાં વિમગ્ન માજીને disturb ન કરવાનો મારે વિવેક રાખવો જોઈએ, અને એમની પાસે ભગવદ્ ઈચ્છાથી પરિપક્વ થયેલા સમય સુધી ન જવાનું ધૈર્ય પણ રાખવું જોઈએ.

<u>કૃષ્ણાશ્રય : શ્લોક ૯ મો - "મુક્તિલીલા"</u> :-

કાલ અને ધર્મરાજ એમ બન્ને નિ:સાધન બને છે ત્યારે પ્રભુચરણે એમના પર કૃપા કરી માજીને આજ્ઞા કરે છે કે; **"भलो ! आठ बेर काल कों फेरा खवाए, सो कछू तो दया बिचारी । भलो, काल कों मान देनो ।"** આમ કહીને ગુસાંઈજી આ પ્રસંગથી કાલને "મુક્ત" કરે છે. "મુક્તિ લીલા" "મસ્તક" સંબંધિત હોવાથી, આ માજીનાય મસ્તકમાં શ્રીગુસાંઈજીની વાત સમજવામાં આવી જાય છે. માજી મનોમન **शरणस्थसमुद्धार** કૃષ્ણની ભાવના કરે છે. ડોકરી કાલને "મુક્ત" કરતાં પહેલાં પોતાના ઠાકુરજીના નિતાન્ત સુખનો વિચાર કરતાં પ્રભુચરણને વિનવે છે કે; **"मेरे लालजी की सेवा**

**कोन करेगो ? तब श्रीगुसांईजी ने कही, जो - हमारे घर लालजी पधराऊ । तब डोकरी ने वैभव सहित श्रीठाकुरजी, श्रीगुसांईजी के घर पधराए और घर में हतो, सो सब श्रीगुसांईजी कों समर्प्यो ।"** માજીને કૃષ્ણ માટે આવો નિરુપાધિક સ્નેહ છે. Love for love's sake છે. **"पाछें थोरेसे दिन रहि कै वा डोकरी ने लौकिक देह छोरि कै अलौकिक देह तें काल के माथे पग दै कै व्यापि वैकुंठ के विषे प्रवेस करत भई ।"**

ભાગવતજીના ૧૧ મા સ્કંધમાં "ઈશ્વરમુક્તિ" પણ છે, જેના આ પ્રસંગમાં ય અદ્‌ભુત પરોક્ષ દર્શન કરી લઈએ. મનોરથમાં મશગુલ માજીને નિત્યલીલામાં પધારવાનું કેવી રીતે કહેવું એની વિમાસણમાં ડોશીમાના સેવ્ય સ્વરૂપ કદાચ હશે, તો ગુસાંઈજીએ એમને પણ વિમાસણમાંથી મુક્ત કરતાં માજીને કહે છે; **"जो - हमारे घर लालजी पधराऊ ।"** ઈશ્વરની વિમાસણ પણ ઈશ્વર જ હોય ને ! એ દૃષ્ટિથી "ઈશ્વરમુક્તિ" થઈ. માજીને ગુસાંઈજી એ હવે કાલને પાછો ન વાળવો એવી આજ્ઞા કરી ત્યારથી "જીવ (માજી)ની મુક્તિ" નો પ્રારંભ થઈ ગયો. આવા મુક્તિ પ્રવાહને પ્રકટ કરતું સર્વોત્તમજીનું શ્રીમહાપ્રભુજીનું નામ છે, **"विमुक्तिदः"** અને નામરત્નાખ્યનું શ્રીગુસાંઈજીનું નામ છે **"भयापहः ."**

<u>કૃષ્ણાશ્રય : શ્લોક - ૧૦ મો - "આશ્રયલીલા"</u> :-

**ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः ।** ઐહિકમાં તો માજીએ, દૃઢ ભગવદાશ્રયથી કાલને પાછો વાળ્યો. હવે પ્રભુના નિજધામમાં પધારતી વખતે પારલૌકિકમાં પણ એમણે ભગવદાશ્રયને સુદૃઢ રાખ્યો. વાર્તા કહે છે; **"पाछें थोरेसे दिन रहि कै वा डोकरी ने लौकिक देह छोरि कै अलौकिक देह तें काल**

**के माथे पग दै कै व्यापि वैकुंठ के विषे प्रवेस करत भई ।”** પુષ્ટિજીવને કૃષ્ણાશ્રય આવી દૃઢ રીતે ફલિત થાય એના માટે મહાપ્રભુજી રસ્તો બતાવે છે. **“कृष्णाश्रयमिंद स्तोत्रं यः पठेत् कृष्णसन्निधौ । तस्याश्रयो भवेत् कृष्ण इति श्रीवल्लभोब्रवीत् ॥”**

આ માજીને છ પ્રકારની શરણાગતિ સિદ્ધ છે અને પ્રત્યેક પ્રકારમાં એમના સેવ્યસ્વરૂપનો કેવો response છે એ દર્શનીય છે. ષડવિધ શરણાગતિને અભિવ્યક્ત કરતો શ્લોક છે;

**अनुकूलस्य संकल्पः प्रतिकूलविसर्जनम् ॥**
**रक्षिष्यतीति विश्वासो भर्तृत्वे वरणं तथा ।**
**आत्मनैवेद्यकार्पण्ये षड्विधा शरणागतिः ॥**

**अनुकूलस्य संकल्पः** :- આ માજીનો, ઠાકુરજીને અનુકૂલ રહેવાનો સંકલ્પ છે. અર્થાત્ ભગવત્સુખ વિચારનો અખંડિત સંકલ્પ છે. એના લીધે એમની ભીતર બિરાજેલા પ્રભુ **उपद्रष्टा** કે સાક્ષિભાવથી ન બિરાજતાં, એમની સાથે સ્નેહથી બંધાયેલા રહીને, ડોશીમાને સદા response આપે છે.

**प्रतिकूल विसर्जनम्** :- પ્રત્યેક જીવમાં પરમાત્મા **अनुमंता** રૂપે બિરાજી એને જે કામ કરવું છે એની અનુમતિ કે છૂટ આપતા રહે છે. “આ તારાથી થાય કે ન થાય” એવી પ્રેરણા આપતા નથી. પરંતુ આચાર્યજીના સિદ્ધાંતથી પ્રતિકૂલ હોય એવી વાતની સ્વપ્નમાં પણ કલ્પના ન કરી શકનાર અને મહાપ્રભુજીના સિદ્ધાંતને પલપલમાં જીવનારા આ માજીના અંતરસ્થ બિરાજેલ પ્રભુ, કેવલ **अनुमंता** રૂપે ન બિરાજતા, સદા એમને શુભ પ્રેરણાઓ આપતા રહે છે. આ માજીએ પોતાનું મન સદા મનમોહનને આપી દીધું છે, તો પ્રભુ પણ એમના મનમાં

અવિરત બિરાજી રહ્યા છે અને ઠાકુરજીએ પોતે પણ પોતાનું મન માજીને આપી દીધું છે. ઠાકુરજીથી પ્રેરિત થતી પ્રભુની સર્વ મનોકામનાઓને પૂર્ણ કરનાર આ માજી છે. કાલને પાછો વાળવો એ પણ પ્રભુની મનોકામનાનું જ એક અંગ છે.

**रक्षिष्यतीति विश्वासः** :- "પ્રભુ મારા સદા રક્ષક છે" એવો દૃઢ વિશ્વાસ આ માજીની બુદ્ધિએ અવિચ્છિન્ન દૃઢ રાખ્યો છે. એનો response પ્રભુ એમને **भर्ता** રૂપે નિરંતર આપે છે. બુદ્ધિનું સમર્પણ પરમાત્માને કરવાથી બુદ્ધિ પારમાત્મિક થઈ જાય છે અને એવા ભગવદીયની બધી જવાબદારી પ્રભુ **भर्ता** રૂપે લે છે.

**भर्तृत्वे वरणं तथा** :- આ માજીએ પોતાના ચિત્તને પણ પ્રભુની વાસનાથી વાસિત કર્યું છે તેથી ઠાકુરજી એમને **भोक्ता** સ્વરૂપે response આપે છે. તેથી જ, અન્નકૂટનો મનોરથ હોય કે જન્માષ્ટમીનો, માજીને ઠાકુરજીના મનોરથની સુદ્ધિ સદા રહે છે, એટલે એમના ઠાકુરજી પણ એ મનોરથના ભોક્તા રહેવા સદા તત્પર છે. એમના કારણે કાલને entry લેવાનો અવસર જ નથી મળતો.

**आत्मनैवेद्यकार्पण्ये** :- આ માજીનો અહંકાર સદા એમના સેવ્યસ્વરૂપને સમર્પિત છે. તેથી જ એમનું દૈન્ય (**कार्पण्य**) સદા બહાર છે. **कार्पण्य** નો response પ્રભુ **महेश्वरः** રૂપે આપે છે. માજી અવિરત પ્રભુને આત્મનિવેદિત છે. જેણે પોતાનો આત્મા પરમાત્માને સોંપ્યો છે તેને પ્રભુ **परमात्मा** રૂપે response આપે છે, નિવેદિત આત્મા ઉપ(નજીક) આત્મા છે, તેથી પ્રભુ પરમાત્મા બને છે.

પ્રભુના norms ની પાસે પુષ્ટિજીવે પોતાના norms surrender કરવા તે શરણાગતિ છે. અર્થાત્ પોતાના જ્ઞાન, ઈચ્છા અને યત્નને પારમાત્મિક જ્ઞાન, ઈચ્છા, પ્રયત્નમાં surrender કરવા. જેમકે પ્રભુ સર્વજ્ઞ છે, તેથી આપણા કષ્ટ કે વિપરીત સંજોગોથી આપ અવગત છે. એ સમયે આપણું પ્રભુ સંબંધિત માહાત્મ્યજ્ઞાન પ્રભુને સર્વસમર્થ સમજતું હોવા છતાં ય પ્રભુને પ્રાર્થના ન કરવી, ભગવાનના સર્વસત્તાના જ્ઞાન પાસે આપણા, પ્રભુ સંબંધિત સમર્થતાના જ્ઞાનને સમર્પિત કરી દેવું એ શરણાગતિનો એક facet છે. આપણું સારુ થયું હોય તો ભગવત્કૃપાથી થયું છે એમ વિચારવું. કોઈ પણ જીવ એવું ન ઈચ્છતો હોય કે એને કષ્ટ પડે. પરંતુ કષ્ટ પડે ત્યારે વિપરીત પ્રસંગ ભગવદ્ઈચ્છાથી આવ્યો છે એમ માનવાથી આપણી ઈચ્છા પ્રભુની ઈચ્છાને surrender થાય છે. તેમજ દૈવી જીવના ઉદ્ધાર માટે પ્રભુ સદા પ્રયત્નશીલ છે કારણકે **दैवोद्धारप्रयत्नात्मा** આપનું નામ છે. એવા પ્રસંગમાં મહાપ્રભુજીના સિદ્ધાંત અનુસાર જીવન જીવવાનો યત્ન કરનાર જીવ, આચાર્યજીના સિદ્ધાંતાનુકૂલ યત્ન એટલા માટે કરે છે કે પ્રભુને એના ઉદ્ધાર માટે ઓછો પ્રયત્ન કરવો પડે છે. તેથી, ભગવત્સુખ વિચારાત્મક જીવનો આવો પ્રયત્ન, પ્રભુના પ્રયત્નને સમર્પિત થઈ જાય છે. માજી, શરણાગતિના આવા સમ્યક્ સ્વરૂપને જીવી રહ્યા છે. મહાપ્રભુજીનો શરણાગતિ પ્રત્યેનો આવો holistic approach છે. તેથી જ, ગોપીજનોની જેમ આ માજીની કેવલ સ્નેહના ઉત્કર્ષથી પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રશસ્તિ નથી પણ કૃષ્ણાશ્રય ગ્રંથની આ વાર્તા હોવાથી, એમની પ્રપત્તિ પણ આવી રીતે અતિશય ઉત્તમ છે. સુબોધિનીજી આજ્ઞા કરે છે કે; **"न केवलं स्नेहोत्कर्षणैव भवतीनाम् उत्कर्षः किन्तु प्रपत्तिः अपि उत्कृष्टेति ।"**

માજીએ પોતાના કર્તૃત્વને, બ્રહ્મના કર્તૃત્વમાં, એક reversal process થી surrender થઈને કર્યો છે. આ surrender માં કૃષ્ણાશ્રય ગ્રંથમાં વર્ણિત દેશ, કાલ, કર્મ, કર્તા, મંત્ર, દ્રવ્ય એમણે ઠાકુરજીને surrender કરી દીધાં છે. એના થકી માજી પોતાના જ્ઞાન, ઈચ્છા અને યત્નને બ્રહ્મના જ્ઞાન, ઈચ્છા અને યત્નથી tune up કરી દીધાં છે. એમણે બ્રહ્મના સ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન છે, એમને ભગવદ્ઈચ્છા સંગ પોતાની ઈચ્છાને મેળવી દીધી છે અને એમનો સર્વ યત્ન સદા ભગવત્સુખાર્થ છે. અર્થાત્ માજીનું કર્તવ્ય, જીવનું કર્તવ્ય ન રહેતાં, બ્રહ્મના કર્તૃત્વનો હોદ્દો પ્રાપ્ત કરે છે. બ્રહ્મ કર્તૃત્વના આવેશમાં, કાલને પાછા વાળવાનું કર્તવ્ય, એક અવાન્તર ફલ રૂપ છે.

શરણાગતિ સિદ્ધ કરવા માટે અષ્ટાક્ષર મંત્ર બહુ જ ફલરૂપ છે. અષ્ટાક્ષર મંત્રના જપથી જીવના અહંકારનું શોધન થાય છે. તેથી જીવમાં રહેલી લૌકિક મમતા પણ નિવૃત થવાથી એને દૈન્ય પ્રાપ્ત થાય છે. દીનતા પ્રભુની અંગીકૃતિની અભિવ્યક્તિ છે. દીનતા પ્રાપ્ત થયા પછી પણ અષ્ટાક્ષર મંત્ર અંતરમાં સ્થિર થઈ જાય ત્યારે વૈષ્ણવને પ્રપંચની વિસ્મારક એવી વિરહદશા પ્રાપ્ત થાય છે. આ માજી વિરહપ્રચુર છે. એના કારણે કાલ એમને ભગવદ્મનોરથથી વિમુખ રાખે તે ડોશીમા સહી શકતા નથી અને કાલને પાછો વાળે છે.

પ્રભુની શરણાગતિ સિદ્ધ થશે કે નહિ એવું જીવે કયારેય મનમાં ઢચુપચુ ન રાખવું. કારણકે આવું ઢચુપચુ જ શરણાગતિની સિદ્ધિમાં બાધક છે. પુષ્ટિજીવમાંથી શરણાગતિની આવી અસ્થિરતા હટી જાય એના માટે મહાપ્રભુજીએ કૃષ્ણાશ્રય

ગ્રંથ પ્રકટ કરીને, પુષ્ટિજીવને કૃષ્ણનો આશ્રય સિદ્ધ કરાવ્યો છે. જેમ જેમ કૃષ્ણનું માહાત્મ્ય વધારે સમજાય તેમ તેમ જીવનો, પ્રભુ માટેનો આશ્રયભાવ વૃદ્ધિ પામવાનો.

કૃષ્ણાશ્રયના છેલ્લા શ્લોકની ફલશ્રુતિ કૃષ્ણનો આશ્રય સિદ્ધ કરનારી છે. એ આશ્રયથી જીવ શું ઉપલબ્ધ કરે છે એને સુબોધિનીજીમાં સમજાવતાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે; જેવી રીતે વિવાહ પછી પતિ, પત્નીનું પાલન કરે તેવી રીતે પ્રભુ શરણાગત જીવનું કરે છે. But difference is in degree. પતિનું પાલન એક બુન્દ સમું છે અને પ્રભુનું મહાસાગર સમું. વિવાહિતની અપેક્ષાથી શરણાગતની રક્ષા અનંતગણી વિશેષ છે કારણ કે વિવાહમાં સાધારણ ધર્મ છે. શરણાગતની રક્ષામાં ઈશ્વરધર્મ પ્રકટે છે. સુબોધિનીજી આજ્ઞા કરે છે કે; "**यथा विधिःविवाहे तथा एवं शरणागतपालनेपि । विवाहापेक्षया शरणागतरक्षा महती । स साधारणधर्मः अयमीश्वरे धर्म इति ।**" જેની "અનંતગણી" રક્ષા અનંત કોટિ બ્રહ્માંડના નાથ કરતા હોય એમની ઈચ્છાથી કાલને વારંવાર પાછા વળવું પડે એ આશ્ચર્યજનક નથી.

કાલને આઠ વખત પાછો વાળનાર આ ડોશીમાના હૃદયનો કેવો અગાધ ભાવ હશે ! શ્રીસુબોધિનીજીમાં આચાર્યચરણ સમજાવે છે કે મનુષ્યના અંગોમાં છ અંગ મુખ્ય છે અને તે છે; વાણી, કાન, હાથ, ચિત્ત, મસ્તક અને નેત્ર. આ માજીએ એમની વાણીનો કેવલ ભગવત્કીર્તન કે ગુણગાનમાં વિનિયોગ કર્યો છે, કાનનો ગુણોના શ્રવણમાં, હસ્ત સ્વરૂપના દાસ્યમાં, ચિત્ત પ્રભુના સ્મરણમાં, શિર પ્રભુને દંડવત્ કરવામાં અને નેત્ર રૂપદર્શન માટે. શ્રીવલ્લભ કારિકામાં આજ્ઞા કરે છે કે;

**कीर्तने, श्रवणे चैव गुणानां रूपदास्यके ।**
**स्वरूपस्मरणे नत्यामवतीर्णस्य दर्शने ॥**

આવા સર્વાત્મભાવવાળા ભગવદીયોને એમના એક અંગનો પણ વિનિયોગ થવામાં કાંઈક બાધક થાય છે, ત્યારે એમનામાં વિપ્રયોગની જવાલા પ્રજવલિત થાય છે અને આવી મહાઅનલ જવાલા, કાલ માટે અસહ્યય બની જાય છે.

અહીં એક વાત સમજવા જેવી છે. મહાપ્રભુજીનો સિદ્ધાંત એવો છે કે પ્રભુએ પુષ્ટિસૃષ્ટિ પ્રકટ કરી તો એની સંગ ઠાકુરજી પુષ્ટિભાવથી અનુબદ્ધ રહ્યાં છે. તેમ પ્રવાહ સુષ્ટિવાળાને પણ ભગવાને એક role આપ્યો છે અને તેથી પ્રભુનું મન પણ એ સૃષ્ટિ સાથે પ્રવાહને અનુસાર રહે છે. "**इच्छामात्रेण मनसा प्रवाहं सृष्टवान् हरिः ।**" એ પ્રવાહી સૃષ્ટિમાંથી કોઈ પણ વ્યક્તિ એવા પ્રવાહી જીવને બહાર કાઢી, મર્યાદા કે પુષ્ટિમાં લેવાનો પ્રયાસ કરે, તો એવી વ્યક્તિ, પ્રભુનું એ સૃષ્ટિ સંબંધિત જે મન છે તેને મારવાનો અપરાધ કરે છે. એ દૃષ્ટિથી જોઈએ તો જે હેતુથી ઠાકુરજીએ કાલને પ્રકટ કર્યો, એ હેતુથી પરમાત્મા પણ કાલ સાથે અનુબદ્ધ છે. કાલની dignity disturb ન થાય એવો પ્રભુનો આગ્રહ હોય છે. તો આ માજીએ, કાલને આઠ-આઠ વખત પાછો વાળીને એ dignity ને disturb નથી કરી ? વાસ્તવમાં નહિ. માજીએ, એ dignity ને યથાસ્થિત રાખી છે કારણકે એમણે કાલને એમ નથી કહ્યું કે; "હું ક્યારે ય નહિ આવું." પરંતુ પ્રત્યેક ઉત્સવના આવેશમાં, એ ઉત્સવના કારણે, કાલને પાછા જવાનું કહે છે આ વાર્તાનું એક રહસ્ય એવું છે કે માજી જેવા ભગવદીયોને કાલ અને કર્મ બાંધતાં નથી, એ સિદ્ધાંતનો ઉદ્‌ઘોષ કરવો છે

અને એનો ડીમડીમ ઘોષ કરવાનો role માજીને સોંપેલો છે. અર્થાત્ ડોશીમા પોતાના role ની dignity સાચવી રહ્યા છે. પ્રભુ અહીં **निजानाम् इच्छातः करिष्यति** ના મૂડમાં છે કારણ કે માજી કાલને પોતાના માટે પાછો નથી વાળતા પણ ભગવત્સુખ અર્થે પાછા જવાનું કહે છે.

અહીં કદાચ કોઈ એમ પણ પૂર્વપક્ષ કરે કે કાલ સ્વયં ભગવાનની ચેષ્ટા છે. **अतो भगवश्चेष्टारूपः ।** તો આ માજી પ્રભુની ચેષ્ટાને પાછી નથી વાળી રહ્યાં ? કાલ ભગવાનનું આધિભૌતિક સ્વરૂપ છે. માજી તો કાલના આધિદૈવિકરૂપ પ્રભુના મનોરથની મનીષા કરી રહ્યા છે. તેથી ડોશીમા કાલની આધિભૌતિક ચેષ્ટાનો અસ્વીકાર કરે તો તે સ્વાભાવિક જ છે. મર્યાદામાર્ગીય ભીષ્મપિતામહ એકવાર ઈચ્છા મૃત્યુ લઈ શકે તો પ્રભુ માટે સ્નેહાન્વિત અને સદા સમર્પિત ગુસાંઈજીના સેવક આ માજી, સ્વેચ્છાનુસાર, ભગવત્સુખાર્થ, ઈચ્છામૃત્યુ લઈ શકે એમાં શું આશ્ચર્ય ? આવા જ ભક્તોને અનુસરીને ગોપાલદાસજી ગાએ છે કે;

"તેને દેવ મુનિ સર્વે ગાએ રે,
તે તો સર્વ ઉપરાંત સુહાયેરે, તેને કાલ, કર્મ નવ બાંધે રે,"

જયારે ભગવત્સેવા પરાપણ માજી જેવા ભગવદીય પર કાલની સત્તા ચાલતી નથી, ત્યારે ક્ષણેક માટે, કાલને પણ વિચાર આવતો હશે કે; "બ્રહ્માજીની આયુનો અંતિમ ભાગ એવો દ્વિતીય પરાર્ધ-સમાપ્ત થવા તો આવ્યો નહિ હોય ને જેને લીધે મારી સત્તાનો હવે અંત આવી રહ્યો છે."

કેવા ભગવદીય કૃષ્ણાશ્રયી પુષ્ટિજીવ, કાલની સત્તાથી

અતીત થઈ જતા હશે તે સહેજ જોઈ લઈએ. એક તો, કૃષ્ણના આધિભૌતિક ચરણકમલ એવા સત્સંગ અને શ્રીમદ્ ભાગવતનું અવગાહન કરનાર. "જબ લગી ભાગવત કથારસ, તબ લગ કલજુગ નાહીં." બીજું જ્ઞાન અને ભક્તિ એવા ભગવાનના આધ્યાત્મિક ચરણનું શરણ લેનાર. પુષ્ટિ ભક્તિમાર્ગીય જીવ માટે આ અવસ્થા માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વતોધિક સ્નેહની છે. ત્રીજું, કૃષ્ણના આધિદૈવિક ચરણાધાર પર પોતાનું જીવન સમર્પિત કરનાર આ માજી જેવા ભગવદીય કાલાતીત છે.

માજીને લેવા માટે આવેલા કાલથી ભગવાને માજીનું કેવી રીતે રક્ષણ કર્યું હશે ? વાસ્તવમાં તો પ્રભુના છ ગુણમાંથી ઠાકુરજીએ "જ્ઞાન" અને "વૈરાગ્ય"થી સતયુગનું રક્ષણ કર્યુ છે. "યશ" અને "શ્રી" ધર્મથી ત્રેતાનું રક્ષણ કર્યુ છે. દ્વાપર યુગનું રક્ષણ "ઐશ્વર્ય" અને "વીર્ય"થી કર્યું છે, તો આ કલિ માટે પ્રભુનો કયો ગુણ બચ્યો ? આચાર્યજી સમજાવે છે કે કલિયુગમાં કેવલ "ધર્મી," પુષ્ટિજીવની રક્ષા કરે છે. પોતાના સેવ્યસ્વરૂપ પ્રત્યે માજીને અનન્યનિષ્ઠા છે. સ્વરૂપનિષ્ઠા રૂપ ભક્તિમાં કાલને પણ વાળવાનું આવું અપરિમિત સામર્થ્ય હોય છે. આ માજી પર કાલનું જોર કેમ ન ચાલ્યું એ રહસ્યને આચાર્યજીની પ્રમાણ પ્રકરણની કારિકાના આધારે સમજવા જેવું છે. ૨૮ તત્વો અને ૨૧ પ્રકારના કાલનું અતિક્રમણ આ માજીએ કર્યું. મહાપ્રભુજી સમજાવે છે કે આવા ભગવદીયોમાં ભગવદ્ ધર્મનો પ્રવેશ થવાથી, તત્ત્વો અને કાલના ધર્મો એમના માટે લુપ્ત થઈ જાય છે. આ એમની પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિનું લક્ષણ છે. આવા ભગવદીયના ગૃહના દ્વારે કેવી સંપત્તિ વિદ્યમાન હોય છે તે

પરમાનંદદાસજી સમજાવશે.

"અષ્ટ મહાસિદ્ધિ દ્વારે ઠાડી મુક્તિ ચરણકી દાસી,
પરમાનંદદાસ કો ઠાકુર સુંદર ઘોષ નિવાસી."

કૃષ્ણ પર જેમની અગાધ પ્રીતિ છે એવાં આ માજીને એમના આંગણામાં નિસવાસર વસતી અષ્ટ મહા સિદ્ધિ કે મુક્તિ તરફ જોવાનો સમય જ નથી, આચાર્યજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે ઠાકુરજીમાં નિરુપાધિક સ્નેહ ધરાવનાર આવા ભગવદીયને મૃત્યુના નિવારણ માટે પણ કોઈ યત્ન કરવો પડતો નથી. માજીએ શું પ્રયત્ન કર્યો ? આઠ વખત આવેલા કાલને માજી અનાયાસ ત્રણ શબ્દોમાં જ કહી દેતા કે, "**मैं नाहीं आऊँ**" કે "**उत्सव पाछे आउंगी .**" માજીના case માં તો કાલને વિચાર હંમેશા આવતો હશે કે એમના હૃદયમાં ભગવચ્ચણારવિંદ બિરાજે છે તેથી એમના પર મારી સત્તા નહિ ચાલે. એમને ઈચ્છા વિરુદ્ધ મૃત્યુ આપવું અસાધ્ય છે. આ પ્રસંગના રહસ્યની સુબોધિનીજી કહે છે; "**मृत्युनिवारणार्थं यत्नं च न करोति, मृत्युः पुनः स्वतः एव निंवर्तते । भगवच्चरणारविन्द मत्र वर्तत इत्यास्माद साध्यदपगमन युक्तमेव ।**"

*********

## ગ્રંથ : સિદ્ધાંતમુક્તાવલી
## ૮૪ વૈષ્ણવની વાર્તા - ૬ : રુક્મિણી બેટીજી

સિદ્ધાંતમુકતાવલી ગ્રંથના પ્રારંભમાં જ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે; **"कृष्णसेवा सदा कार्या मानसी सा परामता ।"** આચાર્યજીની આવી અણમોલ વાણીને અનુસરતી રુકિમણી, સંયોગ અવસ્થામાં "સદા" કૃષ્ણની બાહ્ય સેવામાં વિમગ્ન છે અને અનોસરમાં ઠાકુરજીની માનસીમાં. કૃષ્ણવતારના સર્વ episodeનું climax છે ગોપીજનોની **तनमनस्का तदात्मिका** અવસ્થામાં. આ જ climax નાં દર્શન રુક્મિણી બેટીની વાર્તામાં થાય છે.રુક્મિણીની નિતાન્ત સેવા રતિ અને અપ્રતિમ કૃષ્ણ પ્રીતિ નિહાળીને તો પ્રભુચરણનું હૃદય ભરાઈ આવે છે. વાર્તા કહે છે; **"तब श्रीगुसांईजी कहे रुकिमिनी ! आगे आउ । तब रुकिमिनी आगे आई । तब श्रीगुसांइजी पूछे, तू कितनै दिनन में गंगास्नान कों आइ है ? तब रुकिमिनी ने कही, महाराज ! चौबीस बरस पाछें गंगास्नान कों आई हों । यह रुकिमिनी के वचन सुनिके श्रीगुसांइजी को हृदय भरि आयो । जो-ऐसी सेवा में मगन है । जो-गंगास्नान कों अवकास नाहीं है ।"** ગ્રંથ આજ્ઞા કરે છે કે; **"गंगातीरस्थितो यद्वद् देवतां तत्र पश्यति । तथा कृष्णं परं ब्रह्म स्वस्मिन्ज्ञानी प्रपश्यति ।"** ગંગાજી જેના ચરણકમલમાંથી પ્રકટ થયાં છે, એવા ઠાકુરજીનું સદા સાનિધ્ય સેવતી અને કૃષ્ણ રસાસ્વાદન કરતી બેટી રુક્મિણી, ચોવીસ વર્ષ સુધી ગંગાસ્નાન માટે કયાંથી જઈ શકે ?

પુષ્ટિજીવ, પ્રભુના અનુભાવ (expression)નો અનુભવ

કરી શકે એના માટે તો શ્રીવલ્લભે, જીવને માથે ભગવત્સેવા પધરાવી છે. તો અનુભાવ એટલે ? જે feeling પ્રભુ જીવમાં, કે જીવ પ્રભુમાં પ્રકટ કરવા ચાહે છે અને તત્સંબંધિત પોતાને express કરે છે તેને અનુભાવ કહેવાય છે. સેવામાં ક્રિયા વધી જાય તો અનુભાવ સ્તબ્ધ બની જાય છે અને અનુભાવનો અતિરેક થાય તો ક્રિયા સ્તબ્ધ થઈ જાય છે. રુક્મિણીએ ક્રિયાત્મક તનુવિત્તજા સેવામાં, અનુભાવનું એવું વિલક્ષણ balance સાચવ્યું છે કે, એમની તનુવિત્જા સેવા માનસીમાં અનાયાસ પર્યવસિત થઈ જાય છે. રુક્મિણીની વાર્તામાં પુષ્ટિભક્ત અને પ્રભુના પરસ્પર પ્રકટ થતાં અનુભાવનું અદ્ભુત દર્શન છે. જેમકે રીંગણાં લઈને પુરૂષોત્તમદાસ શેઠ ઘેર પાછા વળે છે ત્યારે એ રીંગણાંના અંગીકાર માટે અનુભાવ પ્રકટ કરતાં ઠાકુરજી સ્વયં રુક્મિણીને કહે છે કે; **"बेग तू उठि कै न्हाइ कें पूरी करि, सेठ साक लेकें आवत हैं ।"**

શ્રીવલ્લભપ્રભુની **तत्सिद्ध्यै तनुवित्तजा** સેવા કરવા સંબંધિત જે આજ્ઞા છે, એના યથાર્થ રહસ્યનું, રુક્મિણીને સંપૂર્ણતયા જ્ઞાન છે. એ જાણે છે કે સૃષ્ટિના નિર્માણમાં બે માયાનો role છે. "સર્વભવન સામર્થ્ય" માયાને કારણે જીવના દેહાદિ પ્રકટ થયાં છે. તેથી જ પોતાના તનથી ભગવત્સેવા પોતે જ કરીને, રુક્મિણી, સર્વભવન સામર્થ્ય માયાને પુન: પ્રભુમાં જ સમર્પિત કરી દે છે. વિત્ત (ધન)માં આત્મા નથી, તો ય જીવને એમાં મમતા હોય છે. તેવી મમતા "વ્યામોહિકા" માયાનું કાર્ય હોવાથી, રુક્મિણી, વિત્તજા સેવા દ્વારા વ્યામોહિકા માયાને ય, ઉચ્ચ દરજજો આપીને પુન: ઠાકુરજીને સમર્પિત કરે છે. વાર્તા કહે છે; **"सो रुकिंमिनी नें सेठ पुरुषोत्तमदास सों कह्यो जो-तुम कहो तो मैं कार्तिक-स्नान करुं । तब सेठने कही, करो, जो-चाहिये**

**सो लेऊ । तब रुकिंमिनी ने कही, घृत, खांड मंगाइ देहु, मैंदा तो घर में हैं । तब सेठ ने घी, खांड मंगाइ दियो ।"** તનુવિત્તજા સેવાના માધ્યમથી, રુક્મિણી દુસ્તર એવી ભગવદ્ માયાઓને અનાયાસ તરી ગયાં છે.

આવું સમર્પણ કરતી વખતે, રુક્મિણીનો, પ્રભુ પ્રત્યે અખંડિત ભાવ એ છે કે "હે પ્રભુ, મારી પાસે જે કાંઈ ઉત્તમ પદાર્થ છે તેના ભોક્તા આપ છો. પછી ભલેને તે મારો દેહ હોય કે મારી ઈન્દ્રિયો કે મારો પ્રાણ, મારું જ્ઞાન હોય કે પછી મારો પરિવાર હોય." રુક્મિણીએ આવી રીતે પ્રભુને પોતાની સર્વ વસ્તુના ભોક્તા બનાવ્યા છે. એના જ reversal approach રૂપે, ભોક્તા પ્રભુ રુક્મિણીના ભોગ્ય બનવા ચાહે છે અને સેવકને ભોક્તા બનાવે છે. આ દશાનું ગૂઢાતિગૂઢ રહસ્ય એ છે કે આ અવસ્થા રાસલીલાનું આધિદૈવિક સ્વરૂપ છે. રુક્મિણી માટે મદનમોહનજીની આવી પ્રકટ ભક્તવશ્યતા જોઈને તો પ્રભુચરણ સ્વયં આજ્ઞા કરે છે; **"सो श्रीगुसांईजी रुकिंमिनी कों देखि के कहतें, जो - इनसों श्रीठाकुरजी उरिन कबहूं न होंइगे ।"** ઠાકુરજી, પોતાના અંતરંગ ભક્તના ઋણમાંથી ક્યારેય પણ મુક્ત નથી થઈ શકતાં.

રુક્મિણીએ જે રાસલીલાનો અધિકાર સંપાદન કર્યો છે એનું સ્વરૂપ સમજવા જેવું છે. ગોપીજનોએ, રાસમાં પ્રભુની સાથે જે નૃત્ય કર્યું તે જ કેવલ રાસ નથી. રાસપંચાધ્યાયીમાં નૃત્યથી અતિરિક્ત ઘણી ય લીલાઓ છે અને એમાં ફલ પ્રકરણ સુધી વ્યાપ્ત થયેલ યુગલગીત પણ સમાવિષ્ટ છે. રાસલીલા એ કેવલ શૃંગારભાવયુક્ત ભક્તોની કથા નથી, કારણકે રાસનો અર્થ છે - **रसानां समूहो रासः ।** રાસ એટલે

રસનો સમૂહ; પછી ભલેને તે દામોદરલીલામાં કૃષ્ણને બાંધતી યશોદાજીમાં વાત્સલ્યભાવરૂપે પ્રકટ થયો હોય કે સાખ્યભાવના કારણે, ઠાકુરજીને કંધે ચઢી જતાં શ્રીદામામાં એ રસ આવિષ્કૃત થઈ ગયો હોય. રુક્મિણીને આધિદૈવિક રાસ સિદ્ધ છે, જયાં પ્રભુનો ગૂઢ સ્ત્રીભાવ એમની સામે પ્રકટ થઈ ગયો છે. એની પૂર્વભૂમિકા રૂપે, રુક્મિણીને, આધ્યાત્મિક રાસ સિદ્ધ છે. પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ એ મહાપ્રભુજીના આધ્યાત્મિક રાસનું સ્વરૂપ છે. સારસ્વતકલ્પમાં ગોપીજનોએ રાસમાં જે નૃત્ય કર્યું છે તે પણ પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ રૂપ છે. નિરોધના એક અંગરૂપે આ નૃત્યલીલા છે. અષ્ટપ્રહર સેવામાં વિમગ્ન રુક્મિણી પણ નિરોધયુક્ત **चेतस्तत्प्रवणं सेवा**ના સ્વરૂપલક્ષણનું અવિચ્છિન્ન પ્રકટ દર્શન છે. આ જ એમની રાસાવસ્થા છે, નિરોધાવસ્થા છે. "**आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् ।**" જેની અહંતા અને મમતા ભગવાનને સદા સમર્પિત છે, તેવી બેટી રુક્મિણીની પરમોત્તમ ભક્તિ સામે, બિચારી મુક્તિ, એક બહુ જ ન્યૂન કક્ષાની વસ્તુ બની જાય છે.

"**परमानन्दरूपे तु कृष्णे स्वात्मनि निश्चयः**" **आन्तरन्तु महाफलम्**ની આવી અવસ્થામાં અનોસરમાં વિલસતી રુક્મિણી, સંયોગમાં મદનમોહનજીની બાહ્ય સેવામાં ય સદા વિમગ્ન છે. આમ આચાર્યજીની એક મર્મની આજ્ઞાનું રુક્મિણી પરિપાલન કરે છે. "**बाह्याभावे तु आन्तरस्य व्यर्थता**" આવી રીતે રુક્મિણી, પ્રભુની બાહ્યાભ્યાંતર સેવાની અવિરત આસક્ત છે. આવી સેવા આ ભગવદીય નિષ્કામ અને તાદાત્મ્યભાવથી કરે છે. કૃષ્ણ તન્મયતાની અવસ્થામાં વિલસતી રુક્મિણીને પ્રભુના આધિદૈવિક દર્શન, સ્પર્શન, અનુભવાદિ છે. એમને મદનમોહનજીમાં

માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વતોધિક સ્નેહ છે. જે પુષ્ટિજીવને, પ્રભુમાં કેવલ માહાત્મ્યજ્ઞાન સંપાદન થયું હોય, એમને પ્રભુ કેવલ આધ્યાત્મિક રૂપે દર્શન આપે છે અને જેમનામાં ભાવ અને માહાત્મ્યજ્ઞાન એમ બન્ને ન હોય તેમને કેવલ આધિભૌતિક મૂર્તિ સ્વરૂપે પ્રભુનો અનુભવ થાય છે. રુક્મિણી બેટીને તનુનવત્વ દેહનું સંપાદન છે. એમની આવી અલૌકિક સામર્થ્ય અવસ્થાનું મૃદુલતમ દર્શન ભાવસિંધુ ગ્રંથમાં ત્યારે થાય છે, જયારે મદનમોહનજી, રુક્મિણીના હૃદય કમલ પર આપનો આધિદૈવિક ચરણઅમ્બુજ ધરે છે, **वृन्दारण्यं स्वपदरमणं प्राविशत गीतकिर्ती** ના ભાવથી અથવા તો કીર્તનમાં આવે છે તેમ "દિની વિવિધ ગતિ ચરણનકી," ના ભાવવિલાસમાં. ભાવસિંધુ કહે છે; **"सो या समय रुक्मिनी के स्वरूप की शोभा कछु लिखिवे में आवे नांही ।"**

રુક્મિણીની વાર્તામાં શ્રીવલ્લભના **तादृशवेष्टितः** નામનો પ્રકાશ થાય છે. આસપાસ ભક્તવૃન્દથી ઘેરાયેલા પ્રભુના આ નામમાં દર્શન છે. ગુસાંઈજીનું corresponding નામ છે - **गोप-गो-गोपिका प्रियः. तादृशवेष्टितः** ની લીલા કીર્તનમાં આવી રીતે સમજાવી છે; "ત્યોં સબ ગોપીન સન્મુખ સુંદર શ્યામ બિરાજે ।" રુક્મિણી જેવા મહાનુભાવીઓથી મહાપ્રભુજી ઘેરાયેલા છે. મેઘચક્રમાં વીજળી શોભા વધારે તેમ, પ્રભુને ઘેરાઈ રહેલા ભક્તો, પ્રભુની શોભાને અભિવૃદ્ધ કરે છે, વિશેષ ચમત્કૃત કરે છે. શ્રીસુબોધિનીજીમાં શ્રીવલ્લભ આજ્ઞા કરે છે કે; **"मेघचक्रे शोभामेव परं सम्पादयंति."** આવી પ્રભુની પ્રિયા રુક્મિણીને મદનમોહનજીનો સાક્ષાત્ સાનુભાવ છે, છતાંય તે તનુવિત્તજા સેવામાં સદા તત્પર છે. એટલે જ શેઠજી પાસે રુક્મિણી કાર્તિક સ્નાનના મિષથી ઠાકુરજી

માટે સામગ્રી મંગાવે છે. સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથનો સાક્ષાત્કાર કરાવતાં વાર્તા કહે છે; "**सो रुकिमिनी पहर रात्रि पिछली सों उठि नित्य नेम तें अधिक सामग्री करें । सो मंगला तें राजभोग पर्यन्त अरोगावे । पाछे उत्थापन के पहर एक पहले न्हाइ सामग्री करें । सो उत्थापन तें सयन पर्यन्त अरोगावे ।**" વ્રજભક્તના ભાવથી પ્રચૂર રુક્મિણીની સેવા છે. વાર્તા આને અનુમોદન આપે છે; "**कात्यायनी व्रत को व्याज, जो-मिस करि सर्व प्रकार को भाव सगरे अंग में आवेस करि प्रभु को आश्रय कियो, तेसे ही रुकिमिनी ने हू कार्तिक, मार्गसिर, माह, वैसाख इत्यादिक को नाम ले ब्रजभक्तन के भावपूर्वक सेवा करी ।**" ભગવત્સેવાના ભાવાત્મક રહસ્યને પ્રકટ કરતી આ વાર્તા પંક્તિઓ છે. કુમારિકાના ગુપ્ત મનોરથની ખબર કોઈને ન પડી, તેમ રુક્મિણીના કાર્તિક સ્નાનની વાતનું રહસ્ય, પરમભગવદીય શેઠ પુરુષોત્તમદાસ પણ જાણી ન શકયા.

પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રભુ સર્વકર્તા છે. છતાંય શ્રીવલ્લભના "**कर्ममार्गप्रवर्तकः**" નામને અખંડિત અનુસરતી રુકિમણી, પોતે પણ ક્રિયારત છે. આવા કર્મ કે સેવામાર્ગને ઉદ્‌બોધિત કરતું શ્રીવિઠ્ઠલેશનું નામ છે - "**कृष्णात्मा स्वसमर्पकः ।**" **भगवानेव सर्व करोति भजनाभावे न सिद्ध्यतिः ।** ભગવાન સ્વયં જ સર્વ કર્તા હર્તા હોવા છતાંય ભજનના અભાવમાં જીવને કાંઈ પણ સિદ્ધ થતું નથી. ભજન વિના ભજનાનંદ કેવી રીતે સિદ્ધ થાય ? સેવાવેળા, રુક્મિણીના સેવ્યસ્વરૂપ એમની કોઈ "વસ્તુને" accept નથી કરતાં, પણ એમના ભાવરૂપ રસને relish કરે છે. તેથી જ ઠાકુરજીને ય રુક્મિણી નિતાન્ત પ્રિય એવા "આત્મધન" રૂપ લાગે છે.

Psychologically જગતના ૯૦% human relations healthy ત્યારે રહે છે જ્યારે બે વ્યક્તિ વચ્ચે mutual dependence નો ભાવ હોય છે. રુક્મિણી અને એમના ઠાકુર mutually dependent હોવાથી, રુક્મિણીનો પ્રૌઢ ભાવ છે. આવી પરસ્પર નિર્ભરતાને ઉપનિષદ "દેવતા" કહે છે. આમ રુક્મિણી ઠાકુરજી પર અવલંબિત છે, તો એમના ઠાકુર રુક્મિણી પર. આવી "દેવતા"રૂપ રુક્મિણીને ગંગાજી પામ્યાં, એમ શ્રીગુસાંઈજી વાર્તાના અંતમાં સૂચન કરે છે. જેમ રુક્મિણી કૃષ્ણાવલંબી છે તેમ કૃષ્ણ પણ તેમનું અવલંબન કરે છે. **अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः** નો આ reversal process છે.

રુક્મિણીના ચિત્તમાં મદનમોહનજીના નામનું રટણ છે. એમની આંખો એ ઠાકુરના રૂપને ચાહે છે અને એમની શ્રવણેન્દ્રિય પ્રભુની મધુર વાણીને. પ્રભુના નામરૂપ વિભેદયુક્ત જગતમાં રુક્મિણીને કૃષ્ણ માટે "અસ્તિ"નો ભાવ છે. એમના માટે ઠાકુરજી "નામરૂપ ઐક્ય"નો અનુભાવ અભિવ્યક્ત કરે છે. "નામરૂપકમૈક્ય" વાળા ભગવદીયોમાં પ્રભુ પ્રત્યે unity of purpose છે. તેથી રુક્મિણીની પ્રભુ સંગ નિર્ભય રતિ છે.

રુક્મિણી સાથે એમના પ્રભુને સ્નેહાત્મક દ્વૈત છે. આવો દ્વૈત ભીતિજનક હોવાના કારણે, રુક્મિણીના પ્રભુને ય સદા એક ભય રહે છે કે "મારી રુક્મિણી ક્યાંક થાકી તો નહિ ગઈ હોય ને !" તેથી ઠાકુરજી સ્વયં એમને આરામ લેવાની આજ્ઞા બેર બેર કરે છે. આ પ્રસંગના દર્શન ભાવસિંધુમાં કરી લઈએ; **"रुकिमिनी रात्रिभरि सेवा करती । सो श्रीमदनमोहनजी सों सह्यो नाहीं जातो । सो कहेते, जा तुं मेरी बहुत सेवा करे है । सो अब तो नेक सो जा ।" कृष्णसेवा सदाकार्या** ની આ

ચરમસીમા છે.

રુક્મિણી પ્રભુને સર્વત્ર જુએ છે (વિરહમાં) અને સંયોગમાં પ્રભુમાં સર્વને જુએ છે. રુક્મિણીની નિશ્ચલ ભગવદ્રતિના કારણે, ત્રિલોકનો નાથ, એમના માથે બિરાજીને, ગૌણ બનીને, પરમાનંદ માણે છે. વાર્તાના અંતમાં કૃષ્ણસેવિકા રુક્મિણીનું કૃષ્ણતુલ્ય સ્વરૂપ નિખરી આવે છે અને છતાં ય રુક્મિણી સદા ભગવત્સેવા કરે છે આ જ તેમનો નિર્ગુણભાવ છે. વાર્તા કહે છે; "पुष्टिमार्गीय जीव यह संसार जीवन तें भिन्न हैं, या में संसय नाहीं । भगवान को रूप ही हैं । भगवान की सेवा ही के अर्थ जगत में पुष्टिधर्म प्रगट करिवे के लिये जन्मे हैं । भगवान के स्वरूपमें, भगवान के अवतार में, भगवान के जैसे गुन हैं, भगवान की जैसी क्रिया हैं, तैसे ही भगवदीय में लक्षण हैं तातें भगवान में अरु भगवदीय में तारतम्य नाहीं हैं । या प्रकार श्रीगुसांईजी भगवदीय के गुण सब रुकिमिनी में कहै ।" સદા મુક્ત એવા શ્રીકૃષ્ણ આવી પરમ ભગવદીય રુક્મિણીના ઋણમાંથી મુક્ત થવા સદા અસમર્થ છે. ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છે; "श्रीठाकुरजी व्रजभक्तनसों कहें जो में सदा रिंनि रहुंगो । तैसें रुकिमिनी सों श्रीठाकुरजी रहेंगे ।"

"तब बोले व्रजराज कुंवर हों रिणी तिहारो ।
अपने मन ते दूर करो यह दोष हमारो ॥
कोटि कल्प लग तुम प्रति अति उपकार करुं जो ।
हे मन हरणी तरणी अवनि अरुणी न होउ तो ॥
सकल विश्व आप बस करी मोहि माया सोहत है ।
प्रेम मई तिहारी माया सो मोहि मोहत है ॥"

******

## ગ્રંથ : ભક્તિવર્ધિની

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા - ૧૦૬ : પરે ભૈયા

ભક્તિવર્ધિની ગ્રંથના બે પહેલુ છે (૧) **गृहेस्थित्वा स्वधर्मतः**ના પાલનથી પોતાના ઘરમાં પોતાને માથે ઠાકુરજીને પધરાવી સેવા કરવી, (૨) આ ગ્રંથમાં ઉદ્‌બોધિત ભક્તિનો બીજો પહેલુ છે "**तादृशस्यापि सततं गृहस्थानं विनाशकम् । त्यागं कृत्वा यतेद्यस्तु तदर्थार्थैकमानसः ॥ लभते सुदृढां भक्तिं सर्वतोप्यधिकां पराम् ।**" "પરે" ની વાર્તાની વિલક્ષણતા એ છે કે ગૃહત્યાગ કરીને ગુસાંઈજીની પાસે રહેનારા પરે, સાક્ષાત્ સ્વરૂપની ભગવત્સેવા કરે છે. વાસ્તવમાં પરેભૈયાની વાર્તા **अंगीकृतौ समर्यादो**ની વાર્તા નથી, પણ મર્યાદાના અપવાદની આ વાર્તા છે. પરે એ, આચાર્યજીની આજ્ઞાનુસાર ન તો સ્વગૃહમાં ઠાકુરજીને પધરાવીને તનુવિત્તજા સેવા કરી છે અને ન તો ગૃહત્યાગપૂર્વક સંન્યાસનિર્ણય ગ્રંથ કથિત વિપ્રયોગનો અનુભવ. Exceptionally, પરે, એ તો ગૃહત્યાગપૂર્વક સાક્ષાત્ સ્વરૂપસેવાનું એક અદ્વિતીય દૃષ્ટાંત છે. તેથી જ, એમની વાર્તામાં **सेवाकृतिर्गुरोराज्ञा** કરતાં **बाधनं वा हरीच्छया** ના લચીલા પ્રસંગો ભરચક છે. આવા પ્રસંગમાં સર્વસમર્થ પ્રભુ, રસાભાસથી ય પરેના રસનું પોષણ કરે છે. સામાન્યતયા પોતાના સેવ્યસ્વરૂપ ગુપ્તરસ છે. બધાની સામે એમને પ્રકાશિત કરવાથી રસાભાસ થાય છે. પરંતુ આપણા પરે તો, પરે પરે કહીને સૌને જાણ કરતા જાય છે કે એમના માથે પરેભૈયા બિરાજે છે. પરંતુ આવો ગૂઢરસ પ્રકટ કરવા છતાં ય ન તો પરેને કે એમના પરેભૈયાને કયાંય રસાભાસ થાય છે.

શાસ્ત્રમાં ન હોય એવી મર્યાદા, પુષ્ટિપુરૂષોત્તમ કયારે પોતાની લીલા દ્વારા અંગીકૃતિના આવેશમાં સ્થાપન કરે છે. આ રહસ્યને સમજાવતાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે **लीलांकरोति शास्त्रार्थ च स्थापयति ।** આ વાર્તામાં જે એક શાસ્ત્રાર્થ પ્રભુએ સ્થાપિત કર્યો છે તેનું કારણ છે પરેની નિશ્ચલ, નિષ્કામ અને નિરુપાધિક ભક્તિ. એમાં વશ થઈને ઠાકુરજી પોતાની ભક્તાધીનતા પ્રકટ કરે છે. સાધનપ્રણાલીથી ભક્તિમાં ઉત્કર્ષ કરતાં વૈષ્ણવ માટે પ્રભુ પોતાની વશીકરણ લીલા પ્રકટ કરે છે. આ ભગવાનની અંગીકૃતિ છે. નિ:સાધન પરે, આવા કોઈ સાધનપ્રણાલીના પથ પર ચાલ્યા જ નથી, પણ એમની ભક્તિ એ level પર પહોંચી ગઈ છે કે એમની પાસે અનંતકોટિ બ્રહ્માંડનો નાથ પોતાની વશીકરણ લીલાના કારણે, પરેમાં પરવશ થાય છે. આ વાર્તામાં ભક્તિવર્ધિનીગ્રંથની બીજી આજ્ઞાનું પણ પરિપાલન છે. **अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः ।** પરેનું માનસ પ્રભુ "અર્થાચૈક" છે અને એમને "સુદૃઢાં ભક્તિ" સિદ્ધ છે. અર્થાત્ સુદૃઢ સર્વતોધિક સ્નેહમાં એ સદા વિલસે છે. સાકાર બ્રહ્મવાદને નહિ જાણનારો કૃષ્ણનો આ ભોળો પરે, સાકારબ્રહ્મવાદનું બેજોડ દૃષ્ટાંત છે. **वाच्य वाचक शक्तये** ની પ્રક્રિયાથી, શ્રીગુસાંઈજી એમને સહેજ દૂર ખસેડવા "પરે" શબ્દ બોલે છે, ત્યારે આ ભગવદીયને વાચક શ્રીગુસાંઈજીએ કહેલ "પરે" શબ્દમાં વાચ્ય એવા પૂરણબ્રહ્મ કૃષ્ણ મહેસૂસ થાય છે. કૃષ્ણ માટે પરેને નિરુપાધિક સ્નેહ થઈ જાય છે. શ્રીગુસાંઈજીની સ્વરૂપાત્મક વાણી અને પરેનો નિરુપાધિક સ્નેહ, અખિલ બ્રહ્માંડને પ્રકટ કરનાર કૃષ્ણને, "પરેભૈયા" તરીકે અવતાર લેવાની ફરજ પાડે છે. કોઈ પણ વસ્તુમાં બ્રહ્મભાવ થઈ જવાથી, જડમાં

ય બ્રહ્મ આવિષ્કૃત થાય છે તો પરેની નિતાન્ત પ્રીતિથી "પરેભૈયા" ઠાકુર પ્રકટ થાય તે સ્વાભાવિક જ છે ને ?

વાર્તા સાહિત્યમાં શ્રીગોકુલનાથજી અને હરિરાયજીની એવી મીઠી શૈલી છે કે કેટલીક વખત આપ બન્ને, એક જ વાકયમાં વાર્તાનો વિસ્તાર કરી દે છે. પરેની વાર્તાના પ્રારંભમાં હરિરાયચરણ આજ્ઞા કરે છે કે; "શ્રીગુસાંઈજીને ઈનકો મુગ્ધ જાનિ અપને ખેલ મેં રાખે." ખેલમાં એટલે લીલામાં સ્થિત કર્યા. પ્રભુની લીલા પ્રતિ, પુષ્ટિજીવે ભક્તિરૂપે response આપવો જોઈએ. પુષ્ટિભક્તિનો એક અનંત મહાસાગર વહી રહ્યો છે જેને અડકીને રહેલાં ભક્તિના અનેકવિધ કિનારાઓ પરેની વાર્તામાં દૃષ્યમાન થાય છે જેનાં દર્શન કરીએ. "**भक्तिमार्गे सर्वमार्ग वैलक्षण्यानुभूतिकृत**". સર્વમાર્ગમાં ભક્તિમાર્ગ વિલક્ષણ છે, તેમ ભક્તિસાગરનો એક એક કિનારો પણ વિલક્ષણ છે. શ્રીપ્રભુચરણનું આનું corresponding નામ છે : "**भक्तिकल्पद्रुमनवांकुरः**".

ભક્તિકલ્પવૃક્ષ એવા ગુસાંઈજીની કૃપાથી પરેનો સ્નેહ પ્રભુના રૂપને શોધે છે. આ એક psychology નો phenomena છે. ભક્તિ નિરૂપની ન થાય. તે રૂપને માંગે છે. રૂપની આવી માંગના અનુસંધાનમાં પરે, "પરેભૈયા" નામના ઠાકુરના રૂપના દર્શન માટે "ભક્તિના ધારણા" ના કિનારા પર રમણ કરે છે. તેથી પરેની ભક્તિનો ઉદધિ સર્વ પ્રથમ "ધારણા" ના કિનારા પર લહેરાય છે. જેનાં દર્શન કરીએ. - "**तहां वाने रसोई करी । पाछें दोई पातरि बराबरि की करि धरी । पाछें पुकारन लाग्यो, जो - परे भैया ! परे हो ! बेगि आऊ ।**" એના response માં "પરેભૈયા" નામક ઠાકુર ત્યાં ઉપસ્થિત થાય છે, જે કેવળ પરેના

ભાવથી ભાવિત છે. પરેની આ કેવળ ધારણા જ નથી, પણ પરેને પરેભૈયાના પુરુષોત્તમત્વ માટે નિશ્ચય પણ છે. "નિશ્ચયના મહેલમાં વસે મારો વ્હાલમો, જે જાય તેને ઝાંખી થાય." નિશ્ચય conclusion રૂપ છે. તેનું sourcing શ્રદ્ધા, વિશ્વાસ, રૂચિ આદિ ક્યાંયથી પણ થઈ શકે છે. તેથી જ પરેભૈયાની પાતળ તૈયાર કરી એમને પુકાર્યાં અને પરેભૈયા ન આવ્યા ત્યારે સાખ્યભાવના નિશ્ચયના આવેશમાં પરે કહે છે; **"जो-अरे भैया ! तू आवे तो आऊ । नहीं तो ये दोऊ पातरि तलाव में डारत हों । सो ऐसें कहि कै पातरि उठाई । सो तलाव में डारन लाग्यो । तब श्रीगोवर्द्धननाथजी मन में विचारे, जो-ये तो भोरो है । जो- श्रीगुसांईजी कौ वाक्य तो समझ्यो नाहीं। सो अब यह भूखन मरेगो । तो श्रीगुसांईजी कों खेलत में चैन न होंइगो । तब यह चित्त में विचारि कै श्रीगोवर्द्धननाथजी बेगि ही पधारे ।"** લીલામાં પ્રભુના અંતરંગ સખા એવા પ્રેમી ભક્ત પરેની threatening પણ પ્રભુને પ્રકટ કરનારી છે. પાતળ ફેંકી દઈશ તો પ્રભુ ભૂખ્યા રહેશે એવો પરેનો સ્નેહાત્મક પરોક્ષ ભાવ છે. એના પ્રતિસાદ રૂપે આત્મકામ પ્રભુને પરેના ભાવની પાતળ આરોગવાની ભૂખ જાગે છે. પરે, પાતળને જલમાં ન પધરાવી દે એના માટે પરેભૈયા ત્યાં તુરત પ્રકટ થાય છે. પરેની ચિત્તવૃત્તિ પરેભૈયામાં **तदर्थैकमानस** ની છે. એની ફલશ્રુતિરૂપે એમને **लभते सुदृढां भक्ति** સિદ્ધ છે.

પુષ્ટિભક્તિ જલધિના "રુચિ" ના કિનારે પણ પરે રમણ કરે છે. રુચિ આત્મરતિના context માંથી આવે છે. રુચિ ભકિતની કૃતિને ઉત્પન્ન કરનારી હોવાથી, આ ભક્ત, પોતાની અને પરેભૈયાની એમ બે પાતળ માંગી લાવવાની કૃતિ પ્રીતિથી કરે છે. વાર્તા કહે છે; પરેને **"भंडारी सों कह्यो,**

**जो-आज मोकों दोय पेटिया दीजियो । तब भंडारीने कह्यो, जो-आज दोय पेटियान कौ कहा करेगो ? तब ब्रजवासी ने भंडारी सों कहयो, जो - आज मोकों श्रीगुसांईजीने परे दियो है ।"** પરેની ભગવદ્ રુચિ ભક્ત્યાત્મક અને નિ:સીમ છે. પરે, આવી ભજનની ક્રિયાથી, સર્વવ્યાપી બ્રહ્મને પરેભૈયા નામના ભગવાન બનાવે છે અને ભજનથી પોતે ભક્ત બને છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પ્રત્યેક જીવમાં પુષ્ટિભક્તિનું બીજ છે કે નહિ તે જીવની રુચિ પરથી પરખાય છે.

"રુચિ" ઉપરાંત ભક્તિના "શ્રદ્ધા" ના કિનારા પણ આ વૈષ્ણવ વિરમે છે. શ્રદ્ધા aptitude મૂલક હોય છે, એમાં adventure નો spirit હોય છે. શ્રદ્ધાયુકત ભક્ત જ વિચારી શકે કે "આજનો લહાવો લીજિયે રે, કાલ કોણે દીઠી છે ?" પરેની આવી શ્રદ્ધાયુકત તત્પરતા જ પરેભૈયાને પ્રકટ થવા લાચાર બનાવી દે છે. તેથી, પરે માટે શ્રદ્ધા એ, જ્ઞાનમાંથી અજ્ઞાનમાં કૂદવાનો jumping board છે. આ ભક્તને કેવલ "પરે" નામના શબ્દનું જ્ઞાન છે અને શ્રદ્ધાના spring board પરથી ઊછળી આ વૈષ્ણવ, પરેભૈયા નામના ઠાકુરમાં jump લે છે. પરેની શ્રદ્ધાના કારણે જ, ઠાકુરજી એમની સંગ સૂરત પધારે છે. વાર્તા કહે છે, **"पाछें श्रीगोवर्धननाथजी ने कहीं, जो -सूरत तो आई । तब वा ब्रजवासी ने श्रींनाथजी सों कहयो, जो -भैया ! मैं तो सुन्यो है, जो-सूरत द्वै महिना कौ पैंडो है । सो आज तो आपुन एक ही दिन में आप पहोंचे हैं ।"**

ભક્તિનો એક કિનારો છે "શિંગાર" નો. પરે, પોતાના ઠાકુરને પોતાના ભાવના શિંગાર ધરે છે. શ્રીવિઠ્ઠલેશ પ્રભુ, ઠાકુરજીને સહેજ ટેઢા શિંગાર ધરાવે છે, તો એમના સેવક,

પરાત્પર પરબ્રહ્મને કહી દે છે કે જલદી આવ, નહિ તો તારી પાતલને ફેંકી દઈશ. ભક્તએ ધરેલા ભાવના આ સહેજ ટેઢા શિંગાર જ છે ને ?

અહીં કદાચ કોઈ પૂર્વપક્ષ કરે કે, "શ્રદ્ધા" માં તો પ્રભુ માટે આદર અને ભીતિ એમ બન્ને ભાવ સાહચર્યમાં રહેવા જોઈએ. તો અહીં, પરે, નિર્ભય બની પાતલ ફેંકી દેવાની વાત કેમ કરે છે ? એનું કારણ એ છે કે પરે, શ્રદ્ધા ઉપરાંત, વિશ્વાસના કિનારા પર પણ વિલસે છે. વિશ્વાસ અનુભવમૂલક હોય છે. વિશ્વાસમાં ભીતિનો અભાવ છે. પરેના વિશ્વાસનો વિસ્તાર કરતાં હરિરાયચરણ વાર્તામાં આજ્ઞા કરે છે કે; "**श्रीगुसांईजी की बानी स्वरूपात्मक हैं । सो जो-कोऊ जा भाव सों वाकों अनुसरत है, ताकों तेसें फलित होत है । सो या ब्रजवासी ने वा बानी कों भगवत्स्वरूप करि कै जानी । और वा पै दृढ विश्वास हू कियो । तातें श्रीनाथजी कों वा नाम तें आवनो पर्‍यो । तातें विश्वास ऐसो पदार्थ है ।**" ઠાકુરજી પ્રકટ થશે જ એવો પરેમાં વિશ્વાસ છે.

આચાર્યજીની દૃષ્ટિથી, પુષ્ટિભક્તિમાં ભીતિનું રહસ્ય એ છે કે, પ્રભુની મહત્તાની જીવને ભીતિ હોવી જોઈએ. પ્રભુ દંડ દેશે એની નહિ, કારણ પ્રભુએ આપેલો દંડ પણ ભક્તના હિતમાં જ હોય છે. વિશ્વાસ પ્રભુના માહાત્મ્યજ્ઞાનને ટકાવી રાખનાર છે. સેવામાં, પ્રભુને approach કેવી રીતે કરવા એ માહાત્મ્યજ્ઞાનથી સમજાય છે અને સ્નેહથી પુષ્ટિજીવ ભગવત્સ્વરૂપને experience કરીને માણી શકે છે. પરે અને પરેભૈયાનું સ્નેહસભર interaction અસ્ખલિત છે અને સુદૃઢ સખ્યભાવના કારણે પ્રભુ સાથેના વ્યવહારમાં પરેને ભીતિનો

અભાવ છે તેથી એ અનંતકોટિ બ્રહ્માંડના નાથને કહે છે; "तू तो अवेर बोहोत लगावत है । जो दारि - रोटी सीरी होइ गइ है । जो - ऐसो करेगो तो और दिन मैं तेरो सीधो न लाउंगो । जो-तू और काहू सों कराय लीजियो ।"

આચાર્યચરણ આજ્ઞા કરે છે કે પુષ્ટિમાર્ગને જીવવા કેવલ શ્રદ્ધા પર્યાપ્ત નથી પણ એને જીવવાની પુષ્ટિજીવમાં તૈયારી પણ જોઈએ. આનું નામ "નિષ્ઠા" છે. નિષ્ઠા એ ભગવાનમાં કરેલું એક commitment હોવાથી, એ પણ ભક્તિનો જ એક કિનારો છે. આવા commitment ના કારણે તો પરે એકલા જમતા નથી, પ્રભુ સાથે જમે છે, ચાલે છે, વાર્તા કરે છે. વાર્તા કહે છે; "सो श्रीगोवर्धननाथजी वा व्रजवासी के साथ बिलछू पे खेलत है ।" પરેભૈયા માટે પરેને, ધર્મ અને ધર્મી એમ બન્ને નિષ્ઠા છે. મહાપ્રભુજીની દૃષ્ટિથી નિષ્ઠા એટલે પ્રભુના સર્વ facet ને accept કરવાં.

ભક્તિના મહાસાગરની તરંગોમાં વિલસતી વખતે પુષ્ટિજીવને, પ્રભુને ખુશ કરવાની જે ભાવના જાગે છે, એ "આરાધ્ય" રૂપી કિનારાની ભાવના છે. પરેભૈયાને પ્રસન્ન રાખવા પરે સદા તત્પર છે. પોતાના પરેભૈયા જમ્યા વગર ભૂખ્યા ન રહે તેની કેટલી care પરે લે છે. સૂરતમાં બે સીધા માંગતાં પરે કહે છે; "मेरे साथ श्रीगुसांईजीने एक परे दियो है । तब वैष्णवने दो सीधा दिये ।" પરે ઠાકુરજીની કેવલ આરાધના જ નથી કરતાં પણ એમને કૃષ્ણમાં આરાધ્ય વિષયક રાગ છે, પ્રભુ વિના પરે નિતાન્ત બેચેન છે. "यच्च दुःखं यशोदाया" માં વર્ણવેલ ભાવ પરેમાં સ્થિત છે. પરેને "लभते सुदृढां भक्तिं सर्वतोप्यधिकां पराम् એવી ભક્તિની અદ્‌ભુત

દશા સિદ્ધ છે.

કૃષ્ણની અખંડ સ્મૃતિમાં પરે પુષ્ટિભક્તિમાર્ગીય જીવન જીવી રહ્યાં છે. તેથી ભક્તિસાગરના "ધ્રુવ અનુસ્મૃતિ"ના કિનારા પર પણ એમનો અભિસાર છે. અર્થાત્ પરે જે કાંઈ કરી રહ્યાં છે, તે કૃષ્ણ સ્મરણની સાથે કરી રહ્યાં છે, તેથી કૃષ્ણ પણ તેમની સાથે જ અખંડ સ્મરણ કરે છે.

પરેની ખૂબસુરતી તો એ છે કે એમણે દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ અને આત્માથી કૃષ્ણને ચાહ્યા છે, તેથી એમની અહંતા, મમતાદિ સર્વે ભક્તિના કિનારા પર વિલાસ કરે છે. મહાપ્રભુજીના પુષ્ટિભક્તિમાર્ગમાં દેહેન્દ્રિયાદિથી પ્રભુ સાથે પ્રેમ કરવો તે વાસના નહિ પણ ભક્તિ છે. "**कृष्णस्य सर्ववस्तूनि भूम्न ईशस्य योजयेत् ।**" તેના કારણે પરેને, પ્રભુનો તત્સુખ વિચાર છે. ભગવત્સુખ વિચાર સિવાય થતી સેવામાં સેવ્ય છે પણ આરાધ્ય નથી, આચાર્યજીનું **दुराराध्यो** નામ આનું પ્રતિપાદન કરે છે. પરેમાં **सुखसेव्यो** અને **दुराराध्यो** નામનું formidable combination છે. તદ્અનુરૂપ શ્રીગુસાંઈજીનું નામ છે **सुखसेव्यो व्रजेश्वरः** અને **दुर्दश्यो**.

ભક્તિનો એક અતિ મહત્વનો કિનારો છે નવધા ભક્તિ. જેમાં જીવ પ્રભુ સંગ કાયા, વાણી અને મનથી જોડાય છે. આ અવસ્થામાં ભક્તિનો મહાસાગર પરેની નવધાભક્તિમાં કેદ નથી થયો, પણ નવધાભક્તિ ભક્તિના મહાસાગરનો કિનારો બની ગઈ છે. પરે, પ્રભુના મૃદુલ વચનામૃતનું જ શ્રવણ મુખ્યત્વે કરે છે. કીર્તન અને સ્મરણ પણ એમનું જ. પરેની વંદન અને પાદસેવન ભક્તિ, કૃષ્ણ સંગ જોડાયેલી છે, દાસ્ય શ્રીગુસાંઈજીનું છે અને સખ્ય શ્રીગોવર્ધનનાથજીનું. પરેની

અર્ચન અને આત્મનિવેદન ભક્તિને વાર્તા અદ્ભુત રીતે સમજાવે છે; "**तब श्रीगुसांईजीने वा व्रजवासी सों पूछी, जो-अरे भैया ! तोकों पातरि करि देइ ? तब वा व्रजवासी ने कह्यो, जो-मैं तो तुम्हारी पातरि -बातरि समझत नाहीं हों । जो-मोकों तो तुम सीधा दोइ देऊगे तो तुम्हारे परे कों रसोई करि देउंगो ।**" પરેને પ્રભુને સમર્પિત રહેવું છે એટલે મહાપ્રસાદની પાતલ ન માંગતા સામગ્રીરૂપ સીધુ માંગે છે. જેથી પોતાના તનથી, મન લગાડીને ઠાકુરજીની સામગ્રી સિદ્ધ કરી ભોગ ધરે. પરેની ભક્તિ નવધાભક્તિથી ઊભરી આવીને પ્રેમલક્ષણામાં adict થઈ જાય છે. પરે કૃષ્ણના વ્યસની ભક્ત છે. **यदा स्याद् व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैव हि ।**

મહાપ્રભુજીની પુષ્ટિભક્તિની most preferable defination છે કે માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વતોધિક સ્નેહ. આમાં સ્વરૂપતયા પરે ને, પરેભૈયામાં અદ્વૈત છે અને લીલા દૃષ્ટિથી દ્વૈત છે. આ લીલાત્મક દ્વૈત દર્શનીય છે. વાર્તા કહે છે કે પરે, "**बिलछू पैं जाँय कै रसोई करतो । सो तहां श्रीनाथजी आरोगिवे कों पधारते । सो श्रीगुसांईजी श्रीनाथजी वा पैं ऐसी कृपा नित्य करते । हांसी खेल करते प्रसन्न रहते ।**" નિર્ગુણભક્તિમાં ભક્તની અંદર માહાત્મ્યજ્ઞાન અને સુદૃઢ સ્નેહ સ્થિર હોય પણ બહાર ન હોય, એને આચાર્યજી ભક્તિનું Perfection નથી કહેતા. તેથી જ પરેની બાહ્ય શોધ સદા પરેભૈયા માટે રહે છે. મહાપ્રભુજીની શ્રીમુખની વાણી છે કે "**बाह्याभावे आन्तरस्य व्यर्थतां ।**" પરેની પ્રભુ માટેની આ દ્વૈત અવસ્થા છે. શ્રીનાથજી જયારે પરેની સન્મુખ નથી ત્યારે પ્રભુનું સ્મરણ કરતાં પરે **आन्तरन्तुमहाफलम्** ની અદ્વૈત અવસ્થામાં વિલસે છે. પ્રભુના relation માં પરે ને આવો વિરૂદ્ધધર્માશ્રય સિદ્ધ છે.

પરેભૈયાના નામનું માહાત્મ્યજ્ઞાન હોવાથી, પરે, એ સ્થિતિમાં પરેભૈયાના ભેદના આગ્રહી છે અને સ્નેહમાં તાદાત્મ્ય હોવાથી એ અભેદાગ્રહી પણ છે.

ગીતાજી આજ્ઞા કરે છે કે "**यो माम् पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति तस्या अहं न प्रणस्यामि ।**" ભગવાન કહે છે કે, "મને જે સર્વ જગ્યાએ જુએ છે અને સર્વને મારામાં જુએ છે એના માટે હું કયારે ય પણ વિલુપ્ત નથી થતો." તાદાત્મ્ય અને માહાત્મ્યને આવરી લેતી આ ભગવદ્ઉક્તિ છે. નિત્યલીલામાં પરે, પરે જ રહે છે, ભગવત્સખારૂપે. ત્યારે તો નિત્યલીલા કહેવાઈ. પરેના ભાવની "અહીં" અને "તહીં" આવી અપરિચ્છિન્નતા છે. પરે અને પરેભૈયા એકબીજાની અંદર છે. પ્રભુને પોતાને અહંતા મમતા સમર્પિત કરવાથી, પ્રભુ પણ પોતાની सोऽहं ની અહંતા અને મમતા (રતિ) થી બંધાય છે. ભક્તિના મહાસાગરના "આત્મરતિ" નામના કિનારાની અહીં અવધિ છે. આત્મરતિમાં કયારેય પરે ને પોતાના સ્વરૂપની વિસ્મૃતિ નથી. પરે આત્મામાં પરમાત્માને જુએ છે અને પરમાત્મામાં પોતાના આત્માને.

પ્રભુને ચાહવાના ત્રણ steps આ વાર્તામાં સૂક્ષ્મ રીતે અભિવ્યકત છે. પ્રથમ વખત પરે જયારે ઠાકુરજીને બોલાવે છે, ત્યારે પ્રભુને, પરે પોતાના માટે ચાહે છે એટલે બોલાવે છે. ધીરે ધીરે પરેભૈયાને ચાહતા પરે, પ્રભુને પ્રભુ માટે ચાહવા લાગે છે, ત્યારે જ તો એ વાર્તાના અંતમાં ય, પોતાના અને પરેભૈયા માટે સીધુ માંગે છે. વ્યસન સિદ્ધ થયા પછી પરે, પોતાને પણ એના માટે ચાહે છે કારણકે ભગવાન એમને પ્રિય છે. ભગવદ્રતિના હેતુથી એમની આત્મરતિ પ્રકટ

થઈ ગઈ છે. "आत्मनस्तु कायाय सर्व प्रियं भवन्ति" પરે, પરેભૈયાના વશમાં છે અને એમના ઠાકુરજી પરેના. પરેની વાર્તા સમજાવે છે કે પ્રેમસેવાથી પ્રભુ પ્રકટ થાય છે, "પ્રેમસેવા કરે કરાવે, નંદસુત હિય મે રહે."

પરે, લોકાર્થી કૃષ્ણભક્ત નથી. તેથી સૂરતમાં સેવકીના રૂ. ૧૦ એમને આપે છે તે પણ એમને સ્વીકૃત નથી કારણકે લોકાર્થી માટે કૃષ્ણ ભજનીય કયારે ય ન રહે. પરે, કૃષ્ણાર્થી ભક્ત છે. કૃષ્ણાર્થી જ પ્રભુની personalityનો trait બની જાય છે. ભગવાનનો આત્મા બની જાય છે. પરેને ભક્તિમાર્ગીય તન્મયતા, પ્રભુમાં સિદ્ધ છે, ત્યારે યોગક્ષેમથી પ્રભુ એમનું સૂરતના પ્રસંગમાં વહન કરે છે. પરેની life કૃષ્ણના ચિંતનમાં insured છે.

પરેભૈયાની વાર્તા પુષ્ટિભક્તિમાર્ગના એક વિલક્ષણ રહસ્યને પ્રકટ કરે છે. આપણી ભક્તિના સામર્થ્યથી પ્રભુ પાસે ન પહોંચી શકીએ ત્યારે પ્રેમથી સમર્પણ કરનાર પુષ્ટિભક્ત માટે પ્રભુ સામે ચાલીને પધારે છે. પ્રભુ પાસે પહોંચવામાં એક procedure છે, ભગવાનના અંગીકારમાં નહિ. એનો લીલોપદેશ પરેભૈયાની વાર્તા કરે છે, કારણ પરેનું ચિત્ત પ્રભુમાં સદા પ્રવણ છે. એમને પ્રભુમાં નિરૂપાધિક સ્નેહ છે. unconditional love છે. ઠાકુરજીના સર્વાંગ માટે સ્નેહ છે, કેવલ ચરણકમલ સુધી સીમિત નથી. ભગવત્સેવા અને અનુરાગથી પરેનો સારો સંસાર ભક્તિમય બની ગયો છે. પરેની "આત્મ" માંથી પ્રકટ થતી અહંતા અને રતિમાંથી પ્રકટ થતી મમતા, ભગવન્મય થઈ ગઈ છે. વૈકુંઠમાં જયાં અહંતા-મમતાનો અભાવ છે, ત્યાં તેવું સુખ નથી, જે ભૂતલ પર રહીને પરે લઈ રહ્યા છે.

ભક્તિનો એક કિનારો જે પરે ભૈયાની વાર્તામાં વિલક્ષણ રીતે દૃષ્યમાન થાય છે, તે કિનારો છે, પોતાના પરિવાર સહિત ભગવત્સેવા કરવાનો. શ્રીગુસાંઈજીએ જેમને પોતાના ખેલમાં રાખ્યાં છે, એવાં પરે, શ્રીવિઠ્ઠલેશના પરિવારના સદસ્ય છે. તેથી પરિવાર સહિત ભગવત્સેવા ના કિનારા પર એમની ભક્તિ વિલસી રહી છે. એને અનુલક્ષીને વાર્તાના અંતમાં કહે છે; "तातें इनकी वार्ता कहां तांई कहिए ।"

એક ઉપસંહાર રૂપે કહિએ તો પરેભૈયાની વાર્તાનો મધુરભાવ ભારતેંદુ હરિચંદની એક પદપંક્તિમાં વિલક્ષણ રીતે પ્રતિબિંબિત થાય છે :

ચાહવે કી ચાહ, કાહુ કી ન પરવાહ,
નેહી નેહ કે દિવાને, સદા સુરત નિબાની કે ।
સરબસ રસિક કે, સુદાસ-દાસ પ્રેમીનકે,
સખા પ્યારે કૃષ્ણ કે ગુલામ રાધારાનિ કેં ॥

*********

## ગ્રંથ : નિરોધલક્ષણ
## ૮૪ વૈષ્ણવની વાર્તા - ૪૪ : ગોરજા - સમરાઈ

**"यच्च दुःखं यशोदायाः नन्दादीनां च गोकुले ।**
**गोपिकानां तु यद्दुःखं तद् दुःखं स्वान्मम क्वचित् ।"**

નિરોધલક્ષણ ગ્રંથનો પ્રારંભ યશોદાદિના વિરહની અવસ્થાનાં વર્ણનથી થાય છે, તેથી આ વાર્તાના પ્રારંભમાં જ સમરાઈના વિરહનું ચિત્રાંકન છે.

શરૂઆતમાં જ આ વાર્તા વલ્લભના એક વિલક્ષણ સિદ્ધાંતને સમજાવે છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે પ્રત્યેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે, ભગવત્સેવા ભક્તિભાવની ઓથમાં રહીને કરવી. પોતાના કોઈ એક ભાવથી obsses થઈને ન કરવી. સમરાઈ પણ સેવાનો પ્રારંભ, નિઃસ્વાર્થ ભાવથી અને શુદ્ધ હૃદયથી કરે છે. વાર્તા કહે છે; **"तब बहू प्रसन्न भई, जो-आजु मैं श्रीठाकुरजी कों श्रृंगार करुंगी, भोग धरोंगी ।_ _ _ _ (इहां) बहू बेगे न्हाइ के श्रीठाकुरजी कों मंगल भोग धरि पाछें श्रृंगार कियो । पाछे रसोई सगरी करि थार कटोरा साजि कें श्रीठाकुरजी कें आगे भोग धर्‌यो । टेरा लगाइ बैठी ।"**

ઠાકુરજીને, સમરાઈએ ભાવથી સામગ્રી ધરી. ભાવ એટલે ? અંગ્રેજીમાં જેને surrealistic કહે છે, એવી યથાર્થ અને અયથાર્થ અનુભૂતિથી અતીત, એવી "ભાવ" ની એક વિલક્ષણ અવસ્થા છે. લોકવેદાતીત પુરુષોત્તમ, ભાવની આવી અતીત અવસ્થાને માણે છે. તેથી જ, સમરાઈના ભાવાત્મક ઠાકુરજી, ભાવાત્મક ભક્તની, ભાવાત્મક સામગ્રીને સ્નેહથી

આરોગતી વેળા, ભાવથી માણે છે. એ માણતાં માણતાં સમરાઈના આનંદરૂપ સેવ્યસ્વરૂપને પરમાનંદનો અનુભવ થાય છે અને બીજા જ દિવસે પ્રભુ, સમરાઈને પોતાના રસરૂપ દર્શન કરાવે છે. વાર્તા કહે છે; "**तब बहू सों हास्य विनोद करि सब रस को अनुभव करायो ।**" સમરાઈના આવા પરમાનંદાત્મક રસની અવસ્થાના દર્શન કીર્તન પંક્તિથી કરી લઈએ.

"ઉજવલ રસકો યહ સુભાવ બાકી છબી છાવે ।
બંક ચહની, પુની કહની, બંક અતિ રસહી બઢાવે ॥"

સમરાઈએ સેવાની શરૂઆત નિરૂપાધિક સ્નેહથી કરી છે, કોઈ રસની અપેક્ષાથી નહિ. પરંતુ ભક્તના આવા નિશ્ચલ ભાવમાં વિભોર થઈને, જયારે પ્રભુનો ભાવ ઊભરાય છે, ત્યારે તે ભાવ, રસરૂપે બહિ:પ્રકટ થાય છે. સમરાઈના ભક્તિભાવના ચંદ્રએ, ઠાકુરજીના ભાવઉદધિમાં એટલી ભરતી લાવી દીધી છે કે, ઊછળતા રસના આવેગમાં, પૂર્ણકામ ઠાકુરજીથી રહેવાયું નહિ, ત્યારે નિજરસાવેશની વાત એમણે શ્રીવલ્લભને કરી દીધી; "**पाछें श्रीदामोदरजीं यह बात सगरी श्रीआचार्यजी सों कहें, जो-मोकों समराई बहोत सुख देत है ।**"

ભક્ત પર પ્રભુ કૃપા કરે, ત્યારે શ્રીયમુનાજીમાં, એક વીરરસાત્મક આનંદનો આવેશ પ્રકટ થઈ જાય છે. તેવો જ આવેશ, શ્રીવલ્લભના અંતરમાં ય આવિષ્કૃત થાય છે. વાર્તા કહે છે; "**सो बात श्रीआचार्यजीने मन में राखीं, जो-समराई आवेगी दरसन कों, तब पूछेंगे ।**" અંતર્યામી આચાર્યજીને સમરાઈને શું પૂછવું હશે ? પુષ્ટિસૃષ્ટિ પ્રત્યે પૂર્ણપૂરુષોત્તમના "અનુભાવ" ને પ્રકટ કરાવવા માટે તો શ્રીવલ્લભનો પ્રાદુર્ભાવ છે. "**तस्यैव आत्मानुभावप्रकटनहृदयस्य आज्ञया प्रादुरासित**". તેથી

જ, કેવા રમણીય અનુભાવ શ્રીદામોદરજીએ સમરાઈ પ્રત્યે પ્રકટ કર્યાં છે, એ જાણવાની આચાર્યચરણને એ વખતે સહેજ ભાવના થઈ જાય છે. તેમજ નિરોધની રસાવસ્થામાં, સમરાઈ પોતાના ઠાકુરજી સાથે કેવી રીતે વિલસે છે તેને સાંભળવાનો આહ્લાદ પણ કદાચ મહાપ્રભુજીને લેવો હશે, કારણકે આનંદરૂપ પરમાત્માને, પુષ્ટિજીવ પાસે સેવા કરાવીને, જીવને પરમાનંદનો અનુભવ કરાવવો, એ ય શ્રીમહાપ્રભુજીના અવતારનું ધ્યેય છે. આચાર્યજીને, સમરાઈ પાસે કદાચ એ પણ સાંભળવું હશે કે ઠાકુરજી, શ્રીવલ્લભના અવતારને, પુષ્ટિજીવોના માધ્યમથી કેવી રીતે માણી રહ્યાં છે. કૃષ્ણને કોઈ ભક્ત સુખ આપતું હોય, તે સાંભળીને, આચાર્યચરણને નિતાન્ત પ્રસન્નતા થાય છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ, ઠાકુરજીને પોતાના દેહ, ઈન્દ્રિય પ્રાણાદિથી સમર્પિત થઈને, પ્રભુને પરમાનંદમાં વિભોર કરી દે, એ આશયથી તો, મહાપ્રભુજી નિરોધલક્ષણ ગ્રંથમાં આજ્ઞા કરે છે કે;

**संसारावेशदुष्टानामिन्द्रियाणां हिताय वै ।**
**कृष्णस्य सर्ववस्तूनि भून्म ईशस्य योजयेत् ॥**

જીવનાં આ દેહ, ઈન્દ્રિય આદિ પ્રાકૃત છે. એની લૌકિકતાની care લેવા આચાર્યજી જીવને ખાસ ભલામણ કરે છે કે **अप्राकृत निखिलधर्मरूप** પ્રભુની સેવા, પુષ્ટિજીવે, અપ્રાકૃત એવા ભક્તિભાવથી કરવી. પ્રભુ દાન ન કરે ત્યાં સુધી જીવે ઠાકુરજી સાથે રસાત્મક સંબંધ જોડવાની ભાવના ન કરવી. આપણા મનુષ્યના દૃષ્ટિકોણથી, આપણા પ્રાકૃત ભાવોથી અપ્રાકૃત પ્રભુને જોવા જઈશું, તો આપણામાં કુત્સિત ભાવો આવી જશે અને પ્રભુને રસાભાસ થઈ જશે. અંતમાં આપણો બગાડ થશે. વાત્સલ્ય રસ, સાખ્યરસ કે કિશોર ભાવાત્મક

રસનો અધિકાર કૃષ્ણ સંગ વ્રજભક્તોનો છે. તેથી વ્રજભક્તોના ભાવથી, સાક્ષિભાવથી સેવા કરતી વખતે, કીર્તનાદિમાં કિશોરાદિ ભાવ પ્રકટ થાય, ત્યારે પુષ્ટિજીવે તેને ભક્તિ ભાવની સંચારી ભાવ રૂપે જ લેવાં, સ્થાયી ભાવ રૂપે નહિ. તેથી જ સર્વભવનસમર્થ ઠાકુરને, સમરાઈ, પ્રારંભમાં કોઈ એક રસમાં સીમિત કરવા નથી માંગતા, કે ન કોઈ એક ભાવનું સમરાઈએ fixation રાખ્યું છે. એમણે શુદ્ધ પ્રેમથી ભક્તિભાવથી સેવા શરૂ કરી, તો "મહદ્" એવા આચાર્યજીની કૃપાથી, ઠાકુરજીએ એમને રસભાવથી response આપ્યો અને તેના પછી સમરાઈએ, ઠાકરજીને. તેથી જ તો, સમરાઈના ભગવદીય સાસુ ગોરજાએ, ઠાકુરજી પાસે એમ ન માંગ્યુ કે પ્રભુ એમની સાથે પણ રસ વ્યવહાર કરે. મહાપ્રભુજીના માર્ગની આવી અદ્‌ભુત discipline છે. ગોરજા જાણે છે કે સમરાઈના ભાવની ચેષ્ટા કરવાથી, ગોરજામાં રહેલો ભાવ પણ ઓસરી જશે. ગોરજા પર પણ પ્રભુની કૃપા છે, ઠાકુરજીનો એમને ય સાનુભાવ છે.

"સગુણ સ્નેહી શામલા વ્હાલા." પુષ્ટિભક્તિમાર્ગના સગુણ બ્રહ્મની, નિર્ગુણભાવથી ભક્તિ કરતાં, પુષ્ટિભક્તમાં કૃપા થતાં, સગુણ ભાવ આવી જાય છે. આ અવસ્થામાં, પુષ્ટિભક્તમાં પ્રકટ થયેલો સગુણભાવ, **अप्राकृतनिखिलधर्मरूप** હોય છે. નિર્ગુણ ઉપાસનાથી પ્રભુના અલૌકિક ગુણો, પુષ્ટિજીવમાં આવે છે. આચાર્યજીના પથ પર, સમ્યક્ પથગામી એવા સમરાઈને આ process થી પ્રભુસંગ સદા રસભાવાત્મક સાક્ષાત્ વ્યવહાર થઈ ગયો છે, એ સંપૂર્ણ process ને, સમરાઈમાં અવસ્થિત જોઈને મહાપ્રભુજી વાર્તામાં આજ્ઞા કરે

છે; "ऐसे वैष्णवकों तो घर जाई के दरसन देनो उचित है, परन्तु कहा करिये, सरस्वती उल्लंघनि नाहीं ।" જેમ સમરાઈ એમના સેવ્યસ્વરૂપમાં નિરુધ્ધ છે, તેમ એમના ઠાકુર પણ સમરાઈમાં નિરુદ્ધ છે. સમરાઈનો વિયોગ ઠાકુરજી સ્વયં સહન કરી શકતા ન હોવાથી, મહાપ્રભુજી, સમરાઈને ઘેર જઈને એમને દર્શન આપવા ચાહે છે, સમરાઈને એમના ઠાકુરજીનો વિયોગ કરાવીને નહિ. જે સમરાઈને ઠાકુરજીએ શ્રીવલ્લભની કૃપાથી દાન કર્યું છે એ જ શ્રીવલ્લભ, નિઃસીમ દીનતાથી ચાહે છે કે સમરાઈના ઘેર જઈને જોવું કે સેવક, સેવ્યને કેવી રીતે સુખ આપે છે.

હવે વાર્તાનો scene સિંહનંદમાંથી થાનેશ્વરમાં shift થાય છે, શ્રીવલ્લભ બિરાજી રહ્યા છે. સેવાના એક અદ્ભુત માહોલમાં ગોકુલનાથજી, વાર્તામાં, સમરાઈની entry થાનેશ્વરમાં કરાવે છે. "तब बहु श्रीआचार्यजी के पास आइ दण्डवत् कियो । ता समय श्रीआचार्यजी रसोई करत हते ।" આ પ્રસંગમાં શ્રીવલ્લભનું जनशिक्षाकृते कृष्णभक्तिकृन् નામ પ્રકટ થાય છે અને પ્રભુચરણનું - श्रीकृष्णभक्तिप्रवर्तकः. આચાર્યજી, સેવા સંબંધિત સેવકોને કેવલ ઉપદેશ નથી આપતા પરંતુ સ્વયં પણ સેવા કરે છે, પોતાનું કૃષ્ણ માટેનું દાસત્વ પ્રકટ કરે છે.

ભક્તિભાવથી સેવાનો પ્રારંભ કરનાર સમરાઈ, જયારે ભોગ સરાવતી વખતે સામગ્રીને યથાવત્ જુએ છે ત્યારે એમનામાં વિરહ પ્રકટ થાય છે. વ્રજભક્તોના ભાવથી સેવાનો પ્રારંભ કર્યો, તો ઠાકુરજી, સમરાઈને, એમના ભાવના shade ને બહાર પ્રકટ થવા સહાય કરે છે. એ shade વ્રજભક્તોથી સહેજ હટીને પણ વ્રજભક્ત સમકક્ષ છે. નિરોધલક્ષણ ગ્રંથના

પહેલા શ્લોકમાં વર્ણવેલ યશોદાજી કે ગોપીજનોનો વિરહ ઠાકુરજીની વનાન્તરલીલા કે મથુરા અને દ્વારકાગમનના કારણે છે. સમરાઈને તો પોતાના ગૃહમાં ઠાકુરજી સામે બેસીને વિરહ થાય છે. એમને કૃષ્ણનો પ્રત્યક્ષ વિરહ છે. સમરાઈના ભાવના shadeના વિરહને પ્રકટ કરતાં વાર્તા કહે છે; "**महाराज मैं तो कछु जानत नाहीं, आपु क्यों नाहीं आरोगत ? सो रुदन करत जाय और मनमें कह्यो, कछु भारी अपराध पर्‌यो मोसों, सो श्रीठाकुरजी नाहीं आरोगे ।**" પહેલીવારના ભોગ વખતે સમરાઈએ દેહ અને ઈન્દ્રિય સમર્પિત કર્યાં તો બીજીવખતના ભોગમાં અવશ્ય પ્રાણ અને અંતઃકરણ સમર્પ્યાં હશે, નહિ તો આવું વિરહાત્મક રુદન કેવી રીતે થાય ? અને ત્રીજીવારના પ્રસંગમાં સમરાઈએ શેષ રહેલ આત્મા પણ સમર્પી દીધો છે. આવા આત્મનિવેદન પછી, સામગ્રીને યથાસ્થિત જોઈને, સમરાઈને મૂર્છા આવી જાય છે કારણકે હવે એમની પાસે પ્રભુને સમર્પિત કરવાં કાંઈ પણ રહ્યું નથી. એમની દશમાવસ્થા ન થાય એટલે ઠાકુરજી સિંહાસન પરથી ઊઠે છે. વાર્તા કહે છે કે; "**तब श्रीठाकुरजीं सिंघासन सों उठि अपनी झारी सों जल वाकों पिवायो । तब सावधान भई नेत्र खोले । सो वह बहू को दुःख श्रीठाकुरजी सों सह्यो न गयो ।**"

આમ સમરાઈનું સર્વાત્મના સમર્પણ છે. નિરોધાત્મક, સર્વાત્મભાવાત્મક છે. કેવલ સર્વાત્મભાવવાળા ભગવદીયો ને જ રાસનો અધિકાર છે. નિરોધની આવી અવસ્થાવાળા સમરાઈને તનુનવત્વ સિદ્ધ છે. આવા રાસાત્મક ભાવને પ્રકટ કરતાં ગોવિંદસ્વામી ગાએ છે કે; "દિજે દિવ્ય દેહ ગોવિંદ કો, ઈન દ્રગ નિરખો અનુદિન રાસ." સમરાઈના આવા રાસલીલાત્મક

અધિકારને અનુમોદન આપતાં શ્રીવલ્લભ સ્વયં એમને કહે છે; "**तब श्रीआचार्यजी समराई सों कहें, तेरी बात श्रीठाकुरजी श्रीदामोदरजी ने सगरी हमारे आगे कहीं । तोकों सब रस को अनुभव जतायो ।**" રાસપંચાધ્યાયીના પંચાધ્યાયને સૂચન કરતી ન હોય એમ વાર્તા કહે છે; "**या प्रकार पांच दिन लों नित्य श्रीठाकुरजी कों आपुने आगे आरोगायो ।**" શ્રીમહાપ્રભુજીની પણ **रासलीलैकतात्पर्य** વૃતિ હોવાથી એમના માટે સમરાઈ સમભાવી છે. આચાર્યજીના સર્વોત્તમજીના **रासलीलैकतात्पर्यः** નામનો અહીં પ્રકટ વિલાસ છે તો પ્રભુચરણનું corresponding નામ છે - **कृष्णलीलैक-सर्वस्वः**. આવા સમભાવી તાદૃશીય વૈષ્ણવના સત્સંગનો આહ્‌લાદ અનુભવતા શ્રીવલ્લભ સ્વયં સમરાઈને આજ્ઞા કરે છે કે; "**तब श्रीआचार्यजी कहैं ऐसे वैष्णव कों आज्ञा क्यों दीजिये ? सदा इनकी वार्ता सुनिये ।**" જેમ ગોપીજનોએ, યશોદાદિએ ઉદ્ધવજીના આગમનથી કૃષ્ણકથાનો મહોત્સવ મનાવ્યો, તેમ, સમસ્ત વ્રજભક્તોના ભાવ સમુચ્ચયયુકત શ્રીવલ્લભે, સમરાઈ જોડે, આવો કૃષ્ણ ગુણગાનનો ઉત્સવ મનાવ્યો. નિરોધલક્ષણ ગ્રંથની પંક્તિ કહે છે; "**उद्धवागमने जात उत्सवः सुमहान् यथा ।**" આવા સત્સંગના મહોત્સવનું એક બીજું ય વિલક્ષણ રહસ્ય છે. સમરાઈ શુદ્ધ પુષ્ટિના ભક્ત છે, કારણકે એમને પ્રભુ માટે સ્નેહ પહેલાં પ્રકટ થઈ ગયો છે અને પછી સમજ કે માહાત્મ્યજ્ઞાન. આચાર્યચરણનો માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વતોધિક સ્નેહ હોવાથી, આપ પુષ્ટિપુષ્ટિની અવસ્થામાં વિદ્યમાન છે. પુષ્ટિપુષ્ટિવાળા "સર્વજ્ઞને" ભગવદ્ વિરહનો આહ્‌લાદ વિશેષ માણવા માટે, રાજસ કે સમરાઈ જેવા તામસ ભક્તોનો સંગ આવશ્યક છે. તેથી જ આચાર્યજી સમરાઈનો સંગ ચાહે છે. વાસ્તવમાં શુદ્ધપુષ્ટિ કે પુષ્ટિપુષ્ટિની વચ્ચે કોઈ પણ ભેદ નથી. આ

એક અનિર્વચનીય કેવલ ભજનભેદ છે. "ભજનભેદ ન્યારો પરમાનંદ જાનત વિરલા કોઈ." નિરુધ્ધ શ્રીમહાપ્રભુજી અને એમની કૃપાથી નિરોધ ઉપલબ્ધ કરેલ સમરાઈ વચ્ચે થતાં ભગવદ્ ગુણાનુવાદની અવસ્થા ગ્રંથ સમજાવે છે.

**"सर्वानन्दमयस्यापि कृपानंदः सुदुर्लभः ।**
**हृद्गतः स्वगुणान् श्रुत्वा पूर्णः प्लावयते जनान् ॥"**

કૃપાનંદરૂપ શ્રીવલ્લભની કૃપાથી, સમરાઈમાં અખંડિત દૈન્ય છે; **"तब समराई दण्डवत् करि बिनन्ती (आचार्यजी सो) किये महाराज ! यह सब आपु की कृपा तें है । नहीं तो कहां श्रीठाकुरजी कहां हम संसारी जीव ? आपु की कानी तें श्रीाकुरजी हम सरीखी पर कृपा करत हैं । यह कहिकें चली । सो बहू की दैन्यता सुनि श्रीआचार्यजी बहोत प्रसन्न भये । जो-ऐसे वैष्णव दुर्लभ हैं । श्रीठाकुरजी जिनसों बोलें, तिन ही कों ऐसी दैन्यता होइ ।"** સમરાઈની નિઃસાધનતા અને દૈન્ય ઠાકુરજીના ઐશ્વર્ય અને વીર્ય ધર્મને પ્રકટ કરવા ઉદ્દીપન કરે છે, તેથી સમરાઈનો ક્ષણ વિરહ કે ઉપેક્ષા પ્રભુ સહન કરી શકતા નથી. મહાપ્રભુજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે; **"ऐश्वर्यं विलम्बं न सहते न चोपेक्षते ।"** આવા ભગવદીય પાસે પ્રભુ ટેરો રાખી શકતા નથી. વાર્તા કહે છે; **"तब श्रीठाकुरजी कहें, अब तू टेरा काहे कों लगावत है ?"** આવી દીનતાના કારણે સમરાઈમાં ઠાકુરજી માટે ઉત્તરોત્તર અધિકાધિક સ્નેહ પ્રકટ થતો જાય છે. **"तस्या दीनत्वेन स्नेहातिशयात्."** દીન જન માટે પ્રભુનો સ્નેહ વધે છે અને આવો સ્નેહ એવા જીવમાં પ્રતિબિંબિત થઈને, પ્રભુની તરફ ભક્તિરૂપે પાછો અભિગમન કરે છે.

વાર્તાના અંતમાં ગોકુલનાથજી કહે છે કે; "**सो सास बहू ऐसे भगवदीय श्रीआचार्यजी के सेवक कृपापात्र है ।**" ભગવદીય એટલે ? જેમણે પોતાની અહંતા અને મમતાને સદા પ્રભુ સાથે જોડી હોય તે ભગવદીય. આ સાસુવહુની અવસ્થાના દર્શન નિરોધલક્ષણ ગ્રંથ કરાવે છે -

**"हरिमूर्तिः सदा ध्येया संकल्पादपि तत्र हि ।**
**दर्शनं स्पर्शनं स्पष्टं तथा कृतिगती सदा ॥**
**श्रवणं कीतनं स्पष्टं पुत्रे कृष्णप्रिये रतिः ।**
**पायोर्मलांशत्यागेन शेषभागं तनौ नयेत् ॥"**

આવી અવિરત ભાવભાવનાથી પ્રભુ સંગ રમણ કરતાં સમરાઈ અને એમના ઠાકુરજી, એકબીજામાં એવા પ્રગાઢ રીતે નિરુદ્ધ છે તેના દર્શન હરિશ્ચંદ્રજીની આ પદ પંક્તિમાં કરી લઈએ;

"કાન ભયે પ્રાણમય, પ્રાણ ભયે કાનમય ।
હીય મે ન જાનિ પરે, કાન હે કે પ્રાણ હે ॥"

*********

## <u>ગ્રંથ : વિવેકધૈર્યાશ્રય</u>
## <u>૮૪ વૈષ્ણવ વાર્તા - ૭૬ : સંતદાસ ચૌપડા</u>

વાર્તાના પ્રારંભમાં જ શ્રીમહાપ્રભુજી સંતદાસજીને આજ્ઞા કરે છે કે; **"और कछू दिन में तेरो सगरो द्रव्य नास होइगो । जो द्रव्य श्रीठाकुरजी में लगावेगो सो रहेगो । परन्तु श्रीठाकुरजी को वैभव बढावे (पाछे) जब द्रव्य, न होई तब वमे तें खानपान करे सो बहिर्मुख होई । सो तू विवेकधैर्याश्रय राखि धीरज धारियो, तू दैवी है । सो तोसों धर्म निबहेगो । और सों कठिन हैं । मैं तेरे ऊपर प्रसन्न हों, तातें तोकों लौकिक बाधा न करेगो ।"** કોઈ પણ જીવ આચાર્યજીના શ્રીમુખથી કેવળ એટલું જ સાંભળે કે થોડા દિવસમાં જ એના સર્વ દ્રવ્યનો નાશ થશે, એમાં તો એનો વિવેક ધ્રૂજી જાય. એવા જીવને મહાપ્રભુજી જો એમ કહે કે નિર્ધનતાના પ્રસંગમાં ઠાકુરજી માટે ફાળવેલા વૈભવમાંથી એને ખાનપાન ન કરવું તો એ સાંભળીને એવા જીવનું ધૈર્ય કંપાયમાન થઈ જાય અને એવો સમય વાસ્તવમાં આવે ત્યારે એનો ભગવદાશ્રય શિથિલ થઈ જાય. આવા extremityના માહોલમાં સંતદાસજીએ વિવેક, ધૈર્ય અને આશ્રયને સહજતાથી નિભાવ્યો, એ કેવલ મહાપ્રભુજી-ગુસાંઈજીની કૃપાની ફલશ્રુતિ છે.

ગૌડ દેશના નારાયણદાસે, સંતદાસજીની નિષ્કિંચન અવસ્થા જોઈને એક મહોરની હૂંડી મોકલાવી, ત્યારે આ ભગવદીયે એ હૂંડીને શ્રીગુસાંઈજીને મોકલી આપી અને પોતાની સત્તાની અઢી પૈસાની કમાઈમાંથી એક ટકો કાસદને આપ્યો. એ કારણે સંતદાસ, પોતાની સત્તાની કમાઈમાંથી, એ દિવસે, ઠાકુરજીને રાજભોગ ધરાવી ન શકયા એનું એમને નિતાન્ત

દુ:ખ રહી ગયું અને ઠાકુરજીના દ્રવ્યમાંથી ધરેલા ભોગનો એમણે પ્રસાદ પણ ન લીધો. સંતદાસજીની વિવેકધૈર્યાશ્રયની આવી મહદ્ સિદ્ધિની સરાહના કરતાં શ્રીહરિરાયજી ભાવ પ્રકાશમાં આજ્ઞા કરે છે. **"या प्रकार संतदास विवेकधैर्याश्रय को रूप दिखाये । विवेक यह, जो - श्रीगुसांईजीं कों हुंडी पठाई, अपनी सेवा न भई, राजभोग को नागा जाने । धैर्य यह, जो - श्रीठाकुरजी के द्रव्य को खानपान न किये । आश्रय यह, जो - मनमें आनन्द पाये। दुःख क्लेश न पाये ।"** વિપરીત પરિસ્થિતિમાંય જીવમાં પ્રભુનો આનંદ વિચલિત ન થાય, એ પુષ્ટિજીવના દૃઢાશ્રયનું વિલક્ષણ લક્ષણ છે. આચાર્યજીએ સમજાવેલ આશ્રયનું સ્વરૂપલક્ષણ છે; **ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः ।** એવા આશ્રય દ્વારા, મહાપ્રભુજીએ જીવને એના સર્વ negative ને ખમવાની સક્ષમતા પ્રદાન કરી છે, તથા પુષ્ટિજીવમાં પ્રકટ થયેલ આનંદના અવિષ્કારને સુરક્ષિત રાખવાનીય સમર્થતા બક્ષી છે. અતિ રોમાંચિત થઈને, આવા સૂક્ષ્મ રહસ્યને પ્રકાશિત કરતાં શ્રીગુસાંઈજી, તેમની પાસે બેઠેલા વૈષ્ણવોને કહે છે, **"सन्तदास श्रीआचार्यजी के सेवक हैं । इनको विवेक, धैर्य, आश्रय इनहीं सों बने । _ _ _ सन्तदास बडे भगवदीय है, ऐसो आश्रय वैष्णव कों करनो, जैसे सन्तदास नें कियो ।"** આનંદાંશ પ્રકટ થઈ ગયા પછી પણ સંતદાસની ભક્તિ કે આશ્રયનું વિલોપન થતું નથી. શ્રીવલ્લભની પરિભાષામાં આ ભગવદીયની અવસ્થા આશ્રયભાવાપત્તીની છે, અર્થાત્ વ્યસનોત્તર કૃતાર્થતાની છે. વ્યસનોત્તર કૃતાર્થતા એટલે ? આવા વ્યસન અવસ્થાના સેવકને નિરખીને, સેવ્યસ્વરૂપ સ્વયં કૃતાર્થતા કે સૌભાગ્યમદ માણે છે કે મારા આવા ભક્ત જેવો બીજો કોઈ દેવનો ભક્ત નથી. અર્થાત્ સેવકની વ્યસનોત્તર અવસ્થા જોઈને સેવ્ય કૃતાર્થ

થઈ જાય છે. નિર્ગુણ ભક્તિથી પ્રારંભ કરેલ સગુણ પ્રભુનું ભજન, "કીટ ભ્રમર ન્યાયથી", આવા ભક્તને ધીરે ધીરે સગુણ કે પ્રભુ જેવા સર્વગુણ સંપન્ન બનાવી દે છે. આવી ઉત્તમ સગુણ ભક્તિના કારણે, લીલા પ્રવેશ કરતી વખતે આવા ભગવદીયો soft landing કરે છે. નદી, સમુદ્રમાં crash landing કરે એવી સાયુજયની અવસ્થા જ્ઞાનીઓની હોય છે, પરંતુ ભક્તિની સરિતામાં વિહરતાં સંતદાસજી, એક મત્સ્ય જેવા છે. સરિતા, સમુદ્રમાં પ્રવિષ્ટ થઈ જાય (crash landing કરી લે) પછી એની સાથે વહેતી માછલી પોતાનું અસ્તિત્વ ગુમાવ્યા સિવાય, બહુ જ soft landing સમુદ્રમાં કરે છે. આ વાર્તા, સંતદાસજીના નિત્યલીલામાં થયેલ soft landing નું અદ્‌ભુત description આપે છે; "**तब सन्तदास् वैष्णवन सों कहें, अब तुम सब चुप होइकें मेरी बात सुनों । तब सब वैष्णव चुप ह्वै गये । तब सन्तदास कहे, जो - एक समें श्रीगुसांईजी को जन्म दिन हतो । ता दिन में श्रीगोकुल गयो । सो श्रीगुसांईजी केसरि स्नान करि केसरी धोती पहरि केसरी उपरना झटकिकें ओठत हते । तब मैं जाय दंडोत कियो । तब श्रीगुसांईजी कहें, सन्तदास अब आये ? मोकों पाछे आयो जानि जल मंगाई प्रभु चरणोदक दिये । या ध्यान वा समें को करि देह छोडि लीला में प्राप्त भये ।**"

સંતદાસ જેવા મહાનુભાવી અને પ્રભુમાં કાંઈપણ ફરક નથી. સંતદાસની વાર્તામાં આ ભાવ પ્રકટ કરતાં રસખાનજી ગાએ છે;

"હરિ કે સબ આધિન, પૈ હરિ પ્રેમ આધિન ।<br>યાહી તે હરિ આપહી, યાહી બડપ્પન દીન ॥"

વાર્તામાં ઠાકુરજી સ્વયં મહાદેવજીને કહે છે, "**वासों जाय कहियो**

जो तेरे घर हरिभक्त पुत्र होइगो । सो सगरे कुटुम्ब को उद्धार करेगो । एसे भगवदीय लीला सम्बन्धी जीव मेरे बराबर को प्रगटेगो ।" સંતદાસજીમાં વિવેક, ધૈર્ય, આશ્રય અને ભગવદાસક્તિરૂપ ચાતક ભાવાદિનું લીલાત્મક explosive combination છે.આવી massive synergy કલિકાલમાં દુ:સાધ્ય છે એ દર્શાવતાં ગ્રંથ આજ્ઞા કરે છે કે "कलौ भक्त्यादिमार्गा हि दुःसाध्या इति मे मतिः ।"

આચાર્યજીના ગ્રંથનું પાન કરનાર સંતદાસજી પોતાને બ્રહ્માત્મકરૂપે જાણે છે, છતાંય ઠાકુરજીની પ્રસાદરૂપા શક્તિ એમનામાં વિદ્યમાન હોવાથી, યમુનાજીની જેમ, એ પ્રભુની ભક્તિ અને દાસત્વ કરે છે. સંતદાસજીમાં પ્રભુનું માહાત્મ્ય એટલું ઊછળી નથી આવ્યું કે એમને ભગવાન સાથેનો તાદાત્મ્ય વિસ્મૃત થઈ જાય અથવા તો એમના તાદાત્મ્યની degree એટલી વધી નથી ગઈ કે કૃષ્ણનું માહાત્મ્ય જ ભૂલી જાય. સંતદાસજીના નિર્ગુણભાવનું આવું વિલક્ષણ balance છે, જે મહાપ્રભુજીને અભિપ્સિત છે. વાસ્તવમાં તો આ ભગવદીય, સર્વ દ્વૈતાનુભૂતિને ભગવલ્લીલા માને છે. સંતદાસજી આનંદને સાકાર સમર્પિત માને છે. જેથી કોઈપણ સંજોગોમાં એમની ભક્તિ disturb થતી નથી.

વિવેકધૈર્યાશ્રયગ્રંથમાં સૂચિત થયેલ દૃઢાશ્રયને સંપાદન કરેલ સંતદાસજીના અંત:કરણની નઝર, હંમેશા ભગવત્કૃપાનો પહેલુ જોતી હોય છે, તો સંતદાસના સેવ્યસ્વરૂપની દૃષ્ટિમાં, સદા સંતદાસના સાધનનો પહેલુ રહેલો હોય છે. આ બન્નેમાં દ્વૈત નથી પણ એક intimate relation છે. આવા સ્નેહાત્મક તાણાવાણાને સમજનાર પુષ્ટિભક્ત એમ કયારેય નહિ વિચારે કે આપણા પ્રમેય માર્ગમાં પ્રમાણની શી જરૂર કે નિ:સાધન

ફલાત્મા એવા પુષ્ટિપ્રભુ પાસે સાધનની આવશ્યકતા શી ? કોડી વેચવી વગેરે સંતદાસે કરેલ પ્રભુ માટેનું સાધન, સંતદાસના સેવ્યસ્વરૂપ પ્રત્યેના સ્નેહનું પ્રમાણ બની જાય છે અને સંતદાસે, આચાર્યજીની વાણીના પ્રમાણથી સમજેલ પ્રમેય, એમના પ્રભુ માટે, કૃપા કરવાનું એક સાધન બની જાય છે. મહાપ્રભુજીનાં ગ્રંથો, સંતદાસજીને ભક્તિમય જીવન પ્રણાલી જીવવાનું પરમ પ્રમાણ છે અને ભગવત્સેવા (including કોડી વેચવી) એ એમના ભગવદ્ રૂપ જીવનનું સાધન છે. પ્રત્યેક સાધનમાં સાધ્ય અવસ્થિત છે અને પ્રત્યેક પ્રમાણમાં પ્રમેય. તેથી જ, જેને પ્રમેય નથી જોઈતો તે જ પ્રમાણને નકારે છે અને જેને ફલ નથી જોઈતું તે સાધનની ઉપેક્ષા કરે છે. સંતદાસને પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ એમ ચારેય અભિષ્ટ છે.

મહાપ્રભુજીના ગ્રંથના પ્રમાણથી સંતદાસજીએ ભગવાનના માહાત્મ્યને સમજીને "**निजेच्छातः करिष्यति**" ના વિવેક ને સિદ્ધ કર્યો છે, અને ભક્તિમાર્ગીય સાધન કરવા છતાં ય શ્રીવલ્લભના ગ્રંથના અવગાહનથી એમણે ધૈર્યના સ્વરૂપ લક્ષણને અંતરમાં સ્થિત રાખ્યું છે. "**त्रिदुःखसहनं धैर्यमामृतेः सर्वतः सदा .**" સંતદાસજીએ આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એવા ત્રણેય દુ:ખને સહન કર્યું. દ્રવ્યનો નાશ થયો એના લૌકિક દુ:ખને એમણે સહજતાથી સહન કર્યું. કાસિદને એક ટકો આપી રાજભોગમાં નાગા થઈ એ એમના ભગવદ્ ધર્મરૂપ આધ્યાત્મિક મનની સહનશીલતા છે. સંતદાસજીના ઠાકુરજી કયારેય ભૂખ્યા ન રહે અને સદા વૈભવ સહિત બિરાજે એવા આધિદૈવિક દુ:ખના નિવારણ માટે એમણે પૂર્વ તૈયારી કરી દીધી. વાર્તા કહે છે; "**तब श्रीठाकुरजी की सेवा में मंडान श्रीठाकुरजी के द्रव्य सों राखें । और श्रीठाकुरजी के द्रव्य में**

**ते चोबीस टका पूँजी करि कोडी बेचते ।"**

**निजेच्छातः करिष्यंति** ના ભાવનો process સમજવા જેવો છે. પ્રતિકૂલ સંજોગોમાં પુષ્ટિજીવને એવો ભાવ સિદ્ધ થાય કે સર્વ ભગવદ્ ઈચ્છાથી થાય છે, ત્યારે એને પ્રભુમાં વિશ્વાસ આવે છે અને અનુકૂલ સંજોગોમાં સર્વ ભગવત્કૃપાથી થાય છે, એવો ભાવ ઉપલબ્ધ થાય છે ત્યારે વૈષ્ણવનું દૈન્ય નિખાર પામે છે. **एवं चिते सदा भाव्यं वाचा च परिकीर्तयेत्** એ ભાવ સંતદાસને અવિચલ છે. આવી રીતે ભગવલ્લીલામાં જે જીવનું tunning ન થયું હોય એમણે આચાર્યજીએ બતાવેલ વિવેક, ધૈર્ય અને આશ્રયના માર્ગે જવું. એ પ્રક્રિયામાં **निजेच्छातः करिष्यंति** ના ભાવનું અનુસંધાન કરતી વખતે પુષ્ટિજીવે પ્રભુની કોઈપણ કૃતિનું નિરાકરણ ન કરવું. જીવથી વિવેક, ધૈર્ય અને ભક્તિ નીભે કે ન નીભે તો પણ સર્વસ્થિતિમાં આશ્રય સ્થાયી રહેવો જોઈએ.

સંતદાસજીની વાર્તામાંથી એક વિલક્ષણ લીલોપદેશ થાય છે. સંસાર, અભ્યુદય, નિઃશ્રેયસ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ સર્વ ભક્તિના અંગરૂપે રહેવા જોઈએ. તેથી જ કોડી વેચતી વખતે સંતદાસજીએ પોતાનો અભ્યુદય એટલો ન સાધ્યો કે એમની એ કૃતિના કારણે એ ભક્તિને relish ન કરી શકે. વિવેકધૈર્યાશ્રય ગ્રંથ કથિત **प्राप्तं सेवेत निर्ममः** ની અવસ્થામાં સંતદાસજી વિરમે છે. વાર્તા કહે છે; **"सो अढाई पैसा नित्य कमाते । आप बैठे पोथीं देखते ।"** સંતદાસજીના, ભક્તિરૂપી વૃક્ષના મૂળિયાં આત્મરતિમાં છે, તેથી એમને ભગવલ્લીલા સિદ્ધ છે. બ્રહ્મવાદથી બોધિત થયેલ પ્રભુના માહાત્મ્યજ્ઞાનના કારણે સંતદાસજીને પ્રભુના અંશાશીભાવની

અદ્વૈતની અનુભૂતિ સ્થિર છે. તેથી એમને કયારેય ધીધાવાનો પ્રસંગ નથી આવ્યો. આ માહાત્મ્યજ્ઞાન પણ એમની આત્મરતિમાંથી પ્રકટ થયેલ છે.

આ દૃષ્ટિથી જોઈએ તો શ્રીકૃષ્ણએ, મહાપ્રભુજીની ભક્તિનું અખિલ રહસ્ય જે ગોપીજનો ને સમજાવ્યું, તે જ સંતદાસજીને ય સિદ્ધ છે. "आत्मत्वाद् भक्तवश्यत्वाद् सत्यवक्तत्वाद् स्वभावतः ।" સંતદાસજીની આત્મરતિના કારણે એમને आत्मत्वाद સહેજ સિદ્ધ છે. એમની ભગવદ્ રતિ કયારેય વિફલ નથી ગઈ કારણકે એમના ઠાકુરજી એમને વશ છે; भक्तवश्यत्वाद्. પ્રભુના ગૂઢ સ્ત્રીભાવના માહાત્મ્યને સમજી, સંતદાસજી પ્રભુમાં એક રસ થઈ વિલસે છે. વાર્તા કહે છે; "संतदास श्रीआचार्यजी के ग्रन्थ के अनुसार सेवा किये । और रस में मगन रहते ।" સંતદાસજીને અધિન થઈને એમના ઠાકુરજી ગર્વ લે છે. અખિલ સૃષ્ટિને બ્રહ્મવાદ દૃષ્ટિથી ભગવલ્લીલા માનનાર સંતદાસજીને "બ્રહ્મરતિ" સ્થિર છે. બ્રહ્મવાદના કારણે એમને સુસ્પષ્ટ થઈ ગયેલ બ્રહ્મરતિ એમને सत्यवक्तत्वाद् શબ્દની સિદ્ધિ કરાવે છે. એમના ઠાકુરજી એ સંતદાસના સ્વભાવ પ્રમાણે એમની સાથે સાધારણીકરણ કર્યું છે, એને ઉદ્‌ઘોષિત કરતો શબ્દ છે "स्वभावतः" આવી અખિલાંગતાને વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં આચાર્યજી કહે છે; "कलौ भक्त्यादिमार्गा हि दुःसाध्य ." અર્થાત્ ભક્તિ સાથે આવા અખિલાંગમાં વિલસવું દુઃસાધ્ય છે.

આનો સારાંશ એ છે કે બ્રહ્મવાદમાં સ્થિત સંતદાસજી, અભેદમાં ભેદની મઝા લઈ, નિર્ગુણ ભક્તિને માણી રહ્યા છે. આચાર્યજીને અભિષ્ટ એવી આત્મરતિ અને પરમાત્મરતિના ભાવમાં સંતદાસજી સ્થિત છે. સંતદાસજીનો સર્વ વ્યવહાર

ભક્તિના અંગરૂપે છે તેથી એમની આત્મરતિ અચલ છે અને એમની મન, બુદ્ધિ, ક્રિયા, ભગવદ્ અર્થ સમર્પિત હોવાથી એમની ભગવદ્રતિ પણ અવિચલ છે.

ગ્રંથમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે; **चातक भाव** આ ભાવને સંતદાસજીનું અંગ અંગ અનુભવિત કરે છે. સંતદાસજીની આંખોને કૃષ્ણદર્શનની ચાહના છે, કાનને ઠાકુરજીની બંસી સાંભળવાની, હાથમાં સેવા માટે ખૂજલી છે. એમને એવી લાલસા થાય છે કે ઠાકુરજીને કયારે સ્પર્શ કરું. મહાપ્રભુજી કહે છે કે આવા નિરોધના ભાવથી મોટું કોઈ તીર્થ, મંત્ર કે સ્તોત્ર નથી.

સંતદાસજીના **ब्रह्मास्त्र चातको भाव्यो** દર્શનીય છે. એમને શ્રીવલ્લભની વાણીમાં એટલો દૃઢ વિશ્વાસ છે કે એ વાણીને એ બ્રહ્માસ્ત્રથી પણ અત્યધિક માને છે. મહાપ્રભુજીની વાણીના પ્રતાપબલથી, પ્રભુના ચિદંશરૂપે ભક્તિની શરૂઆત કરનાર સંતદાસજીમાં આનંદાંશ પૂર્ણતયા પ્રકટ થઈ જાય છે. આ વાર્તાનો નિષ્કર્ષ એ છે કે શ્રીમહાપ્રભુજીના બતાવેલા પંથ પર ચાલનારની responsibility શ્રીવલ્લભ સ્વયં લે છે. સંતદાસજીએ આચાર્યજી પાસે માગ્યું કે એમને ઠાકુરજીનો અનુભવ થાય, સંસારનું સુખ દુ:ખ બાધા ન કરે, શ્રીવલ્લભનું સ્વરૂપ હૃદયારૂઢ થાય અને પુષ્ટિમાર્ગીય ફલનો અનુભવ થાય. સંતદાસજીનો આ મનોરથ આચાર્યચરણે આપના ગ્રંથો દ્વારા પૂર્ણ કર્યો. વાર્તા કહે છે; **"तब श्रीआचार्यजी संतदास कों "पुरुषोत्तामसहस्त्रनाम" पढाये । और आपुंने ग्रन्थ किये हते सो पोथी संतदास कों देकें कहें, तुमको यह ग्रन्थ द्वारा सब मनोरथ पूर्ण होइगो ।"**

******

## ગ્રંથ : સેવાફલ

## ૮૪ વૈષ્ણવ વાર્તા - ૬૧ : "વીરબાઈ"

સેવાફલ ગ્રંથના રહસ્યને પ્રતિબિંબિત કરતી આ વાર્તા છે.

ઉત્કૃષ્ટ પ્રકારના ભગવદીયોને અવિચ્છિન્ન નિર્વિકારી સેવારૂપી ફલ આપવામાં પ્રભુ વિલંબ કરતા નથી. આ રહસ્યને પ્રકાશ કરવા શ્રીમહાપ્રભુજી, સેવાફલ ગ્રંથમાં આજ્ઞા કરે છે કે; "**पुष्टौ नैव विलम्बयेत् .**" સેવાફલ સંપાદન કરવામાં, વીરબાઈને વિલંબ થાય, તે આચાર્યજી સહન કરી શકતા ન હોવાથી, આ વાર્તામાં "પુષ્ટિના" વિવિધ પહેલુઓનાં વિશાલ ફાલના અદ્‌ભુત દર્શન થાય છે. જેમકે, પુષ્ટિ, કરુણા, કૃપાલુતા, દયાલુતા, અનુગ્રહ, અંગીકાર, અનુકંપા વગેરે. આચાર્યજીના આ સર્વગુણોમાં, ભગવાનના આનંદના સ્વભાવનો જ બહુરંગી અનુભાવ છે, કારણકે પ્રભુના અનુભાવ અભિવ્યક્ત કરવાના pressureમાં તો શ્રીમહાપ્રભુજીનો અવતાર પ્રકટ થઈ જાય છે. આવા પુષ્ટિના વિવિધ shadesને સુક્ષ્મ રીતે introduce કરતાં મહાપ્રભુજી, ગ્રંથના પ્રારંભમાં જ આજ્ઞા કરે છે કે; "**फलं वा ह्यधिकारो वा न कालोऽत्रनियामकः ।**" સેવામાં ફલ પ્રકટ થાય એના માટે કાલ નિયામક નથી પણ પ્રભુની પુષ્ટિ નિયામક છે. આવી રીતે આ વાર્તામાં "પુષ્ટિ"ના delicate shades of nuances આવિષ્કૃત થવાના છે, ત્યારે, એની સાથે, અનાયાસ, શ્રીવલ્લભના વીરબાઈ પ્રત્યેના "સમજ, ભાવ અને કૃતિ" નું પણ સમ્યક્ દર્શન સહેજમાં થઈ જવાનું છે.

શ્રીવલ્લભની "પુષ્ટિ"નું એક સ્વરૂપ છે "કરુણા". તેથી જ, સર્વોત્તમજીમાં આચાર્યચરણનું નામ છે "महाकारुणिक ." આના અનુસંધાનમાં શ્રીવિઠ્ઠલેશનું નામ છે "दासदासीप्सित प्रदः" તો કરુણા એટલે ? પુષ્ટિજીવની તકલીફનું દર્દ શ્રીઆચાર્યજીને થાય, એ શ્રીવલ્લભની કરુણાનું સ્વરૂપ છે. જેમકે ભક્તિ માટે sincerely પ્રયાસ કરતાં પુષ્ટિજીવને, જયારે ભક્તિ પ્રાપ્ત થતી ન હોય, ત્યારે આવા જીવને જે દુઃખ થાય છે, તે મહાપ્રભુજીનું દુઃખ બની જાય છે. વીરબાઈની વાર્તાની શરૂઆતમાં જ, દ્રવ્ય ચોરાઈ જવાથી, વીરબાઈનાં નેત્રમાંથી સ્ત્રવતાં અશ્રુઓ, મહાપ્રભુજીના મૃદુલ હ્રદયને દ્રવિત કરીને કરુણાનો ભાવ ઉદ્દીપન કરે છેઃ વાર્તા કહે છે; "तब श्रीआचार्यजी को दया आई । कहें, रोवे मति श्रीठाकुरजी सब आछी करेंगे ।"

આચાર્યજીની કરુણાનું second phase છે, "અનુકંપા". વીરબાઈના દુઃખથી, આચાર્યચરણના હ્રદયમાં જે કંપન થાય છે, તે આપની અનુકંપા રૂપે બર્હીપ્રકટ થાય છે. અને શ્રીવલ્લભ કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરે છે કે; "चोरन नें धूरि में पेटी गाडी हैं । सो जायकें याकों बताय आऊ । तब कृष्णदास वह वीरबाई के संग जाय बताये ।" પોતાની તકલીફ દૂર કરવા માટે અસમર્થ એવા વીરબાઈનું કષ્ટ દૂર કરવાનો રસ્તો શ્રીઆચાર્યજી બતાવે, એ આપનો "અનુગ્રહ" છે.

શ્રીમહાપ્રભુજીના "विभुः" નામની અને શ્રીગુસાંઈજીના "प्रभुः" નામની કીર્તિ પ્રકટ કરતાં આચાર્યજી સ્વયં વીરબાઈને આજ્ઞા કરે છે; "तू दैवी जीव है, तोसों भगवद् सेवा बनेगी । तातें तोकों नाम और ब्रह्मसंबंध दोऊ करावने हैं ।" "विभुः" નામમાં આચાર્યજીની "કૃપાલુતા"નાં દર્શન થાય છે અર્થાત્ આ નામમાં

શ્રીમહાપ્રભુજીનાં "કૃતિ સામર્થ્ય" નો વિલાસ અભિવ્યકત થાય છે. કૃપાલુતા એટલે ? વીરબાઈના ભક્તિબીજને અવલોકીને શ્રીવલ્લભને, જે કારણના લીધે વીરબાઈ માટે કરુણા થઈ, તદ્સંબંદિત કાર્યને સિદ્ધ કરવા શ્રીવલ્લભમાં "કૃતિ સામર્થ્ય" છે. તેથી જ આપ વીરબાઈને નામ-નિવેદન કરાવે છે. "કરુણા" માં શ્રીવલ્લભનો ભાવ અભિવ્યક્ત થાય છે, તો "કૃપાલુતા" માં કૃતિ.

કોઈની પાસે જે વસ્તુ ન હોય એ એને કોઈ બીજો આપે એ દાન કહેવાય. આવા દાનનું કારણ દાતાની "દયાલુતા" માં અભિરમે છે. "દયાલુતા" ના આવેશમાં વીરબાઈને ત્રિભુવનમાં કોઈપણ ન આપી શકે એવા પુષ્ટિપુરુષોત્તમને એમને માથે પધરાવવાનું પ્રદાન કરનાર શ્રીવલ્લભ દાની નહિ પણ અદેયદાની છે. તેથી જ, સર્વોત્તમજીમાં આચાર્યજીનું નામ છે "**अदेयदानदक्षश्च**" અને આનું corresponding શ્રીવિઠ્ઠલેશનું નામ છે, "**सर्वस्वदानकुशलो.**" પુષ્ટિજીવને કૃષ્ણનું આવું દાન આચાર્યજી દક્ષતાથી આપે છે. અર્થાત્ કયા દૈવીજીવને માથે ભગવત્સેવા પધરાવવી, એના માટે, મહાપ્રભુજીમાં દયાલુતા સાથે સંપૂર્ણ ચાતુર્ય અને સમજ પણ છે. વીરબાઈ દૈવીજીવ છે એવી સંપૂર્ણ "સમજ"ના કારણને લીધે આપ વીરબાઈને આજ્ઞા કરે છે કે; "**तू दैवीजीव है तोसों भगवद्सेवा बनेगी । तातें तोकों नाम और ब्रह्मसंबंध दोऊ करावने हैं ।**" આચાર્યજીની દક્ષતા મિશ્રિત દયાલુતાને અનુલક્ષીને શ્રીહરિરાયજી મહાપ્રભુજીની વધાઈમાં ગાય છે; "પરમ ઉદાર ચતુર સુખસાગર અપાર સદા ગુન ગૈયે હો." જેનાથી સેવા નભી ન શકે એવા જીવોને શ્રીવલ્લભે કે શ્રીવિઠ્ઠલે કેવલ નામ આપ્યું છે, બ્રહ્મસંબંધની દીક્ષા નથી આપી. તેથી જ, વીરબાઈના કુટુંબીજન માટે આચાર્યજી આજ્ઞા

કરે છે કે; "और तेरे कुटुम्ब साधारण जीव हैं, तिनकों नाम सुनावैंगे ।"

શરણે લેતાં પહેલાં વીરબાઈના મસ્તક પર શ્રીચરણ ધરી શ્રીવલ્લભ એમને વચન આપે છે કે; "जो हम सेरगढ पधारिंकें तेरो अंगीकार करेंगे ।" તો "અંગીકાર" એટલે ? "અંગીકાર" એટલે શરણે આવેલા જીવને "અનુમોદન" આપવું કે હું તને અવશ્ય શરણે લઈશ. અનુમોદનમાં રહેલો "મોદ" શબ્દ, આવા અંગીકારમાં થતી મહાપ્રભુજીની ખુશીને અભિવ્યકત કરે છે. અંગીકારમાં આચાર્યચરણનું પુષ્ટિજીવ પ્રતિ commitment છે. અંગીકારનો બીજો અર્થ એ પણ છે કે, અંગીકૃત જીવને શ્રીવલ્લભ પોતાના અંગરૂપ બનાવે છે. શ્રીવલ્લભનું સર્વે અંગ કૃષ્ણસેવામાં સમર્પિત છે અને આવી સર્વાંગી કૃષ્ણસેવામાં સમર્પિત થવાનું અનુમોદન શ્રીવલ્લભ વીરબાઈને પણ આપે છે. તેથી જ અંગઅંગથી ભગવત્સમર્પિત રહેવાનો વીરબાઈનો ભાવ, સર્વાત્મભાવાત્મક છે. મહાપ્રભુજીના અનુમોદન વિના પુષ્ટિસંપ્રદાયનો ભાવાત્મક કૃષ્ણ, કોઈપણ જીવની પાસે સેવા ન લે. "દયાલુતા"ના આવેશમાં આચાર્યચરણ પોતે જે કૃષ્ણસેવા સુખ માણી રહ્યાં છે એમાં વીરબાઈને ભાગી બનાવે છે અને કરુણતાના પાસામાં વીરબાઈનું દુ:ખ શ્રીવલ્લભ share કરે છે. આમ આ વાર્તામાં, શ્રીવલ્લભની કરુણા, કૃપાલુતા અને દયાલુતાના અનુસંધાનમાં આચાર્યજીનાં ભાવ, કૃતિ અને સમજ પ્રકટ થાય છે.

મહાપ્રભુજીની દયાલુતાના આવશ્યક એવા ચાર symptoms છે. જેનાં અદ્‌ભુત દર્શન પણ આ વાર્તામાં કરી લઈએ.

૧) કોઈને કોઈ પર દયા હોય, પણ વસ્તુ પ્રાપ્ત કરાવવાનું સામર્થ્ય ન હોય તો આવી દયા કેવલ acedemic બની જાય છે. તેથી દયાલુતાનું પહેલું લક્ષણ છે "અપ્રાપકનું પ્રાપન." આચાર્યજીએ અપ્રાપ્ય એવા ઠાકુરજીને, વીરબાઈને, પ્રાપ્ત કરાવ્યાં છે. એ પ્રસંગનું વર્ણન કરતાં વાર્તા કહે છે; **"पाछे श्रीठाकुरजी कों पंचामृत स्नान कराय पाट बैठाये । वीरबाई के माथे पधरावे।"**

૨) પ્રાપ્ત કરવામાં આવતાં પ્રતિબંધોની "હિંસા" કરવી કે વિનાશ કરવો એ દયાલુતાનું બીજુ લક્ષણ છે. વાર્તાથી સમજી લઈએ કે વીરબાઈને ભગવત્સેવામાં કેવા પ્રતિબંધો આવ્યાં; **"पाछे वीरबाई के गर्भ रह्यो । तब घरी दोय रात्री पिछली रही तब बेटा भयो, सो लोग सगरे बेटा की बधाई, ज्ञाति व्यवहार में लागे । श्रीठाकुरजी कों चारि घरी दिन चढी गयो । तब वीरबाई बहोत ही दुःख करन लागी, जो-मेरे श्रीठाकुरजी कों अवेर भई । सबसों कहें, जो-श्रीठाकुरजी कों कोऊ जगावो । सो कोऊ जगावे नाहीं । ऐसे करत प्रहर दिन चढयो । तब तो वीरबाई मन में महाताप करिकें रोवन लागीं ।"** ભગવત્સેવામાં અને ભગવત્સુખ વિચારમાં વીરબાઈને પ્રતિબંધો આવ્યા એનો વિનાશ કરતાં ઠાકુરજી સ્વયં વીરબાઈને આજ્ઞા કરે છે; **"जो - तू रुदन काहे कों करत हे ? कोऊ नाहीं जगावत् तो तू ही मोकों जगाव ।"** અહીં સેવાફલગ્રંથ કથિત "ઉદ્વેગ" અને "પ્રતિબંધ" નો પ્રભુએ વિનાશ કર્યો છે.

૩) દયાલુતાનું ત્રીજું લક્ષણ છે, "સ્વચેષ્ટા પ્રાપણ" અથવા "ગતિ". પુષ્ટિજીવને પુષ્ટિફલ પ્રાપ્ત કરાવવાનું initiative પ્રભુ સ્વયં લે તે "ગતિ" કહેવાય. **"कृष्ण एव गतिर्मम"** માં પુષ્ટિજીવ માટે આવું initative કૃષ્ણ સ્વયં લે તેવી વિનન્તી

શ્રીમહાપ્રભુજી ઠાકુરજીને કરે છે. આવું જ initative લઈને વીરબાઈના સેવ્યસ્વરૂપ એમને આજ્ઞા કરે છે; "**तब श्रीठाकुरजी कहें, गोबर लगाय स्नान करि, काछ बांधि कें मोकों तू ही जगाव ।**" ઠાકુરજીને સમર્પિત થયેલ વીરબાઈને પુત્રોત્સવનો "ભોગ" કરવાની યત્કિંચિત પણ મમતા નથી. એમની આવી પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિની ફલાવસ્થા છે. આચાર્યચરણે initiative લઈને એમને "**निष्प्रत्यूहंमहान् भोगः**" નું પ્રદાન કર્યું છે.

૪) "રક્ષણ" એ દયાલુતાનું ચોથુ લક્ષણ છે. મહાપ્રભુજીએ, વીરબાઈને, ઠાકુરજીનું અદેયદાન એવી સિફતથી આપ્યું છે કે, વીરબાઈ પોતાના સેવ્યસ્વરૂપનું અને એમના ઠાકુરજી વીરબાઈનું "રક્ષણ" કરે છે. કેટલી સાવધાનતાથી વીરબાઈ પુત્રજન્મ પછી, ઠાકુરજીના રક્ષણ માટે નિતાન્ત તાપ પ્રકટ કરે છે ? "**जो - मेरे ठाकुर काल्हि के पौढे हैं कोई जगावत नाहीं, अब मैं कहा करुँ ? या प्रकार अत्यन्त विरह भयो ।**" આ પ્રસંગમાં વીરબાઈ પોતાના પ્રભુનું રક્ષણ નિ:સાધનતા, દીનતા અને પ્રચંડ વિરહાનલથી કરે છે. એના પ્રતિસાદ રૂપે, વીરબાઈના ઠાકુરજી એમને આજ્ઞા કરે છે કે, તુ મને જગાવ. વીરબાઈને, સંયોગાત્મિકા સેવામાં પહોંચવાની આજ્ઞા કરીને ઠાકુરજી, એમને વિયોગના વિરહવહ્નિથી protect કરે છે કે રક્ષણ કરે છે. તદુપરાંત વીરબાઈની ભગવત્સેવા કયારે ય ન છૂટે કે એવો વિયોગરૂપ વિરહનો પ્રસંગ બીજી વખત ન આવે, એનું ય રક્ષણ કરવા માટે, ઠાકુરજી વીરબાઈને ભગવત્સેવામાં બાધક થતાં ઉદ્વેગ, ભોગ અને પ્રતિબંધથી મુકત કરે છે. આનો ઉદ્‌ઘોષ કરતાં શ્રીહરિરાયચરણ ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છે કે; "**याहि प्रकार सूतक, पिंडरू तथा महिना के महिना**

**अटकाव में हू वीरबाई सेवा किये ।"**

આ વાર્તામાં "**पुष्टि स्वार्था, परार्था तु भक्ति**"નાં વિલક્ષણ દર્શન છે. આચાર્યજીએ વીરબાઈને teaching style થી ભક્તિમાર્ગનો ઉપદેશ નથી આપ્યો પણ એમને સેવા માટે condition કરી દીધાં છે. એ જ પ્રક્રિયાથી વીરબાઈએ સેવ્યસ્વરૂપને એવી delicacy થી condition કરી દીધાં છે કે ઠાકુરજીને દૃઢતમ એ જ ભાવ છે કે મારી સર્વ જરૂરિયાતો વીરબાઈ વિના કોઈપણ બીજું પૂરી નહિ કરી શકે. તેથી, વીરબાઈના ઠાકુરજી, કેવલ એમની પ્રીતિના કારણે વીરબાઈને વશ નથી  પણ modern psychology પ્રમાણે વીરબાઈ એમની આવશ્યકતા પણ બની ગયાં છે, એટલે વશ છે. અટકાવમાં વીરબાઈ વિના એમની need કોઈ પૂરી નહિ કરી શકે, એ વિશ્વાસથી ઠાકુરજી એમને અટકાવમાં સેવા કરવા આજ્ઞા કરે છે. ઠાકુરજીને વીરબાઈ માટે, પ્રપંચવિસ્મૃતિપૂર્વક વીરબાઈની આસક્તિ છે. પ્રભુના વૈરાગ્યધર્મને પ્રકટ કરી, સેવ્યસ્વરૂપની, સેવક વિના, અન્યમનસ્કતા નિવૃત કરનારી આ અનિર્વચનીય વાર્તા છે. વીરબાઈ જેવા વિરલ ભક્ત સુબોધિનીજીની પંક્તિની યાદી કરાવી દે છે. વૈકુંઠમાં જવાનો પરિશ્રમ વીરબાઈને ન પડે એના માટે એમના સેવ્યસ્વરૂપ એમના ગૃહમાં જ વૈકુંઠ પધરાવે છે. "**स ही सर्वदुखहर्ता भक्तानां वैकुष्ठपर्यन्तं गमनमप्यसहमान इहैव वैकुष्ठं समानीत्वानित्यर्थ ।"**

**चेतस् तत् प्रवणं सेवा** કેટલી દુર્લભ છે તે સમજાવવા માટે, ભાવપ્રકાશ આજ્ઞા કરે છે કે; "**जो-बहोत सुद्ध होय, उत्तम होय, तोऊ प्रीति बिना श्रीठाकुरजी सेवा न करावे । और करे तोऊ**

बिना सेवा मानें नाहीं । और कैसे हू अपवित्र, हीन, नीच होय ताकों प्रीति होय तो ताहि सों भगवद् सेवा करावे ।" વીરબાઈને શ્રીમહાપ્રભુજી सेवाकृतिर्गुरोराज्ञा ના platform પર રહીને ભગવત્સેવાની આજ્ઞા કરે છે, તો એમના સેવ્યસ્વરૂપ बाधनं वा हरीच्छया ના track પર વીરબાઈને ગતિમાન કરે છે, અને એમને સૂતક, પિંડરૂ તથા અટકાવમાં ય સેવા કરાવે છે. અર્થાત્ વીરબાઈના ઠાકુરજી વીરબાઈમાં એટલા નિરુદ્ધ છે કે એમને વીરબાઈની સેવા લીધા વિના બેહદ બેચેની થઈ જાય છે. આ જ પ્રસંગને સહેજ હટીને જોઈએ તો "અલૌકિક સામર્થ્ય" કે તનુનવત્વ સંપાદન કરેલા વીરબાઈને, અટકાવવાદિ પ્રતિબંધક ન થયાં તે સ્વાભાવિક છે. ભાવપ્રકાશ કહે છે કે; "और वाकी वार्ता अनिर्वचनीय हैं ।" पुष्टो नैव विलम्बयेत् ની આ વાર્તા હોવાથી, ઠાકુરજીની પુષ્ટિમાં વીરબાઈને સહેજ પણ વિલંબ તો ન જ થયો, પણ એમના પર એવી અનિર્વચનીય પુષ્ટિ થઈ કે ઠાકુરજીએ એમને specific ભાવનું દાન કર્યું, જે વીરબાઈનો સ્વતંત્ર ભાવ છે. વાર્તા કહે છે; "जैसें पुलिन्दी कों कुंकुम चरणारविंद को, ताहि द्वार सब रस को अनुभव कराये । सोई पति भाव सों, इहां हू सगरे रस को अनुभव कराये । सो वार्ता कही न जाय ।" અહીં આચાર્યજીનું પ્રકટ થતું નામ છે; "पतिः" અને "पतिव्रतापतिः". તદ્અનુરૂપ નામરત્નાખ્યમાં શ્રીગુસાંઈજીના નામો છે; "रुक्मिणीरमणः" અને "श्रीशः".

આનંદરૂપા વીરબાઈ અને આનંદરૂપ કૃષ્ણ વચ્ચેની આ અંતરંગી કથા છે, જે કેવલ સેવાફલ ગ્રંથ કથિત અલૌકિક સામર્થ્યયુક્ત ભગવદીય સંગ સંભવે. કોઈ વિરલા જ આ વાર્તાને માણી શકે. પરમાનંદાસજીની એક કીર્તન પંક્તિમાં

વીરબાઈના પ્રગાઢ ભાવનો નિચોડ છે;

કોન રસ ગોપીન લીનો ઘૂંટ ।
મદન ગોપાલ નીકટ કરી પાયો પ્રેમ કામકી લૂંટ ॥
દેખત સ્વરૂપ નંદનંદનકો લોક લાજ ગઈ છૂટ ।
પરમાનંદદાસ વેદ સાગર કી મર્યાદા ગઈ તૂટ ॥

******

## ગ્રંથ : સર્વે ષોડશગ્રંથો
## ૮૪ વૈષ્ણવની વાર્તા - ૪૯ : રામાનંદ પંડિત

નિકુંજમાં શાપિત થઈને ભૂતલ પર પડેલ એક "તમચર" અનેક જન્મ પામ્યા પછી જયારે મહાપ્રભુજીના ચરણપ્રસાદથી નિવેદિતાત્મા બને છે, ત્યારે રામાનંદ પંડિત બનેલા એ જ તમચરની વાર્તામાં, શ્રીવલ્લભ એવા રંગો ભરી દે છે કે, પ્રત્યેક ષોડશગ્રંથને કદાચ એમ જ લાગ્યું હશે કે "આ તો અમારા જ કોઈ ભાવના સૂરને છેડતી વાર્તા છે." રામાનંદની વાર્તામાં અખિલ ષોડશગ્રંથનાં આપણે દર્શન કરી લઈશું. જે રામાનંદને શ્રીઆચાર્યજી સ્વયં કહે છેકે; **"मैंने तेरो त्याग कियो,"** એ જ રામાનંદ પંડિતની વાર્તાના ભાવ ના coverage નો આવો વિશાલ ફાલ છે. આ વાર્તામાં આપતતા જે દેખાય છે તેથી વિશેષ દર્શનીય છે. "કેલીડોસ્કોપ" જેવી આ વાર્તા છે. જેમ જેમ ફેરવશું તેમ રંગોની design ફરશે. આ વાર્તા અને "કેલીડોસ્કોપ"માં એક જ તારતમ્ય છે. "કેલીડોસ્કોપ"માં રંગ સત્ય છે, જોનારો સત્ય છે પણ એની systemને કારણે પ્રકટ થતી design મિથ્યા છે. રામાનંદ પંડિતની વાર્તાની રંગબેરંગીતા મિથ્યા નથી, કારણકે એની સંપૂર્ણ system ભગવલ્લીલાને કારણે આવિષ્કૃત થયેલી છે.

ગોવિંદદાસ ભલ્લાની જેમ રામાનંદ પંડિત પણ પુષ્ટિ સંપ્રદાયના એક ચિરસ્મરણીય શહીદ છે. ગોવિંદદાસ ભલ્લાને શહીદ બનાવી, શ્રીમહાપ્રભુજી, હરિ અને ગુરુના અપરાધનું કષ્ટયુક્ત પરિણામ બતાવે છે અને વૈષ્ણવના અપરાધનાં પરિણામો, શહીદ રામાનંદના ફાળામાં ભોગવવામાં આવે છે.

તેથી જ એમની વાર્તામાં જયાં વિરૂદ્ધતા લાગે છે, તે દોષ નથી, પણ વિરૂદ્ધધર્માશ્રયનો દિવ્ય અલંકાર છે, આચાર્યજીના સિદ્ધાંતનો message છે.

નિકુંજમાં અપાયેલો શાપ હંમેશા કૃપારૂપ હોય છે. આચાર્યચરણ સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે, "**अतोऽयं शापोऽनुग्रहार्थ एव ।**" રામાનંદને કરુણાવંત શ્રીસ્વામિનીજીનો શાપ હોવાથી એ એમને વિશેષ લાભરૂપ બન્યો છે. "**यतस्ते करुणावन्तः नहि करुणावतां शापोऽन्यथा भवति ।**" ભગવલ્લીલામાંથી શાપિત થઈને જીવ જયારે ભૂતલ પર આવે છે, ત્યારે પોતાની પૂર્વાવસ્થામાં જે એની અલૌકિક સ્થિતિ હોય છે, તેનાથી ભૂતલ પર તે વિશેષ પ્રાપ્ત કરીને લીલામાં પાછો જાય છે. આ હાર્દને રામાનંદની વાર્તા પ્રારંભમાં જ સમજાવે છે. નિકુંજમાં તમચરરૂપ રામાનંદ કેવલ નેત્ર, મન અને વાણીથી જ સમર્પિત રહી શકે છે. આચાર્યજીના શરણે આવ્યા પછી, એમને ભૂતલ પર વિશેષ પ્રાપ્ત કરાવવા, દેહેન્દ્રિય પ્રાણાદિથી સમર્પિત રાખવા, મહાપ્રભુજી રામાનંદને શ્રીભાગવતજીની સેવા સોંપે છે. સર્વેન્દ્રિયથી સમર્પિત રહેનાર પુષ્ટિજીવ, શ્રીયમુનાષ્ટક કથિત "તનુનવત્વ" કે સેવાફલગ્રંથમાં આજ્ઞા કરેલ "અલૌકિક સામર્થ્ય" ના પથ પર અભિગમન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે. કૃષ્ણના જ વાઙગમય સ્વરૂપ રૂપ શ્રીભાગવતની સેવા સોંપી શ્રીઆચાર્યજી, રામાનંદને "સિદ્ધાંતમુકતાવલી" ગ્રંથમાં કહેલ "**कृष्ण सेवा सदा कार्या**"ની આજ્ઞાનું પરિપાલન કરાવે છે.

આ વાર્તામાં "પુષ્ટિપ્રવાહમર્યાદા" ગ્રંથનો પણ પ્રભાવ હોવાથી રામાનંદના અવતારનું પ્રયોજન આ પ્રસંગથી દર્શાવતાં,

ગ્રંથની પંક્તિઓ કહે છે; "**भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत्.**" મહાપ્રભુજીએ રામાનંદનો ત્યાગ કર્યા પછી પણ પ્રભુને સમર્પિત રહેવાનો રામાનંદનો સ્વભાવ અવિચલ રહે છે. "સિદ્ધાંત રહસ્ય"ની પંક્તિઓ ગૂંજે છે; "**असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत्.**" "અંતઃકરણપ્રબોધ" ગ્રંથ કહે છે; "**सर्वं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव.**" સદા સમર્પિત રહેતાં રામાનંદને શું આચાર્યજીની આ શાબાશી નથી ?

શ્રીમહાપ્રભુજી સાથે વાદ કરવા આવેલ કોઈ પણ પંડિત, જો વેદને અનુલક્ષીને, પોતાના મતને પ્રતિપાદિત ન કરતો હોય તો એવા વાદીઓમાં જ શ્રીમહાપ્રભુજીને રસ નથી રહેતો અને તેથી વાક્પતિ આવા વાદીઓનું જ નિરાકરણ કરે છે. "**सर्ववादीनिरासकृत्**" એમ શ્રીસર્વોત્તમજી સ્પષ્ટ કહે છે. ભ્રમિત એવા વાદીઓનું નિરાકરણ કરતું નામરત્નાખ્ય ગ્રંથમાં શ્રીગુસાંઈજીનું corresponding નામ છે, "**नानाभ्रमनीराकर्ता.**" તેથી જ સરસ્વતીજી પાસેથી વરદાન મેળવેલ રામાનંદ પંડિત, વાગધીશ સાથે વાદ કરવા તો આવે છે પણ કાંઈપણ બોલી શકતાં નથી. આ પ્રસંગની વાર્તા કહે છે; "**वहां तो कछु जुवाब नहिं निकसे ।**" આ પ્રસંગમાં મહાપ્રભુજીએ વાદીને જ નિરસ્ત કરી દીધો છે.

"**जीवाः स्वभावतो दुष्टा.**" "બાલબોધ" ગ્રંથની આ પંક્તિની શ્રીઆચાર્યજીને કાની આપી, રામાનંદ, શ્રીવલ્લભને શરણે આવ્યાં તે પહેલાં જ વિનંતિ કરે છે; "**मेरो अपराध क्षमा करो, जो- मैं आपसों जीव बुद्धि करि वाद करन आयो ।**"

એક વખત થાનેશ્વરમાં શ્રીમહાપ્રભુજી રામાનંદ પંડિતને

ઘેર રહે છે ત્યારે વાર્તા કહે છે; "सो पिछली रात्रि कों रामानन्दनें उठिकें स्त्री सों कही, बेगिके, गोबर संकेलि, नातर वैष्णव उठी के सब गोबर लें जाइंगे ।" આ સાંભળતાં જ શ્રીમદાચાર્યચરણ રામાનંદને કહે છે; "मैंने तेरो त्याग कियो । यह कही वाही समें संग के वैष्णवन कों साथ ले उहां ते उठि चले । सो थानेश्वर तें तीन कोस पर एक गाम "अभीतीर्थ " है, तहां जाई के स्नान सन्ध्या किये ।" આનું રહસ્ય સમજાવતાં શ્રીહરિરાયજી ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છે કે; "सो यातें, जो - श्रीआचार्यजी को अपराध करतो तो आप थोरो दंड दे क्षमा करते । वैष्णव को अपराध है, सो बेगी छूटे नाहीं, तातें या गाम में रहे नाहीं । ____ और श्रीआचार्यजी क्रोध बहोत यातें किये, जो - रामानंद ने स्त्री सों यह कही, बेगि गोबर उठाई नाँतर वैष्णव ले जाइंगे । सो वैष्णव नाम लिये तातें क्रोध उपज्यो । जो - काहू वैष्णव को नाम ले कहते (तो) एक दोई वैष्णव को अपराध होतो । इनने तो वैष्णव कह्यो । सो वैष्णव में तो मुख्य, ब्रजभक्त आदि सगरे पर बात जाइ लगी ।"

આ વાર્તામાં શ્રીમહાપ્રભુજીએ રામાનંદ પ્રત્યે અભિવ્યક્ત કરેલો ક્રોધ સમજવા જેવો છે. કામ, ક્રોધ, લોભાદિ મનના "આવેગ" છે. તેથી જ લૌકિક માણસને થતો ક્રોધ, આવેગરૂપ છે અને આનંદની ન્યૂનતાના કારણે તે ઉદ્‌ભવે છે. ક્રોધ વ્યામોહિકા માયાત્મક છે. પરંતુ જયારે "પૂર્ણાનંદ" પ્રભુ, પોતાના આનંદમાંથી આ નામરૂપાત્મક સૃષ્ટિને ઘડે છે, ત્યારે, એને "લીલા" કહેવાય છે, આવેગ નહિ. શ્રીવલ્લભ પણ બાહ્યાભ્યાંતર આનંદ પરમાનંદરૂપ હોવાથી, આપે પ્રકટ કરેલો રામાનંદ પ્રત્યેનો "રોષ", આપના સર્વભવન સામર્થ્ય કે યોગમાયાના કારણે, આનંદમાંથી અવિષ્કૃત થાય છે, તેથી તે આવેગરૂપ ન હોતાં લીલારૂપ છે. શ્રીસુબોધિનીજીમાં શ્રીઆચાર્યજી

આજ્ઞા કરે છે કે; "**यथा स्वरुपं सदानन्दरुपम् तथा तल्लीला अपीति तथात्मकत्वं ।**"

વૈષ્ણવોના અપરાધ કેમ નહિ કરવા જોઈએ, એ સમજાવતાં શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે ભગવાન **वैष्णवानामयं पतिः । अतो वैष्णवहितार्थं तथा कृतवान् ।** ભગવાન વૈષ્ણવોના પતિ છે, રક્ષક છે, વૈષ્ણવોના હિત માટે શ્રીવલ્લભે રામાનંદનો ત્યાગ કર્યો. રામાનંદ પણ વૈષ્ણવ છે. તો એના ત્યાગ પાછળ શું રહસ્ય હશે ? વૈષ્ણવોનો અપરાધ કરવાથી કેવી ગતિ થાય છે, તે સિદ્ધાંતને સમજાવવાની એક આનંદભરી લીલા, આ પ્રસંગમાં આનંદાત્મક શ્રીઆચાર્યચરણમાંથી, એક બોધરૂપે પ્રકટ થાય છે. "વૈષ્ણવ ગોબર લઈ જશે" એવી રામાનંદની ઉક્તિ, વાસ્તવમાં તો, શ્રીમહાપ્રભુજીની વૈષ્ણવ પ્રત્યે જે નિતાન્ત પ્રીતિ છે, તેને બર્હિપ્રકટ કરવામાં ઉદ્દીપક બને છે. "પંચપદ્યાનિ" ગ્રંથ કથિત, વૈષ્ણવ પ્રત્યે "**अरतिवर्जिता**" ન હોવાના કારણે આચાર્યજી રોષ પ્રકટ કરે છે. **रोषदृक्पातसम्प्लुष्ट भक्तद्विट** એ શ્રીવલ્લભના આવા નાજુક સ્વભાવનો નામાત્મક ઉપદેશ છે. આ નામના પર્યાયવાચક ભાવવાળું શ્રીગુસાંઈજીનું નામરત્નાખ્યમાં નામ છે **शत्रुतापनः** । શ્રીવિઠ્ઠલેશ પ્રભુ ભક્ત વિરોધીને શત્રુ માને છે.

શ્રીમહાપ્રભુજીએ રામાનંદ પર ક્રોધ કેમ પ્રકટ કર્યો, એનું રહસ્ય સમજાવતાં શ્રીહરિરાયજી, ભાવપ્રકાશમાં "નવરત્ન" ગ્રંથના ભાવને સહજ વિસ્તારથી કહે છે; "**आप नवरत्न में कहे हैं "निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः ।" यह निवेदन को स्मरण तादृशी वैष्णव सों मिलि के करे तो निवेदन को फल, भाव जाने । सो वैष्णव कों गोबर के लिये ऐसें बोलत हैं ?_ _ _ _ सो वैष्णव**

को अपराध ऐसो भारी बताये । और वैष्णव कों बोलनो सँभारि के । काहेंतें, आश्रय अन्याश्रय सब बचन में है ।" નિકુંજમાં શ્રીસ્વામિનીજીએ ક્રોધ કરીને રામાનંદના તમચરરૂપનો ત્યાગ કર્યો, કારણકે એ કવખતે બોલ્યાં. હવે એ જ બોલવાનો problem રામાનંદને અહીં પણ નડે છે અને તેથી શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે કે મેં તારો ત્યાગ કર્યો. તેથી, રામાનંદના હિત માટે શ્રીમહાપ્રભુજીએ આ ત્યાગલીલા પ્રકટ કરી છે, જેથી મુખરતાનો દોષ એમને ભવિષ્યમાં અડચણ ન કરાવે. ત્યાગ જેવો પ્રચંડ શબ્દ કહીને શ્રીવલ્લભ અહીં રામાનંદને કોઈ "સ્વાસ્થ્ય" વાકય કહેતા નથી. આ સાંભળ્યા પછી તો રામાનંદ અતિ બેચેન અસ્વસ્થ બની જાય છે. તો ય શ્રીમહાપ્રભુજીની દયાલુતામાં કોઈ ન્યૂનત્વ નથી આવતું, કારણકે આ અખિલ લીલા આચાર્યજીએ રામાનંદ અને વૈષ્ણવોના હિત માટે આવિર્ભૂત કરી છે. સંન્યાસનિર્ણય ગ્રંથના આધારે આવો paradox સમજાશે. "स्वास्थ्यवाक्यं न कर्तव्यं दयालुर्न विरुद्ध्यते ।" આવો paradox તો વિરૂદ્ધધર્માશ્રયયુક્ત આનંદ સ્વરૂપ પ્રકટ કરી શકે છે. તેથી આનંદરૂપ વાક્પતિની વાણીમાંથી પ્રકટ થયેલી આ ત્યાગલીલા, કેવલ આનંદાત્મક છે. આધિભૌતિકમાં, लोकगोचर થતી વખતે, વૈષ્ણવોથી પ્રત્યક્ષ રીતે છૂટા પડવાનો જયારે સમય આવે છે ત્યારે ય, સંન્યાસ લેતી વેળા શ્રીવલ્લભના આનંદસાગરની લહેરોમાંથી એક તરંગ પણ ઓછી નથી થઈ, તો રામાનંદના ત્યાગના પ્રસંગમાં કયાંથી થાય ? પદ્મનાભદાસજી, મહાપ્રભુજીના સંન્યાસ સમયના સ્વરૂપનું વર્ણન કરતાં ગાએ છે; "શ્રીમદ્ વલ્લભ આનંદ પરમાનંદ અંગઅંગ રાસે."

રામાનંદ સંબંધિત ત્યાગલીલા આચાર્યજીએ કરી એના

પછી, રામાનંદ પંડિતનું શું હિત થયું તે વાર્તા સમજાવે છે;
**"ता पाछे रामानन्द की बुद्धि सुन्दर भई । वैष्णव के अपराध तें डरपन लाग्यो, पंडिताई को अहंकार हतो तातें अपराध पर्‌यो, सो दैन्यता भई । पाछे स्वप्नद्वारा लक्ष जन्म भुगताई कृपा करि श्रीआचार्यजी अंगीकार किये । सो रामानन्द श्रीआचार्यजी के ऐसे कृपापात्र भगवदीय है । तातें इनकी वार्ता कहां ताई कहिये ।"**

વાસ્તવમાં રામાનંદે વૈષ્ણવોનો આવો અપરાધ કર્યો, કે એવો અપરાધ કેટલો ભયંકર છે એ સિદ્ધાંતને સમજાવવા રામાનંદ ગોબરના પ્રસંગથી શહીદ બન્યા, એ રહસ્યને તો શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીઠાકુરજી જાણે. હકીકતમાં તો એ બન્નેમાંથી જે કાંઈ બન્યું હોય તે કેવલ ભગવલ્લીલા છે. પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથની પંક્તિ સમજાવે છે;

**"स्वरुपेणावतारेण लिंगेन च गुणेन च ।**
**तारतम्यं न स्वरुपे देहे वा तत्क्रियासु वा ॥**
**तथापि यावता कार्य तावत् तस्य करोति हि ।"**

વાર્તાના સર્વ વાક્યોને ષોડશગ્રંથ સાથે એકમેક કરીને જોયાં પછી, રામાનંદ પંડિતે અપરાધ કર્યો, એ સંબંધિત, એમને benefit of doubt આપી, રામાનંદ શહીદ બન્યા એમ કહેવા મારું મન બહુ જ લલચાય છે. આ સંબંધિત રામાનંદની defence ના points અવલોકવાથી, ભગવલ્લીલાનાં રમણીય રહસ્યો અને આચાર્યચરણના વિવિધ સિદ્ધાંતો અને કરુણાનાં પ્રકટ દર્શન થાય છે.

ગોકુલનાથજી, રામાનંદને **आचार्यजीके ऐसे कृपापात्र भगवदीय** કહીને, આચાર્યજીના **कृपानिधि** નામનું ઉદ્‌બોધન કરે છે.

નામરત્નાખ્યમાં શ્રીપ્રભુચરણનું **कृपासिंधु** નામ છે. મહાપ્રભુજીના કૃપાનિધિ નામની છાયામાં રહેનાર પુષ્ટિજીવને પાંચ ખંડોમાંથી પસાર થવું પડે છે અને પ્રત્યેક ખંડનો વ્યાપ્ત ૨૦% જેટલો છે. જેમ કે કૃપાનિધિ નામમાં કૃપાનો અંશ ૨૦% છે, તો વીસ વીસ ટકાના બીજા ચાર ખંડો છે, પુષ્ટિજીવની ઈચ્છા, જ્ઞાન, કૃતિ અને તેમને મળતું ફળ. ગોકુલનાથજી રામાનંદ માટે શ્રીમુખથી કહેતા હોય કે એ "**श्रीआचार्यजी के ऐसे कृपापात्र भगवदीय है**" તેનો અર્થ એમ થાય કે, રામાનંદનું જ્ઞાન, ઈચ્છા અને કૃતિ પણ કૃપાને સાનુકૂલ છે. તો વૈષ્ણવો ગોબર લઈ લેશે એવું અન્યથા જ્ઞાન એમને કેમ થાય ? વૈષ્ણવો ગોબર લઈ લે તે પહેલાં પોતે લઈ લે એવી ઈચ્છા પણ એમને કયાંથી આવે ? વાસ્તવમાં તો ગોબર લઈ લેવાની એમણે કૃતિ પણ કરી નથી. રામાનંદ, શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર ભગવદીય છે એ જ તો રામાનંદની વાર્તાની ફલસિદ્ધિ છે. તો જે રામાનંદ, વીસ વીસ ટકાના આ પાંચે ય ખંડોમાં સુરક્ષિત લાગે છે, તે જ રામાનંદ પોતાની પત્નીને એમ કેમ કહે કે "**बेगि के, गोबर संकेलि, नातर वैष्णव उठिके सब गोबर ले जाइगे ?**" શ્રીમહાપ્રભુજીને વૈષ્ણવોનું માહાત્મ્ય પોતાના માધ્યમથી પ્રકટ કરવાની ઈચ્છા છે, એટલું જ રામાનંદ સમજી ગયા હોય, તો રામાનંદે પત્નીને કહેલા શબ્દો તો એ જ રહેશે, પણ એ શબ્દો બોલતાં, રામાનંદની તાત્પર્યવૃતિ બદલી જશે. આચાર્યજીએ રામાનંદની સ્ત્રીને કેવલ નામમંત્ર જ આપ્યો છે. તો શું સ્ત્રીને અનુલક્ષીને, રામાનંદ પંડિતે, ગોબર સંબંધિત એવી તાત્પર્યવૃતિથી નહિ કહ્યું હોય ને કે "**बेगि के गोबर संकेलि.**" અર્થાત્ આપણા અંતરમાં જે ગોબર ભરાઈ ગયું છે એને સંકેલી રાખજે, વૈષ્ણવ સામે બહાર ન દેખાડતી, નહિ

તો એ ગોબરને આપણા અંતરમાંથી લઈ જવાનો, સાફ કરવાનો શ્રમ વૈષ્ણવોને લેવો પડશે. "**बेगि के गोबर संकेलि, नातर वैष्णव उठिके सब गोबर ले जाइगे ।**" રામાનંદે કહેલા શબ્દોને આ તાત્પર્યવૃતિથી જોઈશું તો રામાનંદના શબ્દો દૈન્યયુક્ત બની જશે. જલભેદગ્રંથ કથિત એવા રામાનંદ ઊંચા વક્તા બની જશે. રામાનંદની તાત્પર્યવૃતિ આવી સુકોમલ હશે, એવું interpretation કરવાથી, વાર્તાની કોઈ પણ પંક્તિ સાથે એનું contradiction થતું નથી, અને જ્યાં contradiction લાગે છે એનું રહસ્ય ગોકુલનાથજી, વાર્તામાં જ સમજાવી દે છે. **दोषोऽपिहरिणाकृत**, આચાર્યજીની એ પંક્તિની દૃષ્ટિથી લઈએ તો રામાનંદ પંડિતમાં પ્રકટ થયેલો આ દોષ હરિકૃત છે અને તે પણ પુષ્ટિજીવને, વૈષ્ણવનો અપરાધ ન કરવાનું સમજાવવા માટે છે. આ સિદ્ધાંત પ્રકટ કરવા મહાપ્રભુજી રામાનંદને શહીદ બનાવે છે અને વૈષ્ણવસેવા કરાવે છે.

ષોડશગ્રંથોના માધ્યમથી જોઈએ તો આ વાર્તામાં એક અદ્‌ભુત ઉદ્‌બોધન શ્રીમહાપ્રભુજી, રામાનંદ દ્વારા, પુષ્ટિજીવને આપે છે. Negative situation માં ભાવને ટકાવી રાખવાના બે રસ્તા છે. આવી negative situation પુષ્ટિજીવને, ભક્તિથી વિમુખ કરનારી હોય, તો એ વખતે, વૈષ્ણવે, ભક્તિનો છેડો સેવાથી પકડવો જોઈએ અને વિપરીત સમય જીવને સેવાથી વિમુખ કરનારો હોય તો પુષ્ટિજીવે ભક્તિનો છેડો સમર્પણ ભાવથી પકડી રાખવો જોઈએ. પ્રભુને જલેબી આરોગાવીને, રામાનંદ પંડિતે ભક્તિવર્ધિની ગ્રંથની ઓથમાં રહીને ભક્તિને સમર્પણના પહેલુથી પકડી રાખી છે. વાર્તા કહે છે; "**मर्यादा सब छूटि गई । परन्तु इतनी मर्यादा रही, जो-कछु खानपान करे सो पहलें यह कहै, श्रीगोवर्धननाथजी आरोगियो । या प्रकार समर्पन**

करि के खाई ।" આચાર્યચરણ, સર્વાત્મભાવને reduce કરીને minimum સમર્પણનના ભાવરૂપે એને સાચવવાની ભલામણ પુષ્ટિસૃષ્ટિને કરે છે. રામાનંદે, મહાપ્રભુજીના ત્યાગ પછી પણ શ્રીવલ્લભની આ શીખની સદા care લીધી છે. એના પ્રતિસાદ રૂપે, ત્યાગ કર્યા પછી પણ, શ્રીઆચાર્યજી, રામાનંદનો પુન: અંગીકાર કરે છે.

જે ક્ષણથી શ્રીમહાપ્રભુજીએ રામાનંદને કહ્યું કે તારો ત્યાગ કર્યો છે, તે પલથી શ્રીવલ્લભે, રામાનંદના પુષ્ટિભક્ત્યાત્મક જીવનને fast track પર રાખી દીધો છે. આચાર્યચરણના ત્યાગની વાત સાંભળ્યા પછી, રામાનંદની સર્વ વૃતિઓ, અન્ય સર્વ પ્રપંચની વિસ્મૃતિની દશામાં છે અને સમર્પણ દ્વારા રામાનંદે ભગવત્સ્મૃતિ કાયમ રાખી છે. આચાર્યજી એ, રામાનંદને, આમ નિરોધલક્ષણ ગ્રંથ કથિત પંથના પથિક બનાવી દીધા છે. આ પ્રસંગ પછી રામાનંદના સર્વ ભાવો, "વિકલત્વના" એક જ ભાવમાં સંકુચિત થઈ ગયાં છે કારણકે વિયોગાગ્ને શ્રીવલ્લભે એમના પર કૃપા વિચારી છે. મહાપ્રભુજીને વિરહ ભક્તિનો ય વિસ્તાર કરવો છે. "વિરહાવેષ્ટ વિરહાગ્નિરૂપ રસ વિરહ ભક્તિ વિસ્તાર ।" રામાનંદ પંડિત, સમર્પણ દ્વારા વિવિધ વિરહના ભાવની સુધ્ધી કરી ચતુ:શ્લોકી ગ્રંથની છાયામાં રહી ગયા છે. એમના વિવેક અને ધૈર્ય છૂટી ગયા છે, પરંતુ સમર્પણ દ્વારા, મહાપ્રભુજીની વાણીનો આશ્રય કરી, રામાનંદ, કૃષ્ણાશ્રય અને વિવેકધૈર્યાશ્રય ગ્રંથની ઓથમાં રહ્યા છે. વાર્તા કહે છે; "इहां श्रीआचार्यजी के तिरस्कार सों रामानन्द विफल होइ गये ।" સંન્યાસનિર્ણય કથિત વિકલત્વ અને અસ્વાસ્થ્યની છાયામાં એ આવી ગયાં છે. વાર્તા કહે છે; "जैसे रासपंचाध्याईन में भक्तन को मन देखि अन्तरध्यान भये, सो

**कहा छोडि गये ? भक्तन कों प्रभु छोडे ही नाहीं । बाहर तें उनके हृदय में जाई बैठे ।"** અર્થાત્ ત્યાગ કર્યા પછી, શ્રીવલ્લભ રામાનંદના હૃદયમાં બિરાજી ગયાં છે અને રામાનંદને સમર્પિત રાખે છે. શ્રીનાથજી માટે તાપાત્મક સ્નેહ ન હોય તો રામાનંદ બજારમાં ઊભા રહીને એમ ન કહે કે; **"श्रीगोवर्धननाथजी आरोगियों । या प्रकार समर्पण करि जलेबी खाई ।"**

પ્રભુની એકલીલામાં, ભગવાનના અનેક અર્થ અને ઉદ્દેશ્ય અવસ્થિત છે. તેથી જ, વૈષ્ણવના અપરાધનો સિદ્ધાંત સમજાવવાની સાથે, આ વાર્તામાં, શ્રીવલ્લભ રામાનંદના વરણની પણ speed વધારે છે. પ્રભુની એક લીલા બહુઅર્થી છે. એનાં દર્શન મહાપ્રભુજીની કારિકામાં કરી લઈએ; **"एकं भगवतः कार्य बद्ध्थानां च साधकम् प्रपंचविस्मृतिः सर्वा तदासक्तिस्य वर्णये"** અથવા તો **"एकं कार्य भगवतो बद्ध्थानां तु साधकम् ।"**

સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં **ब्रह्मसंबंधकरणात्** ની જયારે શ્રીઠાકુરજીએ આજ્ઞા કરી, ત્યારે પ્રભુએ મહાપ્રભુને વચન આપ્યું છે કે આપના અંગીકૃત જીવને હું છોડીશ નહિ. રામાનંદની વાર્તા, એ આચાર્યજી માટે એક અદ્વિતીય testing sample છે અને testing case હોવાથી રામાનંદ પુષ્ટિભક્તિમાર્ગના શહીદ છે. જેનો શ્રીવલ્લભ ત્યાગ કરે, પણ આપેલા વચનના કારણે પ્રભુ ન છોડી શકે, એ ભગવાનનું આચાર્યજીને આપેલા વચનનું સો ટકા commitment છે. આ commitment નાં દર્શન વાર્તામાં કરીએ; **"तब श्रीआचार्यजीने (श्रीनाथजी सों) कही, जो - मैं तो वाको त्याग कर्‍यो है, तुम वाकी समर्पी कैसे अरोगे ? तब श्रीनाथजी ने कही, मैं तुमकों वचन दियो है, जाकों तुम ब्रह्मसंबंध करावोगे ताको मैं कबहू न छोडूंगो ।**

तातें तुम त्याग करो परन्तु तुमने पहले मोकों समर्प्यो हो सो कैसे छोडूँ ? तब श्रीआचार्यजी चुप ह्वै रहे ।" આચાર્યજી કેવલ ચૂપ નથી રહ્યા પણ પ્રભુના commitmentને જોઈને બેહદ્ ખુશ થઈને ચૂપ રહ્યા છે કારણકે, "श्रीठाकुरजी के वचन दृढ किये । जो - ब्रह्मसंबंध की आज्ञा दिये । तब कहे, जिनको तुम ब्रह्मसंबंध करावोगे ताकों मैं न छोडूंगो ।" પ્રભુ અને મહાપ્રભુ વચ્ચે થયેલા mutual commitment ના રામાનંદ, એક શહીદરૂપ bridge છે.

રામાનંદની વાર્તા અખિલ પુષ્ટિસૃષ્ટિને એક વાત સ્પષ્ટ સમજાવે છે કે પુષ્ટિના ઠાકુર આચાર્યજીના ભાવાત્મક છે અને કેવલ આચાર્યજીને વશ છે. શ્રીમહાપ્રભુજીની કૃપાથી જ, પ્રભુ પુષ્ટિજીવનું સમર્પણ સ્વિકૃત કરે છે, એના વિના એ અસંભવિત છે. વાર્તા સ્પષ્ટ કહે છે; "जो श्रीआचार्यजी को अन्तःकरण सों त्याग होइ तो श्रीनाथजी वाके हाथ की सामग्री कबहू न अरोगें । तातें श्रीआचार्यजी के अन्तःकरण को त्याग नाहीं । _ _ _ _ जो दैवी है सो तो श्रीआचार्यजी के अंग रूप हैं । जैसे अंग को त्याग नाहीं । तैसे जीव दैवी को त्याग नाहीं ।"

આ વાર્તામાં, આપણા રામાનંદ પંડિત કેવલ શહીદ છે એનો જાણે ઉદ્દ્ઘોષ કરતા હોય તેમ વાર્તાના અંતમાં હરિરાયજી ભાવપ્રકાશમાં કહે છે કે; "रामानंद तो श्रीनाथजी के पास बैठे हैं ।"

*********

## ગ્રંથ : બાલબોધ

## ૮૪ વૈષ્ણવ વાર્તા : ૧૦ - હરિવંસ પાઠક

શ્રીમદાચાર્યચરણ, જગતના જીવોને "બાલબોધ" ગ્રંથમાં વિવિધ સિદ્ધાંતોની તસ્વીર બનાવે છે. શરૂઆતમાં હરિવંસ પાઠકને ગણેશજીની તસ્વીર આકર્ષિત કરી લે છે. વાર્તા કહે છે; "**सो हरिवंस पाठक पहलें गनेश के उपासक हते ।**" ગણેશજીથી મુક્તિ ચાહતા હોવાથી હરિવંસ, બાલબોધ ગ્રંથ કથિત પરાશ્રયથી મોક્ષની આકાંક્ષાવાળા છે. "**पराश्रयेण मोक्षस्तु.**" ગણેશજી માટે એમને બાલબોધ કથિત તદીયત્વ અને તદાશ્રય સિદ્ધ છે. આશ્રય અને સમર્પણ સહિત હરિવંસની મતિ, કૃતિ અને રતિ ગણપતિજી પ્રત્યે દૃઢ હોવાથી, મહાપ્રભુજીના સામીપ્યમાં પણ હરિવંસજીને વિચાર આવે છે કે; "**मेरे गणेश के दरसन में ढील लगे सो ठीक नाहीं है ।**" એમને ગણેશજી સાનુભાવ છે કારણકે બાલબોધ ગ્રંથની આ પંક્તિને હરિવંસ વાસ્તવમાં જીવી રહ્યા છે. "**ब्रह्मैव तादृशं यस्मात् सर्वात्मफतयोदितौ.**" અર્થાત્ હરિવંસ પાઠકને, ગણેશજી માટે બ્રહ્મભાવ છે.

આ વાર્તામાં, બાલબોધ ગ્રંથની પ્રક્રિયા fantastically વર્ણિત છે. શિવપુત્રમાં બ્રહ્મભાવ રાખનાર હરિવંસ, ગણેશજીને ય "અતિપ્રિય" છે. ગ્રંથ આજ્ઞા કરે છે; "**अतिप्रियाय तदपि दीयते क्वचिदेव हि ।**" તેથી આવી અતિપ્રિયતાના કારણે, ગણપતિજી, પોતાનો જે આચાર્યજીમાં અભિષ્ટ ભાવ છે, તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરતાં હરિવંસ પાઠકને આજ્ઞા કરે છે કે; "**तब गनेश ने सपने में हरिवंस पाठक सों कहे, तू श्रीआचार्यजी के दरसन करे बिना मेरे पास आवत हतो, सो मैं तेरो मुंह न देखोंगो,**

**श्रीआचार्यजी को अपराध कियो । श्रीआचार्यजी पूर्णपुरुषोत्तम हैं । तिनसों अपराध क्षमा कराइ मेरे पास आइयो ।"** હરિવંસ ગણેશજીને અતિપ્રિય હોવાથી, ગણનાયક, પાઠકજીને મહાપ્રભુજી તરફ virtually push કરી રહ્યા છે.

બાલબોધ ગ્રંથના ભાવો પ્રકટ કરતાં કરતાં, આ વાર્તા શ્રીમહાપ્રભુજીના સર્વોત્તમજીનાં નામો પણ અદ્‌ભુત રીતે પ્રકટ કરતી જાય છે, એનાંય દર્શન કરી લઈએ. **"हरिवंस पाठक के मन में आई, जो - मैं हूँ श्रीआचार्यजी महाप्रभुन के दरसन करि आऊं । सो दरसन कों आये । तब विप्ररूप देखिकें मन में आई, जो-ए ऊ, ब्राह्मण हैं हम हूँ ब्राह्मण हैं । ए पंडित हैं । सो मेरे कहा काम है ? मेरे गनेश के दरसन हें ढील लगे सो ठीक नाहीं हैं । यह विचारि दूरि तें देखि पाछे फिरे ।"** શ્રીવલ્લભનું સર્વોત્તમજીનું નામ છે - **"महोदार चरित्रवान्"** અને તદ્‌અનુરૂપ શ્રીવિઠ્ઠલેશનું નામ છે - **"भक्त चिंतामणिः"**. તો આવા મહોદાર મહાપ્રભુજી, હરિવંસને કેવલ વિપ્રરૂપે દર્શન આપી પ્રાકૃત લીલા કેમ પ્રકટ કરે છે ? આ રહસ્યને સર્વોત્તમજી સમજાવે છે કે આચાર્યજી **"प्राकृतानुकृतिव्याज मोहितासुरमानुषः"** પણ છે. શ્રીગુસાંઈજીનું આનું parrellal નામ છે - **"महासुरतिरस्कर्ता "**. મહોદારચરિત્રવાળા હોવા છતાંય આચાર્યચરણ હરિવંસમાં મોહ પેદા કરી શકે છે, એ શ્રીવલ્લભની divine mystery છે. ગણેશજીની ઉપાસનાનું હરિવંસજીને સાધનાભિમાન હોવાના કારણે પાઠકજીને, મહાપ્રભુજી માટે, મોહ ઉત્પન્ન થાય છે. હરિવંસને, ગણેશજી, મહાપ્રભુજીનું જયારે પૂર્ણપુરુષોત્તમ તરીકે માહાત્મ્યજ્ઞાન કરાવે છે, ત્યારે એ આચાર્યજીના કૃપાભિમાનને સ્વીકારે છે અને એમનો મોહ જાય છે. તત્પશ્ચાત્ એ શ્રીવલ્લભને શરણે આવે

છે. મહાપ્રભુજીના **महोदार चरित्रवान्** અને **प्राकृतानुकृतिव्याज** આમ બન્ને contrasting નામોને આવરી લેતાં વાર્તા કહે છે;

**"तब हरिवंस पाठक ने (श्रीआचार्यजीसों) कही, महाराज ! हम तो अज्ञानी जीव हैं, संसार समुद्र में पडे हैं । सो आपके स्वरूप कों कहा जानें ? हम तो गनेश के उपासक हैं । सो गनेश हू आप के अपराध सों डरपत हैं । तातें मोकों तिहारे पास पठाये । जो - अपराध क्षमा कराइ आव । सो मैं अब जान्यो, जो-हम सों बडे आप हो, अब मोकों सरन लेहु ।"**

**महोदार चरित्रवान्** અને **प्राकृतानुकृतिव्याज** નામો માં જે contradiction લાગે છે તે વાસ્તવમાં શ્રીવલ્લભનો વિરુદ્ધધર્માશ્રય છે. આનું રહસ્ય સમજવા જેવું છે. વિરુદ્ધધર્માશ્રય વિના બ્રહ્મતા, પરમાત્મતા, ભગવાનપણું કૃષ્ણરુપતા સિદ્ધ ન થાય. મહાપ્રભુજીની આવી multiplicity માં જ unity છે. તેનો લીલોપદેશ હરિવંસ પાઠકની વાર્તામાં છે. જગતના પ્રત્યેક નામ રૂપનો આધાર બ્રહ્મ છે. પ્રમાણ, પ્રમેય, સાધન, ફલનો આધાર પણ બ્રહ્મ જ છે. તેમ જ અપ્રમાણ, અપ્રમેય, મોહ આદિનો ય બ્રહ્મ જ આધાર છે. તેથી જ, આચાર્યજી "મહોદાર" હોવા છતાંય "પ્રાકૃતાનુકૃતિવ્યાજ" છે. પ્રત્યેક ઉદારતામાં એક મોહજનકતા છૂપાયેલી છે અને પ્રત્યેક મોહજનકતામાં એક ઉદારતા. કારણકે આ બધીય ભગવલ્લીલા છે. જેમકે ક્રિકેટની રમતમાં બેટ્સમેન કેવલ રન જ કરતો હોય અને આઉટ કયારે ય ન થાય તો gameની મઝા જ ચાલી જાય છે. કારણકે બેટ્સમેન આઉટ પણ થાય, એવી અપેક્ષા, મેચ જોનારની હોય છે. તેમજ પ્રભુની મહોદારતા અને મોહજનકતા, એ બન્ને, જીવની અપેક્ષાને કારણે છે, તેથી

જ હરિવંસને, આચાર્યજીના બ્રાહ્મણરૂપની અપેક્ષા થઈ ત્યારે એમને મોહ થાય છે અને આચાર્યજીમાં પુરુષોત્તમજીના રૂપની અપેક્ષા થઈ ત્યારે એમને મહાપ્રભુજી **महोदारचरित्रवान्** નામ રૂપે દર્શાય છે. "મહોદાર" નામની ફલશ્રુતિ દર્શાવતી વાર્તા કહે છે; "(આચાર્યજીએ) **सगरे कुटुम्ब कों नाम निवेदन कराइ श्रीठाकुरजी कों पंचामृत सों स्नान कराइ पाट बैठारे । पाछें आप पाक करि भोग धरि भोजन किये । सबन कों जूठनि धरि ।"** ગોવિંદદાસ ખવાસ મહાપ્રભુજીના **महोदार चरित्रवान्** નામ ને કર્તવ્યોપદેશ રૂપ માને છે; "હરિ સેવા હરિ કથા છાંડિ કે અન્ય કહુ નહિ જાઉ ." તેથી જ આચાર્યજીની મહોદારતાની વર્ષા હરિવંસ પાઠક પર થતાં જ હરિવંસ ને પુષ્ટિભક્તિમાર્ગ સંબંધિત કર્તવ્યોપદેશ થઈ જાય છે. વાર્તા કહે છે; "**सो हरिवंस पाठक सेवा भली भांति सों करते । श्रीठाकुरजी सानुभावता जनावन लागे ।"**

પાઠકજીને પ્રારંભમાં, મહાપ્રભુજીના **प्राकृतानुकृतिव्याज** નામની અનુભૂતિ થઈ, ત્યારે તો એ **महोदार चरित्रवान्** નામની એવી કૃપાની ચમત્કૃતિને અનુભવી શકે છે. પ્રભુનો આવો વિરૂદ્ધધર્માશ્રય સમજવાથી જ પુષ્ટિજીવ ભગવાન સંગ વિહાર કરી શકે છે. આચાર્યચરણ આસુરી સૃષ્ટિ માટે પ્રાકૃત લીલા પ્રકટ ન કરે તો દૈવી સૃષ્ટિને આપની મહોદારતાનું મહત્વ ન સમજાય, અથવા તો આચાર્યજીની આવી મહોદરતાને જીવ casually લેતો થઈ જાય. પોતાના parameter થી હરિવંસે શ્રીવલ્લભને જોયા તો એમને મોહ થયો. તેવી જ રીતે પોતાના parameter થી જગતને જોનાર વાદીઓ પણ જગતના સ્વરૂપને સમજવામાં મોહયુક્ત થઈને આવી જ mistake કરે છે. એને સમજાવતાં શ્રીમહાપ્રભુજી સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં

આજ્ઞા કરે છે કે "अपरं तत्र पूर्वस्मिन् वादिनो बहुधा जगुः । मायिकं सगुणं कार्यं स्वतंत्रं चेति नैकधा ॥ વાસ્તવમાં તો પ્રભુની ૧૨ શક્તિમાંથી એક શક્તિ અવિદ્યા પણ છે, છતાં બ્રહ્મ આજ્ઞાની નથી. તેમ આચાર્યજી प्राकृतानुकृतिव्याज હોવા છતાં ય પ્રકૃતિના ગુણોથી અસ્પર્શ છે. अप्राकृतनिखिल धर्मरूप છે. આવા વિરુદ્ધધર્માશ્રય સભર શ્રીવલ્લભ, હરિવંસને પહેલા મોહ કરાવી, પછી એમની પર કૃપા કરી શરણે લે છે.

શ્રીવલ્લભપ્રભુએ હરિવંસ પાઠકને નામનિવેદન કરાવી એમના પર જયારે महोदारचरित्रवान् સ્વરુપની વર્ષા કરી, ત્યારે પાઠકજીનું પુષ્ટિમાર્ગીય જીવનચરિત્ર ભગવદાશ્રય અને સમર્પણથી ખીલવા લાગે છે. બાલબોધ ગ્રંથ આજ્ઞા કરે છે; "नियतार्थप्रदानेन तदीयत्वं तदाश्रयः ।" આ પંક્તિને reflect કરતાં વાર્તા કહે છે; "सो हरिवंस पाठक सेवा भली सों करते । श्रीठाकुरजी सानुभावता जनावन लागे ।" ગોકુળનાથજીની આ ઉક્તિમાં દયારામભાઈ એ વર્ણન કરેલ પ્રેમ અને આસક્તિની દશા નાં દર્શન કરી લઈએ;

"કહીએ પ્રેમનું લક્ષણ એહ, જયારે મળે ત્યારે તેનો તે સ્નેહ ।
વિયોગ થાય ત્યારે તપે તન ત્યાંનું ત્યાં વળગ્યું રહે મન ॥
એક વાર આખા દિવસમાં પણ મળ્યા વિના ન રહેવાય ।
જો ન મળે તો વિકળ થાય, આસક્તિ એ કહેવાય ॥"

અર્થાત્ હરિવંસની ભક્તિ, ભક્તિના અંશરૂપે ન રહેતાં, સિદ્ધાંતમુક્તાવલી કથિત અંશીમાં પ્રવેશ થઈ જાય છે. ૬૪ વાર્તા ભાગ-૧ માં મેં બાલબોધ ગ્રંથ કથિત સાંખ્ય, યોગ, અંગ, અંગી સંબંધિત જે પુષ્ટિભક્તિમાર્ગીય વ્યાખ્યા લીધી છે

તેનો અહીં પણ સમાવેશ થઈ જાય છે, તેથી એનો અહીં વિસ્તાર નથી કર્યો.

ભગવદ્ અનુભૂતિની દશા હોવા છતાંય હરિવંસ પાઠક સર્વત્યાગ કરીને નથી બેસતાં, લૌકિક વ્યવહાર પણ કરે છે. વાર્તા કહે છે; **"सो एक समय हरिवंस पाठक पटना ब्यौहार कों गये हते ।"** પાઠકજી આવા લૌકિક વ્યવહારને ભક્તિના અંગરૂપે વણી લઈને ભગવદીય જીવન જીવી રહ્યા છે. કેવી રીતે ? પુષ્ટિના angle થી હરિવંસજીને દૃઢ વિશ્વાસ છે કે સર્વ કર્તાહર્તા પ્રભુ છે. **"भगवानेव सवं करोति ."** શ્રીમહાપ્રભુજીના **"देवोद्धारप्रयत्नात्मा"** નામનો આ પહેલું છે. પરંતુ આચાર્યજીના **"कर्ममार्गप्रवर्तक"** નામના આધારથી હરિવંસજી જાણે છે કે ભજનના અભાવમાં, પુષ્ટિભક્તિમાર્ગમાં કાંઈપણ સિદ્ધ થતું નથી, એવી મહાપ્રભુજીની આજ્ઞા છે. **"भजनाभावे न सिद्धंति ."** કેવલ ભગવાનની કૃપાની વાટ જોઈને બેસનાર જીવ, જો ભક્તિમાર્ગમાં પ્રવૃત ન થાય, તો એની અહંતાનું ભગવદ્ સમર્પણ જ નથી થતું. હરિવંસજીને પ્રભુ માટે આ ભાવ સદા સુસ્થિર છે કે; "તુ મારો પ્રભુ છે અને હું તારો સેવક છું." **दासोऽहं** કથિત એમને દાસભાવનો અહમ્ છે. તેથી જ પાઠકજીની ભક્તિ, નવધા ભક્તિ આદિનો કેવલ અંગ ન રહેતાં, એના અંગીરૂપ ભક્તિયોગ રૂપા બની ગઈ છે. આવા પુષ્ટિ ભક્તો માટે સર્વોત્તમજીમાં ગુસાંઈજી આજ્ઞા કરે છે કે; **"विनियोगो भक्तियोग प्रतिबंध विनाशने"**. હરિવંસની તનુવિત્તજા સેવામાં જે પટના અને કાશી વચ્ચેની દૂરી હતી, એ એમના વિનિયોગમાં પ્રતિબંધક થઈ રહી હતી, પાઠકજીના ભક્તિયોગના કારણે આ દૂરીનું વેગથી નિવારણ કરવા એમના સેવ્યસ્વરૂપે હાકિમને ઘોડો આપવાની પ્રેરણા કરી.

આમ હરિવંસ ને ભક્તિના સ્વરૂપનું જ્ઞાન છે અને ભક્તિ જેના પર અવલંબિત છે એવા ભજનીય પ્રભુનો અનિર્વાહ પણ નથી. તદીયત્વ એમને સિદ્ધ હોવાથી, પ્રભુથી દૂર હોવા છતાંય, મનથી કે ભક્તિની પરંપરાથી, વ્યવહારની અવસ્થામાં ય પાઠકજી પ્રભુને સમર્પિત છે. હરિવંસની આવી નિષ્કામ કૃષ્ણભક્તિ છે. તેથી ભજનીય એમને નિભે છે અને ભાવનીય સ્વરૂપે પ્રભુ પોતાનો અનુભાવ પ્રકટ કરે છે. વાર્તા કહે છે; **"तब श्रीठाकुरजी ने हरिवंस पाठक सों जताई, जो-तू डोल मोकों न झुलावेगो ?"** પોતાના જીવનની બધી પલ આ ભગવદીય, પ્રભુ સાથે મનોમન share કરતાં હોવાથી, પ્રભુ એમના માટે સર્વસ્વ છે અને આવા "સર્વસમર્થ" સેવ્યસ્વરૂપ પોતે અસમર્થ હોય તેમ મૃદુલ અને દૈન્યયુક્ત વાણીથી હરિવંસજીને પૂછે છે કે; **"जो - तू डाल मोकों न झुलावेगो ?"** સેવક ડોલ નહિ ઝુલાવી શકે તો બીજું કોણ ઝુલાવશે, એવો એક લીલાત્મક ભાવ સેવ્યસ્વરૂપ અહીં અભિવ્યકત કરે છે.

આ નાજુક પ્રસંગમાં છાંદોગ્યોપનિષદનું એક વિલક્ષણ રહસ્ય પ્રકટ થાય છે. ઉપનિષદ્ કહે છે કે પક્ષીના પગમાં લાંબો દોરો બાંધી એને ઊડવાની છૂટ આપીએ તો મુક્ત રીતે એ ઊડશે ખરો પણ દોરીના કારણે, જયાં દોર બાંધ્યો છે, ત્યાં તે પુનઃ આવી જશે. સુરદાસજી ગાએ છે; "જૈસે ઊડ જહાજ કો પંછી ફીર જહાજપે આવે." તેમ આ નામરૂપાત્મક જગતમાં, હરિવંસ, વ્યવહાર માટે સર્વત્ર ફરતાં હોવા છતાંય, એમની આસક્તિ નામરૂપમાં નથી પણ નામરૂપને co-ordinate કરતાં પ્રભુમાં છે. હરિવંસની બાહ્યાભ્યાંતર દૃષ્ટિ પ્રભુ સંબંધિત છે. સુરદાસજી ગાએ છે તેમ, હરિવંશ પાઠક માટે તો, "હૃદય તે વે મદન મૂરતિ છિન ન ઈત ઉત જાતી." **स आत्मा तत्वमसि.**

વેદની આ શ્રુતિમાંથી મહાપ્રભુજી ભક્તિને derive કરી રહ્યાં છે, તેનો લીલોપદેશ કરાવનારી હરિવંસ પાઠકની વાર્તા છે.

લૌકિક વ્યવહારાદિમાં વ્યસ્ત એવા આપણા જેવા આધુનિક જીવોને, પુષ્ટિભક્તિ માર્ગ કેવી રીતે જીવવો એની આ વાર્તા અદ્‌ભુત રીતે શીખ આપે છે. આચાર્યજી નિરોધલક્ષણ ગ્રંથમાં આજ્ઞા કરે છે કે "इन्द्रियाणां हिताय वै । कृष्णस्य सर्ववस्तूनि भून्म ईशस्य योजयेत् ॥" કાશીથી વ્યવહાર માટે પટના ગયેલા હરિવંસની દશા કેવી હશે એ ચત્રભૂજદાસજીની વાણીમાં અવલોકીએ;

"દરસન કો નૈના તપે લાલ વચન સુનન કો કાન,
મિલિવે કો હિયરા તપે, મેરે જીય કે જીવન પ્રાન".

હરિવંસની આંખો એમના સેવ્યસ્વરૂપને નિરખવા તરસતી હોય છે, અને હસ્ત એમની સેવા માટે. જયારે એમના કાનને ઠાકુરજીની મંજુલ વાણી સાંભળવાની લલક જાગી જાય છે ત્યારે પ્રભુથી રહેવાતું અને સહેવાતું નથી અને હરિવંસને આમ આજ્ઞા કરે છે; "जो-तू डोल मोकों न झुलावेगो ?" પ્રભુના આટલા શબ્દો સાંભળતા જ હરિવંસનું હૃદય પ્રેમથી વિંધાઈ જાય છે અને એ હાકિમ પાસે ઘોડો માંગવા જાય છે. દયારામભાઈ કહે છે; "કહેવાયે વ્યસન આવુ જયારે થાય, સામસામી હૃદય વિંધાય ।" આવા ઉત્સવ વ્યસની પાઠકજી માટે વાર્તા કહે છે; "ऐसे भगवदीय हे । ता पाछे बडे उत्सव, छोटे उत्सव, सगरे घर आइ के करते ।" હરિવંસે પોતાની સર્વેન્દ્રિયને ભૂમા તત્વ એવા ભગવાનમાં લગાડી છે અને પ્રભુએ મધુરતાથી એમને ડોલ ઝુલાવવાની વાત કરે છે, એ ઠાકુરજીનો "ભૂમાનુભાવ" છે. પ્રભુ આવો "ભૂમાનુભાવ" પ્રકટ કરે ત્યારે જે lesser છે તે

greater લાગે છે અને જે greater છે તે lesser લાગે છે. આપ્તકામ, ભૂમાતત્વ ઠાકુરજી પોતે એક less તત્વ હોય અને એમના સેવક હરિવંસ એક greater તત્વ હોય એવા ભાવથી પ્રભુ કહે છે; "जो-तू डोल मोकों न झुलावेगो ?" સેવક પાસે સેવ્ય રમણનો અનુભાવ પ્રકટ કરી રહ્યા છે. એ સાંભળીને હરિવંસ પાઠકની શી સ્થિતિ થઈ હશે ?

"विभुः" એવા મહાપ્રભુજીના સામર્થ્યની એક સિફત એ છે કે, શ્રીવલ્લભ પોતાના સેવકોને માથે ઠાકુરજીને પધરાવી, આપ પોતે ગુપ્ત થઈ જાય છે. અર્થાત્ શ્રીમહાપ્રભુજી "અસ્પષ્ટ જયોતિ આચ્છન્ન" રહે છે. પરંતુ, કોઈ પણ પુષ્ટિજીવનું સામર્થ્ય નથી કે તે પોતાના બલ પર ઠાકુરજીની સેવા કે ગુણગાન કરી શકે. પુષ્ટિજીવમાં ભગવત્સેવા અને ગુણગાન ત્યારે જ શક્ય બને જયારે શ્રીવલ્લભ, જીવમાં પોતાનું સામર્થ્ય infuse કરે. એ વખતે ઠાકુરજીને પણ "confuse" થઈને એમ લાગે છે કે જીવ ભક્તિ કરી રહ્યો છે અને પ્રભુ એવા ભક્તને પોતાનો અનુભાવ અભિવ્યકત કરે છે. શ્રીવલ્લભ, સેવક અને સેવ્યને, એકબીજામાં નિરૂદ્ધ કરી દે છે. નાટકમાં નટ જે સંવાદ બોલે કે નાટન કરે છે એની વાહવાહ audience નટને અનુલક્ષીને કહે છે, behind the curtain રહેલ script writer, choreographer કે director ને ભૂલીને. પુષ્ટિમાર્ગમાં જીવના કર્તા કરયિતા behind the curtain શ્રીમહાપ્રભુજી છે. ત્યારે જ જીવમાં ભક્તિનો આવિર્ભાવ થાય છે. બાલબોધ ગ્રંથ કહે છે; "अतः शिवश्च विष्णुश्च जगतो हितकारकौ ।" તેમ આચાર્યજી પુષ્ટિજીવના સર્વ હિતકારક છે. આ રહસ્યને પ્રકટ કરતાં સર્વોત્તમજીમાં મહાપ્રભુજીના નામો છે; "भक्तपरायणः" કે "निखिलेष्टदः". ભક્ત પર નિતાન્ત

પ્રીતિ દર્શાવનારા શ્રીગુસાંઈજીના નામો છે; "भक्तकृते वशः" અને "सर्वानुग्रह कृन् मन्त्र वित्तमः" હરિવંસ પાઠક આચાર્યજીના આવા behind the screen ના role થી અવિરત અભિજ્ઞાત છે. મહાપ્રભુજીની અવિચ્છિન્ન થતી કૃપા માટે એમને આવો ભાવ છે; "પ્રણવો શ્રીવલ્લભ સુખદાઈ, જીનકી કૃપા કટાક્ષ કોર તેં પુષ્ટિ ભક્તિ જગ આઈ." પુષ્ટિજીવના સમસ્ત પુષ્ટિકરણમાં, શ્રીવલ્લભ પ્રભુનો આવો અનિર્વચનીય role છે, એને ડીમડીમ ઘોષ કરીને કહેવા માટે તો શ્રીગોકુલનાથજી પ્રત્યેક વાર્તાની જેમ, આ વાર્તાના અંતમાં પણ કહે છે કે; "सो हरिवंस पाठक श्रीआचार्यजी महाप्रभुन के ऐसे कृपापात्र भगवदीय है ।" પ્રભુ પ્રત્યેના ભક્તિભાવને ઉદ્દીપન કરવા પોતે કેવલ મહાપ્રભુજીના instruments છે એવો અણમોલ ભાવ હરીવંસને સિદ્ધ છે. આ ભાવને સુસ્થિર રાખવા માટે જ પ્રત્યેક પુષ્ટિજીવ મંગલા પહેલાં મહાપ્રભુજી ગુસાંઈજીના પદ ગાય છે. એનાથી સેવા સમયે વૈષ્ણવોમાં ભાવનું ઉદ્દીપન થાય છે તેમજ દીનતા અને નિઃસાધનતા નિખાર પામે છે.

"जो-तू डोल मोकों न झुलावेगो ?" કહીને ઠાકુરજી હરિવંસના મમતા ભાવને, દ્વૈતને, જગાડી, એનું સમર્પણ કરાવે છે. વાર્તા કહે છે; "रात्रि कों सब डोल की तैयारी सिद्ध करी राखी, दुसरे दिन झुलाए, बडो सुख भयो ।" આવા મમતાત્મક દ્વૈતભાવને ડોલના કીર્તનમાં ચતુર્ભુજદાસજી અતિ સુંદર રીતે વણી લે છે;

"મનમોહન અદ્ભુત ડોલ બની ।
તુમ ઝુલો હોં હરખ ઝુલાવું, વૃંદાવન ચંદ ધની ॥"

આવા દ્વૈતના વાતાવરણમાં ય હરિવંસ પાઠકને સ્પષ્ટ રીતે

ખ્યાલ છે કે પોતે ભગવાનના ચિદંશ છે અને એમની અહંતા ભગવદ્ સદંશ છે. નિત્ય સેવામાં કે ડોલ આદિનાં પ્રસંગમાં સમર્પિત થતી બધી જ સામગ્રી (વસ્તુ)માં હરિવંસને પ્રભુના સદંશરૂપ લાગે છે. બાલબોધ ગ્રંથ આજ્ઞા કરે છે. "**ब्रह्मैव तादृशं यस्मात् सर्वात्मकतयोदितौ ।**" આમ પાઠકજીની અહંતા, સર્વ પદાર્થમાં એમને બ્રહ્મભાવ જગાડનારી અને અભેદાત્મક તાદાત્મ્ય પ્રકટ કરનારી હોવાથી, એ અહંતા "તત્ત્વાનુભૂતિ" રૂપ છે, ભ્રમાત્મક નહિ. અર્થાત્ ગદ્યમંત્રના રહસ્યરૂપ એમની અહંતા બ્રહ્મ સંબંધિત છે અને તેથી જ પોતાની આવી "બ્રાહ્મી" અહંતાને પ્રભુને વેગથી સમર્પિત કરવા હરિવંસ હાકિમ પાસે ઘોડો માંગીને જલ્દી કાશી પહોંચી જાય છે. આ રહસ્યને પ્રકટ કરતાં, ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છે કે; "**यामें यह सिद्धान्त जताए, जो - स्नेही होइ सो उत्सव अपने ठाकुर पास करे तो ठाकुर प्रसन्न रहें ।**" સંયોગાત્મક મિલન માટે ભગવાન અને ભક્ત એમ બન્ને પરમ ઉત્સુક છે અને મિલનના અભાવમાં બન્ને દુઃખી છે. "તિહારે મિલન બિનુ દુઃખિત ગોપાલ." ભગવદ્ શરણની ભાવનામાં સમર્પણની ભાવના મિશ્રિત થાય ત્યારે આચાર્યજીનો "**पृथकशरण**" માર્ગ અંગડાઈ લે છે. આ ભાવને અનુસંગત સર્વોત્તમજીમાં મહાપ્રભુજીનું નામ છે, "**पृथकशरण मार्गोपदेष्टा.**" શ્રીવિઠ્ઠલેશનું નામ છે; "**शरणाध्व प्रदर्शकः**". ઠાકુરજી માટે, પરદેશમાં ય સમર્પણનો ભાવ અસ્ખલિત જાળવી રાખનાર હરિવંસ પાઠકના ભાવને આવિષ્કૃત કરતાં બાલબોધ ગ્રંથ કહે છે; "**तदाश्रयतदीयत्वं बुद्ध्यै किंचित्समाचरेत् ।**" પરદેશમાં ભગવદાશ્રયની ભાવના કરતાં ય આ ભગવદીય પોતે સમર્પિત ક્યારે રહી શકશે એવી વિપ્રયોગની ભાવનાથી ય સભર છે. તેથી ઠાકુરજી કેવલ આટલું જ કહે

છે કે "તુ મને ડોલ નહિ ઝુલાવે ?" એમાં તો એમનો સમર્પણનો ભાવ પ્રજવલિત થઈ જાય છે.

હરિવંસ આવા કૃપાપાત્ર ભગવદીય છે એનું કારણ એ છે કે એમના ઠાકુરજી, ઠાકુરજીની સેવા અને પ્રભુ પ્રત્યેના એમના નાજુક ભાવને હરિવંસ પાઠક સદા અપ્રકટ અને નિગૂઢ રાખે છે. હૃદયમાં બિરાજેલ ઠાકુરજી સંબંધિત હરિવંસ, કોઈનેય, ક્યારે ય કાંઈપણ કહેતા ન હોવાથી, એમના સેવ્યસ્વરૂપ પાઠકજીની અંતરગુહામાં સદા કેદ રહે છે. કૂવામાં રહેલાં દેડકાને જેમ અખિલ સૃષ્ટિ કૂવા જેટલી જ વિશાળ લાગે છે, તેમ, હરિવંસના અંતરમાં બિરાજેલ સર્વવ્યાપી પૂર્ણપુરુષોત્તમને આખીય સૃષ્ટિ સદા હરિવંસના હૃદય જેટલી જ વ્યાપ્ત લાગે છે. "और श्रीठाकुरजी की सेवा को प्रकार काहू सों कहनो नाहीं, जैसे हरिवंस पाठक उह हाकिम सों कछु न कहे । घर हू में जदपि वैष्णव हते तऊ श्रीठाकुरजी के अनुभव की बात नाहीं कही ।"

******

## ગ્રંથ : સિદ્ધાંતમુક્તાવલી

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧૨૫ :- એક શેઠ, ખરબૂજાવારો

સિદ્ધાંતમુકતાવલી ગ્રંથનો લીલોપદેશ કરતી આ વાર્તા હોવાથી, પ્રારંભમાં જ, વાર્તા અને ગ્રંથની પંક્તિ અદ્ભુત રીતે એકમેક થઈને અભિસાર કરે છે. મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે; "**कृष्णसेवा सदा कार्या_ _ _ _तत्सिद्ध्यै तनुवित्तजा । ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम् ॥**" શરૂઆતમાં જ વાર્તા કહે છે કે; "**सो वानें अपने मन में विचार कियो, जो-अब संसार में परनो उचित नाहीं । प्रभुन ये सुंदर देह दीनी है । सो तो उन की सेवा के ताई दीनी है । तातें भगवत्सेवा करनी । सो बहोरि श्रीगुसांईजी आगरा पधारे तब या सेठ ने श्रीगुसांइजी सों बिनती कीनीं, जो-महाराज ! कृपा करि मोकों भगवत्सेवा पधराई दीजिए । तो हों सेवा करों । मेरे यह मनोरथ है । सो उह सेठ के माथें श्रीमदनमोहनजी की सेवा श्रीगुसांईजी ने पधराई । सो उह सेठ के द्रव्य बहोत हुतो । सो उह सेठ राजसेवा करतो ।**"

શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરેલ તનુવિત્તજા સેવાને આ વાર્તા ભરપૂર રીતે અભિવ્યકત કરી રહી છે, કારણકે સેવા, પ્રભુમાં ભાવ દૃઢ કરવાનું અપ્રતિમ સાધન છે. આ સેવા કેવી રીતે કરવી ? શ્રીવલ્લભ આજ્ઞા કરે છે; "**सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः.**" ભક્તિ disturb ન થાય એવી રીતે ભગવાનને સાચી ભાવનાથી ખૂશ કરવા અને તે પણ પોતાની નાની બુદ્ધિમાં આવે તે રીતે. તો આનંદસ્વરૂપ પ્રભુ એને માણતા થઈ જાય છે. આ શેઠની ભક્તિમાં કોઈ bifurcation ન હોવાથી, સાધનાવસ્થાથી લઈને ફલાવસ્થા સુધીની unity, એમની

ભક્તિ એ સંભાળી છે. તેથી જ સેવા ઉપરાંત કથા પક્ષ,સત્સંગ અને આચાર્યજીના ગ્રંથના અનુપાનમાં શેઠની અખંડતા ચાલુ રહી છે. શેઠ અને એમની સાથેના વિરકત વૈષ્ણવ માટે વાર્તા કહે છે; "**सेवा के समय सेवा करे । पाछें महाप्रसाद ले कै दुपहर के दोइ घरी एक घरी सोवें । पाछे उठि कै भगवद्‌वार्ता, श्रीआचार्यजी, श्रीगुसांईजी के ग्रंथ देखे ।**" આ બન્ને વૈષ્ણવને આ દેહથી જ પ્રભુમાં આકર્ષણ થઈ ગયું છે.

કેવી સિફતતાથી શેઠજી, મહાપ્રભુજીના સિદ્ધાંતને જીવી રહ્યા છે તેનાં દર્શન પણ આ વાર્તા કરાવે છે, એમણે પોતાની મમતા સેવ્યસ્વરૂપ મદનમોહનજીમાં જોડી, તો એમની ધન પ્રત્યેની મમતા પણ ભક્તિનો અંગ બની ગઈ છે. આ ભગવદ્ મમતાના આવેશમાં શેઠ નિષ્કિંચન વૈષ્ણવને કહે છે કે; "**तब सेठने वैष्णव सों बिनती करी, जो-वैष्णव एक दुःख मेरे है । सो मैं तुम सों कहत हों । तुम्हारो मन प्रसन्न होइ तो मानियो । तब उह वैष्णव ने कही, तुम कहो । मोसों बनेगो सो मैं करूंगो । तब शेठने कही, मेरे चाकर है, सो सागफल मेवा आछौ बजार तें नाहीं ल्यावत । मैं बहोत कहि पचिहार्‌यो । सो तुम अपने श्रीठाकुरजी कों मेरे श्रीठाकुरजी के पास पधरावो । और तुम सागधर की सेवा करो । तो आछो है । तब उह वैष्णव ने कही, आछों । तुम प्रसन्न होउगे तो ऐसो करूंगो । पाछें उह विरक्त ने अपने श्रीठाकुरजी कों सेठ के घर पधराए पाछे सागघर की सेवा करन लागे । सो आगरे में आछें तें आछौ साग फलादि मेवा जो आवतो सो महेंगे तें महेगो ले आवतो । सो सेठ बोहोत उह विरक्त के उपर प्रसन्न रहतो ।**" શેઠ વિરક્ત વૈષ્ણવને કહે છે કે; "**और कह्यो, जो-सामग्री ल्याऊ सो दाम तुम ही दीजो । दुपहर पाछें हम कों लिखाय दीजो ।**" અર્થાત્ "તમે તમારા ભાવથી સામગ્રી લાવજો

અને તમારો ભાવ મારા હૃદયમાં લખાવી દેજો."

શ્રીઆચાર્યચરણ સમજાવે છે કે **कृष्णसेवा सदाकार्या** વેળા ઉત્તમ સામગ્રી કઈ કહેવાય. સામગ્રીનો અર્થ કેવળ અન્ન સુધી સીમિત નથી પણ શણગાર, વસ્ત્ર, પાત્રજી વગેરે સર્વે સામગ્રીમાં આવી જાય છે. મહાપ્રભુજી કહે છે કે લોકમાં જે ઈષ્ટતમ હોય તેનું સમર્પણ થાય. તો ઈષ્ટતમ એટલે ? જેના માટે પ્રાયશ્ચિત કરવું ન પડે તે ઈષ્ટતમ ગણાય. **यद्यत् इष्टतम लोके, यच्चांतिप्रियेः आत्मनः** . આવી ઉત્તમ સામગ્રી સમર્પણ કરનાર પુષ્ટિજીવને પણ તે પ્રિય કે ઉત્તમ લાગવી જોઈએ. **येन स्यां निरवृत्तीं ते तत् कृष्णाय साधयत् ध्रुवम्** . પ્રભુ માટે લાવેલ ઉત્તમ સામગ્રી અસન્માર્ગથી ઉપાર્જિત કરેલ ધનની ન હોવી જોઈએ કે એને ઉપલબ્ધ કરવા કલેશ થવો ન જોઈએ.

આ બધાય parameters થી અવલોકન કરવાથી ખ્યાલ આવશે કે શેઠે ધરેલ ખડબૂચ ઉત્તમોત્તમ છે, ત્યારે તો ઠાકુરજી એની સંગ ખેલવા લાગે છે. પ્રભુ માટે પસંદ પડી ગયેલ ખડબૂચને સમર્પિત કરવા કેવી ખુમારી કે વીરરસ એ નિષ્કિંચન વૈષ્ણવમાં પ્રકટ થઈ જાય છે તે વાર્તા સમજાવે છે; **"तब वैष्णव ने रिस करि कै हजार रुपैया कही । तब मुगल हारि कै चल्यो गयो ।"** ભગવદીય ને રીસ કેમ ચઢે ? પ્રભુ માટેની સુંદર સામગ્રી પર એક મ્લેચ્છની દૃષ્ટિ પડી એની આ વિરક્ત વૈષ્ણવને રીસ ચઢી, ભગવત્સ્નેહની એક સંચારી રૂપે.

હજાર રૂપિયાનું ખડબૂચ લીધા પછી ન તો શેઠને કે ન તો વિરક્તવૈષ્ણવને પશ્ચાતાપ કે કલેશ થાય છે. તેથી તે સામગ્રી ઈષ્ટતમ કે ઉત્તમોત્તમ છે. વાસ્તવમાં તો પ્રભુ ભોગ્ય ખડબૂચને જોઈને શેઠ કૃતાર્થ થઈ જાય છે. એમના અંતરમાં

આનંદ ઊમટે છે. વાર્તા કહે છે; "सो जैसें सगरी सामग्री सेठ ने लिखी ताही भांति उह हजार रुपैया कौ खरबूजा हू सेठ ने लिख लीनो । यह नाहीं पूछयो, जो हजार रुपैया एक खरबूजा कौ कौन भांति दीनो । सेठ के मन में यह निश्चय विश्वास है, जो वैष्णव करें सो सांची करेंगे । आछी करेंगे । ऐसे सरल सुभाव सेठ कौ हतो ।"

એક તરફ તો આચાર્યજીના સિદ્ધાંતને અનુકૂલ ઉત્તમ સામગ્રી અને એમાં આ બન્ને વૈષ્ણવોનો પ્રગાઢ સ્નેહ પૂરિત થયો. પછી "મેરો પિય રસિયા" કેવી રીતે આવા ખડબૂચના કેવલ દૃષ્ટા રહી શકે ? અવિચલ ભગવાનને શેઠના સ્નેહે વિચલિત કરી દીધા. આ વખતે પ્રભુનો વૈરાગ્ય ધર્મ પ્રકટ થઈ ગયો. મદનમોહનજીને થોડીક પલો માટે સર્વ સામગ્રીમાં વૈરાગ્ય સંપાદન થઈ કેવલ ખડબૂચમાં એક રાગ પ્રકટ થઈ જાય છે. સ્નેહપ્રચૂર ખડબૂચમાં ઠાકુરજી "લલચાઈ" જાય છે. વાર્તા દર્શાવે છે કે; सो सिज्या मंदिर तें श्रीठाकुरजी उठी कै सागधर में पधारे । सो उह खरबूजा हतो ताकों ले कै अपने निजमंदिर में पधारे । खरबूजा सों खेलन लागे ।" પોતાના સેવ્યસ્વરૂપમાં શેઠ અને વૈષ્ણવને મૂર્તિનો ભાવ નથી પણ સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં સમજાવ્યું છે તેમ प्रवाहाभेद બુદ્ધિ છે. અર્થાત્ સાક્ષાત્ પૂર્ણપૂરુષોત્તમનો ભાવ છે. તેથી જ પ્રભુ માટે આવી અદ્ભુત સામગ્રી લાવે છે.

અહીં સહેજ ઉત્પ્રેક્ષા કરવા મન લાલાયિત થાય છે. કાર્તિક મહિનામાં ખડબૂચ કેવી રીતે મળ્યું ? વાર્તા કહે છે; "तो दिन एक खरबूजा बहोत सुंदर एक मेवा फरोस ल्यायो ।" એક જ ખડબૂચ કયાંથી આવ્યું ? શેઠ અને વૈષ્ણવને પ્રભુને ઉત્તમોત્તમ સામગ્રી ધરાવવાનો જે વિરહ છે તેની ચિન્ગારી

પ્રભુને લાગતાં, પ્રભુનું ઉત્તરદલાત્મક વિપ્રયોગાત્મક સ્વરૂપ આવેશિત થઈ ગયું હશે. શેઠજી અને વિરક્તને એનો અનુભવ થયો હશે એટલે જ પ્રભુની ઉષ્ણતાને શીતલ કરનારી સામગ્રી ખડબૂચ હોવાથી, એ વખતે, ત્યાં અચાનક એક ખડબૂચ, આ બન્ને વૈષ્ણવના ભાવથી મેવો વેચવાવાળા પાસે કદાચ આવી ગયું હશે. આ પ્રસંગમાં શ્રીવલ્લભના "वैश्वानर" નામની પ્રતિતી થાય છે અને ગુસાંઈજીના "गोपिकाविरहाविष्टः". આચાર્યજીના "वैश्वानर" નામનો વિસ્તાર પ્રકટ કરતાં વલ્લભદાસજી ગાએ છે; "ઉત્તરદલ વિરહાત્મક તનુ ધરિ પુષ્ટિ પ્રીતિ પ્રકટાઈ ।" આવા ઉત્તરદલથી શું ફલિત થશે ? આ ભગવદીય આગળ સમજાવે છે; "વિપ્રયોગ અનુરાગ નિવેદન દૈ બ્રજ રીતિ સિખાવત ।"

ખડબૂજા સાથે ખેલીને તૃપ્તિ અભિવ્યકત કરતાં, મદનમોહનજીનાં દર્શન કરી લઈએ; "पाछे सेठने उत्थापन समै किवाड मंदिर के खोले । तो श्रीठाकुरजी सिंघासन ऊपर हाथ में खरबूजा लिये बिराजे हैं । सो देखि कै सेठ बोहोत ही मन में प्रसन्न भयो । तब सेठने वैष्णव सों कह्यो, जो - वैष्णवजी ! तुम आजु खरबूजा एसें स्नेह सों ल्याये, जो श्रीठाकुरजी अपने श्रीहस्त कमल में लिए बिराजे हैं । तुम दरसन करो । सो उह विरक्त दरसन करि कै मन में बहोत प्रसन्न भयो । सगरो दुःख हृदय में भयो हतो सो गयो । आनंद पायो ।" આ લીલાના મૂલરૂપ સિદ્ધાંતમુકતાવલી ગ્રંથની પંક્તિ છે; "तथा कृष्णं परं ब्रह्म स्वस्मिन्ज्ञानी प्रयश्यति ।"

સ્નેહથી ભગવત્સેવા કરનાર પુષ્ટિજીવ પાસે ઠાકુરજી પોતાનો કેવો અનુભાવ અભિવ્યકત કરે છે, તેની આ પ્રસંગમાં અદ્‌ભુત ઝાંખી છે. "तब श्रीठाकुरजी उह सेठ सों कहे, जो-तू

**धन्य है । जो-वैष्णव सों पूछे नाहीं, जो हजार रूपैया कौ एक खरबूज कौन प्रकार ल्यायो ? सो तेरे मन में ऐसो वैष्णव पर विश्वास है । सो मैं दोऊन के ऊपर प्रसन्न हों । तुम चाहो सो मांगि लेहु ।"** એ વખતે શેઠના મનમાં વિચાર આવી જાય છે કે આ ખડબૂચ સંગ ખેલતાં ખેલતાં ઠાકુરજી એને સ્વયં સિદ્ધ કરી આરોગવા લાગશે તો મારી સેવા છૂટી જશે. તેથી શેઠજી પ્રભુને વિનંતિ કરે છે કે; **"पाछे सेठ ने श्रीठाकुरजी सों बिनती करी, जो - महाराजाधिराज ! खरबूजा देहु तो सँवारि ल्याऊँ ।"** પરંતુ ઠાકુરજીને આ બન્ને ભગવદીયોના સ્નેહસ્વરૂપ રૂપ ખડબૂચ સાથે હજી ખેલ ખેલવા છે એટલે પ્રભુ આજ્ઞા કરે છે કે; **"तब श्रीठाकुरजी ने कही, जो - यह खरबूजा मोकों बोहोत प्यारो है । तातें आज मेरे पास रहन देहु । मैं वासो खेलत हों । काल्हि उत्थापन समै संवारियो ।"**

સિદ્ધાંતમુકતાવલીગ્રંથને જીવતાં આ બન્ને ભગવદીયો પર આવી અનિર્વચનીય કૃપા થઈ એનું કારણ સમજાવતાં ગ્રંથ કહે છે; **"अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः ।"** વાર્તા કહે છે; **"सो उह सेठ तथा विरक्त वैष्णव दोऊ श्रीगुसांईजी के ऐसें कृपापात्र भगवदीय है ।"** ઠાકુરજીના આવા અનુગ્રહનો અનુભવ કરીને, **"सो ताहीं समय सेठ ने भोग समय बडो उत्सव कियो ।"**

આનંદરૂપ પ્રભુના સર્વ ગુણધર્મમાં, ધર્મ અને ધર્મીનો અભેદ હોવાથી પ્રભુ કોઈપણ પહેલુથી લીલા કરી શકે છે. આ શેઠના ખડબૂચ સાથે ઠાકુરજી ખેલ્યાં તે પ્રાકૃત બાલક જેમ નહિ, પણ **अप्राकृत निखलधर्मरुप** થી.

આ વાર્તાનું એક અદ્‌ભુત રહસ્ય સમજવાં જેવું છે. વ્રજભક્તોના ભાવથી સેવા કરવાની આચાર્યજીએ આજ્ઞા કરી

છે, એમાં વ્રજભક્તોના ભાવોના shades લેવાનું indication છે, original colours નહીં. વ્રજભક્તોના ભાવના shade ની છાયામાં રહીને, આ વિરક્ત, હજાર રૂપિયાનું ખડબૂચ ઠાકુરજી માટે લાવ્યા, એ એમના પોતાના બીજભાવરૂપ colour tintની અભિવ્યક્તિ કરે છે. લાલ, પીળો અને વાદળી રંગના મિશ્રણથી અનેક રંગો બને તો સાત્ત્વિક, રાજસ, તામસ અને નિર્ગુણ ભાવ યુકત વ્રજભક્તોના ભાવના ૧૯ કલરના મિશ્રણથી અનંત shades બને એ સ્વાભાવિક છે. આચાર્યજીના સિદ્ધાંતની ખૂબસુરતી એ છે કે પ્રત્યેક પુષ્ટિજીવનો એક સ્વતંત્ર identification shade છે. જે વ્રજભક્તોના ભાવથી સેવા કરતાં કરતાં, અંગડાઈ લઈ સ્વયં નિખરી આવે છે. બીજભાવથી લઈને દૃઢબીજભાવ સુધીની પુષ્ટિજીવની જે યાત્રા છે તેના changing colour shades માં સેવકના સેવ્યસ્વરૂપ પણ, રંગાતા જાય છે. જેમ ખડબૂચના પ્રસંગમાં શેઠજીના ઠાકુરજી રંગાયા. આચાર્યજીની ભગવત્સેવાનો process એટલો અનિર્વચનીય છે કે જેમ સેવક સેવ્યને સેવાથી પિછાણતો જાય છે, તેમ સર્વજ્ઞ સેવ્ય પણ, સેવકને, એની સેવા લેતાં લેતાં પિછાણતા જાય છે. ખડબૂચના પ્રસંગમાં, શેઠની પ્રીતિની જેવી પિછાણ એ વખતે મદનમોહનજીને થઈ એવી કયારે ય નહોતી થઈ. એ વખતે કદાચ ઠાકુરજીએ ગાયું હશે; "ઐસી પ્રીતિ કબહુ નહિ દેખી." આચાર્યજી અને ગુસાંઈજી પોતાના સેવકને પોતાના જેવી સ્થિતિ સંપાદન કરવાનું અદ્ભુત દાન કરે છે.

*****

## ગ્રંથ : પુષ્ટિપ્રવાહમર્યાદા

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા - ૩૮ : એક બ્રાહ્મણી, જેમનું ગામ ઉજજૈનથી ચારકોસ દૂર હતું.

"પુષ્ટિપ્રવાહમર્યાદા" ગ્રંથના વિવિધ ભાવોનો લીલોપદેશ કરનારી તથા પ્રભુની જ્ઞાનરૂપા શક્તિ પ્રમાણ અને પ્રમેયનો અવિચ્છિન્ન સંબંધ સ્થાપનારી આ એક અદ્ભુત વાર્તા છે. આચાર્યજીના સિદ્ધાંતની મર્યાદા ન પાળનાર કોઈ પણ પુષ્ટિજીવની આવી વાત બની શકે છે, એનો ગંભીરતાથી ઉગ્ર ઉપદેશ આપનારી આ વાર્તા છે. મર્યાદાનું ઉલ્લંઘન કરનાર પુષ્ટિજીવ માટે અહીં શ્રીવલ્લભના "उग्रप्रताप" નામના એક અલગ angleથી દર્શન થાય છે. આનું corresponding આચાર્યજીના સિદ્ધાંતનો પ્રતિપક્ષ કરનાર જીવ માટે શ્રીગુસાંઈજીનું ઉગ્ર નામ છે "प्रतिपक्षक्षयंकरः ।"

આચાર્યજીના "अंगीकृतौ समर्यादो" નામની વિલક્ષણ ગતિઓ પણ આ વૈષ્ણવની વાર્તામાં પ્રકટ થાય છે. આ સમગ્ર વાર્તા ચાર ખંડમાં વિભાજન કરીને સમજવા જેવી છે. (૧) પ્રથમ ખંડમાં આ માજી દૈવીજીવનાં લક્ષણ પ્રકટ કરે છે. (૨) એમની અંગીકૃતિ થાય છે. (૩) આ વૈષ્ણવના સમર્યાદ અંગીકૃતિની જીવનપ્રણાલી દર્શનીય છે. (૪) અંતમાં મર્યાદાના ઉલ્લંઘનથી અંગીકૃતિની પણ નિવૃતિ થાય છે. અર્થાત્ પ્રમાણના ઉલ્લંઘનથી થયેલી પ્રમેયની નિવૃત્તિ.

સૌથી પહેલાં, આ માજીએ પ્રકટ કરેલાં દૈવીજીવના લક્ષણનાં સુરમ્ય દર્શન કરી લઈએ. પ્રારંભમાં જ વાર્તા કહે છે; "सो श्रीगुसांइजी की वार्ता कृष्ण भट के घर सुनती । सो

**वाकौ मन बोहोत श्रीगुसांईजी ऊपर आसक्त भयो । वाकों बोहोत आर्ति श्रीगुसांईजी के दरसन की भई । सो एक समै श्रीगुसांईजी उज्जैनि कों पधारे । तब वा बाई ब्राह्मनी ने सुनी, जो-श्रीगुसांईजी उज्जैनि कों पधारे हैं । तब वह बाई ब्राह्मनी अति उत्कण्ठा सों श्रीगुसांईजी के दरसन करि दंडवत् करि एक दिस न्यारी ठाढी होंइ रही । ता समै उज्जैनि को बोहोत वैष्णव नाम पाइवे कों आए हते । तिन कों श्रीगुसांईजी नाम उपदेस करत हुते । सो सगरे नाम पाइ रहे, तब वह बाई ब्राह्मनी हू श्रीगुसांईजी पास नाम पाइवे आई ।"** સર્ગભેદથી આ બહેનનું સ્વરૂપ ગુસાંઈજી ઓળખી લે છે કે આ તો દૈવીજીવ છે; **"पुष्टि कायेन निश्चयः"** અને એમનો અંગીકાર થશે એવાં ચિન્હો આ જ પ્રસંગના ભાવ પ્રકાશમાં શ્રીહરિરાયજી ય પ્રકટ કરે છે કે; **"और दूसरो अभिप्राय यहू है, जो - पुष्टिमार्ग में दैवी जीव कैसो ऊ क्यों न होंइ ताकौ निश्चय अंगीकार है । काहे तें या मार्ग में प्रभु जीव की कृति देखत नाहीं है । अपने प्रमेयबल तें उद्धार करत हैं । तातें प्रभुन की सरन निरंतर रहनो यही जीव कौ एक कर्तव्य है । काहेतें जो - सरनस्थ जीवन कों प्रभु निश्चय उद्धार करत हैं । सो श्रीआचार्यजी "कृष्णाश्रय" ग्रन्थ में प्रभुन सों विज्ञप्ति किये हैं । सो श्लोक - "शरणस्थ समुद्धारं कृष्णं विज्ञापयाम्यहम् ।" या तें पुष्टिमार्ग में भगवान की कृपा (ही) मुख्य हैं । जीव की योग्यता कौ विचार नाहीं । तातें सरन आए जीव पर निश्चय कृपा होत हैं ।"**

**निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः ।** પરમ ભગવદીય શ્રીકૃષ્ણભટ્ટજીના સંગથી આ માજીના ભાવની વૃદ્ધિ થાય છે. વાર્તાના બીજા એટલે કે અંગીકૃતિના phaseમાં, શ્રીગુસાંઈજી જ્યારે એમનો actual અંગીકાર કરે છે, એ પ્રસંગનાં ય દર્શન કરી લઈએ. **"तब श्रीगुसांईजी वाको सुद्धभाव जानि कै समर्पन**

की आज्ञा करे । पाछें दूसरे दिन वा बाई कों श्रीगुसांईजी ने समर्पन करवायो । सो वह बाई कृष्णभट के संग तें भगवद्भाव संपन्न भई । तब वा बाई ने श्रीगुसांईजी सों बिनती करी, जो - महाराज ! अब कछु मोकों सेवा सोंपिये ।"

"भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत् ।" પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં થયેલ શ્રીઆચાર્યજીની આ વાણીને પોતાની જીવન પ્રણાલી બનાવવાનો મનોરથ, આ માજી, પ્રભુચરણને નિવેદિત કરે છે.

વાર્તા હવે ત્રીજા ખંડમાં પ્રવેશ કરે છે, જેનું નામ છે, "अंगीकृतौ समर्यादो." અહીં પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથની બીજી બે પંકિતઓનાં વિસ્તારથી દર્શન થશે.

"ભક્તિમાર્ગસ્ય કથનાત્પુષ્ટિરસ્તીતિ નિશ્ચયઃ અને सर्वत्रोत्कर्षकथनात्पुष्टिरस्तीति निश्चयः ।" ઘરમાં બિરાજેલ પોતાના ઠાકુરજી સાથે જીવનને વણી લેવું એ જ પુષ્ટિજીવની અંગીકૃતિની એક વિલક્ષણ મર્યાદા છે. એના પાલનથી, આ માજી પર, પરાત્પર પરબ્રહ્મ, અંગીકૃતિ દ્વારા, કૃપાની કેવી અમૃતવર્ષા કરે છે એ વાર્તામાં વિસ્તારથી અવલોકનીય છે. "सो वह बाई अति प्रीति सों श्रीनाथजी की सेवा करती । सो सेवा करत बोहोत दिन भए । तब वा बाई सों श्रीनाथजी सानुभावता जनावन लागे । त्यों त्यों वह बाई मन लगाइ कै सेवा करन लागी । पाछें वा बाई सों श्रीनाथजी प्रत्यच्छ बातें करन लागे । वा बाई के पास तें जो बस्तू चहिये सो श्रीठाकुरजी माँगि लैन लागे । और वा बाई कों सेवा करत समै बोहोत अनुभव श्रीनाथजी जतावन लागे । त्यों त्यों वह बाई अति रुचि सों सेवा करन लागी । और श्रीनाथजी जो बस्तू माँगते सो बस्तू घर में होती तो वाही समै धरती । जो बस्तू

**घर में न होती तो बेगि बेगि श्रीठाकुरजी सों पहोंचती, पाछें प्रसाद लै उज्जैनि जाँई वह बस्तू ल्याइ कै उत्थापन समै श्रीनाथजी आगें भोग धरि कै वह बाई प्रभुन सों बिनती करती, जो-महाराज ! अमूकी बस्तू लीजिए । तब श्रीनाथजी वा बस्तू कों अति आनंद सों अंगीकार करते । या प्रकार वह बाई केतेक बरस भली भांति सों सेवा करी ।"** અહીં સુધી પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં, આચાર્યજીએ, પ્રથમ શ્લોકમાં જે આજ્ઞા કરી છે એનાં સંપૂર્ણ દર્શન પુષ્ટિદૃષ્ટિથી થાય છે. "**पुष्टिप्रवाहमर्यादा विशेषण पृथक्पृथक् । जीवदेहक्रियाभेदैः प्रवाहेण फलेन च ।"** જે અહીં નથી ઓળખતો તે જીવનો સ્વભાવ.

શ્રીઆચાર્યજીએ તનુવિત્તજા સેવાથી લઈને **चेतस्तत्प्रवणं सेवा** ની આજ્ઞા કરી, તેની વિવિધ અવસ્થામાં આ માજી વિલસી રહયાં છે. ઠાકુરજી સાનુભાવ છે, માંગી માંગીને લે છે, અતિ હોંસથી આ વૈષ્ણવ "પ્રભુના મનોરથ" પૂર્ણ કરે છે અને ઠાકુરજીના સ્વરૂપાનંદને માણે છે. આચાર્યજીના પુષ્ટિભકિતમાર્ગની એક વિલક્ષણતા એ છે કે, શ્રીવલ્લભ, સ્વરૂપાનંદથી પણ ભજનાનંદને વિશેષ માને છે. મહાપ્રભુજીના આ સિદ્ધાંતને આ વાર્તા અદ્‌ભુત રીતે સમજાવે છે. ભજનાનંદમાં શ્રીવલ્લભના સર્વસિદ્ધાંતના પાલનની મર્યાદા છે. કેવલ સ્વરૂપાનંદમાં એ ન પણ રહે. મહાપ્રભુજીના સિદ્ધાંતની મર્યાદાનું ઉલ્લંઘન કરવાથી, પ્રભુ સાથે વાર્તાલાપ કરી સ્વરૂપાનંદ અનુભવતાં આ માજીની અંગીકૃતિ કેવીરીતે નિવૃત થાય છે, એનો અતિ ઉગ્ર પ્રસંગ હવે વાર્તા કહે છે; "**सो एक दिन वह बाई अपने घर में बैठी चाँवर बीतन हती । तब वा साक्त ने देखी । सो वह साक्त आई कै वा बाई सों पूछ्यो, जो बाई ! तू ऐसें सुंदर चाँवर कौन के काजे या भांति बीनति है ? तू चाँवर बडी बार में**

**बोहोत जतन सो बीनति है, सो तेरे कहा है ? तब वा बाई ने वा साक्त सों कहयो, जो-मेरे घर में श्रीठाकुरजी की सेवा है । सो मैं यह चाँवर अपने श्रीठाकुरजी के लिये बीनति हों । तब वा साक्त ने वा बाई सों पूछ्यो, जो-तेरे श्रीठाकुरजी की सेवा है, सो मोकों तू अपने श्रीठाकुरजी के दरसन करावेगी ? तब वा बाई ने समै भए वा साक्त कों अपने श्रीठाकुरजी के दरसन करवाए । पाछें वह साक्त दरसन करि भूमि नापन गयो । तहां कितनीक भूमि वा बाई की हती । जो खेत के रखवारे ने कही, जो-साहिब । यह भूमि वा बाई की है । सो वा साक्त ने दोरी भरत में कछू थोरी भरी । तब वह साक्त भूमि नाप कै आयो । तब वा साक्त ने वा बाई सों कहयो, जो-बाई ! मैं तेरी भूमि जानि कै इतनो तोकों अहसान कर्‍यो हूं । तब वा बाई ने वा साक्त सों कह्यो, जो-पूत ! तैं मोकों जिवाई । ऐसें वा बाई ने वा साक्त सों कह्यो । तब वाके घर तें श्रीठाकुरजी श्रीगुसांईजी के घर पधारे ।"** આ માજી શ્રીમહાપ્રભુજીની એક મર્યાદાનું ઉલ્લંઘન શરૂ કર્યું, તો બીજી મર્યાદા તોડવામાં એમનું મન અનાયાસ પ્રવૃત્ત થયું. પછી ત્રીજી_ _ _. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે માથે બિરાજતા ઠાકુરજી એક "ગુપ્ત રસ છે" (**गुप्तो ही रसः**) અને એના વિશે અન્યમાર્ગીય પાસે વાત કરવાથી રસાભાસ થઈ જાય છે. આ માજીએ આટલું જ કહ્યું કે; "**सो में यह चाँवर अपने श्रीठाकुरजी के लिये बीनति हों ।**" એમાં એમણે અન્યમાર્ગીય પાસે પોતાના ઠાકુરજીની ગુપ્તતાને પ્રકટ કરી. ચોખા સ્નેહનું સ્વરૂપ હોવાથી, એમણે પોતાના ઠાકુરજી પરના સ્નેહને, પરમાર્ગીય પાસે આવિર્ભૂત કર્યો. એને પોતાનાં ઠાકુરજીનાં દર્શન કરાવીને, આ માજીનું એમના સેવ્યસ્વરૂપમાં જે પોતાનું ભાવાત્મક સ્વરૂપ બિરાજતું હતું, એમને પણ disturb કર્યું. "**तैं मोकों जिवाई** "

કહીને અન્યાશ્રય પ્રકટ કર્યો, એમાં **कृष्णाश्रय, विवेकधैर्याश्रय** આદિ ગ્રંથોની મર્યાદાનો ભંગ થયો. પ્રભુ મર્યાદાનો ભંગ કરે એ પુષ્ટિ છે. "**मर्यादा भगो हि पुष्टि**" પુષ્ટિજીવ મહાપ્રભુજીની મર્યાદાનો ભંગ કરે તે પુષ્ટિની નિવૃતિ છે.

પુષ્ટિજીવના જીવનમાં જે કાંઈ સારું થાય છે તે ભગવત્કૃપાથી થાય છે, તે પ્રત્યેક વૈષ્ણવે દૃઢ રીતે સમજવું જોઈએ અને જે પ્રતિકૂલ થાય છે તેને ભગવદ્ ઈચ્છા માની પોતાનું એમાં હિત સમાયું છે એમ સ્પષ્ટ રીતે વિચારવું જોઈએ. પુષ્ટિભક્તનું મન આમ ભગવત્કૃપા અને ભગવદ્ ઈચ્છા વચ્ચે હિલોળા લેતું હોય તો ભક્તિની બસંત એના જીવનમાં અવિરત ખીલતી રહેશે. આચાર્યજીના સિદ્ધાંતના આ basic factorને આ માજી દુર્લક્ષ કરી ગયાં અને એની ફલશ્રુતિરૂપે એમણે ષોડશગ્રંથના એક-એક ગ્રંથને કેવી રીતે disturb અને દુ:ખી કર્યો તે ધ્યાનથી સમજવા જેવું છે. શ્રીયમુનાષ્ટકથી શરૂઆત કરીએ તો "**स्वभावविजयोभवेत्**" એ આચાર્યજીનો ષોડશગ્રંથનાં પહેલા જ ગ્રંથમાં આપેલ ઉપદેશ છે. અન્યમાર્ગીય પાસે પોતાનું ઋણ પ્રકટ કરી આ બહેને પોતાના સ્વભાવ પરના અવિજયના કારણે યમુનાષ્ટકની આ પંક્તિને ખિન્ન કરી દીધી. તદુપરાંત, આ વાર્તા, બાલબોધગ્રંથ કથિત તદીયત્વને તો નિરુપિત કરી રહી છે પણ તદાશ્રયત્વથી ચ્યૂત થઈ ગઈ. એના કારણે કૃષ્ણાશ્રય અને વિવેકધૈર્યાશ્રય વર્ણિત અનન્યાશ્રયનું ઉલ્લંઘન કરી રહી. **परं ब्रह्म तु कृष्णो हि** - એવી આજ્ઞા સિદ્ધાંતમુકતાવલી ગ્રંથમાં છે તથા **अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः** - આ સિદ્ધાંત, આ માજીના અંત:કરણમાં સુદૃઢ થયો હોત તો, જમીન માપનારને એમ કયારે ય ન કહેત કે; "**तैं मोकों जिवाई ।**" પોતાના નામે

વધારે જમીન ચઢાવી આપવાનું શ્રેય એમણે એક લૌકિક જીવને આપ્યું અને આ માજીએ પોતાના ભાવને પુષ્ટિમાં અસમર્પિત રાખ્યો. "**असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत् ।**" અને સિદ્ધાંતરહસ્ય ગ્રંથની આ મર્યાદા ય છૂટી ગઈ. જમીન માપનારને પણ સર્વાત્મા એવા પોતાના સેવ્યસ્વરૂપે પ્રેરણા કરી છે અને એમણે હરિની ઈચ્છાથી માજીને જમીન વિશેષ આપી છે, એમ ન માનવાથી નવરત્નગ્રંથમાં કહેલ "**सर्वेश्वरश्च सर्वात्मा निजेच्छातः करिष्यति**" ની આજ્ઞા દુર્લક્ષ થઈ ગઈ. અથવા તો આ માજીને નવરત્ન કથિત પોતાના ભાવનો "અન્ય વિનિયોગ કર્યો." આવા અન્ય વિનિયોગ અને પોતાના ભાવ ના એ વખતે થયેલ અસમર્પણના કારણે અંત:કરણપ્રબોધ ગ્રંથની આ પંક્તિ બેચેન બની ગઈ - "**सवं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव ।**" પોતાને થયેલ લાભનો યશ પ્રભુને બદલે, લૌકિક વ્યકિતને આપવાથી સેવ્યસ્વરૂપમાં કાંઈક અંશે લૌકિકભાવ આવી જાય છે અને એ ભાવથી disturbed થતી પંક્તિ છે - "**लौकिकप्रभुवत्कृष्णो न द्रष्टव्यः कदाचन ।**" પ્રભુને સર્વસમર્થ ન માનવાથી યશ અન્યમાર્ગીયને અપાઈ જાય છે અને એના કારણે ચતુશ્લોકી ગ્રંથની સ્ખલન પામેલી પંકિત છે; "**प्रभुः सर्वसमर्थो हि**". આમ જોઈએ તો "**तैं मोकों जिवाई**" કહેવાથી પુષ્ટિભક્તિમાર્ગીય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેય પુરુષાર્થ disturbed થઈ જાય છે. આ વાર્તામાં સેવ્યસ્વરૂપનું અંતર્ધ્યાન થવું, એ પુષ્ટિજીવની મોક્ષની દૃષ્ટિથી, મોટામાં મોટી હાનિ છે.

**सेवायां वा कथायां वा ।** ઠાકુરજીની સેવા અને કૃષ્ણભટ્ટજી દ્વારા કથાપક્ષનું પોષણ હોવા છતાંય આ ત્રણ શબ્દોથી જ આ માજીને ભક્તિવર્ધિનીગ્રંથમાં આજ્ઞા થયેલ આ પંક્તિની ય અવહેલના કરી દીધી - "**हरिस्तु सर्वतो रक्षां करिष्यति न संशयः ।**"

"જલભેદ" કથિત મહાપ્રભુજી જેવા ઉત્તમ વકતાના સિદ્ધાંતોનું પાલન ન કર્યું તો "પંચપદ્યાનિ" ગ્રંથ કથિત પુષ્ટિભક્તિમાર્ગના હીન કક્ષાના શ્રોતાના અધિકારથી ય ચ્યુત થઈ ગયાં. તેથી જ આ પ્રસંગ પછી કૃષ્ણભટ્ટજીએ એમની સાથે ભગવદ્વાર્તાલાપ બંધ કરી દીધાં. આ માજીની ભગવદ્ વિષયક ઈન્દ્રિયો એ જમીન માપનારના ગુણ જોઈ, વિષયતામાં પ્રવેશ કરવાથી, "સંન્યાસનિર્ણય" ગ્રંથની મર્યાદા તૂટી ગઈ કે; "**विषयाक्रांतदेहानां नावेशः सर्वदा हरेः ।**" આમ કરવાથી નિરોધલક્ષણગ્રંથની આ પંક્તિ પણ વ્યથિત થઈ ગઈ; "**तस्मात् सर्वं परित्यज्य निरुद्धैः सर्वदा गुणाः**" અને "**संसारावेशदुष्टानामिन्द्रियाणां**" થકી ઈન્દ્રિયોનું અહિત થયું. "સેવાફલ" ગ્રંથની આ પંક્તિનું ય ઉલ્લંઘન થયું - "**बाधकानां परित्यागो भोगेप्येकं**". કેવી રીતે ? કોઈ પણ જીવની ચેતના ભોક્તાભાવયુકત છે અને શબ્દ, સ્પર્શ, રુપ, રસ, ગંધ ભોગ્ય છે. પોતાને જમીન વધારે મળી ગઈ એવો આ માજીમાં ભોક્તાભાવ આવ્યો, તે વિષયતા સંબંધિત ભાવ છે. પુષ્ટિભકિતમાર્ગમાં પ્રત્યેક ભાવને પ્રભુ સાથે share કરવાની જે ભાવના છે, તે સમર્પણનું સમ્યક્ સ્વરૂપ છે. પ્રભુને involve કર્યા વિના જીવ જયારે ભૌતિક વસ્તુનો ભોગ્યરૂપ ભોગ કરે છે, તે તેને ભગવદ્ વિમુખ કરનારો બને છે. આ વિલક્ષણ રહસ્યને હવે અહીં "પુષ્ટિપ્રવાહમર્યાદા" ગ્રંથના આધારથી નિરખી લઈએ.

સૌથી પહેલા પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદાનું સ્વરૂપ સમજી, આ વાર્તામાં, આ ત્રણેય, પ્રસંગ વિશેષ પર કેવી રીતે આવિર્ભૂત થઈને ગતિમાન થાય છે તે દૃષ્ટવ્ય છે.

"**तैं मोकों जिवाई**" માજીના આ શબ્દો મર્યાદામાર્ગની

દૃષ્ટિથી પહેલાં જોઈ લઈએ. મર્યાદા કોને કહેવાય ? "**वचसा वेद मार्गो ही** " અર્થાત્ પોતાના આધ્યાત્મિક હિતના આધારથી જે જીવ એના કર્તવ્યાકર્તવ્યનો નિર્ધાર કરે છે તે મર્યાદામાર્ગીય જીવ છે. આધ્યાત્મિક કર્મ, આધિભૌતિક કર્મને રદ નથી કરતું, પરંતુ બન્નેનું સમતોલન જાળવે છે. આ માજીએ જમીન મપાવવાનું આધિભૌતિક કામ કરાવ્યું તે એમનું ભક્તિમાર્ગની દૃષ્ટિથી નિષિદ્ધ કર્મ ન હતું. પોતાને શું અભિષ્ટ કે અનિષ્ટ છે એ criteria ના motivation પર જ પ્રવાહી જીવ કર્મ કરતો હોય છે. પોતાના આવા અભિષ્ટનો વિચાર કરીને આ માજીએ, એમને જે additional જમીન મળતી હતી તે એમની ન હતી અને બીજાની હોવા છતાંય, એને સ્વીકારી લીધી અને "**तैं मोकों जिवाई**" કહી એક લૌકિક વ્યક્તિ પ્રત્યે કૃતકૃત્યતા અભિવ્યક્ત કરી. બીજાની જમીન પોતાના નામે ચઢાવી લેવાથી (પચાવી લેવાથી) આ માજીને, આચાર્યજીની દૃષ્ટિથી "અસદ્ માર્ગ ઉપાર્જિતતાનો" દોષ નડયો અને એના કારણે એમના ઠાકુરજી અંતર્ધ્યાન થઈ ગયા.

આ પ્રસંગમાં, આ માજી અસદ્ માર્ગ ઉપાર્જિતના દોષથી મુક્ત હોત અને એમને એટલો જ વિચાર આવ્યો હોત કે; "મને જમીનનો લાભ થયો તો હું હવે, ઠાકુરજીના નૂતન મનોરથ કરી, બહુ જ લાડ લડાવીશ," તો આવી ભાવના, આ માજીને આધિભૌતિક પ્રવાહમાંથી ઊંચકી સીધા જ આધિદૈવિક પુષ્ટિભક્તિમાં jump અપાવનાર થઈ હોત. ભગવત્સુખ વિચાર, જે પુષ્ટિભક્તનો પ્રાણ બની જાય છે, તેવા ભક્તને એના પ્રાણેશ પ્રભુ, પોતાના પ્રાણરૂપ માને છે. Ironically, આ માજી, અન્યાશ્રયથી કે અસદ્ માર્ગથી મેળવેલી જમીનના કારણે ભગવદ્ સ્વરૂપાનંદમાંથી નીચે પડી, ભગવદ્

વિમુખતાના માર્ગ પર ચઢી ગયાં. બહુ જ ઊંચે ગયેલા પુષ્ટિજીવને, સિદ્ધાંત ચૂકવાથી બહુ જ નીચે પડવું પડે છે, એ રહસ્યને આ વાર્તા પ્રસ્ફૂટ કરે છે.

આ પ્રસંગ પરથી એક બીજી ય સમજવા જેવી વાત છે કે કોઈ પણ પુષ્ટિજીવને, પ્રવાહી જીવની જેમ, લૌકિક અપેક્ષાઓ ન જ થાય એવું બનતું નથી. મહાપ્રભુજી સમજાવે છે કે, સિદ્ધાંતયુક્ત લૌકિક અપેક્ષાઓને કૃષ્ણસેવા કે કથા સંબંધિત વાપરવાથી, જીવની લૌકિક અપેક્ષા લૌકિક કે ધર્મ ન રહેતાં પુષ્ટિ ભક્તિમાં પ્રવિષ્ટ કરાવી દે છે.

આ વાર્તાનું એક અનુપમ રહસ્ય છે. સમર્યાદ્ અંગીકારમાં પુષ્ટિજીવને, મર્યાદાના પાલનમાં, લાભ તુરત ન દેખાય, પરંતુ મર્યાદાના ઉલ્લંઘનથી થતી હાનિ તે તુરત જ અનુભવી શકે છે. આચાર્યજીની મર્યાદા એક atom જેવી સુક્ષ્મ છે. Atom ને split કરવાથી, એની મર્યાદા તોડવાથી, સર્વનાશ કરનારો એવો atomic blast થાય છે. મર્યાદા છોડનારને આચાર્યજી સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં દુષ્ટ કર્મ કરનારો કહે છે; "भक्त्य भावे तु तीरस्थो यथा दुष्टैः स्वकर्मभिः ।"

જેના ઠાકુરજી સાનુભાવ કરાવી માંગીમાંગીને સેવા લેતાં હોય, એ પુષ્ટિજીવ, "तैं मोकों जिवाई" કહી અન્યાશ્રય કરે, તો એમના ઠાકુરજીનાં સુકોમલ હૃદયમાં કેટલું દુઃખ થતું હશે ? પોતાના જીવની આવી બહિર્મુખતા મહાપ્રભુજી સહી શકતા ન હોવાથી શિક્ષાશ્લોકીમાં harshly આજ્ઞા કરે છે; "यदा बहिर्मुखा यूयं भविष्यथ कथंचन । तदा कालप्रवाहस्था देहचित्तादयोऽप्युत ।। सर्वथा भक्षयिष्यन्ति युष्मान् इति मतिर्मम ।" પોતાના પ્રાણપતિ પ્રભુનું શરણ છોડી અન્યાશ્રય કરનારને

હરિરાયજી આ વાર્તાના ભાવપ્રકાશમાં વ્યાભિચારી કહે છે. વ્યભિચાર કરનાર લૌકિક સ્ત્રીને એનો લૌકિક પતિ પણ છોડી દે, તો પરાત્પર પરબ્રહ્મ, આવા જીવને કેમ સાંખી લે ? **"यह कहि यह जतायो, जो-हमारे सिद्धांत सों तो जहां तांई जीव ठाकुर में अनन्य नहीं होंइ, इंद्रियन कौ अन्य विनियोग होंइ, तहां तांई वह सर्व इंद्रियन करि के व्याभिचारी ही है ।"**

આચાર્યજીએ સ્થાપિત કરેલ પુષ્ટિની મર્યાદામાં જ ભક્તિની inbuilt system છે જેને મહાપ્રભુજીએ ષોડશગ્રંથમાં સ્થાપિત કરી છે. પોતાના ઘરમાં ઠાકુરજીને પધરાવીને થતી તનુવિત્તજા સેવા જીવને બહિર્મુખતાથી રક્ષણ આપે છે. એ સેવામાં forced labour નથી, એટલે "સિદ્ધાંતરહસ્ય" માં શ્રીવલ્લભ સમર્પણના ભાવને પ્રકટ કરે છે. આવું સમર્પણ પ્રેમાત્મક બને ત્યારે પુષ્ટિજીવનો ભક્તિવર્ધિનીગ્રંથમાં સંચાર થાય છે. ચતુશ્લોકી અને નિરોધલક્ષણમાં સ્મરણ અને ભજનનું જે cycle આચાર્યજી સમજાવે છે, તે ભક્તિના exitement અને involvement એ બન્ને દૃષ્ટિને સાંભળી લે છે. " બાલબોધ" ગ્રંથમાં આજ્ઞા કરેલ છે તેમ પ્રત્યેક પુષ્ટિજીવે તદીયત્વ અને તદાશ્રયત્વને અંત:કરણમાં સ્થિર કરી દેવું જોઈએ. પુષ્ટિભક્તિમાર્ગનું આ foundation છે. આ માજીએ તદાશ્રયને બદલે અન્યાશ્રય કર્યો અને તનુવિત્તજા સેવાની પ્રક્રિયામાં અસદ્ માર્ગ ઉપાર્જિત સામગ્રીને introduce કરવાથી એમનું સમર્પણ અને ભક્તિ બન્ને તિરોહિત થઈ ગયાં અને તેની સાથે એમનાં સેવ્યસ્વરૂપ પણ.

આચાર્યજીના સિદ્ધાંતના લીલોપદેશની આ એક fantastic વાર્તા છે. ભક્તિ બીજભાવના દૃઢર્યના કોઈપણ stage પર

પુષ્ટિજીવ હોય, તો પણ એને, સંભાળની બહુ જ આવશ્યકતા છે. મર્યાદાનું ઉલ્લંઘન કરવાથી જીવની અંગીકૃતિનું પણ નિવારણ થઈ જાય છે. તેમાંય અન્યાશ્રયથી બહુ જ બચવું અનિવાર્ય છે. **"अन्यसंबंध गंधोपि कंधरामेव बाधते ।"**

આ વાર્તા પ્રસંગમાં અંગીકૃતિની નિવૃત્તિ દૃષ્યમાન થતી હોવા છતાંય, મહાપ્રભુજી ગુસાંઈજીનો એ અવતારકાલ હોવાથી, અને આ માજીને પ્રભુચરણનો બ્રહ્મસંબંધ હોવાથી, એમની સેવાકૃતિ નિવૃત થઈ, અંગીકૃતિ યથાસ્થિત રહી. એનો ઉદ્‌ઘોષ કરતાં શ્રીગોકુલનાથજી વાર્તાના અંતમાં કહે છે કે; **"सो यह बाई श्रीगुसांईजी की ऐसी कृपापात्र भगवदीय हती । तातें इनकी वार्ता कहां तांई कहिए ।"** આચાર્યજીની મર્યાદાનો ભંગ કોઈ પણ પુષ્ટિજીવ ન કરે એ રહસ્યને સમજાવવા માટે શ્રીવલ્લભે આ બહેનને નિમિત્ત બનાવ્યાં છે. મહાપ્રભુજીના આ સિદ્ધાંતને સમજાવવા પ્રભુએ એમને નિમિત્ત બનાવ્યાં, એ જ આ માજીની વૈષ્ણવસૃષ્ટિ પ્રતિ એક મોટી સેવા બની ગઈ, જેને કારણે, ભવિષ્યમાં આવી ભૂલ કરતાં, અન્ય પુષ્ટિજીવો બચી જાય. ઠાકુરજીએ, આ બાઈના ઘેરથી અંતર્ધ્યાન થઈને એમને દંડ દીધો અને દંડ દેવાનો "અનુભાવ" પ્રકટ કર્યો એ જ ઠાકુરજીની એમના પર થયેલી મોટી કૃપા છે. જો ઠાકુરજી કાંઈ જ બોલ્યા ન હોત, એમ જ બિરાજયા હોત, તો આ માજીને કે પુષ્ટિસૃષ્ટિને આવા અપરાધ કે એના પરિણામનો ખ્યાલ જ ન આવત. ઠાકુરજીએ જયારે અંતર્ધ્યાનનો અનુભાવ પ્રકટ કરી જ દીધો, ત્યારે અવશ્ય પ્રભુએ આ માજીને, પોતાનાં માન્યાં છે, એ નિર્વિવાદ છે. અંતર્ધ્યાન થયા પછી પ્રભુએ શું કૃપા કરી હશે એનું કેવલ અનિશ્ચયાત્મક અનુમાન જ અહીં કરી શકીએ. વાર્તાના અંતમાં, કૃષ્ણભટ્ટજી,

આ માજીને કહે છે કે; "तातें अब तोसों वे तो सेवा सर्वथा न करावेंगे ।" ત્યારે આ બહેન "कृष्णभट्ट के ये वचन सुनि कै चुप करि रही । पाछें हारि कै अपने घर गई ।" રાસમંડલમાંથી ઠાકુરજી અંતર્ધ્યાન થયા ત્યારે હારીને ગોપીજનો વિપ્રયોગમાં લીન થઈ ગયાં. એવી જ સ્થિતિ આ માજીની પણ નહિ થઈ હોય ? ઉત્તરદલની અવસ્થાની કેવી વિવિધ દશાઓ આ માજીએ માણી હશે, એનો આસ્વાદ થોડી સી કીર્તન પંક્તિઓથી માણી લઈએ. ઉત્તરદલનું એક કારણ સમજાવતાં નંદદાસજી ગાએ છે;

"મધુર વસ્તુ જો ખાત નીરંતર સુખલો ભારી ।
બીચ બીચ કટુ અમ્લ તીક્ત અતિ સબ રુચિકારી ।।"

વિકલત્વ અને અસ્વાસ્થ્યના પથ પર પ્રભુ લઈ જાય છે ત્યારે આ માજી પણ વિહવળ દશામાં પ્રભુને કરગરીને કહેતાં હોય એમ લાગે છે;

"હે અવની નવનીત-ચોર ચિત્તચોર હમારે ।
રાખે કીતહી દૂરાઈ બતાવો પ્રાણ પિયારે ।।"

અથવા તો ક્વાસિ ક્વાસિ ના ભાવમાં વિહરતા આ માજી કહેતાં હશે કે;

"ક્વાસિ ક્વાસિ પિય મહાબાહુ યોં બદતી અકેલી ।
મહાવિરહકી ધૂની સૂની રોવત ખગ દ્રુમવેલી ।।"

માજીની આવી અવસ્થાના અનુસંધાનમાં ગોકુલનાથજી વાર્તાના અંતમાં નહિં કહેતા હોય કે; "तातें इनकी वार्ता कहां तांई कहिए ।" મહાપ્રભુજી કે ગુસાંઈજી જે જીવનો અંગીકાર કરાવે

એ જીવને ઠાકુરજી ક્યારે ય ન છોડે એ પ્રભુનો સત્યસંકલ્પ છે. તેથી આ વાર્તામાં આચાર્યજીનું પ્રકટ થતું નામ છે - **सत्यप्रतिज्ञ**. મર્યાદાની ઉપેક્ષા કરતાં પુષ્ટિજીવને સુધારવાનો આપનો સત્યસંકલ્પ છે અને આચાર્યજીથી અંગીકાર કરેલો જીવ અપરાધ કરે તો ય ઠાકુરજી એને દુર્લક્ષ કરે, એ સિદ્ધાંતરહસ્યગ્રંથની મધ્યરાત્રિએ પ્રકટ થયેલ ઠાકુરજીની સત્યપ્રતિજ્ઞા છે. નામરત્નાખ્યમાં આને અનુરૂપ શ્રીગુસાંઈજીનું નામ છે **"सत्य परायण"**.

અસદ્ માર્ગ ઉપાર્જિત દ્રવ્યથી વૈષ્ણવને બચાવવા અને ભવિષ્યકાળની વૈષ્ણવ સૃષ્ટિને અન્યાશ્રયનું રહસ્ય સમજાવવા તો જાણે આ બહેન પાસે શ્રીગુસાંઈજી કહેવડાવે છે કે; **"तैं मोकों जिवाई"**. આ અનુમોદન આપતી પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથની પંક્તિ છે - (શ્લોક ૧૩ ૧/૨)

**"स्वरूपेणावतारेण लिंगेन च गुणेन च ।**
**तारतम्यं न स्वरूपे देहे वा तत्क्रियासु वा ॥**
**तथापि यावता कार्यं तावत्तस्य करोति हि ।"**

*********

## <u>ગ્રંથ : અંત:કરણપ્રબોધ</u>

## <u>૮૪ વૈષ્ણવ વાર્તા : ૭ - રામદાસ સારસ્વત</u>

સચ્ચિદાનંદ ભગવાન, પોતાના આનંદનું તિરોધાન કરીને જયારે આ સૃષ્ટિનું સર્જન કરે છે, ત્યારે પ્રભુના, ઐશ્વર્ય વીર્યાદિ ષડ્ અલૌકિક ધર્મો જીવમાંથી તિરોહિત થઈ જાય છે. આવા તિરોહિત થઈ ગયેલા ભગવાનના ષડ્ ધર્મોને અને આનંદને રામદાસમાં પુન: પ્રકટ કરવા, આચાર્યજી, એમને સમર્પણના માર્ગે લઈ જવા ભગવત્સેવા પધરાવે છે. ભગવત્સેવા અને અંત:કરણપ્રબોધ ગ્રંથમાં કહેલ સિદ્ધાંતોને જીવનમાં વણી લઈને રામદાસમાં, તિરોહિત થયેલ ષડ્ ભગવદ્ધર્મો અને આનંદ પુન: કેવી રીતે પ્રકટ થાય છે, તત્ સંબંધિત અદ્‌ભુત process નું આ વાર્તામાં સુરમ્ય અને વિસ્તૃત દર્શન છે. રામદાસની વાર્તામાં સ્થલ વિશેષ પર મહાપ્રભુજીની આ પંક્તિનાં દર્શન થાય છે. **"सर्वं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव ।"**

પ્રભુના કયા ધર્મોના તિરોધાનથી રામદાસમાં તેનાથી opposite લૌકિક લક્ષણ પ્રકટ થાય છે અને ભગવત્સેવા કરતાં કરતાં, આવું લૌકિક લક્ષણ કેવી રીતે તિરોહિત થઈને, રામદાસમાં પુન: કયા અલૌકિક ધર્મરૂપે પ્રકટ થાય છે એના complete cycle નાં વિલક્ષણ દર્શન આ વાર્તામાં છે. એ ધર્મોના આવિર્ભાવમાં પ્રભુ કેવી રીતે contribute કરે છે એ પણ જાણવા યોગ્ય છે. અંત:કરણપ્રબોધ ગ્રંથની કઈ પંક્તિને જીવનમાં અપનાવવાથી પ્રભુના કયા અલૌકિક ધર્મનો આવિષ્કાર થાય છે એ પણ રામદાસની વાર્તામાં દર્શનીય છે.

ઐશ્વર્ય ધર્મના તિરોધનના કારણે જીવમાં "મદ" આવે છે. વાર્તા કહે છે, "जो-रंच द्रव्य को अहंकार हतो । सो अन्याश्रय श्रीठाकुरजी कों छुडाय दैन्य करनो है । तातें द्रव्य थोरो सो रह्यो ।" આ situation માં રામદાસનો પ્રતિસાદ જોવા જેવો છે. રામદાસજી સમજી જાય છે કે એમનું હિત કરવા અને ભગવદ્ ઐશ્વર્યનું એમનામાં પુનઃ આવિષ્કરણ કરવા, ઠાકુરજીએ એમનું દ્રવ્ય ઓછું કર્યું છે. પોતાનું દ્રવ્ય ઘટયું એનો આક્ષેપ રામદાસ પ્રભુ પર નથી કરતા. પ્રભુ સાથે દ્રવ્ય માટે એ હઠ પણ નથી કરતા કે ઠાકુરજી માટે એમને વિપરીત બુદ્ધિ પણ નથી આવતી. સુબોધિનીજી કહે છે તેમ विपरीत बुद्धि हठ बुद्धिश्च तासां तासां नास्तितीं । ગોપીજનની જેમ રામદાસને સંસારનો ભય પણ નથી કારણકે એમને ઠાકુરજી પ્રિય છે. "नापि संसारभयम् यतो भगवतः प्रियाः." પ્રભુ જે કરે છે તે મારું ભલું કરે છે એવો એમને દૃઢ ભાવ છે, કારણકે અંતઃકરણપ્રબોધ ગ્રંથની પંક્તિ એમનામાં સુસ્થિર છે કે; "कृष्णात्परं नास्ति दैवं वस्तुतो दोषवर्जितम् ।" આ પ્રસંગમા, निजेच्छातः करिष्यंति નો વિવેક રામદાસમાં સુદૃઢ હોવાથી એમનું ધૈર્ય સુરક્ષિત રહે છે. એના કારણે રામદાસજીમાં પ્રભુના ઐશ્વર્યધર્મનો પુનઃ આવિર્ભાવ થઈ જાય છે. ઐશ્વર્યધર્મનો આવેશ આવી જતાં રામદાસ, આચાર્યજીના દ્વાર પાસેનો ખાડો પૂરી દે છે. વાર્તા કહે છે; "तब रामदासजी एक बडो टोक ले जहां तांई श्रीआचार्यजी न्हाइ के पधारें तहां तांई खाडा पूरि बराबर धरति करि दिये ।" રામદાસમાં તિરોહિત થઈ ગયેલા ઐશ્વર્યધર્મને આમ પુનઃ આવિર્ભૂત થતો જોઈને મહાપ્રભુજી આ પ્રસંગમાં કહે છે; "रामदास धन्य है ।"

"વીર્ય ધર્મ"ના તિરોધાન ના કારણે રામદાસજી, પ્રભુને તાતી પર રાખે છે. અર્થાત્ રામદાસજી પોતાના સામર્થ્યનો ઉપયોગ કરીને પ્રભુ માટે મહેનત કરીને ધન કમાવવાનો પ્રયાસ નથી કરતા, તેથી એમના અલૌકિક "વીર્ય ધર્મનો લોપ થઈ જાય છે. ત્યારે ઠાકુરજી આજ્ઞા કરે છે; "**जो-द्रव्य घट्यो तब व्याज पर राख्यो । जो-तांती सों व्याज आवै । तामैं मेरी सेवा (करी) । व्याज को द्रव्य महाहीन, द्रव्य को मैल । सो तासों (सेवा) करे, सों ता पर मैं कैसें रहूँगो ?**" આ પ્રસંગથી રામદાસ ધીધાઈ જતા નથી કે પશ્ચાતાપ કરતા નથી કારણકે એ પ્રભુને સમર્પિત છે. "**समर्पणादहं पूर्वमुत्तमः किं सदा स्थितः । का ममाधमता भाव्या पश्चातापो यतो भवेत् ।।**" એમના પ્રભુને જે રુચતું નથી તેનું solution રામદાસ તુરત જ લાવે છે. વાર્તા કહે છે; "**तब तातीन पास गये । कहे, मेरो सगरो द्रव्य देहु ।**" રામદાસજી લૌકિક પ્રસંગને અલૌકિક સાથે ભેળવતાં નથી. તાતી ને એમ નથી કહેતા કે ઠાકુરજીની આજ્ઞાથી એ દ્રવ્ય પાછું લઈ રહ્યા છે. રામદાસજી દ્રવ્ય લેવાનું નિમિત્ત આપતાં કહે છે; **मोकों लरिका साथ काम परयो है, लरिका कहे सो करनो ।**" ભગવદ્ ભાવ ગુપ્ત રાખવાથી વીર્ય ધર્મ પ્રકટ થાય છે. આચાર્યજીના આ સિદ્ધાંતના લીલોપદેશરૂપ આ પ્રસંગ છે. રામદાસમાં પ્રકટ થયેલાં અલૌકિક "વીર્ય" ધર્મના દર્શન કરાવતાં વાર્તા કહે છે; "**तब एक घोरा लिये । हथियार बांधि चाकरि करन प्रयाग में आये । तब जलपान बीडा, बिना अपरस में लेन लागे ।**" આવા પ્રકટ થયેલા વીર્ય ધર્મવાળા રામદાસને જોઈને આચાર્યજીનું reaction અવલોકનીય છે. વાર્તા કહે છે; "**सो पांचो कपरा पहरि हथियार बांधि दंडवत् किये । तब श्रीआचार्यजी रामदास सों देखि कें कहे, धन्य है । तब वैष्णव पास**

**बैठे है सो कहन लागे, महाराज ! अब याकों धन्य क्यों कहत हो ? याकी अपरस तो छूटी, सिपाइन में रहत है, हथियार बांधत है ? तब श्रीआचार्यजी कहे, यह धन्य है । श्रीठाकुरजी कों श्रम नाहीं करावत है ।"** શ્રીઠાકુરજીને શ્રમ ન પડે એની care લેવી એ ભક્તમાં પ્રકટ થયેલા વીર્ય ધર્મના લક્ષણ છે. કારણકે વીર્ય ધર્મ, ભક્ત, પ્રભુ માટે પોતાના સામર્થ્યનો વિનિયોગ કરે ત્યારે આવિષ્કૃત થાય છે.

સામાન્યત: યશ ધર્મના તિરોધાનમાં જીવમાં માત્સર્ય આવે છે. રામદાસમાં યશ ધર્મ તિરોહિત થાય છે ત્યારે એમના અપયશની કેવી સ્થિતિ નિર્માણ થાય છે તે વાર્તા સમજાવે છે; **"तब एक दिन उह बनिया ने बहोत तगादो करयो । और कह्यो, जो-अब मेरे इहां उचापति नाहीं करत तो मेरो दाम चुकाई देहु । तब वाकों बहोत कहि सुनिके विदा किये । परन्तु लज्जा के मारें बहोत दुःख भयो ।"** Paradoxically રામદાસજીએ જયારે ચાકરી કરી ત્યારે મહાપ્રભુજીએ એમના યશનો વિસ્તાર કર્યો. વાર્તા કહે છે; **"अब दैन्यता याकों भई है, मन श्रीठाकुरजी में है । या आसय तें श्रीआचार्यजी धन्य कहे ।" "भक्तानां दैन्यमेवेकं हरितोषणं साधनं ।"** હરિને તોષણ કરતું દૈન્ય નામનું સાધન રામદાસને હવે ઉપલબ્ધ થયું છે. એનો ઉદ્‌ઘોષ કરી રામદાસનું યશવર્ધન કરવા આચાર્યજી એમને ધન્ય કહે છે. વાર્તા કહે છે; **"या आसय तें श्रीआचार्यजीं धन्य कहे ।"** સમર્પણથી શરૂ થઈને સર્વાત્મભાવ સુધીની રામદાસની જે યાત્રા છે તે પુષ્ટિસૃષ્ટિમાં એમના યશનો વિસ્તાર કરાવનારી યાત્રા છે. ગ્રંથ કહે છે; **"सवं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव ।"**

"શ્રી" ધર્મના અભાવમાં જીવમાં કામના થાય છે. રામદાસને તો કોઈ પણ લૌકિક કામના ભગવદ્ અતિરિક્ત રહી જ નથી, કારણ એ સર્વ સંજોગોમાં ભગવત્સમર્પિત છે. એમની નિષ્કામ ભક્તિને અભિવ્યક્ત કરતાં વાર્તા કહે છે; **"तब रामदासने (स्त्रीसों)कही, जो-मोकों पुत्र की इच्छा नहीं है ।"** રામદાસજીનું સમર્પણ સ્ત્રીભાવાત્મક હોવાથી, રામદાસમાં, શ્રીધર્મ સદા વિદ્યમાન છે. એમના શ્રીધર્મની ઝાંખી કરાવતાં વાર્તા કહે છે; **"जो-या प्रकार भगवत् सेवा में प्रतिष्ठा मन में न आवे, छोटी मोटी हीन सेवा भाग्य मानि के करनो । यह सिद्धान्त जताए ।"**

"જ્ઞાન" ધર્મના તિરોધાનમાં જીવને મોહ થાય ત્યારે જ્ઞાન full rangeમાં દેખાતું નથી. થોડા રૂપિયા તાતીનને આપવાથી બહુ જ વ્યાજ મળશે એવી limited rangeનું જ્ઞાન રામદાસને થવાથી એમને મોહ થયો એટલે રૂપિયા તાતીને આપ્યા. વાસ્તવમાં તો રામદાસજી તાતીને વ્યાજ પર રૂપિયા આપવાનું કાર્ય પોતાના હિત માટે નથી કરતાં; પણ એમાંથી ઉપાર્જન થતા વ્યાજથી એ ભગવત્સુખનો વિચાર કરી શકશે એવી ઊંચી ભાવનાથી કરે છે. આમ રામદાસે પોતાના મોહને "ભગવદ્ પ્રીતિ અર્થ" પોષવા દીધો ત્યારે ઠાકુરજી સ્વયં રામદાસ માટે કહે છે; **"जो-मेरे लिये इन इतनो दुःख पायो है ।"** જ્ઞાનના અભાવમાં રામદાસને ભગવદર્થ જે મોહ થયો છે તે મોહ ભક્તિમાર્ગીય અને અલૌકિક બની ગયો અને તે પણ ભક્તિના અંગરૂપે.

વૈરાગ્યના અભાવમાં જીવમાં લોભ થાય છે. રામદાસનો લોભ, પોતાના સેવ્યસ્વરૂપને લાડ લડાવવાનો છે. એ જ એમના

લોભના વૈરાગીકરણનું સ્વરૂપ છે. જગતની વસ્તુ મેળવવાનો લોભ રામદાસને નથી પણ મેળવેલી વસ્તુને પ્રભુમાં વિનિયુક્ત કરવાનો એમનામાં લોભ છે.

આવી રીતે રામદાસમાં જયારે પ્રભુનું ઐશ્વર્ય પ્રકટ થઈ ગયું ત્યારે ઠાકુરજીને પોતાના અને રામદાસમાં ભેદ નથી જણાતો. કીટભ્રમરના ન્યાયથી ઠાકુરજી રામદાસ થઈ ગયા અને રામદાસ ભગવાન. "રાધા માધવ ભેટ ભઈ. રાધા માધવ માધવ રાધા, કીટ ભૃંગ ગતિ વ્હૈ જુ ગઈ ॥" પોતાના અને રામદાસમાં અભેદ છે એ દર્શાવવા ઠાકુરજીએ રામદાસનું રૂપ ધર્યું. રામદાસ અને એમના પ્રભુ વચ્ચે શ્રીવલ્લભે જે ભગવત્સંબંધ સ્થાપ્યો છે એની આ ફલશ્રુતિ છે. વાર્તા કહે છે; **तब श्रीठाकुरजी रामदास को रूप करि, उह बनिया को करज सब चुकाइ दिये । रुपैया १००/- अधिक दै अपने हस्त सों रामदास के जमा लिखि आये । रामदासजी को दुःख सह्यो न गयो ।"** રામદાસના અલૌકિક વૈરાગ્યનાં દર્શન કરાવતાં વાર્તા કહે છે; **"तब रामदासने कही, जो-मोकों पुत्र की इच्छा नाहीं है ।"** વાર્તા આગળ કહે છે કે **"रामदास कों कब हू लौकिक कामना मैं मन न भयो । तातें श्रीआचार्यजी प्रसन्न रहते ।"** આ રામદાસના ભક્તિમૂલક વૈરાગ્ય પર હરિરાયજીનું stamping છે.

રામદાસના તિરોહિત થયેલા ઐશ્વર્ય વીર્યાદિ ધર્મો પર એમના ઠાકુરજીએ કેવી રીતે response આપ્યો અને તેના કારણે, કયા process થી રામદાસમાં અલૌકિક ષડ્ધર્મો આવિષ્ટ થઈ ગયાં, તેની whole mechanism સમજવા જેવી છે. ઐશ્વર્ય ધર્મના તિરોધાનથી રામદાસમાં "મદ" આવ્યો તે ઉપર જોઈ ગયા. તેથી રામદાસમાં ઐશ્વર્ય ધર્મનો આનંદાનુભવ

પ્રકટ કરવા એમના સેવ્યસ્વરૂપે, એમના મદ સાથે "મૂઢ સહિષ્ણુતા" પ્રકટ કરી ત્યારે intermediate stage તરીકે રામદાસમાં પહેલાં પોતાના મદ માટે "ઉપેક્ષા"નો ભાવ આવ્યો અને પછી ભગવદૈશ્વર્ય આવિષ્કૃત થયું. "વીર્ય" ધર્મના અભાવમાં રામદાસે ઠાકુરજીને તાતી પર રાખ્યાં, ત્યારે એમના સેવ્યસ્વરૂપને, રામદાસની આવી નિર્વીર્યતાનું દર્દ થયું. રામદાસ પર પ્રભુએ "પરાપરાધ સહિષ્ણુતા" પ્રકટ કરી, કરુણા અને અનુકંપા અભિવ્યક્ત કરી. એ વખતે ઠાકુરજીને ક્ષમાનો ભાવ આવ્યો અને રામદાસમાં "વીર્ય ધર્મ" જાગૃત થઈ ગયો. "યશ" ધર્મના તિરોધાનમાં, રામદાસનો વાણિયા પાસે અપયશ થયો. તેના responseમાં રામદાસના ઠાકુરજીએ "પરોત્કર્ષ સહિષ્ણુતા" પ્રકટ કરી અને એક transparency થી રામદાસનું રૂપ ધરી, ઠાકુરજીએ એમનું ઋણ ચૂકવી દીધું. એના પછી રામદાસમાં "યશધર્મ"નો વિસ્તાર થઈ ગયો. "શ્રી" ધર્મના અભાવમાં કૃપાપાત્ર ભક્તો પર પ્રભુનો response હોય છે; "પરકામ સહિષ્ણુતા." રામદાસ પર એમના ઠાકુરજીને દયાભાવ આવ્યો અને આ ભગવદીય "શ્રી" ભાવથી આવેશિત થઈ ગયાં. તેથી જ રામદાસની સમર્પણના ભાવની "શ્રી" સદા ઝળકતી રહી. "જ્ઞાન" ધર્મના અભાવમાં રામદાસે વ્યાજ પર રૂપિયા રાખ્યા. એના પ્રત્યે ઠાકુરજીએ પોતાના જ્ઞાનને રામદાસ સાથે share કરવાનો ભાવ અભિવ્યક્ત કર્યો. વાર્તા કહે છે; "**व्याज को द्रव्य महाहीन, द्रव्य को मैल । सो तासों (सेवा) करे, सो ता पर मैं कैसें रहूँगा ?**" આ જ આજ્ઞામાં, રામદાસનાં "વૈરાગ્ય ધર્મ" ને પૂર્ણપણે વિકસાવનારી "**प्राप्तं सेवेत निर्ममः**" ની આજ્ઞા ગર્ભિત છે. રામદાસે એટલે જ સિપાહી વેષ ગ્રહણ કર્યો.

કેવા સંજોગોમાં રામદાસમાં પ્રભુના છ ધર્મો પ્રકટ થઈ ગયાં છે અને મહાપ્રભુજી એમને ધન્ય કહે છે, એનું દર્શન, વૈષ્ણવોએ આચાર્યજીને જે વિનન્તી કરી તેના પરથી સમજી લઈએ. **"तब वैष्णव पास बैठे है सो कहन लागे महाराज ! अब याकों धन्य क्यों कहत हो ? याकी अपरस तो छूटी, सिपाइन में रहत है, हथियार बांधत है ? तब श्रीआचार्यजी कहे, यह धन्य है । श्रीठाकुरजी कों श्रम नाहीं करावत है । तातें या समान धीरज काहू कों नाहीं, यह श्रीमुख तें कहे ।"** રામદાસને highest compliment આપતાં શ્રીવલ્લભ વૈષ્ણવોને આજ્ઞા કરે છે કે; **"या समान धीरज काहू कों नाहीं ।"** આચાર્યજીની આવી આજ્ઞાના સર્વ રહસ્યો અંતઃકરણપ્રબોધ ગ્રંથમાં વિદ્યમાન છે. પોતાને તાતી પર ન રાખવાની ઠાકુરજીએ રામદાસને આજ્ઞા કરી તો આ ભગવદીયે એનું તુરત જ પરિપાલન કર્યું અને ધૈયથી મનમાં વિચાર્યું કે **"सो यह, जो - हाय हाय ! मैं बुरो काम कियो । अब भगवत् इच्छा होइगी सो सही, परन्तु ऐसो कार्य कब हूँ न करनो ।"** પોતાની પંક્તિને જીવવા બદલ અંતઃકરણપ્રબોધ ગ્રંથ એમને ધન્ય કહે છે; **"आज्ञैव कार्या सततं स्वामिद्रोहोऽन्यथा स्वामि स्वस्य करिष्यति ।"** અને રામદાસનું ઋણ ચૂકાવી સ્વામીએ પોતાનું કાર્ય કર્યું. રામદાસનો અનુભાવ ઠાકુરજી સાથે co-ordinate થાય છે. એટલે રામદાસ અખિલ પ્રસંગને લીલાની spirit માં લે છે. પ્રભુના બાહ્ય અને અંતર અનુભાવને એ મહેસૂસ કરે છે. આ અખિલ પ્રસંગને આ ભગવદીય લીલારૂપે લે છે. એનું કારણ છે, રામદાસને અનુભૂત થતો "અંતર્યામિકૃત વરણાનુભાવ ." આવું વરણ ક્યારે થાય ? શ્રુતિ કહે છે **"यमैवेषवृणते तेन लभ्य ।"** આવી અવસ્થામાં રામદાસનો દેહ કે વેશભૂષા એમને ભક્તિમાર્ગમાં સાધક છે,

બાધક નહિ. આચાર્યજીના **महोदार चरित्रवान्** સ્વરૂપના અહીં દર્શન થાય છે અને ગુસાંઈજીના **भक्त चिन्तामणिः** સ્વરૂપના. રામદાસ જેવા ભગવત્સ્નેહી માટે શ્રીમહાપ્રભુજીનું **हितकृत्सताम्** નામ પણ અહીં પ્રકટ છે અને શ્રીવિઠ્ઠલેશનું **स्वपक्ष रक्षणे दक्षः**.

આચાર્યચરણ રામદાસને ધન્ય કહે છે એનું રહસ્ય હરિરાયજી ભાવપ્રકાશમાં સમજાવે છે; "**ताकों कारन यह, जो-कहा बहोत अपरस सों कार्य होत हैं ?**" રામદાસે અપરસ માટે ઠાકુરજીને ન સેવ્યા, પણ પ્રભુની સેવા માટે અપરસને પાળી. તેથી રામદાસ ધન્ય છે. હરિરાયચરણ આગળ સમજાવે છે; "**पुष्टिमार्गीय धर्म बहोत कठिन है । द्रव्य सगरो गयो, रिन माथे भयो, परन्तु धीरज नाहीं छुटयो । सो कहा ? जो-मन श्रीठाकुरजी में रह्यो । हृदय के भीतर चिंतारूप कष्ट नाहीं भयो । पाछें श्रीठाकुरजी रिन चुकाये । सो मन में प्रसन्न न भयो । चाकरी को कार्य कियो । अब दैन्यता याकों भई है, मन श्रीठाकुरजी में है । या आसय तें श्रीआचार्यजी धन्य कहे ।**" અન્નકૂટના પ્રસંગમાં આવ્યું તેમ, પોતાના સેવ્યસ્વરૂપની સદા કુશળતા ચાહવાવાળા રામદાસ છે. "કહત નંદ હમ ઐસી માંગે ચાહત હૈ હરિ કી કુસલાઈ." રામદાસની પ્રભુ પરની આવી દૃઢ પ્રીતિ પર એમના કરોડો "અહંકાર" ન્યોછાવર છે.

શ્રીટિપ્પણીજીમાં પ્રભુચરણ આજ્ઞા કરે છે કે ધૈર્યનો અભાવ, જીવના અનધિકારનું કારણ બની જાય છે. ધૈર્ય રાખીને રામદાસે, પ્રભુના અંતરંગ બનવાનો અધિકાર સંપાદન કર્યો છે એના માટે મહાપ્રભુજી એમને ધન્ય કહે છે. અષ્ટપ્રહર અપરસમાં રહેવાની એમની જે ધૂન છે એને તિરોહિત કરીને, પોતાના સ્વભાવનું પરિવર્તન કરીને, ભગવત્સુખ માટે, સિપાઈગીરી

કરી વ્યાવૃત્તિ કરવાનો રામદાસે અભિગમ અપનાવ્યો, એના માટે એ ધન્ય છે. સિપાઈનું કામ કરતી વખતે કે શસ્ત્ર બાંધતી વખતે, રામદાસનું અનુસંધાન કેવલ પોતાના પ્રભુના સુખ માટે છે. એમાંથી કમાયેલા પૈસાનો પ્રભુમાં વિનિયોગ કરાવવાનો એમનો ભાવ છે., તેથી એમની સિપાઈગીરી પણ એમની ભક્તિ અને સેવાનો અંગ બની જાય છે. એના માટે ય રામદાસ ધન્ય છે. એ ધન્ય છે કારણકે રામદાસ આચાર્યજીના પુષ્ટિભક્તિમાર્ગનું રહસ્ય જીવી રહ્યા છે. અંત:કરણપ્રબોધ ગ્રંથ રામદાસના ભાવને ઉલ્લાસથી વિલસાવે છે; "**कृतार्थोऽसि सुखी भव ।**"

આચાર્યજીની કૃપાથી રામદાસનું ઐહિક અને પારલૌકિકમાં સંપૂર્ણ હિત થયું. વાર્તા કહે છે; "**फेरि रामदासजी बरस एक में द्रव्य बहोत कमाइ घर आये । पाछे भली भांति सों सेवा करन लागे ।**" આ પ્રસંગમાં મહાપ્રભુજીનું પ્રકટ નામ છે, **पार लौकिकैहिक दानकृत्** અને શ્રી ગુસાંઈજીનું તદ્અનુરૂપ નામ છે; **भक्त क्लेशासहः** . પિતાપુત્રના આ નામ યુગલ પર દૃઢ વિશ્વાસ રાખનારા અને આચાર્યજીના સિદ્ધાંતનું પરિપાલન કરનારા પુષ્ટિભક્તોના મનોરથો આજે ય સિદ્ધ થાય છે કારણકે અંત:કરણપ્રબોધ ગ્રંથ આજ્ઞા કરે છે કે; "**सत्यसंकल्पतो विष्णुः नान्यथा तु करिष्यति ।**"

*********

## <u>ગ્રંથ : ભક્તિવર્ધિની</u>
## <u>૮૪ વૈષ્ણવ વાર્તા - ૩૧ : જગન્નાથ જોશી</u>

एक दिन जगन्नाथ जोसी श्रीठाकुरजी कों श्रृंगार करि बागो पहराय कें राजभोग को थार साजिके, श्रीठाकुरजी के आगें भोग धर्यो । पाछें बाहिर आये । तब जगन्नाथ जोसी के मनमें यह आई, जो-ठाकुरजी वागो पहरे आरोगत हैं । सो थार छुई जायगो । यह बात श्रीठाकुरजी ने जगन्नाथ जोसी के मनकी जानी । सो थार लात मारिकें चौकी सों नीचे डारि दिये । तब जगन्नाथ जोसी फेरि सामग्री करि, थार धोई, चौकी धोई, धरें । तब श्रीठाकुरजी लात मारिकें चौकी सों नीचे डारि दिये । तब जगन्नाथ जोसी फेरि सामग्री करि थार धोई चौकी धोई धरें । तब ठाकुरजी लात मारि नीचे डारि दिये । तब फेरि सामग्री करि वैसेई धरे । तब फेरि श्रीठाकुरजी लात मारिकें डारि दिये । तब चौथी बार जगन्नाथ जोसी बहोत श्रमित भये । माथो नीचो करन लागें, जो-कहा अपराध परयो हैं, जो-श्रीठाकुरजी जितनी बार थार धरो तितनी बार डारि दिये । सामग्री अरोगत नाहीं । यह अपने मनमें बिचार करत बहोत आतुरता दैन्यता आई । तब श्रीठाकुरजी ने कही, जो-तू थार छूये तें डरपतु है तो मेरे आगें काहे कों धरतु है ? यह सुनत ही जगन्नाथ जोसी नाक घिसिकें बहोत बिनती करी, महाराज! मैं चूक्यो । अब मेरो अपराध क्षमा करो । मैं तो कछू जानत नाहीं । या प्रकार बहोत मनुहार करी ।

જગન્નાથ જોશીની વાર્તા ભક્તિવર્ધિની ગ્રંથના વિલક્ષણ પહેલુઓ સમજાવનારી છે. महात्म्यज्ञान पूर्वस्तु सुदृढः सर्वतोधिक स्नेहो भक्तिः। આ શ્રીઆચાર્યજીની અભિપ્સિત ભક્તિનું લક્ષણ

છે. અર્થાત્ પ્રભુનું સાચું અપ્રાકૃત સ્વરૂપ સમજી ઠાકુરજીમાં પ્રીતિ કરવી એ ઉત્તમ ભક્તિનું લક્ષણ છે. માહાત્મ્ય અને તાદાત્મ્યનો ભાવ છૂટવાથી ભગવલ્લીલા સમજાતી નથી. પુષ્ટિભક્ત્યાત્મક સ્નેહના માર્ગમાં માહાત્મ્યજ્ઞાનની શું આવશ્યકતા છે, એવો અન્યથા વિચાર કરનાર પુષ્ટિજીવને, સાચો પથ દર્શાવનારી આ વાર્તા છે. **ठाकुरजीं वागो पहरे आरोगत हैं । सो थार छुई जायगो ।** એટલા જ માહાત્મ્યજ્ઞાનનો અભાવ જગન્નાથ જોશી જેવા ભગવદીયમાં પ્રકટ થયો તેના consequences રૂપે પ્રભુએ થાળને લાત મારી, ચાર-ચાર વખત સામગ્રી ન આરોગ્યા અને વાર્તા કહે છે તેમ; **"जो-जा दिन तें जगन्नाथ जोसी के मन में थार छूइवे की असंभावना भई ता दिन तें बहुत अनुभव (ठाकुरजीं) न करावते ।"** માહાત્મ્યજ્ઞાનના અભાવમાં ઠાકુરજીને આટલો શ્રમ લેવો પડયો, જગન્નાથ જોશીને આટલું વેઠવું પડયું, તો "પ્રમેયના પુષ્ટિમાર્ગમાં પ્રમાણાત્મક માહાત્મ્યજ્ઞાનની આપણને શી જરૂર છે" એવી ઉપેક્ષા કે તિરસ્કાર કરનારની શી અવદશા થઈ શકે એની કલ્પના જ કંપારી ઉત્પન્ન કરનારી છે. કેવલ પ્રમેય માર્ગના અનુગામીને આટલું તો સમજવું જ જોઈએ કે પ્રભુનો પ્રમેય એ કાંઈ મોટી વસ્તુ નથી. એ પ્રમેયનો ઉપયોગ કૃષ્ણએ જેમ પૂતના પર કર્યો છે તેમ શીશુપાલ અને કંસ પર પણ કર્યો છે. પરંતુ આચાર્યજીના સિદ્ધાંતનું પરિપાલન કરતાં જીવને જોઈને પ્રભુ જે પ્રમેયને પ્રકટ કરે છે, તે પ્રમેય, કંસવાળું નહિ પણ વ્રજભક્તવાળું હોય છે. આધુનિક જીવો માટે પણ માહાત્મ્યજ્ઞાન પૂર્વક સ્નેહ અનિવાર્ય છે, કારણકે એ આચાર્યજીને અભિષ્ટ છે. તેથી જ, આચાર્યજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે વસુદેવજી અને દેવકીજીને પણ માહાત્મ્યજ્ઞાન સહિત સ્નેહ

થયો. अतो माहात्म्यधीयुक्त स्नेहोऽभवदिति प्रभुन् ।

આ રહસ્ય મહાપ્રભુજીના **अंगीकृतौ समर्यादो** નામમાં અવસ્થિત છે. અર્થાત્ નિર્ગુણભક્તિમાર્ગમાં પ્રવેશ મેળવવા, આચાર્યજીએ, ભક્તના સ્નેહ ઉપરાંત, માહાત્મ્યજ્ઞાનની મર્યાદા રાખી છે. ભક્તના માહાત્મ્યજ્ઞાન સંબંધી અજ્ઞાનને નિવૃત કરવા નામરત્નાખ્યમાં શ્રીગુસાંઈજીનું નામ છે - **भक्ताज्ञानभिदुत्तमः**. પ્રત્યેક મર્યાદામાં પ્રભુની એક અંગીકૃતી છુપાયેલી છે અને પ્રત્યેક અંગીકૃતીમાં એક મર્યાદા રહેલી છે. ઠાકુરજીના વાગા સંબંધિત જગન્નાથ જોશીને અસંભાવના અને વિપરીત ભાવના થઈ તે તેમનો માયાવાદ છે. તેનું નિરાકરણ કરવાવાળું શ્રીમહાપ્રભુજીનું નામ છે - **मायावादनिराकर्ता** કે **मायावादाख्यतुलाग्नि**. આનું correspending પ્રભુચરણનું નામ છે - **मायावादनिरासकृत्** અને **सन्देहच्छेददक्षिणः**. શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજીના નામો મહામંત્રાત્મક હોવાથી, પુષ્ટિજીવને સેવા કરવામાં આવતા પ્રતિબંધો, તત્સંબંધિત નામના પ્રભાવથી નિવૃત્ત થઈ જાય છે. **गृहेस्थित्वा स्वधर्मतः** ના સિદ્ધાંત અનુસાર જગન્નાથ જોશીના ઘરમાં ઠાકુરજી બિરાજે છે એટલે એમનામાં રહેલ ત્રુટીને, દીનતાના માધ્યમથી પ્રભુએ સ્વયં સ્નેહથી tackle કરી છે. આવા પ્રસંગમાં, સેવા ન કરનારા જીવની તો હાલત જ બગડી જાય.

વાસ્તવમાં તો ઠાકુરજીએ થાલને લાત મારી એ પ્રભુના અનુભાવની અનુગ્રહાત્મક અભિવ્યક્તિ છે. જગન્નાથ જોશીની એવી અસંભાવના પર થાલને લાત મારી એ ઠાકુરજીનો positive response છે. પુષ્ટિનો ઠાકુર totally positive અને પુષ્ટિજીવનું હિત કરનાર છે. એ આ પ્રસંગનું અદ્‌ભુત રહસ્ય છે.

અહીં પ્રભુએ સ્વયં જગન્નાથ જોશીને માહાત્મ્યજ્ઞાન સમજાવ્યું છે. શ્રીવલ્લભજી આજ્ઞા કરે છે કે જો પુષ્ટિજીવ, ભક્તિ કરે છે, તો તેને જ્ઞાન આપવાનો ઉપાય ઠાકુરજી સ્વયં કરે છે. જગન્નાથ જોશીને આ પ્રસંગમાં કર્યો તેમ. જો પુષ્ટિજીવ, ષોડશગ્રંથને જીવવાની સાચી કોશિશ કરતો હોય છે, સ્વગૃહમાં ભગવત્સેવા અને કથા કરતો હોય છે, ત્યારે તેના સેવ્યસ્વરૂપ, તેના અંતરાત્મા બનીને તેવા જીવને, તેનું પોતાનું, પરમાત્માનું અને ભક્તિ સંબંધિત જ્ઞાન કરાવે છે.

જગન્નાથ જોશીના આ પ્રસંગમાં થોડાક અન્યમનસ્ક થઈને વ્રજલીલાનું અનુસંધાન લેવા જઈશું તો કદાચ એક વિલક્ષણ લીલા ઉપલબ્ધ થશે. ગોપીગીતમાં ગોપીજનો અંતઃર્ધ્યાન થયેલા શ્રીકૃષ્ણચંદ્રને વિનંતી કરે છે કે; "**फणिफणार्पितं ते पदाम्बुजं कृणु कुचेषु नः कृन्धि हृच्छयम् ।**" ઠાકુરજીએ "વૃન્દારણ્યમાં" બેરબેર પ્રવેશ કરીને, ગોપીજનોની હૃદયસ્થલી પર તો અનંત વેળા શ્રીચરણ ધર્યા છે. પરંતુ "**फणिफणार्पितं**", કાલીયદમનના પ્રસંગે ધર્યા એવા impact થી નહીં, પણ delicasy થી. તેથી "**फणिफणार्पितं**" નો ગોપાંગનાઓનો અપૂર્ણ રહેલ મનોરથ જાણે ઠાકુરજીએ, જગન્નાથ જોશીના પ્રસંગમાં વ્રજભક્તોના ભાવથી ધરેલ થાળને લાત મારીને પ્રભુએ પૂરો કર્યો. વાસ્તવમાં જગન્નાથ જોશીએ સામગ્રી તો વ્રજભકતોના ભાવથી ધરી, પણ કાલીયની જેમ, પ્રભુમાં એમને અસંભાવના - વિપરીત ભાવના આવી, એટલે એમાંથી ભાવાત્મક વ્રજભકતો અંતઃર્ધ્યાન થઈ ગયાં. એક લીલામાં અનેક લીલા કરનાર પ્રભુએ, ત્યારે થાળને લાત મારીને, જોશીજીને માહાત્મ્યજ્ઞાન કરાવ્યું અને ગોપીજનોનો **फणिफणार्पितं** નો મનોરથ પણ આ

પ્રસંગમાં પૂર્ણ કરવાની ચેષ્ટા લીલા કરી. ગોપીગીતના એ શ્લોકમાં જેમ ગોપીજનો **प्रणितदेहीनां** છે, તેના parellel આ પ્રસંગમાં જગન્નાથ જોશીની વાર્તા કહે છે; "**यह सुनत ही जगन्नाथ जोसी नाक घिसिकें बहोत बिनती करी ।**" તદુપરાંત, થાળને ચાર વખત લાત મારી, ગોપીગીતના સમયે ઉપસ્થિત સાત્ત્વિક, રાજસ, તામસ અને નિર્ગુણ એ ચારેય પ્રકારના ભક્તોની પ્રભુએ આ પ્રસંગમાં સુદ્ધિ લઈ લીધી. જોશીના આ પ્રસંગથી આવી રીતે ગોપીગીતમાં અન્યમનસ્ક થઈ શકાય એનું કદાચ સૂચન કરતાં હોય તેમ હરિરાયજી વાર્તાના અંતમાં ખાસ રાસપંચાધ્યાઈની સુદ્ધિ કરે છે.

અપરાધ રહિત જીવની સેવા અંગીકાર કરવી એવો પૂર્ણપુરુષોત્તમનો જે મનોરથ હતો, તે સિદ્ધાંતરહસ્ય ગ્રંથનું પ્રાકટય થયું ત્યારથી, પ્રભુને, મહાપ્રભુજીના સેવકો માટે છોડી દેવો પડયો છે અને સદોષ અને સાપરાધ જીવોનો ય અંગીકાર કર્યો છે. તેથી જ જગન્નાથ જોશીના આ પ્રસંગમાં, ઠાકુરજી, એમના અસંભાવના અને વિપરીત ભાવનાના અપરાધને દુર્લક્ષ કરે છે. પુષ્ટિજીવ પર થયેલી આચાર્યચરણની નિતાન્ત કૃપાનું આ અદ્‌ભૂત પ્રમાણ છે. એમનો અપરાધ ક્ષમા કરી પ્રભુ "**इनकी प्रीति सों आरोगते ।**" તો જગન્નાથ જોશીને આવી ભગવદ્‌પ્રીતિ કેવી રીતે સંપાદન થઈ ? એનું રહસ્ય સમજાવતાં ભક્તિવર્ધિની ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, "**बीजदार्ढ्यप्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः । अव्यावृत्तो भजेत्कृष्णं पूजया श्रवणादिभीः ।**" અર્થાત્ સ્વગૃહમાં પોતાના તન, મન, ધનથી પોતે ભગવત્સેવા કરવાથી જગન્નાથ જોશીનું ભક્તિબીજ દૃઢ થતું ગયું.

માહાત્મ્યજ્ઞાન પર મહાપ્રભુજીએ આટલો ભાર મૂકયો એનું કારણ શું ? માહાત્મ્યજ્ઞાન જીવની સાંસારિક રતિને બુઠ્ઠી બનાવી દે છે. આ પ્રસંગમાં પ્રભુના માહાત્મ્યનું જ્ઞાન અપ્રકટ રહેવાથી, જોશીજીમાં, લૌકિકમાં ઉદ્ભવે એવી ઠાકુરજી માટે અસંભાવના અને વિપરીત ભાવના પ્રકટ થાય છે. તેથી એમને વાગાથી સામગ્રી છૂવાઈ જશે એવો વિચાર આવે છે. માહાત્મ્યજ્ઞાન આવી લૌકિક બુદ્ધિને નિરસ્ત કરીને, એવા જીવને, સાંસારિકતામાંથી બહાર લાવી બ્રાહ્મિકતા અને પારમાત્મિકતામાં અભિગમન કરાવે છે. માહાત્મ્યજ્ઞાન ભક્તિને જનિત નથી કરતો પણ આપણા સંસારના વિષયની ચાહનાના દરવાજા બંધ કરે છે, જેથી ભગવત્સ્નેહને પ્રવેશવા દરવાજો ખાલી મળી જાય છે. સેવામાર્ગમાં પ્રભુને approach કેવી રીતે કરવાં, તે પણ માહાત્મ્યજ્ઞાન શીખવાડે છે. અષ્ટછાપ રત્ન સુરદાસજીની કીર્તન પંક્તિથી આનો ભેદ સમજાશે.

દેખો દેખો હરિ જુ કો એક સ્વભાવ ।
અતિ ગંભીર ઉદાર ઉદધિ પ્રભુ જાન શિરોમણી રાય ॥
રાઈ જીતની સેવા કો ફલ માનત મેરુ સમાન ।
દાસ અપરાધ જાન સિંધુ સમ બુંદન એકો જાન ॥

માહાત્મ્યજ્ઞાનના અભાવમાં જીવ, પ્રભુ સંબંધિત કેવી કેવી વિચિત્ર અસંભાવના અને ભગવત્સંબંધિત વિપરીત ભાવનાના દોષથી દોષિત થાય છે એનો વિસ્તાર ભાવપ્રકાશમાં મળે છે, જે અવલોકનીય છે. **याको अभिप्राय यह, जो-श्रीआचार्यजी श्रीसुबोधिनी में कहे हैं श्रीठाकुरजी की लीला में श्रीठाकुरजी के स्वरूप में दोई भावना करें तब श्रीठाकुरजी अप्रसन्न होई । एक असंभावना, एक विपरीत भावना । असंभावना यह, जो-श्रीठाकुरजी**

पराये सों विहार किये । ठाकुरजी हीन जाति के घर कैसे अरोगत होइंगे ? श्रीठाकुरजी के छुये तें यह वस्तु छुइ जायगी । अहिर ज्ञाति के बिना न्हाये क्यों भोजन किये ? श्रीठाकुरजी कों फलानो रोग भयो । श्रीठाकुरजी नित्य तो प्रमान अरोगत हैं, अन्नकूट में इतनो सब कैसे अरोगेंगे ? श्रीठाकुरजी अब वृद्ध भये । श्रीठाकुरजी यह लीला क्यों किये ? यह नाना प्रकार के कुतर्क प्रभु में करनो नाहीं । काहे तें "पुरुषोत्तम सहस्त्रनाम" में कहे हैं - "तर्कागोचर कार्यकृत" । ऐसे कार्य है । प्रभुको कार्य तर्क तें अगोचर है । कोई की बुद्धि में तर्क में आवे नाहीं । कर्तु अकर्तु अन्यथा कर्तुम सर्व सामर्थ्य युक्त हैं । यह असंभावना और विपरीत भावना यह, जो-श्रीठाकुरजी के श्रीमुख में बास आवेगी । ताते वासन दातन, करावनो । एक ठिकाने खरचू की भावना करनी । चौरासी कोस ब्रज हैं एक दिन में सगरे कैसे फिरे ? इतनी गाई हैं सब कैसे दुहत होइंगे ? आगे ब्रज में प्रगटे अब ब्रज में कहाँ हैं ? कहूँ ब्रज में दीसत नाहीं । हीन वस्तु गाजर मूरि कलिंगडा आदि सब ठाकुर ने प्रगट कियो है, याको भोग धरिवेमें कहा बाधक है ? श्रीठाकुरजी एक सगरी गोपिकान सों कैसे विहार करत होइंगे ? इत्यादिक विपरीत भावना भई । परंतु जगन्नाथ जोसी कों तो एक सरल सुभाव सों भई । तातें श्रीठाकुरजी बोले । कहें, थार छूई जायगो मेरे आगे मति धरे । तब अपराध क्षमा कराये । अपने कों अज्ञानी मानें । या प्रकार असंभावना, विपरीत भावना तें श्रीठाकुरजी अप्रसन्न होई । यह जताये । सो न करनो । આનું રહસ્ય એ છે કે જગન્નાથ જોશીને ઠાકુરજીમાં અતિ પ્રીતિ હોવા છતાંય એમનામાં અસંભાવનાદિ લૌકિક વિચારો આવિષ્ટ રહેવાથી એ ભક્તિવર્ધિની ગ્રંથની આ પંક્તિનો સંપૂર્ણ લહાવો નથી લઈ શકતાં. "स्नेहाद्रागविनाशः स्याद्", માહાત્મ્યજ્ઞાનની આધ્યાત્મિકતા

લૌકિક રાગને નિરસ્ત કરનારી છે. માહાત્મ્યજ્ઞાન અને સુદૃઢ સર્વતોધિક સ્નેહનું formidable combination છે, જે ભક્તિવર્ધિની ગ્રંથ કથિત નિર્ગુણભક્તિનું સ્વરૂપ છે.

અહીં એક સમજવાનું રહસ્ય એ છે કે જગન્નાથ જોશીએ, ઠાકુરજીને આરોગાવતી વખતે, પોતાના બ્રાહ્મણ ધર્મને અનુસરીને, સેવ્યસ્વરૂપને કેવલ પીતાંબર અને ખેસ ધરાવ્યો હોત તો એમના પ્રભુ એમના વર્ણાશ્રમ ધર્મને relish કરત. પરંતુ "સિવાયેલો" વાગો ધરાવ્યા પછી, એ છૂવાઈ જાય એવી અસંભાવના કરી એમાં ઠાકુરજીના માહાત્મ્યની અવહેલના થઈ, એટલે ઠાકુરજીએ થાળને લાત મારી.

માહાત્મ્યજ્ઞાનના અભાવને admit કરતાં જોશીજી કહે છે; "**मैं तो कछू जानत नाहीं ।**" આવું એમને realisation કરાવી, જગન્નાથ જોશીમાં સ્નેહનું (ભક્તિનું) વર્ધન કરવા પ્રભુએ આ પ્રસંગમાં આવો લીલાત્મક ઉપાય કર્યો છે. ભક્તોની ભકિતનું વર્ધન થાય તેવા વિવિધ ઉપાયોને કરવાવાળા ઠાકુરજીને અનુલક્ષીને પણ ભક્તિવર્ધિની ગ્રંથ કહે છે, "**यथा भक्तिः प्रवृद्धा स्यात्तथोपायो निरूप्यते ।**"

આ જ વાર્તાના બીજા પ્રસંગમાં **बीजभावे दृढे तु स्यात्त्यागात्** નું વિલક્ષણ વૃતાન્ત છે. અર્થાત્ ભક્તિબીજભાવ દૃઢ થઈ જાય તે પછી, સ્નેહના આવેશમાં, માહાત્મ્યજ્ઞાનનો ત્યાગ કે એનું તિરોધાન થઈ જાય તો તે સ્વાભાવિક છે, અપરાધ નહીં. આના અનુસંધાનમાં, સ્નેહના આધિકયમાં, વિસ્મૃત થયેલા માહાત્મ્યજ્ઞાનવાળા જગન્નાથ જોશીની ભક્તિની સુકોમલ અવસ્થા અવલોકનીય છે. "**तब श्रीठाकुरजी जगन्नाथ जोसीं सों कहें जो-मेरे पेटमें ठोमर को ढोकला दुःखत है । तब जगन्नाथ**

जोसी सोंठी, अजवाइन, लोन समर्पे । तब श्रीठाकुरजी कहें मेरे पेट में चेन भयो ।" ભાવ પ્રકાશમાં હરિરાયચરણ આજ્ઞા કરે છે કે ઠાકુરજી "सनेह देखिवे के लिये जताये, जो-मेरे पेट में दुःखत है । तब इनको सनेह बहोत तातें मन में दुःख पायो ।" પૂર્ણપુરુષોત્તમને ક્યારેય પેટમાં દુઃખે ? આવું માહત્મ્યજ્ઞાન સ્નેહના આવેશમાં જગન્નાથ જોશીને આ પ્રસંગમાં ન થયું અને થાત તો એમના સ્નેહમાં એ બાધક થાત. તેથી વાર્તા કહે છે; "तातें विद्याई की चतुराई, ज्ञानि होते तो काहेतें, श्रीठाकुरजी के पेट में दुःखे हैं । ए तो ईश्वर हैं । परंतु जगन्नाथ जोसी सूधे निष्कपट भगवदीय हैं । तातें श्रीठाकुरजी फेरि प्रसन्न भये । या में यह जताये - जो जाके हृदय में स्नेह होई, सरल सुभाव होइ, तो वासों अपराध, हू परे तो श्रीठाकुरजी कृपा करें । वाको बिगार न होई ।" Paradoxically માહાત્મ્યજ્ઞાનનો અભાવ, પહેલા પ્રસંગમાં જગન્નાથ જોશી માટે દૂષણરુપ બન્યો છે અને ઠાકુરજીને પેટમાં દુખ્યું ત્યારે એ જ માહાત્મ્યજ્ઞાનનો અભાવ સ્નેહાવિષ્ટ જોશીજી માટે ભૂષણરૂપ બન્યો છે. પ્રભુને પરવશ બનાવનારો બન્યો છે. આ પ્રસંગથી ભક્તિવર્ધિની ગ્રંથમાં છૂપાયેલ એક વિલક્ષણ સિદ્ધાંત પણ પ્રકટ થાય છે. પ્રભુ પોતાના નામ, રૂપ, ગુણ, લીલાથી આપણને એના સ્નેહ માટે મઝબૂર બનાવે અને આપણે મઝબૂર બની જઈએ તે પુષ્ટિભક્તિનું મૃદુલ લક્ષણ છે. ભક્તની, પ્રભુ માટેની મઝબૂરી એના ભક્તિબીજભાવનું દૃાઢ્ય છે. बीजदार्ढ्यप्रकारस्तु ભગવાન માટે "મઝદૂરી"નો ભાવ આવે તો તે જ્ઞાન અને વૈરાગ્યની અવસ્થા છે. ઠાકુરજીની મઝબૂરીમાં પ્રકટ થતો ભક્તનો સ્નેહાત્મક ભાવ ભક્તિનો મુકુટમણિ છે. એવા અનુપમ ભગવત્પ્રેમને સમજાવતાં રસખાનજી ગાએ છે;

"અતિ સુક્ષ્મ, કોમલ અતિ હી, અતિ પતરો અતિ દૂર ।
પ્રેમ કઠીન સબતે સદા, નિત એક રસ ભરપૂર ॥"

જગન્નાથ જોશીએ અડેલ જતાં એક ગામમાં મુકામ કર્યો ત્યારે બીજી કોઈપણ સામગ્રી ન મળતાં એમણે ભગવદ્ઈચ્છા માની કેવલ ज्वारि નાં ઢોકળાં પ્રભુને ધર્યાં. આ પ્રસંગનો સિદ્ધાંત એ છે કે જો નીતિથી અને આનંદથી કમાયા હોઈએ અને આપણને ઉત્તમ લાગતી હોય, તો આપણા scale માં જે વખતે જે available છે તે સામગ્રી ઉત્તમ ગણાય છે. અહીં સામગ્રી શબ્દથી ભગવત્સેવામાં વિનિયુક્ત થતી સર્વવસ્તુ  આવી જાય છે.

પ્રભુ, જગતમાં કે આપણાં જીવનમાં જે કરે છે તે સુકૃત છે, well done છે. એવો ભક્તિવર્ધિની ગ્રંથમાં અવસ્થિત રહેલો વિશાલ અને કોમલ ભાવ છે. જગન્નાથ જોશીમાં તે ભાવ સદા સ્થિત છે. આવો ભાવ આવે તો ભક્તિ વૃદ્ધિ પામે. એમને પ્રભુમાં નિષ્કામ સ્નેહ અને શ્રદ્ધા છે. કઠોપનિષદ અનુસાર આવા ભક્તો પાસે પ્રભુ પોતાનો અનુભાવ પ્રકટ કરે છે. જોશીજીને થયેલા આવા નિરૂપાધિક સ્નેહનો process દર્શનીય છે. જગન્નાથ જોશી પોતાને પ્રભુના ભોગ્ય માને છે અને ઠાકુરજીને ભોક્તા, કૃષ્ણને એ રસયિતા અને દૃષ્ટા માને છે અને પોતાને દૃષ્ય.

જગન્નાથ જોશીને, એમના ઠાકુરજી અને એમના સુખ માટે જે સ્નેહવશ મઝબૂરી છે, એવી જ મઝબૂરી એમના સેવ્યસ્વરૂપને જોસીજી માટે છે. "इत्येवं भगवच्छास्त्रं गूढतत्वं निरूपितम् ।" પ્રેમ સ્વરૂપ હરિને, આવા પ્રેમીભક્ત મળ્યા છે, એટલે કૃતકૃત્યતા અનુભવી, ઠાકુરજી સદા જગન્નાથ જોશીની પછવાડે

ફરતા હોય છે. તેથી જ તો જયારે ગરાસિયા રજપૂત, જોશીજીની પાછળ આવીને તલવાર ઉગામે છે, ત્યારે એમનો હાથ, પછવાડે પધારતાં ઠાકુરજી પકડે છે. ભક્તિવર્ધિની ગ્રંથ કથિત **गृहेस्थित्वा स्वधर्मतः** ના સિદ્ધાંતની દૃષ્ટિને જોઈએ તો, જગન્નાથ જોશીને માથે ઠાકુરજી જયારે સેવા લેવા માટે પધાર્યા, તે તેમની સાધનનિરોધની અવસ્થા છે અને "જગન્નાથ જોશીની ગરજમાં" ઠાકુરજી એમની પાછળ ભમતાં થઈ ગયાં, એ જોશીજીની ફલનિરોધની અવસ્થા છે.

આચાર્યચરણે પુષ્ટિસૃષ્ટિ પર કેવી અનિર્વચનીય કૃપા કરી છે, તેનું અનુપમ વૃતાન્ત આ વાર્તામાં છે. સાકારબ્રહ્મવાદમાં જેને માથે ઠાકુરજી બિરાજે છે, તેવા બધાય જીવને પ્રભુ મનાવે છે કે "હું તારે આધીન છું, તું સંસારમાં કેમ પડયો છે ? તું જગાવે ત્યારે તો હું જાગું છું અને સુવડાવે ત્યારે હું શયન કરું છું." પ્રભુ જીવને કહે છે કે "યે ઋતુ રુઠવે કી નાહિ." જગન્નાથ જોશીમાં રૂઠવાનો ભાવ નથી, પણ વાર્તાના પહેલા જ પ્રસંગમાં આવ્યું, તેમ, રૂઠાયેલા પ્રભુને દીનતા અને સ્નેહથી મનાવવાનો નિર્ગુણભાવ જોશીમાં છે. તેથી, આ ભગવદીય, ભક્તિવર્ધિની ગ્રંથમાં વર્ણવેલ ઉત્તમભક્તિના અધિકારી છે. **इनकी वार्ता कहां ताइ कहिए ।**

*********

## ગ્રંથ : ભક્તિવર્ધિની

## ૮૪ વૈષ્ણવ વાર્તા - ૪ : પદ્મનાભદાસજીની બેટી તુલસાજી

વાર્તા કહે છે. "एक दिन तुलसां के घर वैष्णव आयो । सो श्रीआचार्यजींको सेवक हतो । सो श्रीमथुरानाथजी के दरसन राजभोग आरतीके किये । तब तुलसांने उन वैष्णवसों कह्यो, जो - उठो, स्नान करो । महाप्रसाद लेऊ । तब उह वैष्णवने कह्यो, जो - हों तो घर जाइ स्नान करुंगो ।.... तुलसां के मनमें बहोत खेद भयो, जो - मेरे घर तें वैष्णव भूख्यो गयो ।" તુલસાંબાઈને ઘેર આ વૈષ્ણવે પ્રસાદ ન લીધો તેનું રહસ્યાત્મક કારણ આપતાં શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે; "और तुलसां के बस श्रीमथुरानाथजी है । तातें यह वैष्णव ने महाप्रसाद न लियो ।" સામાન્યત: કોઈપણ વૈષ્ણવ, જો એમ જાણી જાય કે તુલસાં બેટીને વશ શ્રીમથુરાનાથજી છે, તો એમને ત્યાં પ્રસાદ લેવાનું અવશ્ય ન ચૂકે. તુલસાંજીને ઘેર ગયેલ આ વૈષ્ણવ સામાન્ય વૈષ્ણવ નથી. અસામાન્ય ભગવદીય છે. એમના ઠાકુરજીનો એમને સાનુભાવ છે. આવા ઉચ્ચ કોટિના ભગવદીય તો અવશ્ય જાણતા હોય કે જેમના ઠાકુરજી "ભક્તવશ્ય" છે, એવા તુલસાં બેટીને ત્યાં પ્રસાદ ન લેવાથી, તુલસાંને કેટલું દુ:ખ થશે ? તો એમણે પ્રસાદ કેમ નહિ લીધો હોય !!

શ્રીગોકુલેશ પ્રભુની વાર્તા શૈલીની એક વિલક્ષણતા છે કે ગોકુલનાથજી કેટલાક રહસ્યોને coded રાખે છે અને તે પણ એ જ વાર્તામાં છૂટા છવાયાં. સૌથી પહેલાં તો આપણને એ સર્વે coded રહસ્યોને assemble કરી ક્રમમાં ગોઠવવાં

પડે છે અને પછી ષોડશગ્રંથના આધારે એને decode કરવા પડે છે. તેથી જ તુલસાંબેટીની વાર્તાના આ પ્રસંગને સમજવા માટે, આ પ્રસંગ જયાં પૂર્ણ થાય છે ત્યાંથી શરુઆત કરવી પડશે. આ પ્રસંગના અંતમાં ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે; "**यामें यह जताये । वैष्णव घर आवे तिनको यथाशकित सन्मान करनो ।**" તુલસાં બેટીને પણ આ વૈષ્ણવનું "યથાશક્તિ" સમાધાન કરવું છે. તુલસાંની "યથાશક્તિ" સમાધાન કરવાની "શક્તિ" એટલી અનિર્વચનીય છે કે, તુલસાંની સ્નેહરૂપ સખડીનો આ વૈષ્ણવ પ્રસાદ લે, તો તુલસાંના મનોરથના કારણે, આ વૈષ્ણવના ઠાકુરજી એમને વશ થઈ જાય, એવા પ્રચૂર સ્નેહનું એમને દાન થઈ જાય. આ વૈષ્ણવના આવા ઉત્કૃષ્ટ અધિકારની તુલસાંને પરખ થઈ ગયેલ છે. તેથી જ, આ વૈષ્ણવે જયારે પ્રસાદ ન લીધો ત્યારે તુલસાંને ખેદ થાય છે કે આ વૈષ્ણવ આવી અણમોલ સિદ્ધિ મેળવ્યા વગર "**भूख्यो गयो ।**"

તો પછી આવું ઉત્કૃષ્ટ મહાભાગ્ય પ્રાપ્ત કરવા, આ વૈષ્ણવને શું problem હશે જેથી એમણે પ્રસાદ ન લીધો !! આ સમજવા માટે ભક્તિવર્ધિની ગ્રંથનો આશ્રય લેવો અનિવાર્ય છે.

"**सेवायां वा कथायां वा यस्यासक्तिदृढा भवेत् ।**" તુલસાં બેટીની વાર્તા એ ભક્તિવર્ધિની ગ્રંથની સેવા અને કથા પક્ષની અખિલાંગ અને સંપૂર્ણ કથા છે. **गृहेस्थित्वा स्वधर्मतः** ના પથ પર અભિસરણ કરતાં તુલસાંબેટી **अव्यावृतो भजेत्कृष्णं पूजया श्रवणादिभिः** થકી પ્રાપ્ત થયેલ પુષ્ટિભક્તિની ચરમસીમાના ભક્ત છે. એમનો બીજભાવ દૃઢ થઈ ગયો છે અને મથુરાનાથજી એમને વશ છે, તેથી તુલસાં ભક્તિવર્ધિનીગ્રંથના અંતિમ શ્લોકમાં

અવસ્થિત છે, "**इत्येवं भगवत्छास्त्रं गूढतत्वं निरूपितम् ।**" આ કોટિના ભગવદીયોની ઈચ્છાનુસાર પ્રભુ અનુવર્તન કરે છે. "**निजानाम् ईच्छातः करिष्यति ।**" સખડીનો પ્રસાદ વૈષ્ણવને લેવડાવીને તુલસાં, આ વૈષ્ણવના ઠાકુર એમને વશ થઈ જાય, એવો યથાશક્તિ વૈષ્ણવ સમાધાનનો મનોરથ કરે છે. સ્વકીયજનોનો આવો મનોરથ પ્રભુને અવશ્ય સિદ્ધ કરવો પડે. આ વૈષ્ણવને આ સર્વ રહસ્યનું જ્ઞાન છે, એટલે તુલસાંને ત્યાં પ્રસાદ લેતાં નથી અને વિચારે છે કે, "**ललिताजीकी आज्ञा बिना कैसें लेउ ?**" અતિ દૈન્યભાવથી એમને એ વિચાર આવી રહયો છે કે "ભક્તિવર્ધિની ગ્રંથને સતત જીવતાં તુલસાં બેટીના ઔદાર્ય અને સામર્થ્યથી, મારા ઠાકુર મને વશ થઈ જાય, તો શું મારો એવો અધિકાર છે ? ભક્તિવર્ધિનીગ્રંથનાં છેલ્લા શ્લોકમાં શું મારી સ્થિતિ છે ?" તેથી જ, આ ભગવદીયનો આવો અધિકાર છે, એનું સમર્થન, વૈષ્ણવના ઠાકુરજીને સ્વયં કરવું પડે છે. વાર્તા કહે છે; "**पाछे ठाकुरजीनें उह वैष्णव कों जताये, जो - तुलसां के इहां महाप्रसाद क्यों न लियो ? सबेरे लीजियो ।**" અર્થાત્ તુલસાને ઘેર **निष्प्रत्युहं महान्भोग** ની ફલાવસ્થાથી વંચિત ન રહેતો. આમ આજ્ઞા કરીને, ઠાકુરજી, આ વૈષ્ણવને જ્ઞાતિ વ્યવહારનો જે વિચાર છે તેને નિવૃત કરે છે. એ કયો જ્ઞાતિવ્યવહાર છે ? લૌકીક નહિ, પણ અલૌકીક જ્ઞાતિવ્યવહારનો આ ભાવ છે. આ વૈષ્ણવને એવો વિચાર આવે છે કે, તુલસાંબેટી, "ભક્તવશ્ય" નામની અલૌકીક જ્ઞાતિમાં વિધમાન છે, જે જ્ઞાતિના બધાય ભગવદીયોને, એમના ઠાકુરજી વશ છે એટલે વાર્તા કહે છે; "**ज्ञाति व्योहार के लिये सखडी न लीनी होइगी ।**" વૈષ્ણવના આવા અલૌકીક જ્ઞાતિભેદનાં વિચારનો ખૂલાસો કરતાં

શ્રીઠાકુરજી સ્વયં એમને આજ્ઞા કરે છે કે; "**सो ललिताजी हू कहे । तुलसां के इहां महाप्रसाद लीजो । हमारे उनके भाव में भेद नाहीं ।**" લલિતાજીની પણ આજ્ઞા છે, કહીને ઠાકુરજી આ વૈષ્ણવના દાસાનુદાસ ભાવને અનુમોદન આપી રહયા છે, કારણ કે લીલામાં એ લલિતાજીના સખી છે. "**हमारे उनके भाव में भेद नाहीं ।**" અર્થાત્ ઠાકુરજી આ વૈષ્ણવને સ્પષ્ટ indication આપી રહયા છે કે હવે તમે પણ તુલસાં અને લલિતાજીની "ભક્તવશ્ય" નામની જ્ઞાતિમાં પ્રવેશવાના અધિકારી છો. એટલે પ્રસાદ અવશ્ય લેજો. વૈષ્ણવના દૈન્યભાવને પ્રભુ તરફથી આટલું સ્પષ્ટિકરણ મળે છે ત્યારે બીજા દિવસે તુલસાંબેટી પાસે માંગીને આ વૈષ્ણવ કહે છે, "**सखडी महाप्रसाद घरो, लेऊंगो ।**"

પોતાના માથે બિરાજતા સેવ્યસ્વરૂપને નીરખીને કોઈપણ પુષ્ટિભક્તને એક વિચાર અવશ્ય આવે કે "મારા ભાગ્ય છે કે મારે માથે આવું સ્વરૂપ બિરાજે છે." પરંતુ, ભક્તવશ્ય અવસ્થામાં, તુલસાંબાઈ જેવા ભગવદીયો માટે, એમના સેવ્યસ્વરૂપને પોતાનું ભાગ્ય લાગે છે કે આવા પુષ્ટિજીવ એમના ભક્ત બન્યાં છે. લઘુરાસ પછી શ્રીકૃષ્ણને સૌભાગ્યમદ થયો કે, "મારા ભક્ત જેવા કોઈના ભક્ત નથી." એવો સૌભાગ્યમદ મથુરાનાથજીને તુલસાં માટે છે. આ વિષયને પ્રતિપાદન કરતું શ્રીમહાપ્રભુજીનું નામ છે "**श्रीभागवत गूढार्थ प्रकाशन परायण ।**" ભક્ત, પ્રભુનું ભજન કરે એ શ્રીભાગવતનો અર્થ છે, પણ પ્રભુ જયારે ભક્તનું ભજન કરે છે તે શ્રીભાગવતનો ગૂઢાર્થ છે. આ રહસ્યને પ્રકાશીત કરતું નામરત્નાખ્યમાં શ્રીગુસાંઈજીનું corresponding નામ છે- "**भक्तवश्यो ।**"

તુલસાં બેટીને જયારે શ્રીગુસાંઈજી પૂછે છે કે તેમને ઠાકુરજી અનુભવ કરાવે છે, ત્યારે તુલસાં દૈન્યથી શ્રીવિઠ્ઠલેશને વિનન્તી કરે છે કે; **"तब तुलसां ने कह्यो, जो-महाराज ! अब तो (हम) पेट भरि खइयत है और नींद भरि सोइयत हैं । परि श्रीआचार्यजी के ग्रन्थ को पाठ नित्य करियत हैं ।"** આચાર્યજીની વાણીને પોપટ માફક બોલવાથી તુલસાં ને જે લીલાનુસંધાન સિદ્ધ થયું છે, એનું રહસ્ય સમજવા જેવું છે. આવી વાત તો કેવલ તુલસાં બેટી જેવા વિરલ ભગવદીયો જ કહી શકે. જેના ગળામાં સંગીતના સૂરની તાસીર છે, તેને સારેગમ શીખવું નથી પડતું. તુલસાંબાઈ જેવા પુષ્ટિભક્તિમાર્ગના ઉચ્ચ અધિકારીને ભગવત્સ્વરૂપના અનુસંધાનથી, નિરોધ અને ભગવલ્લીલા સદાય સ્ફૂર્ત છે. તેથી તે, પોપટ માફક ગ્રંથ બોલે, એમાં તો એમને લીલાનું અનુસંધાન અનાયાસ થઈ જાય છે. આ રહસ્યને સમજાવતાં આચાર્યચરણ શ્રીસુબોધિનીજીની કારિકામાં આજ્ઞા કરે છે કે, ભગવાનમાં આસક્ત ચિત્તવાળા ભક્તોના હૃદયમાં, પ્રભુના સંબંધ માત્રથી સકલ લીલા સ્ફૂર્ત થઈ જાય છે. તુલસાં બેટી જેવા મહાનુભાવીઓ તો લીલાનુસંધાનથી ય પોતાના કર્તવ્યને તારવી શકે છે, પરંતુ આપણા જેવા પુષ્ટિજીવોને તો, મહાપ્રભુજીની વાણીના ઉપદેશના અનુસંધાનથી, કર્તવ્યને તારવવું પડે છે. ઉપદેશના અનુસંધાનથી લીલાની ભાવના તારવવી એ સિફત છે. આ સિફત શિખવવા તો પૂ.પા.ગો.શ્રીશ્યામુબાવા, આધુનિક પુષ્ટિજીવોને, હંમેશા આજ્ઞા કરે છે કે, મહાપ્રભુજીની વાણીને, ચોરાસી બસોબાવન વૈષ્ણવના લીલોપદેશ સંગ સમજવી. શ્રીવલ્લભની વાણી થકી જ આપણે આપણા કર્તવ્યને સમજી શકીશું, સીધા લીલાનુસંધાનથી નહિ. ઉપદેશ, કર્તવ્ય અને લીલા એમ આપણી ભક્તિના ત્રણ

stages છે. આચાર્યચરણના ગ્રંથનું પર્યવસાન લીલામાં છે, પણ અધિકાર પ્રમાણે વાણી સમજાય અને તદ્ અનુસાર લીલા સુધી પહોંચાય છે. તુલસાં બેટીને સંપૂર્ણ રીતે જ્ઞાન છે કે શ્રીવલ્લભની કઈ વાણીમાં સિદ્ધાંત છે અને ક્યાં એનું exception છે. તુલસાં એ પણ જાણે છે કે ઠાકુરજીની કઈ લીલા પ્રભુના સ્વભાવને અને કઈ લીલા ભગવાનના સામર્થ્યને ઉપદેશીત કરે છે. પદ્મનાભદાસની બેટી પાસે શ્રીવલ્લભ જે expect કરે છે, તેવી તેમની જીવન પ્રણાલી છે. તેથી જ તુલસાં મહાપ્રભુજીની વાણીને "પોપટ" માફક સ્પર્શ કરે, તેમાં તો એમને ભગવલ્લીલાનો current લાગી જાય છે. આવી ઉત્કૃષ્ટ અવસ્થામાં અવસ્થિત હોવા છતાંય તુલસાં બેટીના તાપ દૈન્યાત્મક વચનો સાંભળીને શ્રીવિઠ્ઠલેશનું હૃદય દ્રવીભૂત થઈ જાય છે. વાર્તા કહે છે; **"या प्रकार प्रेम में लपेटे वचन तुलसां के सुनिके श्रीगुसांईजी को हृदय भरि आयो ।"** ગોપીજનોના પ્રેમાત્મક વચનોથી ઠાકુરજીનું હૃદય દ્રવીત થતું હતું તેમ.

"સુની ગોપીન કે પ્રેમવચન શી આંચ લગી જીય ।
પીગરી ચલ્યો નવનીત-મીત નવનીત સદૃશ હીય ॥"

ભક્તિવર્ધિની ગ્રંથમાં **कथायां वा** કહ્યું, એનું રહસ્ય આ વાર્તામાં સમજવા જેવું છે. અનોસરમાં તુલસાં ભગવદ્ ગુણાનુવાદ કરે છે. એનાથી શ્રીમથુરાનાથજીનું ગુણલીલા વિશિષ્ટ પુરુષોત્તમ સ્વરૂપ પ્રકટ થઈ જઈને તુલસાંને આધીન બની જાય છે. જેમ, લઘુરાસ પછી **"तासाम् आविर्भूतो शौरी"** ના પ્રસંગમાં, ઠાકુરજી, ગોપીજનોને આધીન બની જઈને "મહારાસ" કર્યો તેમ. તુલસાંના આવા ગુણલીલા વિશિષ્ટ પુરુષોત્તમ, પુરુષ+પતિ છે. અર્થાત્ તુલસાંના આલંબનરૂપે "પુરુષ" છે અને ગુણથી

પ્રકટ થયાં છે તેથી એમના "પતિ" પણ છે, ભક્તાધિન છે. તુલસાંને માથે બિરાજતાં પ્રભુ, એમની ભીતર પધાર્યાં છે અને ભીતર રહેલ મથુરાનાથજી, ભાવાત્મકરૂપે બહાર પધાર્યાં છે. તુલસાં બેટીની આવી બાહ્યાભ્યાંતર transparancy ના કારણે એમને સ્વતંત્ર ભક્તિ સિદ્ધ છે. અર્થાત્ એમની ભક્તિ for the sake of ભક્તિ છે. આવી ભક્તિને આચાર્યજી, ભક્તિવર્ધિની ગ્રંથમાં **इत्येवं गूढ शास्त्रं** કહીને અભિવ્યક્ત કરે છે. **बीजभावे दृढे तु स्याद्** ની આ ચરમ અવસ્થા છે. આવા દૃઢ બીજભાવવાળા તુલસાંબેટીજીની અવસ્થાની થોડીસી ઝાંખી વ્યાસદાસજીના પદથી કરી લઈએ;

"હરિ આકર્ષણ શક્તિ જો કોઈ ।
રસિક ભગવદીય દિખીયત સોઈ ॥
ઈન કી મહામાધુરી આગે ।
હરિ હુ કછું ફીકે સે લાગે ॥"

તુલસાંબેટીનું ભગવદીય જીવન **भक्तिवर्धिनी ग्रंथ** કથિત સેવા અને કથા પક્ષથી અવિરત પ્રચૂર છે. **सेवायां वा कथायां वा ।** સેવા કે કથામાંથી, જે પુષ્ટિમાર્ગીય જીવ, કેવલ એક જ પક્ષમાં રમણ કરે છે, એને સર્વોત્તમજી કથિત મહાપ્રભુજીના **आनंद** નામની અનુભૂતી થાય છે અને એ જીવ ગુસાંઈજીના કેવલ **धर्मसेतु** નામમાં વિહરે છે. પરંતુ સેવા અને કથા, એમ બન્ને પક્ષાને અનુસરનાર ભક્ત, આચાર્યજીના **परमानंद** સ્વભાવાત્મક નામની અનુભૂતિ કરે છે અને ગુસાંઈજીના **भक्तिसेतु** નામની.

પુષ્ટિજીવ, પોતાનું, જીવન "પ્રભુ સાથે" અને "પ્રભુ

માટે" જીવે, એ "સેવાકથા" પક્ષનું એક વિલક્ષણ હાર્દ છે. સેવા સમયે વૈષ્ણવ પ્રભુ "સાથે" જીવન જીવવાનો આનંદ માણે છે, અને અનોસરમાં, કથા આદિથી, પ્રભુ "માટે" જીવન સમર્પીત કરે છે. પરંતુ એ પુષ્ટિજીવ મહાન ભગવદીય બની શકે છે, જે ભક્ત, સેવા ઉપરાંત, અનોસરમાં પણ, પ્રભુ સાથે જીવતો હોય છે અને પ્રભુ માટે, કેવલ કથામાં જ નહીં પણ સેવામાંય પોતાના જીવનનો વિનિયોગ કરતો હોય છે. તુલસાં બેટીને, ભક્તિવર્ધિની અંતર્ગત રહેલી આ ચારેય અવસ્થા સિધ્ધ છે. અર્થાત્ સેવામાં પ્રભુ "સાથે" તેમ કથામાંય "સાથે", અને કથામાં પ્રભુ "માટે" તેમ સેવામાંય કૃષ્ણ "માટે". ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી તુલસાં માટે આજ્ઞા કરે છે કે; "**श्रीठाकुरजी की सेवा करि के बस किये हौ ।**" સેવાવેળા તુલસાંબેટી, સર્વાત્મભાવથી સમર્પીત રહી, મથુરાનાથજીની "સાથે" જીવે છે અને ઠાકુરજીના સુખ અને ભાવભાવનામાં પોતાના ચિત્તને સંયોગ સમયે  રમાડી, ઠાકુરજી માટે પણ જીવે છે. એમની ભાવભાવનાના સ્રોતનું દર્શન કરાવતાં, હરિરાયજી તુલસાં માટે કહે છે; "**श्रीआचार्यजी के ग्रन्थ को पाठ सदा करियत है । _ _ _ _ जो - उनके ग्रन्थ के पाठ तें कृपा प्रभु करत है ।**" અનોસરમાં તુલસાંબેટી, પદ્મનાભદાસજીના સત્સંગ, ગ્રંથના પાઠ, શ્રવણકિર્તન, સ્મરણાદિથી જીવન સમર્પિત રાખી, પ્રભુ માટે જીવે છે. તેમ, અનોસરમાં તુલસાંબેટીની જીવન પ્રણાલી, ઠાકુરજીની સાથે જીવવાની પણ છે, "**तातें श्रीठाकुरजी की संग नींद भरि सोइयत हैं ।**" સુવું એ અનોસરની અવસ્થા છે, "સકલ વ્રજમાં પોઢિયા"ની નિતાન્ત રમણીય અવસ્થા. આમ પરમભગવદીય તુલસાંબેટીની કથા, સેવાત્મિકા છે અને સેવા, કથાત્મિકા. તુલસાંને એમનાં ઠાકુરજી વશ છે કારણકે એમની સેવાની રીત અને પ્રીત વ્રજભકતોના ભાવાત્મક છે.

મહાપ્રભુજીની વાણી વેણુનાદાત્મક હોવાથી, અનોસરમાં શ્રીવલ્લભની વાણીનું અવગાહન કરનાર તુલસાં બેટી, શ્રોતપેય સુધાનું અનુપાન કરે છે. તેના કારણે એમનામાં, ભોક્તૃત્વ ભાવ કે ગૂઢ પુંભાવ જાગૃત થઈ ગયો છે. મથુરાનાથજી એમને વશ છે કારણકે પ્રભુનો ગૂઢ સ્ત્રીભાવ જાગૃત થઈ ગયો છે. તુલસાં સર્વેન્દ્રિયથી **रसोवैशः** સ્વરૂપનો આસ્વાદ લેનાર મહાન બડભાગી ભગવદીય છે. **रसस्य द्विदलात्** તુલસાંને સેવામાં તથા કથામાં ભગવલ્લીલાનો અનુભવ છે, તેથી એમની ભક્તિ રસાત્મિકા છે. **सेवायां वा कथायां वा** ની જે વાત મહાપ્રભુજીએ ભક્તિવર્ધિની ગ્રંથમાં કરી છે, તેની લીલાત્મકતા શ્રીવલ્લભે નિરોધલક્ષણ ગ્રંથમાં દર્શાવી છે. અર્થાત્ તુલસાંને પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિરૂપ નિરોધ સિદ્ધ છે, જેના કારણે તુલસાંને સેવાવેળા સંયોગ અને અનવસરમાં વિપ્રયોગાત્મક વિરહનો ભાવ સુસ્થિર છે. તુલસાં, સંયોગમાં, ભજનીય સેવ્યસ્વરૂપ સંગ "આનંદ" વિલાસમાં વિહરે છે અને અનોસરમાં ભાવનીય એવા ભાવાત્મક મથુરાનાથજીના સ્વરૂપસંગ "પરમાનંદ" માં વિલસે છે. પરમાનંદ નામમાં "પર" શબ્દ ભગવાનનું સૂચન કરે છે. "મા" એટલે હૃદયમાં અનુભૂત થતાં ભગવાન. આમ "આનંદ" અને "પરમાનંદ" રૂપ સંયોગ અને વિયોગની અનુભૂતિ થવી, તે વિલક્ષણ તત્વ તો શ્રીઆચાર્યચરણ સ્વયં છે. અર્થાત્ તુલસાંના હૃદયમાં શ્રીવલ્લભ બિરાજે છે. તુલસાંને પ્રભુની પ્રત્યેક લીલામાં એક સેવા - કથા અનુભૂત થાય છે અને પ્રત્યેક સેવા કથામાં એક લીલા. તુલસાંની આવી અવસ્થાને અવલોકીને શ્રીગુસાંઈજી વાર્તામાં કહે છે કે, **"श्रीगुसांईजी के श्रीमुख सों कह्यो, जो-पद्मनाभदास की संतति ऐसी ही चाहिये ।"** સેવા અને કથાના માધ્યમથી પ્રકટ થતી તુલસાંની

ભક્તિવર્ધિની ગ્રંથ કથિત ભક્તિ, વાસ્તવમાં તો એમને સિદ્ધ પંચમપુરુષાર્થ છે. **सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः** એવા ધર્મ પુરુષાર્થથી તુલસાંની ભક્તિ અંગડાઈ લે છે અને કથારુપ કામ પુરુષાર્થથી, આ ભક્ત, મથુરાનાથજીને હૃદયમાં પધરાવે છે. આમ બહાર રહેલ સત્ય, જ્ઞાન અનંતરૂપ બ્રહ્મની, તુલસાં, અનોસરમાં આંતરિક અનુભૂતિ કરે છે. આત્મારૂપથી જે તત્વ તુલસાંમાં વિદ્યમાન છે તેનો તે સેવા વેળા બહાર અનુભવ કરે છે. એના કારણે તુલસાંના હૃદયમાંથી આત્માનંદ અને બ્રહ્માનંદ હટી જઈને એમનામાં ભજનાનંદ પ્રકટ થઈ જાય છે. જેને ઠાકુરજી વશ થયાં છે, જેની પાસે પ્રભુ પોતાનો ગૂઢ સ્ત્રીભાવ પ્રકટ કરી રહયાં છે, એવા બડભાગી ભગવદીય તુલસાંની આવી અવસ્થા છે. પુષ્ટિજીવ આ રહસ્યનું ચિંતન કરે એવા ઉદ્દેશથી શ્રીમહાપ્રભુજી ગ્રંથના અંતમાં આજ્ઞા કરે છે કે "**य एतत्समधीयीत तस्यापि स्याद् दृढा रतिः ।**" રસખાનજીની વાણીથી સમજાશે કે આવી ઉત્કૃષ્ટ ભગવત્પ્રેમી તુલસાં અને ઠાકુરજીમાં ભેદ નથી.

"પ્રેમ હરિકો રુપ હૈ, ત્યોં હરિ પ્રેમ સ્વરુપ ।
એક હોય દ્વૈ યોં લસે જયોં સૂરજ અરુ ધુપ ॥"

*********

## <u>ગ્રંથ : ચતુ:શ્લોકી</u>
## <u>૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૧૧૫ - વેણીદાસ દામોદરદાસ</u>

ચતુ:શ્લોકી ગ્રંથમાં અભિસાર કરતી ધર્મ, અર્થ, કામ અને મોક્ષની ચાર સરિતાઓ, જયારે પંચમ પુરુષાર્થરૂપ ભક્તિના મહાસાગરમાં પર્યવસિત થઈ એનો ભક્ત્યંગ બની જાય છે, ત્યારે ભક્તિના ઉદધિમાંથી ઊમટતી એક-એક લીલાતરંગ, આચાર્યજીના એક-એક સિદ્ધાંતનો સોહામણો સંદેશો કેવી રીતે આપતી જાય છે એનો લીલોપદેશ આ વાર્તામાં છે. એ સંદેશો સાંભળ્યા પછી, પુષ્ટિમાર્ગના કોઈ પણ સંવેદનશીલ વૈષ્ણવને એવું અવશ્ય લાગશે કે, "જીવન જો ઐસે બની આવે."

પુષ્ટિભક્તિમાર્ગનાં મહાસાગરરૂપ આ વાર્તાની એક લહેર જો ભગવત્સેવાનો ઉપદેશ આપનારા ષોડશગ્રંથોની ગાથા ગાઈ રહી છે, તો બીજી તરંગ ભગવત્કથા વિલાસ સંબંધિત આચાર્યચરણની વાણીને ઉલ્લાસથી પ્રકટ કરી રહી છે. ગુરુ અને વૈષ્ણવસેવાના ઉદ્‌બોધનથી કયારેક આ વાર્તા દાસાનુદાસ ભાવોની લહેરો સંગ રમણ કરી રહી છે, તો ક્યારેક મહાપ્રભુજીના પરિવાર સંગ સેવા કરવાના ઉપદેશની તરંગાવલીઓના સુરમ્ય દર્શન કરાવી રહી છે. વાર્તાના પૂર્વાંગમાં, વ્રજભૂમિના stage પર વાર્તાની લીલાઓનો પહેલો અંક રચાયો છે, તો એ જ વાર્તાના બીજા અંકમાં, સૂરત ભૂમિના stage પર વ્રજલીલા પ્રકટ થઈ ગઈ છે. આ વાર્તા સમજાવે છે કે "વ્રજ"નો અર્થ જ વ્યાપકતા છે. તેથી જ જે ભક્તજનને પ્રભુ અને એમની લીલાની awareness આવી જાય છે, એમના માટે, વ્યાપક બ્રહ્મ, સર્વ સ્થાન પર વ્રજ જ ખડું કરી દે છે. કાશ્મીરમાં

રહેતાં માધવદાસને વ્રજલીલાની અનુભૂતિ થઈ તેમ.

બેહદ્ ખૂબસુરતીથી ગોકુલનાથજીએ આ વાર્તાનાં પ્રારંભમાં જ, પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલની ગોઠવણી કરી છે. **"तब श्रीगुसांईजी ने एक व्रत कराय कै दोऊन कों श्रीनवनीतप्रियाजी के सन्मुख ब्रह्मसंबंध करवायो ।"** બ્રહ્મસંબંધ થતાં જ આ બન્ને ભાઈઓના પુષ્ટિજીવનનું પ્રમાણ પ્રકરણ શરૂ થઈ જાય છે. એમનો પ્રમેય પ્રકરણમાં પ્રવેશ થાય એના માટે પ્રભુચરણ આજ્ઞા કરે છે; **"जो - श्रीठाकुरजी की सेवा करो ।"** ઠાકુરજીની સેવા કેવી રીતે કરવી ? ચતુશ્લોકી ગ્રંથનો ધર્મ પુરુષાર્થ સમજાવે છે કે; **सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः ।** તેથી જ, વ્રજાધીશની સેવા વ્રજભક્તોના ભાવથી કરવાના ઉદ્દેશથી, બન્ને ભાઈઓ સર્વ પ્રથમ વ્રજદર્શનનો મનોરથ કરે છે અને ત્યારે ગુસાંઈજી આજ્ઞા કરે છે કે; **"व्रजयात्रा करि आऊ । पाछें सेवा करियो ।"** આમ પુષ્ટિભક્તિ માર્ગનું સાધન છે વ્રજભક્તોનાં ભાવની ભાવના કરવી. **"भावो भावनया सिद्धः साधनंनान्यदिश्यते ।"** ભાવાત્મક ભગવત્સેવાને આ બન્ને ભાઈઓ, કયા ફલનું સાધન બનાવવા ચાહે છે, એનાય વાર્તામાં દર્શન કરીએ. **"तब बेनीदास ने बिनती करी, जो-महाराज ! सेवा तो तब करें -जब श्रीठाकुरजी बोलें । मांगि मांगि कै लेई तो सेवा करें ।"** સેવા કરવા માટે આ ભાઈઓ શ્રીગુસાંઈજી પાસે આવી precondition નથી રાખી રહ્યાં, પણ એમની ફલ માટેની આર્તિ પ્રકટ કરી રહ્યાં છે. ચતુઃશ્લોકી કથિત કામ પુરુષાર્થને પ્રકટ કરી રહ્યાં છે કે એમને સર્વાત્મના કૃષ્ણાનુભૂતિની ચાહના છે. આ ભાઈઓ શ્રીવિઠ્ઠલેશના સર્વ સામર્થ્ય પર મુસ્તાક થઈને આવી વિનંતી કરી રહ્યાં છે. **प्रभु सर्व समर्थो हीं ।**

ફલાત્મક સેવા જ ફલનું સાધન ક્યારે બને, એ રહસ્યને સમજાવતાં શ્રીગુસાંઈજી બન્ને ભાઈઓને કહે છે; "जो-भाव सौं सेवा करो । श्रीठाकुरजीं तुम्हारो सब मनोरथ पूरन करेंगे ।" ભાવથી સેવા કરવાથી, "અર્થરૂપ" પ્રભુ, સ્વયં response આપે છે. ચતુશ્લોકી ગ્રંથ આજ્ઞા કરે છે કે; "एवं सदा स्म कर्तव्यं स्वयमेव करिष्यति ।" પ્રભુમાં બન્ને ભાઈઓનું ચિત્ત પ્રવણ થઈ ગયું છે, એમાં તો એમનું ફલ પ્રકરણ વિલસવા લાગે છે. વાર્તા કહે છે; "या प्रकार नित्य नेम तें भाव सहित सेवा करे । सो श्रीठाकुरजी सानुभावता जनावन लागे ।"

આ બન્ને ભાઈઓની પુષ્ટિમાર્ગીય ધર્મ અને કામની દશા એમની સાધનાવસ્થા છે અને અર્થ પુરુષાર્થ અને મોક્ષ, ફલાવસ્થા છે. ધર્મ પુરુષાર્થની વખતે, વ્રજાધિશની સેવામાં, એમને સંયોગાનુભૂતિ છે અને કામ પુરુષાર્થમાં, અનોસરમાં, ઠાકુરજીના દર્શન, સ્પર્શન શ્રવણાદિની કામનામાં વિયોગ છે. "स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मतिः ।" અર્થાત્ ભગવત્સેવામાં સંયોગ અને સ્મરણમાં વિરહના અનુભવની પરંપરાથી, આ બન્ને ભાઈઓમાં પ્રભુની રસાનુભૂતિ પૂર્ણ રીતે વિકસી છે. એમના ઠાકુરજી પ્રસન્ન થઈને બન્ને ભાઈઓને આજ્ઞા કરે છે કે; "मैं तुम पै प्रसन्न भयो हूं । सो कछू मांगो । तब इन कही, जो - श्रीगुसांईजी की कृपा तें और तो सब है ।" શ્રીવિઠ્ઠલેશ પ્રભુની કૃપાથી આ બન્ને ભાઈ પૂર્વોત્તરદલના cycleની અવિરત અનુભૂતિ કરતા હોવાથી એમને ઠાકુરજી પાસે કાંઈ માંગવા જેવું રહેતું જ નથી. ભગવદ્ વિયોગમાં આ ભગવદીયો, અંતરમાં પ્રકટ થતી સ્વરુપાનુભૂતિ અને લીલાનુભૂતિના કારણે, પરમફલની અવસ્થામાં વિલસે છે. આ અવસ્થાને સમજાવતાં મહાપ્રભુજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે

છે; "**आन्तरन्तु महाफलम्**". આ બન્ને ભાઈઓના હૃદયમાં સેવ્યસ્વરૂપ બિરાજી ગયાં હોવાથી, એમને સર્વેન્દ્રિયથી ભગવાનની રસાત્મિકા ચાહના સદા જાગૃત રહે છે. સેવાસમયે, બાહ્યાલંબનથી, એ સર્વ ઈન્દ્રિયોથી પ્રભુનો અનુભવ કરે છે અને વિયોગમાં આસક્તિ ભ્રમન્યાયથી, પૂર્વાનુભૂત સ્વરૂપ અને લીલામાં, એ અનોસરમાં ઓતપ્રોત થઈ જાય છે. એમની રતિ સ્વયં આલંબન, ઉદ્દીપન અને સંચારી ભાવનું રૂપ લઈને એમનામાં સ્મરણ-ભજનનું ચક્ર અખંડિત ગતિમાન કરે છે. આવી રીતે શ્રીગુસાંઈજીએ એમને સ્વતંત્ર ભક્તિનો અધિકાર આપ્યો છે.

આ બન્ને ભાઈઓની વાર્તા પરથી આચાર્યચરણની ભક્તિનો programme સમજવા મળે છે. ઉપનિષદ કહે છે કે પરમાત્મા અંદર બહાર સર્વત્ર છે. તેથી ભગવાનને ભજવાના programme રૂપે, આ ભાઈઓ, બહાર બિરાજતાં ભજનીય સેવ્યસ્વરૂપને, ભક્તિના વર્ધનથી બહારથી અંતરની ભીતર પધરાવે છે અને ભજનીય ઠાકુરજીને ભાવનીય બનાવે છે. તેવી જ રીતે ભજનીય સ્વરૂપમાં એમણે જયારે ભાવભાવના કરી, ત્યારે એમનો ભક્તિનો programme અંદરથી બહાર પણ આવે છે. આમ કરવાથી નિરાનંદ લાગતાં પ્રભુના મૂર્તિરૂપમાં ભાવાનંદ પ્રકટ થાય છે અને ભાઈઓની ભીતર જે ગુપ્તાનંદરૂપે એમનો જીવ વિદ્યમાન છે, એમાં કૃપાનંદ પ્રકટ થઈ જાય છે. આવી અવિરત cycleથી એમના અંતરની શુદ્ધિ થઈ છે અને ભાવાત્મક સ્વરૂપનું પ્રાકટય પણ થઈ ગયું છે. આ બન્ને ભાઈઓએ એમની અંદર બિરાજતાં પ્રભુના facet પર એટલો અતિભાર નથી આપ્યો કે બહાર બિરાજતું

સ્વરુપ negate થઈ જાય અને બહાર બિરાજતાં સ્વરુપ પર એટલી over emphesis નથી આપી કે અંદર બિરાજતાં સ્વરુપનું negation થાય. પુષ્ટિસંપ્રદાયની આદર્શ ભક્તિના આ બન્ને અધિકારી છે.

પુષ્ટિની આદર્શ ભક્તિ કેવી હોય છે એના દર્શન કરાવતાં વલ્લભદાસજી ગાએ છે;

"કર્મ મન વચ પ્રાણ ઈન્દ્રી બિકે તુમ કર નાથ ।
કરણ જગ સતસંગ રસિકનિ કસન દીજે સાથ ॥"

આ બન્ને ભાઈઓને વિદ્યા અને અવિધા, બ્રહ્મની જ faculty લાગે છે અને તેથી તેમની સર્વેન્દ્રિયમાં તેમને કયારેય ઘૃણા કે મોહ ઉત્પન્ન થતાં નથી. દ્વૈતરુપ દેખાતી સુષ્ટિમાં આ ભાઈઓ એકત્વનો અનુભવ, એક સિફતથી કરે છે. પોતાના ઠાકુરને એ પોતાનું સર્વસ્વ માને છે, કારણકે એમનું સમર્પણ સર્વાત્મના છે, તેથી જ એમના ઠાકુરજી, ભક્તિયોગ સંબંધિત એમના સર્વે પ્રતિબંધોનું નિવારણ સ્વયં કરે છે અને તે પણ પ્રભુ સ્વયંમ કૃતકૃત્યતા અનુભવીને. આવા અનન્ય અને સર્વસમર્પિત જીવની ભગવાન સદા વાટ જોતા હોય છે. એમને આવી અનિર્વચનીય સિદ્ધિ પ્રાપ્ત થઈ છે એના ભક્ત્યાત્મક processને સમજાવતાં વાર્તા કહે છે; "पाछें श्रीगुसांईजी ने सेवा पधराय दीनी । ता पाछें वैष्णवन सों मिलि कै सेवा पधराय कै सेवा की रीति भांति सब सीखे । पाछें एक भाई सामग्री करे, एक भाई सिंगार करे । _ _ _ _तब दोई वैष्णवन कों न्योतो दे आवते । ता पाछें दोऊ सेवा में न्हाते । सो राजभोग धरि कै समय होंइ तब भोग सराय महाप्रसाद वैष्णवन कों लिवावते ।

**ता पाछें आप लेते । या प्रकार नित्य नेम तें भाव सहित सेवा करे ।"**

બન્ને ભાઈઓની ભક્તિવર્ધિનીનો આ પ્રમાણરૂપ process જોયો, તો હવે એમના પુષ્ટિપ્રમેયના સ્રોતનાં ય દર્શન કરી લઈએ. ઠાકુરજી જયારે પ્રસન્ન થઈને એમને માંગવાનું કહે છે, ત્યારે આ વૈષ્ણવો માંગે છે; **"तब इन कही, जो - श्रीगुसांईजी की कृपा ते और तो सब है । परंतु एक, श्रीगुसांईजी की सेवा करिवे कौ मनोरथ है ।"** હરિરાયજી સમજાવે છે; **"यामें ठाकुरजी तें गुरु की सेवा दुर्लभ दिखाए ।"** હવે પ્રભુનાં ગૂઢ વચન સાંભળીએ; **"तब श्रीठाकुरजी ने कही, जो - करो ।"** જો અને કરો ની વચમાં શ્રીગોકુલનાથજી ખાલી જગ્યા રૂપે – રાખે છે. આનો કદાચ ગૂઢાર્થ એમ હશે કે **"जो गुसांईजी चाहे तो_ _ _करो ।"** કારણકે ઠાકુરજી શ્રીવિઠ્ઠલેશના મત અનુસાર ચાલે છે. "દાસ ચત્રભૂજ પ્રભુકે નિજ મત ચલત લાલગીરીધરન." વાસ્તવમાં ગુસાંઈજી પણ એમને સ્વસેવાની તુરતમાં આજ્ઞા નથી આપતાં. **"पाछे श्रीगुसांईजी आज्ञा किये, जो - तुम फूलघर, पानघर, भंडार की सेवा करो । तब इन कही, जो महाराज ! सेवा तो आपकी करें और फूलघर, पानघर, भंडार की सेवा तो न करेंगे ।"** ચતુ:શ્લોકી ગ્રંથમાં ગર્ભિત રહેલ પંચમ પુરુષાર્થરૂપ અનન્ય ભક્તિના કારણે, આ બન્ને ભાઈઓ, પોતાના ઠાકુરજીને છોડીને બીજા ફૂલઘર, પાનઘરની સેવાની તૈયારી બતાવતાં નથી. બલ્કે બન્ને સાત્ત્વિક ભક્ત હોવા છતાંય, શ્રીપ્રભુચરણની સેવા કરવાના મનોરથમાં પ્રકટ થતાં એમનાં સ્નેહાત્મક તામસરૂપ આવેશના કારણે એ બન્ને ગુસાંઈજીને વિનન્તી કરે છે કે; **"सेवा तो आपकी करें और फूलघर, पानघर, भंडार की सेवा तो**

**न करेंगे ।"** સાત્વિક પ્રેમીભક્ત હોવાથી એમને શ્રીગુસાંઈજીના માહાત્મ્યનું જ્ઞાન પણ છે અને શ્રીવિઠ્ઠલેશ પ્રભુ પ્રત્યેની એમની સ્વરૂપાસક્તિના કારણે, એમને શ્રીગુસાંઈજીના જ શ્રીઅંગમાં, રોમરોમમાં, જાણે ફૂલઘરનાં દર્શન થઈ રહ્યાં છે. અર્થાત્ શ્રીગુસાંઈજીના એકએક રોમમાં, શ્રીકૃષ્ણ પ્રીતિના ભાવ કુસુમ વિદ્યમાન છે, જેની મકરંદનું પાન કરવા, ઠાકુરજી સ્વયં અલીરૂપે ત્યાં ગુંજારવ કરી રહ્યાં છે. શ્રીમદ્પ્રભુચરણના ચર્વિત તાંબૂલથી લાલ બનેલું અનુરાગયુક્ત અધર, આ ભાઈઓ માટે "પાનઘર" છે. તેથી જ શ્રીગુસાંઈજી રૂપી આવા રસભાવાત્માને છોડીને એમને અન્ય કોઈ "ભંડાર" આદિની ચાહના નથી. એટલે આ ભાઈઓ શ્રીગુસાંઈજીને વિનન્તી કરે છે કે; **"सेवा तो आपकी करें और फूलघर, पानघर, भंडार की सेवा तो न करेंगे ।"** અનન્ય રસિક ભગવદીઓ માટે આ પ્રસંગનું એક બીજું ય વિલક્ષણ રહસ્ય છે. **यदि श्रीगोकुलाधीशो धृत सर्वात्मना हृदि** . આ ભગવદીયોનો કામ પુરુષાર્થ પણ એમના સેવ્યસ્વરૂપમાં જ સિદ્ધ હોવાથી આ ભાઈઓનું ફૂલઘર આદિ તો એમના જ ઘરમાં વિદ્યમાન છે. કારણકે ગૃહમાં ઠાકુરજી બિરાજે છે. આ વૈષ્ણવોની આવી ફલનિરોધની અવસ્થા છે. **"और फूलघर, पानघर, भंडार की सेवा तो न करेंगे"** કહીને આ ભાઈઓ, પોતાના ફલનિરોધને suspend કરીને, ઘરના ઠાકુરને છોડીને, અન્ય સ્થલે જવા ચાહતા નથી કારણકે એમના સેવ્યસ્વરૂપના એ ભોક્તા બની ગયાં છે અને એમને માથે બિરાજતાં ઠાકુર, ભોગ્ય. પ્રભુ અને પુષ્ટિજીવનો શરૂઆતમાં પ્રકટ થતો પુંભાવ અને સ્ત્રીભાવ હોય છે, પણ ભક્તિના વર્ધન પછી તે mutually transmit થાય છે. તેના પછીની અવસ્થામાં ભોક્તા પ્રભુ ભોગ્ય બને છે અને ભોગ્ય

ભક્ત, ભોક્તા બની જાય છે. નિરોધલક્ષણ ગ્રંથમાં વર્ણવેલ "**नातः परतरो मन्त्रो नातः परतरः स्वतः, नातः परतरो विद्या तीर्थं नातः परात्परम्**" ની આવી ચરમ સિદ્ધિ છે, જેનાથી વિશેષ કોઈ ફલ નથી. એને reverse કરવા આ ભાઈઓ હવે તૈયાર નથી. તેથી પણ કહે છે કે; "**और फूलघर, पानघर, भंडार की सेवा तो न करेंगे .**" પરંતુ શ્રીગુસાંઈજીના શ્રીઅંગમાં અભિરમતા ફૂલઘરાદિની સેવા કરવાથી તો એમની પુષ્ટિભક્તિની યાત્રા, ફલનિરોધથી શરૂ થઈને ફલનિરોધમાં જ લઈ જનારી છે. એમની ફલાત્મક અવસ્થામાં વિશેષ ચમત્કૃતિ લાવનારી છે. તેથી એમની પોતાના સ્વરૂપમાં આવી અનન્ય સ્વરૂપાસક્તિ જોઈને શ્રીવિઠ્ઠલનાથજી એમને આજ્ઞા કરે છે કે; "**हमारी खवासी करो ।**" શ્રીમદ્‌વિઠ્ઠલેશપ્રભુ અને **भजनीयो व्रजाधिपः**ની સેવા કેવી નાજુકતાથી આ વૈષ્ણવો નિભાવે છે એ વાર્તા સમજાવે છે. "**तब ये दोऊ भाइ प्रसन्न होंइ कै एक तो घर सोवते और एक यहां मंदिर में सोवें । सबेरे बगि उठि कै वे हू आवते ।**" ભાવપ્રકાશ સમજાવે છે કે; "**या में यह जताए, जो रात्रि कों घर में श्रीठाकुरजी कों अकेले न छोरने । काहे तें ? बालक हैं, ताते डरपे ।**"

આવી જ રીતે સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં ગર્ભિત રહેલ દાસાનુદાસ ભાવના અનુસંધાનમાં બન્ને ભાઈઓ શ્રીવિઠ્ઠલેશપ્રભુ પાસે વૈષ્ણવોની સેવા માંગે છે, વાર્તા કહે છે; "**वैष्णवन की सेवा होनी बोहोत कठिन हैं । सो तो जब प्रभुन की, गुरुन की कृपा होई तब ही सिद्ध होई ।**" હરિ, ગુરુ વૈષ્ણવની સેવા કરનાર આ ભગવદીઓને માહાત્મ્યજ્ઞાન સહેજ સિદ્ધ થઈ ગયું છે, જે એમની intellectનો વિષય બની ગયો છે. સેવા

એમની activity નું સ્વરૂપ છે. અલૌકિક સ્નેહમાં એમના emotionની સાર્થકતા અભિવ્યકત થઈ ગઈ છે. ભગવત્કથા પક્ષથી એ emotionના પાસામાં વિશેષ વૃદ્ધિ કરે છે. વાર્તા કહે છે; "**रात्रि कों श्रीमुख तें कथा सुनते । वैष्णव मंडली में वार्ता सुनते ।**" ચતુ:શ્લોકી ગ્રંથને એ સાક્ષાત્ જીવી રહ્યાં છે.

ચતુ:શ્લોકીમાં જે પુષ્ટિમાર્ગીય ધર્મ બતાવ્યો છે તે ભગવત્સેવા છે અને જે કામ પુરુષાર્થ દર્શાવ્યો છે તે કથા છે. આમ સેવા અને કથાના સાહચર્યથી, પુષ્ટિભક્ત, ઉત્કૃષ્ટ અવસ્થામાં ભજનીય અને ભાવનીય એમ કૃષ્ણના અભેદાત્મક ઉભય પાસાની બાહ્યાભ્યાંતર ભાવાત્મક માવજત કરી રહ્યાં છે. **स्मरणं भजनं चाऽपि न त्याज्यं** નો આવો અદ્ભુત લીલોપદેશ આ વાર્તામાં છે. આ બન્ને ભાઈઓની સેવા અવિરુધ્ધ કથા છે. અર્થાત્ કામાનુકુલ ધર્મ અને ધર્માનુકુલ કામ એમને સિદ્ધ છે. જે વાસ્તવમાં ચતુ:શ્લોકી ગ્રંથ કથિત પુષ્ટિમાર્ગીય મોક્ષ છે.

શાસ્ત્રએ ધર્મની ૧૩ પત્નીઓ નિર્દિષ્ટ કરી છે. એમાંથી એક પણ પત્ની ઓછી હોય તો ધર્મ વિધુર બની જાય છે. પુષ્ટિમાર્ગીય ધર્મને, આ બન્ને ભાઈઓ, અવિચ્છિન્નરૂપે અનુસરતાં હોવાથી, એમની વાર્તામાં ધર્મની તેર પત્નીઓના દર્શન અભિરમે છે. જેમના નામ છે; "શ્રદ્ધા, મૈત્રી, દયા, શાંતિ, તૃષ્ટિ, પુષ્ટિ, ક્રિયા, ઉન્નતિ, બુદ્ધિ, મેધા, તિતિક્ષા, હ્રી અને મૂર્તિ." જેમકે, આ ભાઈઓને હરિ, ગુરુ, વૈષ્ણવની સેવામાં દૃઢ "શ્રદ્ધા" છે. વ્રજયાત્રા વખતે વેણીદાસ પાસે કેવલ દામોદરદાસ છે અને વાર્તાના ઉત્તરાર્ધમાં અખિલ કુટુંબ સંગ છે તેથી એ સર્વનો પરસ્પર "મૈત્રી"નો ભાવ છે. પરિવારમાં ગૃહસેવા કરાવીને જે "ધર્મ"ની પત્નીરૂપ "મૈત્રી"ને આચાર્યજી

સમજાવવા માંગે છે તેનો અદ્‌ભુત લીલોપદેશ આ વાર્તામાં છે. વાર્તા કહે છે; "**दोऊ भाई सिंगार करते । दोऊन की स्त्री सामग्री करती । दोऊन के बेटान की बहू उपर की परचारगी करती । तीन्य बेटा व्यौहार - सेवा करते । सो राजभोग पर्यंत की सेवा करि कै वैष्णव चारि पांचन कों महाप्रसाद लिवावते । पाछें भगवद्‌वार्ता मंडली में जाते ।**" સેવામાં જે સહયોગી નથી એમના માટે આ બન્ને ભાઈઓને "દયા"નો ભાવ છે. તેમજ એમના બન્નેના ચિત્તમાં સદા "શાંતિ" અને "તુષ્ટિ" અથવા સંતોષનો ભાવ વિરમે છે. વાર્તા કહે છે; "**तब वैष्णव प्रसन्न भए । सो कहन लागे, जो भाई ! इन दोऊ भाईन कों धन्य है । सो तीन्यो सेवा नित्य नेम पूर्वक करत हैं । तब ये दोऊ भाई बहोत प्रसन्न भए ।**" સ્મરણ અને ભજનના cycleને અખંડિત ચલાવનારી આ વાર્તા છે. આ બન્ને ભાઈમાં "પુષ્ટિ"નો ભાવ પણ અવસ્થિત છે, તેથી જ પોતે જે ધર્મ પાળી રહ્યાં છે તેની પુષ્ટિ અથવા પોષણ, અન્ય વૈષ્ણવોને અને પોતાના પરિવારજનને પણ કરે છે. વાર્તા કહે છે; "**तब बेनीदास दामोदरदास ने अपनो सब कुटुंब सूरत तें बुलाय लियो । सबन श्रीगुसांईजी के दरसन किये । पाछें श्रीगुसांईजी सों बिनती करि कै सबन कों ब्रत करवायो । पाछें ब्रह्मसंबंध करवायो । ता पाछें श्रीगुसांईजी सों आज्ञा माँगि के श्रीठाकुरजी पधराय कै सबन मिलि कै ब्रजयात्रा करी । श्रीगोवर्द्धननाथजी के दरसन किये । मनोरथ किये ।**" બ્રહ્મસંબંધ લેતી વખતે બન્ને ભાઈઓએ જે દારાગારપુત્રાદિનું નિવેદન કરેલ છે તેમને હવે નિવેદિતાત્મા બનાવી, ગૃહસેવા દ્વારા સમર્પણની "ક્રિયા"માં જોડે છે. ભક્તિમાર્ગમાં "ઉન્નતિ" કરવાની બન્ને ભાઈઓમાં અસ્મિતા છે. તેથી જ ઉન્નતિના પથ પર અભિગમન કરતી વખતે હરિ પાસેથી ગુરુસેવા માંગે

છે અને ગુરુ પાસેથી વૈષ્ણવ સેવા. બન્ને ભાઈઓમાં ઊંચી "બુદ્ધિ" અને "મેધા" છે. તેથી લૌકિક અને અલૌકિકનું એમણે અદ્‌ભૂત balance જાળવ્યું છે. વાર્તા કહે છે; "**तीन्य बेटा व्यौहार-सेवा करते ।**" પછી જયારે ગુસાંઈજી એમને એમનાથી છૂટા પડી સૂરત જવા કહે છે, ત્યારે એમાં એમનું અવશ્ય હિત છે એ ભાવના એમનામાં સુસ્થિર થઈ ગઈ છે. આ એમની ઊંચી "બુદ્ધિ" છે. આ જ પ્રસંગ પછી ગુસાંઈજીથી છૂટા પડી એમને વિપ્રયોગનો અનુભવ થવાનો છે, તો એ અવસર માટે એમનામાં "તિતિક્ષા" અથવા તો તૈયારી છે. વાર્તા કહે છે; "**पाछें थोरे से दिन रहि कै श्रीगुसांईजी सों बिनती कीनी, जो-राज आज्ञा होंइ तो सूरत जाँय ।**" આવા ભગવદીય પોતે ગુસાંઈજીનો વિરહ સહન કરી ન શકે કે ન શ્રીવિઠ્ઠલેશ પ્રભુ એમનો. તો વાર્તા એમ કેમ કહે છે કે; "**तब श्रीगुसांईजींने प्रसन्नता पूर्वक इनकों बिदा किये ।**" એનું કારણ એમ લાગે છે કે સાક્ષાત્ પ્રભુચરણ આ બન્ને ભાઈઓના હૃદયમાં બિરાજી ગયા છે અને બન્ને ભાઈઓ, શ્રીગુસાંઈજીનાં અંતરમાં. વ્રજવલ્લવીઓ અને શ્રીકૃષ્ણ એકબીજામાં ઓતપ્રોત હતાં એમ આ બન્ને ભાઈઓ અને ગુસાંઈજી પરસ્પર ઓતપ્રોત છે. એનાં કારણે દ્વૈતભાવ વિસ્મરીત થઈ જાય છે. ભગવદીય ગાય છે; "ઘોષ યોષિતા ભાવ ભયો તબ પંચ વરણ અચ્યુત મત ગાયો । સેવા સિદ્ધિ માનસિ કીની ભૃંગ કીટ સમ દ્વૈત નસાયો ॥" તદુપરાંત બન્ને ભાઈઓને તનુનવત્વ સિદ્ધ હોવાથી તેઓ શ્રીવિઠ્ઠલેશનો વિપ્રયોગ સહન કરવાની સક્ષમતા ધરાવે છે. પ્રભુચરણને હૃદયમાં પધરાવી એ શ્રીગુસાંઈજીની માનસી સેવા કરતા હોય એમ લાગે છે, કારણકે ગોકુલનાથજી ખાસ આજ્ઞા કરે છે કે "**सो या प्रकार सदा भगवद् सेवा, गुरुसेवा,**

वैष्णव सेवा करते ।" અર્થાત્ સૂરતમાં બેસીને આ વૈષ્ણવો હરિ સેવા, વૈષ્ણવ સેવા "સદા" દેહાદિથી કરી શકે છે પણ સદા ગુરુસેવા, એમની માનસીની છે. પ્રતિવર્ષ ગુસાંઈજીને ભેટ વસ્ત્ર મોકલ્યા પછી પણ એમને તૃપ્તિ નથી, એટલે પ્રભુચરણની માનસીમાં ય સેવા કરે છે.

આવી ઉત્કૃષ્ટ ભક્તિ સિદ્ધ કર્યા પછી પણ બન્ને ભાઈઓ પોતાની ભક્તિનું exhibition કરતા નથી, પણ એમનામાં "હી" એટલે કે લજ્જા કે નમ્રતા અથવા દીનતાનો ભાવ છે. તેથી જ સ્થિર દાસાનુદાસ ભાવની અસ્મિતાથી બન્ને ભાઈઓ ગુસાંઈજી પાસે માંગે છે, "जो-कृपानाथ ! हमारो तो अब वैष्णवन कों सेवा करिवे कौ मनोरथ है ।"

કોઈપણ સ્ત્રી મંગળસૂત્ર પહેરે ત્યારે અન્ય લોકોને ખ્યાલ આવી જાય છે કે એ વિવાહિત છે. ધર્મની તેર પત્નીઓમાં આનું નામ "મૂર્તિ" કે personality નો part છે. તેમ આ ભાઈઓએ માથે ધરેલું તિલક, એમની હરિ, ગુરુ, વૈષ્ણવની ટહેલમાં પ્રીતિ, ભગવત્કથાથી આક્ષિપ્ત થયેલું એમનું ચિત્ત, એ સર્વે એમની પુષ્ટિભક્તિમાર્ગીય personality કે "મૂર્તિ"ની અભિવ્યક્તિ છે. ચતુઃશ્લોકી ગ્રંથને જે મૂર્તિમંત રૂપે જીવી રહ્યાં છે એવા આ બન્ને ભાઈઓમાં ધર્મની તેર પત્નીઓ, ભક્તિની એક તંદુરસ્તી રૂપે વિદ્યમાન છે. પુષ્ટિભક્તિમાર્ગની આ એક સંપૂર્ણ વાર્તા હોવાથી, વાર્તાના અંતમાં ગોકુલનાથજી આજ્ઞા કરે છે કે; "सो वे बेनीदास दामोदरदास श्रीगुसांईजी के ऐसें परम कृपापात्र भगवदीय हते ।"

******

## <u>ગ્રંથ : જલભેદ</u>

## <u>૮૪ વૈષ્ણવ વાર્તા : ૪૧ - આનંદદાસ વિશંભરદાસ</u>

રે મન રસિકન સંગબિન, રંચ ન ઊપજે પ્રેમ ।
યહ રસ કો સાધન યહૈ, ઓર કરહુ જીન નેમ ॥

જલભેદગ્રંથ કથિત આવા ઉત્તમ વકતાની શોધમાં, નાનપણની વયમાં જ, આ બન્ને ભાઈઓ કેટલાં તડપ્યા છે, કેટલી આશાઓ લઈને એમણે બ્રાહ્મણો અને વૈરાગીઓ પાસે કથા વાર્તા સાંભળી છે, એનું વિસ્તારથી વર્ણન આ વાર્તામાં છે. "ધરા" ના જલ તુલ્ય ભગવત્શાસ્ત્ર કહેનારા પંડિતો મળ્યા હશે, "**हृदास्तु पण्डिताः प्रोक्ता भगवच्छास्त्र तत्पराः,**" અથવા તો પ્રેમયુક્ત અને સંદેહ મટાડનારા "કમલવાળા તલાવના જલ" જેવા પંડિતો મળ્યા હશે અથવા તો "વર્ષાના જલ" જેવા કથા કહેનારા યોગ અને ધ્યાન દશાવાળા અધિકારી જીવો પણ મળ્યા હશે; "**योगध्यानादिं संयुक्ता गुणा वर्ष्याः प्रकीर्तिताः ।**" ભગવત્પ્રેમ પૂરિત અને પ્રભુની કથાની પિપાસાવાળા આ બન્ને ભાઈઓ એ કથાકારો પર શું શું ન્યોચ્છાવર નથી કર્યું ? જે વાર્તા સમજાવે છે; "**जो गहना पहरावे तो काहू ब्राह्मण कों, बैरागी कूं दे आवे ।**" આનંદદાસ વિશંભરદાસની કથા માટેની આવી બેહદ્ લગનીને અભિવ્યક્ત કરતી એમની વાર્તા કહે છે; "**पाछें कथा वार्ता जहां तहां सुने । तहां ई धरती पर परि रहे । देह को दुःख सुख मनमें गिने नाहीं ।**" આટલો કષ્ટ વેઠયા પછી પણ આચાર્યજીએ જલભેદ ગ્રંથમાં નિર્દિષ્ટ કરેલ ઉત્તમ વક્તા પાસે ભગવત્કથા સાંભળવી અતિ દુર્લભ છે, કેવળ કૃપાસાધ્ય છે, એ રહસ્ય આ બન્ને ભાઈઓની વાર્તાથી સુસ્પષ્ટ થઈ જાય છે.

પરમ વૈરાગી અવસ્થામાં જીવન વ્યતીત કરતાં આ બન્ને ભાઈઓને જયારે જલભેદ ગ્રંથના ઉત્તમ વક્તા મળતા નથી ત્યારે પોતાનું જીવન વ્યર્થ જશે એવી ખિન્નતાની અવસ્થામાં એ બન્ને મહા દુ:ખી થઈ જાય છે, "सो एक समय दोउ भाई श्रीयमुनाजी के तीर बेठे ज्ञान की बात करत है । जो - भाई । जन्म सगरो बीत्यो । प्रभुसों पहचान न भई । मन श्रीठाकुरजी में न लाग्यौ । कथा वार्ता बहोत सुनी, परन्तु मन बस न भयो । सो अपनी मनुष्य जन्म सगरो वृथा गयो । अब फेरि चौरासी भोगेंगे, सो कहा करें ? कछू उपाय दीसत नाहीं । या प्रकार परस्पर बतराय, पाछें धीरज छूटि गयो, सो श्रीयमुनाजी के किनारे अपनो मूँड पींट के रुदन किये । सो सरीर की सुधि न रही । रात्रीकों वहां इ दोऊ परि रहे ।" એ વખતે આ ભાઈઓને કેવા વક્તાની શોધ હશે, તે જલભેદગ્રંથ સમજાવે છે. "गुणातीततया शुद्धान् सच्चिदानन्दपिणः । सर्वानेव गुणान्विष्णोर्वर्णयन्ति विचक्षणाः ।"

આવી પ્રેમરસપ્રચુર અમૃતમયી સમ્યક્ ભગવત્કથા કેવલ મહદ્‌ની કૃપાથી જ સુલભ છે. "महतां कृपया यावद्भगवान् दययिष्यति ।" ભગવદીયના સંગથી શું સુલભ થાય છે તે રસખાનજી સમજાવે છે; "ભક્તન સંગ છીન એક મેં પરમ ભક્તિ ઉપજાઈ ।"

મહાકારુણિક શ્રીવલ્લભ જયારે જીવની શુદ્ધિ લે છે અને પ્રભુથી બિછુડેલા જીવની યાદી ઠાકુરજીને અપાવે છે, ત્યારે પ્રભુને જીવનો વિયોગ થાય છે. ઠાકુરજી માટે પ્રકટ થયેલ આવા વિયોગના ભાવને દર્શાવવા વાર્તા કહે છે; "तब अर्द्धरात्रि समय श्रीठाकुरजी श्रीआचार्यजी सों कहें, जो दोई क्षत्री के बालक

श्रीयमुनाजी के वा पार रेति में परे हैं । तिनकों मेरे लिये बडो ताप है सो आपु पधारि के उनकों अंगीकार करो । नाहीं तो उनको कछू दिन में सरीर छूटि जायगो ।" પ્રભુથી છૂટા પડેલ દૈવી જીવના અંતરનું દર્દ, એ આપણા શ્રીમહાપ્રભુજીનું દર્દ બની જાય છે. પુષ્ટિજીવના દર્દને મૃદુલ દિલ શ્રીવલ્લભ સહન નથી કરી શકતા. જે દિશા પરથી આવા દર્દના નિ:શ્વાસ શ્રીવલ્લભને સંભળાય છે, એ દિશા તરફ, પુષ્ટિજીવના શિરછત્ર વેગથી પ્રયાણ કરે છે. એનાં દર્શન કરી લઈએ; "तब श्रीआचार्यजी कृष्णदास मेघन आदि वैष्णवन कों जगाइ, वाही समय श्रीयमुनाजी के तीर पधारे । सो घाट पर कोई नाहीं । नाव बंधी है । तब आप वैष्णव सहित नाव पर बैठे । और वैष्णव सों कहें, तुम नाव खेवत तो नाहीं जानत, परन्तु जैसे आवे तैसे खेवो । नाव पार जायगी मेरी इच्छा है । तब वैष्णव खेवे । सो नाव, दोऊ भाई रेति में परे हते, तहां आई लागी । तब श्रीआचार्यजी श्रीहस्त में जमुना जल ले वेद मंत्र पढि दोऊ भाई कै ऊपर छिडके । सो दोऊ उठि के श्रीआचार्यजी कों दंडवत करि बिनती किये । महाराज ! हमकों अंगीकार करो ।" શ્રીગુસાંઈજીની વાણીમાં કહીએ તો આવો કરુણાનો મહાસાગર આચાર્ય "भावि न भूतोष्यति" છે. "સબ ગુન પૂરન કરુણાસાગર, જહાં મહારસ પૈયે હો."

આચાર્યજી બન્ને ભાઈઓને શરણે લીધા પછી એમને માથે નવનીતપ્રિયાજીનાં પ્રસાદી વસ્ત્ર ભગવત્સેવા રૂપે પધરાવી આપે છે. વાર્તા કહે છે; "सो दोऊ भाई खासा करि श्रीठाकुरजी कों पधराये, मिलके रसोई करि भोग धरि महाप्रसाद लेंही । पाछें भगवद् वार्ता करें । मगन होई गये । सन्यास निर्णय को भाव लीला को भी बिचार करि रात्रि दिन भगवद् रस में मगन रहें ।" આમ ભગવત્સેવા કરી આ બન્ને સંયોગ રસનો આશ્વાદ લે

છે અને અનોસરમાં કથા રસનો. આનંદદાસ ભગવત્ક્થા કહેતાં હોય છે અને વિશંભરદાસ એનું શ્રવણ કરતા હોય છે. આનંદદાસ, જલભેદમાં સમજાવેલ ઉત્તમ વક્તાના ધર્મોથી કેવી રીતે સંપન્ન છે એનો અખિલ process આ વાર્તામાં વિદ્યમાન છે. એનું અવલોકન કરવાથી, આપણને એ ખ્યાલ આવી શકશે કે આચાર્યજી, પુષ્ટિસૃષ્ટિ પાસેથી કેવા પ્રકારની પુષ્ટિભક્તિની અપેક્ષા રાખે છે. આવા પ્રકારની ભક્તિ જીવમાં જો પ્રકટ નહિ થાય, તો ભક્તિને, એ જીવના હૃદયમાં રહેવાનો આનંદ અને ઉત્સાહ રહેતા નથી, કારણકે ન્યૂન પ્રકારની ભક્તિનું પર્યવસાન ભજનાનંદમાં થઈ શકતું નથી ભજનાનંદનું સ્થાયિત્વ એ ભક્તિની અવધિ અવસ્થા છે. આવી ઉત્તમ ભક્તિમાં અભિગમન કરાવવા શ્રીમહાપ્રભુજી, સિફતથી નાનકડી અવસ્થાના આ બન્ને ભાઈઓમાં સર્વથી પ્રથમ વૈરાગ્યનું દાન કરે છે. તેના પછી "प्रभु सों पहचान न भई" એવા વિરહના માધ્યમથી આચાર્યજી, એમના વૈરાગ્યને કોરો રહેવા ન દેતાં, એને પ્રેમરસના સરોવરમાં બોળે છે. જલભેદ ગ્રંથમાં કહ્યું તેમ એમને "सरःकमलसम्पूर्णाः प्रेमयुक्तास्तथा बुधाः ની સ્થિતિમાં પ્રવિષ્ટ કરાવે છે. પોતાની અંગીકૃતી વિલંબ વગર થાય એના માટે આર્તનાદથી આ બન્ને ભાઈઓ શ્રીવલ્લભને વિનંતી કરે છે; "तब दोऊ भाईने कही, महाराज ! सबेरे लों देह रहै, ना रहै, या देह को कहां प्रमान है ? और आज दोऊ जने कछु खानपान तो कियों नाहीं, तातें आप ढील मति करो ।" ત્યારે આચાર્યજી બન્નેને કેવલ એટલું જ આશ્વાસન આપે છે કે; "तिहारी बुद्धि कबहू बिगरे नाहीं, तुम उत्तम जीव हो ।"

આચાર્યજી તો આનંદદાસ વિશંભરદાસને પુષ્ટિભક્તિના ઉત્તમ અધિકારી બનાવવા માગે છે, પણ એમનામાં આવો

અધિકાર હજી આવિષ્કૃત થયો નથી એ આ બન્ને ભાઈઓ સમજી જાય છે અને મહાપ્રભુજીને વિનંતિ કરે છે: "**तब दोऊ भाई बिनती किये । महाराज ? हमारो मन तो सन्यास लेन को है । परन्तु और ठोर मन जात नाहीं । सो हमारो मन ठिकाने रहे, त्याग दसा छूटे, घरमें रह्यो जाई, तब भगवद् सेवा बने ।**" આ વિનંતીના response માં આચાર્યચરણ જે કૃપા કરે છે, તેના દર્શન વાર્તામાં કરીએ; "**तब श्रीआचार्यजी चरणामृत दिये और सन्यास निर्णय ग्रन्थ करि दोऊ भाईन कों सुनावे । तब रस उछलित हतो, सो हृदय में भगवद् रस स्थिर भयो । मन को उद्वेग मिटि गयो ।**" ભગવત્સેવા પધરાવતા પહેલાં મહાપ્રભુજીએ એમના હૃદયને જલભેદગ્રંથ કથિત સ્થાવર જળાશય જેવો બનાવ્યો.

**यादृशास्तादृशाः प्रोऽक्ता वृद्धिक्षयविवर्जिताः ।**
**स्थावरास्ते समाख्याता मर्यादैक प्रतिष्ठिताः ॥**

હૃદયને આવી રીતે સ્થિર કર્યા પછી શ્રીવલ્લભ એમને સંન્યાસ નિર્ણય ગ્રંથમાં કથિત વિપ્રયોગ અને વ્રજભક્તોના ભાવનું દાન કરે છે અને આચાર્યચરણ આ બન્ને ભાઈઓને મર્યાદા ભક્તિમાંથી ઊંચકી પ્રેમલક્ષણા ભક્તિમાં પ્રવિષ્ટ કરાવે છે. "**तब श्रीआचार्यजी वस्त्र प्रसादी श्रीनवनीतप्रियाजी के दिये । और कहें, तुम इनकों पधराई सेवा करियो । घरमें जाई । तिहारो मन सदा श्रीठाकुरजी की लीला में रहेगो । लौकिक वैदिक तुमकों बाधक कछू न होइगो ।**" આ પ્રસંગ પછીની આ ભાઈઓની જીવન પ્રણાલિકા દર્શનીય છે. "**सो दोऊ भाई खासा करि श्रीठाकुरजी कों पधराये, मिलके रसोई करि भोग धरि महाप्रसाद लेंही । पाछें भगवद् वार्ता करें । मगन होई गये । सन्यास निर्णय को भाव लीला को भी बिचार करि रात्रि दिन भगवद् रस में मगन**

रहें ।" આવા સંયોગ અને વિપ્રયોગની અવસ્થામાં, લીલાનુસંધાન અને ભાવાનુસંધાનથી આ ભાઈઓ ભગવત્રસમાં નિરુધ થઈ ગયા છે. આનંદદાસ જે કથા કહેતાં, તે કથા મુખદ્વારા વિશંભરને કહી, પોતાના ઓષ્ટને ભગવદામૃત રૂપ કરી દે છે. આવા ભગવદીયોના અંતર અને મુખમાંથી સ્રવતી કથા અમૃતમય છે.

> **"तेऽमृतोदाः समाख्यातास्तद्वाक्पानं सुदुर्लभम् ।।**
> **तादृशानां क्वचिद्वाक्वं दुतानामिव वर्णितम् ।**
> **अजामिलाकर्णनवद्बिन्दुपानं प्रकीर्तितम् ।"**

આમ આનંદદાસ વિશંભરદાસ જલભેદ ગ્રંથ કથિત વક્તાના ઉત્તમ અધિકારી છે. **गुणगाने सुखाव्याप्तिः गोविन्दस्य प्रजायते** એ એમના જીવનનો અનોસરમાં નિર્વાહ છે. સેવા અને કથાની cycle એમનામાં અવિરત ગતિમાન છે. બ્રહ્મવાદનો principle છે કે, સર્વગત ભગવાન, સેવાના માધ્યમથી, પુષ્ટિજીવની ભીતર ન પધારે ત્યાં સુધી, જીવની ભીતરથી પ્રભુ બહાર પ્રકટ થતા નથી. તેથી આનંદદાસ વિશંભરદાસ સર્વથી પ્રથમ તો, સર્વગત પ્રભુને, એમના સેવ્યસ્વરુપમાં કેન્દ્રિત કરી, ભજનીય સ્વરૂપે સેવે છે. તત્પશ્ચાત્, કથાના માધ્યમથી એમને ભાવનીય સ્વરૂપે પોતાના અંતરમાં પધરાવે છે, **आन्मानंदसमुद्रस्थ** પ્રભુનો અનુભવ કરે છે. તે પછી, વિપ્રયોગની અવસ્થામાં એમના અંતર્સ્થિત ભાવાત્મક સ્વરુપ બહાર પ્રકટ થાય છે.

> **क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत् ।**
> **तदा सवं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः ।।**

ભજનાનંદના માધ્યમથી, અંદર બિરાજેલા સ્વરૂપ બહાર પધારે છે, ત્યારે આ ભાઈઓ ઠાકુરજીના સ્વરૂપાનંદનો અનુભવ પૂર્ણતયા કરે છે. પરંતુ આવા  બહાર પ્રકટ થયેલા ભાવાત્મક પૂર્ણપુરુષોત્તમ જયારે એમના અંતરમાં પુનઃ પધારે છે ત્યારે એમના સર્વે અપરાધોની નિવૃત્તિ થઈ જાય છે. કૃપાનંદરૂપે એમના હૃદયમાં બહારથી અંદર પધારેલા પ્રભુ, ગુણગાનથી પ્લાવિત થઈ જાય છે.

"**सर्वानन्दमयस्यापि कृपानंद सुदुर्लभः ।**
**हृद्गतः स्वगुणान् श्रुत्वा पूर्णः प्लावयते जनान् ॥**"

આચાર્યજીએ પ્રત્યેક પુષ્ટિજીવને આવો ભીતર-બહારનો programme સમજાવ્યો છે, અને એ programmeને implement  આ બન્ને ભાઈઓ કરે છે. Normally speaking, બહાર બિરાજતા સ્વરૂપને પુષ્ટિજીવની ભીતર પધારવા માટે જીવની "મમતા" આડે આવે છે અને અંદરના સ્વરૂપને બહાર પ્રકટ કરવા એની "અહંતા". આનંદદાસ વિશંભરદાસે પોતાના "મમ" ને પ્રભુનો part માન્યો છે. તેથી એમના સેવ્યસ્વરૂપ એમની અંદર પણ બિરાજે છે. તદુપરાંત, એમણે એમના "અહં"ને, ભીતર બિરાજતાં સ્વરૂપનો part માન્યો છે, તેથી એમને પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ બહાર પ્રકટ થઈને દર્શન દે છે. આવા બહાર-ભીતરના સંગમથી બન્ને ભાઈઓ તન્મનસ્કા છે, તદાલાપ કરે છે, તાદાત્મ્ય અનુભવે છે. એમની "તન્મનસ્કતા" ને પ્રભુના ગુણગાનનું શ્રવણ ઉદ્દીપન કરે છે તો "તદાલાપ" એમના અધરોને ભગવદ્ ભોગ્યાદિ અલૌકિક સુધા સભર કરી દે છે. તેથી જ, કથા પક્ષના, જલભેદ કથિત, "અમૃતસાગર" વક્તા આ બન્ને ભાઈઓ છે.

આ બન્ને ભાઈઓ, ભગવદ્ વાર્તા કરતી વખતે ઠાકુરજી ભીતર બિરાજયા છે એવો ભાવ કરે છે અને ગુણગાન પણ હૃદયસ્થ બિરાજેલા ઠાકુરજી સંબંધિત છે એવો પણ ભાવ કરી, પોતાના ભાવનું વર્ધન કરે છે. તેથી સેવા સમયે બહિસ્થિત પરમાત્મા માટેનો એમનો ભાવ પ્રબલ બને છે. આ પ્રક્રિયાથી, આ બન્ને ભાઈઓમાં ઠાકુરજીનું સ્વરૂપ, બાહ્યાભ્યંતર થઈ જાય છે. એક transparancy પ્રકટ થાય છે. તનુવિત્તજા દ્વારા એમણે બહાર બિરાજતા પ્રભુની સેવા કરવી છે અને માનસીથી ભીતર બિરાજતાં ઠાકુરજીની. એમની પુષ્ટિ ભક્તિ અંતર્ગત રહેલ નવધા ભક્તિથી, આ ભાઈઓ, બાહ્ય સ્વરૂપનું વંદન, અર્ચન અને પાદસેવન કરે છે અને ભીતર બિરાજતાં પ્રભુનું ભજન શ્રવણ, કીર્તન અને સ્મરણથી કરે છે. તેથી જ આ બન્ને ભાઈઓ "**गुणगाने सुखान्याप्ति**" ના પદના અધિકારી છે. એમના અંત:કરણમાં પ્રવિષ્ટ ભગવાનને, કીર્તન કે ગુણગાન દ્વારા, મુખથી બહાર પધરાવીને, શ્રવણ દ્વારા એમને પુન: અંદર પધરાવી વેણુગીતની અખીલ સુધાત્મક પ્રક્રિયાને એ માણી રહે છે.

આનંદદાસ વિશંભરદાસ વચ્ચે થતો સત્સંગ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતાત્મક છે, ભાવાત્મક અને કૃષ્ણગુણગાનાત્મક છે. ભગવત્સ્વરૂપ અને વાક્પતિની વાણીના formidable combinationથી આ બન્ને ભાઈઓમાં ભજનાનંદ સહેજ બની ગયું છે. અલૌકિક દેહેન્દ્રિયાદિથી આ ભાઈઓ પ્રભુના સ્વરૂપાનંદને માણે છે અને આચાર્યજીની વાણીનું શ્રવણ એમનામાં સ્વરૂપનિષ્ઠા ઉદ્દીપન કરાવનાર બને છે. તેથી, એમનો ગુપ્તાનંદ "જીવ" અને "નિરાનંદ એવા દેહન્દ્રિયાદિ", ભજનાનંદના કારણે આનંદમય બની ગયાં છે.

એમને ભગવદ્નિરોધ સિદ્ધ છે. એટલે જ, અનોસરમાં, ભગવદ્ વાર્તા કરતી વખતે આ ભાઈઓને ઉધ્ધવજીના આગમન વખતે ગોપીજનોમાં ભાવ થયેલ, એવો જ ઉત્કૃષ્ટભાવ, આ બન્ને ભાઈઓમાં ભગવત્કથા કરતી વખતે સદા વિલસે છે. પોતાના પ્રાણપ્રેષ્ઠની કથા કરતા હોય એવો પ્રગાઢ ભાવ એમનામાં હોવાથી એમના ચિત્તનો ભગવદ્ નિરોધ સહેજ છે. કોઈપણ પુષ્ટિજીવના મનમાં કેવલ એટલું જ આવે કે "મને ભગવત્સેવા કે કથા માટે સુખ કે દુઃખ કેમ નથી થતું", એમાં જ એની અંગીકૃતીની નિશાની પ્રકટ થઈ જાય છે, ત્યારે અહીં તો, આ ભગવદીયોની કથા સાંભળવા કથા રસિક હરિ સ્વયં પધારે છે, તો એમના મહાભાગ્યની શી વાત કરવી ? વાર્તા કહે છે; "**सो दोऊ भाई भगवद् वार्ता करे, तामें कबहु छोटे भाई को निद्रा आइ जाइ और बडो भाई रस में मग्न होइ कहें जाई, तब श्रीठाकुरजी हूँकारी भरत जाय । जो-छोटे भाई कों निद्रा आई है, जो-हूँकार न भरोंगो तो यह बडो भाई न कहेगो । तातें श्रीठाकुरजी हूँकारी भरें । पाछें जब छोटो भाई जागे तब भाई सों कहें, जा मैं यहां तांई सुन्यो, आगे तो मोकों निद्रा आई । तब बडे भाई ने कही, तुमकों निद्रा आई तब हूँकारी कौन भर्‌यो ? तब छोटे भाई ने कही, मैं तो सोय गयो, मोकों खबरि नाहीं । तब बडे भाई ने कही श्रीठाकुरजी ने हूँकारी भरी होयगी । तब दोऊ भाई प्रसन्न भये, जो - श्रीआचार्यजी की कानि तें श्रीठाकुरजी सानुभावता जनावन लागें ।**" આનંદદાસના મુખારવિંદમાંથી સ્રવતી ભગવત્કથારૂપ અમૃત રસ ધારા અટકી ન જાય એના માટે ઠાકુરજી હૂંકારો આપે છે. એ વાર્તા સાંભળતાં ઠાકુરજીનું હૃદય સ્વલીલા અને સ્વજનો માટે વિશેષ ઉદ્દીપન થઈ રહ્યું છે એ રહસ્યનું અનુમોદન આપતાં પ્રભુ, કથા વખતે "હૂંકારો"

દે છે. મહાપ્રભુજીની કૃપાથી જલભેદ ગ્રંથના ઉત્તમ વક્તા જયારે ભગવત્કથા રસ પ્રકટ કરતાં હોય, ત્યારે એ સાંભળીને, ક્ષણેક માટે તો કૃષ્ણ પણ અદ્‌ભુત રસમાં વિમગ્ન થઈને વિચાર કરી રહ્યા હશે કે "વાહ ! મારામાં આવી અદ્‌ભુત ચમત્કૃતિઓ વિદ્યમાન છે !" આવા ભગવદીયોએ આવિષ્કૃત કરેલાં ભગવત્કથા રસના માધ્યમથી તો પરબ્રહ્મને પોતાના રસનો આસ્વાદ્ માણવાનો "લાભ" મળે છે. તેથી જ ભગવાન સ્વયં નારદજીને કહે છે કે "હું વૈકુંઠ કે યોગીઓના હૃદયમાં નથી વસતો પણ મારા અંતરંગ ભક્તો જયાં કથા કરે છે ત્યાં વસું છું." "**नाऽहं वसामि वैकुंठे । योगीनां हृदयेन च । मद्‌भक्ता यत्र गायन्ती तत्र तिष्ठामि नारद ।**" આ ભાવને અનુસંગત આચાર્યજીનું સર્વોત્તમજીમાં નામ છે; "**तत्कथाक्षिप्त चित्तस्**" અને શ્રીવિઠ્ઠલેશનું નામરત્નાખ્યમાં નામ છે; "**सदा कृष्ण कथाप्रियः**" આવા ભગવદીયોએ કરેલાં ગુણગાનથી તો ત્રિભુવન પુનિત થાય છે. ભાગવતજી કહે છે; "**याषां हरिकथोक्तीतं पुनाति भुवनं त्रयम् .**" ભગવદીયોએ કરેલી ભગવત્ક્થા ત્રિલોકને પુનિત કરે છે અને એના ભૂષણરુપ પણ છે. સર્વોત્તમજી કહે છે; "**त्रिलोकी भूषणं .**" ગુસાંઈજીનું corresponding નામ છે; "**त्रिजगद् व्यापि सत्कीर्ति धवलीकृत मेचकः**".

ચાચા હરિવંશજીની વાર્તાના ભાવપ્રકાશમાં હરિરાયજી જે ઉદ્‌બોધન પુષ્ટિસૃષ્ટિને આપે છે, તેનો અનુભવ આનંદદાસ વિશંભરદાસની વાર્તામાં સ્પષ્ટ રીતે થાય છે; "**तातें जीव कौ प्रभुन के सरनि की भावना, अष्टाक्षर आदि निरंतर करत रहनो । भगवदीय कौ संग करनो । भगवद् सेवा में तत्पर रहनो । जब वाको भाव स्थिर होंइ । तब स्थायी भाव तें लियो नाम, सेवा आदि सब तत्काल फलै । यह सिद्धांत दिखायो ।**" તેથી જ આનંદદાસ

વિશંભરદાસના કરેલા ભગવદ્ ગુણગાનમાંથી ગુણલીલા વિશિષ્ટ પુરુષોત્તમ અનોસરમાં સદા પ્રકટ થઈ જાય છે. એમની વાર્તા દ્વારા આચાર્યચરણના સિદ્ધાંતોનું એક વિલક્ષણ રહસ્ય પણ સમજવા મળે છે. પુષ્ટિભક્તની જીવન પ્રણાલીમાં સેવા અને કથા અથવા સંયોગ અને વિપ્રયોગનો two-way traffic સદા ચાલવો જોઈએ. વાસ્તવમાં તો પ્રભુ અને જીવના સંયોગ અને વિયોગરૂપ શ્રીમહાપ્રભુજી સ્વયં છે. સંયોગ અને વિયોગનું જે દિવ્ય ચક્ર ચાલે છે તે પણ શ્રીવલ્લભ જ છે એટલે જ સર્વોત્તમજીમાં આપનું નામ છે. **प्रतिक्षणनिकुंजस्थ लीलारस सुपूरितः"** અને ગુસાંઈજીનું નામરત્નાખ્યમાં નામ છે - "**कृष्णलीलारसाविष्टः**". સંયોગ-વિયોગના cycle ને અવિચ્છિન્ન માણનાર આનંદદાસ વિશંભરદાસના હૃદયમાં શ્રીવલ્લભ સદા બિરાજમાન છે. તેથી ગોકુલનાથજી કહે છે; "**इनकी वार्ता कहां तांई कहिये ।**"

******

## ગ્રંથ : નિરોધલક્ષણ

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૨૨૩ - એક શેઠ કી બેટી, જાને બાલકૃષ્ણજી કો મદનમોહનજી કિયે

"पाछें एक श्रीमदनमोहनजी कौ स्वरूप वैष्णव ने श्रीगुसांईजी पास पधरायो हतो । सो यह सेठ की बेटी के माथे पधराय दिये । पाछें बेटी सों, कही, जो-अरी ! तू इन की सेवा आछी भांति सों करियो । और घर के बाहिर मति जईयो । तब बेटी भोली सो कछू समुझत नाहीं । सो श्रीगुसांईजी सों पूछी, जो-महाराज ! ठाकुर याही भांति के होत है ? तब श्रीगुसांईजी कहे, जो-हां ! ठाकुर याही भांति के होत है । इन ही में तू मन लगाइयो ।" વાર્તાના પ્રારંભમાં જ આ માજીમાં, નિરોધની સિદ્ધિનાં બીજ રોપતાં શ્રીગુસાંઈજી એમને આજ્ઞા કરે છે; "और घर के बाहिर मति जईयो ।" આવી જ આજ્ઞા આચાર્યજીએ રાજાદવે અને માધવદવે ને પણ કરેલ. ભગવત્સેવા અને અનોસર વેળા, સંયોગ અને વિપ્રયોગના સાતત્યની અનુભૂતિ કરવી હોય તો પુષ્ટિભક્ત માટે, ઘરની બહાર ફરવું અવરોધરૂપ બને છે.

પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસકિત એ નિરોધનું મુખ્ય લક્ષણ છે, જેનાં દર્શન આપણે આ ગ્રંથમાં રામદાસ સાંચોરા અને ગોરજા-સમરાઈની વાર્તામાં કરેલ છે. પરંતુ, આ વાર્તાની વિલક્ષણતા એ છે કે, શ્રીગુસાંઈજીએ, આ માજીને નિરોધપથ પર, અનન્યાસક્તિના પથગામી બનાવ્યાં છે. તેથી જ, ડોશીમા જ્યારે પ્રભુચરણને પૂછે છે કે; "ठाकुर याही भांति के होत हे ?" ત્યારે માજીને અનન્યાસક્તિથી પ્લાવિત કરવાં શ્રીગુસાંઈજી મહોર છાપ મારે છે કે; "ठाकुर याही भांति के होत है ।" આવી

આજ્ઞા કરીને નિતાન્ત કૃપા કરતાં શ્રીમદ્પ્રભુચરણ ડોશીમાને, પ્રપંચવિસ્મૃતિ ઉપરાંત, સર્વ "અલૌકિક રૂપ પ્રપંચ" વિસ્મૃતિપૂર્વક મદનમોહનજીમાં એક સ્વરૂપાસક્તિનું પ્રદાન કરે છે. આ ભાવને અનુકૂલ સર્વોત્તમજીમાં નામ છે; "**अनन्यभक्तेषु ज्ञापिताशय**" અને નામરત્નાખ્યનું નામ છે; "**अनन्यभक्त हृदयो.**" નિરોધની આ અવધિ અવસ્થામાં ડોશીમાને મદનમોહનજીમાં નિરોધ અને સર્વાત્મભાવ સિદ્ધ છે. પ્રભુચરણે માજીમાં કરેલા નિરોધના ન્યાસની આ ફલાવસ્થા છે. એ દિવસથી માજીની હૃદયસ્થલીમાં મદનમોહનજીની માધુરીભરી મૃદુલ મુરતિ અભિરમતી થઈ જાય છે અને એ જ સ્વરૂપનો એમણે દૃઢ સંકલ્પ કરી લીધો છે. આ રહસ્યને સમજાવતી નિરોધલક્ષણ ગ્રંથની પંક્તિ છે; "**हरिमूर्तिः सदा ध्येया संकल्पादपि तत्र हि ।**"

આ ડોશીમા કેવલ સેવાસક્ત નથી પણ ગુણનિરોધરૂપ કથાસક્તિ પણ એમને સિદ્ધ છે. વાર્તા કહે છે કે, "**रात्री को पोथी बांचे ।**" માજીની કથાસક્તિને પ્રતિસાદ આપતાં નિરોધલક્ષણ ગ્રંથ ગુંજન કરે છે કે; "**गुणगाने सुखावाप्तिः गोविन्दस्य प्रजायते ।**"

પોતાની સાથે રમણ કરવા પ્રભુએ આ સૃષ્ટિને પ્રકટ કરી છે અને જો જીવ કેવલ આત્મરતિમાં જ વિભોર હોય, તો ભગવાનને એની સાથે બન્ને પક્ષે ખેલવાનો જે મનોરથ છે તે સાર્થક થતો નથી તેથી જ ગ્રંથ કહે છે; "**यथा तथा शुकादीनां नैवात्मनि कुतोऽन्यतः ।**" પરંતુ આ માજીની તો એમની આત્મરતિથી પ્રેરાઈને સિદ્ધ થયેલ ભગવદ્ રતિ છે. કારણકે એમણે પોતાના દેહેન્દ્રિયાદિને મદનમોહનજીમાં વિનિયુક્ત કર્યાં છે. નિરોધલક્ષણ ગ્રંથ કહે છે; "**संसारावेशदुष्टानाम् इन्द्रियाणां हिताय वै । कृष्णस्य सर्ववस्तूनि भून्म ईशस्य योजयेत् ॥**" સેવા

સમયે આ માજીનું ઠાકુરજી સંગ બાહ્ય રમણ છે અને અનોસરમાં આંતરરમણ. ગ્રંથ કહે છે; "दर्शनं स्पर्शनं स्पष्टं तथा कृतिगती सदा, श्रवणं कीर्तनं स्पष्टं ." ડોશીમાની પ્રભુ સંગ આવી અખંડ રમણાત્મક અવસ્થા છે. આવી વિરલ દશાને નિર્દેશિત કરતાં ગોપાલદાસજી ગાએ છે; "અખંડલીલા કલિકાલમાં બડભાગી નર જોશે."

મહાપ્રભુજીની દૃષ્ટિએ આત્મરતિથી પ્રેરિત થતી ભગવદ્ રતિનો પાંગરતો ગ્રાફ, આ માજીની વાર્તામાં કેવી રીતે ગર્ભિત છે તેના અદ્‌ભુત દર્શન કરવા જેવાં છે. સૃષ્ટિનો આવિર્ભાવ થયો તે પહેલાં ભગવાન એકલા છે અને પોતાની "આત્મરતિ"માં વિભોર છે. "આત્મરતિ"માં જે "આત્મ" શબ્દ છે, એમાંથી સૃષ્ટિના પ્રાકટ્ય વખતે "અહંતા" પ્રકટ થઈ છે અને એમાંથી "જીવ" આવિષ્કૃત થયો છે અને એમાંથી જીવને "દેહાદિનો અધ્યાસ" થયો છે. તેમજ પ્રભુની "આત્મરતિ"માં જે "રતિ" શબ્દ છે તેમાંથી જીવની "મમતા"નો આવિર્ભાવ થયો છે અને તેમાંથી "દેહાદિ." એના કારણે જીવને "વિષયાસક્તિ" થાય છે. આના સંપૂર્ણ ગ્રાફ તરફ એક વખત દૃષ્ટિ કરીને પછી, આ માજીને વિઠ્ઠલેશપ્રભુએ કેવી રીતે અંગીકાર કર્યા છે, એના અખિલ processનાં આ વાર્તામાં દર્શન કરી લઈએ.

ભગવાનની આત્મ - રતિ

| આત્મ | રતિ |
|---|---|
| ↓ | ↓ |
| અહંતા | મમતા |
| ↓ | ↓ |
| જીવ | દેહાદિ |
| ↓ | ↓ |
| દેહાદિનો અધ્યાસ | વિષયાસક્તિ |

સિદ્ધાંત રહસ્ય ગ્રંથમાં મહાપ્રભુજીએ "**ब्रह्मसम्बन्धकरणात् सर्वेषां देह जीवयोः**" કહ્યું છે, એમાં "દેહ" શબ્દ "રતિ"ની પરંપરામાંથી પ્રકટ થતી મમતામાંથી પ્રકટ છે અને "જીવ" શબ્દ અહંતામાંથી આવિષ્કૃત થયેલ છે. આમ ગદ્યમન્ત્રમાં અહંતા અને મમતાનું દેહેન્દ્રિયાદિ સહિત નિવેદન છે. ગુસાંઈજીએ આ માજીની અહંતા અને મમતાને કેવી રીતે ભગવદીય બનાવી તે દર્શનીય છે. કોઈ પણ જીવને થતો દેહાદિનો અધ્યાસ અને વિષયાસક્તિ મોહજનક છે. પરંતુ માજીની આવી મોહજનક અવસ્થા તો એમની નાનપણની ઉંમરમાં જ ઓસરી ગઈ છે. કયા દિવસથી એ મોહમાંથી મુક્ત થયાં, એ વાર્તા સમજાવે છે; "**पाछें बेटी ने आय कै दंडवत् करी । तब श्रीगुसांईजी कृपा करि कै वाकों बेगि न्हवाय कैं नाम ब्रह्मसंबंध करवायो । पाछें एक श्रीमदनमोहनजी कौ स्वरूप वैष्णव ने श्रीगुसांईजी पास पधरायो हतो । सो यह सेठ की बेटी के माथे पधराय दिये ।**"

શ્રીઆચાર્યચરણ સમજાવે છે કે દેહાદિનો જે અધ્યાસ છે તે "પ્રમાણ" અને "સાધન"થી નિવૃત થાય છે. ડોશીમાના આ અધ્યાસને પોતાના "પ્રમાણ" રૂપ વચનથી નિવારવા, શ્રીગુસાંઈજી એમને કહે છે; "**ठाकुरजी याही भांति के होत है ।**" આ વચન સાંભળીને માજીને, પોતાના સેવ્યસ્વરૂપના પરમ પુરુષોત્તમત્વનું "પ્રમાણ" મળી જાય છે અને એ ભાવથી પ્રભુને અવલોકે છે. દેહાદિના અધ્યાસના નિરાકરણનું "સાધન" બતાવતાં વિઠ્ઠલેશપ્રભુ આ વૈષ્ણવને આજ્ઞા કરે છે કે; "**जो-अरी ! तू इन की सेवा आछीं भांति सों करियो ।**" અને તે દિવસથી આ વૈષ્ણવ પ્રભુની સાધનાત્મિકા તનુવિત્તજા સેવામાં પ્રવૃત થઈ જાય છે. માજી પર નિતાન્ત કૃપા કરી શ્રીગુસાંઈજી એમને પ્રમાણયુકત વચન અને સાધન સમજાવે

છે તેથી અહીં સર્વોત્તમજીનું પ્રકટ નામ છે; "कृपयैतत्कथा प्रदः" અને નામરત્નાખ્યનું પ્રકટ નામ છે; "गोपी सम्बन्धि सत्कथः ." આ સાંભળીને માજીમાં વ્રજભક્તોનો ભાવ પ્રકટ થાય છે. તેવી જ રીતે "મમતા"માંથી પ્રકટ થતી વિષયાસક્તિને નિવારવા મહાપ્રભુજી કથિત ઉપાયો છે "પ્રમેય" અને "ફલ." ડોશીમાને આવા વિષયાસક્તિના અધ્યાસમાંય વિમુક્ત કરવા શ્રીગુસાંઈજી એમને પ્રમેયાસક્તિમાં વાળે છે અને એમને માથે ઠાકુરજી પધરાવીને એમને આજ્ઞા કરે છે કે; "इन ही में तू मन लगाइयो ।" આના કારણે આ વૈષ્ણવની મમતા મદનમોહનજીમાં જોડાઈ જાય છે. ઠાકુરજીનો એમને સદા સાનુભાવ છે. ડોશીમા ફલાવસ્થામાં વિલસવા લાગે છે. પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિમાં કે આત્મરતિથી પ્રેરિત થઈને માજી ભગવદ્રતિમાં વિમગ્ન બની જાય છે. પલપલમાં એમની પ્રભુ પ્રત્યેની ભક્તિ અભિવૃદ્ધિ પામે છે. કીર્તનમાં ગવાયું તેમ; "કમલ કલિ રવિ જયોં બઢે લાલ છિન છિન પ્રીતિ વિશેષ." સદાનંદ કૃષ્ણનાં આનંદ અને પરમાનંદની લહેરોમાં આ ડોશીમા અસ્ખલિત હિલોળા લે છે. એમની આ અવસ્થા સમજાવતાં નિરોધલક્ષણ ગ્રંથ ઉદ્‌ઘોષ કરે છે; "ये निरुद्धास्त एवात्र मोदमायान्त्यहर्निशम् ।"

એમાંય આ ડોશીમા મદનમોહનજીની એક સ્વરૂપાસક્તિમાં વિભોર છે. ઠાકુર કોઈ અન્ય રૂપમાં પણ હોઈ શકે, એનાથી આ ડોશીમા અણજાણ છે કે આ વાતને કલ્પી પણ શકતાં નથી. આવા એક સ્વરૂપાસક્તિવાળા, ડોશીમાની અન્ય ઠાકુરજીનું રૂપ જોઈ શી પરિસ્થિતિ થાય છે તે વાર્તા સમજાવે છે; "सो उन वैष्णवन कीं झांपी खोलीं । सो श्रीबालकृष्णजीं कौ स्वरूप देख्यो । सो नीचे उपर देखि कै चक्रत व्है रहीं । मन में कहीं, जो-इन के हाथ पांव टेढे होंय रहे हैं । हाथ में लडुवा है । ऐसें

श्रीठाकुरजी क्यों भए ? मैं श्रीगुसांईजी सों प्रथम पूछि लीनी हती, जो-श्रीठाकुरजी ऐसे ही होत हैं ? तब श्रीगुसांईजी कहे, हां ऐसे ही होत हैं । जो मेरे श्रीठाकुरजी से बडे होंइ मुरली बजावे तब जानिए, जो - यह वैष्णव हू ठीक है ।" આ માજીને મદનમોહનજીનાં રૂપ અને ગુણ ચિત્તમાં બેસી ગયાં છે તો એમના ઠાકુરજીનેય સેવકના રૂપ ગુણ મનમાં સ્થિર થઈ ગયાં છે. તેથી જ માજીને બાલકૃષ્ણજીમાં મદનમોહનજીનો ભાવ આવ્યો છે તો બાલકૃષ્ણપ્રભુ પણ મદનમોહનજીના આવેશમાં આવી જઈને જાણે માજી પાસે માંગી રહ્યા છે. "મોહન માંગત અપનો રૂપ." (નંદદાસજી). અર્થાત્ "માજી મને મદનમોહનજીનું રૂપ આપો !" ભક્તવશ્યતાની આ અનિર્વચનીય અવસ્થા છે.

મહાપ્રભુજીની પુષ્ટિભક્તિ ચિકિત્સા કે ઈલાજ નથી પણ સ્વાસ્થ્ય છે. તેથી ઠાકુરજીને એમનું મદનમોહનનું રૂપ આપી પ્રભુને સ્વસ્થતા પ્રાપ્ત કરાવવા ડોશીમાએ ઈલાજ શરૂ કરી દીધો છે. માજીના રોમરોમમાં, મદનમોહનજીનું જે રૂપ સુસ્થિર છે, એ રૂપ બાલકૃષ્ણજીમાં પ્રકટ કરવા માજી ઉપાયો કરવા લાગે છે. વાર્તા કહે છે; "पाछें तत्काल उठि कै कोटरी में तें तेल ले कै जायफल धिसि कै डार्यो । कस्तूरी धिसि कै डारी । अंगीठी दुहेरी धरी । श्रीठाकुरजी कों आछे रुइ कै बिछोना मोटे पर पधराए । हाथ पाँव श्रीअंग में तेल लगाय मर्दन करन लागी । और अति दीन होई बचन कहन लागी । जो - महाराज ! सीतकाल कौ तुमकों बडो दुःख भयो । जो हाथ-पाँव टेढे होइ गए । या वैष्णव कों तोऊ ज्ञान न भयो ।" હવે ઠાકુરજી વિચારે છે કે "जो-देखो ! या बाई को कैसो सूधो भाव है ? तातें मैं जहां तांई हाथ-पाँव सूधे न करूंगो । तहां तांई यह छोडेगी नाहीं । राजभोग की सामग्री सीतल होइ जाइगी । तहां तांई याहू के ठाकुर भूखे बैठे

**रहेंगे । और यह तो प्रेम बिवस होइ गई है । या प्रकार श्रीठाकुरजी ने बिचारि कै आप हू प्रेम बिवस होइ कै हाथ-पाँव तत्काल सूधे करि दिये । ठाठे होंई मुरली मनोहर भए । जैसे याके ठाकुर हते तैसे ही स्यामसुंदर मुरली मनोहर भए ।"** આ પ્રસંગમાં બાલકૃષ્ણજી મદનમોહનજી ન બનત તો ? નિરોધલક્ષણ ગ્રંથ સમજાવે છે કે; **"तदा भवेद दयालुत्वम् अन्यथा क्रूरता मता ।"** બ્રહ્મની વાચક વાચ્ય શક્તિ જીવમાં extend થાય છે તો આવા ભગવદીયમાં આ શક્તિ પ્રાચૂર્યથી અવસ્થિત હોય તે સ્વાભાવિક છે. તેથી માજીએ બાલકૃષ્ણજીને મદનમોહનજી રૂપથી વાચ્ય કર્યા તો પ્રભુ પણ દેવત્વની આધિદૈવિક શક્તિના કારણે મદનમોહનજી બની ગયાં. **यो यथा माम् प्रपद्यन्ते** ના સિદ્ધાંતાનુસાર. પ્રભુના દેવત્વના સંદર્ભમાં આ theologyનો concept છે. મદનમોહનજીમાં આસક્તિ થવી એ માજીનો સ્વભાવ છે અને બાલકૃષ્ણલાલને મદનમોહનજીરૂપે ઘડવા એ ડોશીમાનું "અલૌકિક સામર્થ્ય" છે. અહીં ભક્તવશ્ય અવસ્થામાં ઠાકુરજીનો ગૂઢ સ્ત્રીભાવ પ્રકટ થઈ જાય છે. માજીના કેવા કોમલ અને પ્રગાઢ ભાવ પાસે પ્રભુની પરવશતા પ્રકટ થઈ ગઈ છે, એના પર પ્રકાશ પાડતાં વાર્તા કહે છે; **"(माजीके) हृदय में अग्नि सी उठी । जो-हाय हाय, श्रीप्रभुजी कों ऐसो दुःख देखि कै मेरी देह न छूटी ? या भांति कहि कै तेल मसलन लागीं ।"**

ભક્ત ભોગ્ય બને એ પુષ્ટિભક્તિમાર્ગની મર્યાદા છે અને ભગવાન ભોગ્ય બને ત્યારે ભક્તની અંગીકૃતિ થઈ ગણાય છે. આવી અંગીકૃતિના આવેશમાં, મહાપ્રભુજી અને ગુસાંઈજીએ, પ્રભુની રક્ષા કરવા માટે, પોતાના સેવકોને વ્રજભક્તો જેવું જ સામર્થ્ય આપ્યું છે. આ અવસ્થામાં ઠાકુરજી માજીને વશીભૂત થાય છે ત્યારે માજી તો સ્નેહ ધર્મી

બની જાય છે અને પ્રભુ ધર્મ. એટલે જ તો આવા ભગવદીય શ્રીજીના મંદિર પર ધજા રૂપે બિરાજે છે. "ગોપી પ્રેમ કી ધજા, જીન ગોપાલ કિયો અપને વશ." સર્વોત્તમજીના "**भक्तपरायण**" નામના અહીં પ્રકટ દર્શન છે અને નામરત્નાખ્યના "**भक्तवश्यो** ."

આચાર્યચરણ અને પ્રભુચરણની નિતાન્ત કૃપાથી ચોરાસી-બસોબાવન વૈષ્ણવોના ભાવો વ્રજભક્તોના સમકક્ષ છે. તેથી પૂતનાવધ પછી જેમ યશોદાજી અને ગોપીજનોએ, પ્રભુના રક્ષણ માટે, ગાયનું પૂંછડું ફેરવીને મંત્રોચાર કર્યો, તેમ અહીં માજી પણ ઠાકુરજીના શ્રીહસ્ત અને શ્રીચરણ જકડાઈ ગયા છે એમ માની તેલની માલીશ કરવા લાગે છે. ડોશીમાના અગાધ ભાવના તેલની માલીશથી, શ્રીબાલકૃષ્ણલાલજી, વારી જઈને, એકદમ ઠાડા થઈને, માજીને standing ovation આપે છે. બાલકૃષ્ણલાલજીનું, માજીએ જે આવી રીતે રક્ષણ કર્યું એના ભાવનો વિલાસ શ્રીસુબોધિનીજીમાં અવલોકી લઈએ. "**ननु भगवानर्यामिति ज्ञात्वा कथं रक्षां चक्रुस्तत्राह बलस्येति यतो भगवान बालभाव प्राप्तः अतो यथान्यउपचारास्तथैतदपि कर्तव्यमित्यर्थ ।**" આચાર્યજીએ આપણા માથે પૂર્ણપુરુષોત્તમ પધરાવ્યા છે, તે પ્રભુ કોમલતમ બાલક પણ છે, એવો વિરુદ્ધધર્માશ્રયનો ભાવ સેવકે કેળવવાનો છે.

આ પ્રસંગની એક વિલક્ષણતા એ છે કે માજી પોતાના ઠાકુરજીને સર્વસ્વ માનતા હોવા છતાંય અન્યના ઠાકુરજીને ન્યુન નથી માનતાં. માજીનો આવો ઉત્કૃષ્ટ ભાવ જોઈને પણ તો બાલકૃષ્ણલાલ ઠાડા નહિ થઈ ગયા હોય ને ? આવી ઉન્નત ભાવાવસ્થામાં વિદ્યમાન ડોશીમાના લોક, વેદાદિ દેખાવાના

બંધ નથી થઈ ગયાં, પણ એમને પોતાના પ્રભુને જ જોવાની જે પરિનિષ્ઠા છે, એના કારણે, આ ભગવદીયને લોકવેદની વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ રૂપ નિરોધ સિદ્ધ છે. સર્વત્ર એમને, સર્વભાવાત્મક એવા પરમાત્માના એકત્વનો અનુભાવ દૃઢ છે. આ ભગવદીયને થતાં પ્રભુના આવા અનુભાવની વિલક્ષણતા સમજવા જેવી છે. આનંદાત્મક પ્રભુનો એક એવો dynamic process છે કે આનંદપ્રચૂર કૃષ્ણ, જયારે આત્મરમણ કરે છે ત્યારે પોતાની નામરુપાત્મક સૃષ્ટિમાંથી પોતાના રમણને withdraw કરે છે અને જયારે નામરૂપાત્મક રમણ કરવા ચાહે છે ત્યારે પરમાત્મા સૃષ્ટિને પ્રકટ કરે છે. આ માજીની વાર્તાની અનિર્વચનીય ખૂબસૂરતી એ છે કે, ડોશીમા, પ્રભુને નામરૂપાત્મક અને આત્મરમણમાંથી મુક્ત કરી, પોતાની સાથેના રમણમાં વિભોર કરી દે છે. ચિત્તચોરના ચિત્તચોર બનીને. આ અવસ્થામાં સાધ્ય, સાધનની ચાહના કરી રહ્યા છે. વાસ્તવમાં તો માજી અને મદનમોહનજીનો પરસ્પર નિરોધ સિદ્ધ થઈ ગયો છે અને એટલે જ એમનો નિરોધ દૃઢ છે. મહાપ્રભુજી સુબોધિનીજીની કારિકામાં તેથી જ સમજાવે છે કે; "**निरोधो यदि भक्तानां स्वस्मिन् स्वस्य च तेषु च तदोभयसुसम्बन्धाद् दृढो भवति नान्यथा ।**"

માજીમાં, મદનમોહનલાલજી માટે એક સ્વરુપાસક્તિ હોવા છતાંય, એમનો પ્રભુ માટે નિરુપાધિક સ્નેહ છે. આવા નિરુપાધિક સ્નેહને નિરુપિત કરતું સર્વોત્તમજીનું નામ છે; "**स्वार्थोज्झिताखिल प्राण प्रियः**" અને નામરત્નાખ્યમાં નામ છે; "**निवेदि भक्त सर्वस्वं .**" દયારામભાઈની પંક્તિની માધ્યમથી આ ભગવદીયનાં આવાં દુર્લભ સ્નેહનાં દર્શન કરી લઈએ.

"રૂપ, ગુણ, દ્રવ્ય ત્રણ એ કારણ
પ્રીત થવાનાં કહાવે,
એ ત્રણ વિકાર રહિત સહજ સ્નેહ
તે કૃષ્ણને ભાવે.
ભાવે એ પ્રેમે વ્હાલો વશ થાય
તેને મૂકી ક્ષણ દૂર ન થાય."

પ્રભુના એક અનિર્વચનીય સ્વરૂપ રહસ્યના માધ્યમથી, આ વાર્તામાં, એક વિલક્ષણ તત્વનાં દર્શન કરી લઈએ. પરબ્રહ્મ કૃષ્ણતત્વ એક આનંદનો irrevocable phenomena છે. આવા શ્રીકૃષ્ણના આનંદના ઉદ્રેકથી જે એક નિષ્પ્રયોજન ક્રિયમાન કૃતિ પ્રકટ થાય છે તે લીલા છે. આનંદસાગર મદનમોહનજીની, આનંદ સ્વરૂપમાંથી, પ્રકટ થતી આનંદાત્મક કોમલ તરંગોનાં રમણીય દર્શન વાર્તામાં કરી લઈએ. "**या प्रकार श्रीठाकुरजी ने बिचारि कै आप हू प्रेम बिवस होइ कै हाथ-पाँव तत्काल सूघे करि दिये ।**" "**हाथ-पाँव सूघे किये**" એ આનંદના ઉદ્રેકમાંથી પ્રકટ થતી ભક્તવત્સલ પ્રભુની ક્રિયમાન લીલા છે. લીલા એ કોઈ sport નથી કારણકે sport માં જીતવાની કામના હોય છે. તેથી sport નિષ્પ્રયોજન નથી હોતું પણ લીલા તો પરમાત્માના આનંદની એક corrolary છે. **आनंदस्य मीमांसा भवन्ति** . આનંદની મીમાંસાનું નિષ્કર્ષરૂપ રહસ્ય એ છે કે આનંદમયતા એ કૃષ્ણ તત્વનું "સામર્થ્ય" છે, "સ્વભાવ" છે, તેમ પ્રભુની "લાચારી" પણ છે. આનંદરૂપતા એ કૃષ્ણનું "સામર્થ્ય" છે તો એને અનુરૂપ સર્વોત્તમજીનું નામ છે; "**पूर्णानंदः**" અને નામરત્નાખ્યમાં નામ છે; "**सदा प्रसन्न वदनो** ." આનંદમયતા પ્રભુનો સ્વભાવ છે તો એને પ્રતિપાદિત કરતું સર્વોત્તમજીમાં નામ છે; "**पूर्णकामः**" અને નામરત્નાખ્યનું

નામ છે; "मुग्ध-स्मित-मुखाम्बुजः ." આનંદ પ્રભુની "લાચારી" હોવાથી સર્વોત્તમજી કહે છે; "भक्त मात्रासक्तः" અને નામરત્નાખ્ય પ્રકાશીત કરે છે; ગુસાંઈજીનું "भक्त कृते वशः" નામ.

પૂર્ણપુરુષોત્તમની આનંદની "લાચારી"ના કારણે ઠાકુરજીની વશીભૂત લીલાનાં દર્શન આ વાર્તામાં અદ્ભુત રીતે થાય છે. ઠાકુરજીને કથપૂતલી બનાવીને જેમ ગોપીજનો એ નમાવ્યા છે, એવી જ પરિસ્થિતિ બાલકૃષ્ણલાલજીમાંથી મદનમોહનજી બનેલાં કૃષ્ણની આ માજી પાસે છે. આવી અવસ્થાનું વર્ણન કરતાં આચાર્યજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે; "गोपिकावशो भूत्वा दारुपुत्रिकावन् नृत्यंति गायंति च ।" આ વાર્તામાં પ્રકટ થતું રહસ્ય એ છે કે પુષ્ટિભક્તિમાર્ગનું તત્વ ગૂઢ સ્ત્રીભાવયુક્ત ભગવાન શ્રીકૃષ્ણ છે. "स्त्रीभावो गूढः पुष्टिमार्गे तत्व इति कृष्ण पदार्थः ।" કૃષ્ણનો આવો સ્ત્રીભાવ, લજજાયુક્ત બનીને વિશેષતઃ ગૂઢ રહે છે. પરંતુ માજીની નિતાન્ત નિષ્કામ પ્રીતિના કારણે, એ ગૂઢભાવ પોતાની લજજા ત્યજીને, માજી પાસે પ્રકટ થઈ ગયો છે. તેથી જ વાર્તાના ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છે કે; "जो-प्रभु तो भावप्रींति के आधीन हैं।" તો જેને કૃષ્ણ આધીન છે એવા માજી માટે, વાર્તાના અંતમાં શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે; "सो उह डोकरी श्रीगुसांईजी की ऐसी कृपापात्र भगवदीय हतीं । तातें इनकी वार्ता कहां तांई कहिए ।" માજીની આવી અનિવર્ચનીય અવસ્થાનું રહસ્ય સમજાવતાં શ્રીવલ્લભ સ્વયં નિરોધલક્ષણ ગ્રંથના છેલ્લા ચરણમાં આજ્ઞા કરે છે કે;

"नातः परतरो मन्त्रो नातः परतरः स्वतः ।
नातः परतरा विद्या तीर्थं नातः परात्परम् ।।"

******

## ષોડશગ્રંથ અને શ્રીસર્વોત્તમજી

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૧૧૭ - તારાચંદભાઈ

"तब श्रीगुसांईजी ताराचंदभाई सों आज्ञा किये, जो-तुम "सर्वोत्तम स्तोत्र" कौ पाठ नित्य करियो । तातें तुम्हारो सब कार्य सिद्ध होइगो ।____ और सर्वोत्तम स्तोत्र कौ स्वरूप जताए, जो-मन कैसो हू चंचल होंई परि श्रद्धापूर्वक सुद्ध बुद्धि सों सर्वोत्तम स्तोत्र को पाठ करें तो वाकौ मन स्थिर होंई । और उत्तम फल की प्राप्ति होंई ।" શ્રીસર્વોત્તમજીમાં વર્ણવેલ શ્રીવલ્લભનું નામાત્મક સ્વરુપ કેવું છે અને આ સ્તોત્રના શ્રદ્ધાપૂર્વક વિશુદ્ધ બુદ્ધિથી કરેલા પાઠથી, કેવી ફલશ્રુતિ ઉપલબ્ધ થાય છે તે સમજવાનો અહીં વિનમ્ર પ્રયાસ છે. શ્રીમહાપ્રભુજીના ઉપદેશરૂપ ષોડશગ્રંથ આદિના નામાત્મક ઉપદેશરૂપ સર્વોત્તમજી હોવાથી, અખિલ ષોડશગ્રંથમાં સર્વોત્તમ સ્તોત્ર કેવી રીતે વ્યાપ્ત છે એને પણ થોડાંક દૃષ્ટાંતો લઈને અવલોકવાનો યત્ન આ લેખમાં છે.

પ્રારંભમાં એટલું સમજવું આવશ્યક છે કે સર્વોત્તમજી કેવલ મહાપ્રભુજીની સ્તુતિ નથી પણ શ્રીવલ્લભના ધર્મ અને દર્શનને ય સર્વોત્તમ સ્તોત્રમાં ગુસાંઈજીએ આવરી લીધાં છે. તેમજ નામરત્નાખ્યનાં નામોનું પણ આવું જ પ્રચંડ સ્વરૂપ છે.

નિરોધલક્ષણ ગ્રંથ કથિત **अहं निरुद्धो रोधेन निरोधपदवीं गतः** એવા આચાર્યજીની નિરુદ્ધતાનું વર્ણન કરતાં સર્વોત્તમજીના ૧૦૮ નામ છે, જેની વાત શ્રીમહાપ્રભુજીએ એક ઉપદેશ મુદ્રાથી ષોડશગ્રંથમાં કહી છે. એ જ વાતને ગુસાંઈજી આ સ્તોત્રમાં નામ મુદ્રાથી કહે છે. તો ઉપદેશ અને નામમુદ્રા એટલે ? પોતાના

બચ્ચાને આપણે કહીએ કે તુ "ડાહ્યો" છે એ "કર્તવ્ય ઉપદેશ" મુદ્રા છે. પરંતુ એ જ બાળકને આપણે કહીએ કે તુ "ડાહ્યો દીકરો" છે તો એ સર્વોત્તમજીની નામ મુદ્રારૂપ છે. તેથી જ સર્વોત્તમજીનો પાઠ ષોડશગ્રંથને અનુકૂલ જ કરવો જોઈએ. જેમકે, ષોડશગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ, પુષ્ટિજીવને, ભગવત્સેવા અને ભગવદ્ કથાની આજ્ઞા કરી છે. તો આવી સેવા અને કથા કેવી રીતે કરવાં તે સર્વોત્તમજીનું **आनंद, परमानंद** નામ સમજાવે છે. સેવા હોય કે કથા હોય, પણ એનાં મૂળિયાં પુષ્ટિજીવનાં આનંદના અભિગમમાં હોવા જોઈએ, તો ભગવત્કૃપા થતાં, એની ફલશ્રુતિ નિરોધ પંથ પર લઈ જનારી બનશે. એટલે જ ગોવિંદદાસજી ગાએ છે કે; "**चित्तमें चिंतन करो अहर्निश उर आनंद उपजावुं.**"

સર્વોત્તમજીના અને નામરત્નાખ્યના નામો ભક્તિનું ઉદ્દીપન કરાવનારાં છે. જેમ કે સર્વોત્તમજીનું "**सहजस्मितः**" નામ અને નામરત્નાખ્યનું તદનુરૂપ નામ "**मुग्धस्मित मुखाम्बुजः.**" આપણા ઠાકુરજી સ્મિત કરીને આપણને સાનુભાવ જતાવતા ન હોય તો આચાર્યજીની "સહજસ્મિત" મુદ્રાનું સ્મરણ કરીને આપણે સ્મિત સહિત ઠાકુરજી સન્મુખ પેશ થઈએ તો પ્રભુ પણ આપણા સ્મિત નો પ્રતિસાદ સ્મિતથી આપવા, શ્રીવલ્લભની કા'ની થી પ્રેરાય છે. બાળક હસતું ન હોય અને તેને આપણે હસીને હસતું કરી દઈએ તેમ.

પરંતુ, પુષ્ટિજીવ જો ભગવત્સેવા જ કરતો ન હોય તો સર્વોત્તમજીના નામથી પોતાના ભાવને ઉદ્દીપન કર્યા પછી એને ફલિત શું થવાનું ? જીવને માથે ઠાકુરજી કયારે પધારે એની પ્રચૂર આર્તિમાં તો આચાર્યચરણે ત્રણ ત્રણ વખત પૃથ્વી પર પરિભ્રમણ કર્યું છે. આ શ્રીવલ્લભની ચર્ષણી શક્તિ છે. **चर्षण्योपि**

**परिभ्रमणशक्त्यः**. મહાપ્રભુજીની આવી ચર્ષણી શક્તિ સર્વોત્તમજીમાં વિદ્યમાન છે અને તેથી જ સર્વોત્તમસ્તોત્ર, ભગવત્સેવામાં આવતા જીવના પ્રતિબંધો દૂર કરનારું છે. **विनियोगो भक्तियोग प्रतिबन्ध विनाशने** । આ સ્તોત્રની કૃપાથી, જીવને પ્રભુ માટે તાપ અને ભાવ જાગે છે. અવતાર દશામાં જેમ આચાર્યજીએ પુષ્ટિજીવને પકડી પકડીને સેવા કરાવી છે તેમ અનવતાર અવસ્થામાં સર્વોત્તમજીનું નામ કરાવે છે અને આ સ્તોત્રની કા'નીથી, વૈષ્ણવને, પોતાના ઠાકુરજી સર્વસ્વ લાગવા માંડે છે.

ઘરમાં સેવા બિરાજતી હોય તો સર્વોત્તમજીનો પાઠ, જીવમાં સમર્પણનો ભાવ જગાડે છે અને એના ઠાકુરમાં, જીવ માટે, કૃપાનો. **कृपानिधिः** નામનું આવું રહસ્ય છે. આને અનુરૂપ શ્રીવિઠ્ઠલેશનું નામ છે; **कृपासिन्धुः**. સર્વોત્તમજી જે પુષ્ટિભક્તમાં સ્ત્રી કે સમર્પણભાવને જગાડે છે એનું નિવારણ હરિ પણ કરી શકતા નથી. શ્રીગુસાંઈજીએ અંતમાં જે "**सिद्धिमुक्तां प्राप्नोति**" કહ્યું છે તેનું આવું રહસ્ય છે. કૃષ્ણના સુખ માટે, પોતાના ઘરમાં પોતાના ઠાકુરના મનોરથો કરવાની સર્વોત્તમ પ્રેરણા આપે છે અને કૃષ્ણની નિષ્કામભાવથી સેવા પણ સર્વોત્તમ કરાવે છે.

આંખ મીચોલીની રમતમાં આપણાથી છૂપાઈ ગયેલા કૃષ્ણની ખોજ કરી આપનાર સર્વોત્તમજી છે. આ ખોજની intiative લેતું આચાર્યજીનું નામ છે; "**दैवोद्धारप्रयत्नात्मा.**" આપણા અંતરમાં નિરોધલક્ષણ ગ્રંથ કથિત **यच्चदुःखं यशोदाया**ની પીડા પ્રકટ કરાવનાર સર્વોત્તમજી છે તો એ પીડાનું શમન કરી સંયોગમાં ગોષ્ઠના સુખનો આનંદ આપનાર પણ શ્રીવલ્લભનું "**स्मृतिमात्रार्तिनाशनः**" નામ છે.

**कलिकाल तमच्छन्न दष्टित्वाद् विदुषामपि ।** કલિકાલમાં વિદ્વાનોની બુદ્ધિમાં પણ અજ્ઞાન વ્યાપ્ત થઈ ગયું છે. સંસારના પ્રપંચના માહાત્મ્યની વિસ્મૃતિપૂર્વક પ્રભુના માહાત્મ્યની સ્વીકૃતિ કરાવનાર સર્વોત્તમજી છે. નિરોધની દિશામાં પુષ્ટિમાર્ગીયનું આ પહેલું કદમ છે. બીજા stage માં સર્વોત્તમજી અન્યાશ્રય ત્યાગપૂર્વક કૃષ્ણાશ્રય કરાવે છે. **पृथकशरणमार्गोपदेष्टा श्रीकृष्णहार्दवित्.** ત્રીજા stageમાં આ સ્તોત્ર પ્રપંચ વિષયમાં અરુચિ સાથે પ્રભુમાં રુચિ કરાવી પુષ્ટિજીવને નિરુધ્ધ કરાવે છે. શ્રધ્ધા અને ભાવપૂર્વક સર્વોત્તમનો પાઠ કરવાથી આચાર્યજીનું પરોક્ષરૂપે સાનિધ્ય મળે છે અને એના કારણે, મહાપ્રભુજીનું કૃષ્ણમાં પ્રેમ જગાડનારું આ નામ, એ જીવ માટે active થઈ જાય છે. **"सान्निध्य मात्र दत्त श्रीकृष्णाप्रेमा विमुक्तिदः."** આ જ ભાવને અનુલક્ષીને શ્રીગુસાંઈજીનું નામરત્નાખ્ય સ્તોત્રમાં નામ છે; **"व्रजेश्वर प्रीतिकर्ता ."**

**तदुक्तमपि दुर्बोधं सुबोधं स्याद् यथा तथा** એ સર્વોત્તમજીના પાઠનું important રહસ્ય છે. અર્થાત્ ષોડશગ્રંથાદિમાં આચાર્યજીની જે દુર્બોધ વાણી છે તેને સુબોધ કરાવનારું સર્વોત્તમસ્તોત્ર છે. આ ભાવને સમજાવતાં ગોવિંદદાસ ખવાસ ગાય છે; **"अति तदुक्त दुर्बोध जानि जिय कियो सुबोध श्रीविठ्ठलेश । शत अष्टोत्तर नाम दान दे महा अघ हर्यो मिटायो क्लेश ।"** સર્વોત્તમજીનાં કારણે મહાપ્રભુજીની વાણી સમજાય છે, આ વાણીમાં રુચિ થાય છે અને એને જીવનમાં ઉતારવા પુષ્ટિજીવ અભિપ્રેત થાય છે. મહાપ્રભુજીના ઉપદેશને સમજવો હોય તો એ ઉપદેશ દેવાવાળા શ્રીવલ્લભના ચરિત્રને આપના નામથી સમજવું અનિવાર્ય છે. તેથી જ આચાર્યચરણની વાણીનું અવગાહન કરવાનો જેનો આગ્રહ નથી એના માટે

સર્વોત્તમજી અનાવશ્યક બની જાય છે. મહાપ્રભુજીના ઉપદેશનો સાચો અર્થ કરી શકીએ તેના માટે શ્રદ્ધાથી સર્વોત્તમજીનો પાઠ કરવાથી ઉપદેશ પાળવાની નિષ્ઠા આવે છે. એવા વૈષ્ણવ સાથે બોલવા શ્રીવલ્લભ મુસકાય છે.

પ્રભુમાં સ્વરૂપનિષ્ઠા જગાડનારું સર્વોત્તમજી છે, જેના લીધે ભગવાનનું નામ, લીલા, સેવા, ગુણગાન એવા પ્રભુના સર્વ facets accept કરવા પુષ્ટિજીવનું મન અભિપ્રેત થાય છે. આને દૃષ્ટાંતથી જોઈએ. "कृष्णानाम सहस्त्रस्य" નામ પ્રભુના નામમાં પ્રીતિ કરાવનાર છે, તો "तल्लीला प्रेमपूरितः" નામ ભગવલ્લીલામાં મનનું અનુસંધાન લઈ જનારું છે. તેથી જ આચાર્યજીની વધાઈમાં ગવાયું કે "નંદઘરકી સુભગ લીલા પ્રકટ જનન દિખાઈકે." પરંતુ જેના માથે ઠાકુરજી બિરાજતા નથી, એના માટે, સર્વોત્તમજી સ્વરૂપનિષ્ઠા કેવી રીતે જગાડશે ? સર્વોત્તમજીનાં નામો જેને ફલિત થયાં છે એવા પુષ્ટિજીવને સાધનો કરવા છતાંય, એમને નિષ્ઠા સદા પ્રભુની કૃપાથી રહે છે. પ્રભુ માટે આવી નિષ્ઠા આવિષ્કૃતિ થાય એ નિરોધનું પ્રથમ ચરણ છે.

"ब्रह्मवाद निरूपकः" નામ પુષ્ટિજીવની બુદ્ધિને અન્ય સાધન વિસ્મૃતિપૂર્વક બ્રહ્મવાદમાં લગાડે છે આને parrell શ્રીગુસાંઈજીનું નામ છે; "प्रिय श्रुतिपथः." બ્રહ્મવાદની વ્યાપકતાને સાધન બનાવી આવો વૈષ્ણવ साकारब्रह्मवादैक स्थापको એવા કૃષ્ણને ધ્યેય બનાવે છે. જગતના આવા વિલક્ષણ આશ્ચર્યને પ્રકટ કરતું શ્રીવિઠ્ઠલેશનું નામ છે; "जगदाश्चर्यरसकृत्." આ રહસ્યને પ્રકટ કરતી સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથની પંક્તિઓ છે. "अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर् विधीयताम् ।" બહાર બિરાજતાં

ભજનીય આનંદરૂપ કૃષ્ણમાં પુષ્ટિજીવને સમર્પિત કરાવી સર્વોત્તમજી, પુષ્ટિજીવમાં, એ જ કૃષ્ણના ભાવાત્મક સ્વરૂપને એના અંતરમાં ય પધરાવે છે. અર્થાત્ બહાર બિરાજતાં આનંદરૂપ કૃષ્ણને **आत्मानंद समुद्रस्थ** રૂપે ભક્તના અંતરમાં પધરાવી સર્વોત્તમજી, "**परमानंद**" નામનો વિલાસ પ્રકટ કરે છે. મહાપ્રભુજીની વધાઈના ચોખરામાં એટલે જ ગવાયું છે; "પ્રેમ સેવા કરે કરાવે નંદસુત હૃદે રહે." ઠાકુરજીની આવી બાહ્યાભ્યાંતર અનુભૂતિ કરાવવી એ સર્વોત્તમજીનું સમ્યક્ પ્રયોજન છે. સર્વોત્તમજીનું પ્રત્યેક નામ આ દિશામાં લઈ જનારું છે. આચાર્યચરણની કૃપાથી, સહસ્ત્ર પરિવત્સરથી પ્રભુથી વિછુરેલા જીવના તાપની ચિનગારી સર્વોત્તમજી પ્રકટ કરે છે. "**अशेषभक्त सम्प्रार्थ्य चरणाब्ज रजो धनः**" નામની અને ગુસાંઈજીના "**प्रार्थनीय पदाम्बुजः**" નામની ભાવનાથી, જીવમાં આવી તાપની સ્મૃતિ થઈ જાય છે.

સર્વોત્તમજીના નામ લેતી વખતે વૈષ્ણવે શ્રીમહાપ્રભુજીની ઉપસ્થિતિ ભીતર માનવી જોઈએ અને સર્વોત્તમજીના નામની હૃદયમાં પ્રતિષ્ઠા કરવા માટે, ભગવત્સેવા એ બાહ્ય ઉપાય છે. સેવામાં બાહ્ય વિનિયોગ છે અને કથામાં આંતર. સર્વોત્તમજીના નામના પ્રતાપથી, તનુવિત્તજા સેવાથી પુષ્ટિજીવને ભગવાનનો બહાર લાભ કે મોકો મળે છે અને માનસીથી ભીતર. ત્યારે કૃષ્ણને લાગે છે કે આ મારો જીવ છે. કૃષ્ણ દર્શન માટે ભાવ જગાડનારું અને દોડાવનારું સર્વોત્તમજી છે.

કલિકાલમાં વહી જતાં દૈવીજીવોનો ઉદ્ધાર મહાપ્રભુજી અને ગુસાંઈજીએ, પ્રકટ અવતારમાં, રૂપ અને ઉપદેશથી કર્યો છે. અનવતાર કાલમાં રૂપની જગ્યાએ સર્વોત્તમજીનાં નામો અને આચાર્યજીનો ઉપદેશ છે. એ બન્નેનો સમન્વય કરવાથી

સ્વરુપ નિષ્ઠા જાગે છે. પુષ્ટિભક્તિમાર્ગીય ફલને પ્રાપ્ત કરાવનારા સાધનોના ઉપદેશ આપનારા ષોડશગ્રંથો છે. એ સાધનોને જીવનમાં અપનાવે ત્યારે વૈષ્ણવને પુષ્ટિમાર્ગ સિદ્ધ થાય છે.

પુષ્ટિ પ્રવાહ મર્યાદા ગ્રંથમાં આચાર્યજી આજ્ઞા કરે છે કે **"पुष्टि सृष्टि च कायेन"** તેથી જ પ્રભુની સાથેના સાક્ષાત્ સંબંધમાં થતાં વિનિયોગ ભક્તિયોગના પ્રતિબંધોનું સર્વોત્તમજી નિવારણ કરે છે. સ્ત્રીભાવ કે પ્રભુ સાથે રમણાત્મિકા સેવા કરવાનો ભાવ પુષ્ટિજીવના અંતરમાં ન સ્ફૂર્ત થાય તો તે ભક્તિયોગમાં પ્રતિબંધ છે. રમણ એટલે રતિ અથવા આત્મસમર્પણ, જેમાં એ ભાવ જાગે કે હું અને મારા સંબંધિત જે છે તે પ્રભુ અર્થ છે. આ ભાવને જગાડવો એ શ્રીવલ્લભ અવતારનું એક પ્રયોજન છે. "રતિપથ પ્રકટ કરન કુ પ્રકટે કરુણાનિધિ શ્રીવલ્લભ ભૂતલ આયે." આ જ ભાવને અદ્યતનકાલમાં સર્વોત્તમજી અને નામરત્નાખ્ય સ્તોત્ર ઉદ્દીપન કરે છે. પુષ્ટિમાર્ગીય સ્ત્રીભાવ આ છે, એટલે જ દયારામભાઈ ગાય છે કે; "ત્યાં પુરુષોત્તમ એક પુરુષ છે બીજી બધી વ્રજનારી." આવા સ્ત્રીભાવને સ્ફૂર્ત કરવા, સર્વોત્તમજીનો આધાર લઈને, સેવાના સમયમાં વ્રજલીલાનાં પદ ગાવાં જોઈએ. તેના કારણે પ્રભુ માટે આવો રમણાત્મક ભાવ આવિષ્કૃત થશે. આને પ્રતિપાદિત કરતું શ્રીવલ્લભનું નામ છે; **"प्रियव्रजस्थितिः"** કે **"व्रजप्रियः"**. તદનુકુલ શ્રીગુસાંઈજીનું નામ છે; **"श्रीगोकुल कृतावासः"** અને **"कालिन्दी पुलिन प्रियः."** ભાવોદ્બોધન માટે ગીત કે કીર્તનનો મહત્વનો role છે. **रसकृत् उपदेशात्**. આવી રીતે પુષ્ટિજીવ જો ભગવદ્ અનુરાગી બને તો પ્રભુ ભક્તકામી બને છે. સિદ્ધાંતરહસ્ય ગ્રંથ પ્રકટ કર્યો તે પહેલા દૈવીજીવને પ્રભુને અંગીકાર કરાવવાની શ્રીઆચાર્યજીની

જે મહદ્ ચિંતા હતી તેના કારણે પ્રભુ ભક્તકામી બન્યા છે, અર્થાત્ મહાપ્રભુજીની ચિંતાના કારણે કૃષ્ણએ, પુષ્ટિજીવમાં ભગવદ્ રતિ પેદા કરીં છે. આચાર્યજીના "**पतितपावनः**" નામના સ્મરણ થકી આવા રમણમાં, પ્રભુ જીવના સર્વ દોષોનું વિસ્મરણ કરીને એની સેવાનો સ્વીકાર કરે છે. "**पतितपावनः**" નામને corresponding શ્રીમદ્પ્રભુચરણનું નામ છે; "**महापतितपावनः**" અથવા તો "**धवलीकृतमेचक.**" સ્ત્રીભાવના અભાવમાં પુષ્ટિજીવ ભગવાન સાથે જોડાઈ શકશે નહિ એટલે સર્વોત્તમજી, જીવમાં સ્ત્રીભાવને જગાડનાર છે અને જીવના કાલ, કર્મ, પ્રકૃતિ, પુરુષ, સ્વભાવના પ્રતિબંધોને નિવારનાર છે. આનું વિલક્ષણ રહસ્ય એ છે કે અખિલ સર્વોત્તમજી શ્રીવલ્લભના **रासस्त्रीभाव पूरित विग्रहः**નું નિરુપણ કરે છે. શાસ્ત્રમાં સ્ત્રીનું વર્ણન મુખથી ચરણ સુધી થતું હોવાથી, આ સ્તોત્રના પ્રારંભમાં **कृष्णास्य** એવા શ્રીવલ્લભનું વર્ણન છે અને અંતમાં **अशेषभक्त सम्प्रार्थ्य चरणाब्ज रजोधनः** નું.

સર્વોત્તમજી કહેતાં શ્રીગુસાંઈજી, આચાર્યજીના વાચક છે અને શ્રીમહાપ્રભુજી વાચ્ય બની રહ્યા છે, એ second levelની વાત છે. Primary levelમાં આચાર્યજીના નામનો role ભગવાનના અર્થે છે. તેથી જ, primary levelના સર્વોત્તમજીના અર્થ સમજાવવા ગોકુલનાથજીની લઘુ ટીકા છે અને second level માટે બૃહદ્ ટીકા છે. સર્વોત્તમજીમાં આનંદ, પરમાનંદથી શરૂ કરીને જે એક એક નામનો "મંત્ર" આવે છે તે પુષ્ટિજીવને કૃષ્ણમાં વ્યસન લગાડનારું બને છે. આનું બીજ કરુણા છે. **बीजं कारुणिकः प्रभुः.**

ઠાકુરજીની અધરસુધા એ પ્રભુની "આનંદસારભૂત સુધા"

છે. ઠાકુરજીના અધર લોભાત્મક હોવાથી પ્રભુ એ સુધાનું દાન બહુ જ લોભથી કરે છે. તેથી જ ભગવાનના અધર, પુષ્ટિભક્ત માટે, લોભને અંતર્હિત કરીને ઔદાર્ય પ્રાપ્ત કરે એના માટે સર્વોત્તમજી પુષ્ટિ જીવમાં રતિભાવ જગાડે છે. હરિરાયજી પદમાં કહે છે; "નિત્ય સર્વોત્તમ જપ કરિયે_ _ _ _અધરસુધારસ યાતેં પૈયે, જો અનુદિન ચિત્ત ધરિયે." સ્ત્રી, સમર્પણ કે રતિ ભાવથી સેવા કરવાથી સેવાનો approach ભગવત્સુખાર્થ થાય છે. પ્રભુના સુખનો વિચાર કરીને સેવા કરતાં કરતાં, કૃપા થતાં, ક્યારેક જીવની એવી અવસ્થા આવી જાય છે કે એ પ્રભુ પાસે દાવો કરવાનો અધિકાર પ્રાપ્ત કરે છે કે તમે હવે મારો મનોરથ પૂર્ણ કરો. "**भक्तमात्रासक्तः**" રૂપ સર્વોત્તમનો આ મંત્ર આનું પ્રમાણ છે. તદ્અનુરૂપ શ્રીવિઠ્ઠલેશનું નામ છે; "**भक्तकृतेवशः.**" ભક્તિવર્ધિની ગ્રંથ કથિત "**इत्येवं भगवत् शास्त्रं गूढतत्वं निरूपितम्**" એ ભક્તની આ અવસ્થાનું parellel છે.

"**आनंदः**", "**परमानंदः**" અને "**श्रीकृष्णास्य**" એ મહાપ્રભુજીનાં મુખ્ય નામ છે. બાકીનાં નામો લીલા વિશિષ્ટ છે. "જયોં જયોં નામ રટત રસના હરિલીલા સહિત બસત ઉરધામ." "**परमानंदः**" નામમાં સર્વોત્તમજી, ઠાકુરજીનો સાક્ષાત્ સંબંધ કરાવવાનું સામર્થ્ય ધરાવે છે. પુષ્ટિજીવને સર્વોત્તમજી ભાવભાવાત્મક રમણાત્મિકા સેવા કરાવે છે. સંયોગાત્મિકા ભક્તિમાં રમણના ભાવનો અભાવ થવાથી, સ્ત્રીભાવનો અભાવ થઈ જાય છે એને સર્વોત્તમજી અને નામરત્નાખ્ય જાગૃત કરે છે. રમણાત્મિકા ભક્તિ પછી ભગવત્સ્વરૂપ સિદ્ધ થતું ન હોય તો તે પણ સર્વોત્તમજી કરાવે છે. પ્રભુના ફલને ઝીલવાનું સામર્થ્ય સર્વોત્તમજી અને ગુસાંઈજીના નામ બક્ષે છે. તદુપરાંત પુષ્ટિભક્તમાં સમર્પણાત્મિક રમણભાવ પ્રકટ કરાવી સર્વોત્તમજી, પ્રભુના

અધરમાં જલ્દીથી જે સુધાનું દાન નહિ કરવાનો લોભ છે તેને નિવૃત કરે છે "**कृष्णाधरामृतास्वाद सिद्धिरत्र न संशयः.**" તદનુરુપ શ્રીગુસાંઈજી માટે નામરત્નાખ્ય આજ્ઞા કરે છે; "**विनियोगः समस्तेष्टसिध्यर्थे विनिरूपितः.**" આવા ભક્ત માટે પ્રભુને ભોક્તા ભાવ જાગે છે અને ઉત્કૃષ્ટ ભક્તિનું દાન કરીને, આ મંત્ર પ્રભુનો ગૂઢ સ્ત્રીભાવ પણ જગાડે છે. વ્યસનદશામાં પુષ્ટિજીવનો ભાવ ધનીભૂત કરાવીને એમાં ભોક્તૃપણાનું દાન સર્વોત્તમજી કરે છે. એના પછી પ્રભુ પણ એનું નિવારણ કરી શકતા નથી. આમ, સર્વોત્તમજી અને નામરત્નાખ્ય, પુષ્ટિજીવમાં રતિ, રમણ અથવા સમર્પણભાવથી સેવા શરુ કરાવી, એનામાં "કામભાવ" અથવા "ભોક્તૃભાવ" નો આવેશ પ્રકટ કરે છે. અહીં પુષ્ટિભક્તિનું cycle complete થાય છે. ભજનાનંદ અંતર્ગત રહેલ આનંદમાંથી ઉચ્છલિત થઈને પ્રકટ થયેલો જીવનો ભોકતૃભાવ પરમાનંદ છે.

અવતારકાલમાં ભોગ્ય અને ભોક્તાભાવના દાતા શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી છે.

"નમો વલ્લભાધીશ પદકમલ યુગલે સદા,
વસતુ મમ હૃદયં વિવિધ ભાવ રસ વલિતમ્"

આજ ભાવના દાતા, અનવતારકાલમાં સર્વોત્તમજી અને નામરત્નાખ્ય છે. આ રહસ્યને પ્રકટ કરવા હવે દૃષ્ટાંતરૂપે થોડા ષોડશગ્રંથના ભાવોને અતિ સંક્ષિપ્તમાં અવલોકીને, તેને અનુરૂપ સર્વોત્તમ સ્તોત્ર અને નામરત્નાખ્યના નામોને જોડયાં છે. આ જોડાણ exhaustive નથી પણ indicative છે.

શ્રીયમુનાષ્ટક ગ્રંથમાં શ્રીવલ્લભ અને શ્રીયમુનાજી, બન્ને કૃષ્ણરૂપ હોવા છતાંય કૃષ્ણનું દાસત્વ કરે છે એમાં જ યમુનાષ્ટકના

હાર્દભાવ એવા નિર્ગુણભાવની ઝાંખી થાય છે. તેથી સર્વોત્તમજીમાં મહાપ્રભુજીનું નામ છે; "जनशिक्षाकृते कृष्णभक्तिकृत्" અને નામરત્નાખ્યમાં શ્રીવિઠ્ઠલેશનું નામ છે "श्रीकृष्ण भक्तिप्रवर्तकः." બાલબોધગ્રંથમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "तदाश्रय तदीयत्व बुद्धयैकिंचित् समाचरेत्." અર્થાત્ ભગવવદાશ્રય પણ સમર્પણનો ભાવ જાગે એ ભાવનાથી કરવો. આ રહસ્યને અનુકૂલ આચાર્યજીનું સર્વોત્તમજીમાં નામ છે; "पृथक्शरणमार्गोपदेष्टा" અને શ્રીગુસાંઈજીનું નામ છે; "शरणाध्व प्रदर्शकः." સિદ્ધાંતમુક્તાવલીમાં "मानसी सा परा मता" ની આજ્ઞા કરતાં શ્રીવલ્લભ "स्वानन्दतुन्दिलः" છે તો શ્રીવિઠ્ઠલ, પોતાના આંતરભાવને કોઈ કળી ન શકે એના માટે "शांतः" છે. અંતઃકરણપ્રબોધ ગ્રંથમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે; "सत्यसंकल्पतो विष्णुः नान्यथातु करिष्यति." તેથી સર્વોત્તમજીમાં આચાર્યજીનું નામ છે; "सत्यप्रतिज्ञः" અને નામરત્નાખ્યમાં શ્રીવિઠ્ઠલેશનું નામ છે; "सत्य परायणः." નિરોધલક્ષણ ગ્રંથમાં "अहं निरुद्धो रोधेन" એવા શ્રીવલ્લભનું સર્વોત્તમજીનું નામ છે; "प्रतिक्षण निकुंजस्थ लीलारस सुपूरितः" તો ગુસાંઈજીનું નામ છે; "कृष्णलीला रसाविष्टः." સેવાફલમાં તનુનવત્વયુક્ત અલૌકિક સામર્થ્યના સ્વરૂપને સમજાવતાં આચાર્યજીનું સર્વોત્તમજીમાં નામ છે; "अप्राकृताखिलाकल्प भूषितः" અને શ્રીગુસાંઈજીનું નામ છે; "महापुरुष विग्रहः."

તારાચંદભાઈની વાર્તામાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે "और सर्वोत्तम स्तोत्र कौ स्वरूप जताए, जो-मन कैसो हू चंचल होंई परि श्रद्धापूर्वक सुद्ध बुद्धि सों सर्वोत्तम स्तोत्र को पाठ करें तो वाकौ मन स्थिर होंई । और उत्तम फल की प्राप्ति होंई ।" અહીં તો અષ્ટોત્તરશતનામના વિલક્ષણ મહિમાને કેવલ યત્કિંચિત

રૂપે જ પેશ કર્યો છે. એનું એક-એક નામ મંત્રરૂપ છે અને એના અવગાહનથી એ મંત્રગત સિદ્ધિ એમાં સમાવિષ્ટ છે. જે તારાચંદભાઈ પર શ્રીગુસાંઈજીએ સર્વોત્તમ સ્તોત્રની કૃપા કરી એના માટે વાર્તા અંતમાં કહે છે; **"तातें उनकी वार्ता कौ पार नाहीं । सो कहां तांई कहिए ।"**

******

## ગ્રંથ : સિદ્ધાંતરહસ્ય

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૮૮ - આત્મનિવેદન કરાવ્યું

આત્મનિવેદનવાળા વૈષ્ણવે ગુસાંઈજીને વિનન્તી કરી કે; **"मोकों पुष्टिमार्ग को लीला संबंधी दान कीजिये । सो आप कृपा करि कै मोकों आत्मनिवेदन करवाइये ।"** એના પ્રતિસાદ રુપે **भक्तरत्नपरिक्षकः** શ્રીગુસાંઈજી ગિરિધરજીને ચાર વખત આજ્ઞા કરે છે કે; **"पुष्टिमार्ग की लीला संबंधी दान तो भयो नाहीं है ।"** અને વારંવાર શ્રીગિરિધરજી આ વૈષ્ણવને પ્રીતિથી આત્મનિવેદન કરાવે છે. ગુસાંઈજીની આજ્ઞાથી આત્મનિવેદનના આવા repetitionનું શું રહસ્ય છે તે તો ગુસાંઈજી અને ગિરિધરજી જાણે. આને અનુસંગત સર્વોત્તમજીનું નામ છે **"निगूढहृदय"** અને નામરત્નાખ્યનું નામ છે **"अतिगंम्भीरतात्पर्यः."** પરંતુ આત્મનિવેદનનું કોઈક અનિવર્ચનીય માહાત્મ્ય છે એની પ્રતીતિ આ પ્રસંગ પરથી આપણને અવશ્ય થશે. આત્મનિવેદનના આવા અદ્ભુત માહાત્મ્યને જાણવાનો અને માણવાનો યથામતિ પ્રયાસ મેં, આ વાર્તાને, સિદ્ધાંતરહસ્ય ગ્રંથ સાથે એકમેક કરીને કર્યો છે. એ સંબંધિત શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજીએ, આ વાર્તામાં, જે subtle indications આપ્યા છે તેને પણ આવરી લીધાં છે. જેના લીધે આત્મનિવેદનના એક ભવ્ય રસપ્રદ packageના આપણે સુલલિત સુધાસભર સુરમ્ય દર્શન કરી શકીએ.

સૌથી પહેલા એક વસ્તુ સમજવાની એ છે કે જીવનો સંબંધ પુરુષોત્તમ સન્મુખ થતો હોવા છતાં ય, એ પુરુષોત્તમ સંબંધ ન કહેવાતાં, બ્રહ્મસંબંધ કેમ કહેવાય છે ? અક્ષરબ્રહ્મ પુરુષોત્તમના ધામ અને ચરણરૂપ છે. બ્રહ્મસંબંધ વેળા તુલસી

ચરણમાં સમર્પિત થાય છે તેથી ચરણરૂપ અક્ષર સાથે જીવનો સંબંધ થવાથી એ બ્રહ્મસંબંધ કહેવાય છે. પુરુષોત્તમ સાથે જીવનો સીધો સંબંધ થાય તો જીવની દુષ્ટતાનો direct shock પ્રભુને લાગે, તો ઠાકુરજીને શ્રમ પડે. તદુપરાંત બ્રહ્મ ઉપલબ્ધ હોવાથી અને જીવ બ્રહ્મનો અંશ હોવાથી, ઠાકુરજીના ચરણમાં બિરાજતાં અક્ષરરૂપ બ્રહ્મ સાથે એનો સંબંધ થાય છે. એના થકી એ પુરુષોત્તમની સેવા માટે યોગ્ય બને છે.

નવધા ભક્તિમાં આત્મસમર્પણ છેલ્લી ભક્તિ છે, જેને શ્રીઠાકુરજીએ, સિદ્ધાંતરહસ્ય ગ્રંથના પ્રારંભમાં જ "**ब्रह्मसम्बन्ध करणात्**" કહીને પ્રથમ સ્થાન બક્ષ્યું છે. એક વખત આત્મસમર્પણ કરીને પછી એને ભૂલી જવાનો સિદ્ધાંત શ્રીવલ્લભનો નથી,પણ એને આજીવન નિભાવવાનો આગ્રહ શ્રીઆચાર્યચરણનો છે. તેથી જ, ગ્રંથ આજ્ઞા કરે છે કે; "**तस्मादादौ सर्वकार्ये सर्व वस्तु समर्पणम्** ." અર્થાત્ આચાર્યજીના સિદ્ધાંતાનુસાર એક દિવસે તુલસી સમર્પિત કરવાથી બ્રહ્મસંબંધ ફલિત થતું નથી, પણ ગૃહ સેવા અને ગૃહ કથાના માધ્યમથી ઠાકુરજી સાથે જીવન વ્યતીત કરવાથી એનું cycle complete થાય છે અને બ્રહ્મસંબંધની ફલશ્રુતિ પુષ્ટિજીવને પ્રાપ્ત થાય છે. પુષ્ટિભક્તને કથાના માધ્યમથી ઠાકુરજીનું માહાત્મ્યજ્ઞાન સુદૃઢ થાય છે અને પ્રભુને સદા સમર્પિત રહેવાથી ભગવદ્ રસાનુભૂતિ સિદ્ધ થાય છે. વાર્તા કહે છે; "**पाछें वा क्षत्री वैष्णव कों अलौकिक ज्ञान भयो । सो सदैव भगवद्रस में छक्यो रहतो ।**"

પ્રભુને સમર્પિત થતી સર્વ સામગ્રી ભગવદીય બને છે. મહાપ્રભુજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે; "**भगवंति समर्पिता सर्वा सामग्रीं भगवदीया जाता.**" આજ વાતને સમજાવતાં સિદ્ધાંતરહસ્ય ગ્રંથ કહે છે; "**सेवकानां यथा लोके व्यवहारः**

**प्रसिद्ध्यति । तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः ।"** સમર્પણ મનથી થાય છે. તેથી પુષ્ટિજીવે મનથી કયારેય અસમર્પિત ન રહેવું. આ રહસ્યનો ઉદ્‌ઘોષ કરતાં આચાર્યજી સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં આજ્ઞા કરે છે; **"असमर्पित वस्तूनां तस्माद् वर्जनमाचरेत् ।"** શ્રીમહાપ્રભુજીની આ વાણીનું અસ્ખલિત પાલન કરનાર આ વૈષ્ણવ પ્રભુને સદા સમર્પિત છે. તેથી જ એ સદા ભગવદ્ રસમાં છક્યા રહે છે. પુષ્ટિજીવમાં સમર્પણથી સ્નેહ પ્રકટ થાય છે. સ્નેહના કારણે એ ભક્ત ભાવથી પ્લાવિત થાય છે અને ભાવની અનુભૂતિના કારણે એનામાં રસની નિષ્પત્તિ થાય છે. આ અખિલ processને cover કરતાં વાર્તા કહે છે કે; **"सो सदैव भगवद् रसमें छक्यो रहेतो ।"** સમર્પણની પ્રક્રિયાથી ભગવદ્‌ગીતામાં વર્ણન કરેલ દૈવી સંપદાના ગુણો, જેવા કે ક્ષમા, અક્રોધ, અભય અદંભાદિ તો આ વૈષ્ણવમાં સંપૂર્ણ રીતે ખીલી ગયા છે. આત્મનિવેદન પહેલાં પણ, આ વૈષ્ણવમાં સમર્પણનો જે મર્યાદિત ભાવ છે, તેના કારણે એમની દૈવી સંપદાના ગુણોના અંકુરિત થયેલા ભાવોનો પરિચય કરાવતાં વાર્તા શરૂઆતમાં જ કહે છે; **"तब यह क्षत्री और हू मन लगाय कै संत-महंत महापुरुषन कीं टहल करन लाग्यो ।_ _ _ _ रात्रि कों संत-महंतन के पाँउ दाबे ।"**

આત્મસમર્પણનું મુખ્ય રહસ્ય સમર્પણ છે. સમર્પણ એ ભોગ નથી કે ત્યાગ નથી. કોઈને કાંઈ આપવું તે સમર્પણ નથી. શાસ્ત્રએ આપવાના આઠ પ્રકાર બતાવ્યા છે, જેમાં સમર્પણ એક most intimate પ્રકાર છે. દાન આપતી વખતે પોતાની માલિકીની વસ્તુ બીજાને transer થાય છે. પરંતુ આપનાર કે લેનાર વચ્ચે ભેદ ન હોય ત્યારે સમર્પણ થાય છે, જેમકે પતિ અને પત્નીનાં સંબંધમાં. સમર્પણમાં, પુષ્ટિજીવ,

પોતાની સત્તાની જે અહંતા અને મમતા છે તેને પ્રભુ સાથે share કરીને માણે છે. ભગવત્સંબંધ વિનાની જીવની અહંતા અને મમતા એક ભ્રાંતિ છે, સંસારનું સ્વરૂપ છે. આ ભગવદીય પોતાને ભગવાનનો અંશ માને છે અને પ્રભુને અંશી. ત્યારે એમની અહંતા મમતા ભ્રાંતિ ન રહેતાં શુદ્ધાદ્વૈત બની ગઈ છે. આત્મનિવેદનવાળા આ ભગવદીય, એમની ભીતર રહેલા અહંકારને પરમાત્માનો સદંશ માને છે અને તેવી રીતે પોતાના પંચમહાભૂતના દેહને, બ્રહ્મનો અંશ માને છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધને આ ભગવદીય, પ્રભુ સંગ કે પ્રભુમાં માણે છે. સમર્પિત જીવ જ પ્રભુને કહી શકે છે કે આ સર્વ કેવલ તારું નથી કે કેવલ મારું નથી પણ આપણું છે. તેથી let us share it together. જેને અહંકારથી જીવ "પોતાનું" માનતો હતો તેને "આપણું" માનતો થાય ત્યારે સમર્પણ શરૂ થઈ જાય છે. પ્રભુની સાથે પોતાની અહંતા, મમતા, પુત્ર, ઘર, જ્ઞાન, કૃતિ વગેરે share કરવાની ભાવના તે સમર્પણ છે. સમર્પણના ભાવમાં આ ભગવદીય પોતાને પ્રભુનો જાણે છે અને પ્રભુને પોતાનો. વસ્તુને પોતાની માનીએ તો સંસાર ઉત્પન્ન થાય, પ્રભુની જ માનીએ તો દેવદ્રવ્ય થાય. હું પ્રભુને આપું છું એમ વિચારીએ તો અભિમાન થાય, પરંતુ પ્રભુને ઘરમાં પધરાવવાથી તારું-મારું નિવૃત થઈ આપણું બની જાય છે. પ્રભુને ય આપણાપણાની ભૂખ છે. આપણી મતિ, રતિ, કૃતિ, ગતિની ગંદકીને પ્રભુના સમર્પણમાં મેળવવાથી એ ગટર ન રહેતાં બ્રહ્માત્મક બની જાય છે. જીવના ગુણ દોષ બ્રહ્મમય બની જાય છે. આચાર્યજી સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં આજ્ઞા કરે છે; "**गंगात्वं सर्वदोषाणां गुणदोषादिवर्णना । गंगात्वे न निरूप्या स्यात् तद्वद् अत्रापि चैव हि ॥**"

આત્મસમર્પણમાં આ ભગવદીયનું કેવું સમર્પણ થયું તે જોઈ લઈએ. **ब्रह्मसम्बन्ध करणात् सर्वेषां देहजीवयोः ।** સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં આમ દેહ અને જીવને છૂટા પાડયા છે. દેહ કહેવાથી એના અંગરૂપ ઈન્દ્રિયો, દેહસંબંધિત સગાં વહાલાં અને ધનાદિ આવી જાય છે. દેહના બ્રહ્મસંબંધથી આ બધાં નિવેદિત થાય છે તેથી બ્રહ્મસંબંધ લીધા પછી પ્રભુને સમર્પિત કરીને સર્વ કાર્યો કરવાથી કાર્યોમાં બ્રહ્મપણું આવે છે. આવી રીતે આ ભગવદીયમાં પોતાની કૃતિમાંથી કર્તાપણું હટી જઈને, સર્વ પ્રભુકૃપાથી થાય છે, તે ભાવ સુસ્થિર છે. આ ભગવદીયના લૌકિક વ્યવહાર અને દેહ સંબંધિત ક્રિયાઓ પણ એમને લીલાની માનસીમાં સહાયયુક્ત છે. આમ આ ભગવદીયને કેવલ આત્મસમર્પણ નથી થયું પણ ગદ્યમંત્રના ભાવરૂપ એમને આત્મીય સાથે પણ એમનું સમર્પણ છે. જેમ જનોઈ લેવાથી વ્યક્તિનો દ્વિતીય જન્મ થાય છે અને તે દ્વિજ બને છે, તેમ બ્રહ્મસંબંધ થકી વૈષ્ણવને નૂતન જન્મ મળે છે, ભગવત્સેવાનો અધિકાર મળે છે. વૈદિક પ્રણાલિકા પ્રમાણે દ્વિજ બન્યા પછી એ વ્યક્તિને દેવતા જોવા આવે છે. તેમજ બ્રહ્મસંબંધ પછી ઠાકુરજીને માથે પધરાવવાથી આપણને જોવા સ્વયં ઠાકુરજી પધારે છે. આ ભગવદીયના પ્રસંગમાં પણ આત્મનિવેદન પછી, દેવતારૂપ શ્રીગુસાંઈજીની સતત entry છે અને આપ શ્રીમુખથી ગિરિધરજીને આજ્ઞા કરે છે કે; "**पुष्टिमार्ग कौ लीला संबंधी तो दान नाहीं भयो है ।**" આ પ્રસંગનું એક અદ્ભુત રહસ્ય સમજવા જેવું છે. આ વૈષ્ણવની પુષ્ટિમાર્ગની લીલા સંબંધિત જે મનિષા છે તે પોતે પ્રભુ સુધી પહોંચાડી શકતા નથી અને આ વૈષ્ણવ માટે લીલાનુભુતિ કરાવવાની જે પ્રભુની આકાંક્ષા છે તે ભગવાન, આ વૈષ્ણવ પાસે, directly અભિવ્યક્ત

કરતા નથી. આત્મનિવેદન વખતે આમ જીવ અને ભગવાનનો પરસ્પર માટે વિયોગ હોવાથી ગદ્યમંત્રની વિપ્રયોગમાં દીક્ષા છે. આ વાર્તામાં ભગવાન અને વૈષ્ણવની આકાંક્ષાને પૂર્ણ કરવાના મધ્યસેતુ શ્રીગુસાંઈજી હોવાથી, પ્રભુચરણ ગિરિધરજીને ખીજીને પૂછે છે કે; **"तुम याकों कहा दान करवायो है ? सो याकों पुष्टिमार्ग की लीला संबंधी दान तो भयो नाहीं है ।"** અર્થાત્ પ્રભુને આ વૈષ્ણવ પર વેગથી કૃપા કરવી છે, એ શ્રીગુસાંઈજી જાણી જાય છે એટલે આવી કૃપામાં થતો વિલંબ આપ સહી શકતા નથી. પ્રભુ અને જીવની આવી પરિતાપયુક્ત આકાંક્ષાને પરિપૂર્ણ કરવા, શ્રીવિઠ્ઠલેશપ્રભુ કેવલ આ વૈષ્ણવને જ નહિ પણ એક ઉપવાસ શ્રીગિરિધરજીને પણ કરાવે છે. ઉપવાસમાં ભગવદ્ અધરામૃતથી વંચિત રહેવાય છે અને તેથી વિપ્રયોગ જાગે છે. ચાર ચાર વખત આત્મનિવેદન કરાવી શ્રીપ્રભુચરણ આ વૈષ્ણવની ભાવના અને પ્રભુની ચાહનાનો તાલમેલ મેળવી રહ્યા છે. પુષ્ટિમાર્ગના ગુરુનું આવું અદ્ભુત function છે. તેથી અહીં સર્વોત્તમજીનું પ્રકટ થતું નામ **"गुरुः"** છે અને ગુસાંઈજીનું **"आचार्यरत्नं"**. પ્રત્યેક વખત આત્મનિવેદન કર્યા પછી, ગદ્યમંત્રમાં પ્રચ્છન્ન રહેલા વેણુનાદ જેવા કોઈ અમૂર્ત સ્વરો આ વૈષ્ણવમાં વિશેષ આર્તિ જગાવી રહ્યાં છે, તેની પરિપૂર્તિ કરવા વિઠ્ઠલેશપ્રભુ એમને બીજી વખત આત્મનિવેદન કરાવે છે. સિદ્ધાંતરહસ્ય ગ્રંથની વાણીમાં જ આવો "પ્રચંડ વેણુનાદ" છે, જેના સ્વરો કોઈ મહાભાગ્યશાળીને સ્પર્શી જાય તો એમની, ચરિત્ર કથામાં, વિપ્રયોગની પ્રચુર વ્યથાના આલાપ વિલાપ થતાં રહે છે. "ભયો મહાબ્રહ્મનાદ ઉઠત ઉગ્ર આહ્લાદ." પ્રત્યેક આત્મનિવેદન વખતે, આ વૈષ્ણવમાં વિપ્રયોગના કારણે જે નવો મનોરથ જાગે છે, એની પૂર્તિ

માટે જાણે ગુસાંઈજી એમને બીજુ આત્મનિવેદન કરાવે છે. બીજા આત્મનિવેદન વખતે એ મનોરથ પૂરો થયો ન થયો, ત્યાં તો એમને નૂતન મનોરથ પ્રકટ થાય છે, એટલે ત્રીજુ આત્મનિવેદન કરાવે છે. તેથી આચાર્યજીની વધાઈમાં ગવાયું; "નિત્ય સંબંધ કરાય ભાવ દે, વિરહ અલૌકિક દેન." આનું ગૂઢરહસ્ય શ્રીદામોદરદાસ હરસાનીજીની વાર્તામાંથી સમજાશે. દમલાજી ગુસાંઈજીને વિનન્તી કરે છે કે સિદ્ધાંતરહસ્ય ગ્રંથના પહેલાં દોઢ શ્લોકમાં લીલાકર્તા-અવલંબન અને શુદ્ધિકર્તા ઉદ્દિપન વિભાવનું દિવ્ય દર્શન છે. તેવી જ રીતે પ્રત્યેક આત્મનિવેદન વખતે આ વૈષ્ણવને તાવયુક્ત જે ભાવ ઉદ્દિપન થાય છે, તેને ગદ્યમંત્રમાં બિરાજતાં આલંબન વિભાવરૂપ "**भगवते कृष्णाय**" પરિતૃપ્ત કરે છે અને એ વખતે દેહેન્દ્રિયપ્રાણ, અંતઃકરણથી જે સર્વસમર્પણનો ભાવ જાગે છે, તે નૂતન તાપને ઉદ્દિપન કરે છે. નિત્યસંબંધની આવી અનિર્વચનીય cyclical પ્રક્રિયા છે, તેને જાણે આ વાર્તા, આ વૈષ્ણવને પુનઃ પુનઃ આત્મનિવેદન કરાવી સાક્ષાત્ મૂર્તિમંત કરે છે. તાદાત્મ્યતા અને ઉદ્દિપન વિભાવ નિત્યલીલામાં લીલાઓના વૈવિધ્યનું cycle ચલાવે છે.

આત્મનિવેદનમાં વિપ્રયોગની કથા વિદ્યમાન છે એ સહસ્ત્ર વર્ષોથી ભગવાનથી છૂટા પડેલાં જીવની વાત કહી ગદ્યમંત્ર પ્રારંભમાં જ વિપ્રયોગને સમજાવે છે અને વાર્તા આ વાતને extend કરતાં કહે છે; "**और श्रींगिरिधरजी आप धर्मीरूप हैं । सो उनमें विप्रयोग झलकत हैं । तातें विप्रयोग कौ दान दै या क्षत्री वैष्णव कों लीलान कौ अनुभव तत्काल करावनो है । यातें श्रींगिरिधरजी कों आज्ञा किये । यहू अभिप्राय है ।**" વિપ્રયોગાત્મક વલ્લભે અને શ્રીવિઠ્ઠલે પોતાના વંશજ ગિરિધરજીમાં આવું વિરહાનલનું દાન કર્યું છે એટલે આ પ્રસંગમાં પ્રકટ થતી

સર્વોત્તમજીની પંક્તિ છે; "स्ववंशे स्थापिताशेष स्वमाहात्म्यः" અને નામરત્નાખ્યની પંક્તિ છે; "स्वानुरूप सुतप्रसूः."

તો સિદ્ધાંતરહસ્ય ગ્રંથના શરૂઆતના દોઢ શ્લોકમાં, વર્ણવેલ લીલાકર્તા અવલંબન અને શુદ્ધિકર્તા ઉદ્દિપનનો ભાવ આત્મનિવેદન કરતાં પહેલાં આ વૈષ્ણવને કેવી રીતે આવેશિત થયો તે વાર્તા સમજાવે છે; "ताही समै श्रीगुसांईजी आपने आत्मनिवेदन कौ प्रसंग चलायो । तामें कह्यो, जो-सुद्ध मन पूर्वक -जो जीव आत्मनिवेदन करत है । और गुरु जो सुद्धमन पूर्वक निवेदन करावत है । तिनकों श्रीआचार्यजी महाप्रभुजी की कृपा तें दृढ आश्रय तत्काल होंइ । और अलौकिक (वस्तू)हू दृढ होंई । और पुष्टिमार्ग की लीला कौ दान होंई । और मारग कौ सब अनुभव होंई । और अलौकिक दृष्टि होंई ।" લીલાસહિત બ્રહ્મના સર્વ facet ને આવરી લેતાં ગુસાંઈજીનાં આ અણમોલ વચનામૃત છે. આ પ્રસંગમાં સર્વોત્તમજીનું પ્રકટ થતું નામ છે; "वाक्सीधु पूरिताशेष सेवकः" અને શ્રીવિઠ્ઠલેશનું નામરત્નાખ્ય સ્તોત્રમાં નામ છે; "वाक्सुधा कृष्ट भक्तान्तः करणः." આ વચનો સાંભળી, આ વૈષ્ણવને, પ્રભુચરણને આવી વિનન્તી કરવા મન થાય તે અનાયાસ છે; "तब वा वैष्णवनें श्रीगुसांईजी सों बिनती कीनी, जो-महाराज ! मोकों पुष्टिमार्ग कौ लीला संबंधी दान कीजिये । सो आप कृपा करि कै मोकों आत्मनिवेदन करवाइये ।" પ્રભુચરણના આ વચનામૃતના પ્રત્યેક વાક્યમાં, આ ભગવદીયને, બ્રહ્મના કયા facet અને કઈ લીલાના દર્શન થયાં હશે, એનું યત્કિંચિત અનુમાન કરવા મન લલચાય છે. એમાં જ સિદ્ધાંતરહસ્ય ગ્રંથનો અને વાર્તાનો અખિલ ભાવ સમાવિષ્ટ છે એનાં પણ દર્શન કરી લઈએ.

ગુસાંઈજીએ આજ્ઞા કરેલ આ પંચામૃતરૂપ પાંચ વાક્યોમાં ગદ્યમંત્રના પાંચખંડોનું અણમોલ અવિરૂદ્ધ વિભાજન છે.

(૧) <u>પહેલો ખંડ : "अलौकिक दृष्टि होंई"</u> :-

ગદ્યમંત્રની શરૂઆતમાં સહસ્ત્રકાલથી પ્રભુથી છૂટા પડેલા જીવની વાત કહી છે. ગદ્યમંત્ર જીવને સમજાવે છે કે જે આનંદતત્વ કૃષ્ણમાંથી તું છૂટો પડયો છે, તેનો જ તુ અંશ છે, તો ય એ આનંદ તત્વમાંથી છૂટા પડવાનો તને તાપ થતો નથી અને એટલે જ તુ સંસારમાં આનંદને શોધવા ફાંફા મારી રહ્યો છે. Exactly આ ભાવની અલૌકિક દૃષ્ટિ કેળવવા ગુસાંઈજી વાર્તામાં આજ્ઞા કરે છે કે સમ્યક્ આત્મનિવેદનથી **"अलौकिक दृष्टि होंई ."** અલૌકિક દૃષ્ટિ કેળવીને ગદ્યમંત્રના આ ખંડમાં આત્મનિવેદિત થયેલા જીવના "સ્વરૂપ વિસ્મૃતિના અધ્યાસ" ની નિવૃતિ છે અને અહીં પ્રભુના "બ્રહ્મના facet" નું નિરૂપણ છે. ગદ્યમંત્રમાં આચાર્યજી સહસ્ત્ર પરિવત્સર કહી જે સ્મરણ કરાવે છે તેને આપ stepping stone તરીકે વાપરે છે; "તુ ભગવાનથી છૂટો પડયો છે," એવી સ્મારક દીક્ષાને મહાપ્રભુજી stepping stone બનાવી, અખિલ ગદ્યમંત્રમાં જ્ઞાપક દીક્ષા આપે છે.

(૨) <u>બીજો ખંડ : "पुष्टिमार्ग की लीला कौ दान होंइ"</u> :-

કૃષ્ણના ભગવાન facetનું નિરૂપણ કરતાં ગદ્યમંત્ર કહે છે; "ભગવદે કૃષ્ણાય." ભગવાનનું ભજન કરવા આત્મસમર્પણના અંગરૂપ નવધાભક્તિ છે. એના થકી નિવેદિતાત્માનો "અંતઃકરણનો અધ્યાસ" નિવૃત થાય છે. અંતઃકરણ એ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનું બનેલું છે. એ ચારેયના અલૌકીકરણથી ગોપીજનોની જેમ ગોપીજનવલ્લભમાં લગાડવાથી, પુષ્ટિભક્તના "અંતઃકરણ"

માં લીલાની સ્ફૂર્તિ થાય છે. આ ભાવને અભિવ્યકત કરતાં ગુસાંઈજી વચનામૃતમાં આજ્ઞા કરે છે કે; **"पुष्टिमार्ग की लीला कौ दान होंइ ।"**

(૩) <u>ત્રીજો ખંડ : **"और अलौकिक (वस्तू) ह्‌ दृढ होंई"**</u> **:-**

બ્રહ્મસંબંધ મંત્રમાં, દેહેન્દ્રિય, પ્રાણ અંતઃકરણ આદિથી લઈને વિત્તના સમર્પણ સુધી જીવના ઈન્દ્રિયાધ્યાસનું નિરાકરણ કર્યું છે. આ સમર્પણ ભગવત્સ્નેહ જગાડનારું છે. પ્રત્યેક જીવના અંતરમાં રહેલ પ્રભુનો "પરમાત્મા" નો facet, આવા સ્નેહનું સ્રોત છે. દેહાદિના સમર્પણથી, પુષ્ટિભક્તમાં સ્નેહ દૃઢ થાય, એના માટે શ્રીવિઠ્ઠલેશ પ્રભુ વચનામૃતમાં આજ્ઞા કરે છે કે; **"और अलौकिक (वस्तू) ह्‌ दृढ होंइ ।"** પ્રભુ તરફ વાળેલો સ્નેહ અલૌકિક છે અને વિષયાસક્તિમાં એ સ્નેહ જાય તો એ લૌકિક સંસાર બને છે.

(૪) <u>ચોથો ખંડ :- **"तिनकों श्रीआचार्यजी महाप्रभुजी की कृपा तें दृढ आश्रय तत्काल होंइ"**</u> **:-**

ગદ્યમંત્રના **"दासोहम्"** નો આ facet છે. પોતાના સેવ્યસ્વરુપ સાથે જયારે જીવને दासोहम्‌ની ભાવના સ્થિર થાય છે, ત્યારે એનો "દેહાધ્યાસ" જાય છે એટલે ગુસાંઈજી વચનામૃતમાં આજ્ઞા કરે છે કે **"श्रीआचार्यजी महाप्रभुजी की कृपा तें दृढ आश्रय तत्काल होंइ ।"**

(૫) <u>પાંચમો ખંડ :- **"और मारग कौ सब अनुभव होंइ"**</u>

સારસ્વતકલ્પના શ્રીકૃષ્ણને પુષ્ટિજીવ ગદ્યમંત્રમાં "હું તારો છું" એમ કહે છે. ગદ્યમંત્રમાં કૃષ્ણને જયારે જીવ " તવાસ્મિ" કહે છે, ત્યારે વાસ્તવમાં "હે કૃષ્ણ, હું તારા માટે છું" એવી ભાવના અભિવ્યક્ત કરે છે. આવો ભગવદીય

પોતાના પ્રાણ પણ કૃષ્ણ માટે જ ટકાવે છે તેથી અહીં "પ્રાણાધ્યાસની નિવૃત્તિ" છે. "यैः कृष्णसात् कृतप्राणैः तेषां का परिदेवना ।" જેણે પોતાના પ્રાણ કૃષ્ણ માટે ટકાવ્યા હોય એવા મહાભાગ્યશાળી ભગવદીયને પ્રભુ કયા અનુભવથી અછૂત રાખે ? એટલે ગુસાંઈજી આજ્ઞા કરે છે કે; "और मारग कौ सब अनुभव होंई ।"

આત્મનિવેદનવાળા આ ભગવદીયના ભાવને પ્રકાશીત કરતું અને શ્રીગુસાંઈજીના આવા અમૃતમય પાંચ વાક્યોને અને ગદ્યમંત્રના ભાવને ઉદ્‌ઘોષિત કરતું કૃષ્ણદાસજીનું પદ છે:

કૃષ્ણ યે કૃષ્ણ મન માહ ગતિ જાનિયે,
દેહ ઈન્દ્રિય પ્રાણ દારાગારાદિ વિત્ત આત્મા સકલ
કૃષ્ણ કી માનિયે.... કૃષ્ણ યે કૃષ્ણ
કૃષ્ણ મમ સ્વામી, હોં દાસ મન વચન કર્મ,
કર્તા યે હી સદા જીય જાનિયે
કૃષ્ણદાસની હરિદાસ વર્યધર, ચરણરજ શ્રીવલ્લભાધીશ
મન સાનિયે...કૃષ્ણ યે કૃષ્ણ

આ ભગવદીયને ગુસાંઈજીએ "દેહાધ્યાસ"ને કારણે શરણાગતિનો ઉપદેશ કર્યો છે અને "વિષયાસક્તિ"ના કારણે સમર્પણનો. જેમાં આસક્તિના વિષયો પ્રભુને સમર્પિત થાય છે. જીવની "અહંતા" પરમાત્માના શરણમાં જોડાય છે અને "મમતા" સમર્પણમાં. આ વાર્તામાં આ ભગવદીયને ગુસાંઈજીએ આત્મનિવેદનનું માહાત્મ્યજ્ઞાન કરાવી નિવેદન કરાવ્યું છે. એને અનુલક્ષીને અહીં સર્વોત્તમજીનું પ્રકટ નામ છે, "श्रीकृष्णज्ञानदः" અને નામરત્નાખ્યમાં પ્રભુચરણનું નામ છે, "भक्ताज्ञानभिदुत्तमः". માહાત્મ્યજ્ઞાન એ જીવના અહંકારનો સંસ્કાર છે. અર્થાત્

માહાત્મ્યજ્ઞાન જીવની અહંતાને પ્રભુની ભક્તિ માટે લાચાર બનાવે છે. માહાત્મ્યજ્ઞાનનાં કારણે જીવ પ્રભુમાં સ્નેહ નથી કરતો, પણ મમતાના કારણે કરે છે. આ બધું ultimately develope થઈને ભગવત્સેવા અને કથા રૂપે ફલિત થાય છે. આત્મસમર્પણથી સેવા શરૂ કરાવીને મહાપ્રભુજી, જીવને, બીજી અષ્ટ ભક્તિમાં implement કરાવે છે, જેથી વૈષ્ણવની સેવા રમણાત્મિકા બની જાય. નવધાભક્તિમાં સાખ્યભાવ ભગવત્સુખ વિચાર માટે છે, તો આત્મનિવેદનનો ભાવ માહાત્મ્યજ્ઞાન પૂર્વક સુદૃઢ સર્વતોધિક સ્નેહયુક્ત છે. આ જ રહસ્યને અભિવ્યક્ત કરતાં વાર્તા કહે છે; **"पाछें वा क्षत्री वैष्णव कों अलौकिक ज्ञान भयो । सो सदैव भगवद्रस में छक्यो रहेतो ।"** લીલાના અનુસંધાનથી એમણે આત્મનિવેદન કર્યું છે એટલે ગુસાંઈજીએ એમને લીલાની માનસીનું પ્રદાન કર્યું છે. "અલૌકિક જ્ઞાન"ના સંદર્ભમાં આ ભગવદીયને સદા એવું મહેસુસ થાય છે કે સર્વરૂપમાં કૃષ્ણ જ ક્રીડા કરી રહ્યો છે. આવો આત્મરતિનો ભાવ એમને બ્રહ્મ સાથેના અખંડ અદ્વૈતથી inspired છે. પ્રભુ સદા આત્મરમણ કરે છે અને પરમાત્મા સાથે આવી રીતે શુદ્ધાદ્વૈતનો સંબંધ સમજવાથી જીવમાં ય આવો આત્મરતિનો ભાવ જાગૃત થઈ જાય છે. કૃષ્ણના અસાધારણ માહાત્મ્યને સમજીને પ્રભુ સાથે સ્નેહ કરવો, એ ભાવ આત્મરતિથી આવિર્ભૂત થાય છે. અર્થાત્ આ ભગવદીયમાં આત્મરતિથી inspired માહાત્મ્યજ્ઞાન પૂર્વક સુદૃઢ સર્વતોધિક સ્નેહ કૃષ્ણમાં છે અને તેનાથી inspired કૃષ્ણની લીલાની માનસી. મહાપ્રભુજીની ષોડશગ્રંથની વાણી અને ચોરાસી - બસોબાવન વૈષ્ણવની વાર્તામાં આ જ package ના વારંવાર દર્શન થાય છે.

ઉપર લખેલ તેમ પ્રભુના પાંચ પહેલુઓ સમજવાથી એ સમજાશે કે આપણા જ સેવ્યસ્વરૂપ બ્રહ્મ છે. બ્રહ્મ વ્યાપક છે. એ સમજવાથી આપણે પ્રભુ સાથે બ્રહ્માદ્વૈત સ્થાપિત કરી શકશું. આપણા ઠાકુરજી આપણી ભીતર પરમાત્મા રૂપે બિરાજયા છે, તે જ આત્મરતિનું સ્ત્રોત છે. એ જ ભગવાન છે, એમ સમજવાથી એમની સાથે ભક્તિથી અર્થાત્ માહાત્મ્યજ્ઞાન પૂર્વક સુદૃઢ સર્વતોધિક સ્નેહથી relation જોડી શકીશું. પછી કૃષ્ણ તત્વ સાથે સારસ્વત કલ્પની લીલાનું અનુસંધાન જોડશું. આ package માં આચાર્યજીના "**कृपानिधिः**" અને ગુસાંઈજીના "**कृपासिंधुः**" નામના દર્શન છે.

સૂર્યમાંથી પ્રકટ થઈને પૃથ્વી જેમ સૂર્યની આસપાસ સ્નેહાવેશથી પરિભ્રમણ કરે છે તેમ આ ભગવદીયનું ચિત્ત સદા પ્રભુની આસપાસ બાહ્યાંભ્યાંતર પરિભ્રમણ કરે છે. દયારામભાઈ કહે છે;

"જગજીવનને સર્વાત્મભાવે સેવા કરે સદા સહજ સ્વભાવે, તે જ ગમે પ્રભુ જયમ સુખી થાય, આત્મનિવેદન એ કહેવાય."

આ વૈષ્ણવના દેહેન્દ્રિયાદિ પ્રભુમાં એટલા સમર્પિત રહે છે કે એમની પ્રત્યેક ઈન્દ્રિયને એમ લાગે છે કે પ્રભુને હું પહેલા જઈને સ્પર્શું. શ્રીમદ્ ભાગવતજી આજ્ઞા કરે છે "**अहम्पूर्वमहम्पूर्वमिति संस्पृश्य रेमिरे.**" એમના આવા વિલક્ષણ ભાવની સરાહના કરતાં શ્રીગોકુલનાથજી વાર્તાના અંતમાં આજ્ઞા કરે છે; "**सो वह क्षत्री वैष्णव श्रीगुसांईजी कौ ऐसो कृपापात्र भगवदीय भयो । तातें इनकी वार्ता कौ पार नाहीं, सो कहां तांई कहिए ।**"

******

## <u>ગ્રંથ : યમુનાષ્ટક</u>

## <u>૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૧૩૫ - એક ક્ષત્રી, આગરેકો</u>

ષોડશગ્રંથ ગત ઉપદેશો અને તેમની ૬૪ વાર્તાઓ નામના મારા ગ્રંથમાં મેં યમુનાષ્ટક ગ્રંથ સંબંધિત જે વિષયોને નથી સ્પર્શ્યા, તેમને અહીં આવરી લેવાનો મારો નમ્ર પ્રયાસ છે. જેથી યમુનાષ્ટક ગ્રંથના એક comprehensive packageનાં દર્શન થઈ શકે.

આ વાર્તાના ભાવપ્રકાશમાં, હરિરાયજી આજ્ઞા કરે છે કે; **"और वैष्णव कों श्रीयमुनाजी कौ स्वरूप अलौकिक करि जाननो, यह्‌ जताए ।"** મહારાણીમાના આવા અલૌકિક સ્વરૂપનાં દર્શન શ્રીમહાપ્રભુજી **श्रीयमुनाष्टकम्** ગ્રંથમાં કરાવે છે, એટલે આપણે પણ આ ગ્રંથના પ્રત્યેક શ્લોકના માધ્યમથી, તૂર્યપ્રિયાના અતિઅદ્‌ભુત ચરિત્ર અને સ્વરૂપની ઝાંખી કરશું. શ્રીયમુનાષ્ટક, એ, ષોડશગ્રંથનાં મંગલાચરણ રૂપ હોવાથી, આ ગ્રંથ, જેટલું સ્તુતિ સભર છે તેટલું જ શ્રીયમુનાજીના સ્વરૂપ અને માહાત્મ્યનું નિરુપણ કરાવનારું પ્રેમય પ્રચુર પણ છે. આવા **श्रीयमुनाष्टकम्** નો અર્થ જ્ઞાનપૂર્વક પાઠ કરવાથી ભજનાનંદની સિદ્ધિ થાય છે. તેથી આ અર્થજ્ઞાન સમજવા માટે મેં, આ ગ્રંથ સાથે, આ વાર્તા ઉપરાંત, યમુનાજીનાં ૪૧ પદની પંક્તિઓનો પણ આધાર લીધો છે. તદુપરાંત યમુનાષ્ટકમાં પ્રચ્છન્ન રહેલાં ગૂઢ રહસ્યોને સમજવા માટે, મહાનુભાવી શ્રીવલ્લભદાસજી (ગ્વાલિયરવાળા) ની પદપંક્તિઓનો પણ અહીં આશ્રય લીધો છે. પૂ.પા.ગોસ્વામી શ્રીશ્યામુબાવા, શ્રીવલ્લભદાસજીને, આધુનિક પુષ્ટિમાર્ગના ચાર સ્તંભોમાંથી એક સ્થંભ રૂપે સંબોધિત કરે

છે. બીજા ત્રણ સ્થંભો છે; શ્રીનાગરીદાસજી, દયારામભાઈ અને શ્રીહરિશ્ચંદ્રજી.

મહારાણીજીના યમુનાષ્ટક કથિત અષ્ટ ઐશ્વર્યને કેવલ આચાર્યજીએ પિછાણ્યા. વલ્લભદાસજી ગાય છે; "અષ્ટ ઐશ્વર્ય અલૌકિક શ્રીવલ્લભ પ્રભુ ભાખ્યો." આવું ગૂઢ ઐશ્વર્ય કેમ જણાય ?

"રસિક પ્રિતમ કી હોત જા પર કૃપા,
સોઈ શ્રીયમુનાજી કો રૂપ પરખે."

એ ઐશ્વર્ય શ્રીકૃષ્ણ પ્રતિ પણ પ્રકટ થતું હોય છે. યમુનાષ્ટકના એક-એક શ્લોકમાં કૃષ્ણનો સ્ત્રીગૂઢભાવ શ્રીયમુનાજી માટે પ્રકટ થઈ જાય છે. ક્યાંક એનો પણ અહીં આશ્વાદ માણશું.

શ્લોક ૧લો :
**नमामि यमुनामहं शकलसिद्धिहेतु मुदा**
**मुरारी पदपंकजस्फूरदमन्द रेणुत्कटाम् ।**
**तटस्थनवकाननप्रकटमोदपुष्पाम्बुना**
**सुरासुरसुपूजितस्मरपितुः श्रियं बिभ्रतीम् ॥**

આચાર્યજીનો માર્ગ નિઃસાધન જનોનો છે નિઃસાધન પુષ્ટિજીવ નમનથી અતિરિક્ત કાંઈ કરી શકતો નથી. એટલે ગ્રંથનો પ્રારંભ શ્રીમહાપ્રભુજી, "નમામિ"થી કરે છે. પુષ્ટિભક્તિમાર્ગમાં જીવને ભક્તિનો અધિકાર પ્રાપ્ત થાય એ હેતુથી પણ શ્રીવલ્લભ યમુનાજીને નમન કરે છે. વ્રજપતિની પરમપ્રિયા ગુણાતિત યૂથનાં સ્વામિની શ્રીયમુનાજીને વૈષ્ણવે નમન કરવાનું છે, જેથી, એને, મુખ્ય ફલ સ્વરૂપ ભગવત્સેવાનો

અધિકાર ઉપલબ્ધ થાય, નૂતન દેહ મળે અને પ્રભુમાં સ્નેહ થાય. પોતાના વૈષ્ણવને, મહારાણીમા, સકલ સિદ્ધિનું વેગથી દાન કરે એવી ઉતાવળની ભાવનાથી, પરમ કરુણાકરણ શ્રીઆચાર્યચરણ, પ્રથમ શ્લોકમાં જ યમુનાજીને सकलसिद्धिहेतुं मुदा કહીને, કૃષ્ણાપ્રિયને, જીવ પર કૃપા કરવા "ઉદ્દીપન ભરી" વિનંતી કરે છે. આ છે યમુનાજીનું "સકલસિદ્ધિ હેતુત્વરુપ ઐશ્વર્ય." એના દાનથી ભગવાન સાથે સંબંધ કરવામાં જીવને જે પ્રતિબંધો આવે છે તેનું નિવારણ થાય છે અને સેવોપયોગી દેહની પ્રાપ્તિ થાય છે. આવો ભક્ત ભગવલીલાનું અવલોકન કરી શકે છે અને તદ્અનુગત રસાનુભવનું પાન પણ કરી શકે છે, તથા સર્વાત્મભાવ આદિની ઉપલબ્ધિથી જીવ, રાસલીલાનો અધિકાર પણ પ્રાપ્ત કરે છે. શ્રીમહાપ્રભુજીની કૃપાથી, પુષ્ટિજીવને, કૃષ્ણની બાહ્યાભ્યાંતર અનુભૂતિ થાય છે અને એમના ચિત્તમાં કૃષ્ણ જ અમારા આત્મા છે, એવો ભાવ સુસ્થિર થાય છે. સુબોધિનીજીમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે; "तदात्मिका सर्वदा कृष्णत्मभावेनैव चित्ते सहजा यासाम् ।" સર્વાત્મભાવ દાત્રુ શ્રીયમુનાજી રાસસ્ત્રી છે, તેમ સર્વોત્તમજીમાં મહાપ્રભુજીનું નામ પણ "रासस्त्रीभावपुरिर्तविग्रहः" છે અને ગુસાંઈજીનું "रासलीलारसमहोदधिः ." શ્રીઆચાર્યજી અને શ્રીવિઠ્ઠલેશપ્રભુમાં પણ યમુનાજી સદૃશ सकलसिद्धि દાતૃત્વનું સામર્થ્ય છે. તેથી શ્રીવલ્લભનું નામ છે; "सर्वलक्षणसम्पन्नः" અને પ્રભુચરણનું નામ છે; "अचिन्त्यमहिमामेयो" છે. આને અનુલક્ષીને મહારાણીજીના સામર્થ્યને દર્શાવતી પદપંક્તિ ગુંજન કરે છે;

"શ્રીયમુના સી નાહીં કોઉ ઔર દાતા,
જો ઈનકી શરણ જાત હે દોરિ કેં,
તાહિકોં તિંહિ છિનુ કર સનાથા."

પહેલા શ્લોકમાં सुरासुरसुपूजितस्मरपितुः કહીને મહાપ્રભુજી, ગ્રંથમાં, દૈન્યભાવવાળા (સુર) ભક્તો અને માનભાવવાળા ભક્તોને પણ cover કરી લે છે. વાસ્તવમાં તો માનભાવવાળા ભક્તોની ચિત્તવૃત્તિ પણ વ્રજરાજકુંવરમાં જ છે ને ?

"નેહ કારન શ્રીયમુને પ્રથમ આઈ,
ભક્ત કે ચિત્ત કી વૃતિ સબ જાનકે,
તહાં તે અતિહિ આતુર જુ ધાઈ."

આતુરતાથી દોડી આવીને જે વહી રહી છે એ યમુનાજીમાં, મુરારી (કૃષ્ણ)ના ચરણારવિંદની રજ, જલથી પણ અધિક સ્ફૂરાયમાન થાય છે. અહીં એક વિલક્ષણ વાત એ છે કે નિજભક્તોને કૃષ્ણના વશીકરણની વિદ્યાનું દાન કરનાર શ્રીયમુના સ્વયં પ્રભુને અનાયાસ વશ કરી લે તે તો સ્વાભાવિક જ છે. મહારાણીમાના વશીકરણત્વની આ સિદ્ધિ જયારે direct ઠાકુરજી પર વર્ષી જાય છે ત્યારે પ્રભુનો ગૂઢ સ્ત્રીભાવ આર્વિભૂત થઈ જાય છે અને પૂરણબ્રહ્મ એક ભ્રમરની જેમ, પ્રિયાના "પદપંકજ" ની આસપાસ ગુંજારવ કરી રહે છે. "मुरारिपदपंकज स्फुरदमन्दरेणूत्कटाम् ." અહીં પદપંકજ યમુનાજીના છે, ભ્રમર મુરારિ છે. તેથી ભગવદીય ગાય છે; "ચતુર્ભુજદાસ યમુને પંકજ જાનિ, મધુપકી નાંઈ ચિત્ત લાય ગુંજે."

યમુનાજીમાં દૃષ્ટિગોચર થતી કૃષ્ણની અમન્દ રેણુ કેવી હશે ? શ્રીવલ્લભદાસજી ગાય છે; "જીતને જલકન તિતને ભાવ." અર્થાત્ શ્રીયમુનાજીમાં જેટલા જલકણ છે તેટલા ભાવ છે. જેમ કે તૂર્યપ્રિયાની એક જલકણમાં નીલમણિની શોભા દેદીપ્યમાન છે. વલ્લભદાસજી ગાય છે; "શોભિત જલકણ

દ્યૂતિ અતિ નીલી.” આ જ ભગવદીય બીજી જલકણને શ્રુતિનો સાર અને હરિથી પણ વિશેષ ઉદાર કહે છે;

"શ્રીયમુને વાલુકા શ્રુતિ સાર સી,
કરુણા કલા કલેવર અદ્‌ભુત હરિ તેં અધિક ઉદાર સી.”

શ્લોક ૨જો :-
**कलिन्दगिरिमस्तके पतदमन्दपूरोज्जवला**
**विलासगमनोल्लसत् प्रकटगण्डशैलोन्नता ।**
**सघोषगतिदन्तुरा समधिरूढदोलोत्तमा**
**मुकुन्दरतिवर्धिनी जयती पद्‌मबन्धोः सुता ॥**

प्रथम શ્લોકમાં "સકલ સિદ્ધિ હેતુત્વ” રૂપ ઐશ્વર્યનું વર્ણન કરીને શ્રીમહાપ્રભુજી આ શ્લોકમાં દ્વિતીય ઐશ્વર્ય "**भगवद्‌भाववर्धकत्व**”નું દર્શન કરાવે છે. પોતાના આગ્રાના આ સેવકને, યમુનાજીની ભાવવર્ધકતાની છાયામાં લેવા વિઠ્ઠલેશપ્રભુ એમણે લાવેલ વસ્ત્રો યમુનાજીમાં પધરાવે છે, વાર્તા કહે છે; "**सो एक गांठि वस्त्र की स्वामिनीजी के वस्त्र की हती, तामें जरी के थान और धरि कै वह गांठि श्रीयमुनाजी के मध्यधारा में पधराय दीनी । पाछें दूसरी गांठि हू पधराय दीनी ।**” શ્રીનારાયણના આનંદમય હૃદયમાંથી દ્રવીભૂત રસાત્મિકારૂપ થઈને શ્રીયમુનામા, તાપાત્મક સૂર્યમંડલમાંથી, કલિન્દિ ગિરિના મસ્તકે પધારે છે. વલ્લભદાસજી ગાય છે; "ભક્ત હેતુ દ્રવિ સરિ હૈ ધાઈ.” આમ પધારવાનું કારણ ? પુષ્ટિભક્તના હૃદયમાં રસનું પ્રસ્ફૂટન કરવા અને એના હૃદયને રસાકાર બનાવવા મહારાણીજી, **रसौ वै सः** શ્રીકૃષ્ણના ગુણધર્મોને ધારણ કરવાવાળા ભક્તિશૃંગાર રસાત્મિકા છે. પદપંક્તિ કહે છે;

"ભક્ત પર કરિ કૃપા શ્રીયમુને જુ ઐસી,
છાંડિ નિજધામ વિશ્રામ ભૂતલ કિયો,
પ્રકટ લીલા દિખાઈ જુ તૈસી."

અથવા તો "ભક્ત હેત અવતાર ધરની." સૂર્યના પ્રકાશમાં જેમ કમલ ખીલે તેમ આચાર્યજીનું "**भक्तिमार्गब्ज मार्तंड**" નામ પણ ભક્તના ભાવનું વર્ધન કરનાર છે. વ્રજભક્તોના ભાવની સિદ્ધિ કરાવનાર ગુસાંઈજીનું તદ્‌અનુરૂપ નામ છે "**व्रजेश्वरः**."

ભૂતલ પર પધારીને તૂર્યપ્રિયાએ કેવી વિલાસગતિથી ભક્તોના અને કૃષ્ણના ભાવોનું વર્ધન કર્યું ? "**समधिरूढदोलोत्तमा**" ઊંચાનીચા પર્વત પર ચઢવા ઊતરવાથી, તૂર્યપ્રિયાની શોભા, વિલાસગતિરૂપ છે, નવદુલહની યમુનાજી એક રમણીય હિંડોલા પર વિલસી રહ્યાં હોય એવું લાગે છે. આવાં સુલલિત દર્શન કરીને ઠાકુરજી કૃતાર્થતા અનુભવે છે. "હરખિ ગોવિંદ પ્રભુ, નિરખી ઈનકી ઓર, માનો નવ દુલહની આઈ ગવને." યમુનાજીને મહાપ્રભુજી **जयतिपद्‌मबन्धोः सुता** કહે છે. અહીં મુકુન્દરતિવર્ધિની યમુનાજીની સ્તુતિ છે અને એ સ્તુતિમાં વિઘ્ન ન આવે એના માટે "જયતિ" કહે છે. તેથી જ સુબોધિનીજીમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે; "**यथा फलं साधयेत्स्तोत्रम् तथा निर्विन्धार्थः ।**"

આવી સદા નવદુલહની યમુના **मुकुन्दरतिवर्धिनी** છે, ભગવદ્ ભાવનું વર્ધન કરનાર છે. અર્થાત્ શ્રીકૃષ્ણની પ્રીતિ ભક્તમાં વધારનારી અને ભક્તની કૃષ્ણમાં. તેથી જ ભક્ત અને ભગવાનની પરસ્પરમાં પ્રીતિની વૃદ્ધિ કરનાર યમુનાજીના ગુણગાન હરિ સ્વયં ગાય છે એમ વલ્લભદાસજી કહે છે; "તેરી પ્રીતિ રીતિ કી કીરતિ કરત સદા હરિ ગાન."

શ્લોક ૩જો :-

**भुवं भुवनपावनीमधिगतामनेकस्वनैः**
**प्रियाभिरिव सेवितां शुकमयूरहंसादिभिः ।**
**तरंगभुजकंकणप्रकटमुक्तिकावालुका**
**नितम्बतटसुन्दरीं नमत कृष्णतुर्यप्रियाम् ॥**

યમુનાજી ભૂમિ પર પધાર્યા તે પછીના આપના ધર્મનું અહીં નિરૂપણ છે. આ શ્લોક કથિત શ્રીયમુનાજીના ઐશ્વર્યના કારણે આપ પુષ્ટિજીવના શરીરરૂપી ભુવનની શુદ્ધિ કરીને એને ભગવત્સેવા યોગ્ય બનાવે છે. તેથી જ કુંભનદાસજી ગાય છે;

"પતિત પાવન કરન, નામ લીનો તરન,
દૃઢ કર ગહિ ચરન, કહૂં ન જાઉ."

જીવના દુ:ખદ્વંદ્વનું હરણ કરનારી અને સુખકંદ એવા કૃષ્ણને પ્રાપ્ત કરાવનારી શ્રીયમુના છે.

"કહત શ્રુતિ સાર, નિરધાર કરકેં,
ઈન બિના કોન, એસી કરે હૈ સખિ;
હરત દુ:ખ-દ્વંદ્વ, સુખ કંદ બરખેં."

પતિતપાવન દુ:ખદ્વંદ્વ નિવારક યમુનાના આ શોધન ચાતુર્યને અલૌકિક ઐશ્વર્ય કહ્યો છે. **पतितपावन** શ્રીયમુનાજીની જેમ આચાર્યજીનું પણ સર્વોત્તમજીમાં નામ છે; "**पतितपावन**" અને શ્રીગુસાંઈજીનું નામ છે; "**महापतितपावनः.**" મહાપ્રભુજી, ગુસાંઈજી પણ પોતાના સેવકના દુ:ખદ્વંદ્વ શ્રીયમુનાજીની જેમ જ નિવારે છે. વાર્તા કહે છે; "**सो श्रीगुसांईजी आप तो परमदयाल हैं । जो - भक्तवत्सल करुनासिंधु दयासागर हैं । सो खेद सहि न सके ।**"

જીવની રતિ એટલે એનો ભગવત્સ્નેહ છે. આ શ્લોકમાં આલંબન વિભાવરૂપ પ્રભુ અને સ્વામિનીજી છે. તેથી જ વાર્તામાં ગુસાંઈજી આ વૈષ્ણવને કહે છે; "जो देखि ! तेरे वस्त्र श्रीस्वामिनीजी अंगीकार किये हैं । सो वह क्षत्री वैष्णव देखे, तो वेही वस्त्र, वेही साडी, लँहगा, चोली सब श्रीस्वामिनीजी अंगीकार किये हैं । सब पहिरि हैं । और श्रीठाकुरजी वही जरी कौ बागा पहिरे हैं ।" "જહાં પિય રસિક વર, રસિકનિ રાધિકા, દોઉ જન, સંગ મિલ કરત રાસ." યમુનાષ્ટકમાં શુક, મયૂર આદિ ઉદ્દીપન વિભાવરૂપ છે. શુક વાચિકી સેવા કરે છે, મયૂર કાયિકી.

કોઈ પુષ્ટિજીવને એમ લાગે કે હજી સુધી એનું શુદ્ધિકરણ થયું નથી તેને મહારાણીજી સન્મુખ કેમ પેશ થવું તે વલ્લભદાસજી શીખવે છે; "શ્રીયમુને અબ ન વિલંબ કરૌ, અશરણ શરણ દાનિ ચિંતામણિ ચિંતા જાલ હરૌ." આવી વિનન્તીને યમુનાજી તુરત response આપે એના માટે શ્લોકમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે; "नमत कृष्णतूर्यप्रियाम्."

શ્લોક ૪થો :-

**अनन्तगुणभूषिते शिवविरंचिदेवस्तुते**
**घनाघननिभे सदा ध्रुवपराशराभीष्टदे ।**
**विशुद्धमथुरातटे सकलगोपगोपीवृते**
**कृपाजलधिसंश्रिते मम मनः सुखं भावय ॥**

યમુનાજીના ભગવાનના સમાન ધર્મો છે. તે દર્શાવવા આ શ્લોકમાં બન્નેના સમાન ધર્મોનું નિરૂપણ છે. તૂર્યપ્રિયામાં પ્રભુના સમાન ધર્મો હોવાના કારણે, કોઈ પણ પ્રયાસ વિના મહારાણીજી, શરણસ્થ પુષ્ટિજીવોને ભગવત્સંબંધ સંપાદક

કરાવવાનું સામર્થ્ય ધરાવે છે. આ શ્લોકમાં ષડધર્મયુક્ત સપ્તમ ધર્મીનું નિરૂપણ છે એ દર્શાવવા અહીં સાત વિશેષણ છે. પ્રભુ સમાન સર્વ ધર્મ સંપન્ન મહાપ્રભુજીનું સર્વોત્તમજીમાં નામ છે; "**सर्वशक्तिधृक्**" અને શ્રીગુસાંઈજીનું નામ છે; "**सर्वानुग्रह कृन्मन्त्र वित्तमः.**"

યમુનાજીને, કૃષ્ણ જેવા અનંતગુણથી આવિષ્ટ જોઈને ભગવદીય ગાય છે કે;

"તન મન ધન સબ લાલ ગિરિધરન કોં,
દેકે ચરણ જબ ચિત્ત લાવે."

આવા અનંત કૃષ્ણ ધર્મવાળાં યમુનાજીનો નિર્દેશ કરી એમની કરેલી કૃપાને વલ્લભદાસજી સમજાવે છે;

"કૃષ્ણ કૃષ્ણ સદૃશ સબ વિધિ હો,
ભક્તિ અમૃત ફલ દેવે લીલા સુખકી સિદ્ધિ હો."

પુષ્ટિજીવને યમુનાના પરિકર માટે પણ દૈન્ય ભાવ આવવો અનિવાર્ય છે. શ્લોક કહે છે; "**विशुद्धमथुरातटे सकलगोपगोपीवृते.**" તેથી જ મહારાણીના પરિકરને મનુહાર કરી કરીને વલ્લભદાસજી ગાય છે;

"શ્રીયમુને પરિકર હી મનાઉ,
કરો સહાય પરમ કરુણાકર સહજ મનોરથ પાઉ."

આવા પરિકરની સહાયતાથી જીવના મનોરથો સિદ્ધ થાય છે.

આ શ્લોકમાં કથિત યમુનાજીના ઐશ્વર્યથી કૃષ્ણનો ગૂઢ સ્ત્રીભાવ કેવી રીતે આવિષ્કૃત થાય છે, તેનાં સહજ દર્શન

કરી લઈએ. **अनन्तगुणभूषिते शिवविरंचिदेवस्तुते** પંક્તિમાં "દેવ"નો સુબોધિનીજી ગત અર્થ "ભોગ" કરીએ તો સર્વના ભોગી એવા કૃષ્ણનું "દેવ" શબ્દથી અહીં સુચન થશે. આવા કૃષ્ણ કહે છે કે; "હે યમુનાજી, આપ **अनन्तगुणभूषित** છો", આપ "**शिव**" છો, એટલે કે મારા ય કલ્યાણી છો. "**विरंचि**" છો, એટલે કે નૂતનલીલાને પ્રતિપલ પ્રકટ કરનારા છો, તો આપની સાથે "**घनाघननिभे**" એવા સંષ્લિષ્ટ થવાનો મારો જે મનોરથ છે, તે પૂરો કરો. તે પણ "**ध्रुव**" એટલે કે ધ્રુવકાલ કે અનંતકાળ સુધી. કારણકે વૈરાગ્યરૂપ "**पराशर**" જેમ મને પણ યમુના અતિરિકત સર્વમાં વૈરાગ્ય પ્રકટ થઈ ગયો છે. બહાર બિરાજતાં યમુનાજીને આમ વિનવતા હરિના અંતરમાં પણ તૂર્યપ્રિયા જ બિરાજે છે. વલ્લભદાજી ગાય છે; "શ્રીહરિ હીય નિવાસિની નિત્ય અનૂઠી  સુધા કરુણા જગ જાની." કૃષ્ણને જેમ આપ અખંડિત બાહ્યાભ્યંતર છો એવાં યમુનાજી માટે આચાર્યજી આ શ્લોકમાં કહે છે; "**मम मनः सुखंभावय.**" અર્થાત્ યમુનાજીના અંતરંગ જનોને, કૃષ્ણને વશીભૂત કરતાં એમના સ્વામિનીનાં દર્શનથી મનમાં નિતાન્ત સુખ થાય છે. આવી કરુણામૂર્તિ કૃષ્ણા (યમુને) પુષ્ટિજીવને પુષ્ટિભક્તિનું દાન કરવા કૃષ્ણરૂપ બન્યા છે. એના કારણે પણ **मम मन सुखं भावय** બને છે. તેથી જ વલ્લભદાસજી ગાય છે કે;

"કૃષ્ણા કૃષ્ણ સદૃશ સબ વિધિ હો,
પુષ્ટિ ભક્તિ અમૃત ફલ દેવે લીલા સુખકી સિદ્ધિ હો."

ઠાકુરજી અને યમુનાજીની જેમ મહાપ્રભુજી-ગુસાંઈજી પણ આવા **कृपाजलधि** છે જે પોતાના જીવના સુખની સિદ્ધિનું દાન કરે છે. આગ્રાવાળા વૈષ્ણવની વાર્તા કહે છે; "**सो श्रीआचार्यजी,**

श्रीगुसांईजी की कृपा होंई तब या प्रकार दरसन होंई ।"

શ્લોક ૫ મો :-

**यया चरणपद्मजा मुररिपोः प्रियम्भावुका**
**समागमनतोऽभवत्सकलसिद्धिदा सेवताम् ।**
**तया सदृशतामियात्कमलजासपत्नीव यत्**
**हरिप्रियकलिन्दया मनसि मे सदा स्थीयताम् ॥**

આ શ્લોકમાં, ભગવાનને પ્રિય બની જતાં જીવોના કલિદોષોના નિવારણનું સામર્થ્ય છે. આ દોષોના કારણે કોઈ પુષ્ટિજીવને ઠાકુરજી વીસરી જાય તો તેમનું સ્મરણ પ્રભુને યમુનાજી કરાવે છે.

"જિન્હે ભૂલી જાત પિય, તિન્હે સુધિ કરિ દેત,
કહાં લોં કહિયેં ઈનકે જુ હિતકે."

અહીં યમુનાજીનાં "નિરવધિ ઉત્કર્ષરૂપ" ઐશ્વર્યના દર્શન થાય છે. જો ગંગાજી જેવાનો ઉત્કર્ષ શ્રીયમુના પર નિર્ભર છે, તો મહારાણીજીનો ઉત્કર્ષ તો અનિર્વચનીય જ છે ને ? ભક્તિમાર્ગમાં પુષ્ટિજીવનો ઉત્કર્ષ કરતાં આચાર્યજીનું નામ છે; "**सान्निध्यमात्रदत्तश्रीकृष्णप्रेमा विमुक्तिदः**" અને ગુસાંઈજીનું નામ છે; "**प्रेमार्द्रदृग् विशालाक्षः.**" આગ્રાવાળા વૈષ્ણવનો, શ્રીપ્રભુચરણે,ભક્તિમાર્ગમાં જે ઉત્કર્ષ કર્યો છે એને જોઈને વિહ્વળ થઈને એ વિઠ્ઠલેશને વિનન્તી કરે છે કે; "**महाराजाधिराज ! तुम बिना मो ऊपर इतनी कृपा कौन करें !**"

અહીં એક ઉત્પ્રેક્ષા કરીએ કે ઠાકુરજીના ચરણકમલની કૃપા પણ એક "ચરણ પદ્મજા" છે. આવી કૃપા જેને પ્રાપ્ત

નથી થઈ તે પણ શ્રીયમુનાજીને દ્વારે આવીને ફલ પામે છે. આ સંબંધમાં વલ્લભદાસજી યમુનાજીને બે હાથ જોડીને વિનવે છે કે; "જે હરિદાસ નિરાસ રંક તે તુ મતે ફલ પાવત."

શ્લોક ૬ઠો :-

**नमोऽस्तु यमुने सदा तव चरित्रमत्यद्भूतं**
**न जातु यमयातना भवति ते पयःपानतः ।**
**यमोऽपि भगिनीसुतान्कथमु हन्ति दुष्टानपि**
**प्रियो भवति सेवनात्तव हरेर्यथा गोपिकाः ॥**

યમુનાજીના સેવનથી જેમ ગોપીજનોમાં ભગવદ્ પ્રિયતા આવી, એવી પ્રિયતા અન્ય જીવોને પણ સંપાદન કરાવવાનું આ યમુનાજીનું ઐશ્વર્ય છે. "**प्रियो भवति सेवनात् तव हरेर्यथा गोपिकाः ।**"

"શ્રીયમુના જસ જગતમેં જોઈ ગાવે,
તાકે આધીન વ્હે રહત હેં પ્રાણ પતિ,
નેન અરુ બેન મેં રસ જુ છાવે."

અથવા તો "જીન કે ગુન સુનકો લાલ ગિરિધરન પિય, આયે સન્મુખ તાકે બિરાજે."

**नमोऽस्तु यमुने सदा.** ભગવાનનું માહાત્મ્ય તો સર્વ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે તેથી કોઈ પણ જીવ પ્રભુને નમન કરે તે સહેજ છે. પરંતુ યમુનાજીનું માહાત્મ્ય તો લીલાસૃષ્ટિમાં પ્રવેશ થયા પછી જ, એવો ભાવ આવે ત્યારે સમજાય છે અને પછી જીવ મહારાણી ને નમન કરે છે. તેથી, આચાર્યજી અહીં જીવને સૂચન કરે છે કે યમુનાજીનું નમન ભગવત્કૃપાથી જ શકય બને છે. નમન કરીને આવા ભગવદ્ પ્રિયત્વને પ્રાપ્ત

કરાવનાર શ્રીવલ્લભનું સર્વોત્તમજીમાં નામ છે; "**अशेषभक्तसम्प्रार्थ्यचरणाब्जरजोधनः**" અને શ્રીવિઠ્ઠલેશનું નામ છે; "**श्रीकृष्णानुगृहींतैकप्रार्थनीय पदाम्बुजः.**"

**न जातु यमयातना भवंति ते पयःपानतः** કહીને મહાપ્રભુજી યમુનાજીના જીવના દોષ નિવારણ કરવાવાળા ચરિત્રનું નિરુપણ કરે છે.

"પ્રાત હી નહાત, અઘ જાત તાકે સકલ,
યમ હૂં રહત તાહિ હાથ જોરે."

આ શ્લોકમાં, મહારાણીમા ના દોષ નિવારણથી અતિરિક્ત, આપનું ફલસંપાદક અદ્‌ભુત ચરિત્રનું પણ આલેખન છે. યમુનાના સેવનથી જેમ ગોપાંગનાઓ હરિને પ્રિય થયાં તેમ યમુનાના સેવનથી આજે પણ પુષ્ટિજીવો હરિ પ્રિય બની શકે છે. વાસ્તવમાં તો યમુનામા ના સેવનથી જીવમુક્તિમાંથી મુક્ત થઈને ભક્તિને પામે છે, તો યમયાતનાનો અભાવ થાય એ બહુ જ સામાન્ય વસ્તુ છે. આવી યમયાતના કેમ નથી થતી તે વલ્લભદાસજી સમજાવે છે કે યમ પોતાની ભગિનીના સુતને ભાણેજ અને એક સજ્જનરૂપે જોતા હોવાથી એને દંડ આપવાની કલ્પના પણ કરી શકતા નથી. "સો યમ દંડ કબહું નહિ પાવે યમ ભાનેજ સુસજ્જન."

શ્લોક ૭મો :-

**ममाऽस्तु तव सन्निधौ तनुनवत्वमेतावता**
**न दुर्लभतमा रीतर्मुररिपौ मुकुन्दप्रिये ।**
**अतोऽस्तु तव लालना सुरधुनी परं संगमात्**
**तवैव भुवि कीर्तिता न तु कदापि पुष्टिस्थितैः ॥**

આ શ્લોકમાં યમુનાજીના "તનુનવત્વ સંપાદક" ઐશ્વર્યનું નિરુપણ છે. આ દાન લીલોપયોગી દેહને પ્રાપ્ત કરવા માટે છે, જેને નૂતન દેહ કહેવાય છે. એના થકી, દેહની પ્રાકૃતતા અને એના સાક્ષાત્ ભગવદ્ સ્પર્શન, દર્શનની અયોગ્યતા નિવૃત થાય છે. સેવ્યસ્વરૂપ અને સેવકના દેહ વચ્ચે કોઈ પણ જાતનું આવરણ રહેતું નથી. આવા લીલાસંબંધિત દર્શન કરવાનું સામર્થ્ય વિઠ્ઠલેશ આગ્રાવાળા વૈષ્ણવને આપે છે. વાતા કહે છે; **"सो-श्रीगुसांईजी की कृपा तें मोकों रासलीला कौ दरसन भयो ।"** જીવને નૂતનદેહ સંપાદન કરવાનું સાધન આચાર્યજી ગુસાંઈજી સ્વયં કરે છે. શ્રીવલ્લભનું નામ છે; **"स्वदासार्थकृताशेषसाधनः"** અને શ્રીવિઠ્ઠલનું નામ છે; **"सर्वस्वदानकुशलो."** યમુનાષ્ટકમાં આચાર્યજી સમજાવે છે કે આવો નૂતનદેહ સંપાદન ન થાય ત્યાં સુધી યમુનાજીની લાલના ભરી સ્તુતિ કરવી. આવા ભક્તપક્ષપાતિ યમુનાનાં ગુણગાન તો કૃષ્ણ સ્વયં કરે છે. વલ્લભદાસજી ગાય છે; "ભક્ત પક્ષિ દક્ષિતા તિહારે શ્રીમુકુન્દ મુખ ગાવત."

કાચા ઘડાને તપાવવાથી એની કચાશ નીકળી જઈ, એમાં જલધારણ કરવાની ક્ષમતા પાકા ઘડામાં આવી જાય છે. તેમ યમુનાજીના સાનિધ્યથી, જીવની કાચા ઘડા જેવી અવસ્થા હટી જઈ, એના અલૌકિક સામર્થ્યયુક્ત દેહમાં ભગવદ્ રસ ધારણ કરવાનું સામર્થ્ય આવે છે. વલ્લભદાસજી આવા કૃષ્ણ રસ ઉપયોગી તનુનવત્વને સમજાવતાં કહે છે; "કૃષ્ણ રસ ઉપયોગી તનુલહે બઠત પિયસોં નેહ," તેથી ૪૧ પદમાં પણ આવે છે; "યમુને તટ રેણુતેં હોત હે નવીન તનુ, ઈનકે સુખ દેન કી કહા કરોં બડાઈ." આવા નવીન તનુ ના સંપાદનથી હરિમાં પ્રીતિ દુર્લભ નથી અર્થાત્ સુલભ છે. "**न**

दुर्लभतमा रतिर्मुररिपौ" આનું એક વિલક્ષણ રહસ્ય છે. આપણે જેની માળા ફેરવતા હોઈએ એની માળા પ્રભુ પણ ફેરવતા હોય તો આપણી અને પ્રભુની વચ્ચેના આવા સમભાવી કારણથી બન્ને વચ્ચે પ્રીતિ અને મૈત્રી સ્વાભાવિકતાથી બંધાઈ જાય છે. યમુનાજીના પરમ ફલરૂપ નામરૂપી મંત્રની માળા ફેરવતાં આપણે જેમ મહારાણીજીના દર્શન માટે લાલાયિત થઈએ છીએ તેનાથી નિતાન્ત અધિક ભાવથી ઠાકુરજી પણ થાય છે. વલ્લભદાસજી ગાય છે કે;

"શ્રીમુકુંદ માલા કર ફેરત,
મહામંત્ર શ્રીરાધે યમુને જપત દરસપથ હેરત ।
મન નિરોધ પિયકો વા છબિ મેં સહજ સમાધિ સુહાવન
પી માધુરી અમૃત માદક છકી મગન ધ્યાન મન ભાવન ॥"

શ્લોક ૮મો :-
**स्तुतिं तव करोति कः कमलजासपत्निप्रिये**
**हरेर्यदनुसेवया भवति सौख्यमामोक्षतः ।**
**इयं तव कथाऽधिका सकलगोपिकासंगमः**
**स्मरश्रमजलाणुभिः सकलगात्रजैः संगमः ॥**

આ શ્લોકમાં લીલા સંબંધિત પ્રભુના શ્રમ, જલકણ સંબંધનું સંપાદકત્વ છે. આ સ્મર શ્રમ જલ શ્વેદરૂપ નથી, પણ પ્રભુ અને ભક્તોના થતાં વિવિધ સંગમનાં બહિર્ગત બિન્દુઓ છે. આને મહાપ્રભુજી **सकलगात्रजैः संगमः** કહે છે. આ કેવલ શ્રમ જલ હોય તો કેશાવલી, નખ આદિમાંથી એ કેમ સ્ત્રવે ? યમુનાજીના અંતરંગ ભક્તો આ લીલાના મધ્યપાતી છે. "કેલિ પિયસોં કરે, ભ્રમર તબહી પરે, શ્રમ જલ ભરત આનંદ મનયા."

લક્ષ્મીજીની તો શ્રીહરિ સંગ સેવા કરે ત્યારે એવા જીવને મોક્ષપર્યંતનું સુખ મળે છે. પરંતુ શ્રીયમુનાજીની તો કથા જ એટલી અધિક છે કે આવી સંગમસુધાના શ્વેદ બિન્દુઓનો સંબંધ ભક્તોને કરાવે છે. સર્વના મનને મોહનારા પ્રભુને યમુનાજીની કથા મનમોહિત કરે છે.

"સબહીકો મન મોહત મોહન,
સો પિયાકો મન હે જુ હરની."

આચાર્યજીએ સ્વમાર્ગના ગ્રંથ પ્રકટ કર્યા ત્યારે સેવકો પણ આપની બડાઈ કરે છે કે શ્રીમહાપ્રભુજીની કોઈ બરોબરી કરી ન શકે. તેથી જ સર્વોત્તમજીમાં આપનું "**स्वकीर्तिवर्धनः**" નામ છે. શ્રીવલ્લભની કીર્તિનો આશ્વાદ લેતાં ઠાકુરજી નિતાન્ત પ્રસન્ન થાય છે. આ જ ભાવને અનુરૂપ શ્રીવિઠ્ઠલેશનું નામ છે; "**दिक्‌चक्रवर्तिसत्कीर्तिः**."

સપત્ની એવાં યમુનાજીનો લક્ષ્મીજીથી સ્વભાવ વિરુદ્ધ છે. કેવલ વિભૂતિરૂપ લક્ષ્મીજી તો ધનાદિ સંપત્તિ દ્વારા જીવને વિષયાસક્તિ કરાવી સંસારમાં કલહ કરાવે છે. પરંતુ નિર્ગુણભાવાત્મક યમુના, પુષ્ટિજીવના સંસાર અને કલહને નિવારે છે. વલ્લભદાસજી કહે છે;

"સરલ સ્વભાવ કલહ હરની તુમ નિરમત્સર વ્રજગોપી,
કલહરૂપ ઈન્દિરા, જહાં જહાં તુમ સબહી વિધિ ઓપી."

શ્લોક ૯મો :-

**तवाऽष्टकमिदं मुदा पठती सूरसूते सदा**
**समस्तदुरितक्षयो भवति वै मुकुन्दे रतिः ।**

**तया सकलसिद्धयो मुररिपुश्च सन्तुष्यति**
**स्वभावविजयो भवेद्धदति वल्लभः श्रीहरेः ॥**

આ શ્લોકમાં યમુનાષ્ટકસ્તોત્રના પાઠનું ફલ દર્શાવેલું છે.

ભગવત્પ્રાપ્તિમાં પ્રતિબંધક જે દોષો છે તે યમુનાષ્ટકના પાઠથી નિવૃત થાય છે. **समस्तदुरितक्षयो भवति** અને ભગવાનમાં દુર્લભ એવી રતિ ભક્તિ ઉત્પન્ન થાય છે. યમુનાજીની કૃપાથી સુલભ થયેલ આવા ભક્તિયોગનું દાન ભગવાન પણ જલ્દી કરતાં નથી. "**मुकुन्दो भक्तिं ददाति कर्हिचित् स्म न भक्तियोगम्.** પરંતુ યમુનાજીની મહિમાનું વર્ણન કરતાં ભક્ત ગાએ છે;

"શ્રીયમુને રસખાન કોં શિષ નાઊં,
ઐસી મહિમા જાન ભક્ત કોં સુખ દાન,
જો માંગોં સોઈ જુ પાઊં."

અર્થાત્ યમુનાજીની સ્તુતિથી ભગવાન પણ પોતાનો સ્વભાવ છોડીને પુષ્ટિજીવને ભક્તિનું દાન કરે છે. વલ્લભદાસજી ગાય છે કે;

"સબ કે ઉર પ્રેરક ગિરિધરન,
હરિ સ્વભાવ ફેરની શ્રીયમુને જનહિત લીનો પરન."

યમુના દત્ત ભક્તિમાં સર્વાત્મભાવાદિ સર્વ સિદ્ધિઓ વિદ્યમાન છે. વાર્તા કહે છે; "**जो-यमुनाजी के विषे सकल लीला विद्यमान हैं ।**" સર્વોત્તમજીમાં નિર્દિષ્ટ કરેલ "**त्रिगुणातीत**" શ્રીવલ્લભપ્રભુ પણ જે ચાહે તેવું અદેયદાન પોતાના જીવને કરે છે. "વલ્લભ ચાહે સોઈ કરે." નામરત્નાખ્ય વર્ણિત થયેલ "**महोज्जवल चरित्रवान्**" શ્રીવિઠ્ઠલેશ પ્રભુ પણ આવા સર્વસમર્થ

છે. તેથી જ, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીયમુનાજી સર્વસ્વદાન કુશલ અને સમર્થ છે. "શ્રીયમુને અરુ પ્રાણપતિ, પ્રાણ અરુ પ્રાણસુત, ચહુજન જીવ પર દયા વિચારી."

શ્રીયમુનાષ્ટકના પાઠથી કેવલ મુરરિપુ પ્રસન્ન થતા નથી પણ સ્વામિનીઓ પણ પ્રસન્ન થાય છે, તથા પુષ્ટિજીવમાં આંતરિક તનુનવત્વ સંપાદન થાય છે, એની બહિર્મુખતા જાય છે, એના સ્વભાવ પર એનો વિજય થાય છે. અર્થાત્ ભગવલ્લીલા અનુકૂલ સ્વભાવ સંપન્ન થાય છે. આપણા સ્વભાવને પ્રભુના અનુકૂલ બનાવવો તેનું નામ આશ્રય છે. **आसमन्तात श्रयंति इति आश्रय.** આમ યમુનાજી ચારે બાજુથી પુષ્ટિજીવને પ્રભુ તરફ સરકાવે છે. કેવી રીતે ? જીવની પ્રભુ પાસે બેરબેર સુદ્ધિ લઈને.

"મેરી શ્રીયમુને સુધિ લૈહૈ ।
ચેરી જાની આપને ઘરકી સદ્ય અભય પદ દેહૈ ॥
હરિ સંકેત શ્યામસુંદરસોં મોરી કથા સબ કેહૈ ।
દીન શુલ્ક વલ્લભદાસ કૌં નિજ બલ જગત નિવૈહૈ ॥

શ્રીમદાચાર્યચરણ, શ્રીમદ્ પ્રભુચરણ અને અશરણના શરણ એવા શ્રીયમુનામા ના ચરણકમલના અતિ કૃપાપાત્ર આ આગ્રાના વૈષ્ણવ માટે ગોકુલનાથજી વાર્તાના અંતમાં આજ્ઞા કરે છે કે; **"तातें इनकी वार्ता कहां तांई कहिए ।"**

******

# ગ્રંથ નવરત્ન

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૧૧૦-એક બ્રાહ્મણી ઉપરાવાળી

"तब यह (ब्राह्मणी) वैष्णवन की मंडली में जान लागी । पाछें वैष्णवन की संग तें वह श्रीगुसांईजी की सेवकिनी भई ।" નવરત્ન ગ્રંથ કથિત "निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः" થી આ વાર્તાનો પ્રારંભ થાય છે. સત્સંગ થકી આ બહેન પ્રભુચરણને શરણે આવે છે. ભગવદ્‌ભાવનો આવિર્ભાવ અને વર્ધન કરનારો સત્સંગ છે. "સત્સંગ દેશમાં ભક્તિ નગર છે રે, પ્રેમની પોળ પૂછી જા જો રે."

સત્સંગ ઉપરાંત, આ બહેનની અલૌકિક માનસિક ઘડતરનું બીજું સ્રોત પણ દર્શનીય છે. ચોરાસી વૈષ્ણવ સૃષ્ટિ અંતરસ્થ વાર્તાઓમાં ઈશ્વર દવેની વાર્તામાં આવે છે કે; "यह बात सुनि के श्रीगुसांईजी बहोत प्रसन्न भये । जो-इनकों सेवकन में ऐसी वात्सल्यता है । तब श्रीगुसांईजी कहैं, उत्तमश्लोकदास ! तुम कछु मेरे पास मांगो । मैं तुम्हारे ऊपर बहोत प्रसन्न भयो हों । तब उत्तमश्लोकदास कहैं, महाराज ! मैं तिहारे ऊपर कब हूँ अप्रसन्न न होऊँ, यह मैं माँगत हों ।" આ જ ઈશ્વરદવેની લીલાના મૂળસ્વરૂપમાંથી ઉપરાવાળી બ્રાહ્મણીનું પ્રાક્ટ્ય છે. તેથી આ બ્રાહ્મણીને, શ્રીગુસાંઈજી અડેલને પાર ઉતારી આવવાનું વ્રજવાસીને કહે છે, તો પણ બ્રાહ્મણીને શ્રીવિઠ્ઠલેશ પ્રભુ માટે અપ્રસન્નતા કે અભાવ આવતો નથી, વાર્તા કહે છે; "तऊ वा ब्राह्मनी कों श्रीगुसांईजी की ऊपर नेक हू दोष बुद्धि न आई ।" નામરત્નાખ્ય કથિત सत्यपरायणः શ્રીપ્રભુચરણે, ઈશ્વર દવેને આપેલા વરદાનની આ વિલક્ષણ ફલશ્રુતિ છે. આ પ્રસંગને

અનુગત મહાપ્રભુજીનું નામ છે; "सत्यप्रतिज्ञः." સારાંશમાં આ બ્રાહ્મણીને, શ્રીગુસાંઈજી, નવરત્નગ્રંથ કથિત પુષ્ટિસ્થ ભગવાનની ઓથમાં રાખીને, એમની બુદ્ધિને લૌકિક થવા દેતા નથી. "भगवानपि पुष्टिस्थो न करिष्यति लौकिकीं च गतिम् ।"

તો આ બહેન વિકટ પરિસ્થિતિમાં ય, શ્રીમહાપ્રભુજીની "चिंता काऽपि न कार्या"ની આજ્ઞાને કેવી રીતે જીવી શક્યાં ? પ્રભુની શરણાગતિ સ્વીકાર્યા પછી આ બ્રાહ્મણીએ, પોતાના આ લોક અને પરલોક સંબંધિત બધું જ ભગવાનને સમર્પિત કરી દીધું છે. તેથી જ, શ્રીગુસાંઈજીએ એમને નવનીતપ્રિયાજીની રસોઈની પરચારગીમાંથી બહાર કાઢી અડેલને સામે કિનારે મોકલી આપ્યાં, તો ય આ બહેનને ન તો શ્રીવિઠ્ઠલેશ પ્રભુની આજ્ઞા પર સંશય થયો કે ન એમને ચિંતા થઈ. ચિંતાનું એક કારણ સંશય છે અને આસ્થાનું ડગમગવું એ ચિંતાનું બીજું કારણ છે. ઉપરાવાળી બ્રાહ્મણીને શ્રીવિઠ્ઠલેશ પ્રભુ માટે જે આસ્થા છે, તેને કેવલ અડગ ન રાખી પરંતુ એક supreme confidence થી એમણે નિરધાર કર્યો; "मन में कह्यो जो-प्रभु हैं, फेरि कृपा करि कै बुलावेंगे ।" આ બ્રાહ્મણીને મહાપ્રભુજી, ગુસાંઈજીના જે નામો પર વિશ્વાસ છે તે અનુપમ નામો છે; "कृपाद्दगवृष्टिसंहृष्टदासदासीप्रियः" અને "दासदासीप्सितप्रदः." આ પ્રસંગનો ખૂલાસો કરતાં ભાવ પ્રકાશમાં હરિરાયજી સમજાવે છે કે; "प्रभु अपने जीव कों सर्वथा छोरत नाहीं ।" આ બહેનને વિશ્વાસ છે કે પ્રભુ "सर्वेश्वरश्च सर्वात्मा निजेच्छातः करिष्यति" છે. એમને એ પણ વિશ્વાસ છે કે પ્રભુ જે કરે છે તે એમના હિત માટે કરે છે. અંગીકૃત જીવનું પ્રભુ સ્વયં પાલન કરે છે. એટલે કદાચ ગુસાંઈજીએ એમની પરીક્ષા લીધી હશે કે એમના પ્રારબ્ધને કારણે આવું થયું હશે એમ માનીને એમણે

ચિંતા તો ન જ કરી. છીતસ્વામીજીની વાણીથી એમનાં ભાવના દર્શન કરીએ. "હોં ચરનાત પત્રકી છૈયાં, કૃપાસિંધુ શ્રીવલ્લભનંદન બહ્યો જાત રાખ્યો ગહિ બહિયાં.

આ બહેનને એ પણ વિશ્વાસ છે કે જો એમની પોતાની ઈચ્છામાં વિકાર નહિ હોય તો પ્રભુ સમયાંતરે એ બહેનની ઈચ્છાનુસાર કરશે ત્યારે તો એમને વિશ્વાસ છે કે; **"जो - प्रभु हैं, फेरि कृपा करि कै बुलावेंगे ।"** આવા પાછા બોલાવવાનાં situationને એ પોતાના સાધનથી પામવા નથી માંગતા, પણ વિઠ્ઠલેશનાં ચરણકમલ બલના આધારે એવું ઈચ્છે છે. પુષ્ટિજીવમાં, સમર્પણથી આવા અધિકારી ભાવનો આવિષ્કાર થાય છે, જે ઠાકુરજીને ય ભક્ત ઈચ્છા અનુકૂલ કૃતિ કરવા પ્રેરે છે. **निजेच्छातः करियति** માં **निजानाम् इच्छातः करिष्यति** ની આ ફલ દશા છે. નવરત્ન ગ્રંથમાં મહાપ્રભુજી જે **निवेदनं तु स्मर्तव्यं** ની આજ્ઞા કરે છે તે જીવમાં સમર્પણની ભૂખ જગાવવા માટે કરે છે. આ બ્રાહ્મણીમાં શરણ અને સમર્પણની ભાવના દર્શનીય છે. વાર્તા કહે છે; **"अहर्निस श्रीगुसांईजी के चरनकमल कौ स्मरन करे । सो कछूक दिन में ऊपरान कौ बडो ढेर भयो ।"** ગુસાંઈજીએ વ્રજવાસીને જયારે ઉપરા લેવા મોકલ્યા ત્યારે આ બહેને બધાંય ઉપરા શ્રીવિઠ્ઠલેશ પ્રભુને સમર્પિત કરી દીધાં. વાર્તા કહે છે; **"तब वा ब्राह्मनी ने कही, जो - मैं ऊपरा थापे है सो सब श्रीगुसांईजी के हैं । सो तुम लै जाऊ । मैं श्रीगुसांईजी की सेवकनी हूं ।"** આ બહેનનું આત્મનિવેદન સમ્યક્ હોવાથી એમને સદા સ્મરણ રહે છે કે "હું પ્રભુની છું - હું પ્રભુની દાસ છું." તદાશ્રય અને તદીયત્વથી ભગવાન માટે જેના અંગેઅંગમાં આવી આત્મીયતા વ્યાપક બની જાય, એના મનમાં, ચિંતાને પ્રવેશ થવાની જગ્યા જ રહેતી નથી.

નવરત્નગ્રંથની ઓથમાં રહીને આ બ્રાહ્મણીની મનોવૃત્તિનાં દર્શન કરશું તો એમાં, એવી ઝાંખી થશે કે, આ બહેન, પ્રભુને સર્વજ્ઞ માને છે, તેથી એમને પોતાના ઉદ્ધાર માટે, પ્રભુની પ્રાર્થના કરવાની જરૂર લાગતી નથી. એટલે બહેનના સાધન બલનો વિચાર કર્યા સિવાય પ્રભુ એમનું વરણ અવશ્ય કરશે એવો એમને દૃઢ સંકલ્પ છે. ઠાકુરજી એમને પોતાના સુહૃદ, કર્તા કારયિતા અને અચિંત્ય લીલાવિહારી તરીકે દૃષ્યમાન થાય છે. તેથી એમની ચિત્તવૃત્તિએ, એમની વિપરીત પરિસ્થિતિની પણ સ્વીકૃતિ કરી લીધી છે અને એના કારણે મનમાંથી આનંદનો તિરોભાવ થતો નથી. ત્યારે જ તો એમને ઉપરાના માધ્યમથી સમર્પણનો ભાવ સુસ્થિર રહે છે અને ગુસાંઈજી માટે થાપી રાખેલ ઉપરા પણ એક ઉત્તમ સામગ્રી રૂપે એમણે સંગ્રહી રાખ્યા છે. વાર્તા કહે છે; **"तब वा व्रजवासी सों श्रीगुसांईजीं आप पूछे, जो-अबकी बेर ऊपरा बोहोत आछे हैं ।"**

તો આવી ઉત્તમ બુદ્ધિ જીવને કેવી રીતે આવે તે મહાપ્રભુજી નવરત્ન ગ્રંથમાં સમજાવે છે. **"लोके स्वास्थ्यं तथा वेदे हरिस्तु न करिष्यति । पुष्टिमार्गस्थितो यस्मात् साक्षिणो भवताखिलाः ।।"** પ્રભુએ તો આ બ્રાહ્મણીની લૌકિક અને વૈદિક નહિ પણ આધિદૈવિકમાં ય અસ્વસ્થતાને નિર્માણ કરી છે. છતાં પણ આ બહેન, આ અખિલ પ્રસંગને એક સાક્ષીભાવથી જુએ છે. તેથી પ્રસંગમાં રહીને પણ એ પ્રસંગથી અલિપ્ત છે અને ગુસાંઈજીના ચરણકમલના સ્મરણમાં એમનું મન સદા લીપ્ત રાખે છે. આ બહેનના આવા વિશાળ ભાવને વ્રજવાસી ગુસાંઈજી સુધી પહોંચાડે છે. વાર્તા કહે છે; **"सो मोसों, कह्यो, जो - ये ऊपरा सब श्रीगुसांईजीं के हैं । मैं श्रीगुसांईजी की दासी हूँ ।"** બ્રાહ્મણીના મનની આવી ઉત્તમતા એમના દોષના

અભાવના કારણે છે. સુબોધિનીજીમાં આચાર્યજી આજ્ઞા કરે છે કે; "**दोषाभावेनैवोत्तमता.**" આ બ્રાહ્મણીના આવા દોષરહિત એકરસ ભાવને જોઈને શ્રીવિઠ્ઠલેશ પ્રભુના એ વખતના પ્રકટ થયેલા અનુભાવને વાર્તા દર્શાવે છે; "**तब यह सुनि कै श्रीगुसांईजी वा ब्राह्मनी के ऊपर बोहोत प्रसन्न भए ।**" શ્રીપ્રભુચરણની પ્રસન્નતાની ફલશ્રુતિનાં દર્શન કરાવતાં વાર્તા આગળ કહે છે; "**तब श्रीगुसांईजी वा ब्राह्मनी कों बुलाइवे कौ बिचार कियो । तब वा व्रजवासी सों कहे, जो - अब फेरि नाव ले जाँइ कै नाव में ऊपरा भरि कै वा ब्राह्मनी कों नाव में बैठारि कै यहां लिवाइ ल्याइयो ।**" આ બ્રાહ્મણી વિઠ્ઠલેશ પ્રભુની પાસે રહ્યાં કે ન રહ્યાં, એમને નવનીતપ્રિયાજીની પરચારગીની સેવા મળી કે ન મળી, તો પણ એમના પુષ્ટિજીવનનો જે મૂળ આધાર છે તે "ચતુરવિહારીજી"ના કીર્તનમાંથી સ્પષ્ટ સમજાય છે.

"ચતુરાઈ તાકી સાંચી જો શ્રીવલ્લભનંદનજુકો સ્મરન કરે ।
સો જન નિકટ રહે કે દૂરે રસના શ્રીવિઠ્ઠલેશ ધરે ॥
સેવા કરે કે ન કરે મન કર્મ વચન ઈનહીં કે ચરનકમલ અનુસરે ।
ચતુરવિહારી ગિરિધારી જુકો ઐસો સેવક
મેરે હૃદય તેં કબહું ન ટરે ॥"

મહાપ્રભુજી, ગુસાંઈજીના આવા દૃઢ ચરણકમલના આશ્રિત માટે, "ગિરિધારી" સ્વયં કહે છે કે આવા ભગવદીય મારા હૃદયમાંથી કયારેય હટી શકતા નથી. આ પ્રસંગમાં સર્વોત્તમજીના જે નામનો મહિમા પ્રકટ થાય છે તે નામ છે; "**दुर्लभांघ्रिसरोरुहः**" અને નામરત્નાખ્યનું નામ છે; "**दीनानाथैकसंश्रयः.**"

વાસ્તવમાં તો વિપરીત સંજોગોમાં આ બહેન "**सेवाकृतिर्गुरोराज्ञा**" પર નિર્ભર રહ્યાં છે. શ્રીગુસાંઈજીએ ઉપરાવાળા બહેનને માથે

નવનીતપ્રિયાજીનાં ખાસાનાં વાસણ માંજવાની સેવા આપી, તો એમણે તે કરી અને એમાંથી એમને નિવૃત કર્યા, તો ય આ બ્રાહ્મણી પોતાના માથે બિરાજતાં ઠાકુરજીને પધરાવીને અડેલને સામે પાર ઝૂંપડીમાં રહ્યાં. સુખદુઃખને ભગવદ્ ઈચ્છા માનીને એમણે ભગવત્સેવા ન છોડી. વાર્તા કહે છે; "पाछें सगरे ऊपरा नाव में भरि कै पाछें वह ब्राह्मनी अपने श्रीठाकुरजी कों नाव में चढाय कै पाछें बैठी ।"

શ્રીવિઠ્ઠલેશ પ્રભુથી પ્રત્યક્ષમાં દૂર રહેવાના આ સમયને બ્રાહ્મણીએ શ્રીગુસાંઈજીના સ્મરણથી, ઠાકુરજીની સેવા કરીને અને ઉપરા થાપીને સમર્પિત રહીને વ્યતિત કર્યો. તેથી એમની વિકાર વગરની મનોકામનાના કારણે, ભક્તવત્સલ શ્રીગુસાંઈજીએ એમને પાછાં બોલાવી લીધાં. નિર્વિકાર ભાવના કારણે સર્વોત્તમજીનું પ્રકટ થતું નામ છે; "भक्तेच्छापूरकः" અને નામરત્નાખ્યનું નામ છે; "भक्तकामदः." અડેલથી સામે પાર ગયા ત્યારે આ બ્રાહ્મણીએ મનમાં ઈચ્છા કરેલી કે; "फेरि कृपा करि कै बुलावेंगे ।" એમની તે ઈચ્છાની પૂર્તિ શ્રીવિઠ્ઠલેશ પ્રભુએ, નવરત્નમાં "निजानाम् इच्छातः करिष्यति ના ભાવાર્થથી પૂર્ણ કરી. વાર્તા કહે છે; "(ब्राह्मनी के) नेत्रन में तें आंसू जात हैं । मुख तें कछू बोल आवत नाहीं । तब ऐसी दसा देखि कै श्रीगुसांईजी कों वाकी बोहोत दया आई । ता पाछें श्रीगुसांईजी अपने श्रीहस्त कमल सों वा ब्राह्मनी कौ हाथ पकरि कै ठाढी किये । और कह्यो, जो - तेरो अपराध तो थोरो हतो और दंड तोकों बोहोत भयो । परि तू धन्य है । सो तेनें ऐसो धीरज धर्‍यो ।"

શ્રીગુસાંઈજી જયારે સ્વયં શ્રીમુખથી આજ્ઞા કરે છે કે; "तेरो अपराध तो थोरो हतो और दंड तोकों बोहोत भयो ।" તો

પરમદયાલ શ્રીવલ્લભનંદને આ બ્રાહ્મણીને આટલો મોટો દંડ કેમ આપ્યો હશે ? સૌથી પહેલાં તો સર્વોત્તમજીના **"भक्त्याचारोपदेष्टा"** નામનો બ્રાહ્મણીને ઉપદેશ આપવા. જેને અનુસંગત નામરત્નાખ્યનું નામ છે; **"पितृ प्रवर्तित पथ प्रचार सुविचारकः."** તો આ બ્રાહ્મણીને ભક્તિનો કયો આચાર શીખવવો છે એ વાર્તામાંથી સમજીએ. શ્રીગુસાંઈજી જયારે એમને પૂછે છે કે પાત્રમાં કાળો ડાઘ રહી ગયો તે તને ખબર ન પડી, ત્યારે આ બહેન પ્રત્યુત્તર આપે છે કે; **"जो - अनजाने कारो दाग रहि गयो होइगो । ता बात कों मैं कहा करों ? तब ऐसें बयन सुनि कै श्रीगुसांईजी वा परचारगी के उत्तर बोहोत रिस कीनी ।"** બ્રાહ્મણીને ભક્તિના આચારનો કયો ઉપદેશ કરવો છે તે હરિરાયજી ભાવપ્રકાશમાં સમજાવે છે; **"जो - वैष्णवन कों गुरुन के सन्मुख दीनता सों बोलनो, अपराध भय मानि कै ।"** તદુપરાંત નવરત્ન ગ્રંથને કોઈ પણ સંજોગોમાં કેવી રીતે જીવવો એની શીખ પુષ્ટિસૃષ્ટિને આપવા માટે પણ શ્રીપ્રભુચરણે, આ બ્રાહ્મણીને આવા પ્રસંગમાંથી પસાર કર્યા છે. નવરત્ન ગ્રંથના લીલોપદેશરૂપ આ વાર્તા હોવાથી. શ્રીગુસાંઈજી શ્રીમુખથી સરાહના કરતાં બ્રાહ્મણીને આજ્ઞા કરે છે; **"परि तू धन्य है । सो तेनें ऐसो धीरज धर्‌यो ।"** નવરત્નગ્રંથના પહેલાં સાત શ્લોક જીવને વિવેક શીખવાડે છે તો આઠમો શ્લોક ધૈર્ય સમજાવે છે. ગ્રંથ કહે છે;

**"चित्तोद्वेगं विधायापि हरिर्यद्यत्करिष्यति ।**
**तथैव तस्य लीलेति मत्वा चिन्तां द्रुतं त्यजेत् ॥"**

આવો ઉદ્વેગ, જીવના મહત્પાપને નાશ કરાવવાવાળી હરિની લીલા છે, પ્રભુએ કરેલી જીવ માટેની આ ઉદ્વેગલીલા છે.

પરંતુ આ બહેને તો ઉદ્વેગ કરાવવાવાળી કે ઉદ્વેગથી જનિત થતી ચિંતાને ત્યજી દીધી છે અને નિતાન્ત ધૈર્ય રાખી પોતે હરિ શરણ અને સમર્પિત રહ્યાં છે. દયારામભાઈની પંક્તિમાં આ બહેનના ભાવનાં દર્શન કરી લઈએ.

"ઈચ્છે રુડું પ્રભુ જગનનું, તે કયમ કૂડું કરે નિજદાસ ?
કરશે હરિ તે ભલું તાહરું, તું ધૈર્ય દૃઢ વિશ્વાસ."

નવરત્ન ગ્રંથના નવમા શ્લોકને અનુસરીને આ બ્રાહ્મણી, આવા વિપરીત પ્રસંગમાં પ્રભુનું શરણ ગ્રહણ કરીને રહ્યાં છે. ગ્રંથ કહે છે; "**तस्मात् सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम । वदद्भिरेवं सततं स्थेयमित्येव मे मतिः ॥**" આ શ્લોક ભગવદાશ્રય સંબંધિત છે અને તે જીવની અહંતાનું શોધન કરનાર છે. સર્વાત્મભાવથી પ્રભુની શરણાગતિથી પોતાના ભાવને બ્રાહ્મણીએ ટકાવી રાખ્યો છે અને ભક્તિના સ્થાયિભાવથી વિપરીત રસાભાસને ઉત્પન્ન કરનારી ચિંતાને એમણે સ્વીકારી નથી. આ પ્રસંગમાં મહાપ્રભુજીનું પ્રકટ થતું નામ છે; "**तद्विस्मृतान्यः.**" શ્રીવિઠ્ઠલેશનું અહીં પ્રકટ થતું નામ છે. "**भक्ताज्ञानभिदुत्तमः.**" ચિંતા ન કરવાના કારણે, આ બહેનના આત્મનિવેદનનો બીજભાવ ભગવત્પ્રેમમાં અંકુરિત થઈ જઈ દીનતામાં ફલિત થઈ જાય છે. વાર્તા કહે છે; "**तब वा ब्राह्मनीने श्रीगुसांईजी सों बिनती करी, जो - महाराज ! मोसों अपराध तो बहोत ही पर्‌यो हतो, जो - सगरीं सामग्रीं छूई गई । प्रभुन कों ढील भई । या अपराध तें मोकों तींन्यो लोक में कहूं ठौर न हती । सो आप तो परमदयाल हो सो थोरो ही में मेरो अपराध निवृत किये । तब ये बचन वा ब्राह्मनी के सुनि कै आप बोहोत प्रसन्न भए ।**" આ બ્રાહ્મણીને, થોડા સમય માટે છૂટા રાખીને શ્રીપ્રભુચરણે એમને

વિપ્રયોગનો અનુભવ પણ કરાવ્યો છે. એનાથી એમને શું ફલિત થયું તે હરિરાયજી ભાવપ્રકાશમાં સમજાવે છે; **"या वार्ता में यह जताए, जो - जीव कों अपने रंचक दोष कों हू बोहोत बडो करि जाननो । तो दीनता होंई । और शिक्षा कौ अनुग्रह करि जाननो । यहू कहे ।"** આની ફલશ્રુતિ રૂપે બ્રાહ્મણીને શું મળ્યું ? વાર્તા કહે છે; **"पाछें श्रीगुसांईजी अपनो चरनामृत दियो । तब वा ब्राह्मनी को आज्ञा करी, जो - बेगि न्हाय अपनी सेवा में जाय लगो । सेवा सावधानी सों दोऊ बार करनो ।"** **सेवाकृतिर्गुरोराज्ञा** માં જે ભાવ ગર્ભિત છે, તેને વાર્તા પ્રકાશિત કરે છે; **"ता दिन तें वह ब्राह्मनी भय संयुक्त अत्यंत प्रीति सों सेवा करती ।"** આ રહસ્યને સમજાવતાં દયારામભાઈ કહે છે;

"શ્રીગિરિવરધર સેવતાં ભય રાખવો ભૂપતિ સમાન,
બાલક સમ વાત્સલ્યતા, ધરવો સ્નેહ તો જાર સમાન."

પ્રભુના માહાત્મ્યજ્ઞાનથી પ્રભુની મહત્તા સમજાય છે, ત્યારે ભગવાનને approach કરતી વખતે જીવને એક ભાવ મિશ્રિત discipline રહે છે અને અત્યંત પ્રીતિથી અને સર્વતોધિક સુદૃઢ સ્નેહ પ્રાપ્ત થાય છે. અર્થાત્ આ પ્રસંગની ફલશ્રુતિરૂપે, આ બહેનને માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વતોધિક સ્નેહ રૂપા પુષ્ટિભક્તિ સિદ્ધ થઈ ગઈ છે. વાર્તા કહે છે; **"सो कछूक दिन में श्रीनवनीतप्रियाजी सानुभावता जतावन लागे ।"** અને **"सो या प्रकार वा ब्राह्मनी के ऊपर श्रीनवनीतप्रियाजी बोहोत प्रसन्न रहते ।"**

ઉપરાવાળાં બ્રાહ્મણી આવાં ભગવદીય બન્યાં, એ કોઈ શાસ્ત્રના કારણે નહિ, પરંતુ શ્રીવિઠ્ઠલેશપ્રભુ દત્ત સ્વભાવના કારણે. ઈશ્વર દવેના લીલાના મૂલસ્વરૂપમાંથી એમનું પ્રાકટ્ય હોવાથી, ઈશ્વરદવેના સ્વભાવનો ય એમનામાં આવિર્ભાવ છે.

ગોપીજનોની આવી સ્વભાવગત ભગદીયતાની અવસ્થાને સમજાવતાં મહાપ્રભુજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે; "**न हि ता शास्त्रेण भगवदीया जाताः किन्तु स्वभावेन ।**" ઉપરાવાળાં બ્રાહ્મણીની આવા ભગદીયતાને અનુલક્ષીને વાર્તાના અંતમાં શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે; "**सो वह ब्राह्मनी श्रीगुसांईजी की ऐसी परम कृपापात्र भगवदीय हीं । तातें इनकी वार्ता कौ पार नाहीं । सो कहां तांई कहिए ।**"

******

## ગ્રંથ : સંન્યાસનિર્ણય

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૯૩ - તીન તૂંબાવાલો બ્રાહ્મણ

શ્રીગુસાંઈજીને શરણે આવ્યા તે પહેલાં જ તીન તૂંબાવાલામાં, સંન્યાસનિર્ણય ગ્રંથ કથિત વૈરાગ્યનાં લક્ષણો કૃષ્ણનામ સહિત પ્રકટ છે. વાર્તા કહે છે; **"ये सिद्धपुर में एक ब्राह्मन के प्रगटे । सो जन्मत ही भगवन्नाम कौ उच्चार किये । "श्रीकृष्ण" ऐसें कह्यो । रुदन कियो नाहीं ।_ _ _ _ पाछें बरस पाँच कौ यह बालक भयो । ता दिन तें यह बालक श्रीकृष्ण नाम कौ जप करन लाग्यो । काहू सों बोले नाहीं । काहू के पास बैठे नाहीं । विरक्त सो रहे । माता-पिता जाने, जो - यह कोई लौकिक बालक नाहीं । तातें कछू नाहीं । यह बालक कछू खान-पान करे नाहीं । गाँइ कौ दूध पी कै रहे ।" "श्रीकृष्ण नाम को जप करन लाग्यो"** કહીને વાર્તા તીન તૂંબાવાળાના ભક્તિમૂલક વૈરાગ્યના લક્ષણને પ્રતિપાદિત કરે છે. કૃષ્ણનામના જપથી આ વૈરાગીના અંતઃકરણનું શોધન થાય છે અને એમને ભક્તિનો આવેશ પણ પ્રકટ થયો છે. એટલે જ તો એમને શ્રીગુસાંઈજીના દર્શન થતાં જ, **"सो साक्षात् पूरन पुरुषोत्तम के दरसन भए ।"** તે વખતે આ વિરકત શ્રીવિઠ્ઠલેશને વિનંતિ કરે છે કે; **"मैंने आपकों पहिचाने हैं ।"** સંન્યાસનિર્ણય ગ્રંથમાં વિપ્રયોગની વિવિધ અવસ્થાની કથા હોવાથી, શરણે આવતાં પહેલાં જ તીન તૂંબાવાળા જાણી જાય છે કે પ્રભુથી તે વિખૂટા પડયા છે. વાર્તા કહે છે; **"बोहोत दिन भए बिछर्‍यो हूं ।"** ગદ્યમંત્રનો સંસ્કાર પામતા પહેલાં જ, એમને, આ મંત્રના પ્રારંભમાં જે, પ્રભુથી વિછૂરેલા જીવની વાત કહી છે, તેનું

સતત સ્મરણ છે. અર્થાત્ નામનિવેદન પહેલાં જ એમનો સ્વરૂપ વિસ્મૃતિનો અધ્યાસ શિથિલ થઈ ગયો છે. મહાપ્રભુજીથી દીક્ષિત થતાં પહેલાં પરમાનંદદાસજીની જે વિરહી અવસ્થા છે એવી જ દશા તીન તૂંબાવાળાની છે. "વ્રજ કે વિરહી લોક બિચારે."

ભક્તિવર્ધિની ગ્રંથમાં આચાર્યજી જે "**तादृशस्यापि सततं गृहस्थानं विनाशकम्**"ની આજ્ઞા કરે છે એનો વિસ્તાર મહાપ્રભુજીએ સંન્યાસનિર્ણય ગ્રંથમાં કર્યો છે. તીન તૂંબાવાળાનું ચરિત્ર સંન્યાસનિર્ણય ગ્રંથનો લીલોપદેશ કરતું હોવાથી, આ ભગવદીયને બ્રહ્મસંબંધ થતાં જ એ પોતાના માતાપિતાને સ્પષ્ટ કહી દે છે કે; "**जो - हौं विरक्त हों । मेरे तुम्हारे कछू संबंध नाहीं । तातें मेरे में ममता मति करो । नाँतरु दुःख पावोगे । इतनो कही यह विरक्त तो घर तें निकसि गयो ।**"

સંન્યાસનિર્ણય ગ્રંથ સાથે સંકળાયેલી આ વાર્તાનો આપણે સૌથી પહેલાં હાર્દભાવ જોઈ લઈએ. વાર્તા કહે છે; "**सो निवेदन होत हीं याकों सब लीला स्फुर्द भई । स्वरूप हृदयारूढ भयो । तब श्रीगुसांईजी आज्ञा किये, जो - तोकों निरोध सिद्ध भयो ।**" તીન તૂંબાવાળાને લીલાની માનસી સિદ્ધ છે, નિરોધ સિદ્ધ છે. વિપ્રયોગ સ્થિર થયા વિના આ અવસ્થા પ્રાપ્ત ન થાય. "**विकलत्वं तथाऽस्वास्थ्यं प्रकृतिः प्राकृतं न हि ।**" અર્થાત્ આ ભગવદીયનો હાર્દ ભાવ છે, પ્રભુ માટે વિકલત્વ અને અસ્વાસ્થ્ય.

તીનતૂંબાવાળાના ભાવ પર થોડો પ્રકાશ પાડવા માટે અહીં મેં સંન્યાસનિર્ણય ગ્રંથ સાથે નંદદાસજીની રાસપંચાધ્યાયીની અને ભ્રમરગીતની પંક્તિઓ પણ લીધી છે. જેથી આ ભગવદીયની

લીલાની માનસીની અવસ્થા, એમના વિપ્રયોગની વિવિધ ગતિઓ અને ગ્રંથ કથિત ભાવભાવનાનાં દર્શન કરી શકીએ. લીલાની માનસીના સ્થૈર્ય માટે, વિપ્રયોગના સથવારે, ભાવભાવના અખંડિત રહેવી જરૂરી છે. સંન્યાસનિર્ણય ગ્રંથ આજ્ઞા કરે છે; "**भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते ।**" લીલાની માનસીને અભિવ્યકત કરતું મહાપ્રભુજીનું સર્વોત્તમજીમાં નામ છે; "**तल्लीलाप्रेमपूरितः**" અને શ્રીગુસાંઈજીનું નામ છે; "**बाललीलादिसुप्रीतो**" અથવા તો "**कृष्णलीलारसाविष्टः**."

સર્વપ્રથમ આ ભગવદીયની લીલાની માનસીનું સ્વરુપ સમજીએ. સામાન્યત: સેવાની માનસીમાં ભક્ત actor હોય છે અને લીલાની માનસીમાં spactator. પરંતુ તીન તૂંબાવાળા પોતાની લીલાની માનસીમાં કેવલ spactator કે દૃષ્ટા નથી, પણ એમાં પોતે active role ભજવી, લીલામાં પોતાનું contribution કરે છે. પ્રભુએ તીનતૂંબાવાળાને, એમના ભાવ ના સ્વતંત્ર shade નું દાન કર્યું છે. એ shade ના base પર આ ભક્ત લીલામાં પોતાના ભાવનું contribution કરે છે, એના કારણે આ ભગવદીય લીલાની માનસીના actor છે. લીલાની માનસીમાં એ સાક્ષીભાવ રાખતા નથી, કારણકે એમને પોતાના colour shade નું self identification છે.

સિદ્ધાંત એવો છે કે પ્રત્યેક લીલાવિહારીમાં એક લીલા છૂપાયેલી છે અને દરેક લીલામાં એક લીલાવિહારી. વાર્તા કહે છે; "**स्वरूप हृदयारूढ थयो ।**" અર્થાત્ જે લીલાવિહારીનું સ્વરુપ શ્રીગુસાંઈજીએ આ ભગવદીયના અંતરમાં સ્થાપિત કર્યું છે, એ સ્વરૂપવિશિષ્ટ લીલાઓમાં તૂંબાવાળા મગ્ન રહે છે અને એમની માનસીમાં જે લીલાઓ આવિષ્કૃત થાય છે

તેમાં એ પોતાના હૃદયસ્થ સ્વરૂપને અવલોકે છે. સંયોગરસના અનુભવમાં, આ ભગવદીય, લીલાવિહારીને લીલા સહિત માણે છે અને વિપ્રયોગમાં, જયાં લીલાની અનુભૂતિ નથી, ત્યાં લીલાને યાદ કરીને, લીલાવિહારીને એમનું મન શોધતું રહે છે. આ એમની લીલાની માનસીનો process છે. તીન તૂંબાવાળા, તેથી જ, પ્રભુના સ્વરૂપ અને લીલાની ભાવના ઉપરાંત ભાવભાવનાથી પણ પોતાનો અલૌકિક નિર્વાહ કરે છે. આ ભગવદીયના પ્રેમમાં જ એમના પ્રિયતમ બિરાજે છે અને એમના પ્રિયતમમાં એમનો અગાધ પ્રેમ. લીલાનો ભાવ માણવા માટે તીન તૂંબાવાળાની મનની અવસ્થા રસાત્મિકા છે. કારણકે હૃદયની સરસતા વિના લીલાભાવન નીભે નહિ. એમાં વળી આ ભક્તના પોતાના પ્રભુ પ્રત્યેના આર્દ્રભાવનું addition થાય છે. આ process ને સમજાવતાં મહાપ્રભુજી ગોપીજનોને માર્ગના ગુરુ કહે છે. "**कौण्डिन्यो गोपिकाः प्रोक्ता गुरवः साधनं च तत् ।**"

**रसस्य द्विदलात्**. રસ સંયોગ અને વિપ્રયોગ એમ દ્વિદલાત્મક છે. તીન તૂંબાવાળનું પ્રભુ સાથે મળવું કે વિપ્રયોગ પામવો, એ બન્ને એમની રસાત્મક અવસ્થા છે. જેમ કે, કોઈ ગીત ગાય અને એના થકી સાંભળનારનું હૃદય દ્રવિભૂત થઈને એ માણસની આંખમાંથી આંસુ સરે, તે રસાત્મક દશા છે. વિયોગ જનિત વિપ્રયોગની પહેલી શરત એ છે કે પ્રેમી આપણાથી દૂર છે, એવો હૃદયમાં ભાવ આવવો જોઈએ. આ processથી ઠાકુરજીના વિયોગના અનુભવમાં તીન તૂંબાવાળાને વિરહાનુભૂતિ થાય છે. ભક્તિવર્ધિની ગ્રંથ કથિત "**तदर्थैकमानसः**" અને નિરોધલક્ષણ ગ્રંથમાં ગર્ભિત લીલાત્મકતાનો અનુભવ, આ ભગવદીય, પોતાના ભાવાત્મક કૃષ્ણ સાથે કરે છે. સંયોગ

કે વિપ્રયોગમાં પોતાના ભાવને લીલાત્મક બનાવવાથી, આ ભગવદીયના ભાવની રસાત્મિકતા અખંડિત રહે છે.

આપણા જેવો પુષ્ટિજીવ, આપણા પોતાના શોખને પ્રભુ સાથે માણી શકે તે આપણા શોખની સાચી રસાત્મકતા છે. આમાં સાક્ષી અને ભોક્તૃ, એમ બન્ને ભાવ આવી જાય છે. લીલાની માનસીના actor તીન તૂંબાવાળાનો, સાક્ષી ભાવ પણ સરસતાથી જળવાઈ રહે, એના માટે શ્રીગુસાંઈજી એમને આજ્ઞા કરે છે; "तातें तू रसोइ करि भोग धरि महाप्रसाद ले ।" અહીં સાક્ષીભાવ કેવી રીતે નીભે ? પ્રભુને ભોગ ધરતી વખતે તીન તૂંબાવાળા wait થવા તૈયાર થાય છે ત્યારે એમાં એમનો સાક્ષીભાવ સુરક્ષીત રહી જાય છે અને ભોગ ધર્યા પછી, મહાપ્રસાદ લેવાની આ ભક્તને ગુસાંઈજીએ જે આજ્ઞા કરી છે, એ એમના ભોક્તૃભાવને યથાર્થ રાખવા.

આ ભગવદીયના હૃદયમાં ગુસાંઈજી જે સંયોગ અને વિપ્રયોગનું દિવ્ય ચક્ર ચલાવે છે તે વાસ્તવમાં તો શ્રીવલ્લભનું સ્વરુપ છે. વિપ્રયોગ સાક્ષાત્ આચાર્યજીનું સ્વરુપ છે અને મહાપ્રભુજીને અંતરમાં પધરાવી તીન તૂંબાવાળા ભગવત્સ્વરૂપનો અનુભવ કરે છે. આમ આ ભગવદીયને, શ્રીવલ્લભનું સંયોગનંદરૂપ અને વિપ્રયોગરૂપ એમ ઉભય સિદ્ધ છે. મહાપ્રભુજી, સંયોગ અને વિયોગાત્મક હોવાથી આપના સર્વોત્તમજીમાં નામો છે; "प्रतिक्षणनिकुंजस्थलीलारससुपूरितः" અને "विरहानुभवैकार्थ सर्वत्यागोपदेशकः." પ્રભુચરણ સંયોગરસમાં શ્રીનવનીતપ્રિયાજી પાસે ગોકુલમાં રહે છે અને શ્રીજીની સેવા માટે ગિરિરાજજી પધારે છે. તેથી આપના નામરત્નાખ્યના નામો છે; "श्रीगोकुलकृतावासः" અને "गोवर्धनागमरत." તેમજ

વિપ્રયોગાવસ્થામાં શ્રીવિઠ્ઠલેશ પ્રભુ વ્રજભક્તોના વિરહભાવથી આવિષ્ટ છે; "गोपिकाविरहाविष्टः."

પ્રભુના વિયોગમાં તીન તૂંબાવાળાની ભીતર બિરાજેલ શ્રીવલ્લભ એમને ઠાકુરજીની યાદી અપાવે છે. એના કારણે તીન તૂંબાવાળાને ભગવદ્ વિરહ થાય છે. અર્થાત્ આચાર્યજી, તીન તૂંબાવાળાને, વિયોગના સમયમાં સંયોગમાં એમણે અનુભૂત કરેલ લીલાના સુખની સ્મૃતિ કરાવી એમને વિરહમાં રસાત્મક અનુભવ કરાવે છે. તેથી "હરિ તેરી લીલાકી સુદ્ધિ આવે" ના ભાવમાં આ ભક્ત પ્રેરિત થઈ જાય છે. અહીં સમજવાનું એક રહસ્ય એવું છે કે, પુષ્ટિજીવને જયારે આચાર્યજી પૂછતાં કે; "તુ આયો" ત્યારે વાત્સવમાં તો આપ એ જીવમાં વિપ્રયોગની memory સ્થાપિત કરી દેતાં. શ્રીમહાપ્રભુજીની કૃપા વિના વિપ્રયોગની અનુભૂતિ લભ્ય નથી. સંન્યાસનિર્ણય ગ્રંથમાં આપ જ આજ્ઞા કરે છે કે; "दुर्लभोयं परित्यागः प्रेम्णा सिध्यंति नान्यथा ।" પુષ્ટિજીવમાં પ્રભુ માટે પ્રેમ થવો તે પણ આચાર્યજીની કૃપા પર અવલંબીત છે.

સંન્યાસનિર્ણય ગ્રંથમાં શ્રીવલ્લભ આજ્ઞા કરે છે કે; "विरहानुभवार्थं तु परित्यागः प्रशस्यते ।" તીન તૂંબાવાળાના આવા પરિત્યાગને સમજાવતાં વાર્તા કહે છે; "इतनो कहीं यह विरक्त तो घर तें निकसि गयो । सो अष्टाक्षर मंत्र कौ निरंतर जप करे । एक ठौर कहूँ रहे नाहीं । सदा भगवल्लीला के आवेस में छक्यो रहे । काहू सों कछू बोले नाहीं । या प्रकार रहे ।" નિરોધરૂપ લીલાની માનસીના અંગરૂપે, આ ભગવદીયની વિરહાનુભવાર્થ પરિત્યાગની અવસ્થા છે. એ સ્થિતિમાં એમણે વિપ્રયોગની કેવી દશાઓની તાપાત્મક મધુરતા માણી હશે

એની થોડીશી ઝાંખી કરી લઈએ. એમાં આધાર લઈશું નંદદાસજી રચિત રાસપંચાધ્યાયીની વાણીનો. એના થકી આપણને પણ થોડો ખ્યાલ આવશે કે મહાપ્રભુજીએ સંન્યાસનિર્ણય ગ્રંથમાં "**विकलत्वं तथाऽस्वास्थ्यं**"ની ગંભીર અને સુકોમલ વાત કહી છે તે વાર્તામાં મધુરાગ્નેનો તાપક્લેશાનંદ કેવો અનુભવ યોગ્ય હશે !

લીલાની માનસીમાં વિમગ્ન તીન તૂંબાવાળાને વિપ્રયોગની વિવિધ અવસ્થાઓની અનુભૂતિ શા માટે થાય છે ? એક તો રસોવૈશ: રસભાવાત્મક શ્રીકૃષ્ણ દ્વિદલાત્મક છે અને એ દ્વિદલ સ્વરૂપનો વિપ્રયોગ, એક દલ છે. બીજુ વિરહ પછીની માનસીમાં ઉદ્ભૂત થતી લીલાઓ નૂતન હોય છે. નંદદાસજી સમજાવે છે તેમ સદા મધુરરસનો આસ્વાદ લેનાર માટે થોડો તીખો, ખાટો, કટુ રસનો ય સ્વાદ લેવાથી, મધુર રસની માધુરી મધુરતમ બને છે. "**मधुर वस्तु जो स्वाद निरंतर सुख तो भारी । बिचबिच आमल कटू तिख्त जो अति रुचिकारी ।**" તો શાસ્ત્રીય રીતે વિપ્રયોગ કયારે પ્રકટ થાય ? "રતિ" હૃદયમાં પ્રકટ થયા પછી, એનું આલંબન (ભગવાન) સામે ન હોય ત્યારે વિપ્રયોગ પ્રકટ થાય છે. એનું વર્ણન ગોપીગીત અને ભ્રમરગીતમાં છે. અહીં પ્રભુનું પ્રાધાન્ય હોવાથી ભક્તને દૈન્ય પ્રકટ થાય છે. વેણુગીત અને યુગલગીતમાં સ્થાયી ભાવનું વર્ણન છે. ભક્તનો પ્રેમ જ આલંબન વિભાવ હોવાથી, પ્રભુ ગૌણ બની જાય છે. તીન તૂંબાવાળાને નિરોધના અંગરૂપે ગોપીગીત અને ભ્રમરગીતના ભાવોનો પણ અનુભવ છે, તેમજ **अन्तरन्तु महाफलम्** ના માધ્યમથી વેણુગીત અને યુગલગીતનો ય. એમની આ ચારેય અવસ્થાનું દર્શન કરવા જેવું છે. Basically તો તીન તૂંબાવાળાની ભક્તિ પ્રભુની

સ્વરૂપાસક્તિમૂલક છે. સ્વરૂપાસક્તિમૂલક ગુણાસક્તિમાં જયારે સ્વરૂપ પ્રકટ નથી થતું ત્યારે આ ભક્ત ગુણગાનનું અવલંબન લે છે. એમનામાં ગુણાસક્તિ અને સ્વરૂપાસક્તિનું cycle ચાલતું હોવાથી એમને પૂર્ણનિરોધ સિદ્ધ છે. વાર્તા કહે છે; **"तोकों निरोध सिद्ध भयो ।"**

લીલાની માનસીમાં વિહરતાં તીન તૂંબાવાળાને બાહ્ય જગતને જોતી વખતે જયારે લીલાના આનંદમાં વિક્ષેપ પડે છે, ત્યારે તે નિરમત્સર સંતોના ચૂડામણિ, શ્રીગોપીજનોની જેમ **क्वासि क्वासि** ભાવમાં વિગલિત થઈ જાય છે. આ વખતે એમનો વિરહનાદ સાંભળીને પશુ, પક્ષી અને વૃક્ષની વેલીઓ પણ દ્રવિત થઈ જાય છે. નંદદાસજી ગાય છે; **"क्वासि क्वासि पिय महाबाहु यों वदत अकेली । महा विरहकी ध्वनि सुन रोवत खग मृग वेली ॥"** આ અવસ્થાનું અનુપાન એકાંતમાં કરવાનું હોવાથી કીર્તન **"अकेली"** શબ્દ કહે છે, તેથી જ, આવો અનુભવ કરવા માટે, વાર્તા કહે છે કે એકાંતને શોધતાં આ ભગવદીય **"एक ठोर कहुँ रहेनाहीं । काहु सौ बोले नाहीं ।"** વિરહના અનુભવમાં કે લીલાની માનસીમાં કોઈ disturb ન કરે એના માટે એકાંત સેવતા તથા પ્રકાશ વિરહની દશામાં એમનો ગૂઢ સ્નેહ બીજા પાસે પ્રકટ ન થઈ જાય એના માટે પણ એમને એકાંત રુચે છે.

તીન તૂંબાવાળા કયારેક પ્રભુ સાથે સંયોગસુખસુધા માણતા હોય અને તે વખતે પ્રભુ અચાનક અંતર્ધ્યાન થઈ જાય ત્યારે કૃષ્ણને શોધતાં આ ભગવદીયનો, રાસપંચાધ્યાયી કથિત અન્વેષણની અવસ્થામાં પ્રવેશ થઈ જાય છે અને પ્રકૃતિને પૂછતાં ફરે છે કે કૃષ્ણ કયાં છે ? **"हे तुलसी, कल्याणी,**

**सदा गोविंद पद प्यारी । क्यों न कहो सखि नंद सुवन सों दशा हमारी ।।"** માર્ગના ગુરુ ગોપિકાએ જેમ વિપ્રયોગમાં પ્રભુની શોધ કરી અને પછી પ્રભુની લીલા સ્વયં કરી, એ અવસ્થામાં ય આ ભગવદીય રમણ કરે છે. એ દશામાં હરિની જેમ એ ચાલે છે, વિલોકન કરે છે, બોલે છે.

> **"हरिकिसि चलन बिलोकन हरिकिसि बोलन हेरनि ।**
> **हरिकिसि गायन घेरन टेरन चहुं पट फेरनि ।।"**

જેને નિરોધ સિદ્ધ છે એવા તીન તૂંબાવાળા સર્વાત્મભાવની ત્રણેય અવસ્થામાં સમયાંતરે વિરમે છે. સંન્યાસનિર્ણય ગ્રંથ કહે છે તેમ એમની આવી અનુભૂતિમાં પ્રભુ પણ બાધા કરી શકતા નથી. "**भगवान् फलरुपत्वान्नात्र बाधक इष्यते स्वास्थ्य वाक्य न कर्तव्यं दयालुर्न विरुद्धयते ।**" સર્વાત્મભાવની "તદાદેશ"ની અનુભૂતિ વખતે આ ભગવદીયને મહેસુસ થાય છે કે પ્રભુ ઉપર છે, નીચે છે, આગળ અને પાછળ છે. પ્રભુની આમ સર્વત્ર અનુભૂતિ હોવા છતાંય, ઠાકુરજી એમને દૂર દર્શાય છે અને એમને આ અનુભવ વિપ્રયોગ સહિત થાય છે તેથી જ "તદાદેશ" માં તદ્ શબ્દ દૂરવાચક છે.

"અહંકારાદેશ" એ વિપ્રયોગની ચરમસીમા છે. એ સર્વોત્કૃષ્ટ સ્થિતિમાં, પોતે જ કૃષ્ણ છે, એમ ભક્તને લાગે છે. ભ્રમરનું ધ્યાન કરતાં કરતાં કીટ જેમ ભ્રમર બની જાય, તેમ, તીન તૂંબાવાળા પ્રભુનું પ્રગાઢ ચિંતન કરતાં કૃષ્ણરુપ બની જાય છે. આ અવસ્થાનું દર્શન કરાવતાં શ્રીભાગવતજી કહે છે; "**कृष्णोऽहं पश्यत गतिं ललितामिति तन्मना.**" ગોપીજન કહે છે; "હું કૃષ્ણ છું, મારી મનોહર ચાલ જુઓ." વિરહાવસ્થામાં તીન તૂંબાવાળાને પણ પ્રભુનો આવો દિવ્ય

અધ્યાસ થાય છે. નિરોધલક્ષણ ગ્રંથ આજ્ઞા કરે છે તેમ; "तदध्यासोऽपि सिध्यति ।" શ્યામને રટતાં શ્યામા શ્યામ બની જાય તેમ.

"माइरी श्यामा श्याम रटत, श्यामा श्याम भइ ।
अपनी सखिनसों यों पूछत है श्यामा कहां गइ ।।
व्रजवीथिन तें ढूंढत डोलत बोलत राधे राधे ।
रही विचार निहार सोचकर सखी सफल मौन साधे ।।"

સર્વાત્મભાવમાં "અહંકારાદેશ"ની ચરમ સીમાથી વિપ્રયોગની સહેજ ઊભરતી દશા છે, "આત્માદેશ"ની અખિલ ગોપીગીત આત્માદેશમાં ગવાયું છે. આ અવસ્થામાં તીન તૂંબાવાળા, પોતાની આત્મરતિથી inspire થઈને પ્રભુનો વિપ્રયોગ કરે છે. તીન તૂંબાવાળા સાત્ત્વિક ભક્ત હોવાથી, એમના ભાવને અનુસરીને, નંદદાસજીની પંક્તિનાં દર્શન કરી લઈએ.

"जब पशुचारन चलत चरण कोमल धरत बनमें ।
सिल तृण कंटक अटकत करकत हमारे मनमें ।।"

ભ્રમરગીતનો વિપ્રયોગ નિરોધાત્મક નથી, એટલે એને રાજસ પ્રમેય પ્રકરણમાં અવસ્થિત કરેલ છે. ભ્રમરગીતમાં મૂર્છા આદિની અવસ્થા, જે ગોપીજનોએ રાસપંચાધ્યાયીના ફલપ્રકરણમાં ન હોતી અનુભવી, તે વ્રજવલ્લવીઓએ ભ્રમરગીતમાં અનુભવી છે. વાસ્તવમાં મૂર્છામાં તો રસાભાસ છે, તેથી આ અવસ્થા નિરોધાત્મક નથી. ભ્રમરગીતમાં ભક્તોની અંતરનિષ્ઠા અને વિરહદશાનું વર્ણન છે. પરંતુ ભ્રમરગીતનાં વિરહને મહાપ્રભુજી "ફલસાધક" કહે છે. फलसाधकत्वाद् भक्तिमार्गे विरह एव पुरुषार्थः. તેથી આ અવસ્થાનો આસ્વાદ માણવા પણ તીન તૂંબાવાળાએ અભિસરણ કર્યું હોય તો તે આચાર્યજીની

વાણીને આધારે સ્વાભાવિક જ છે. સ્વરૂપ વિપ્રયોગની અવસ્થામાં, ભગવદ્ ગુણગાન જ મૂર્છા અને મરણ નિવારક છે. તેથી ભગવત્સ્વરૂપની રસાનુભૂતિમાં, તીન તૂંબાવાળા ઘનીભૂત સુખની અનુભૂતિ કરે છે અને ભગવન્ગુણગાનમાં દ્રવીભૂત સુખની.

તીન તૂંબાવાળાના ભક્તિયોગની ખૂબસૂરતી એ છે કે બીજા વિપ્રયોગી સંન્યાસીની જેમ, આ ભગવદીયનાં કેવળ મન, વાણી અને શ્રવણેન્દ્રિયનો જ ભગવદ્ વિનિયોગ નથી પણ સર્વેન્દ્રિયનો છે. એમની સર્વ ઈન્દ્રિયોને ભગવત્સમર્પિત કરવા શ્રીગુસાંઈજી એમને ખાસ આજ્ઞા કરે છે કે; "**तातें तू रसोइ करि भोग धरि महाप्रसाद ले ।**" એના કારણે રસોઈ કરતી વખતે કે ભોગ ધરાવતી વખતે તીન તૂંબાવાળાના હસ્તનો, સામગ્રી લાવતી વખતે એમના ચરણનો, અપરોક્ષ સ્વરૂપને જોતી એમની અલૌકિક આંખોનો, મહાપ્રસાદનો સ્વાદ લેતી વખતે એમની જીહ્‌વાનો, એમ એમનું સર્વે ભગવત્સમર્પિત છે. વાર્તા કહે છે; "**ताके पास तीन तूंबा, कांधे पर तो खासा कौ, पीछे कटि पर मर्यादी सेवकी कौ, आगें कटि पर बाहिर कौ, या भांति सों रहै आवें ।**" ઠાકુરજીના સામગ્રી આદિના ઉપયોગ માટેનો તૂંબો "ખાસા"નો છે. તૂંબામાં આમ સામગ્રી લઈને ચાલવું તે પણ આ ભગવદીયની સેવાનું જ એક અંગ બની જાય છે. જે સેવકના ઉપયોગનું છે, જેમ કે પ્રસાદ રાખવો, તે "સેવકી"નો તૂંબો છે.

તીન તૂંબાવાળા તાદૃશીય વૈષ્ણવ હોવાથી એમને દેહાધ્યાસ, ભૂખપ્યાસ નડતાં નથી. સંન્યાસનિર્ણય ગ્રંથ કહે છે; "**स्वास्थ्यहेतोः परित्यागाद्बाधः केनास्य सम्भवेत् ।**" તેમજ આ

ભગવદીયને કોઈ પણ વસ્તુની અપેક્ષા નથી. ફક્ત રાજા પર કૃપા કરવા માટે જ તીન તૂંબાવાળા એક વૈષ્ણવને ત્યાં પ્રસાદ લે છે અને એક દિવસ માટે જ ત્યાં રહે છે. આવા પરોપકારી તાદૃશીય જનનાં સમ્યક્ દર્શન દયારામભાઈ કરાવે છે; "પ્રીતિ બહુ પર ઉપકારમાં સદા વદન પ્રસન્ન." (આ સંદર્ભમાં દયારામભાઈનું "તાદૃશીય જન તેને જાણીએ" નામનું પદ મનનીય છે.) જે વૈષ્ણવને ત્યાં તીન તૂંબાવાળા એક દિવસ રહે છે અને એમને જયારે એ માંગવાનું કહે છે, ત્યારે મહાપ્રભુજી ગુસાંઈજીના સેવકને શોભે તેવી પુષ્ટિ અસ્મિતાની ખુમારીમાં આ વૈષ્ણવ પણ મનમાં વિચારે છે કે; "**परि अपने कछू चाहिए नाहीं । और मांगनो कछू वैष्णव कौ धर्म नाहीं ।**" આ વૈષ્ણવને પ્રભુનો આવેશ છે, મહાપ્રભુજીના સિદ્ધાંતનો આવેશ છે, તેમ તાદૃશીભક્તના સ્વરૂપનો ય આવેશ છે. તેથી જ તીન તૂંબાવાળા, રાજાને ચાર બેટા થશે એવા આશીર્વાદ આપે છે, ત્યારે આ વૈષ્ણવ, તાદૃશીય વૈષ્ણવની વાણીના આવેશમાં રાજાને કહે છે કે; "**जो राजा बधाई हो । तिहारे चारि बेटा  होइगे ।**" રાજાને ચાર પુત્ર થાય છે ત્યારે એ જ વૈષ્ણવને બોલાવીને રાજા પૂછે છે કે તેં કહ્યું તેમ મને ચાર પુત્ર થયાં તો તેનું કારણ શું ? તેં કેમ જાણ્યું ? એની credit આ વૈષ્ણવ પોતે લેતા નથી, પણ તાદૃશીય વૈષ્ણવની ઉત્કૃષ્ઠ અવસ્થાને યાદ કરીને, એની ખુમારીમાં એ રાજાને કહે છે; "**तब वह वैष्णवने कही, जो - राजा ! हमारे घर एक श्रीगुसांईजी कौ सेवक विरक्त हमारो गुरु - भाई हुतो । सो तीन दिन कौ भूखो हतो । सो मैं उन की सेवा करी । तब उन प्रसन्न होंइ कै कह्यो, जो - तुम कछू मांगो ? तब मैं यह माग्यो जो - राजा के एक पुत्र होंई । तब वाने कह्यो, जो - एक कहा चारि होंइगे । सो**

**श्रीगुसांईजी के सेवक झूठ बोले नहीं । यह सुनि कै राजा चक्रित होंइ रह्यो ।"** નંદદાસજીની વાણીમાં કહીએ તો જેમ ઉદ્ધવજીએ ગોપીના ગુણ ગાયા, તેમ આ વૈષ્ણવ થોડી ક્ષણો માટે તો હરિના ગુણ ગાવાના ભૂલી જઈને તાદૃશીય વૈષ્ણવના ગુણ ગાતા થઈ જાય છે. "**गोपी गुण गावन लग्यो मोहन गुण गयो भूल.**" કૃષ્ણના રોમરોમમાં ગોપી બિરાજે છે તેમ આવા તાદૃશીય ભક્ત તીન તૂંબાવાળા, કૃષ્ણના રોમરોમમાં વિદ્યમાન છે "**रोम रोम प्रति गोपिका व्हे गई सगरे गात.**" વાત્સવમાં તો આવા ભગવદીયો ભૂતલ પર આવે છે એમાં જ ભૂમિનું ભાગ્ય પાંગરે છે. આ રહસ્યને પ્રકટ કરતું આચાર્યજીનું નામ છે; **भूमिभाग्यं**" અને વિઠ્ઠલેશનું નામ છે; "**क्षितिमंडलमंडनः.**"

વાસ્તવમાં તો આવા તાદૃશીય વૈષ્ણવના ગુણગાન તો ઠાકુરજી સ્વયં ગાય છે. વાર્તા કહે છે; "**तब श्रीठाकुरजी कहे, जो - वैष्णव ने मेरे ऊपर कृपा करी है । जो वैष्णव यह कहतो, जो - राजा के घर श्रीठाकुरजी प्रगट होंइगे तो मोकों प्रगट होनो परतो ।**" તીન તૂંબાવાળાના પ્રગાઢ ભાવને કારણે, એમની પાસે, ઠાકુરજીનો ગૂઢ સ્ત્રીભાવ પ્રકટ થઈ જાય છે અને સકલ વિશ્વને પોતાની માયાથી મોહિત કરતાં પ્રભુ, આ તાદૃશીયની પ્રેમની માયામાં મોહિત થઈ જઈ કૃતકૃત્યતા અનુભવે છે.

******

## ગ્રંથ : પંચપદ્યાનિ

## ૮૪ વૈષ્ણવ વાર્તા : ૨૭ - માધવભટ્ટ કાસ્મીરી

**"नाऽश्रितो वल्लभाधीश न च दृष्टा सुबोधिनी**
**नाराधो राधिकानाथो वृथा तत् जन्म भूतले ।"**

શ્રીમહાપ્રભુજીના આશ્રિત, રાધિકાનાથની આરાધના કરવાવાળા અને સુબોધિનીજીના કેવલ દ્રષ્ટા નહિ, પણ શ્રીવલ્લભના મુખારવિંદમાંથી એની સુધાનું direct પાન કરનાર માધવભટ્ટ કાસ્મીરી, પંચપદ્યાનિ ગ્રંથ કથિત ઉત્તમશ્રોતા છે. એમની વાર્તા, આ ગ્રંથનો લીલોપદેશ છે. સંયોગમાં, ભગવત્સ્વરૂપની સેવામાં અતિ પ્રીતિ રાખનારા તથા અનોસરમાં, ભગવત્કથામાં જેમનું મન પ્રવણ થઈ ગયું છે એવા માધવભટ્ટ, પ્રભુના સ્નેહના સંયોગરૂપ પૂર્વદલ અને વિપ્રયોગરૂપ ઉત્તર દલ એમ ઉભયદલના પરમ અધિકારી છે. "પુષ્ટિ પુષ્ટિ"ની નિર્ગુણ ભક્તિથી સંપન્ન એવા એ "સર્વજ્ઞ" ભક્ત છે. પંચપદ્યાનિ ગ્રંથ એમના ઉત્તમ ભાવ અને શ્રોતાધિકારને સમજાવતાં કહે છે; **"श्रीकृष्ण रसविक्षिप्तमानसारतिवर्जिताः । अनिर्वृत्ता लोकवेदे मुख्यास्ते श्रवणोत्सुकाः ।।"** શ્રીકૃષ્ણના ભજનાનંદરૂપી રસમાં માધવભટ્ટનું ચિત્ત સદા વિક્ષિપ્ત છે, ભગવદ્ ગુણગાનના શ્રવણમાં એ પ્રીતિ વગરના નથી (અર્થાત્ પ્રીતિવાળા છે). લોક અને વેદમાં એમનો આનંદ નિવૃત થઈ ગયો છે અને શ્રવણના ઉત્સાહમાં એમનો ભાવ સ્થાયી છે. તેથી માધવભટ્ટ કાસ્મીરી પંચપદ્યાનિ ગ્રંથ કથિત ઉત્તમ શ્રોતા છે. સેવા અને કથારસના cycle થી આ ભગવદીય પરિપૂર્ણ છે. માધવભટ્ટની સેવારસિકતાનો નિર્દેશ કરતાં વાર્તા કહે છે;

"सो माधवभट्ट कछूक दिन पुष्टिमार्ग की रीति सिख कें आज्ञा मांगि कास्मिर अपने घर प्रीति पूर्वक सेवा करन लागे । सो कछूक दिन में श्रीठाकुरजी सानुभवता जतावन लागे ।" આ ભગવદીયની શ્રવણ ઉત્સુકતાને પ્રતિપાદિત કરતાં વાર્તા કહે છે; "और माधवभट्ट कों लिखिवे को बडो अभ्यास हतो । सो श्रीआचार्यजी महाप्रभु श्रीभागवत की टीका श्रीसुबोधिनीजी करीं । सो माधवभट्ट लिखत जाय । जहां माधवभट्ट न समझते तहां लेखन छोडि बैठि रहतें । तब श्रीआचार्यजी माधवभट्ट कों समुझावते । तब लिखते ।" सेवते हरिं प्रेम्णा श्रवणादिभिरुत्तमः.

લૌકિક વૈદિક ફલમાં અનાસક્ત એવા માધવભટ્ટ કાસ્મીરીને વાક્પતિની વાણીમાં ઉત્કટ રતિ છે. અર્થાત્ શ્રીવલ્લભની પ્રમાણાત્મક વાણી (શબ્દનિષ્ઠા) અને પ્રમેયાત્મક વાણી (અર્થનિષ્ઠા) એમ ઉભયરૂપવાણી માટે શ્રવણોત્સુક હોવાથી ય, ભટ્ટજી, પંચપદ્યાનિ ગ્રંથના ઉત્તમ અધિકારી છે. તેથી જ માધવભટ્ટ, સુબોધિનીજીનું કેવલ શબ્દરૂપ dictation આચાર્યચરણ પાસેથી નથી લેતાં પણ સુબોધિનીજી લખતાં, એ જયાં અર્થ કે ગુઢાર્થને નથી સમજતાં, ત્યાં ભટ્ટજીની લેખિની અટકી જાય છે. "तब आचार्यजी माधवभट्ट कों समुझावते ।" આનો અર્થ એમ થયો કે માધવભટ્ટજીને પ્રભુમાં માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વતોધિક સ્નેહ સિદ્ધ છે. આ એમના નિર્ગુણ ભાવની અને મુખ્ય શ્રોતાના અધિકારીની અભિવ્યક્તિ છે.

કથા શ્રવણમાં જેને ઉત્કૃટ રતિ નથી અને કથાના બે પક્ષમાંથી જે કેવલ "શબ્દ" પ્રતિ જ ઝૂકે છે, એવો જિજ્ઞાસુ જીવ, કૃષ્ણ પ્રેમના અભાવના કારણે, જ્ઞાનીની જેમ, શ્રોતાઓમાં

મધ્યમ અધિકારી છે અથવા તો કેવલ કથા શ્રવણમાં જ અને અર્થ (પ્રમેય) માં જ જેને પ્રીતિ હોય છે, પણ આચાર્યજીની પ્રમાણ શબ્દરૂપ વાણીમાં ન હોય તેવો જિજ્ઞાસુ પણ, જ્ઞાન ના અભાવના કારણે, મધ્યમ અધિકારવાળો ભક્ત છે. તેથી જ કૃષ્ણના ઉત્તમભક્ત અને પંચપદ્યાનિના ઉત્તમ શ્રોતા બનવા માટે, વૈષ્ણવને માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વતોધિક સ્નેહ અનિવાર્ય છે. આની corrollary એ છે કે જ્ઞાન અને પ્રેમ રહિત શ્રોતાઓ "અધમ" કોટિના શ્રોતાઓ છે.

તો શ્રીમહાપ્રભુજીની પ્રમાણ અને પ્રમેય રૂપ વાણી કેવી હશે, જેનું અતિ રુચિથી અનુપાન કરીને અને એને જીવનમાં ઉતારીને, માધવભટ્ટ ઉત્તમ શ્રોતા બની જાય છે, તે સમજીએ. ષોડશગ્રંથાદિમાં પુષ્ટિમાર્ગના સિદ્ધાંતને સમજાવતી અને માર્ગની સેવાની રીતિને શિખવાડતી આચાર્યજીની વાણી પ્રમાણરુપા છે. માર્ગની રીતિ અને માર્ગની પ્રીતિના રહસ્યને પ્રતિબિંબિત કરતી વાર્તા કહે છે; **"सो माधवभट्ट कछूक दिन पुष्टिमार्ग की रीति सिख कें आज्ञा मांगि कास्मीर अपने घर प्रींति पूर्वक सेवा करन लागे ।"** તેથી જ હરિરાયજી ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છે; **"अपने मारग में जितनी आज्ञा श्रीआचार्यजी श्रीगुसांईजी की होय तितनो हीं कार्य करे । तो प्रभु बेगे प्रसन्न होई ।"** મહાપ્રભુજીની પ્રમેયાત્મક વાણી ઠાકુરજીનાં સ્વરૂપ, ગુણધર્મ અને લીલા સંબંધિત છે. **"प्रकट व्है मारग रीत दिखाई"** એ એક કીર્તનમાં જ, આચાર્યજીની પ્રમાણ અને પ્રમેયાત્મક વાણીનું દર્શન થાય છે. પ્રમાણના દર્શન કરાવતાં કીર્તન કહે છે; **"मारग रीत दिखाई"** અને પ્રમેયનો અનુભવ કરાવતાં કીર્તન ગાન કરે છે; **"करत कृपा निज दैवी जीवन पर श्रीमुख वचन सुनाई । वेणुगीत पुनः युगल गीत की रसबरखा बरखाई ॥"**

"**सेवा रीति प्रीति व्रजजन की** ," એ પદપંક્તિમાં કહેવાયેલ "સેવારીતિ" પ્રમાણ છે તો માધવભટ્ટની પ્રીત્યાત્મક ભક્તિ પ્રમેયાત્મક છે. મહાપ્રભુજીએ પોતાની પ્રમેયાત્મક વાણીથી માધવભટ્ટ અને અન્ય પુષ્ટિભક્તોને **आन्तरन्तुमहाफलम्** ની અનુભૂતિ કરાવી છે. પ્રમાણ અને પ્રમેયના આવા formidable combination ના કારણે માધવભટ્ટ કાસ્મીરી, વાક્‌પતિની વાણીના ઉત્તમ શ્રોતા છે કારણકે એમની કથા સેવાત્મિકા છે અને સેવા કથાત્મિકા છે. પ્રમાણ અને પ્રમેય વાણીના મુખ્ય સ્રોતરુપ મહાપ્રભુજીનું સર્વોત્તમજીમાં નામ છે; "**वाक्पतिः**" અને નામરત્નાખ્યમાં શ્રીવિઠ્ઠલેશનું નામ છે; "**वाग्मी.**"

માધવભટ્ટજી, સુબોધિનીજીના કેવલ લેખિયા નથી પણ રસીયા ય છે. તેથી એમની વાર્તા સમજવા માટે મેં અહીં સુબોધિનીજીનો આધાર લીધો છે.

મહાપ્રભુજીએ, સુબોધિનીજીમાં, ભગવત્કથા શ્રવણનાં જે પાંચ પરિણામો દર્શાવ્યાં છે, તે સર્વે માધવભટ્ટની વાર્તામાં પ્રકટ છે.

(૧) ભગવદ્ ચરિત્રમાં અરતિ કે અરુચિની નિવૃતિ.

(૨) ભક્તિનું પ્રાકટ્ય.

(૩) અંત:કરણની શુધ્ધિ

આ ત્રણેય માધવભટ્ટને સિદ્ધ છે. એટલે જ વાર્તા કહે છે કે એમને ઠાકુરજી સાનુભાવ છે. "**सो कछूक दिन में श्रीठाकुरजी सानुभावता जतावन लागे ।**"

(૪) સાંસારિક તૃષ્ણાની નિવૃત્તિ.

માધવભટ્ટને સંસારની કોઈ પણ તૃષ્ણા નથી રહી. પોતાનું માહાત્મ્ય વધારવાની પણ નહિ. તેથી જ એમના

ગામના મોટા ગૃહસ્થના મૃત થયેલ બાલકને સજીવન કર્યા પછી, એ રાતના જ, ભટ્ટજી એ ગામ છોડીને ચાલ્યા જાય છે. વાર્તા કહે છે; **"लौकिक में माहात्म्य प्रगट करे तें गाम छोडे तो धर्म रह्यो ।"**

(૫) ભગવદીયોના સત્સંગરૂપ સખ્યની વૃદ્ધિ.

આચાર્યજીને શરણે આવ્યા પહેલાં જ, મહાપ્રભુજીની કથા સાંભળીને, ભટ્ટને, ભગવદીયના સંગની કેવી પ્રીતિ લાગી છે તે વાર્તા સમજાવે છે; **"पाछें जब श्रीआचार्यजी कथा कहि चुकते तब माधवभट्ट श्रीआचार्यजी के वैष्णवन के पास जाय बैठते । सो वैष्णवन के मुख तें वार्ता सुनते ।"**

"સૂરદાસ ભક્તન સો મિલિ કે હરિયસ કાહે ન ગાવે."
અથવા તો દયારામભાઈ ગાય છે તેમ;

"સ્નેહ સહિત શ્રીકૃષ્ણનું કથા કીર્તન જયાં નિત્ય થાય,
કોટિ તીર્થ આવી ત્યાં વસે, જેનું ભાગ્ય હોય તે નહાય."

ભગવત્કથાનાં આવા પાંચ પરિણામો જે શ્રોતામાં પ્રકટ થાય છે એને શ્રીમહાપ્રભુજી સ્વયં શ્રવણના મુખ્ય અધિકારી કહે છે. માધવભટ્ટની આવી શ્રવણોત્સુકતા એમના સ્વભાવ ગત અને સહજ છે. એમને મોક્ષ પણ ખારો લાગે છે. નિરોધની સિદ્ધિના કારણે, ભટ્ટજી, ભક્તિમાર્ગીય મુખ્ય શ્રવણાધિકારી છે. માધવભટ્ટ જેવા શ્રીકૃષ્ણ રસવિક્ષિપ્ત માનસવાળા ભગવદીયો તો કેવલ કૃષ્ણ નામ સાંભળતાં જ પ્રેમમાં પ્લાવિત થઈ જાય છે અને એમના નેત્રમાંથી અશ્રુની ધારાઓ વહેવા લાગે છે. એવા ભક્તોનું દર્શન કરાવતાં નંદદાસજી ગાય છે;

"કૃષ્ણ નામ જબ તેં શ્રવણ સુન્યોરી આલી,
ભૂલીરીભવન હોં તો બાવરી ભઈ રી ॥
ભરભર આવેં નયન ચિત્ત હૂં ન પરે ચેન,
મુખ હૂ ન આવે બેન તનકી દશા કછૂ ઔરૈં ભઈ રી ॥"

જે માધવભટ્ટના રોમરોમમાં સુબોધિનીજીના ભાવો રમી રહ્યા છે તે સુબોધિનીજી શું છે તેનાં દર્શન સર્વોત્તમજીના નામાત્મક ઉપદેશરૂપ આચાર્યજીના નામથી જ કરી લઈએ. **"श्रीभागवतपीयूष समुद्रमथनक्षमः"** એ શ્રીસુબોધિનીજીનું સ્વરુપ છે, તો **"तत्सारभूत रासस्त्रीभाव पूरित विग्रहः"** એ શ્રીવલ્લભનું સ્વરૂપ છે. આના corresponding નામરત્નાખ્યનાં નામો છે; **"श्रीभागवतभाववित्"** અને **"रासलीलारसमहोदधिः."** તો આચાર્યચરણે શ્રીભાગવતરૂપી અમૃતના સમુદ્રનું મંથન કરીને સુબોધિનીજી કેમ પ્રકટ કર્યાં હશે ? પ્રથમ તો કૃષ્ણના સંતોષ માટે. તેથી જ હરિરાયચરણ, મહાપ્રભુજી માટે કહે છે કે; **"श्रीभागवत भावार्थ आविर्भावार्थ अवतारितः, स्वामिसंतोष हेतुः."** સુબોધિનીજી પ્રકટ કરવાના આવશેમાં તો શ્રીમહાપ્રભુજી નિજધામ પાછા પધારવાની પ્રભુની બે-બે આજ્ઞાને અમાન્ય રાખે છે. સુબોધિનીજીના માધ્યમથી, શ્રીવલ્લભનો, પુષ્ટિજીવના અંતરમાં ભક્તિ અને કૃષ્ણલીલાની સ્ફૂર્તિ પ્રકટ કરવાનો પ્રગાઢ ભાવ છે, કારણકે આપ **"देवोद्धारप्रयत्नात्मा"** છે. સુબોધિનીજી વિના રસભાવાત્મક શ્રીકૃષ્ણની દિવ્ય રમણીય લીલાઓની અનુભૂતિ દૈવીજીવોને કોણ કરાવશે ? આવી "દૈવોદ્ધારક" સુબોધિનીજીના લેખિયા માધવભટ્ટ હોવાથી, એ પંચપદ્યાનિ ગ્રંથના ઉત્તમ શ્રોતા હોય તે સ્વાભાવિક છે. પુષ્ટિ સૃષ્ટિ એમની ઋણી છે.

પોતાની પ્રમાણ અને પ્રમેયરૂપ વાણી સંભળાવીને તો

શ્રીવલ્લભે, માધવભટ્ટ અને અન્ય પુષ્ટિજીવોને, ઠાકુરજીની એક સામગ્રી સમજીને, વૈષ્ણવોના શૃંગાર કર્યા છે. શા માટે ? પુષ્ટિભક્તમાં ભગવદ્ રસને સ્થિર કરી એને કૃષ્ણને અનુકૂલ અને સુખરૂપ બનાવવા માટે. જેમ રસ સ્થાપન માટે કૃષ્ણએ ગોપીજનોના શૃંગાર કર્યા તે કાર્ય હવે પુષ્ટિજીવ માટે સુબોધિનીજી કરે છે. "एवं रसार्थं तस्यानयनं सामग्री सम्पादनमलंकरणं योक्तम् ।" ષોડશગ્રંથમાં મહાપ્રભુજીએ જીવને સોળ શણગારથી સજાવ્યો છે, તો સુબોધિનીજી દ્વારા, કૃષ્ણના સ્વરૂપ, ગુણ અને લીલામાં એની પ્રીતિને સુસ્થિર કરી છે. મહાપ્રભુજીની આવી અલૌકિક વાણીના શૃંગારથી અલંકૃત થયેલ માધવભટ્ટ પંચપદ્યાનિ ગ્રંથના ઉત્તમ શ્રોતા છે. એક તરફ મહાપ્રભુજીના સાનિધ્ય માત્રથી માધવભટ્ટમાં વિમુક્ત કૃષ્ણ પ્રેમ વહી રહ્યો છે તો બીજી તરફ, સુબોધિનીજી સાંભળીને પ્રભુને સમર્પિત થવા એમના પ્રેમસાગરની તરંગો ઊછળી ઊછળીને પોતાનો ઉલ્લાસ પ્રકટ કરી રહી છે. આમ આચાર્યજીની કૃપાથી, લીલારસમાં ભિંજાયેલા ભટ્ટજી, મહાપ્રભુજીના સાનિધ્યના કારણે વિશેષ ભિંજાય છે. આને અનુરૂપ શ્રીવલ્લભનું સર્વોત્તમજીમાં નામ છે; "लीलामृतरसार्द्रार्द्री कृताखिलशरीरभृत्" અને શ્રીવિઠ્ઠલેશનું નામ છે; "व्रजेश्वर प्रीतिकर्ता." જેમ મહાપ્રભુજી "सान्निध्यमात्रदत्तश्रीकृष्णप्रेमा" છે તેમ શ્રીગુસાંઈજી "भक्तिकल्पद्रुम नवांकुरः" છે.

Paradoxically, સુબોધિનીજી લખતી વખતે, માધવભટ્ટજીમાં ઉચ્છલિત થતાં ભાવ, સુબોધિનીજી લખાવતા આચાર્યજીના ઉદ્દીપન વિભાવ પણ બની જાય છે. તેથી જ માધવભટ્ટની દેહ છૂટી ત્યારે શ્રીવલ્લભ સ્વયં આજ્ઞા કરે છે કે; "तब श्रीआचार्यजी कहे, अब श्रीसुबोधिनीजी रही । भगवद्

**इच्छा इतनी प्रगट करन की हती ।"**

મહાપ્રભુજી લખાવતાં અને આચાર્યજીને લખવાનો શ્રમ ન પડે એના માટે સુબોધિનીજી લખતાં માધવભટ્ટ, શ્રીવલ્લભની વાસ્તવમાં સેવા જ કરી રહ્યા છે. આ અર્થને સમજાવતું આચાર્યચરણનું સર્વોત્તમજીમાં નામ છે; "**भक्तसेवितः**" અને શ્રીગુસાંઈજીનું નામ છે; "**भक्तिगम्यो.**" તેવી જ રીતે સુબોધિનીજી લખતી વખતે માધવભટ્ટના હૃદયમાં ઉછળતા ભાવો મહાપ્રભુજીને ઉદ્દીપન કરતાં, તે આપના "**सुखसेव्यो**" નામનો વિલાસ છે. ગુસાંઈજીનું એ સંબંધિત નામ છે; "**सुखसेव्यो व्रजेश्वरः.**"

શા માટે હરિરાયજી એમ આજ્ઞા કરે છે કે જેણે સુબોધિનીજીનું અવલોકન ન કર્યું એનો જન્મ વૃથા છે ? "**नाऽश्रितो वल्लभाधीश न च दृष्टा सुबोधिनी । नाराधो राधिकानाथो वृथा तत् जन्म भूतले ॥**" શ્રીભાગવત અમૃતરસનું મંથન કરીને એના સારરૂપ "ગોપીરસ"નું, મહાપ્રભુજી સુબોધિનીજીમાં, પુષ્ટિજીવને, પાન કરાવવા ચાહે છે અને જીવ, એનું પાન કરવા ઉત્સુક નથી ત્યારે હરિરાયચરણ ખિન્ન થઈને કહે છે; "**वृथा तत् जन्म भूतले.**" સુબોધિનીજી એ પુષ્ટિજીવને સર્વાત્મભાવ પ્રતિ અભિગમન કરાવનાર વલ્લભની સુલલિત સુધા છે. સુબોધિનીજી, એ કૃષ્ણના આત્મસમર્પણ માટે ઉદ્દીપન કરતો શ્રીઆચાર્યજીનો વેણુનાદ છે. "ભયો મહા બ્રહ્મનાદ ઉઠત ઉગ્ર આહ્લાદ." સુબોધિનીજીનું શ્રવણ કરતાં, એને લખતાં, માધવભટ્ટ કાસ્મીરી "પંચપર્વા વિદ્યા" થી પરિપૂર્ણ થઈ ગયાં છે અને "પંચપર્વા અવિદ્યા"થી નિવૃત્ત થયા છે. સુબોધિનીજી માટે વલ્લભદાસજી ગાય છે;

"રાસોત્સવ મન નિરત અનુપમ જો ન શેષ શિવ જાને ।

શ્રીભાગવત સાર ગોપીરસ દૈવીજન પ્રદ દાને ॥"

એમના ગ્રંથ સાહિત્યમાં વલ્લભદાસજી લખે છે; "**तब पुष्टिमार्गमें श्रीमहाप्रभु, जाने श्रीभागवत अमृत मथ्यो । तत् सार को सार कहा ? रासस्त्रीभाव परम पुष्टि । मुख्य पुष्टि रास स्त्रींनि को भावामृत निकारी के राख्यो ।**" આ ભાવના આવિર્ભાવ વિના કોઈ પણ આધુનિક પુષ્ટિજીવને રાસલીલાનો અધિકાર પ્રાપ્ત ન થાય એને અનુલક્ષીને ય હરિરાયચરણ આજ્ઞા કરે છે; "**वृथा तत् जन्म भूतले ।**" ઠાકુરજીમાં અને ઠાકુરજીની લીલામાં ભાવને જાગૃત કરવા માટે, પ્રત્યેક પુષ્ટિજીવને, નિત્ય શ્રીમદ્ભાગવત અને સુબોધિનીજીનું અવલોકન તથા કીર્તનોનું અવગાહન કરવું અનિવાર્ય છે. આ package ને સમજાવતાં વલ્લભદાસજી કહે છે; "**श्रीपुष्टिपुरुषोत्तम गुनगान सदा करनो । लीलाको चित्तवन करनो । जैसे के श्रीसुबोधिनी मैं और एतनमार्गीय ग्रंथनि में श्रीअष्टभगवदियनि के कीर्तन रसमय गुणगान मूललीला को है । ताही गुणगान सों सर्वलीला अनुभव होत है । जो कि नित्य अखंड मूललीला है ।**" સુબોધિનીજીમાં ઓતપ્રોત થયેલા માધવભટ્ટના હૃદયમાં પ્રતિપલ નૂતન લીલાની સ્ફૂર્તિ છે. વાત્સવમાં તો સુબોધિનીજી એમનું "divine infection" છે.

શ્રીમહાપ્રભુજી પાસેથી સુબોધીનીજીની સુધાનું રસપાન કરેલા માધવભટ્ટજીના હૃદયમાં ભગવાન પધારી ગયાં છે, તેથી એમને સર્વ વસ્તુઓના વાસ્તવિક સ્વરૂપની અને ભગવલ્લીલાની અસ્ખલિત સ્ફૂર્તિ છે. આ રહસ્યને પ્રકાશિત કરતાં સુબોધિનીજી સ્વયં આજ્ઞા કરે છે કે; "**एवं सर्ववस्तु याथात्म्यस्फूरणम् भगवदावेशात्.**" તેથી જ માધવભટ્ટ **श्रीकृष्णरसविक्षिप्त** માનસવાળા છે. સતત ભગવદ્ આવેશના કારણે માધવભટ્ટ

**अनिर्वृत्तालोकवेदे** છે. અર્થાત્ લોકવેદના ફલની એમને ચાહના નથી. અહીં શ્રીમહાપ્રભુજીના "**तद्विस्मृतान्यः**" નામનો વિલાસ પ્રકટ છે અને શ્રીવિઠ્ઠલેશ પ્રભુના "**अनेकमार्ग संक्लिष्ट जीवस्वास्थ्यप्रदो महान्**" નામનો. ઉધ્ધવજીને ભગવાન આજ્ઞા કરે છે કે જે ભક્તે લોકના ધર્મો છોડયા છે "તેમનું પોષણ હું કરું છું." માધવભટ્ટજી પોષણ આચાર્યજી સ્વયં કરે છે. મહાપ્રભુજીના અનાવતાર કાલમાં પણ શ્રીવલ્લભ સાથે તાદાત્મ્ય સાધવાથી, એમના સિદ્ધાંતોનું પરિપાલન કરવાથી આપણને પણ શ્રીવલ્લભનું સાનિધ્ય મળી શકે છે અને એના કારણે, આપણામાં શ્રીકૃષ્ણ પ્રેમ જાગૃત થઈ શકે છે. આચાર્યચરણના આવા સાનિધ્યથી આધુનિક જીવોમાં પણ આનંદનો સંચાર થાય છે અને એવો જીવ, આનંદથી, સદાનંદ કૃષ્ણને સેવી શકે છે. તેથી જ પોતાના આનંદ સ્વરૂપને ગોપી માણી શકે એના માટે તો સદાનંદ કૃષ્ણ એ પણ આવો જ આનંદ વ્રજભક્તોમાં સ્થાપિત કરેલ. "**यतः कृष्णः सदानन्दः तस्यासानन्दं स्थापयितुम्.**"

મહાપ્રભુજીની સુબોધિનીજીની વાણીનું બેરબેર શ્રવણ કરવાથી માધવભટ્ટના ચિત્તમાં, કૃષ્ણ જ મારા આત્મા છે એવી અખંડિત ભાવના સ્થિર થઈ ગઈ છે. સુબોધિનીજી કહે છે; "**सर्वदा कृष्णात्मभावेनैव चित्ते सहजां यासाम्.**" તદુપરાંત, શ્રીવલ્લભ પાસે સાંભળેલ સુબોધિનીજીની કથા અમૃતરૂપ હોવાથી માધવભટ્ટજીના તાપનો નાશ અને સંસારની વિસ્મૃતિ થઈ ગઈ છે. કથા રસાત્મક હોવાથી, ભટ્ટજીને ભગવદાસક્તિ પણ થઈ ગઈ છે. "**तवकथा अमृतमिवा अमृत भगवद् रसात्मकम्.**" મહાપ્રભુજીની વેણુનાદની સુધા સમૃદ્ધ વાણી માધવભટ્ટના કર્ણ દ્વારા એમના અંતરમાં પ્રવેશવાથી એમને ભગવદ્ સાનુભાવ

પ્રકટ કરનારી બની ગઈ છે. સુબોધિનીજી કહે છે; "अभिनिविष्टो हि रसः स्वानुभव जनयति." "रासलीलैकतात्पर्य" વાળા શ્રીઆચાર્યજી જ સ્વયં "कृष्णहार्दवीत्" છે. શ્રીગુસાંઈજી "कृष्णलीलारसाविष्टः" છે. તેથી જ શ્રીવલ્લભની વેણુસુધાત્મક વાણીનું પાન કર્યા વિના કોઈ પણ જીવ રાસ લીલાનો અધિકારી બની શકતો નથી. આ સંદર્ભમાં પદ્મનાભદાસજી ગાય છે;

"પ્રકટ પૂર્ણાનંદ વાક્ધીશ મધુર મુરતિ
સ્ફૂરતિ મધુર દેશે, મધુર રાસ ઉપદેશમ્ ।
વેણુવૃન્દાવન ગેહ મધ્ય ઉપસ્થિત
નેહ વેહ પ્રવેશ અમિત સંદેશમ્ ॥"

મહાપ્રભુજી જયારે રાસપંચાધ્યાયીનું વર્ણન સુબોધિનીજીમાં કરે છે, ત્યારે એને પ્રેમથી સાંભળીને, વૃન્દારૂપી ગોપીઓના (વૈષ્ણવોના) અંતરમાં એ વેણુ, કૃષ્ણની સુધાના અમિત સંદેશા પહોંચાડે છે. મહાપ્રભુજીના વચનામૃત, વેણુસુધારૂપ હોવાથી, એના અનુપાનથી, અધિકારી ભેદથી, એના અવગાહન કરનારમાં, ત્રણ રીતે પ્રતિભાવ પાડે છે. "દેવભોગ્યા સુધા" ભક્તમાં પ્રભુની awarness લાવે છે, પણ એ સુધાથી તદ્અનુરુપ sentiment આવિષ્કૃત નથી થતો. "ભગવદ્ ભોગ્યા સુધા"ના અનુપાનથી, awareness ઉપરાંત એને express કરવાનું મન થાય છે. એ વખતે આપણા ભાવના expression નો પ્રભુ આનંદ માણે છે. "સર્વાભોગ્યા સુધા"ના પાનથી, ભગવાન ભોગ્ય બને છે. પ્રભુ ભક્ત પર depend થઈ જાય છે. આચાર્યજીના વાણીરૂપ વેણનાદમાં ભગવાનનું માહાત્મ્ય અને પ્રિયતા એ બન્ને convey થાય છે.

શ્રીવલ્લભની વાણીના શ્રવણથી માધવભટ્ટજીને ભક્તિના

ત્રણ ભેદ સિદ્ધ છે. ભગવત્સ્વરૂપનું બાહ્યભજન, પ્રભુનું આંતરભજન અને ભગવન્નામાત્મક ભજન, ભક્તિની આવી ઉત્તમ અવસ્થામાં વિહરતા માધવભટ્ટજી સુબોધિનીજી લખતી વખતે જયારે કોઈક જગ્યાએ સમજતા નથી ત્યારે એમની કલમ અટકે છે અને શ્રીવલ્લભ એને સમજાવે છે. આચાર્યજી સ્વયં સુબોધિનીજીમાં એનું કારણ પ્રકટ કરે છે અને આજ્ઞા કરે છે કે પ્રેમી શિષ્યને ગુરૂ સ્વયં ગુહ્ય રહસ્ય પણ સમજાવે છે. **"गुह्यमप्येतत् तुभ्यं वदामि यतः स्निग्धस्य प्रेमवत शिष्टष्य गुरवो गुह्यमपि वदन्ति ।"** વાર્તા કહે છે; **"तब श्रीआचार्यजी माधवभट्ट कों समुझावते । तब लिखते ।"**

માધવભટ્ટ, સુબોધિનીજીના રસભાવને જીરવી શક્યા છે, તેનું એક રહસ્ય સમજાવતાં શ્રીવલ્લભ સ્વયં વૈષ્ણવોને કહે છે; **"और माधवभट्ट दासभाव सों मन लगाय के सुन्यो । तातें याको बोध भयो ।"** સુબોધિનીજીના રસિક ભક્તોને સુબોધિનીજીની રસિકવૃન્દાના મૂખિયા માધવભટ્ટ છે, એવો દાસાનુદાસનો ભાવ આવે ત્યારે સુબોધિનીજીનો ભાવ અંતરમાં પધારે છે.

માધવભટ્ટ માટે વાર્તા કહે છે કે; **"माधवभट्ट सर्वसामर्थ्यवान हते ।"** પ્રભુમાં જે સામર્થ્ય છે તે જ સામર્થ્ય કથામાં પણ હોવાથી, શ્રીમહાપ્રભુજી પાસે સુબોધિનીજી સાંભળીને માધવભટ્ટમાં પણ પ્રભુના સામર્થ્યનો સંચાર થઈ ગયો છે. આ વિષયને સમજાવતાં સુબોધિનીજી સ્વયં આજ્ઞા કરે છે કે; **"कथायां पुनः यथा तव सामर्थ्य तथाः."** અથવા તો ભગવાનની જેમ જ કથા ભગવદ્ ષડગુણોથી સંપન્ન, મોક્ષદાયિની અને પરમાનંદરૂપ છે. સુબોધિનીજી કહે છે; **"सापि षड्गुणात्मिका मोक्षदायिनी परमानंदरुपा च."** તેથી માધવભટ્ટજી પરમાનંદના આવેશમાં

ઠાકુરજીના લાવણ્યરૂપાત્મક સ્વરૂપ અને પ્રભુની લીલાઓમાં સદા વિમગ્ન છે. श्रीकृष्णरसविक्षिप्त માનસયુક્ત છે. સુબોધિનીજી સાંભળતી વખતે માધવભટ્ટની મનદશા કેવી હશે તે સુરદાસજી સમજાવે છે;

"जो सुख होत गोपालें गायें ।
गदगद गिरा लोचन जलधारा प्रेभपुलक तनु छाये ।
तीनलोक सुख तृणवत लेखत नंदनंदन उर आयें ॥"

******

## ૮૪ વૈષ્ણવ વાર્તા : ૧૪ - નારાયણદાસ બ્રહ્મચારી

નારાયણદાસનાં માતાપિતાના અવસાન પછી તે પોતાને ઘેર આવીને રહે છે. વાર્તા કહે છે; "**ता पाछें घर में आइ रहे । सो द्रव्य को उपाय साधन बहोत किये । परंतु द्रव्य न पाये । तब एकादश स्कंध में अष्टसिद्धि कहे हैं । ताहू के साधन बहोत किये परंतु साधन कछू सिद्ध न भयो । तब हार मानि रहें ।**" આવા પુષ્ટિજીવોનો ઉદ્ધાર કરવાવાળા શ્રીમહાપ્રભુજીનું નામ છે "**उपासनादिमार्गातिमुग्धमोहानिवारकः**" અને શ્રીવિઠ્ઠલેશનું નામ છે "**कर्मजाडयभिदुष्णासु**". નિ:સાધન દૈવી જીવોના ઉદ્ધાર માટે તો શ્રીઆચાર્યચરણ ભૂતલ પર પ્રકટ થયાં છે. તેથી જ વાર્તાના પ્રારંભમાં, નારાયણદાસ બ્રહ્મચારીની સાથે નિ:સાધન એવા જીયદાસ સૂરી અને ગજજન ધાવનના પ્રસંગોનો પણ વિસ્તારથી ઉલ્લેખ છે. પ્રભુને પ્રાપ્ત કરવા એમણે શાં શાં સાધનો નથી કર્યાં ? ગજજન અને જીયદાસની પ્રભુને પ્રાપ્ત કરવા માટેની આર્તિ જુઓ ! "**अब कोई प्रकार भगवान की प्राप्ति होइ तो आछो ।**" તેમજ નારાયણદાસની વાર્તા પણ કહે છે; "**तब वैराग्य आये । जो-द्रव्य के पीछें इतने दिन बृथा पचे । अब मथुरा जाइ भगवान के लिये तप करों । जहाँ ध्रुवजी तप कर्‌यो है । सो आइके सगरो दिन गायत्री जपें रात्रि कों पावसेर दूध लेइ । या प्रकार दिन छै बीते । तब श्रीआचार्यजी आगरे तें मथुरा पधारे ।**" નિ:સાધન નારાયણદાસ માટે શ્રીમહાપ્રભુજી આગરાથી મથુરા પધારે છે, તો કોઈ બીજા જીવ માટે આપ બનારસથી મથુરા આવે છે અને અખિલ દૈવીસૃષ્ટિના ઉદ્ધારાર્થ આપ આપનું

નિજધામ છોડીને ભૂતલ પર પધાર્યા છે. વલ્લભ એ સાક્ષાત્ વહાલનું સ્વરૂપ હોવાથી આચાર્યજીની વૃત્તિ, દૈવીસૃષ્ટિ અને પ્રભુ પ્રત્યે કેવલ વહાલની જ છે. તેથી જ સર્વોત્તમજીમાં મહાપ્રભુજીનું નામ છે; "**वल्लभाख्य**" અને નામરત્નાખ્યમાં શ્રીગુસાંઈજીનું નામ છે; "**श्रीविट्ठल.**"

આચાર્યચરણના શરણ ગ્રહણ પહેલાં તો પરમાનંદદાસજી અને સુરદાસજી જેવા પણ "**हों पतितन को टीको**" કહીને રુદન કરતા હતા. ચોરાસી-બસોબાવન વૈષ્ણવની પ્રત્યેક વાર્તા જેમ મહાપ્રભુજીની વાણીનો લીલોપદેશ છે તેમ આપની અખિલ કૃપાનો ય છે. "શ્રીવલ્લભ કૃપા થકી સૌ પડે સહેલું." નિ:સાધન જીવોનો ઉદ્ધાર કરવો છે એના માટે "**सर्वशक्तिधृक्**" શ્રીવલ્લભ પણ સ્વયં એક નિ:સાધનતાનો માહોલ પ્રકટ કરવા, પોતે પણ જીવના ઉદ્ધારની નિ:સીમ ચિંતા એક નિ:સાધનવત્ પ્રકટ કરે છે. મહાપ્રભુજીના અતિ અદ્‌ભુત ચરિત્રની એક beauty એવી છે કે આપની આવી ચિંતાથી ઉદ્દીપન થઈને તો, "નિ:સાધન ફલાત્મા" શ્રીકૃષ્ણ **श्रावणस्यामले पक्षे एकादश्यां महानिशि** પ્રસંગ વખતે પ્રકટ થઈ જાય છે અને આચાર્યજીને દૈવીજીવોને શરણે લઈ એમને નામનિવેદન કરાવવાની આજ્ઞા આપે છે. દૈવીજીવોને શરણે લેતાં પહેલાં જ આચાર્યજી શ્રીજી પાસેથી વચન લઈ લે છે કે જે જીવને મહાપ્રભુજી અંગીકાર કરાવશે એને પ્રભુ કયારેય છોડશે નહિ. ઠાકુરજી પણ મહાપ્રભુજીને અને શ્રીવલ્લભના દૈવીસૃષ્ટિ પરના પક્ષપાત્‌ને વશ થઈને **ब्रह्मसम्बन्ध करणात्** ની આજ્ઞા કરી તે પહેલાં જ પુષ્ટિજીવોને કયારેય નહિ છોડે એવું વચન આપી દે છે.

વસુદેવ દેવકીજીને કારાગારમાંથી મુક્ત કરીને એમને પુષ્ટિભક્તિ પ્રદાન કરવા શ્રીકૃષ્ણચંદ્ર મધ્યરાત્રિએ મથુરાના કારાવાસમાં પ્રકટ થાય છે, તો નારાયણદાસના ઉદ્ધારાર્થ, "भक्तिमार्गाब्जमार्तण्डः" શ્રીવલ્લભ "मध्याह्न की संध्या करत नारायनदास की ओर देखे ।" રામદાસજી ગાય છે; "સંધ્યા કરત હરત મેરો મન." વૈશ્વનાર શ્રીઆચાર્યચરણે, બ્રહ્મચારી તરફ સહેજ દૃષ્ટિ કરી એમાં તો નારાયણદાસમાં વિપ્રયોગની memory સ્થાપિત થઈ જાય છે. "तब नारायणदास के मनमें यह आई, जो-इनके सेवक होंइ तो श्रीठाकुरजी कृपा करें । तब श्रीआचार्यजी कों दंडौत् करि बिनती किये, महाराज मोकों कृपा करि सेवक करिये ।____ सो आपु की कृपा बिना श्रीठाकुरजी दुर्लभ हैं तातें अब मैं बहोत भटक्यो । अब आपु मोपर कृपा की दृष्टि करी, तब मेरो मन सेवक होंन कों भयो । तैसे कृपा करिके सरन लीजे ।" આવા દૈન્યયુક્ત નિઃસાધન જીવો પર ભગવત્કૃપા વેગથી થાય છે.

શ્રીવલ્લભે, દૃષ્ટિ માત્રથી નારાયણદાસમાં વિપ્રયોગની સ્મૃતિ સ્થાપિત કરી ત્યારે પ્રભુના વિયોગનો અંતરમાં સૂક્ષ્મ રીતે અનુભવ કરતાં બ્રહ્મચારી સમજી જાય છે કે આચાર્યજીની "कृपा बिना श्रीठाकुरजी दुर्लभ है ।" સિદ્ધાંતરહસ્ય ગ્રંથના process ના માધ્યમથી મહાપ્રભુજી નારાયણદાસમાં વિયોગાગ્નિ ને પ્રેરિત કરે છે ત્યારે બ્રહ્મચારીજીમાં ભગવત્સેવાની લલક જાગે છે. નારાયણદાસ મહાપ્રભુજીને વિનંતી કરે છે કે; "अब हमकों कहा कर्तव्य है ? सो आज्ञा दीजें ।" આ સંદર્ભમાં કોઈ પણ પુષ્ટિજીવનાં ભાગ્ય ક્યારે ખૂલ્યા ગણાય તે કીર્તન સમજાવે છે; "જગમેં સોઈ જીવ બડભાગી શ્રીવલ્લભકી સરન આય કે હરિકી સેવા માંગી." પુષ્ટિજીવ સદા પ્રભુને સમર્પિત

રહે એવો શ્રીવલ્લભનો નિરંતર કર્તવ્યોપદેશ છે, "**असमर्पितवस्तूनां तस्मात् वर्जनमाचरेत्.**" તેથી કીર્તનમાં ગવાયું; "કલિજુગ સબજુગ તેં અધિકાઈ જા યુગ મેં શ્રીવલ્લભ પ્રકટે, સેવા રીતિ સિખાઈ." એટલે, શ્રીવલ્લભ, અહીં નારાયણદાસને આજ્ઞા કરે છે; "**तिहारे माथे श्रीठाकुरजी पधराय देंइगे । तिनकी तुम सेवा करियो ।**"

મહાપ્રભુજી આનંદરૂપ અને આનંદજનક એમ બન્ને છે. આનંદરૂપ સ્વરૂપથી શ્રીવલ્લભ, શરણે આવતાં પહેલાં નારાયણદાસના સંસારના તાપની નિવૃત્તિ કરે છે અને આનંદજનક સ્વરૂપે મહાપ્રભુજી, નારાયણદાસના માથે ભગવત્સેવા પધરાવી સેવક અને સેવ્ય એમ બન્ને ને પરસ્પર આનંદમય કરી દે છે. સિદ્ધાંતરહસ્ય ગ્રંથ અને ગદ્યમંત્રના ભાવથી નારાયણદાસ સમજે છે કે, મારા દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંત:કરણ, આત્મા અને આત્મીયને મારે પ્રભુની સાથે share કરીને હવે પછી માણવાના છે. પ્રભુનો સ્વભાવ આનંદને માણવાનો હોવાથી, જીવ એનો response કેવલ સ્નેહયુક્ત સમર્પણથી જ આપી શકે છે. નારાયણદાસ બ્રહ્મચારીની વાર્તા, એ, આનંદને અખંડિત માણતા ગોકુલચંદ્રમાજીને, પ્રતિપલ સમર્પણાત્મક આનંદયુક્ત response આપતા એક પરમ ભગવદીયની વાર્તા છે. સર્વાત્મભાવનું begining સમર્પણથી થતું હોય છે. ગોકુલચંદ્રમાજીને, નારાયણદાસને માથે પધરાવી, મહાપ્રભુજી એમની દેહેન્દ્રિયાદિ એમ સર્વનું સમર્પણ ઠાકુરજીને કરાવે છે. પ્રારંભમાં જ વાર્તા કહે છે; "**सो नारायणदास श्रीगोकुलचंद्रमाजी की सेवा भली भांति सों करते ।**" આવી સર્વ સમર્પણાત્મક સેવાની ફલશ્રુતિરૂપે નારાયણદાસને સર્વાત્મભાવ સિદ્ધ થઈ જાય છે. દયારામભાઈના પદથી નારાયણદાસનાં સર્વાત્મભાવનાં દર્શન કરવા જેવાં છે;

"નિરખે નેત્ર નંદલાલને, શ્રુતિ કથા, રટે મુખ નામ,
નાસિકા સુંઘે પ્રેમશું પ્રસાદી તુલસી પુષ્પ દામ.
દામ ધ્રાણ કરે, કર હરિ સેવા, દોડે ચરણ પ્રભુદર્શન લેવા
મન ધ્યાન નટવર છબિશ્યામ સર્વાંગે કરે પ્રભુને દંડવત્ પ્રણામ."

આમ, મહાપ્રભુજીના સેવામાર્ગમાં પુષ્ટિજીવના અંગે અંગનું સમર્પણ છે. સિદ્ધાંતરહસ્યનો આવો દિવ્ય ભાવ છે. ત્યારે તો આવા સર્વાત્મભાવી નારાયણદાસ પર ગોકુલચંદ્રમાજી સદા રસની ઘટા વર્ષાવતા રહે છે. સાધન દશામાં કોઈ પણ પુષ્ટિજીવને સેવામાં અને પ્રભુમાં મન લગાડવું પડે છે, કારણકે ભગવત્સ્મૃતિ મનથી થાય છે. પરંતુ નારાયણદાસનું તો મન જ ભગવન્મય થઈ ગયું છે. એમને પ્રભુની સ્મૃતિ કરવી પડતી નથી. પણ એ અનાયાસ થતી જ રહે છે. આચાર્યજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે; "**स्मृतिर्मनसि जायते तन्मनस्तु केवल भगवत्येव.**" નારાયણદાસ ફલદશામાં અભિરમે છે, તેથી તેમનું મન વણપ્રયાસ ઠાકુરજી સાથે વિલસી રહ્યું છે. આ સંબંધિત થતો નારાયણદાસનો અનોસરમાં વિરહ, એ એમની માનસી પથ પર અભિગમન થતી અવસ્થાનું નિર્દેશન કરે છે. તેમજ નારાયણદાસના મનની ત્યાગની ભાવના અને એમનો ભગવદ્ અનુરાગ, એ એમના ઠાકુરજી પ્રત્યેના તીવ્ર અનુરાગના કારણે છે, ગ્રંથ કહે છે;

**"सेवकानां यथा लोके व्यवहारः प्रसिध्यंति ॥**
**तथा कार्यं समर्प्यैव सर्वेषा ब्रह्मता ततः ।"**

નારાયણદાસનો ઠાકુરજી સાથેનો વ્યવહાર, લૌકિકમાં કોઈ સેવકનો હોય એનાથી અત્યધિક છે. પ્રભુ સાથે નારાયણદાસનો

દાસત્વ અને સ્નેહનો સંબંધ છે. એક તો સ્નેહનું સ્વરુપ ગોકુલચંદ્રમાજી અને વળી એમાં ય નારાયણદાસનો અનુરાગ સંમિશ્રિત થઈ જાય, પછી આ વાર્તામાં અનુરાગની તરંગાવલીઓનાં અસ્ખલિત દર્શન થાય, એમાં કાંઈ આશ્ચર્ય નથી. નારાયણદાસ બ્રહ્મચારીના અંતઃકરણમાં પોતાના દેહ સંબંધિત કોઈ સંકલ્પ વિકલ્પ એમને થતા જ નથી, પરંતુ એમના સર્વ મનોરથો કેવલ ઠાકુરજી સંબંધિત છે. "**असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत्**" ની આવી ફલશ્રુતિ છે.

ભગવદ્ પ્રેમ માટે જે ભાર્તેન્દુ હરિશ્ચંદ્ર ગાય છે, તે પ્રેમનાં વાસ્તવિક દર્શન નારાયણદાસની વાર્તામાં થાય છે. "અતિ સુચ્છમ કોમલ અતિ હી, અતિ પતરો અતિ દૂર, પ્રેમ કઠીન સબતે સદા, નિત ઈક રસ ભરપૂર." નારાયણદાસનો ગોકુલચંદ્રમાજી પ્રત્યેનો સ્નેહ જેટલો વિપુલ છે તેટલો નાજુક અને સૂક્ષ્મ પણ છે. તેથી જ ઠાકુરજીની સેવા સંબંધિત સૂક્ષ્માતિસૂક્ષ્મ વસ્તુની ય નારાયણદાસ, ભગવત્સુખ માટે નિતાન્ત કાળજી લે છે. વાર્તા કહે છે કે નારાયણદાસ "**गाय कों घास धोइकें खवातते । जो-मति कहूँ दूध में रज आवें । श्रीठाकुरजी अत्यंत सुकुमार हैं ।**" પ્રભુએ દાન કરેલો, નારાયણદાસમાં એમના પોતાના સ્વતંત્ર ભાવનો આ એક અદ્ભુત personal shade છે. ઘાસ ધોઈને નારાયણદાસ ગાયને ખવડાવે છે એનું કારણ સેવાની રીતિ નથી પણ એમની પ્રભુ માટેની પ્રીતિ છે. પ્રભુની બેહદ્ પ્રીતિના કારણે, પુષ્ટિભક્તમાં, આચાર્યજીની કૃપાથી એના સ્વતંત્ર ભાવનો આ personal shade આવિષ્કૃત થાય છે. મહાદાની મહાપ્રભુજી અને ગુસાંઈજી દત્ત આવા દાનમાં કોઈએ પણ આશ્ચર્ય પ્રકટ ન કરવું. એ સમજાવતું શ્રીવલ્લભનું સર્વોત્તમજીમાં નામ છે; "**स्मयापहः.**" પોતાની

ભક્તિના સ્વતંત્ર shade માટે કોઈ પણ વૈષ્ણવને ભ્રમ કે અજ્ઞાન ન રહે એના માટે શ્રીવિઠ્ઠલનું નામ છે; **"नानाभ्रम निराकर्ता के भक्ताज्ञानभिदुत्तमः."** નારાયણદાસના આ personal shade ને વિશેષ સમજાવતાં હરિરાયજી ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છે કે; **"यह कहि यह जताये, जो-दूध में रज कों संदेह करते । सो साग-सामग्री जल सब में भली भांति सों चौकसी राखते । जो-प्रभु कों कोई वस्तु में दुःख न होइ ।"**

ગ્રંથ આજ્ઞા કરે છે કે; **"निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः । न मतं देवदेवस्य सामिभुक्तसमर्पणम् ॥"** અત્યાગ અને અસમર્પિત અવસ્થામાં, પુષ્ટિજીવના દેહાદિનો, વિષયાદિમાં અન્યવિનિયોગ થઈ જવાથી, એ દેહાદિ પ્રભુ માટે અર્ધભુક્ત થઈ જાય છે. નારાયણદાસજી જેવા પરમ ભગવદીય માટે એ અસહ્ય છે તેથી વાર્તા કહે છે; **"और नारायणदास त्याग दसा में रहते ।"** બ્રહ્મચારીજીમાં, ભગવદ્ અનુરાગની અતિ વૃદ્ધિ થઈ ગઈ હોવાના કારણે, એમને પ્રભુને અનુપયોગી એવી સર્વ વસ્તુમાં વૈરાગ્ય છે, ધનમાં પણ. વાર્તા કહે છે; **"सो नारायणदास जहां तहां पांव धोइबे कों माटी लेते तहां द्रव्य देखते । सो वा पर माटी डारि उठि चलते । परंतु द्रव्य को परस न करते ।"** સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં મહાપ્રભુજીએ તનુવિત્તજા સેવાની આજ્ઞા કરી છે. જો વિત્તના વિનિયોગથી પુષ્ટિજીવ પોતાની મમતાનું સમર્પણ પ્રભુને કરતો હોય તો નારાયણદાસ કેમ ધનને **"अग्नि की विष्टा हू कहे हैं ।"** પોતાની મહેનતથી કમાયેલુ ધન પોતાનું બનવાથી એ જીવની સત્તાનું હોય છે અને પોતાના આવા સત્તારૂપી ધનનો વિનિયોગ કરાવવાનું આચાર્યજી સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં સમજાવે છે. ત્યારે પુષ્ટિજીવની મમતા વિત્તજા સેવાથી સમર્પિત થાય છે. જમીનમાં

આમ "ઊગી" નીકળતું દ્રવ્ય કે borrowed વિત્ત પોતાની range માં આવતું નથી, તેથી નારાયણદાસ એને "**अग्निकी विष्टा**" માને છે. અહીં કોઈ પૂર્વપક્ષ કરે કે નરહરિદાસ ગોડિયાને મળેલા દ્રવ્યથી એમને મનોરથ કરવાની મહાપ્રભુજીએ છૂટ આપી તો નારાયણદાસજીને એ દ્રવ્ય બગાડ કેમ લાગે છે ? નારાયણદાસ "અવ્યાવૃત" ભક્તિના પથગામી છે. ગદાધરદાસની જેમ. તેથી જીવનના નિર્વાહ માટે બ્રહ્મચારીજી કેવલ ભગવદાશ્રયબલ પરાયણ છે. એમના આવા માનસિક અભિગમની અવસ્થામાં એમને જમીનમાંથી આમ મફતનું ધન મળતું રહે એમાં નારાયણદાસજીને પોતાના આશ્રયની દૃઢતામાં બગાડ થતો લાગે છે તેથી એ ભત્રીજીને કહે છે કે; "**घरमैं बिगार परयो है । सो बुहारि डारि आव ।**" ભગવદાશ્રય પર જ અવલંબીત નારાયણદાસ કયાંય અન્ન માંગવા ય નથી ગયાં. વાર્તા કહે છે; "**उत्तम रीति सों चुटकी लेते । सो कोरो अन्न न्यारो-न्यारो तथा बिना मांगे घर आवें तामें निरवाह करते ।**" નારાયણદાસને મમતાના પ્રતિકરૂપે વિત્તજા સેવાની આવશ્યકતા નથી કારણકે એમની લૌકિક મમતાનું સંપૂર્ણતયા ભગવત્સ્નેહમાં અલૌકિકરણ થઈ ગયું છે. તેથી નારાયણદાસના પ્રતિ પલના સ્નેહયુક્ત સમર્પણમાં એમની મમતા સદા સમર્પિત જ છે, "**असमर्पित वस्तूनां तस्माद्वर्जनमाचरेत्**" ની આચાર્યજી આજ્ઞા કરે છે તે કેવલ ભોગ ધરાવીને લેવા પૂરતી જ સીમિત નથી. નારાયણદાસની એક પલ પણ અસમર્પિત નથી. ભગવત્સેવા દ્વારા જેમ એ સમર્પિત છે તેમ તે અનોસરમાં ય ભગવન્નામથી, વિરહથી, સ્મરણથી, ગુણગાનથી સદા સમર્પિત છે. આપણા જેવા વ્યવહારમાં વ્યસ્ત જીવ પણ જો આપણા લૌકિક વ્યવહારને ભક્તિનો અંગ બનાવી શકીએ, તો પરંપરાથી આપણે પણ સમર્પિત જ છીએ.

નારાયણદાસની સદા ભગવત્પ્રેમ પુલકિત અવસ્થાનાં દર્શન કીર્તન પંક્તિઓમાં કરી લઈએ.

"પ્રેમ ગાવે પ્રેમ ભાવે પ્રેમમેં અનુદિન રહે,
પ્રેમસ્નેહી પ્રેમદેહી પ્રેમ વાણી નિત્ય કહે."

આચાર્યજી દત્ત આ સ્થિતિ નારાયણદાસની હોવાથી, શ્રીવલ્લભ માટે ગવાયું; "પ્રેમ સેવા કરે કરાવે, નંદસુત હૃદે રહૈ."

આવા પ્રેમના પરિમલથી અપરિચ્છિન્ન પ્લાવિત નારાયણદાસને ગોકુલચંદ્રમાજી નીતપ્રતિ નૂતન લાવણ્યાત્મક મુખચંદ્રનાં દર્શન કરાવે એ સહેજ છે. "માઈ આજ ઔર કાલ ઔર દિન પ્રતિ ઔર ઔર દેખીયે રસિક ગિરિરાજધરણ, નિત્ય પ્રતિ નઈ છબી, બરને સો કોન કવિ, નિત્ય હી સિંગાર બાગે બરન બરન." ચત્રુભૂજદાસજીના આ કીર્તનના ભાવને પ્રતિબિંબિત કરતાં વાર્તા કહે છે; "**और एक दिन नारायणदास न्हाइ के मंदिर में जाइ श्रीठाकुरजी कों मंगल-भोग धरि पाछें सिंगार किये । श्रीठाकुरजी के मुखचंद्र की सोभा देखि थकित ह्वे बडी बेरलों निहारी रहे । पाछें पूछी, जो-महाराज ! इह घटा कहां बरसेगी ?**" વાર્તા કહે છે તેમ નારાયણદાસે "**मंगल-भोग धरि पाछें सिंगार किये ।**" અહીં શૃંગાર કરી આરસી દેખાડી નથી લાગતી કારણકે શ્રીમુખચંદ્રની શોભા જોવામાં આ ભક્ત વિહ્વળ થઈ ગયા છે. નારાયણદાસને કદાચ એમ લાગ્યું હશે કે સ્વમુખનું પરમ મધુર લાવણ્ય ચંદ્રમાજી સ્વયં આરસીમાં જોશે તો પોતાના રૂપ પર પ્રભુને પોતાની નજર લાગી જશે. એટલે કદાચ આ પ્રસંગમાં આરસી દેખાડ્યાનો ઉલ્લેખ નથી. ભાર્તેન્દુ હરિશ્ચંદ્ર કહે છે;

"બારબાર પિય આરસી મત દેખ હુ ચિત્ત લાવ
સુંદર કોમલ રૂપ મેં દીઠ ન કહું લગી જાય,
દેખન દેહું ન આરસી સુંદર નંદકુમાર
કહું મોહિત વ્હે રૂપ નિજ, મતિ મોહી દેહું વિસાઈ."

નારાયણદાસ પંચ કર્મેન્દ્રિય, પંચ જ્ઞાનેન્દ્રિય અને અગિયારમું મન એમ અગિયાર ઈન્દ્રિયથી ગોકુલચંદ્રમાજીને સમર્પિત છે. ભગવદીયના આવા માનસિક અભિગમનું ઉદ્‌બોધન કરતા આચાર્યજી સિદ્ધાંતરહસ્યગ્રંથના પ્રારંભમાં જ एकादश्यां महानिशि એમ આજ્ઞા કરે છે. એકાદશ ઈન્દ્રિયથી સર્વ સમર્પિત નારાયણદાસ જેવા ભગવદીય, મહાનિશિરૂપ રાસના અધિકારી છે. એટલે જ ગોકુલચંદ્રમાજી નારાયણદાસ પર રસની ઘટા વર્ષાવી રહ્યા છે. ભક્તના ભાવને અનુરૂપ પ્રભુ દર્શન દે, એ ઠાકુરજીનું સામર્થ્ય છે. સર્વભવન સામર્થ્યના કારણે ભગવાન કોઈ પણ રૂપે દર્શન દઈ શકે છે. દર્શનના રસને પચાવવાનો નારાયણદાસને અધિકાર છે. કોઈ અનધિકારી જીવ પ્રભુની રસભાવના કરવા જાય તો એમાં પ્રભુની mistreatment થઈ જાય છે અને એવા જીવનો રસાભાસ. અધિકારના કારણે, આવા દર્શન કરતી વખતે નારાયણદાસે ગોકુલદચંદ્રમાજીની potentiality સમજી છે, destiny નહિ, એ ઘટાની destiny જાણવા નારાયણદાસ પૂછે છે; "पाछें पूछी, जो-महाराज ! इह घटा कहां बरसेगी ?" આચાર્યજી સુબોધિનીજીમાં સમજાવે છે કે રસશાસ્ત્રાનુસાર ભગવાને પણ રસોત્પત્તિ માટે બોલવું જ પડે છે. "यावत् स्पष्टं न भाषते तावत् सरसता यांति न." આ રહસ્યને પોષણ આપતાં વાર્તા કહે છે; "तब श्रीठाकुरजी प्रसन्न होइ कें कहे, जो-रघुनाथजी के ऊपर बरसेगी । तब नारायणदास बहोत प्रसन्न भये ।" નારાયણદાસજી સાંભળીને

નિતાન્ત પ્રસન્ન થાય છે. કારણકે એમને મૂલલીલા સુદ્ધિ છે, કે લીલામાં એ રઘુનાથલાલજી રૂપ રાધાસહચરીજીના સહચરી છે. ૬૪ વાર્તા વાળા મારા પહેલાના ગ્રંથમાં મેં સૂચન કરેલ કે સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં દાસાનુદાસ ભાવ નાં દર્શન છે. રાધાસહચરીજી પર ઘટા વર્ષશે એ જાણી, નારાયણદાસનો દાસાનુદાસ ભાવ, મસ્તીમાં એક હસ્તિની જેમ ડોલાયમાન થવા લાગે છે. આ ભાવના નશામાં નારાયણદાસ પોતાને રાધાસહચરીજીની રજ માને છે. તેથી નારાયણદાસનો દાસાનુદાસનો ભાવ એટલો મુલાયમ છે કે, રઘુનાથલાલજીના શ્રીમસ્તક પર વર્ષતી પ્રભુની ઘટા, જયારે આપના શ્રીઅંગ પરથી સરતી સરતી ચરણ પર પધારશે, ત્યારે એની રજરૂપે ત્યાં અવસ્થિત નારાયણદાસને, એ ઘટાનો મહાપ્રસાદ મળશે. "**तब नारायणदास बहोत प्रसन्न भये ।**" એમને એમ લાગે છે કે પ્રભુ એમના પર directly ઘટા વર્ષાવત તો એમને ઘટાની કેવલ પ્રસાદી મળત, મહાપ્રસાદ નહિ.

સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં સૂક્ષ્મ રીતે સમર્પણ ભાવના જેટલા પહેલુઓ વિદ્યમાન છે, એનાં અખિલ દર્શન નારાયણદાસની વાર્તામાં છે. જેમકે ઠાકુરજીની સેવા વખતે નારાયણદાસને ગદ્યમંત્ર કથિત **दासोऽहम्** નો ભાવ સિદ્ધ છે. ઘટાના પ્રસંગમાં તથા ઘાસ ધોઈને ગાયને ખવડાવતા ત્યારે એમનો દાસાનુદાસ ભાવ વિલસિત થાય છે. તદુપરાંત બ્રહ્મચારીજીના દાસાનુદાસના દાસના દાસનો ભાવ ત્યારે અભિવ્યક્ત થાય છે, જયારે એ ભતીજીને કહે છે કે; "**सुनिं, श्रीठाकुरजी भली भांति सो अरोगे तब जानिये, जो-कोई वैष्णव अचानक आइ महाप्रसाद लेई । तब जानिए, भली भांति सों अरोगे ।**" આનો ખુલાસો કરતાં ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છે કે; "**जो-वैष्णव न्यौत**

**होइ तब तो वैष्णव के भाव करि अधिक सामग्री होई । तब तो श्रीठाकुरजी वैष्णव के भाव सों अरोगें । परि न्यौते न होंइ तब नित, जो-अपुने घर उठत होइ तितनी सामग्री होइ, तामें तें वैष्णव कों लिवावें तो अपुने भाग में ते वैष्णव लिये जानिये ।"** પોતે અર્ધભૂખ્યા રહી વૈષ્ણવને મહાપ્રસાદ લેવડાવે તે અતિ ઉત્કૃષ્ટ ભાવ છે. અર્થાત્ મહાપ્રસાદ લેતી વખતે, નારાયણદાસના ભાગમાં આવતો જે અધરામૃતનો હિસ્સો છે એને એ બીજા વૈષ્ણવને લેવડાવવા, અતિ હેતથી તૈયાર છે. નારાયણદાસનો, આ મહાપ્રભુજી અને યમુનાજી સદૃશ નિર્ગુણ ભાવ છે. ગદ્યમંત્રમાં કે સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં આવા નિર્ગુણભાવનું જ નિરુપણ છે. આવા નિર્ગુણભાવનો એક વિલક્ષણ paradox નારાયણદાસની વાર્તામાં ઊભરી આવે છે. ઘાસ ધોઈને ગાયને ખવડાવતાં નારાયણદાસમાં, ઠાકુરજીના રક્ષણનો ભાવ છે કે પ્રભુના દૂધમાં કચરો ન આવે. તેમજ, અવ્યાવૃત ભક્ત નારાયણદાસમાં ઠાકુરજીના દૃઢાશ્રયનો ભાવ પણ paradoxically સ્થિર છે કે પ્રભુ જ એમના રક્ષક છે. કૃષ્ણાવતાર વખતે, સ્વયં ઠાકુરજીએ મેઘની સરાહના કરેલ કે વાદળ પ્રભુને આત્મનિવેદિત છે, તેમ પોતાની છાયામાં પ્રભુનું રક્ષણ પણ કરે છે. આ ભાવને અનુલક્ષીને સુબોધિનીજીમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, **"आत्मनिवेदनमपि कृतवानित्याह छाययेति ।"** મેઘની જેમ નારાયણદાસમાં પણ ગોકુલચંદ્રમાજીના રક્ષણનો તથા પ્રભુથી રક્ષિત થયેલાનો ભાવ છે.

ગોકુલચંદ્રમાજીના અમૃતમય અમીત લાવણ્યનું અવિરત પાન કરનાર નારાયણદાસનું દૈન્ય પણ મહાપ્રભુજીના અત્યંત કૃપાપાત્ર ભગવદીયને શોભે એવું અપરિમિત છે. વાર્તા કહે છે; **"और एक समय नारायणदास श्रीठाकुरजी कों राजभोग धरिकें**

**बाहर आय बैठे । तब हृदय भरि आयो । तब भतीजी सों कहें, श्रीठाकुरजी कौन भांति सों अरोगत होइंगे ?"** નારાયણદાસનો પ્રભુ માટેનો નિરવધિ સ્નેહ અને એમનું દૈન્ય ગોકુલચંદ્રમાજીને વશ કરવા પર્યાપ્ત છે. કારિકામાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે; **"न हि साधन सम्पत्या हरिस्तुष्यति कस्यचित् भक्तानां दैन्यमेवैकं हरितोषण साधनम् ।"** નારાયણદાસના દૈન્યથી એમના ઠાકુરજી પ્રસન્ન છે, તો નારાયણદાસના દૈન્ય, આશ્રય અને સ્નેહના combination થી ગોકુલચંદ્રમાજી એમને વશ છે. મારા પ.પૂ. ગુરૂજી પ.પૂ.ગો. શ્રીદીક્ષિતજી મહારાજજીની શૈલીમાં આ પ્રસંગને કહેવા માટે મન લાલાઈત થઈ રહ્યું છે. વેદાંતના વનમાં, રુગ્વેદ કથિત જે પરમ તત્વને ગોતતા ગોતતા જ્ઞાનીઓ થાકી જાય છે, તે જ પરબ્રહ્મ, મહાપ્રભુજીની કૃપાથી, અહીં નારાયણદાસના ગૃહમાં, ભક્તવશ્ય લીલામાં બંધાયેલા છે. પોતાના ઘરમાં ઠાકુરજીને પધરાવીને સેવા કરવાનું આવું અપ્રતિમ રહસ્ય છે, તે વાત મારા ગુરુજીના પુત્રરત્ન પૂ.પા. ગો. શ્રીશ્યામુબાવા કહેશે.

મહાપ્રભુજી ગોકુલ પધાર્યા છે ત્યારે એ વધાઈને સાંભળીને નારાયણદાસ, આચાર્યજીના સ્નેહના આવેશમાં, તાતી ખીર ઠાકુરજીને ધરાવે છે અને ગરમ ખીરમાં શ્રીહસ્ત ધરતાં જ પ્રભુ હસ્તકમલને તરત ખેંચી લે છે. મહાપ્રભુજીને complain કરતાં ચંદ્રમાજી કહે છે કે; **"नारायणदास ताती खीर समर्पि के गयो । सो मैं हस्त सों खीर उठाई । सो ताती लागी । तब मैं हस्त झटकि कें आंगुरि चाटी है । सो मेरो ओष्ट हस्त दाझें है ।"** સિદ્ધાંતરહસ્ય ગ્રંથ કથિત સમર્પણનો લીલોપદેશ કરતી આ વાર્તા હોવાથી, મહાપ્રભુજી **"नारायणदास कों खीजि के कहें, क्यों तू श्रीठाकुरजी कों ताती खीर समर्पी ?"** આ પ્રસંગનો

ખૂલાસો કરતાં હરિરાયજી ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છે કે, નારાયણદાસજી વિચારે છે કે; "**ताती होइगी तो ठाकुरजी सीरी करि लेंइगे । परंतु श्रीआचार्यजी के दरसन कों ढील करनो धरम नाहीं ।**" મહાપ્રભુજી તો **सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिप** રુપ પુષ્ટિજીવના ધર્મની વાત ચતુશ્લોકીમાં સમજાવે છે, તો આ પ્રસંગમાં શ્રીહરિરાયચરણ, નારાયણદાસના "**गुरुः**" એવા મહાપ્રભુજી પ્રત્યેના ધર્મનો ભાવ પ્રકટ કરે છે અને કહે છે કે; "**परंतु श्रीआचार्यजी के दरसन कों ढील करनो धरम नाहीं ।**" આ પ્રસંગમાં, મહાપ્રભુજીને ય નારાયણદાસને મળવાની ઉત્કંઠા કે વિરહ હોય તો નારાયણદાસનો ધર્મ બની જાય છે કે એ વેગથી જઈને આચાર્યજીને મળે. આ પ્રસંગમાં નારાયણદાસજીના પોતાના ગુરુ પ્રત્યેના દાસત્વ અને સમર્પણ ભાવનું દર્શન છે. સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં પ્રચ્છન્ન એવો સમર્પણનો આ એક વિલક્ષણ facet છે. આચાર્યજી મહાવન પધારી રહ્યા છે, એ વધાઈનો અને નારાયણદાસના આવા ગુરુ પ્રત્યેના પ્રગાઢ સ્નેહનો ઉત્સવ હતો એવું આ પ્રસંગમાં લાગે છે. ઉત્સવમાં જેમ દહીં, દૂધ અહીં તહીં ફેલાય, તેમ અહીં ખીર પણ સર્વ ઠેકાણે છંટાઈ ગઈ છે. વાર્તા કહે છે; "**श्रीहस्त खीर सों भरे हैं । सिंघासन पर, वस्त्रन पर खीर के छांटा परे हैं ।**" એ ઉત્સવના આવેશમાં, ખીર સ્વયં પણ, આ પ્રસંગમાં સખડીમાંથી અનસખડીમાં સરકી જાય છે.

નારાયણદાસજીની વાર્તામાં આચાર્યજીના "**विबुधेश्वरः**" અને ગુસાંઈજીના "**चिन्तितज्ञो महाबुद्धिः**" નામનો વિહાર પ્રકટ છે એટલે જ ભગવાનના સચ્ચિદાનંદ સ્વરૂપના વિલાસને નારાયણદાસજીએ કેવી સમર્પણની ઊંચી બુદ્ધિથી કે સિફતતાથી પોતાના જીવનમાં આવરી લીધો છે તે દર્શનીય છે. મૂલમાં

પ્રભુમાંથી જ સત્વ, રજ અને તમોગુણ પ્રકટ થયાં છે. નારાયણદાસ બ્રહ્મચારીની બુદ્ધિ, ચેતના અને સત્વના combination થી એમનામાં જે જ્ઞાન ઉત્પન્ન થયું છે એને બ્રહ્મચારીએ પ્રભુના માહાત્મ્યજ્ઞાનમાં પર્યવસિત કરી દીધું છે અને કોટિ બ્રહ્માંડ ના નાથ પૂર્ણકામ શ્રીગોકુલચંદ્રમાજી એમને ત્યાં "**कौन भांति सों अरोगत होइंगे ?**" એમ કહેતાં નારાયણદાસની દીનતા બોલી રહી છે. ઠાકુરજી આરોગી રહ્યા છે કે નહિ એવી આ ભગવદીયને શંકા નથી. "**कौन भांति सों अरोगत होइंगे**" એમ કહી નારાયણદાસ દૈન્યથી એ જાણવા ઉત્સુક છે કે એમના ઠાકુરજી, નારાયણદાસના પોતાના ભાવનો જે એક સ્વતંત્ર shade છે તેને અંગીકાર કરે છે કે પ્રભુ કેવલ વ્રજભક્તોના ભાવથી જ એમને ત્યાં આરોગી રહ્યા છે. એટલે નારાયણદાસ ભત્રીજીને પૂછે છે કે; "**कौन भांति सों अरोगत होइंगे ।**" ભક્તના આવા સ્વતંત્ર shade ને અંગીકાર કરવાની પ્રભુની જે "ભાંતિ" છે તે ભાંતિ, ભક્તના જીવનમાં એક પુષ્ટિ ભક્ત્યાત્મક revolution કે ક્રાન્તિ તરીકે reflect થાય છે. આમાં ભક્તની પરમકૃતાર્થતા છે. એ મર્મને સમજાવવા કીર્તનમાં આવે છે;

"ભોજન કે ભાંતિન કી ક્રાન્તિ કછુ કહી ન જાત ।
ભાંતિ ભાંતિ રાખે પનવારે પરોસિકે,
મંજુલ મૃદુલ મધુ મોદક સલોને સ્વાદ સરસ રસ રાખે રસકે ॥"

નારાયણદાસના સાત્ત્વિક અને તામસ ભાવની યૂતિથી પ્રકટ થતી આવી ભક્ત્યાત્મક ક્રાન્તિ છે. પુષ્ટિભક્તિમાર્ગીય જીવનમાં સ્વતંત્રભક્તિની આવી ક્રાન્તિ કેવી રીતે પ્રકટ થાય તેનો રસ્તો બતાવતાં સુરદાસજી ગાય છે;

"યામેં કહા ઘટેગો તેરો,
નંદનંદન કર ઘરકો ઠાકુર, આપ હોય રહો ચેરો ।
સૂર સમર્પન કરો સ્યામ કો, સાંચો મત મેરો ॥"

સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં મહાપ્રભુજી "**असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत्**"ની જે આજ્ઞા કરે છે તેની અવધિરૂપ ફલશ્રુતિ આવી સ્વતંત્ર ભક્તિીની આવિષ્કૃતિમાં છે.

આવી ભક્તિને પ્રકટ કરવા, નારાયણદાસની બુદ્ધિ, ચેતના અને રજસ તત્વના combination થી એમનો જે પ્રયત્ન ઉત્પન્ન થાય છે તેનો વિનિયોગ આ ભગવદીય તનુવિત્તજા સેવામાં કરે છે. વાર્તા કહે છે; "**सो नारायणदास श्रीगोकुलचंद्रमाजी की सेवा भली भांति सों करते ।**" એવી જ રીતે નારાયણદાસની બુદ્ધિ, ચેતના અને તમના co-ordination થી એમનામાં જે "ઈચ્છા" પ્રકટ થાય છે એને નારાયણદાસજી ભગવત્સુખ ઈચ્છામાં સમાવી દે છે. તેથી જ ઠાકુરજી જયારે નારાયણદાસને માંગવાનું કહે છે ત્યારે આ ભગવદીય વિનન્તી કરે છે કે; "**मैं यह तुम सों मागत हों श्रीगुसांईजी के घर पधारि के सेवा कराईयो ।**" આ ભાવને લડાવતાં હરિશ્ચંદ્ર ગાય છે; "હમ તો ઉસી મેં ખુશ હૈ, ખુશી હો જો તુમ્હારી." ભાવસિંધુમાં આ પ્રસંગનો વિલાસ દર્શનીય છે. "**सो यह नारायनदासजीकी बानी सुनि के श्रीगोकुलचंद्रमाजी कायर हो गये ।**" ચંદ્રમાજી કદાચ વિચારે છે કે પોતાના સત્વ, રજ અને તમ ગુણને સમર્પિત કરનાર "**इन भक्तन के रिन मैं कैसे उतारुंगो । सो ये कैसे भक्त है जो मैं देऊं, सो या वस्तु को ये लइ नाहि । जब मांगे तब मेरो ही सुख मांगे । तातें इनको कहा देऊँ, ? पुष्टिमार्ग को फल यह जो तत्सुख सों सुखी ।**" સિદ્ધાંત રહસ્ય

ગ્રંથના હાર્દરૂપ આત્મસમર્પણના ભાવની આ પરાકાષ્ઠાની અવસ્થા છે. ભાવની આવી અવિરત તરંગો વૈષ્ણવને કયારે પ્રકટ થાય તે સમજાવતાં પરમાનંદદાસજી ગાય છે;

"રાધા વર સેવત અરુ સુમરત ઉપજત લહર તરંગ ।
સખી ભાવ જુ હોય સહજ મેં પુરુષભાવ હોય ભંગ ॥"

સખી ભાવ કે સ્ત્રી ભાવનો મુખ્યાર્થ છે, સિદ્ધાંતરહસ્યમાં સમજાવેલ સમર્પણનો ભાવ.

ભગવત્સુખની ઈચ્છામાં ભક્ત પોતાની સર્વ ઈચ્છાઓને ભગવદ્ ઈચ્છામાં સમાવી દે છે, એની અવાન્તર ફલશ્રુતિ રૂપે, આવા ભક્તની ઈચ્છામાંથી મદ કે મોહ ને જન્મવાનો અવકાશ જ રહેતો નથી. તેથી નારાયણદાસ ને ન પોતાની ઉત્કૃષ્ટ ભક્તિ માટે કયારેય ગર્વ થાય છે કે ન ધરતી પર ઊગી આવતા ધન પ્રત્યે "મોહ." મદ ના અભાવમાં તો નારાયણદાસજી કહે છે કે કોઈ વૈષ્ણવ અનાયાસ ઘર આવે તો હું માનું કે "**श्रीठाकुरजी भली भांति सों अरोगे ।**" સેવા કરતી વખતે નારાયણદાસના "રજસ્તત્વ" (પ્રયત્ન) નું combination ભગવત્સુખ (તમ) સાથે હોવાથી ઠાકુરજી એમના પર પોતાના રસની અનંત ઘટાઓ સદા વર્ષાવતા હોય છે. એ ઘટા જોઈને બ્રહ્મચારીની બુદ્ધિમાં સંશય થતો નથી પણ એનો પોતે આસ્વાદ માણે છે. હૃદયમાં જે તાપ ભાવ છે તે પરમાનંદરૂપ મહાપ્રભુજી સ્વયં છે. ભગવત્સુખાત્મક "તમ" માં જયારે તાપનું addition થાય, ત્યારે ભગવત્સુખ વિચારનું multiplication અનંતગણું થાય છે. આ પ્રસંગમાં આચાર્યજીના "**त्रिलोकीभूषणं**" નામનો મહિમા વિદ્યમાન છે. આ નામમાં

ત્રિલોકીનો અર્થ છે, સત્વ, રજ અને તમો ગુણ. આ ત્રિગુણ યુક્ત ભક્તોની શોભા મહાપ્રભુજીના સંબંધથી અભિવૃદ્ધ થાય છે. આ સંબંધિત ગુસાંઈજીનું નામ છે; **"त्रिजगद् व्यापि सत्कीर्ति धवलीकृत मेचकः."** આમ પોતાના સત્વ, રજ અને તમ ને પ્રભુમાં સમર્પિત કરીને, પુષ્ટિજીવ, ભગવદ્ભાવ તરંગાવલીઓનો અખંડિત આસ્વાદ માણી શકે. એની સર્વ રીતિઓ મહાપ્રભુજીએ સિદ્ધાંતરહસ્ય અને અન્ય ષોડશગ્રંથમાં નિર્દિષ્ટ કરી છે એટલે જ હરિશ્ચંદ્રજી ગાય છે કે;

"શુદ્ધ પ્રેમ રસ રીતિ, સબ નિજ ગ્રંથ કે માંહી."

બ્રહ્મચારી પાસે ગોકુલચંદ્રમાજી, સ્વામિનીજી વિના, એકલા બિરાજે છે. જ્યારે રઘુનાથલાલજી ઠાકુરજી પાસે સ્વામિનીજી પધરાવે છે ત્યારે બ્રહ્મચારીના ભાવને અનુલક્ષીને, સ્વામિનીજી ચોરોમાં પધારે છે અને ગોકુલચંદ્રમાજી પુનઃ એકલા જ બિરાજી રહ્યાં છે. નારાયણદાસજીના ચંદ્રમાજી પ્રત્યેના અને ઠાકુરજીના નારાયણદાસજી પ્રત્યેના આવા અવિચ્છિન્ન અપરિમિત સ્નેહ વિલાસને નીરખીને ગોકુલનાથજી વાર્તાના અંતમાં કહે છે; **"सो नारायनदास कीं वार्ता को पार नाहीं सो कहां तांई कहिये ।"** આવા નારાયણદાસજીનો, ગોકુલચંદ્રમાજી સંગ સર્વ સમર્પણાત્મક, સ્નેહ સભર સુલલિત સંબંધ કેવો હશે, એની સહેજ ઝાંખી ભાર્તેન્દુ હરિશ્ચંદ્રની પંક્તિઓથી કરી લઈએ.

"ભજો તો ગોપાલ હી કો, સેવો તો ગોપાલ એક ।
મેરો મન લાગ્યો, સબ ભાંતિ ગોપાલ સો ॥
મેરે દેવ દેવી ગુરુ, માતાપિત બંધુ ઈષ્ટ ।
મિત્ર હરિ સખા હરિ નાતો એક ગોપાલ સોં ॥

હરિશ્ચંદ્ર ઔર સો ન મેરો સંબંધ કછુ ।
આસરો સદૈવ્ય એક લોચન વિશાલ સો ॥
માંગો તો ગોપાલ સો ન માંગો તો ગોપાલ હી સો ।
રીઝોં તો ગોપાલ તેં ઔર ખીજો તો ગોપાલ સોં ॥"

******

## ગ્રંથ : સેવાફલ

## ૮૪ વૈષ્ણવ વાર્તા : ૬૦ - સિંહનંદનાં ક્ષત્રાણી

શ્રીમહાપ્રભુજીએ, નિરોધની સાધનાવસ્થાને નિરોધલક્ષણ ગ્રંથમાં વર્ણવી છે, તો એની ફલદશાનું આલેખન આપશ્રીએ સેવાફલ ગ્રંથમાં કહ્યું છે. તેમ જ, શ્રીવલ્લભે સેવાની સાધનાવસ્થાનું દર્શન સિદ્ધાંતમુક્તાવલી અને સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં કરાવ્યું છે, તો સેવાની ફલાવસ્થાનો અનુભવ પુષ્ટિજીવને, આચાર્યજી સેવાફલ ગ્રંથમાં કરાવે છે. ગ્રંથ આજ્ઞા કરે છે કે; **"यादृशी सेवना प्रोक्ता तत्सिद्धौ फलमुच्यते ।"** સેવાફલ ગ્રંથમાં "સેવાનું" ફલ નથી કહ્યું પણ "સેવામાં" ફલ બતાવ્યું છે, એટલે જ વાર્તા કહે છે; **"तब क्षत्राणी और बहू श्रीआचार्यजी कों दंडोत् करि बिदा होय सिंहनंद में आय सेवा करन लागी । सो चौथे दिन तें उह क्षत्राणी की प्रीति देखि श्रीठाकुरजी सानुभावता जनावन लागे ।"** **"चेतस् तत् प्रवणं सेवा"** માં આચાર્યજીએ જે સેવાનું સ્વરૂપલક્ષણ સમજાવ્યું છે, તે સંપન્ન થઈ જવાથી આ ક્ષત્રાણી સેવાની ફલરૂપતામાં પ્રવિષ્ટ થઈ ગયાં છે. ફલાત્મક સેવા સિદ્ધ થઈ જવાથી ક્ષત્રાણીને સાયુજય મુક્તિ કે સેવોપયોગી દેહ રુપી અન્ય પારસમણિની અપેક્ષા જ નથી રહી. "સુરદાસ હરિ સેવા જા કે પારસ કો કહા કામ."

સિંહનંદના ક્ષત્રાણીની વાર્તા સેવાફલ ગ્રંથમાંથી સરતી સુરમ્ય સુરાવલીઓને મધુર રીતે લય આપનારી હોવાથી, ગ્રંથ અને વાર્તાનો પરસ્પર સંબંધ સ્વર અને તાલ જેવો harmonious અને અવિભાજય છે. સેવાફલ ગ્રંથમાં સમજાવેલ સિદ્ધાંતોનો,

વાર્તા, લીલોપદેશ છે.

સેવાફલગ્રંથ કથિત "અલૌકિક સામર્થ્ય" સિંહનંદનાં ક્ષત્રાણીને સિદ્ધ છે તેનું અતિ વિસ્તારથી વર્ણન એમની આ વાર્તામાં છે, જેના કારણે, આપણે, સેવાફલ ગ્રંથના વિવિધ નાજૂક પહેલુઓનાં દર્શન આ વાર્તામાં કરી શકીશું. સેવાફલ ગ્રંથ કથિત જે અલૌકિક સામર્થ્ય સિંહનંદનાં ક્ષત્રાણીને સિદ્ધ છે, તેની પર્યાયવાચક અવસ્થાઓ છે; "ફલનિરોધ, સર્વાત્મભાવ, વ્યસનોત્તર કૃતાર્થતા, તનુવત્વ કે માનસી સેવા." સ્વગૃહમાં, ભગવત્સેવા કરતાં કરતાં, ક્ષત્રાણીની બધી જ ઈન્દ્રિયો, ભગવદ્ અનુભૂતિ કરતી થઈ ગઈ હોવાથી, એમને અલૌકિક સામર્થ્ય સિદ્ધ થઈ ગયું છે. સર્વેન્દ્રિયોની સદા ભગવદ્ તત્પરતા તે સર્વાત્મભાવ કે અલૌકિક સામર્થ્ય છે. તેથી જ, ક્ષત્રાણીને માથે બિરાજતાં નવનીતપ્રિયાજી સાક્ષાત્ रसोवैशः સ્વરૂપે આ બાલભાવવાળા ભગવદીયને સદા અનુભવ કરાવે છે અને ક્ષત્રાણી, એ રસને પ્રાપ્ત કરીને અખંડિત આનંદિત રહે છે. "रसं ह्येवायं लब्ध्वा आनंदी भवतीं ।" સદાનંદ કૃષ્ણ, ક્ષત્રાણીને સદા સુખરૂપ હોવાથી અહીં આચાર્યજીનાં "सद्रूप" નામના પ્રકટ દર્શન છે અને શ્રી વિઠ્ઠલેશના "सुखोदर्ककृतिः" નામના. પ્રભુના દર્શન-સ્પર્શનનું મહાસુખ લેતાં ભગવદીયનું ગાન કરતા છીતસ્વામી ગાય છે; "મેરી અખિયન કે ભૂષણ ગિરિધારી । પરમ ઉદાર ચતુરચિંતામણિ દરસ પરસ દુ:ખહારી ।"

સિંહનંદના ક્ષત્રાણીને એમના ઠાકુરજી પ્રત્યેના ગાઢ પ્રીતિનો મનોભાવ, એ રસશાસ્ત્ર કથિત ધર્મી છે. અર્થાત્ ક્ષત્રાણીની ભગવદ્ પ્રીતિ આનંદ રસભાવાત્મક છે. અગ્નિના સાનિધ્યથી જેમ કોઈ પણ વસ્તુમાં ઉષ્ણતાની વૃદ્ધિ થાય છે,

તેમ આનંદ અને પ્રેમરુપ પ્રભુના સદા સન્નિધાનથી આ ભગવદીયમાં પ્રચુર પ્રીતિ અને આનંદ અવિરત લહેરાઈ રહ્યાં છે. આવા ભગવદ્ સાનિધ્યથી, ક્ષત્રાણીમાં પ્રભુનો આત્મરતિ ધર્મ સ્થાપિત થઈ ગયો છે. મહાપ્રભુજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે તેમ બ્રહ્મશાસ્ત્રીય વિવેચન શૈલીથી ક્ષત્રાણી, **"प्रींतिस्तु भगवद् धर्म"** છે. પરમાનંદદાસજી ગાય છે;

"પ્રભુ તજ કોન સ્નેહી કીજે ।
સદા એક રસ નિબહત હૈ જો વાકી ચરનરજ લીજે ॥"

ઠાકુરજીનો રસભાવાત્મક અનુભવ એ કેવલ કિશોર ભાવવાળા ભગવદીયો સુધી જ સીમિત નથી પણ સાખ્ય કે બાલભાવવાળા ભક્તોને પણ એ સિદ્ધ છે. આ ભગવદીયનો ભગવદ્ પ્રેમ એટલો પ્રગાઢ થઈ ગયો છે કે અનોસરમાં આસક્તિ ભ્રમ ન્યાયના કારણે, એમના ઠાકુરજી બહાર પ્રકટ થઈ જાય છે. વાર્તા કહે છે; **"सो श्रीठाकुरजी कब हूँ प्रहर रात्रि गये, कब हूँ आधी रात्रि जागि कें कहते । जो मा ! मोकों भूख लागीं है ।"** અર્થાત્ શ્રીનવનીતપ્રિયાજીને આ માજીના ભાવની સદા ભૂખ છે. કારણકે ક્ષત્રાણીની સર્વેન્દ્રિયો સર્વકાલમાં including જાગૃત કે નિન્દ્રાવસ્થામાં પણ ભગવદ્ ઉપયોગી થવા સદા તત્પર છે. તેથી જ એમની તત્પરતાને immediately response આપતાં ઠાકુરજી એમને રાતના ઉઠાડીને બેરબેર સામગ્રી માંગે છે. મૈયા પણ નવનીતપ્રિયાજીને સામગ્રી ધરાવી સાક્ષાત્ ઝાંખી કરે છે;

"જેવત કાન્હ કરત કિલકારી ॥
ભર બુટકા મેલત મુખ ભીતર કર પકરત મહતારી ॥"

તો સિંહનંદના ક્ષત્રાણીની દશા કેવી છે ? "જાગત સોવત સ્વપ્ન મેં મિલે રહત રસ રાસ." પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિની આ ફલ નિરોધની અનિર્વચનીય અવસ્થા છે. ક્ષત્રાણીના અલૌકિક સામર્થ્યની સિદ્ધિ સર્વાત્મભાવરૂપ હોવાના કારણે, એમની સંયોગ અને વિયોગ એમ બન્ને દશાઓ ફલનિરોધરૂપ છે. "**अलौकिकस्य दाने हि चाद्यः सिध्येन्मनोरथः**"ની આજ્ઞા શ્રીવલ્લભે સેવાફલમાં કરી, એ અવસ્થાનું આવું બેહદ્ દુર્લભ સ્વરૂપ છે. એ કેવલ ભગવત્કૃપા લભ્ય છે અને એની ઉપલબ્ધી માટે કાલ નિયામક નથી. "**फलं वा ह्यधिकारो वा न कालोत्र नियामकः ।**" પરંતુ, સેવાફલની પ્રાપ્તિ માટે ભગવત્સેવા અનિવાર્ય છે. મહાકારૂણિક શ્રીવલ્લભ પ્રભુએ, સેવામાર્ગ પ્રકટ કરીને પુષ્ટિસૃષ્ટિ પર કેવી અનિર્વચનીય કૃપા કરી છે, એ ત્યારે સમજાશે, જયારે આપણે એ સમજીએ કે બ્રહ્માજી જેવા માટે પણ પ્રભુની સેવા કેટલી દુ:સાધ્ય છે. બ્રહ્માજીના સેવા માટેના ભાવને પ્રકટ કરતાં આચાર્યજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે; "**तिरश्चामपि मध्ये, येन भवेन जन्मनाहमपि भवज्जनानां मध्य एको भूत्वा तव पादपल्लवं निषेवे ।**" બ્રહ્માજી ભગવાનને વિનંતી કરે છે કે; "મારો જન્મ સાધારણ પ્રાણીયોમાં એવી રીતે થાવ, જેનાથી હું પણ આપના અન્ય સેવકોમાં એક સેવક બનીને આપના ચરણકમલની સેવા કરી શકું, પ્રભુ !" નિતાન્ત કૃપા કરીને કલિકાલમાં મહાપ્રભુજી અને ગુસાંઈજી પ્રકટ થયા અને પુષ્ટિજીવને ભગવત્સેવા અને ભક્તિનું દાન આજે પણ આપ કરી રહ્યા છે. આ સંદર્ભમાં સર્વોત્તમજીમાં આચાર્યજીનું નામ છે; "**भुवि भक्ति प्रचारैक कृते स्वान्वयकृत्**" અને શ્રીગુસાંઈજીનું નામ છે; "**महालक्ष्मी गर्भरत्नं.**" ભગવાન અને ભક્ત વચ્ચે કેટલું સાક્ષાત્ રમણ પિતા-પુત્ર એ પુષ્ટિજીવને કરાવ્યું છે એની ઝાંખી કીર્તનમાં કરી લઈએ;

"અરી ઈન મોહન કી બલ જાઉ,
મેરે મન આનંદ ઉઠત હૈ ફૂલી અંગ ન સમાઉ."

પ્રભુની આવી નિતાન્ત કૃપા ન હોય તો પુષ્ટિજીવને, સેવાફલમાં અભિસરણ કરતાં, ઉદ્વેગ, ભોગ અને પ્રતિબન્ધ બાધક થાય છે. "**उद्वेगः प्रतिबन्धो वा भोगो वा स्यात्तु बाधकः ।**" મહાપ્રભુજીએ ઉદ્વેગની નિવૃત્તિના ઉપાયો નવરત્ન અને વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં દર્શાવ્યા છે. સિંહનંદના ક્ષત્રાણીના ઉદ્વેગના નિવારણનો પ્રકાર વાર્તા સમજાવે છે; "**भाई की स्त्री भोजाई सों बने नाहीं । तब यह क्षत्राणी ने दूसरो घर लियो । तब भाई ने कहीं, तू न्यारी क्यों भई ? तब बहनि ने कही, नित्य को क्लेश आछो नाहीं ।**" આવો ઉદ્વેગ ભગવત્સેવામાં કેટલો બાધક છે, એનો ય લીલોપદેશ આ વાર્તામાં છે. પોતાના ભાઈ પાસે ત્યારે આ ક્ષત્રાણી ઘરના ઠાકુરજી માંગવા આવે છે. "**तब भाई प्रसन्न होइकें कह्यो, बहनि ! यह भली बात कही । ठाकुर दोय दिन तें भूखे बैठे हैं, मेरी बहू नित्य क्लेश करति है, सो तू ले जा ।**" સેવાફલ દશામાં ક્ષત્રાણીને પ્રવેશ કરાવવો છે, તો પ્રભુએ ઉદ્વેગ એમના ભાઈને કરાવીને, ત્યાંથી પધારીને ક્ષત્રાણીના માથે પધારે છે. "**चित्तोद्वेगं विधायापि हरिर्यधत्करिष्यति । तथैव तस्य लीलेति मत्वा.**" ક્ષત્રાણીના ભાઈ કે ભાભીની સેવા ઠાકુરજી એ ન લીધી કારણકે પોતે choose કરેલા સેવક સિવાય ઠાકુરજી અન્યની સેવા લેતા નથી. આને પ્રતિપાદિત કરતું આચાર્યજીનું નામ છે; "**सर्वासक्तः**" અને નામરત્નાખ્યમાં શ્રીવિઠ્ઠલેશનું નામ છે "**दुर्दश्यः.**"

સિંહનંદના ક્ષત્રાણી પાસે ઠાકુરજી માંગી માંગીને આરોગે છે. એવી ઉત્કૃષ્ટ અવસ્થામાં, ભગવત્સુખનો વિચાર કરીને,

આ ક્ષત્રાણી પાવલી ઉધાર માંગીને, પ્રભુને પકવાન ધરાવે છે, ત્યારે ઠાકુરજી, એમને સમજાવે છે કે ઉધારથી લીધેલું દ્રવ્ય ભવિષ્યના ઉદ્વેગનું જનક બને છે. મૃદુલ વચનથી નવનીતપ્રિયાજી ક્ષત્રાણીને કહે છે; "**तब श्रीठाकुरजी कहें, मा ! उधारो करज करि पकवान क्यों कियो ? मोकों तो चुपरी रोटी बहोत भावत हैं । करज माथे चढि जाय तो दियो न जाय । जब वह मांगे तब क्लेश होय सो न करिये ।**" આ પ્રસંગને **निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः** ની દૃષ્ટિથી જોઈએ તો ક્ષત્રાણીને આવો સત્સંગ કરાવતાં "તાદૃશીય" સાક્ષાત્ શ્રીઠાકુરજી છે. પ્રભુના સુખનો વિચાર કરનાર વૈષ્ણવના સુખનો વિચાર એના માથે બિરાજતા ઠાકુર સ્વયં કરે છે અને એને ઉદ્વેગના પથ પર જતાં રોકે છે. તત્પશ્ચાત્ આવો ભક્ત, "સેવાફલ" ના માર્ગ પર અભિગમન કરી શકે છે. ઉદ્વેગનું જનન કરાવનાર કરજ કરીને, પ્રભુને ભોગ ધરાવવાની વાત શ્રીવલ્લભને રૂચતી નથી. એટલે જ આ વાતનો વિસ્તાર કરતાં હરિરાયજી ભાવપ્રકાશમાં સમજાવે છે કે; "**श्रीठाकुरजी उधार काढिवे कों यातें बरजे, जो ऋण है सो हत्या है । श्रीठाकुरजी के सुमिरन में मन हैं, सो करजवारेन में जाय । और जहाँ तांई करज न चुकावें तहाँ तांई बाकी सेवा को फल वाके पास नाहीं । जहाँ तें करज लियो ताके पास है । तातें श्रीठाकुरजी वह बाई कों करज करिवे की नाहीं करी ।**"

સેવાફલ ગ્રંથમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે; "**फलं वा ह्यधिकारो वा न कालोत्रनियामकः.**" સિંહનંદનાં ક્ષત્રાણીને અલૌકિક સામર્થ્યનું દાન કરવું છે તો એના વરણનો ઉપાય પ્રભુ સ્વયં કરે છે. "**यथा भक्तिः प्रवृद्धा स्यात्तथोपायो निरूप्यते ।**" ભાવપ્રકાશ કહે છે; "**सो या बाई कों श्रीठाकुरजी द्रव्य यातें नहाईं दिये जो द्रव्य होय तो या बाई के मनको निरोध न होय । तब भक्तन की**

**आरती कैसे बढे ? द्रव्य बिना चरखा कांते, तामें श्रीठाकुरजी के लिए मन लाग्यो रहे । अब इतनो होय तो मैं फलानी सामग्री करुं । मेरो लाला रोटी आरोगत हैं । आछो, आछो, कछू जतन करि आरोगाऊँ । या प्रकार मन वह बाई को अपने में लगायवे के लिये बहोत द्रव्य नाहीं दिये । उतनो ही दिये जामें नित्य को निर्वाह होय । धन को मद न होय ।**" તથા એમના હૃદયમાં સદા ફલાત્મક દૈન્ય સ્થિર રહે. આવી દીનતાના કારણે ઠાકુરજી એમની પ્રત્યે અનુકંપા અને કૃપાનો response આપે છે. "**भगवान् दीनानुकम्पीति .**" અલૌકિક સામર્થ્યને સંપાદન કરવામાં બાધક એવા ભોગના નિવારણ માટે સમર્પણ અનિવાર્ય છે. પ્રભુને સદા સમર્પિત કેમ રહેવું એનો લીલોપદેશ આ વાર્તામાં છે. પુષ્ટિજીવ પોતાની આજીવિકા માટે પ્રયત્ન કરતો હોય ત્યારે પણ જો એ એમ વિચાર કરે કે એમાંથી ઉત્પન્ન થયેલા ધનથી એ પ્રભુને નૂતન લાડ લડાવી શકશે તો એની આજીવીકાનો પ્રયત્ન પણ પરંપરાથી, સમર્પણનો જ અંગ બની જાય છે. આ રહસ્યને સમજાવતું આ વાર્તામાં હાર્દ વાક્ય છે; "**सो सेवा सों पहोंचि कें सूत कांतती । तामें सेवा करि निर्वाह करतीं ।**" વિશેષ સૂતર કાંતવાનો માજીને તાપ છે કારણકે એમને પ્રભુને પકવાન આદિ અધિક સામગ્રી આરોગાવવી છે. સિંહનંદનાં ક્ષત્રાણીના આવા તાપને કારણે, ઠાકુરજી જયારે એમના હાથનો ભોગ આરોગે છે, ત્યારે કેવા ઉત્સાહથી આરોગે છે તે કીર્તન સમજાવે છે; "પરમાનંદ પ્રભુ માતા હિતસોં અધિક પરમ રસ ચાખેરી." માતાના તાપાત્મક ભાવના કારણે, ઠાકુરજીને, સામગ્રીમાં વિવિધ રસનો આસ્વાદ મળી રહ્યો છે.

પ્રભુને અસમર્પિત રહેવાવાળા કે અનિવેદિત વસ્તુઓનો

પોતે ભોગ કરવાવાળા જીવને ભગવત્સેવામાં જ અવરોધ આવી જાય છે. તદ્ વિપરીત ક્ષત્રાણી તો ઠાકુરજીને ચિર સમર્પિત હોવાથી, એમના અલૌકિક સામર્થ્ય પરના પથગમનમાં, કોઈ પણ લૌકિક ભોગ એમને બાધક નથી કરતો. સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં જેમ અસમર્પિત વસ્તુના ત્યાગની આચાર્યજીએ વાત સમજાવી છે તેમ સમર્પિતના ઉપભોગની પણ આવશ્યકતા બતાવી છે. સેવાફલ ગ્રંથ કહે છે; "**निष्प्रत्यूहं महान् भोगः प्रथमे विशते सदा ।**" આચાર્યજી પુષ્ટિભક્તના આવા અલૌકિક ભોગને અલૌકિક સામર્થ્યરૂપ આદ્ય મનોરથની સિદ્ધિ માટે અનુકૂલ માને છે. આવા **महान्भोग** ની પ્રસાદી માટે અષ્ટછાપ ગાય છે; "સુરદાસ ગિરિધરકી જુઠન માંગે હસહસ ખાય." ઘેર ઠાકુરજી બિરાજતાં હોય તેને આવો **निष्प्रत्यूहं महान्भोगः** ઉપલબ્ધ થાય.

સિંહનંદના ક્ષત્રાણીને સેવાફલ ગ્રંથમાં સૂચવેલ કોઈ ભગવદ્ કૃત પ્રતિબંધ પણ બાધક નથી. વાસ્તવમાં તો આ ક્ષત્રાણી પર ઠાકુરજી સ્વયં વેગથી કૃપા કરવા અતિ ઉત્સુક છે. તેથી તેમને સિંહનંદના સાસુવહુનો સંગ કરાવે છે. આજ process ને સમજાવતાં સેવાફલ ગ્રંથ સમજાવે છે; "**तदीयैरपि तत् कार्यं पुष्टौ नैव विलम्बयेत् ।**" અર્થાત્ આ ક્ષત્રાણીને પ્રભુ સાસુવહુ જેવા તદીય વૈષ્ણવોનો સંગ કરાવીને, ક્ષત્રાણીને આત્મનિવેદન, પ્રભુની કૃપા અને ભગવાનના દાતૃત્વનું ભાવન કરાવે છે. જેથી પ્રભુ પોતે જ એમના પર કૃપા કરવામાં અવેર ન કરે. આવા ભાવનની ફલશ્રુતિરૂપે આ ક્ષત્રાણી સાસુવહૂને કહે છે કે; "**तब एक दिन कह्यो कछू काम काज श्रीठाकुरजी की सेवा मोसों करावो ।**" એના ઉત્તરમાં વહૂ કહે છે કે; "**तू श्रीआचार्यजी की सेवकनी होती तो कछू सेवा करावती ।**" પરંતુ

આ પ્રસંગમાં તો પ્રભુ "**पुष्टौ नैव विलम्बयेत्**" ના mood માં છે. વાર્તા કહે છે; "**तब श्रीठाकुरजी वह बहू सों कहें, उह क्षत्राणी दैवी जीव है, तातें तू बूंटि कढाउ । कछुक दिनन में श्रीआचार्यजी पधारेंगे, तब वह सेवकनी हूँ होयगी । कृपापात्र भगवदीय होयगी ।**"

આ વાર્તામાં સેવાફલ ગ્રંથની તથા આચાર્યજીના ષોડશગ્રંથના ભાવોની, અપ્રતિમ પ્રતિભાવોનાં વિલક્ષણ પ્રકટ દર્શન છે. તેનો થોડો આસ્વાદ આપણે પણ માણી લઈએ. ભક્તિવર્ધિની ગ્રંથની એક મખમલથી પણ મુલાયમ ગરિમા એવી છે કે, પ્રભુનું ભક્ત સાથે અને ભક્તનું ઠાકુર સાથે સાધારણીકરણ થાય છે. ભક્તનો નિરોધ સિદ્ધ કરવા આવું ભગવત્કૃત સાધારણીકરણ અનિવાર્ય છે. જેમકે વ્રજમાં પ્રકટેલ કૃષ્ણનું સ્વરુપ, જો face value પર એવું હોત કે તે વ્રજવાસીઓને સ્વીકાર્ય જ ન હોત, તો વ્રજભક્ત અને કૃષ્ણ વચ્ચે rapport જ create ન થાત. મથુરામાં પ્રકટ થયેલ ચતુર્ભૂજ સ્વરૂપની, વ્રજભક્તો, કયારેય સ્વિકૃતિ ન કરત, એટલે જ તો વ્રજના ઠાકુરને દ્વિભૂજ થવું પડયું છે. તેથી જ સિંહનંદના ક્ષત્રાણીનો જેવો ભાવ છે, તેને અનુકૂલ નવનીતપ્રિયાજી સ્વરુપ ધરે છે અને મા ના range ના બાલભાવને અનુકૂલ લીલા આવા સાધારણીકરણથી કરે છે. ક્ષત્રાણી ઠાકુરને બાલભાવથી સ્વિકારે છે અને પ્રભુ સાથે એવી રીતે વ્યવહાર કરે છે. એના કારણે ક્ષત્રાણીને ઠાકુરજીમાં, નિરોધ સિદ્ધ થઈ જાય છે. આ જ process ને સમજાવતાં મહાપ્રભુજી, સુબોધિનીજીમાં સમજાવે છે કે યશોદાજીના નિરોધ માટે પ્રભુએ બહુવિધ લીલા કરી. "**एवं मात्रोर्निरोधार्थं बहुविधां लीलामुक्त्वा ।**" સિંહનંદનાં ક્ષત્રાણીના નિરોધ માટે નવનીતપ્રિયાજીએ કરેલ લીલા, વાર્તામાં અવલોકનીય છે. "**सो घर के द्वारे काछिनी तरकारी फल मेवा आदि बेचन कों**

**आवे तब श्रीठाकुरजीं कहें, अरी मा ! तरकारी वारी आई है, तू ले ।"** આ જ ભાવને પ્રતિસાદ આપતાં પરમાનંદદાસજી ગાય છે; "કોઉ માઈ બેર બેચન આઈ."

ક્ષત્રાણી પાસે દ્રવ્ય નહિવત્ છે અને એમનો પ્રભુ પ્રત્યેનો ભાવ અગાધ છે. ભાવની માત્રામાં દ્રવ્યની જે scarcity છે, એમાંથી ક્ષત્રાણીનો વિપ્રયોગ સદા જાગૃત રહે છે, જે એમને અલૌકિક સામર્થ્યની ફલસિદ્ધિની પુષ્ટિ કરે છે. ક્ષત્રાણીના હૃદયમાં બિરાજતાં વિયોગાગ્ને શ્રીવલ્લભ **यज्ञकर्ता** સ્વરૂપે એમના વિપ્રયોગને વિલસાવે છે અને તાપભાવથી એમણે નવનીતપ્રિયાજીને ધરેલ સામગ્રીને, ઠાકોરજીના મુખારવિંદમાં બિરાજતાં **यज्ञभोक्ता** સ્વરૂપે મહાપ્રભુજી એનો અંગીકાર કરે છે. વિપ્રયોગથી થયેલા ક્ષત્રાણીના ભાવ ના વાર્તામાં દર્શન કરી લઈએ; **"सो वह क्षत्राणी कितनी ककडि आदि कच्ची समर्पे । कितनी तलिकें समर्पे । कितनी भुजेना करि, साग, या प्रकार रंच रंच सब प्रकार सों प्रीतिपूर्वक करि भोग धरे ।"** ક્ષત્રાણીએ ધરેલી સામગ્રીને આરોગવા ગુસાંઈજી, નવનીતપ્રિયાજીને નોતરે છે એનું પ્રકટ દર્શન આપના **"तन्निमन्त्रण भोजकः"** નામમાં છે અને નિજભક્તોના અંતરમાં વિવિધ સામગ્રી અંગીકાર કરાવવાની ભાવના જગાડનાર શ્રીવિઠ્ઠલેશ **"गोवर्धनाद्रिमखकृन्"** છે.

ક્ષત્રાણીની પ્રભુ પ્રત્યેની પ્રીતિ ઠાકુરજીને ય અતિ પ્રિય છે. કારણકે તે વ્રજભક્તોના ભાવોને સમકક્ષ છે. તેથી જ સિંહનંદના ક્ષત્રાણી ભોગ ધરાવીને પોતાના લાલને પોતાના હાથથી જમાડવાની અંતરમાં ભાવના રાખે છે;

"લેહુ લલન કછૂ કર હુ કલેઉ અપુને હાથ જિમાઉંગી ।
સીતલ માખન મેલ જુ મિસરી કર કર કોર ખવાઉંગી ॥

ત્રિવિધ તાપ નસ જાત દેખ છબિ નિરખત હિયો સિરાઉગી ।
પરમાનંદ સીતલ કર અંખિયાં બાનિક પર બલ જાઉંગી ॥"

એને response આપતા પ્રભુ સ્વયં દોડીને કાછિનીને પૂકારે છે. વાર્તા કહે છે; **"और कोई दिन तरकारीवारी दूरि निकसि जाती; तब श्रीठाकुरजी द्वार पर जाय दौरिकें उह काछिनी कों पुकारे । बेगी आऊ, मेरी मा लेयगी ।"** પરમાનંદદાસજી, આ ભાવને અભિવ્યક્ત કરતાં ગાય છે;

"કોઉ માઈ આંબ બેચન આઈ ।
ટેર સુનત મોહન ઉઠધાયે ભીતરભવન બુલાઈ ॥"

ક્ષત્રાણીના ભાવને પોષણ આપવા પ્રભુ આવા તુતરાતા "નાના" વાક્યો કહે છે. ષોડશાદિ ગ્રંથમાં આચાર્યજીનાં "નાના" વાક્યો વૈષ્ણવના અંતરમાં આવું જ પરિણામ લાવે છે. **"भक्त्याचारोपदेशार्थ नानावाक्य निरूपकः."** આવા જ મધુર વચનો કહીને ગુસાંઈજી પણ **"श्रीकृष्णभक्तिप्रवर्तकः"** છે. જેને મહાપ્રભુજીના પુષ્ટિપુરૂષોત્તમ સ્વયં પૂકારતા હોય એવી તરકારીવારી ધન્ય અને નમનીય છે. બહુજન્મ સુધી કષ્ટ સહીને મનને વશ કરવાવાળા યોગીજનોને જે પ્રભુના ચરણકમલની રજ દુર્લભ છે, એવા પરબ્રહ્મ, તરકારીવારીને પૂકારે તે કેવલ સિંહનંદનાં ક્ષત્રાણી જેવા મહાન ભગવદીયના સંબંધથી જ. આ ભગવદીય કેવા છે ? આચાર્યજી સુબોધીનીજીમાં યશોદાજી માટે કહે છે કે એમને બાલ ભાવાત્મક પ્રેમલક્ષણા ભક્તિ સિદ્ધ છે તેમ આ ક્ષત્રાણીને પણ. **"भगवति भक्तिर्जाता भजनसहित प्रेमात्मिका."** આવા પરમભગવદીયના સંબંધ માત્રથી તરકારીવારીને જે લૌકિક અવાન્તર ફલ પ્રાપ્ત થયું છે તેને વાર્તા સમજાવે છે. તરકારીવારી **"यह क्षत्राणी कों पहलें दे**

जाय । सो गाम में कमाई बहोत होय, ताके लिये पहलें दोय चारि बेर द्वार पर बोलि, या बाई कों सब भांति की दे जाय । सो यह क्षत्राणी देय सो ले जाय ।"

"પ્રભુ હું તારો છું અને તું મારો છે" એવા સ્વકીયભાવથી ભગવાન સાથે સંબંધ જોડવાવાળા સિંહનંદના ક્ષત્રાણી છે. એમની ભગવદાસક્તિ પ્રપંચવિસ્મૃતિપૂર્વકની છે અને પ્રપંચની સ્મૃતિ, વિનિયોગ આ ભક્ત ભગવદ્ અર્થ કરે છે. જેમ કે સૂતર કાંતવું. ક્ષત્રાણી જેવા આવા નિષ્કામ ભક્તિવાળા ભગવદીયો પ્રભુ પ્રત્યેના એમના નિરૂપાધિક સ્નેહના કારણે તે પોતાના ઠાકુરજીને વશ કરે છે.

આચાર્યચરણ આજ્ઞા કરે છે કે પ્રભુનું સ્વરૂપ ભાવાત્મક છે. પુષ્ટિજીવ જેમ જેમ ઠાકુરજીને પોતાના ભાવથી વિભાવન કરે છે તેમ તેમ પ્રભુ એની સામે પ્રકટ થાય છે. સિંહનંદના ક્ષત્રાણીના ભાવને પોષણ આપતાં ઠાકુરજી, કેટલી મંજુલ વાત્સલ્યતાથી એમની સંગ પેશ થાય છે તે વાર્તા સમજાવે છે; "और कबहू तरकारी वारी पुकारि के चली जाय, वह बाइ सेवा टहल में न सुने, तब श्रीठाकुरजी लौकिक बालक की नांई आप झगरा करे । जो-तरकारी वारी चली गई । अब तू कहां ते लावेगी ? कहा भोग धरेगी ? साग-तरकारी बिना मैं तो नाहीं आरोगूंगो । तब वह क्षत्राणी कहती, लाला ! मैं तो और काछिनी आवेगी तासों लेउंगी । और जो न आवेगी तो मैं बजार तें लाय सब प्रकार की करोंगी । तुम आरि मति करो, प्रसन्न रहो । तब श्रीठाकुरजी बालक की नांई कांधे पर चढिकें कहते, कब लावेगी ।" સેવામાર્ગનો આવો મર્મ દયારામભાઈની વાણીમાં સમજીએ. "અન્ય સાધને શ્રેય આપણું પણ શ્રીહરિને શું સુખ ? સેવામાં

આનંદ ઉભયને, માટે ભજનાનંદ મુખ્ય." લૌકિકમાં એક માતા અને એના બાલકનો વ્યવહાર હોય એવો દિવ્ય સ્નેહ પ્રચુર વ્યવહાર સિંહનંદનાં ક્ષત્રાણી અને નવનીતપ્રિયાજીનો છે. વિશ્વરૂપ દર્શન યોગ વખતે તો ભગવાન કૃષ્ણએ અર્જુનને કેવલ દિવ્ય ચક્ષુ માત્ર જ આપ્યાં ત્યારે અર્જુન, ઠાકુરજીના આવા વિરાટ સ્વરૂપનાં દર્શન કરી શકયો. પરંતુ નવનીતપ્રિયાજી તો આ માજીના અંગેઅંગ સંગ ખેલે છે, કાંધા પર ચઢી જાય છે એજ એમના **तनुनवत्व** કે અલૌકિક સામર્થ્યની પ્રતિતી કરાવે છે. એના દર્શન કીર્તન દ્વારા કરીએ; "લીયે ઉઠાય વ્રજરાજ ગોદ કરી, દોઉ ગાલ હૃદે લાય."

આ ક્ષત્રાણીની ભગવદાસક્તિની અવસ્થા દયારામભાઈ પાસે સમજીએ. "જેમ નટ દૃગ દોરમાં, પનિહારીને બેડા માંહે, ચિત્ત પરસ્પર જારનું, વળગ્યું રહે ત્યાંનુ ત્યાંહે. ત્યાહાં તેમ ચિત્ત પ્રભુમાં નિત્ય દેવું, સંસારમાં સાક્ષીવત્ રહેવું." સિંહનંદનાં ક્ષત્રાણીને આવી અવસ્થા સિદ્ધ છે કારણકે એમના હૃદયમાં મહાપ્રભુજી બિરાજે છે. જે ક્ષત્રાણીમાં રસોવૈશ: શ્રીનવનીતપ્રિયાજીથી અતિરિક્ત અન્ય રસને એમનામાં પ્રકટ જ થવા નથી દેતાં. આ રહસ્યને અનુલક્ષીને આચાર્યજીનું સર્વોત્તમજીમાં નામ છે; "**यशः पीयूष लहरी प्लावितान्य रसः**" અને શ્રીગુસાંઈજીનું નામ છે; "**श्रीमान**", જે ક્ષત્રાણીના બાલભાવના રસાવેશને સદા પ્રકટ રાખે છે. આ સંદર્ભમાં શ્રીપ્રભુચરણનું "**बाल लीलादि सुप्रीतो**" નામ પણ અવલોકવું. પ્રભુસંગ **तनमनस्का** ના કારણે, તાદાત્મ્યના કારણે, ક્ષત્રાણી નવનીતપ્રિયાજીમાં અને એમના ઠાકુર ક્ષત્રાણીમાં નિરૂદ્ધ છે. ક્ષત્રાણીને પ્રભુ માટે exuberance of devotional emotion છે. માછલીને જેમ જલની ગરજ છે, તેમ ભક્તવશ્યતાની

અવસ્થામાં, પ્રભુને ય, ભક્તની અનિવાર્યતા મહેસુસ થાય છે. નવનીતપ્રિયાજીને લાગે છે કે માજી વિના એમને કોણ આરોગાવશે ? તેથી ઠાકુરજી ક્ષત્રાણીને કહે છે; "जो - तरकारी वारी चली गई । अब तू कहां ते लावेगी ? कहा भोग धरेगी ?" ક્ષત્રાણીના પ્રેમમાં વિવશ બની ગયેલા પૂર્ણાનંદ, પૂર્ણકામ પરિપૂર્ણ પરબ્રહ્મની પરવશતા અનિર્વચનીય છે. ગૃહમાં ઠાકુરજી બિરાજતાં હોય અને વૈષ્ણવ પોતાની તનુવિત્તજાથી સ્વયં ભગવત્સેવા મન લગાડીને કરતો હોય, તો, ભગવત્કૃપા થતાં, આવી પરમોચ્ચ અવસ્થા સિદ્ધ થઈ શકે છે. તેથી જ, પ્રભુ જીવને સદા કહે છે કે "મને માથે પધરાવ અને તને વશ થવા માટે give me a chance." આનું કારણ સમજાવતાં મહાપ્રભુજી પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં આજ્ઞા કરે છે કે ભગવદરૂપ સેવાર્થ જ પ્રભુએ પુષ્ટિસૃષ્ટિ પ્રકટ કરી છે. "भगवद्रुप सेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत्." સેવામાર્ગમાં પ્રભુ અને ભક્ત વચ્ચે જયારે પરસ્પર તાદાત્મ્યતા પ્રકટ થાય ત્યારે કેવી લીલા દૃષ્યમાન થાય છે ? ક્ષત્રાણી રસોઈ કરે છે અને ઠાકુરજીને હેલો પાડે છે, એ વખતના દર્શનની લીલા અવલોકી લઈએ.

"નંદધામ ખેલત હરિ ડોલત ।
યશોમતિ કરતિ રસોઈ ભીતર આપુન કિલકત બોલત ॥
ટેરિ ઉઠી જસુમતિ મોહન કહિ આવૌ ચરન ચલાઈ ।
બૈન સુનત માતા પહચાની ચલે ઘુટરૂવન ધાઈ ॥
લે ઉઠાય અંચલ ગહિ પોંછત સબૈ ધૂરિ ભરિ દેહ ।
સૂરદાસ જસુમતિ રજ ઝારત કહાઁ ભરી યહ ખેહ ॥"

આ વાર્તા અને ચોરાસી, બસોબાવનની અન્ય વાર્તાઓમાંથી એક વાત સ્પષ્ટપણે સમજાશે કે, પુષ્ટિભક્તિની

method, know thyself ની નથી પણ know him with thyself ની છે. know thyself ના context માં ક્ષત્રાણી પોતાને ભગવદંશ માને છે, નિષ્કિંચન માને છે અને know himના context માં ઠાકુરજીને એ પોતાના પ્રાણપ્રિય પુત્ર માને છે. આ combination માંથી ઉદ્‌ભૂત થતી વાર્તાની પંક્તિઓ કેટલી મૃદુલ છે ! **"और जा दिन पैसा बालभोग की सामग्री करन कों न होय, ता दिन रोटी चुपरि कें ढांकि धरे । सो ठाकुरजी कब हूँ प्रहर रात्रि गये, कबहूँ आधी रात्रि जागि कें कहते । जो - मा ! मोकों भूख लगी है । तब वह बाई कहती, लालजी ! आजु तो पकवान कछू नाहीं है । रोटी है । तब श्रीठाकुरजी कहतें, मोकों तुतई करि दे । तब वह बाई रोटी में घी सगरे लगाय बूरा रंच रंच भुरकाय, हाथ सों बंटि कें श्रीठाकुरजी के हाथ में देती । सो श्रीठाकुरजी दांत सों कुतरि कुतरि कें आरोगते, बालक की नांई । पाछें जल आरोगि, बीरी आरोगि पौढते ।"** એ સમયની ઝાંખી વેળા પ્રભુના નમણા, નાજુક, નિર્દોષ, નયનરમ્ય લાવણ્યમય લોચનોને જોઈ જોઈને ક્ષત્રાણી પરમ કૃતાર્થ થઈ જતાં હશે અને એમને આચાર્યજીના **"पद्मदलादत विलोचनः"** નામનો અનુભવ થતો હશે અને શ્રીવિઠ્ઠલેશના **"राजीवलोचनो"** કે **"प्रेमार्द्रदग् विशालाक्षः"** નામનો. ક્ષત્રાણીના નયનમાં પોતાના માટે અગાધ ભાવ જોઈને ઠાકુરજીના નેત્ર સ્નેહ રસથી છલકાઈને **"विलोचन"** કે **"विशालाक्षः"** બની જાય છે. ભાવપ્રકાશમાં હરિરાયજી આજ્ઞા કરે છે કે; **"या बाई कों याही प्रकार प्रभु निरोध किये ।"** જેમ લીલાથી નવનીતપ્રિયાજી માજીને માથે પધાર્યાં છે, તેમ લીલાથી માજી સંગ પ્રાકૃતલીલા પણ કરે છે. **"यथा लीलया नन्दपुत्रो भवंति तयैव लीलया प्राकृतलीलामपि सम्पादयंति ।"** ક્ષત્રાણી સાથે નવનીતપ્રિયાજીએ જેવી પ્રાકૃત લીલા કરી હશે તેની ઝાંખી ચતુર્ભુજદાસના પદમાં કરી લઈએ.

"મૈયા મોહિ માખન મિશ્રી ભાવે ।
મીઠો દધિ મિઠાઈ મધુ ધૃત અપને કરસોં કયોં ન ખવાવે ॥"

સિંહનંદનાં ક્ષત્રાણીના માથે પધારેલા ઠાકુરજી મર્યાદાપુષ્ટિની રીતિથી પ્રથમ બિરાજયાં છે; સર્વોદ્ધારક સ્વરૂપે. પરંતુ ક્ષત્રાણીમાં જ ભગવદર્થ નિષ્કામ પ્રેમ અને ભગવદ્ સુખવિચારનો ભાવ જેમ જેમ અભિવૃદ્ધ થતો થાય છે, તેમ તેમ સર્વોદ્ધારક સ્વરૂપ ભિતર બિરાજેલાં ભક્તોદ્ધારક સ્વરૂપથી રહેવાતુ નથી અને આપ બહાર પ્રકટ થઈ જઈને માજી સાથે અગણિત લીલાઓ કરવા લાગે છે. આવી રીતે માજી સાથે વિલસતાં સર્વોદ્ધારક અને ભક્તોદ્ધારક ઠાકુરજીના સ્વરૂપને લડાવતાં, હરિરાયચરણ ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છે; **"सो यह क्षत्राणी मन्दिर में सगरी मर्यादा, सेवा, अपरस और काम काज करती । श्रीठाकुरजी पधारें, तथा अर्द्ध रात्री कों श्रीठाकुरजी पास आप माँगे, तहां भक्तोद्धारक स्वरूप में अपरस नाहीं, उहाँ केवल प्रेम ही सर्वोपरि धर्म है । पूर्णब्रह्म पुरुषोत्तम आनंद रूप भक्तन के संग लीला करें, हँसे, बोले अनुभव जनावें । तहाँ अपरस की मर्यादा की संभावना नाहीं । तहाँ केवल स्नेह, जो सर्वोपरि प्रेम है ।"** ક્ષત્રાણી સાથે ખેલતું નવનીતપ્રિયાજીનું સ્વરૂપ **"रमते निजभक्तेषु"** છે. એ વખતે મા પોતાના કૃષ્ણ સંગ કેવા લાડ કરતાં હશે તે કીર્તન સમજાવશે;

"લિયે ઉઠાઈ હિયૌ ભરિ આયો મુખચુંબત મુસકાઈ ।
પરમાનંદ સ્વામિ આનંદે બહુત બેર જબ પાઈ ॥"

સિંહનંદનાં ક્ષત્રાણીના તનુનવત્વ સંગ પ્રભુ સદા ખેલી રહ્યા છે, તોય ભગવત્સેવા વેળા, ક્ષત્રાણી આચાર્યજીની, અપરસ પાળી રહ્યા છે. હરિરાયજી સમજાવે છે; **"तातें वैष्णव**

**कों भक्तोद्धारक स्वरूप कछु अनुभव जतावत हैं, ता करि जानि कें अपरस न राखें तो अपराध परें । मंदिर में श्रीठाकुरजी की सेवा में पुष्टिमार्ग की मर्यादा सहित सेवा करें । और प्रेम में कछू मर्यादा कों अनुसंधान न रहें, तामें जो-कार्य बने सो सब श्रीठाकुरजी कों प्रिय है ।"**

વ્રજભક્તોના પરમ ભાગ્યની સરાહના કરતાં બ્રહ્માજીના ભાવનો અનુવાદ કરતાં શ્રીઆચાર્યજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે; "**स्वयमानन्दरूपः फलात्मा स्वरूपानुभवं कारयति तदाह परमानन्दं पूर्ण अनातनमिति अनित्यपरिच्छेदरहितो हयानन्दः फलमिति ।**" જે નિત્ય અને નિ:સીમ આનંદરૂપ ફલ છે તે જ પૂર્ણ પરમાનંદ સનાતન રૂપ ફલાત્મા પરબ્રહ્મ શ્રીકૃષ્ણ સ્વયં, આ વાર્તામાં ક્ષત્રાણીને પોતાના સ્વરૂપનો અવિચ્છિન્ન અપરિમિત અનુભવ કરાવે છે. આવા સિંહનંદનાં ક્ષત્રાણીના ભાગ્યની શી સરાહના કરવી !! સેવાફલ ગ્રંથનું સાંગોપાંગ દર્શન કરાવતી આ ક્ષત્રાણીની વાર્તા છે. સેવાના અંતરંગ રૂપ ભાવભાવનાથી આ ક્ષત્રાણી પ્રચુર છે, તેથી જ પોતાની ઘરની અને ધનની સીમમાં રહીને એ ઠાકુરજીના નિ:સીમ લાડના મનોરથો કરે છે. સેવાના બહીરંગ સ્વરૂપરૂપે તનુવિત્તજા સેવા, ગૃહેસ્થિત વસ્તુઓનો ભગવત્સેવામાં વિનિયોગ અને આત્મસમર્પણના ય સુરમ્ય દર્શન આ વાર્તામાં થાય છે. ચંદનને ઘસીને સુગંધ પ્રકટ થાય તેમ ક્ષત્રાણીએ પોતાનું અખિલાંગ, સેવામાં વિનિયુક્ત કરીને, સમર્પણની એવી અખંડિત સોડમ પ્રકટ કરી છે કે, બાલભાવના આવેશમાં ઠાકુરજી, ક્ષત્રાણીની આ સેવામાં એક ભ્રમરની જેમ સદા મંડરાયા કરે છે. સિંહનંદનાં ક્ષત્રાણીનું આવું અલૌકિક સામર્થ્ય છે. વ્રજભક્તો સાથે જેટલી સાક્ષાતતાથી

પુષ્ટિપુરુષોત્તમ શ્રીકૃષ્ણ ખેલ્યાં છે, એવી જ સાક્ષાતતાથી આ ક્ષત્રાણી સાથે બાલક્રીડામાં મશગુલ છે. **अलौकिकस्य दाने हि चाद्यः सिध्येन्मनोरथः** નું આવું વિલક્ષણ સ્વરૂપ છે. યશોદાજી જેવી વાત્સલ્યભાવની અવધિ આ વાર્તામાં પ્રકટ હોવાથી, ક્ષત્રાણી પાસે ઠાકુરજીનો ગૂઢ સ્ત્રીભાવ પ્રકટ થઈ ગયો છે. તે જ પ્રભુની ભક્તવશ્ય લીલા છે. તેથી, વાર્તાના અંતમાં ગોકુલનાથજી આજ્ઞા કરે છે; "**उह क्षत्राणी बाई की वार्ता कहाँ तांई कहिये ।**"

******

## ગ્રંથ : ચતુઃશ્લોકી

## ૨૫૨ વૈષ્ણવ વાર્તા : ૮૩-એક ક્ષત્રાણી, બિલાઈવાલી

પુષ્ટિજીવને એનો ધર્મ પુરૂષાર્થ સમજાવતાં શ્રીમહાપ્રભુજી ચતુઃશ્લોકી ગ્રંથમાં આજ્ઞા કરે છે કે **"सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः ।"** અર્થાત્ વ્રજાધીશનું સર્વભાવથી ભજન કરવું. શ્રીઠાકુરજી સર્વભવન સમર્થ હોવાથી પ્રભુ સંબંધિત સર્વ ભાવોને પોતાના હૃદયમાં સમાવવાનું, પુષ્ટિજીવનું સામર્થ્ય નથી. પરંતુ, ભગવાનમાં એવું અનિવર્ચનીય સામર્થ્ય અવશ્ય છે કે જીવના ક્ષુદ્ર ભાવોને અનુસાર પણ પ્રભુ તદ્ અનુકૂલ રૂપ ધારણ કરી શકે છે. વૈષ્ણવના કેવા પ્રકારના "સર્વભાવોને" ઠાકુરજી અંગીકાર કરે છે તે સમજવું અહીં અતિ આવશ્યક છે. બ્રહ્મસંબંધની દીક્ષા લેતી વખતે પોતાની અહંતા અને મમતા સંબંધિત જે જે વસ્તુઓને, પુષ્ટિજીવે, પ્રભુને નિવેદિત કરેલી છે અને તે વસ્તુમાં એનો જે પ્રેમ છે, તે પ્રેમને તે સર્વ વસ્તુઓ સહિત પ્રભુને સમર્પિત કરવાની જે ભાવના છે તે "સર્વભાવ" છે. અહીં કદાચ કોઈ પૂર્વપક્ષ કરે કે ક્ષત્રાણી બિલાઈવાળાના પતિ તો એમની આઠ વર્ષની ઉંમર હતી ત્યારે જ મરી ગયા હતા અને એમને પુત્ર પણ નહતો થયો, તો માજી ના સર્વભાવની તરંગો કેવી રીતે વાત્સલ્યભાવના સ્રોતમાંથી અખંડિત પ્રકટ થઈ રહી છે ? વાસ્તવમાં તો લીલામાંથી પ્રભુથી વ્યુચ્ચરિત થયાં ત્યારથી જ, આ માજીમાં ઠાકુરજીએ, વાત્સલ્યભાવનાં બીજનું સ્થાપન કરી દીધું છે. અર્થાત્ લીલાના અનુસંધાનથી એમનામાં વાત્સલ્યભાવનું ભક્તિબીજ છે. તેથી જ, લીલાના base ઉપર, આ ક્ષત્રાણી

માટે, પ્રારંભમાં જ હરિરાયજી વાર્તામાં આજ્ઞા કરે છે કે; "श्रीठाकुरजी पै इन कौ वात्सल्य भाव बोहोत हैं ।" સેવા પધરાવતી વખતે શ્રીગુસાંઈજી પણ ક્ષત્રાણીને સ્પષ્ટ આજ્ઞા કરે છે કે; "तू इन की सेवा बालभाव सों सावधान व्है करियो ।" અર્થાત્ પ્રભુએ સ્થાપિત કરેલાં વાત્સલ્યભાવના બીજને અંકુરિત, પલ્લવિત, પુષ્પિત અને ફલિત કરવાની કૃપા શ્રીગુસાંઈજીએ આ માજી પર કરી છે. આને અનુલક્ષીને નામરત્નાખ્યમાં પ્રભુચરણનું નામ છે; "बाललीलादि सुप्रीतो." શ્રીઆચાર્યજી સુબોધિનીજીમાં સમજાવે છે કે સ્નેહ સ્વરૂપ કૃષ્ણને પોતાના આત્માના આત્મા માનવાથી પ્રભુમાં નિરૂપાધિક સ્નેહ આવિષ્ટ થાય છે. "अखिलात्मनामयमात्मा अस्यैव स्नेहः सहजो धर्मः."

ચતુ:શ્લોકી ગ્રંથના લીલોપદેશરૂપ આ વાર્તા હોવાથી, આ વાર્તાનું એક હાર્દ એવું છે કે, પોતાના ગૃહમાં ઠાકુરજીને પધરાવીને સેવા કરનાર માટે જ, આવા "સર્વભાવો"ને પાંગરવાનો અવકાશ મળે છે. વાર્તા કહે છે; "तब श्रीगुसांईजी याकों सेवा पधराय दियो । एक लालजी कौ स्वरूप पधराय दिये ।" આ "લાલજી", સેવા કરતાં માજીના આલંબન વિભાવરૂપ બનીને, ક્ષત્રાણીને સતત બાલભાવની લીલામાં આકર્ષિત કરી રહ્યા છે અને એના પ્રતિસાદ રૂપે ક્ષત્રાણીમાં ઠાકુરજી માટેના સ્થાયીભાવમાંથી બાલભાવની અખંડિત ભાવ તરંગાવલીઓ પ્રકટ થઈ રહી છે. આવી રીતે "લાલજી" માજીના भजनीयो व्रजाधिपः બની ગયા છે.

ક્ષત્રાણીના જીવનના બે sides of coin છે :શરણે આવ્યા પહેલાં એમની કથા વ્યથા ભરેલી છે. વાર્તા કહે છે; "तब यह क्षत्रानी घरमें अकेली रही । सो रोवे ही रोवे । कछु खावे पीवे

**नहीं ।"** તત્પશ્ચાત્ આ માજીને શરણે લઈને શ્રીગુસાંઈજીએ એમની અહંતાનો શુદ્ધિ સંસ્કાર કર્યો અને બ્રહ્મસંબંધ આપીને મમતાનો. એના પછી જયારે પ્રભુચરણ એમના માથે ઠાકુરજીને પધરાવે છે, ત્યારથી ક્ષત્રાણીના other side of coinની ઝાંખી આપણને વાર્તામાં થાય છે. આ other side કેવી છે તેની આજ્ઞા શ્રીગુસાંઈજી સ્વયં આ ક્ષત્રાણીને કરે છે, **"श्रीठाकुरजी तोकों सब सुख देइंगे ।"** સંસારના દુ:ખને પણ ભજનાનંદમાં transfigure કરાવનાર શ્રીવલ્લભનો સેવામાર્ગ છે. આવી અણમોલ સેવાને પુષ્ટિજીવ પોતાનો ધર્મ બનાવે એના માટે આચાર્યજી ચતુ:શ્લોકીમાં આજ્ઞા કરે છે કે **"स्वस्यायमेव धर्मो हि नान्यः क्वापि कदाचन ।"**

ક્ષત્રાણી પ્રભુની સેવા "સર્વભાવ"થી કરે છે અર્થાત્ પોતાના દેહ, ઈન્દ્રિય, પ્રાણ, ધન, ગૃહાદિને માજી ભગવાનનાં માને છે, પોતાના નહિ. વાસ્તવમાં આવો સર્વભાવ અહંતામમતા નિવારક છે. સર્વભાવથી ભગવત્સેવા કરવાથી, ક્ષત્રાણીને શું શું ઉપલબ્ધ થાય છે તે વાર્તા સમજાવે છે. **"सो वह क्षत्राणी बडी भगवदीय भई ।"** અર્થાત્ ચતુ:શ્લોકી ગ્રંથમાં કરેલ આચાર્યજીની આજ્ઞાનું પરિપાલન કરવાથી, દુ:ખથી ઘેરાયેલા જીવનું, ભગવત્સેવાના માધ્યમથી, ભગદીયત્વમાં રૂપાંતર થાય છે. **सर्वभावेन भजनीयो** નું આ રહસ્ય છે. આવા ભગવદીયત્વની અવસ્થામાં આ ક્ષત્રાણી અને "લાલજી" વચ્ચેનો સંબંધ ભાવાત્મક હોવાથી, રસાત્મક છે. સેવક અને સેવ્યનો આવો રસ ભાવાત્મક સંબંધ વાર્તામાં અવલોકનીય છે; **"जैसें वह बाई श्रीठाकुरजी कों अपने बालक की नांई बुलावे तैसें ही श्रीठाकुरजी वा बाई सों बोलें । तैसें ही वह लरिका की नांई करें ।"** વાસ્તવમાં તો શ્રીઠાકુરજી અને માજીના અંતરમાં રહેલો

સ્નેહ, આધિદૈવિક અલૌકિક પરમાનંદરૂપ છે; આધિભૌતિક કે માયિક નથી. ક્ષત્રાણીનો ભાવ અને આલંબન રૂપ ભગવાન, એ બન્ને શ્રીકૃષ્ણ જ છે, માજીના ભાવ ના આલંબનરૂપથી પ્રભુ રસભોક્તા છે, તથા રસભાવના રૂપમાં, ભોગ્ય પણ છે. આ ભગવદીયને અધીન થઈ કયારેક ઠાકુરજી આલંબનના રૂપમાં પણ ભોગ્યભાવ પ્રકટ કરે છે. એટલે જ વાર્તા ઠાકુરજી માટે કહે છે કે; **"जैसें जैसें वह बाई कहि जाई तैसें तैसें ही श्रीठाकुरजी करें ।"** પોતાની "મા" એ કરેલ "આજ્ઞા" નું પાલન, "લાલજી", માજી ઘેર નથી હોતા ત્યારે પણ યથાવત્ કરે છે. માના ભાવને અનુસરીને, રસાવેશમાં, એક લરિકા જેમ લીલા કરતાં ઠાકુરજીનો ભોગ્યભાવ કે "ગૂઢસ્ત્રીભાવ" પ્રકટ થઈ જાય છે.

જયાં સુધી પ્રભુ જીવને દાન ન કરે ત્યાં સુધી કોઈ પણ પુષ્ટિ જીવે, વાત્સલ્ય, સાખ્ય આદિ કોઈ એક ભાવ પર સ્થિર થવું ન જોઈએ, પણ વ્રજભક્તોના ભાવથી જ સેવા કરવી જોઈએ. સાધનાવસ્થામાં આપણી ભક્તિને, ભાવનાના માધ્યમથી, વ્રજભક્તોના ભાવસુધી પહોંચાડવાની છે. માહાત્મ્યજ્ઞાનને ઓથે રહીને, પ્રભુ કેવા ભાવોથી ભાવિત થાય છે, તે સમજવાનું છે. એનાથી ખબર પડશે કે પ્રભુમાં, આપણા કયા કયા ભાવથી ભાવિત થવાની તૈયારી છે. ભગવાનનું માહાત્મ્યજ્ઞાન સમજવાથી જીવમાં દૈન્ય પણ આવે છે, પ્રભુમાં અંશાશીનો ભાવ જાગે છે. નિરુપાધિક સ્નેહથી, ભગવદ્ સુખ વિચાર કરીને શરૂઆતમાં સર્વભાવથી સેવા કરવાથી, કૃપા થતાં પુષ્ટિજીવની ભક્તિમાં અભિવૃદ્ધિ થાય છે. પોતાનાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરૂષાર્થને ભક્તિનો અંગ બનાવવાથી પુષ્ટિભક્તને આવી ઉપલબ્ધી થાય છે. આ

રહસ્યને ચતુઃશ્લોકીમાં સમજાવતાં મહાપ્રભુજીનું સર્વોત્તમજીમાં નામ છે : "**चत्तुर्वर्गविशारदः**" અને ધર્મ અને ભક્તિના પાલક શ્રીવિઠ્ઠલેશનું નામ છે; "**भक्तिसेतुः.**"

ધર્મ પુરુષાર્થના extension રૂપે, ચતુશ્લોકીમાં અર્થ પુરૂષાર્થ સમજાવતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે; "**एवं सदा स्म कर्त्तव्यं स्वयमेव करिष्यति.**" સ્વધર્મ સમજીને ભગવત્સેવાને નિરંતર નિભાવવાથી ભક્ત અને અર્થ પ્રમેયરૂપ ભગવાન વચ્ચે કેવા સ્નેહ સંબંધની લીલા નિર્માણ થાય છે તેનાં અદ્ભુત દર્શન વાર્તામાં કરી લઈએ. "**जैसें जैसे वह बाई कहि जाँई तैसें तैसें हीं ठाकुरजीं करें । जो श्रीठाकुरजी कों भूख लागे तो आपहीं अपने श्रीहस्त सों काढि कै आरोगें । और प्यास लागें तो आप ही अपने श्रीहस्त सों पानी पीवें । तब वह बाई आवें सो कुंजा झारी कों देखत ही आवें । जो-मेरे लालजी ने पानी पियो तो सही, प्यासे तो नाहीं रहे ? और भूखे हू रहे नाहीं ? तब वह बाई कौ मन प्रसन्न संतोष होंइ ।**" માજીના કહ્યા પ્રમાણે "અર્થ" પ્રભુ **स्वयं** સર્વ કરી લે એ **स्वयमेव करिष्यति** નું સાક્ષાત્ દિવ્ય ચિત્રાંકન છે. આ અવસ્થામાં આપ્તકામ પ્રભુને ભૂખ અને પ્યાસ પણ લાગે છે, કારણ, ઠાકુરજી સર્વસમર્થ છે. "**प्रभुः सर्वसमर्थो हि.**" મહાપ્રભુજી સમજાવે છે કે સર્વસમર્થ પ્રભુ, ભક્તકામ ને લીધે, સ્વેચ્છાએ ભૂખ અને પ્યાસ ને કારણે નિશ્ચિત અસમર્થ બને, એ જ પૂર્ણ બ્રહ્મની સર્વસમર્થતા છે. ઠાકુરજીની આવી સમર્થતા અને અસમર્થતાનો વિરૂદ્ધધર્માશ્રય જ સર્વભક્તોના સર્વ મનોરથોને પુરનાર છે. શ્રીકૃષ્ણના સર્વ સિદ્ધાંતોનાં હાર્દવિદ્ અને શ્રીકૃષ્ણના નિતાન્ત ભાવવિદ્ "**नयविशारदः**" શ્રીવલ્લભ પ્રભુ કે "તાત તણો પ્રતિબિંબ" એવા "**महोज्जवल चरित्रवान्**" શ્રીવિઠ્ઠલેશ પ્રભુ જ આવા ગૂઢ રહસ્યને સમજાવી

શકે. ભક્તને લાગે કે પ્રભુ ભૂખ્યા છે તો પ્રભુને ભૂખ લાગે છે. ભક્તને આર્તિ થાય કે ઠાકુરને ઠંડી લાગે છે, તો પ્રભુને ત્રિપુરારીદાસની ગદડીની જરૂર પડી જાય છે. ભક્તને લાગે કે મારા બાલક પ્રભુ ડરી રહ્યા છે, તો સર્વસમર્થ ઠાકુર, પોતે બહુ ડરી ગયા હોય એવી અસમર્થતા પ્રકટ કરે છે. "ડરપી ડરપી કીલકી કીલકી જસુમતી ઉર લાગત તન." તેથી જ ભક્તને એમ ભાવ આવી જાય છે કે મારી સોડમાં સૂતા વિના પ્રભુને ઊંઘ નહિ આવે તો પૂર્ણ પુરૂષોત્તમ પણ પોતાના સેવકની સોડમાં સૂવા લાચાર બની જાય છે. વાર્તા કહે છે; **"और जब वह बाई सोवें तब अपनी हीं खाट ऊपर अपने हीं पास अपने श्रीलालजी कों लै सोवें । जैसें लौकिक में अपने लरिका कों अपने साथ लै के सोवत है तैसें हीं वह बाई अपने श्रीठाकुरजी कों अपने साथ लै सोवें ।"** આ દૃષ્ય જોઈને કોઈ પણ રસશાસ્ત્રકારને એવું અવશ્ય લાગશે કે અર્થ પ્રમેય આલંબન વિભાવરૂપ રસભોક્તા ઠાકુર, માના હૃદયસરસાં લાગીને, પોતાનું રસભોક્તા પદ છોડીને, માજી ના હૃદયના સ્થાયિભાવ અથવા ભોગ્યરસ બનવા આતુર છે. પોતાની માતાના સ્નેહને પોતાનું આલંબન માની લીધેલા "લાલજી"ને માતા દેખાતી નથી ત્યારે પ્રભુની કેવી વિવશ પરિસ્થિતિ થતી હશે તે કીર્તન સમજાવશે; "જાગ ઊઠે તબ કુંવર કન્હાઈ મૈયા કહાં ગઈ મો ઢીંગ તે."

આધુનિક psychologists ની દૃષ્ટિએ પણ આ પ્રસંગ દર્શનીય છે. માની સોડમાં સૂતેલા બચ્ચાને માની એક ગંધ આવે છે, એમ આજના psychologists કહે છે. બાલક, માતાની એ ગંધનો વ્યસની બની જાય છે. આ વાર્તામાં પણ ઠાકુરજી, માની સાથે એક ખાટલામા સૂવાના વ્યસની બની ગયા છે, માની ગંધ લેવા. શ્રીમહાપ્રભુજી, આ ગંધને સ્નેહનો

ગુણ માને છે. એટલે જ આપણે પણ ઠાકુરજીની પ્રસાદી માલા કે પ્રસાદી તુલસીને સુંઘીએ છીએ.

પ્રત્યેક creation માં એના creator પ્રભુ, પોતાનો એક અનુભાવ પ્રકટ કરે છે. "**तस्यैवात्मानुभाव प्रकटन हृदयस्वाज्ञया प्रादुरासीद्**" (વલ્લભાષ્ટક). માજીનું, આનંદાત્મક પુરૂષોત્તમ સેવ્યસ્વરૂપ, "હું ડરું છું" એવા બાલભાવના mood માં છે અને એમાં જ "લાલજી" ના આનંદનો અનુભાવ અભિવ્યક્ત થાય છે પોતાના અસ્તિત્વનો અનુભાવ ઠાકુરજી, માજી પાસે સાક્ષાત્ આવિષ્કૃત કરી રહ્યાં છે. આ પરિસ્થિતિની નાજુકતા વાર્તામાં દર્શનીય છે. "**पाछें श्रीठाकुरजीं डरपन लागे तब वह बाई अपने श्रीलालजीं सों कहे, जो-तुम डरपो मति । और वा बिलाई कों बाई गारी देई, परि वह बिलाई तो लरत तें रहे नाहीं । त्यौं त्यौं वह बाई श्रीठाकुरजीं कों लपटावत जाँइ । और श्रीठाकुरजीं उन बिलैयान सों डरपे सो वा बाई सों आप हू लपटात जाँइ । और श्रीठाकुरजी कहत जांहि, जो-अरी बाई । मैं तो इन निगोडीं बिलैयान तें डरपत हों । तब वह बाई अपने श्रीठाकुरजीं कों अपने हृदय सों लगाइ कै उन बिलैयान कों गारीं देन लागीं ।**" અર્થરુપ પ્રમેયને શ્રમ પડી રહ્યો છે એટલે માજી બિલાડીને ગાળો આપી રહ્યાં છે.

ચતુ:શ્લોકીમાં, મહાપ્રભુજીએ સમજાવેલો કામ પુરૂષાર્થ કેવલ કૃષ્ણના દર્શનની કામના સુધી જ સિમીત નથી પણ અહીં, પુષ્ટિભક્ત બધી ઈન્દ્રિયોથી ભગવાનની અનુભૂતિ ઈચ્છે છે. "**यदि श्रीगोकुलाधीशो धृतः सर्वात्मना हृदि । ततः किमपरं ब्रूहि लौकिकैर्वैदिकैरपि ।।**" અનોસરમાં જયારે ઠાકુરજી ક્ષત્રાણીના સંગમાં નથી, ત્યારે મા ના હૃદયમાં વિપ્રયોગમાં

પ્રકટ થતી ભગવાનની સ્વરૂપાનુભૂતિ અને લીલાનુભૂતિ એમને પરમફલ રૂપ છે. ભગવાન એકવાર હૃદયમાં પધારે તે પછી ભક્તની સર્વેન્દ્રિયો ભગવદ્ રસાનુભૂતિની કામના ચાહે છે. ચતુઃશ્લોકી કથિત આ કામપુરૂષાર્થ છે. આ ક્ષત્રાણીનો કામ પુરૂષાર્થ પણ ભગવત્સુખર્થ હોવાથી, માજી જયારે જયારે ઘરની બહાર જતાં હોય છે ત્યારે તાપાત્મક હૃદયથી પોતાના લાલજીને નિતાન્ત સુખ થાય એવી સદા ભલામણ પ્રભુને કરતાં હોય છે. વાર્તા કહે છે; "**जो-महाराज लालजी ! मैं तो बाहिर कछू काम कों जाति हों । तातें तुम यह सामग्री अपने घर में है सो अरोगियो । और या कुंजा झारी में तें पानी पीजियो । और यह सामग्री ढांकि जाति हों सो तुमकों भूख लागें तब खाइयो । और जो कछू मोकों अवार लागें तो तुम यामें तें पानि पीजियो । सो वह बाई अपने श्रीठाकुरजी कों या भांति सों सब बात कहती** ।" પ્રભુને "મહારાજ" કહીને માજી, ઠાકુરજી સંબંધિત પોતાના માહાત્મ્યજ્ઞાનને અભિવ્યક્ત કરે છે અને "લાલજી" શબ્દથી પોતાના વાત્સલ્યભાવાત્મક સ્નેહને. આ એક જ વાક્યમાં શ્રીમહાપ્રભુજીને અભિષ્ટ એવો માહાત્મ્યજ્ઞાન પૂર્વક સુદૃઢ સર્વતોધિક સ્નેહ નિખાર પામી રહ્યો છે. મા ની આવી તીવ્ર તાપમયી ભલામણને અનાયાસથી response આપતાં "**श्रीठाकुरजी वैसे ही करें** ।" ક્ષત્રાણીના તાપભાવના કારણે, ઠાકુરજીને જયારે ભૂખ લાગે છે ત્યારે "**अपने श्रीहस्त सों काढि कै आरोगें । और प्यास लागें तो आप ही अपने श्रीहस्त सों पानी पीवें** ।" સામાન્યતયા પ્રભુનો જયાં શ્રીહસ્તનો સ્પર્શ થાય ત્યાં સામગ્રી કે જલ યથાસ્થિત રહે, અક્ષયરૂપ રહે છે, પણ અહીં "માતાને સુખ દેવા" લાડીલો એવી રીતે અરોગે છે કે બહાર ગયેલાં માજી ઘેર પાછાં આવીને જુએ તો એમને

ખબર પડે કે "લાલજી" આરોગ્યા છે કે જલ પીધું છે. વાર્તા કહે છે; "**तब वह बाई आवे सो कुंजा झारी कों देखत ही आवें । जो-मेरे लालजी ने पानी पियो तो सही, प्यासे तो नाहीं रहे ? और भूखे हू रहे नाहीं ? तब वह बाई कौ मन प्रसन्न संतोष होंइ ।**" "માતાનું મન રંજવા, આરોગ્યા બહુ સ્વાદેજી."

માજીને આમ પોતાનામાં નિરુદ્ધ કરીને પ્રભુ એમને પુષ્ટિભક્તિના મોક્ષ પુરૂષાર્થમાં અભિગમન કરાવે છે. સર્વાત્મભાવથી શ્રીઠાકુરજીના બની જવું એ પુષ્ટિભક્તનો મોક્ષ છે. આનો અર્થ એવો છે કે પ્રપંચની વિસ્મૃતિપૂર્વક પ્રભુમાં દૃઢ આસક્તિ થવી કે કૃષ્ણની અનુભૂતિનું વ્યસન થઈ જવું એ પુષ્ટિભક્તનો મોક્ષ છે. આવી અવસ્થામાં, સંયોગમાં, બાહ્ય આલંબન રૂપ સેવ્ય સ્વરૂપમાં સર્વ ઈન્દ્રિયથી પ્રભુનો અનુભવ થાય છે અને વિપ્રયોગમાં આસક્તિ ભ્રમ ન્યાયથી, પહેલાં અનુભવેલુ શ્રીકૃષ્ણનું સ્વરૂપ અને આપની લીલામાં મન આસક્ત થઈ જાય છે. અર્થાત્ માજીના અંતરમાં રહેલ ભગવદ્ રતિ જ આલંબન, ઉદ્દીપન અને સંચારી ભાવનું સ્વરુપ ધારણ કરે છે. આને સિદ્ધ કરવાનો ઉપાય બતાવતાં શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે કે "**स्मरणं भजनं चापि न त्याज्यम् इति मे मतिः ।**" અર્થાત્ સંયોગમાં ભજનરૂપી ધર્મ અને વિયોગમાં સ્મરણરૂપ સ્મર અથવા કામ અસ્ખલિત ગતિમાન રહેતો હોય ત્યારે પુષ્ટિભક્તનો મોક્ષપુરૂષાર્થ સિદ્ધ થાય છે. આ ક્ષત્રાણીને "લાલજી" સંગ સંયોગ સર્વેન્દ્રિયથી છે. એમનો પ્રભુ સંગ સદા વાર્તાલાપ છે. માજીની સંયોગાનુભૂતિની અવસ્થાને વિપ્રયોગાત્મક બનાવવા, ભગવત્સ્નેહને વિશેષ પ્રગાઢ કરવાં, એમના ઠાકુરજી લીલા પ્રકટર કરે છે. વાર્તા કહે છે; "**तब श्रीठाकुरजी फेरि फेरि बोले, ओ-अरी बाई ! जो-मैं तो इन**

निगोडीन बिलैयान तें डरपन हों । यों कहि कै या बाई सों लपटात जाँइ । तब वह बोली, जो - अहो श्रीलालजी महाराज ! तुमने तो पूतना मारी है । और बडे बडे दैत्य हू मारे हैं । तब तो तुम डरपे नाहीं । और अब इन निगोडी बिलैयान तें क्यो डरपत हो ? जब वा बाई ने ऐसें कही तब बाई कों छोरि कै श्रीठाकुरजी कहन लागे, जो - अरी बाई ! आज तक तो तेरो हमारो यह संबंध हतो । परि अब तो यह संबंध रह्यो नाहीं । तब ता दिन सों श्रीठाकुरजी वा बाई सों कछु कहे न बोलें ।"

"और अब इन निगोडी बिलैयन तें क्यों डरपत हो ?" માજીએ કહેલા આ "નવ શબ્દોમાં" તો આચાર્યજીનાં નવરત્નો રૂપ નવ સિદ્ધાંતો disturb થઈ જાય છે એટલે "तब ता दिन सों श्रीठाकुरजी वा बाई सो कछु कहे न बोलें ।" શ્રીવલ્લભના આવા નવ અમૂલખ સિદ્ધાંતો માજીને શીખવવા માટે "લાલજી" એ મૌન ધર્યું. પૂ.પા. ગો. શ્રીશ્યામુબાવાની શૈલીમાં કહીએ તો "મૌન ધર્યું છે સિદ્ધાંતો શીખવવા." લાલજી, માજીને જે દર્શાવવા ચાહે છે એવા આચાર્યજીના નવલખા હારના દર્શન આપણે પણ કરી લઈએ.

(૧) ચતુઃશ્લોકીમાં सर्वभावेन भजनीयो ની શ્રીવલ્લભ આજ્ઞા કરે છે. આવી આજ્ઞાના પાલનમાં એક વિવેક પાળવાનો હોય છે. સર્વભાવથી પ્રભુનું ભજન કરતી વખતે, કેટલી હદ સુધી ભગવલ્લીલાને human terminology માં સમજવી એની પણ એક મર્યાદા છે. આપણે જેવી રીતે બિલાડીથી ડરીએ છીએ, એવી રીતે પ્રભુ પણ ડર્યા હશે, એમ સમજવાથી આપણી ભગવાન પ્રત્યેની દૃષ્ટિ લૌકિક બની જાય છે. આ ક્ષત્રાણીએ "લાલજી"ને બાલભાવથી ભાવિત કરેલા છે, એટલે પ્રભુ

એમને response પણ બિલાડીથી ડરવાના ભાવને અભિવ્યક્ત કરીને આપે છે. કારણકે આ માજી સંગ, ઠાકુરજીએ એવી રીતે વાત્સલ્યભાવનું સાધારણીકરણ કર્યું છે. ક્રિકેટની રમતમાં ફૂટબોલના નિયમ ન લાગે. તેમ પ્રભુને બાલભાવથી arouse કર્યા પછી એમને કહેવું કે આપે રાક્ષસને માર્યા, તો બિલાડીથી કેમ ડરો છો, એમાં, બાલભાવની મર્યાદા overstrech થઈ જાય છે. મહાપ્રભુજીના સિદ્ધાંતના constitutionના માપદંડમાં, અહીં, માહાત્મ્યજ્ઞાનનો overdose થઈ જવાથી પ્રભુને રસાભાસ થઈ જાય છે. તેથી આપ બોલવાનું બંધ કરે છે. શ્રીવલ્લભના માર્ગની વિલક્ષણતા ભક્તિના proportionને પાળવામાં છે. પુષ્ટિ ભક્તે માહાત્મ્યજ્ઞાન અને સ્નેહનું balance જાળવવું જોઈએ. તો જ સેવક અને સેવ્ય, બન્ને લીલાનો આનંદ માણી શકે છે. આચાર્યજીનો આ એક સિદ્ધાંત છે.

(૨) અહીં કોઈ પૂર્વપક્ષ કરે કે કૃષ્ણવતારમાં તો ભગવાને વાસ્તવમાં રાક્ષસોને માર્યા જ છે તો એ હકીકતને ક્ષત્રાણીએ કહી એમાં પ્રભુને રસાભાસ કેમ થયો હશે ? "નીકી પે ફીકી લગે, બીન અવસર કી બાત." આ પ્રસંગમાં, ડરીને સર્વ સ્વતંત્ર ઠાકુરજી માજીના પરાશ્રિત થવા ચાહે છે. "લાલજી"ના આવા અનુભાવને અનુરુપ, ક્ષત્રાણી, પોતાના ઠાકુરને હૃદય સરસા ચાંપ્યા હોત તો ભગવાન ક્ષત્રાણીને વિશેષ લપટાત. પરંતુ માજીએ આવો પ્રતિસાદ પ્રભુને ન આપ્યો એટલે ઠાકુરે પણ પોતાનો રસ નિષ્પત્તિ કરવાનો mood પાછો ખેંચી લીધો, કારણકે લાલજી અહીં પરાશ્રિત ને બદલે સ્વાશ્રિત બની જાય છે. પરાશ્રિતતામાં અહીં પ્રભુનો બાલભાવ વિકસિત થઈ રહ્યો છે અને સ્વાશ્રિતતામાં યુવાભાવ. સેવક અને સેવ્યના આવા

ભાવના mismatchના કારણથી ઠાકુર બોલતા બંધ થઈ જાય છે.

(૩) આ રહસ્યને psychologyની દૃષ્ટિથી પણ સમજવા જેવું છે. પ્રત્યેક બાલક, પોતાના ઉપભોગની વસ્તુ, એને જયાંથી મળે ત્યાં dependent હોય છે. તેથી જ વાત્સલ્યભાવની સેવા અંગીકાર કરતાં "લાલજી", આ ક્ષત્રાણી પર, પોતાની જરૂરિયાત પૂરી કરનાર એક અદ્વિતીય સ્રોત તરીકે એમના પર નિર્ભર છે. માજીએ પૂતના ને મારવાની વાત કહી એમાં તો પ્રભુને પોતાના વાત્સલ્યભાવનો supply source બંધ થતો દેખાયો એટલે "લાલજી"ને રસાભાસ થયો. રસના આવેશમાં માજી સાથે બોલતાં ઠાકુર, રસાભાસ થતાં બોલવાનું બંધ કરી દે છે.

(૪) ઠાકુરજીએ પ્રકટ કરેલા અનુભાવની સાથે co-ordinate થવા પુષ્ટિ જીવે ત્રણ વસ્તુ અપનાવવી અનિવાર્ય છે. એક તો, પ્રભુ અનુભાવ પ્રકટ કરી રહ્યા છે એની સાચી understanding. બીજુ, એ અનુભાવ પ્રત્યે જીવે sentiment કે સંવેદનશીલતા અભિવ્યક્ત કરવી જોઈએ. ત્રીજુ અનુભાવને appropriate response આપવો જોઈએ. માજીના આ પ્રસંગમાં, પ્રભુના અનુભાવના response તરીકે આ ત્રણેય વસ્તુઓ અહીં missing હોવાથી "લાલજી" એ બોલવાનું બંધ કર્યું.

(૫) શ્રીવલ્લભનો એક સિદ્ધાંત એવો પણ છે કે કૃષ્ણ પર માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વતોધિક સ્નેહયુક્ત વાત્સલ્યભાવ ન જાગે, તો ય કેવલ પુત્ર ભાવ રાખનાર પુષ્ટિજીવ પર પણ પ્રભુની "નિરોધપયોગિની પ્રજા સ્નેહમથી વૈષ્ણવી માયા" છાઈ જાય છે અને આવા જીવ પર યશોદાજીવત્ કૃપા થઈ

જાય છે. વાર્તા કહે છે તેમ ક્ષત્રાણી **"अपने श्रीलालजी कों समुझाय कै लपटावत जाँइ"**, તો અહીં વાત્સલ્યભાવની નિરોધાવસ્થા પ્રકટ થઈ રહી છે. હરિરાયજી ભાવ પ્રકાશમાં આજ્ઞા કરે છે કે; **"सो प्रभु तो भाव के आधीन हैं । भक्त जा भाव करि प्रभुनकों भजत है ताही भाव सों प्रभु हू भक्त कों भजत हैं ।"** પરંતુ બાલભાવમાં ક્ષત્રાણીએ જયારે માહાત્મ્યનું મિશ્રણ કર્યું, ત્યારે "લાલજી" એ પોતાની નિરોધપયોગિની વૈષ્ણવી માયા સંકેલી લીધી અને પ્રભુએ બોલવાનું બંધ કરી દીધું.

(૬) પૂતના મારવાનો માહાત્મ્યભાવ માજીએ "લાલજી"માં ઉદ્દીપન કર્યો, તો ઠાકુર બાલકને બદલે ઈશ્વર બની ગયાં, **"और जब बडे जानें महात्म्य करि कै तब तो प्रभुजी भए ।"** "લાલજી" પ્રભુ બન્યા, તો "હું બિલાડીથી ડરું છું" કહેવાનો જે ઠાકુરજીનો mood છે, તે ય ઓસરી ગયો. "મારા વીર્ય ગુણને માજી વીસરી જાય" એવો ઠાકુરજીનો જે mood છે, તે disturb થઈ ગયો. આ ભાવને દર્શાવતાં મહાપ્રભુજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે; **"तस्यो भगवतो वीर्यं न जानातीति."** માજી પાસે પોતાના વીર્યગુણને અપ્રકટ રાખીને "લાલજી" પોતે ડરી રહ્યા છે, એવા ભિતિયુક્ત ભાવને અભિવ્યક્ત કરવાના આવેશમાં પ્રભુ છે, કારણકે આપને, આચાર્યજીએ પુરૂષોત્તમસહસ્ત્રનામમાં કહેલ **"जयभिति विभावनः"** નામની લીલાનો આશ્વાદ અહીં માણવો છે અને આચાર્યજીના **"कृष्णनाम सहस्त्रस्य"** ના આવા લચીલા facet નો વિલાસ પ્રકટ કરવો છે. એ વિલાસ પ્રકટ ન થઈ શકયો એટલે પ્રભુએ માજી સાથે બોલવાનું બંધ કર્યું. આ સંદર્ભમાં શ્રીગુસાંઈજીનું નામ છે; **"श्रीकृष्णभक्तिप्रवर्तकः."** અર્થાત્ શ્રીકૃષ્ણની ભક્તિના વિવિધ પાસાઓનું પ્રવર્તન કરનાર શ્રીવિઠ્ઠલેશપ્રભુ છે.

વાત્સલ્યભાવવાળા ભક્તો પાસે કૃષ્ણ ડરે નહિ તો ભક્તિની મઝા ચાલી જાય છે. આ પ્રસંગમાં કૃષ્ણને ડરવાની એક rare opportunity છે તે miss થઈ ગઈ એટલે ઠાકુરજી બોલતાં બંધ થઈ ગયાં.

(૭) મહાપ્રભુજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે; "**दोषाभावेनैवोत्तमता**" અર્થાત્ દોષ ન હોવામાં ઉત્તમતા છે. પ્રભુ અહીં માજી ને કયા દોષમાંથી મુક્ત કરે છે ? અહીં ક્ષત્રાણીના મોહરૂપી દોષથી એમને છોડાવે છે. આ મોહ પણ એક વિલક્ષણ પ્રકારનો છે. પ્રભુ જયારે પ્રાકૃત જ્ઞાન, ઈચ્છા કે યત્નનું અનુકરણ કરે છે અને જીવ, પ્રભુની આવી ચેષ્ટાઓને પોતાના પ્રાકૃત angleથી સમજવા જાય છે, ત્યારે તેને મોહ થયો કહેવાય છે. તે વખતે જીવને ભગવાન પોતાના જેવા જ લાગે છે. આપણે જેમ બિલાડીથી ડરીએ છીએ, તેમ ઠાકુરજી પણ ડરે છે એવા મોહના અનુસંધાનમાં, માજી, પ્રભુને પૂતના આદિ વધ કરવાના આપના માહાત્મ્યની યાદી અપાવે છે. આ મોહક છે. આની corrollary એ છે કે, જીવની ભક્તિ વધારવા ઠાકુરજીએ એની સંગ જે લીલા કરી છે એને જો જીવ આનંદથી સ્વીકારી ન શકે કે ભગવાનને જીવ પોતાના parameter થી જોવા લાગે, ત્યારે તેને મોહ થાય છે. આવા મોહથી માજીને મુક્ત કરવા જ ઠાકુરજીએ એમનાથી બોલવાનું બંધ કર્યું.

(૮) ઠાકુરજી સાનુભાવ હોવા છતાંય આવો મોહ થવાનું કારણ છે, જીવનો સ્વભાવ. એને બદલવાનું જીવનું limitation છે. આચાર્યજી આજ્ઞા કરે છે કે; "**स्वभावस्य अन्यथाभावो नैवशक्य कथश्चन.**" જીવને પોતાનો આવો સ્વભાવ બાધક ન

થાય એના માટે, શાસ્ત્રથી પ્રભુના સ્વરૂપને, માહાત્મ્યજ્ઞાનથી સમજવું. પ્રભુના આવા માહાત્મ્યને સમજાવતાં મહાપ્રભુજીનું સર્વોત્તમજીમાં નામ છે; "वेदपारगः" અને શ્રીગુસાંઈજીનું નામ છે; "सर्वशास्त्रविदग्रणीः." આવું માહાત્મ્યજ્ઞાન હોય તો પ્રભુની પ્રાકૃતવત્ લીલામાં મોહ ન થાય, આ સંદર્ભમાં શ્રીમહાપ્રભુજીનું સર્વોત્તમજીમાં નામ છે; "प्राकृतानुकृतिव्याज मोहितासुरमानुषः." શ્રીવલ્લભનું આ નામ, પુષ્ટિજીવને એવું સમજાવે છે કે ભગવાન નિષ્પ્રપંચી હોવા છતાંય, પોતાના સેવકની ભક્તિ વધારવા માટે પ્રપંચી સમાન ચેષ્ટાઓ કરે છે. "निष्प्रपंचोपित्वं प्रपंचं विडम्बयसि प्रापंचिकेपि चेष्टां करोषि." આ જ અનુસંધાનમાં "લાલજી" માજીને વાર્તામાં કહે છે; "तब श्रीठाकुरजी फेरि फेरि बोले, जो-अरी बाई ! जो - मैं इन निगोडीन बिलैयान तें डरपत हों । यों कहि कै या बाई सों लपटात जाँइ ।" આ પ્રસંગમાં આવી રીતે ડરેલા શ્રીઠાકુરજી, પુષ્ટિ રસથી છલોછલ ભરપૂર છે. એ વખતે, માજીને, આવું માહાત્મ્યજ્ઞાન હોત, તો પ્રભુની આવી ડરવાની લીલામાં કૃતકૃત્યતા અનુભવી, ક્ષત્રાણી, ઠાકુરજીને પુનઃ પુનઃ બાથમાં લેત અને નિરવધિ આનંદ રસનો આહ્લાદ માણત. માજી એ માણી ન શકયા, એટલે અતિ દયાલ "લાલજી" એ મૌન ધરી એમને વિપ્રયોગનો અનુભવ કરાવી, માજીની ભક્તિનું પ્રવર્ધન કર્યું. દ્વિદલાત્મક પ્રભુએ પોતે પણ વિપ્રયોગનો અનુભવ અંગિકાર કર્યો છે.

(૯) ઠાકુરજી અહીં ડર્યા કેમ હશે એનું સ્પંદનશીલ વિશ્લેષણ કરતાં આપણી બુદ્ધિ મહાપ્રભુજીના "महाकारुणिकः" નામમાં પર્યવસિત થઈ જશે. આચાર્યજી, ગુસાંઈજીની મહાકરુણાના કારણે, "લાલજી" માજીને વશ છે. તદુપરાંત પ્રભુ પોતાની અતિકરુણાના કારણે પણ ક્ષત્રાણી પાસે બિલાડીથી ડરવાનો

ભાવ પ્રકટ કરી રહ્યા છે. તો ડરીને, ઠાકુરજી, પુષ્ટિ જીવ પર કરુણા કરવા કેવી રીતે પ્રેરાય છે ? પ્રભુ નિઃસાધન ફલાત્મા હોવાથી અને સર્વજ્ઞ હોવા છતાંય, પૂર્ણપુરૂષોત્તમને પોતાને એ મહેસુસ કરવું છે, કે એમનો નિઃસાધન જીવ જયારે દુઃખથી ગ્રસ્ત થયો હોય છે, ત્યારે એ કેવા ડરનો ગભરાટ અનુભવે છે ! હરિશ્ચંદ્રજીની વાણીમાં કહીએ; "તો હરિ કો માલુમ પડે આરત જન કી હાય." એવા ડરનો પ્રભુ માનુષવત્ અનુભવ કરે ત્યારે, ભગવાનને, દુઃખથી પીડાયેલા ભક્ત પર વિશેષ દયા આવી જાય છે. તેથી પ્રભુ આવા જીવ પર વિશેષ કરુણા પ્રકટ કરે છે. માજી અને એમના જેવા મહાન ભગવદીયોની પુષ્ટિસૃષ્ટિ પર આવી અણમોલ દેન છે કે એમણે, પરબ્રહ્મને ડરનો અનુભવ કરવા મઝબુર બનાવી દીધાં છે અને એના કારણે, પ્રભુ પણ, આધુનિક નિઃસાધન દુઃખી પુષ્ટિ જીવો પર કરુણા કરવા મઝબુર બની જાય છે. આ રહસ્યને અનુલક્ષીને તો વાર્તાના અંતમાં ગોકુલનાથજી નહિ કહેતા હોય ને કે; **"सो वह बाई श्रीठाकुरजी कीं ऐसीं कृपापात्र भगवदीय हती, जिन सों श्रीठाकुरजी सानुभाव रहेते । वार्ता करते । सो वाकी वार्ता कहां तांई कहिए ।"**

******

ओर “श्रीगोकुलनाथजी आपु कथा कहते। सो एक दिन श्रीगोकुलनाथजी आपु दामोदरदास संभरवाले की वार्ता करत हुते। तब एक वैष्णवने पूछ्यो जो महाराज ! आज कथा न कहोगे? तब श्रीगोकुलनाथजी आपु श्री मुखते कह्यो जो आज कथा को फल कहत हैं।

